
(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નિયમસાર
શાસ્ત્ર પર સન્ ૧૯૭૧ના પ્રવચન)

# નિયમનો સાર

## ભાગ ૬





ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમનો સાર
# ભાગ-૬

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ.સ. ૧૯૭૧ની સાલના પ્રવચન )

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૯

વીર સંવત
૨૫૪૯

ઈ. સન
૨૦૨૩

: પ્રકાશન પ્રસંગ :
ચૈત્ર સુદ ૧૩, ૦૩-૦૪-૨૦૨૩;
ચોવીસમા તીર્થંકર શાસનનાયક બાલ બ્રહ્મચારી
શ્રી મહાવીર ભગવાનનો જન્મ કલ્યાણક દિન (કુંડલપુર નગરી)
અને પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંપ્રદાય પરિવર્તન દિન

પ્રાપ્તિ સ્થાન
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવને તો ખૂબ ખૂબ ગાયો છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા- ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ (ઈ. સ. ૧૯૭૧) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૦૨ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧માં થયેલ ૨૦૨ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમનો સાર ભાગ-૬માં અત્રે (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર પરના સળંગ ૨૬ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલેપાર્લા, મુંબઈ




# કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના "ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : "શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ..."

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે:

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૧૧) નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર | | | | | | |
| ૧૬૦ | ૨૭-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૮ | બુધવાર | ૧૪૧ | - | ૧-૧૧ |
| ૧૬૧ | ૨૮-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૯ | ગુરુવાર | ૧૪૨ | ૨૩૮ | ૧૨-૨૧ |
| ૧૬૨ | ૨૯-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૧૦ | શુક્રવાર | ૧૪૩ | ૨૩૯-૨૪૧ | ૨૨-૩૨ |
| ૧૬૩ | ૩૦-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૧૧ | શનિવાર | ૧૪૪ | ૨૪૨-૨૪૪ | ૩૩-૪૩ |
| ૧૬૪ | ૩૧-૧૦-૧૯૭૧ | કારતક સુદ ૧૨ | રવિવાર | ૧૪૪ | ૨૪૫ | ૪૪-૫૫ |
| ૧૬૫ | ૦૧-૧૧-૧૯૭૧ | કારતક સુદ ૧૪ | સોમવાર | ૧૪૫ | - | ૫૬-૬૭ |
| ૧૬૬ | ૦૨-૧૧-૧૯૭૧ | કારતક સુદ ૧૫ | મંગળવાર | ૧૪૬ | ૨૪૬ | ૬૮-૭૮ |
| ૧૬૭ | ૦૩-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧ | બુધવાર | - | ૨૪૭-૨૫૨ | ૭૯-૮૮ |
| ૧૬૮ | ૦૪-૧૧-૧૯૭૧ | કારતક વદ ૨ | ગુરુવાર | ૧૪૭ | ૨૫૩-૨૫૪ | ૮૯-૧૦૧ |
| ૧૬૯ | ૦૫-૧૧-૧૯૭૧ | કારતક વદ ૩ | શુક્રવાર | ૧૪૭ | ૨૫૫ | ૧૦૨-૧૧૨ |
| ૧૭૦ | ૦૬-૧૧-૧૯૭૧ | કારતક વદ ૪ | શનિવાર | ૧૪૮ | ૨૫૬-૨૫૭ | ૧૧૩-૧૨૩ |
| ૧૭૧ | ૦૭-૧૧-૧૯૭૧ | કારતક વદ ૫ | રવિવાર | ૧૪૯ | - | ૧૨૪-૧૩૫ |
| ૧૭૨ | ૦૮-૧૧-૧૯૭૧ | કારતક વદ ૬ | સોમવાર | ૧૪૯ | ૨૫૮ | ૧૩૬-૧૪૭ |
| ૧૭૩ | ૦૯-૧૧-૧૯૭૧ | કારતક વદ ૭ | મંગળવાર | ૧૫૦ | - | ૧૪૮-૧૫૮ |
| ૧૭૪ | ૧૧-૧૧-૧૯૭૧ | કારતક વદ ૯ | ગુરુવાર | ૧૫૧ | ૨૫૯ | ૧૫૯-૧૬૮ |
| ૧૭૫ | ૧૨-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧૦ | શુક્રવાર | ૧૫૧ | ૨૬૦-૨૬૧ | ૧૬૯-૧૭૯ |
| ૧૭૬ | ૧૩-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧૧ | શનિવાર | ૧૫૨ | ૨૬૨ | ૧૮૦-૧૯૧ |
| ૧૭૭ | ૧૪-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧૨ | રવિવાર | ૧૫૩ | ૨૬૩ | ૧૯૨-૨૦૨ |
| ૧૭૮ | ૧૫-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧૩ | સોમવાર | ૧૫૪ | - | ૨૦૩-૨૧૪ |
| ૧૭૯ | ૧૬-૧૧-૧૯૭૧ | કારતક વદ ૧૪ | મંગળવાર | ૧૫૪-૧૫૫ | ૨૬૪ | ૨૧૫-૨૨૫ |
| ૧૮૦ | ૧૮-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૧ | ગુરુવાર | ૧૫૫ | ૨૬૫-૨૬૬ | ૨૨૬-૨૩૬ |
| ૧૮૧ | ૧૯-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૨ | શુક્રવાર | ૧૫૫ | ૨૬૫ | ૨૩૭-૨૫૦ |
| ૧૮૨ | ૨૦-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૩ | શનિવાર | ૧૫૬ | ૨૬૬-૨૬૭ | ૨૫૧-૨૬૨ |
| ૧૮૩ | ૨૧-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૩ | રવિવાર | ૧૫૭ | ૨૬૮ | ૨૬૩-૨૭૪ |
| ૧૮૪ | ૨૨-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૪ | સોમવાર | ૧૫૮ | ૨૬૯ | ૨૭૫-૨૮૫ |

| (૧૨) શુદ્ધોપયોગ અધિકાર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮૫ | ૨૩-૧૧-૧૯૭૧ | માગશર સુદ ૫ | મંગળવાર | ૧૫૯ | ૨૭૦-૨૭૧ | ૨૮૬-૨૯૬ |

## કારતક સુદ ૮, બુધવાર, તા. ૨૭-૧૦-૧૯૭૧
## ગાથા - ૧૪૧, પ્રવચન નં. ૧૬૦

નિશ્ચય પરમ-આવશ્યક. અહીંયા તો, સામાયિક, ચોવિસંથો (આદિ) છ આવશ્યક છેને એ બધા આત્મામાં હોય છે, એમ કહે છે. સામાયિક પણ આત્માના સ્વભાવની શુદ્ધતાની પ્રગટતા એ આવશ્યક કર્મ નામ કાર્ય છે. લ્યો, એ સામાયિક. ચોવિસંથો એ. તીર્થંકરની સ્તુતિ એ પણ આ આત્મા પોતે જ પરમાત્મા છે. એવા આનંદસ્વભાવમાં એકાગ્ર થવું, એવું જે એકાગ્રતાનું કાર્ય એ જ આવશ્યક તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? (સમયસાર ગાથા) ૩૧માં લીધું છેને કે **जो इंदिया जिणित्ता...** આહીં નાખ્યું આમ. ચોવીસ તીર્થંકરની સ્તુતિ એટલે બાહ્ય તીર્થંકર છે એની સ્તુતિ તો વિકલ્પ છે, એ તો રાગ છે, પુણ્ય છે. એ આવશ્યક કર્મ–જરૂરિયાતનું કાર્ય નહીં. આહાહા! પોતાનો આત્મા જ પરમાત્મા છે. એવા પરમાત્મા ઉપર અંતર્દષ્ટિ કરી અને એમાં લીનતા (કરવી), એ ચોવીસ તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. કહો!

ગુરુવંદન, ત્રીજું આવે છેને આવશ્યક. એ પણ એ જ છે. ગુરુ આત્મા પરમાનંદની મૂર્તિ એમાં અંતર્મુખ દૃષ્ટિ કરીને અંતર એકાગ્ર થવું, એનું નામ ગુરુવંદન ત્રીજું આવશ્યક–જરૂરનું આ છે, એમ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વંદન, પ્રતિક્રમણ. પ્રતિક્રમણ એટલે એ. વિકલ્પ ને નિમિત્ત ને પર્યાયબુદ્ધિથી ખસી અંતર્બુદ્ધિમાં અંતરમાં જાવું... આહાહા! માર્ગ વીતરાગનો બહુ અલૌકિક છે. ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ છે એની સન્મુખમાં એકાગ્રતા કરવી, નિર્વિકારી દશા પ્રગટ થાય, એને અહીંયા પ્રતિક્રમણ (કહે છે). અવશ્ય કર્તવ્ય આ પ્રતિક્રમણ છે. એમ પ્રત્યાખ્યાન. આત્માના સ્વભાવ સન્મુખની એકાગ્રતા એ જ પચ્ચખાણ ને એ જ કાયોત્સર્ગ. લ્યો, છએ આવશ્યક એમાં સમાણા. આહાહા!

**વિધિ અનુસાર...** આ વિધિ. ટીકા છેને. ૧૪૧ (ગાથા). ૨૮૩ પાને. આ વિધિ. ભગવાન આત્મા જૈનનો માર્ગ **પરમજિનમાર્ગ...** પરમ વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા, ધ્રુવસ્વરૂપ નિત્યાનંદ ભગવાન આત્મા, એને અંતરમાર્ગે જવું એ વિધિ અનુસાર માર્ગ છે, એ પરમજિનમાર્ગ છે. આહાહા! ભારે કામ આકરું. લોકો બિચારા મશ્કરી કરે છે હોં. અમારા વ્રત ને તપ ધર્મ છે એને ઉડાવે છે. ખૂબ આવ્યું છે આજ. મોટું આવ્યું છે. અરે, ભાઈ! એ વ્રત ને તપ આત્માના.. આત્મામાં જે વ્રત ને તપ છે એ જુદી ચીજ છે. આ સિવાયના વ્રતો અહિંસા આદિ કે અપવાસાદિ, ભાઈ! એ શુભરાગ છે. એ જિનમાર્ગ નહીં, એ વિધિનો માર્ગ નહીં. આહાહા! શું થાય? સત્ય જોઈતું હોય એની વાત છે. બાકી તો હોય છે. સમજાણું કાંઈ?

જેના ફળ સ્થિર થાય, શાશ્વત રહે અને અસ્થિરતા ન થાય એવું ફળ જોઈતું હોય તો આ માર્ગ છે. બાકી વચ્ચે આત્માના જ્ઞાન વિના, આત્મામાં ઠર્યા વિના વ્રત, નિયમ, પૂજા, ભક્તિ, અપવાસ કરે, રાગની મંદતા હોય તો પુણ્ય બંધાય અને મિથ્યાત્વ તો સાથે છે, કારણ કે દૃષ્ટિ તો રાગ ઉપર પડી છે. આત્મા પ્રભુ છે એના ઉપર દૃષ્ટિ છે નહીં. આહાહા! મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. બહારના ભેખમાં ફેર પડે. અંદર તો દશા જે છે એ છે. આહાહા! એ તો દશા છે એ છે. આહા! જેની દૃષ્ટિ રાગની ક્રિયા ઉપર છે તે તો દૃષ્ટિ છે એ છે, અનાદિની મિથ્યાત્વ છે. એમાં કદાચ રાગની મંદતાના ભાવથી અઘાતિકર્મ બંધાય ને બહારના સંયોગો ભેખ પલટે, એ કાંઈ એની ચીજ નથી. આહાહા! એથી આ માણસને આકરું પડે છે હોં.

આહીં તો **વિધિ અનુસાર...** એ જ વિધિ જિનમાર્ગની. અરે, પ્રભુ! તેં તારું શરણ કોઈ દિ' લીધું નથી. ભગવાનના શરણે ગયો, પણ એ પણ વિકલ્પ ને રાગ છે. એ કાંઈ ધર્મ, શરણ નથી. આહાહા! એમ તો પોતે પોકારે છે. **વિધિ અનુસાર પરમજિનમાર્ગ...** પરમ વીતરાગીમાર્ગ એના **આચરણમાં કુશળ...** એ સ્વરૂપમાં રહેવાને ડાહ્યો કુશળ... આહાહા! બહુ વાત એવી છેને. **એવો જે જીવ સદાય અંતર્મુખપણાને લીધે...** દેખો! વ્યવહાર છ આવશ્યક છે એ તો બહિર્મુખપણાનો વિકલ્પ છે. આ **સદાય અંતર્મુખપણા... જિનમાર્ગના આચરણમાં કુશળ એવો જીવ**, એમ. આહાહા! **સદાય અંતર્મુખપણાને લીધે...** વસ્તુ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ નિત્યાનંદનો રસકંદ આત્મા એના સન્મુખ જેની દૃષ્ટિ છે... આહાહા!

**અન્યવશ નથી...** એ જીવ અન્યને તાબે નથી. સમજાણું કાંઈ? વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ એ બધો રાગ છે. એ તો પરવશ છે, આત્મવશ નહીં. કારણ કે રાગ એ આત્મા નહીં. આહાહા! બહુ ઝીણો માર્ગ ભાઈ! સત્ય આવું છે હોં. અણ-અભ્યાસે એને લાગે અશક્ય જેવું, પણ માર્ગ તો આ છે. જેને જન્મ-મરણના દુઃખો ટાળવા હોય... અરે! જરી થોડા દુઃખ થાય ત્યાં સહન થાતા નથી. ખાટલામાં ટળવળે. આમ પાંચ-પચ્ચીસ દિ', મહિનો-બે મહિના ચાલે રોગ, કાયર.. કાયર થઈ જાય. ઘરના પણ કાયર થઈ જાય. ધંધા કરવા કે મારે અહીં રોકાવું? આહાહા! અરે! બે-ચાર મહિના જ્યાં રોગ આકરો ચાલે ત્યાં કાયર પોતે થઈ જાય ને બીજા થઈ જાય. આ તો અનાદિનો રોગ.. આહાહા!

ભગવાન આત્મા નિરોગી, આત્મા આનંદસ્વરૂપ છે. એને રાગની ક્રિયાવાળો માનવો એ મોટો રોગ છે ભાઈ! એ એમ માને છે કે આ ધર્મક્રિયા છે. એ મિથ્યાત્વની મોટી ક્રિયાનો રોગ વધ્યો છે એને. એ મિથ્યાત્વમાં ટળવળે છે ચોરાશીના અવતારમાં હોં. ક્યાંય સુખી નથી. સ્વર્ગમાં હોય તો દુઃખી. આ પૈસાવાળા કહેવાય છેને બધા? એ બધા દુઃખના દાળીયા કષાયના અંગારાએ સળગી રહ્યા છે. ભાઈ! એને ખબર નથી. એક માર્ગ આ.. આહાહા! અંતર્મુખપણું. આહાહા!

જેની દશા પલટી ગઈ છે કહે છે. જે દશા એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત ઉપર હતી એ બહિર્દૃષ્ટિ હતી. પર્યાયનો અંશ એ પણ બહિર્તત્ત્વ છે. આહાહા! રાગ તો બહિર્તત્ત્વ છે જ અને બીજા હો તો એ બાહ્ય છે જ તે. આહા! એના ઉપરની જે દૃષ્ટિ એ તો બહિર્દૃષ્ટિ, મિથ્યા દૃષ્ટિ છે. સદાય આવો જીવ... અરે! પોતાનો વીતરાગસ્વભાવ એને રસ્તે જઈને જિનમાર્ગની વિધિ અનુસાર આચરણ કરે છે, એ આ આચરણ કરે છે. આહાહા! વાંધા સહુને નિમિત્તના ને વ્યવહારના–બેના વાંધા. એ તો બેય એક જ ચીજ છે. આહાહા! આવો વ્યવહાર ઉડી જશે તો ધર્મ નહીં થાય. પહેલો છઠ્ઠા ગુણસ્થાન સુધી તો વ્યવહાર જ હોય, સાતમે નિશ્ચય થાય. અરે, ભગવાન! સ્વના આશ્રય વિના નિશ્ચય આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ?

પહેલે તબક્કે અંતર્મુખપણું. વસ્તુસ્વભાવ જ્યાં પરિપૂર્ણ સત્તાએ પડ્યો છે, ભગવાન મહિમાવંત જેનો સ્વભાવ છે એવો જે આખો અંતર્મુખ પડ્યો છે, એના ઉપર અંતર્મુખ થવું, આહાહા! એનું નામ જૈનમાર્ગનું વિધિ અનુસાર આચરણ છે. પંડિતજી! ભારે ભગવાન! બાપુ! આ તો તારા ઘરની વાત છે. પણ એને એવું લાગે છે અંદર કે અરર! આ સોનગઢે તો વ્યવહારનો ભૂક્કો ઉડાવ્યો છે, એકાંત કર્યું રે એકાંત કર્યું. આવું જો ચાલશે તો જૈનમાર્ગ ખોવાઈ જશે. જૈનમાર્ગ તો આ છે. આહાહા! શું થાય? અરે, પ્રભુ! તારી મોટપની તને ખબર નથી. તું મોટો પ્રભુ છો, પરમેશ્વર છો. આહાહા! એવો પરમેશ્વર શક્તિરૂપે આખું તત્ત્વ તું છો, એમાં વળને પ્રભુ! એ ક્રિયા આહીં બતાવાય છે લ્યો. સમજાણું કાંઈ? એ ક્રિયાને જૈનમાર્ગની વિધિ અનુસાર આચરણ કહેવામાં આવે છે. આહાહા! એ જીવ ભગવાન આત્મા મહાપ્રભુ ચૈતન્ય સત્તાવાળો ભાવ, એની અંતર્મુખ.. અંતર્મુખ થાય એ વિધિ અનુસાર આચરણ, તેને અહીંયા આવશ્યક કર્મ કહેવામાં આવે છે. આહાહા!

પહેલું તો એવું મગજને લાગે જાણે... મગજ તો જડ છે. જ્ઞાનમાં એમ લાગે, આહા.. આવું આ? આવો માર્ગ? ભાઈ! માર્ગ તો આ એક જ છે. આ જન્મ-મરણના દુઃખો... આહાહા! કોઈકને કાંઈક કહેતા હતા કે એવી પીડા કે જોઈ ન શકો. એ તમારો દામોદર શેઠ કહેતો હતો, પણ હમણાં કોઈક કહેતું હતું. એવી પીડા થાય છે શરીરમાં. કોઈક કહેતું હતું. બંદુક મારો, કહે. મારી નાખો મને. મારાથી સહન થાતું નથી. આ તો બહુ અલ્પ પીડા છે હોં. ઓલું દામોદર શેઠનો થયું હતું એક ફેરી વા. બાંધે છેને ઓલો? દોરો નહીં, હાથમાં શું કહેવાય? પારો. પારો.. પારો બાંધે. માદળીયું નહીં. એ માદળીયું જુદું. આ તો પારો થાય પથરો. સહન નહોતું થાતું. કહેતા બિચારા. ગોળીએ મારો. નહીં તો લૌકિકમાં મોટો બાદશાહ જેવો માણસ. પૈસા, બુદ્ધિવાળો લૌકિક અપેક્ષાએ. હાકીમ જેવો માણસ લૌકિકમાં. એવા દુઃખ વખતે કહે, મને બંદુકે ઉડાવો, મારાથી સહન થાતું નથી. આહા! ............

શું કહેવાય આ? કેન્સર. પેટ મોટું ફૂલેલું. સહન થાતું નથી. આમ હાથ કરે. અરે, ભગવાન! તેં આવા દુઃખના વેદનો કર્યા પ્રભુ! આ તો અનંતમે ભાગે છે. નારકીના દુઃખોની પ્રતિકૂળતા નહીં, પણ એની આકુળતા. સમજાણું કાંઈ? સ્વભાવથી વિરુદ્ધની આકુળતાથી અપાર દુઃખ... અરે, પ્રભુ! એને ટાળવાનો ઉપાય તો આ એક છે. બહિર્મુખના ભાવને વ્યય કરવા અંતર્મુખના આશ્રયે જવું એ એક જ ઉપાય છે. સમજાય છે કાંઈ? એ **અન્યવશ નથી**... જે અંતર્મુખ સદા આચરણ કરે છે, અંતરમાં અંતર્મુખ ભગવાન પોતે પરમાત્મા છે એના અનુસારે જિનમાર્ગની દશાનું અંતર આચરણ કરે છે, એ અન્યવશ નથી.

**પરંતુ સાક્ષાત્ સ્વવશ છે...** આહાહા! એ પોતાને તાબે થયો છે. જ્ઞાન ને આનંદનો ધામ પ્રભુ એમાં અંતર્મુખ થયો છે એ સ્વવશ છે. અને તેને અહીંયા આવશ્યકરૂપી કાર્ય કહેવામાં આવે છે. આહાહા! ઓલું તો સાંભળ્યુંય ન હોય કે આવું આવશ્યક હોય. ભગવાનની સ્તુતિ કરવી, લોગસ્સ.. શું કહેવાય? સામાયિક, ચોવિસંથો, વંદના, પડિકમણું, કાયોત્સર્ગ, પચખાણ.... એ બધી વ્યવહારની ક્રિયાઓના પ્રપંચથી તો ભગવાન ભિન્ન છે. એ કહેશે હમણાં. આહાહા! આકરું લાગે માણસને. ભાઈ! તારી મોટપની મહિમા તને નથી આવતી. આવા વ્રત ને વિકલ્પ ને રાગની ક્રિયાઓ રાંક જેવી જે દુઃખના.. દુઃખના જ અનુભવ છે, એ ક્રિયાનું એને માહાત્મ્ય આવે છે. આહાહા! અનંત આનંદનો ધામ ભગવાન એનો અનાદર કરી નાખે છે એની એને ખબર નથી. હું આવો નહીં, હું આવો નહીં, હું અનંત આનંદવાળો નહીં, હું તો આ વ્રત નિયમ, તપની ક્રિયા થાય એવડો (અને) એ હું. આહાહા! સમજાણું કાંઈ? પોતાના નિત્યાનંદ સ્વભાવનું એણે ખૂન કર્યું છે.

આ (સમ્યગ્દ્રષ્ટિ) જીવતો રાખે છે જીવને. ભગવાન અંતર્મુખે છે અને જેણે દૃષ્ટિ ને સ્થિરતા અંતર્મુખ કરી છે એ પોતાને તાબે થઈ ગયો છે–વશ થયો છે, પરવશપણું એને નાશ થઈ ગયું છે. આહાહા! હસુભાઈ! સમજાય છે આ? આ સમજવું પડશે હોં. લાદી-બાદી ધૂળમાંય નથી કાંઈ. આહાહા! આણે જોયું છેને એણે તો. નજરે જોયું છે તે દિ'. અનુભવ્યું તે કેવું? બોલતા હતા કાલ. એવા સ્વપ્ના આવે મારકાટના. મા-બાપ બેઠા છે, પૈસા હતા, બધું હતું. પાંચે ભાઈયું પાછા. શું કરે? એ ચીજ પર છે. આહાહા! આહીં તો કહે છે કે પરની દયાનો ભાવ, ભક્તિનો ભાવ, ભગવાનના નામસ્મરણનો ભાવ, વ્રત, તપ, પૂજાનો ભાવ—એ બધો વ્યવહારનો પ્રપંચ છે. ધંધાનો વ્યવહાર ..... એ તો બધો પાપના પરિણામનો પ્રપંચ–વિસ્તાર છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે એ અન્યવશ (નથી) નો અર્થ જ સાક્ષાત્ સ્વવશ છે. એટલે કે રાગની ક્રિયાના વિકલ્પને વશ નથી, પણ પોતે ભગવાન પૂર્ણાનંદનો નાથ એને અંતર્મુખ થઈને વશ થયો છે એ સાક્ષાત્ સ્વવશ છે. **તે વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને...** આહાહા! એવા જીવને

વ્યવહારિક ક્રિયાપ્રપંચ (એટલે) દયા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ-રાગ, પૂજા-ભક્તિનો રાગ, નામસ્મરણનો રાગ—એવી જે વ્યવહારક્રિયા એ પ્રપંચ છે (એટલે) એનો વિસ્તાર છે એ. વ્યવહારક્રિયાનો રાગ એ પ્રપંચ-વિસ્તાર છે. આહાહા! પરાઙ્મુખ જીવ છે. એ વ્યવહારના વિકલ્પની ક્રિયાથી પરાઙ્મુખ છે અને સ્વ-આત્માની સન્મુખ છે. આહાહા! આ વિધિની રીત એને કઠણ પડે છે. કહો, સમજાણું કાંઈ? અરે! એના ઘરની વાતું સાંભળવી જ એને મુશ્કેલ પડી અને સાંભળતા એને થાય અરર! આવો? આવો માર્ગ? વીતરાગમાર્ગ આવો? પહેલો વ્યવહાર કરે તો જૈનધર્મ ટકશે. આહીં કહે છે કે એ જૈનધર્મ જ નથી. આરે, ભગવાન! ભાઈ! નાનામાં નાનો જૈનધર્મનો અંશ પણ વીતરાગીભાવ હોય. આવા વ્યવહારના...

આહીં તો કહે છે જુઓ! **વ્યાવહારિક ક્રિયાપ્રપંચ**... આ ટીકા કેટલાકને પસંદ પડતી નથી. બહુ સ્પષ્ટ કરી નાખ્યું છેને. છે એવું ખુલ્લું મૂકી દીધું. **પરાઙ્મુખ જીવને**... એ શુભ આદિ વિકલ્પ છે વ્યવહાર ક્રિયાપ્રપંચ, એનાથી પરાઙમુખ થઈ ગયો છે. એનું પડખું એણે છોડી દીધું છે. એને પડખે ઊભો હતો એ છોડી દીધું છે અને ભગવાન આનંદમૂર્તિને પડખે ચડી ગયો છે. સમજાણું કાંઈ? આ જૈનમાર્ગ છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સો ઇન્દ્રના વંદનીક-પૂજનીક એમનો કહેલો આ જૈનમાર્ગ છે. સમજાણું કાંઈ? વ્યવહારની ક્રિયા એ જૈનમાર્ગ નહીં એમ કહે છે. એ તો રાગની ક્રિયાનો માર્ગ છે. આહાહા! **વ્યાવહારિક ક્રિયાપ્રપંચથી પરાઙ્મુખ જીવને**... પરાઙ્મુખ થયો, પણ થયું શું ત્યારે હવે?

**સ્વાત્માશ્રિત-નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે...** આહાહા! ટીકા પણ ટીકા કરી છેને! પાઠમાં છેને? **अण्णवसो तस्स दु कम्मं भणंति आवासं...** આહાહા! એકેક ટુકડા..... વસ્તુ એવી છે ત્યાં... જેવી વસ્તુ છે એવો આ વાચક છે. સમજાણું કાંઈ? કહે છે કે અરે! ધર્મીને તો ઇન્દ્રાણીના સુખનો વિકલ્પ પણ દુઃખરૂપ લાગે છે. સમજાણું કાંઈ? તો આહીં તો પુણ્યભાવ દુઃખરૂપ લાગે માટે પરાઙ્મુખ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! અનુકૂળતાના ઢગલા દેખે ત્યાં મન લલચાઈ જાય કે આહાહા.. કંઈક કંઈક છે આમાં... ઝેર છે કહે છે. સમજાણું કાંઈ? બહારની અનુકૂળતા એટલે શું પણ? એ તો જ્ઞેયપદાર્થ છે. 'અનુકૂળતા' એમ છાપ મારી છે એમાં? રાગને લઈને 'આ અનુકૂળ' એવા ભાગ પાડે છે માળો. આહાહા! એ રાગથી તો દુઃખી છે. એને એમ લાગે કે અમે કાંઈક.. અમે કાંઈક છીએ. કાંઈક જે સારા સુખી કહેવાય એ માંહ્યલા અમે પણ છીએ. હસમુખભાઈ! શું હશે આ? આવો માર્ગ..... કહે છે કે ભગવાન! સાંભળને પ્રભુ! તારામાં એ વિકલ્પની જાતની દુઃખની ભાત જ નથી. ભાઈ! તને ખબર નથી કે તારા ઘરની ચીજમાં શું છે અને શું નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે વ્યવહાર ક્રિયાપ્રપંચ... આહાહા! વ્યવહાર સામાયિક, વ્યવહાર ભગવાનની સ્તુતિ, વ્યવહાર ગુરુવંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ.. આહાહા! ભારે પણ મુનિ..!

એકે-એક વાત લીધી છે. કહે છે, ભાઈ! તારે સત્યપંથે જવું હોય અને જેના ફળ સત્ય તરીકે શાશ્વત રહે એ તો આ માર્ગ છે. આ તો સંધ્યાના રંગ જેવા દેખાય અને ચાલ્યા જાય. કાં પોતે બેઠો હોય ૠદ્ધિ જાય, ૠદ્ધિ પેસે ને પોતે જાય ચાલ્યો. આહાહા! એ કાંઈ એની ચીજ છે? આહીં તો વ્યવહારક્રિયાનો રાગ એની ચીજ નથી, એમ કહે છે. તેથી તો એનાથી પરાઙ્મુખ થવું (એમ કહ્યું). આહાહા! એની સામું ન જોવું, એમ કહે છે. શાંતિભાઈ! આહાહા!

થોડુંક દુઃખ આવે ત્યાં રોવે પછી. અરે! આખો આભ તૂટ્યો. એમ નથી રોતી બાઈયું? આહાહા! ધણી મરી જાય, છોકરો હોય નહીં, ગરીબ માણસ હોય, ...હોય નહીં, સાસુ ઘરડી હોય. અરે! હવે તો આભ ફાટ્યું છે મારા ઉપર. અરે, ભગવાન! એ તો સંયોગથી તું કહે છે ભાઈ! એ મને પ્રતિકૂળ છે અને અનુકૂળ ઠીક—એવો ભાવ જ આખો દુઃખનો આભ ફાટ્યો છે. એ તને દુઃખ દેખાતું નથી. આહાહા! સમજાણું કાંઈ? એવા જીવને... કેટલો ખુલાસો કર્યો છે!

**સ્વાત્માશ્રિત** (એટલે) નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચયધર્મધ્યાન પરમ-આવશ્યક કર્મમાં પ્રધાન છે. આહાહા! શું કહે છે? **સ્વાત્માશ્રિત**... ભગવાન સ્વ-ચૈતન્યમૂર્તિ શુદ્ધ આનંદકંદ એવો ધ્રુવ એને આશ્રિત... સ્વ-આત્મા એ નિત્ય ધ્રુવ, એને આશ્રિત એ પર્યાય. એવું આશ્રિત **નિશ્ચયધર્મધ્યાન**... ઓલા કહે, ધર્મધ્યાનમાં શુભભાવ જ હોય, શુક્લધ્યાનમાં શુદ્ધ હોય. જુઓ! એમ કહે છે. અરે, પ્રભુ! ભાઈ! તને રસ્તા નહીં મળે આમાં. આહાહા! ગૂંચવાઈ જઈશ ભાઈ! તને ખબર નથી. આવો ભગવાન સ્વાત્માશ્રિત, જેને સ્વ-આશ્રિત ધર્મધ્યાન, સાચું ધર્મધ્યાન એ નિશ્ચય એ મુખ્ય છે. **પરમ આવશ્યક કર્મ છે**... અવશ્ય કરવાલાયક કાર્યમાં આ નિશ્ચયધર્મધ્યાન પરમ કર્મ.. કર્મ–કાર્ય છે. આ પુસ્તક વાંચવાનો વખત ન મળ્યો હોય. ન્યાં ક્યાં મળે? હા પાડે છે. અમૃતની તિજોરી ખોલી છે આમાં. આહાહા!

અમૃતની તિજોરી ભગવાન આત્મા છે. અતીન્દ્રિય અમૃત એમાં એકાગ્ર થતાં જે અમૃત પ્રગટે એ સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન એ **પ્રધાન પરમ આવશ્યક કર્મ છે**... એ મુખ્ય–પરમ કાર્ય છે. જીવને સુખરૂપી પંથે જવામાં આ કાર્ય છે. આહાહા! ભારે આકરું છે માણસને. એ બિચારા રાડ્યું પાડે. અરેરે! આ સોનગઢવાળાએ... સોનગઢવાળાએ કે ભગવાને આમ કહ્યું છે? ભગવાન એટલે આત્મા. ભાઈ! આહાહા! હમણાં આવ્યું હતું. આઠ વરસના રાજકુમાર હોય, હજી તો ઉગીને ઊભા થયા હોય હોં, એ જ્યારે આત્મજ્ઞાન પામે છે, અંદર અંતરમાં ઊંડે ઉતરવા માટે એ વનવાસમાં જાય છે. આહાહા! ધન્ય રે ધન્ય અવતાર! આઠ વરસના રાજકુમાર, જેને નીલમણિની લાદીયું નીચે હોય એવા બંગલા, નીલમણિની લાદીના બંગલા. ચાલી નીકળે.

માતા! મને ક્યાંય ચેન પડતું નથી બહારમાં. અરે, બેટા! તારા હજી તો લગ્ન કર્યા નથી. મકાન કરાવ્યા, પાંચ કરોડનો બંગલો હજી કાલ વસાવ્યો. મા! મને ક્યાંય ચેન પડતું નથી.

મારી ચેનની ભૂમિકા અંતર આત્મા છે. હવે માણસના પગરવ વિનાના જંગલમાં એકલો જવા માગું છું. આહાહા! અને વનવાસમાં જઈ અમે આત્માને સાધશું અંતરમાં. આહાહા! મા રોવે.... એકવાર રો માતા! ફરીને માતા નહીં કરીએ, કોલકરાર કરીએ છીએ હોં. અમે ફરીને શરીર ધારણ નહીં કરીએ. માતા! શરીર કલંક છે. અશરીરી એવો અમારો આત્મા એમાં અમે ઊંડે ઊંડે ઉતરવા માગીએ છીએ. આહાહા! કહો, પોપટભાઈ! આહાહા! અમને ક્યાંય બહારમાં ચેન પડતું નથી, કાંઈ ઠીક લાગતું નથી. તેથી દ્વેષ છે એમ નહીં. સમજાણું કાંઈ? ક્યાંય અમારું મન ઠરતું નથી બહારમાં. લક્ષ્મી ને બંગલા, ધૂળ, જ્યાં લક્ષ જાય ત્યાં દુઃખ ઉત્પન્ન થાય છે.

અમારો આત્મા સ્વાશ્રિત... આહાહા! નિશ્ચયધર્મધ્યાન (એટલે) ધર્મી એવો ભગવાન એનું ધ્યાન એનું નામ ધર્મધ્યાન. એ **નિશ્ચયધર્મધ્યાનપ્રધાન પરમ આવશ્યક કર્મ છે**... પરમ આવશ્યક કર્મમાં એ પ્રધાન છે એમ કહે છે. જરૂરવાળા, આત્માના આવશ્યક નામ જરૂરિયાતવાળા કામ એમાં આ આવશ્યક મુખ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મધ્યાન પરમ આવશ્યક કાર્ય છે. પરમ જરૂરિયાતનું કાર્ય (એટલે) અવશ્ય કરવાલાયક તો આ છે. જેને સુખી થવું હોય, માર્ગે પડવું હોય... માર્ગે પડે ત્યારે પંથનો અંત આવે ત્યાં કાંઈક મળે કે નહીં મોક્ષ? પંથનો અંત પૂરો થાય ત્યાં મોક્ષ થાય. એવે માર્ગે જવું હોય એને તો આ રસ્તો છે. આહાહા! સમજાણું કાંઈ? પરમ આવશ્યક કાર્ય છે. જરૂરનું, જીવને અવશ્ય કરવાલાયક હોય તો, પરમ સ્વ-આત્મા એનો આશ્રય લઈને જે એકાગ્રતા થાય એ જ એનું પરમ આવશ્યક કાર્ય છે. આહાહા! જેમાં પરના કાર્ય તો નથી, પણ જેમાં વ્યવહાર દયા, દાન, વ્રત વિકલ્પનું કાર્ય પણ નથી. આહાહા!

અરે! માણસને એવું લાગે હોં બિચારાને. ....લખ્યા લખ. બાપુ! તને ખબર નથી ભાઈ! તારા માહાત્મ્યની તને ખબર નથી. અરેરે! તેં બાહ્ય માહાત્મ્ય ઘણા કર્યા ભાઈ! મહિના-મહિનાના ઉપવાસ કર્યા, કરોડો ખર્ચીને મંદિરો બનાવ્યા. ભાઈ! એ તારા ક્યાં હતા? સમજાણું કાંઈ! અરેરે! અન્ય પદાર્થના સમૂહથી તને શું ફળ છે? (કળશ ૨૩૭). આવ્યું હતુંને કાલ? આહાહા! કરુણાબુદ્ધિનો ઉપદેશ છે. ભાઈ! તારા સિવાય અન્ય પદાર્થથી તને શું ફળશે? એનો આશ્રય લેવા જાય છે, એનું લક્ષ કરીશ તો શું ફળશે? તારે તો આનંદ જોઈએ છે ભાઈ! તો એમાં આનંદ ક્યાંથી ફળશે? આહાહા! દુનિયા માને-ન માને, પણ માર્ગ તો આ છે. ત્રણે કાળના માર્ગ... કોઈ કહે કે પંચમ આરામાં આવો માર્ગ ન હોય. એ તો ચોથે આરે હોય. ભાઈ! આ પંચમ આરાના મુનિ તો કહે છે. પંચમ કાળના જીવને તો કહે છે. જીવ ક્યાં પંચમ કાળનો હતો? અરેરે! આહાહા! અરે! આવું પરમ જરૂરિયાતવાળું કાર્ય કે જે સ્વાત્માશ્રિત થાય અને સ્વવશ થઈને થાય એ જરૂરનું છે, મોક્ષના કારણ માટે આ જરૂરનું છે. સમજાણું કાંઈ?

આમ કોણ કહે છે? કોઈ એમ કહે કે આવો માર્ગ છે એમ કોણ કહે છે? છેને? **त्ति पिज्जुत्तो..** છેને? 'પ્રરૂપિત' છે. અર્થ કર્યો છેને. ગાથા, નહીં? **णिव्वुदिमग्गो त्ति पिज्जुत्तो...** પ્રરૂપિત છે. કોનો કહેલો આ માર્ગ છે? આ કહેવાય છે એ કોણે કહ્યું છે? આહાહા! **નિરંતર પરમ તપશ્ચરણમાં લીન...** જેને આનંદમાં લીનતા અંદર વર્તે છે એ તપસ્યા હોં (એટલે) મુનિપણું, એમ. નિરંતર જેને પરમ આનંદરૂપી મુનિપણામાં લીનતા છે એવા **પરમજિન યોગીશ્વરો કહે છે.** એવા પરમ જિન યોગીશ્વરો આમ પ્રરૂપે છે. આહાહા! સમજાણું કાંઈ? કેટલું નાખ્યું છે એક ગાથામાં! **એમ નિરંતર પરમ તપશ્ચરણ...** તપસ્યા શબ્દે આનંદસ્વરૂપની ઉગ્રતાની દશા. અતીન્દ્રિય આનંદમાં મશગુલ એવા ભગવાન સંતો એ લીન, આનંદમાં લીન છે, આહાહા! જે સ્વ-આશ્રિત અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીવે છે, સમજાણું કાંઈ? એવા પરમજિન યોગીશ્વર પાછા, એમ. અન્યમતમાં તો આ વસ્તુ હોતી નથી. આ તો માર્ગ છે એવું સ્વરૂપ છે, એવું ભગવાને-સંતોએ જાણ્યું અને કહ્યું. આ પરમ જિનયોગીશ્વરોએ આમ કહ્યું છે. કોઈ કલ્પિત અજ્ઞાનીઓએ કહ્યું છે (એમ નથી). સમજાણું કાંઈ?

**નિરંતર પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વર...** પરમ નામ ઉત્કૃષ્ટ, જિન નામ જીતેલા છે રાગને, યોગી નામ સ્વરૂપમાં જોડાણ છે, એના પણ ઈશ્વર છે. આહાહા! લ્યો, આ ઈશ્વર, પરમ જિનયોગીશ્વર. ભગવાન આત્મા તો ઈશ્વરસ્વરૂપ જ છે, પણ આ તો પર્યાયમાં જિનયોગીશ્વર છે. આહાહા! સમજાણું કાંઈ? જે આત્માને શોધી–ખોળીને બહારમાં પર્યાયમાં પ્રગટ લાવ્યો છે, એવી જેની વીતરાગદશા પ્રગટી છે એવા યોગીશ્વરો આમ કહે છે. હવે બીજા પામરો બીજી રીતે કહે તો એ માર્ગ છે નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? હવે એ કાર્ય કહ્યુંને. સ્વ-આત્માશ્રિત શુદ્ધભાવ, આનંદભાવ, વીતરાગભાવ કાર્ય કહ્યું એને આહીં સિદ્ધ કરે છે.

**વળી, સકળ કર્મના વિનાશનો હેતુ...** અજ્ઞાન, રાગ-દ્વેષાદિ આદિ બધા આઠેય કર્મના નાશનો હેતુ **એવો જે ત્રિગુપ્તિગુપ્ત-પરમસમાધિલક્ષણ પરમ યોગ...** આહાહા! ત્રિગુપ્તિગુપ્ત (એટલે) મન, વચન ને કાયાથી પણ ખસી ગયો છે અને અંતરમાં આવ્યો છે. આહા! **ત્રિગુપ્તિગુપ્ત પરમસમાધિલક્ષણ...** પરમ.. પરમ.. આત્મામાં લીનતા એવી શાંતિ એવું લક્ષણ જેનું છે. એવો યોગ... જેને આવશ્યક કર્મ કહ્યું હતું તે આ યોગ. આહાહા! **તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે...** લ્યો, આ યોગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. આ આવશ્યક ક્રિયાનું કાર્ય તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. માણસ વાંચતાય નથી, સ્વાધ્યાય કરતા નથી. સ્વાધ્યાય કરે તો, ઓલી વ્યવહારની વાતું હોયને એની સજ્ઝાય કરે તો એમાં હાથ કાંઈ આવે નહીં. આવું જ્યાં સાંભળે તો... આહાહા! સૂરજની જેમ ટીકા ચોખ્ખી કરી નાખી છે. આહાહા!

**સકળ કર્મના વિનાશનો હેતુ** એવો જે ઓલો આવશ્યક કર્મ. એ **ત્રિગુપ્તિગુપ્ત પરમસમાધિલક્ષણ** એવો **પરમ યોગ તે જ સાક્ષાત્ મોક્ષનું કારણ...** લ્યો ઠીક! પછી વ્યવહાર પણ મોક્ષનું કારણ (અને) આ પણ મોક્ષનું કારણ—એમ બે નહીં. વ્યવહારની ક્રિયા એ તો પ્રપંચ છે, એથી તો પરાઙ્મુખ છે. (પરમ યોગ) વ્યવહારથી તો પરાઙ્મુખ છે. આહાહા! એક દાખલો આપ્યો છે આમાં. બાઈ હતી એક. આ લોકોની.... બાઈ હતી તે લોટનો પીંડો બાંધીને બેઠી હતી. એ આવ્યો હતો, ઘણા વર્ષ પહેલા દાખલો આવ્યો હતો. એમાં આવ્યો કૂતરો. એણે પીંડો ઉપાડ્યો. બાઈ હાથમાં વેલણું લઈ દોડી. ભાંગી નાખું એના પગ. પોગી ન શકી. એ વયો ગયો કૂતરો પીંડો લઈને. ત્યાં એવું આવ્યું હતું કે પીંડો જરી ધૂળમાં હતો... આ તો પીંડો લઈને વયો ગયો. જા, મારા ગુરુદેવ કહે છે કે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. આમાં આવ્યું છે.

અરે, ભગવાન! શું કરે છો તું? તું કોની મશ્કરી કરે છો? ભાઈ! બાપા! જનેતાની મશ્કરી ન હોય. માતા જેના કૂંખે નવ મહિના રહ્યો. તારી ઉંમરની ૨૦ની અને એની હોય ૪૦ની જુવાન અને સેંથીયા–પટીયા પાડીને બેઠી હોય અને છોકરો મશ્કરી કરે, એ લૌકિક સજ્જન કહેવાય? માતા છે, જનેતા છે. જેને કૂંખે નવ મહિના રહ્યો છો ભાઈ! આહાહા! એને આ..... જુઓ! અમારા મહારાજ કહેતા હતા... પહેલો તો મારવા ગયો કે ટાંગો ભાંગી નાખું. પણ ન હાથ આવ્યો પછી 'જ્ઞાતાદ્રષ્ટા છે' એમ કરવું. અરે, ભગવાન! શું કરે છે તું આ? સત્યનો આ રીતે અનાદર ન થાય. ભાઈ! તને આ શોભતું નથી. શોભાની વાત આવે એને આ રીતે ખતવવી? સમજાણું કાંઈ? આહાહા!

**સાક્ષાત્ મોક્ષનું કારણ હોવાને લીધે નિર્વાણનો માર્ગ છે.** આ છ આવશ્યકની ક્રિયા જે સ્વ-આત્માશ્રિત થાય એ જ સાક્ષાત્ મોક્ષ ને નિર્વાણનું કારણ છે. આહાહા! નિયમસાર છે ને! નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અધિકાર છે. આવશ્યક કર્મ એ જ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે અને એ જ નિર્વાણનો માર્ગ છે. આહાહા! સાક્ષાત્ મોક્ષનું કારણ કહ્યું છે, પણ પછી બીજો પરંપરાએ (છે કે નહીં)? એનો અર્થ જ એ કે એ નથી. આહાહા! શું થાય? શાસ્ત્રના અર્થોમાં મોટો ફેર કરે છે, એ એમ કહે છે. પોતે કરે છે એની ખબર નથી. અરે, ભાઈ! આ તો ભગવાનની પેઢી છે બાપા! આહાહા! ત્રણ લોકના નાથ જેને ઇન્દ્રો ગલુડિયાની જેમ આમ વંદન કરે એવા ભગવાનનો માર્ગ છે ભાઈ! આ કોઈ પામરનો કહેલો નથી. એ તો કીધું માથે. પરમ જિનયોગીશ્વરે કહેલો... ભાઈ! એની મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? એની–આત્માની મશ્કરી થાય છે.

**આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પત્તિ છે.** એમ પ્રરૂપિતનો અર્થ વ્યુત્પત્તિ કર્યો. 'પ્રરૂપિત' છેને? વળી 'વ્યુત્પત્તિ' અર્થ કાઢ્યો. આમ નિરુક્તિ–વ્યુત્પત્તિ છે એટલે આ જ માર્ગ છે. આહાહા! એકેક ગાથાએ સજ્જડબિંબ, નિશ્ચયનો માર્ગ તે મોક્ષ છે એ એક વાત સિદ્ધ કરી છે.

આહાહા! પણ આત્માના કાર્યમાં તો આત્માનું જ કારણ હોયને? આ જે આવશ્યક સ્વાત્માશ્રિત એ પર્યાય આત્માની છે, એ આત્મા છે. રાગાદિ આત્મા છે? આહાહા! આખો ભગવાન પૂર્ણ પ્રાપ્ત થાય પર્યાયમાં, તો એ પર્યાયમાં આત્માની પૂર્ણ આત્મલબ્ધિ થઈ તેનું કારણ પણ આત્માનો જ ભાવ હોય. અનાત્માનો ભાવ હોય? હોય છે, વચ્ચે રાગ આવે છે, (પણ) એ તો જાણવાલાયક છે. ભૂમિકાની કચાશમાં એવો ભાવ આવે. વ્યવહાર દયા-દાન હોય, એની મર્યાદા પુણ્યબંધ જેટલી છે. એને–સ્વભાવને મદદ કરે (એમ નથી). એ કહે, નિમિત્ત એને કહીએ કે મદદ કરે તો નિમિત્ત કહીએ, નહીં તો નહીં. આહાહા!

અકિંચિત્કરનું મોટું એ આવ્યું છે, નિમિત્ત-ઉપાદાનનું. બધું આમાં એ જ આવે છેને જૈનશાસનમાં. એને જે બેઠું હોય એ કહે. એના જે પરિણામમાં આવ્યું હોય એમ કહે. બીજું કહે શું? 'જામેં જિતની બુદ્ધિ હો ઇતનો દિયો બતાય, વાકો બુરો ન માનીએ ઔર કહાંસે લાય?' અંદરમાં આવે જ નહીં ત્યાં કહે શું હવે? એના આત્મામાં જ ખટક-ખટક થતું હોય કે આ.. આ.. આમ.. આમ.. એટલે એ શું કહે? એમ જ કહે. સમજાણું કાંઈ? બહુ રસ્તો કહ્યો છે ઓહોહો! **कम्मविणासणजोगो...** એ **આવશ્યક કર્મ** માથે હતુંને. **तस्स दु कम्मं भणंति आवासं** લ્યો, **भणंति**માં એ આવ્યું. અને **त्ति पिज्जुत्तो...** આમાં 'પ્રરૂપિત' કર્યો અર્થ. **भणंति** અને **प्ररूपित** બે શબ્દ નાખ્યા છે સંસ્કૃતમાં. **भणंति आवश्यकं... इति प्ररूपित...** એમ બે કાઢ્યા.

લ્યો, આ આવશ્યક કરવા... આવશ્યક કરવા. પોપટભાઈ! સાંજ-સવાર કરતાને. સાંજે પડિકમણા. સાંજે કરતા હશે, સવારે નહીં. સાંજે નવરા હોયને. જાતા હતા હોં હિંમતભાઈ ને એ બેય દરિયાપરી ઉપાશ્રયે પડિકમણું કરવા. આહા! અરે! એક સેકંડનું પ્રતિક્રમણ મુક્તિના કારણરૂપે પરિણમે. આવશ્યક છેને. પ્રતિક્રમણ કહ્યુંને. આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણને જે ભાવે પકડ્યો એ સ્વાત્માશ્રિત ભાવ. એ ભાવ એ આત્માનું કાર્ય અને એ ભાવને યોગ કહીએ અને એને સમાધિ કહીએ, એ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. કહો, આમાં સ્થાન છે કાંઈ સંદેહનું? શાસ્ત્રમાં ચોખ્ખા લેખ પડ્યા છે આવા. આહાહા! (શ્રોતાઃ તો પંડિતો એનો શું અર્થ કરે?) કોણ જાણે શું કરતા હશે? આ પંડિતજી રહ્યા. એ વિપરીત પંડિતમાં નથી એમ કહે છે. આહાહા!

ભાઈ! તું આત્મા છોને પ્રભુ! આ શરીર નહીં, વાણી નહીં, આ બધા આકાશ જડના પ્રભુ! તું નહીં. આહાહા! અરે! તારામાં વિકલ્પ ઊઠે એ તું નહીં. એ ઉઠે તારામાં, આ તો પરમાં થાતું બધું. આહાહા! શુભ-અશુભરાગ એમાં તો એ દુઃખના દરિયા ડોલે. એ તો દુઃખનો માર્ગ છે ભાઈ! દુઃખમાં દોરી જશે તને. આહાહા! સુખનો માર્ગ તો પ્રભુ! એકવાર લક્ષને તો દોર. લક્ષ ઉપર તો લે. આહાહા! નજરુમાં તો નાખ કે આ ભગવાન પૂર્ણાનંદનો નાથ હું છું, એનો આશ્રય તે ધર્મ છે. સમજાણું કાંઈ? તારી લક્ષ્મી પૂર્ણ તારામાં પડી છે ભાઈ! આહાહા!

**એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી પ્રવચનસારની તત્ત્વદીપિકા નામની ટીકામાં પાંચમા શ્લોક દ્વારા) કહ્યું છે કે**.. પ્રવચનસારનો આધાર આપે છે.

**आत्मा धर्मः स्वयमिति भवन् प्राप्य शुद्धोपयोगं**
**नित्यानन्दप्रसरसरसे ज्ञानतत्त्वे निलीय ।**
**प्राप्स्यत्युच्चैरविचलतया निःप्रकम्पप्रकाशां**
**स्फूर्जज्ज्योतिःसहजविलसद्रत्नदीपस्य लक्ष्मीम् ॥**

રત્નદીપ–રતનનો દીવો. આહાહા! **શ્લોકાર્થ : એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત...** ભાષા ફેરવી જોયું! ઓલામાં 'આવશ્યક કાર્ય' કહ્યું હતું, એને 'યોગ' કહ્યો હતો, એને આહીં 'શુદ્ધોપયોગ' કહ્યો. આહાહા! શુભોપયોગ રહિત શુદ્ધોપયોગ. જે સ્વ-આશ્રયે પરિણામ પ્રગટ થાય તેને આહીં શુદ્ધોપયોગ કહીએ. આહાહા! એવા **શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો...** લ્યો, પોતે ધર્મરૂપે પરિણમી જાય છે. આહાહા! **એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને...** એમ કહ્યું કે એ નવી દશા છેને? શુભ-અશુભભાવની (દશા) તો અનાદિની હતી. શુદ્ધ-ઉપયોગ (એટલે) ધ્રુવ નિત્યાનંદ પોતાનું સ્વરૂપ એના તરફનો વેપાર. સ્વાત્માશ્રિત શુદ્ધ ઉપયોગ એને પ્રાપ્ત કરીને **આત્મા સ્વયં ધર્મ થતો**... આહાહા! શું કહે છે? ઓલું વ્યવહારની સાથે મેળવવું છેને કે વ્યવહારની અપેક્ષા જેને નથી. વ્યવહારના રાગની મંદતા હોય તો આવો શુદ્ધ ઉપયોગ થાય એવી અપેક્ષા એને નથી.

**સ્વયં ધર્મ થતો**... ભગવાન પોતે શુદ્ધ ઉપયોગરૂપે પરિણમતો, ધર્મરૂપે પરિણમતો સ્વયં ધર્મરૂપે થાય છે. એને કોઈ નિમિત્ત ને રાગની અપેક્ષા છે નહીં. આહાહા! **અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો...** આહાહા! આવું જૈનધર્મનું સ્વરૂપ હશે? લોકોને કાને પડ્યું ન હોય. પોપટભાઈ! આહાહા! વસ્તુનું સ્વરૂપ જ આવું છે, એવું જૈનધર્મે કહ્યું છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, એ કોઈ વાડો નથી કે અમારો માર્ગ આ ને તારો માર્ગ આ.—એમ નથી. વસ્તુ જ આ છે. સમજાણું કાંઈ? અરે! **ધર્મરૂપે પરિણમતો થકો નિત્ય આનંદના ફેલાવથી સરસ...** આહાહા!

કહે છે કે અંતરના વસ્તુના–પૂર્ણ વસ્તુના સ્વીકારમાં જે આનંદ આવ્યો, એ પરમ **નિત્ય આનંદના ફેલાવથી સરસ જે શાશ્વત આનંદના ફેલાવથી રસયુક્ત છે** આત્મા. એને આ ઉપયોગમાં તો આનંદ આવ્યો, પણ વસ્તુ આનંદ સહિત ત્રિકાળ છે એમ કહે છે. આહાહા! એની ખાણમાં નિત્યાનંદના વિસ્તારથી ભરેલો છે એ તો એમ કહે છે. **સરસ**, લ્યો. **એવા જ્ઞાનતત્ત્વમાં લીન થઈને...** લ્યો, એકલું જ્ઞાન નહીં, આનંદ સહિત છે એમ કહે છે. અંદર જ્ઞાનતત્ત્વ તો છે આત્મા, પણ એમાં અતીન્દ્રિય આનંદનો વિસ્તાર ભર્યો છે. એમાં લીન થાય એને જૈનમાર્ગ પ્રગટ થાય છે, એને યોગ ને આવશ્યક કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૯, ગુરુવાર, તા. ૨૮-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૩૮, ગાથા - ૧૪૨, પ્રવચન નં. ૧૬૧**

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર છે. એનો કળશ ચાલે છે. પ્રવચનસારનો આધાર આપ્યો છે. છે ને? નીચે ૨૮૩ પાનું.

**શ્લોકાર્થ : એ રીતે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને આત્મા સ્વયં ધર્મ થતો અર્થાત્ પોતે ધર્મપણે પરિણમતો થકો...** શું કહે છે? આ આત્મા પરમાનંદ ને શુદ્ધસ્વરૂપી ત્રિકાળ છે. એનો આશ્રય લઈને શુદ્ધોપયોગ, જે સ્વ-આશ્રયથી ઉત્પન્ન થાય તે શુદ્ધોપયોગને પ્રાપ્ત કરીને ધર્મરૂપે પરિણમ્યો. શુભ-અશુભ વિકલ્પ છે એ તો રાગ છે, એ કાંઈ એનો સ્વભાવ નથી. આ રીતે... આ છેલ્લી ગાથા છેને આ? પ્રવચનસારની છેલ્લી ગાથાનો કળશ જ્ઞાનતત્ત્વ(પ્રજ્ઞાપન)નો. સ્વયં ધર્મ થયો થકો એટલે કે આત્મા જ્ઞાન ને આનંદનું રૂપ એની સન્મુખ થતાં, એને ધર્મરૂપ પરિણમનમાં–શુદ્ધોપયોગરૂપી થવામાં પરની કંઈ અપેક્ષા છે નહીં. સ્વયં ધર્મ થયોને? સમજાણું કાંઈ? જ્ઞાનતત્ત્વ(પ્રજ્ઞાપન)નો છેલ્લો કળશ છે. એમાં (ગાથા) ૧૪૧માં આવી ગયું છે એનો એ આધાર આપે છે. સ્વ-આત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન.. સ્વ-આત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન.. અંતર્મુખ તત્ત્વને આશ્રયે પ્રગટેલી દશા એને સાચું ધર્મધ્યાન અથવા ધર્મરૂપ પરિણમન અથવા શુદ્ધ ઉપયોગ અથવા મોક્ષનો માર્ગ કહે છે.

એ **પોતે ધર્મપણે પરિણમતો**... વસ્તુના સ્વભાવમાં એનો ધર્મ(રૂપ) સ્વભાવ તો છે, પણ સ્વભાવનો આશ્રય લઈને જે ધર્મરૂપ પરિણતિ થાય એ **નિત્ય આનંદના ફેલાવથી સરસ** આત્મા છે. જે જ્ઞાનતત્ત્વ... જ્ઞાનતત્ત્વનો છેને આ? **નિત્ય આનંદના ફેલાવથી સરસ એવા જ્ઞાનતત્ત્વમાં...** જ્ઞાનતત્ત્વ એટલે જ્ઞાનભાવ–ત્રિકાળી જ્ઞાનભાવ. એ નિત્ય આનંદના ફેલાવથી–વિસ્તારથી પડેલું જ છે એમ કહે છે. એના શાશ્વત જ્ઞાનતત્ત્વમાં અતીન્દ્રિય આનંદના વિસ્તારથી ભરેલો એ પદાર્થ છે. આહાહા! એમાં **લીન થઈને...** એ જ્ઞાનતત્ત્વ એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ. ત્રિકાળી જ્ઞાનતત્ત્વ જે આત્માનું ધ્રુવતત્ત્વ, એમાં આનંદના વિસ્તારથી–ફેલાવથી ભરેલો જ્ઞાનભાવ, એમાં લીન થયો થયો થકો... '**લીન થઈને**' એ પર્યાય થઈ. ત્રિકાળી જ્ઞાનતત્ત્વ એમાં રહેલો આનંદનો વિસ્તાર. એવું જ્ઞાનતત્ત્વ એમાં લીન થઈને **અત્યંત અવિચળપણાને લીધે...** એમાં એવો એકાગ્ર થયો કે અત્યંત અવિચળપણું (એટલે) સ્થિર થયો છે. ભારે ધર્મની વ્યાખ્યા!

**દેદીપ્યમાન જ્યોતિવાળા અને સહજપણે વિલસતા (સ્વભાવથી જ પ્રકાશતા) રત્નદીપકની** માફક... રત્નનો દીવો જેમ લબકઝબક થયા વિના પ્રકાશે. રત્નનો દીવો હોય એ પ્રકાશ કરે, પણ આમ ચમક-ચમક (થાય), લબક થયા વિના–ક્ષેત્રને ફેરવ્યા વિના પ્રકાશ કરે. એમ ભગવાન આત્મા ચૈતન્યપ્રકાશનું નૂર એમાં થયેલું એકાગ્રપણું એ દશા હીનાધિક થયા

વિના–ફેરફાર થયા વિના–અવિચળપણે દેદીપ્યમાન જ્યોતિવાળા **સહજ વિલસતા (-સ્વભાવથી જ પ્રકાશતો) રત્નદીપકની પેઠે નિષ્કંપ-પ્રભાવાળી શોભાને પામે છે.** એ પર્યાય થઈ. નિષ્કંપ નામ અસ્થિર ન થાય એવી સ્થિર જે ચીજ છે એમાં સ્થિર થયો—સ્થિરમાં સ્થિર થયો. સમજાણું કાંઈ? ભારે! સ્થિર ધ્રુવ ચીજ આત્મા એમાં જે સ્થિર થયો તે સહજ વિલસતી રત્નદીપકની પ્રકાશવાળી—નિર્મળ પ્રકાશે છે જ્ઞાતાદૃષ્ટિ તરીકે એવી—શોભાને પ્રાપ્ત થાય છે. આહા! આમાં વ્યવહારની વાતનો એકેય શબ્દ આવે નહીં. **રત્નદીપકની માફક સ્વભાવથી જ નિષ્કંપપણે અત્યંત પ્રકાશ્યા–જાણ્યા કરે છે.** આહાહા! જ્ઞાનતત્ત્વનો (કળશ) છેને આ. વસ્તુ જ્ઞાનસ્વભાવી છે એમાં લીન થતાં સ્થિરતા નિષ્કંપપણે પ્રગટે છે, એનું નામ ધર્મપર્યાય કહેવામાં આવે છે. ભારે! એ આધાર આપ્યો છે.

**આ ૧૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :** લ્યો, મુનિરાજ પોતે શ્લોક કહે છે.

**आत्मन्युचैर्भवति नियतं सच्चिदानन्दमूर्तौ**
**धर्मः साक्षात् स्ववशजनितावश्यकर्मात्मकोऽयम् ।**
**सोऽयं कर्मक्षयकरपटुर्निर्वृतेरेकमार्गः**
**तेनैवाहं किमपि तरसा यामि शं निर्विकल्पम् ॥२३८॥**

**શ્લોકાર્થ : સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક-કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ...** લ્યો, ભગવાન આત્મા પૂર્ણાનંદ એ એકલો જ્ઞાનનો કંદ પ્રભુ આત્મા છે, એને વશથી ઉત્પન્ન થયેલું આવશ્યક કર્મ–જરૂરિયાતવાળું કાર્ય... આવશ્યક કાર્ય–જરૂરિયાતનું કાર્ય જેનાથી મોક્ષ થાય. એ જરૂરિયાતનું કાર્ય સ્વવશતાથી ઉત્પન્ન થાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ભગવાન આત્મા ધ્રુવ અસ્તિ–સત્તા એને આશ્રયે જે આ ધર્મ ઉત્પન્ન થાય એ આવશ્યક કાર્ય છે. એ આત્માના ધર્મને માટે આવશ્યક કર્મ છે. કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? એ સાક્ષાત્ ધર્મ.. એ સાક્ષાત્ ધર્મ. વીતરાગી પર્યાય વીતરાગીસ્વભાવને આશ્રયે પ્રગટ થાય. 'જિન સો હી આત્મા..' વીતરાગ-સ્વભાવી આત્મા, એને આશ્રયે–અવલંબે જે દશા જરૂરિયાતની–આવશ્યકરૂપી કામ.. આવશ્યકરૂપી કામ એ સાક્ષાત્ ધર્મ છે. લ્યો, આ ધર્મની વ્યાખ્યા. નિયમથી એ ધર્મ આત્મામાં હોય છે એમ કહેવું છે.

**નિયમથી (ચોક્કસ) સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં (સત્-ચિદ્-આનંદસ્વરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે.** આવો ધર્મ આત્મામાં હોય છે એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પમાં કે પરમાં હોતો નથી. પોતાનો ભગવાન ધ્રુવસ્વરૂપ એવો આત્મા એમાં આ ધર્મ હોય છે. સમજાણું કાંઈ? મંદિરમાં ને અપાસરામાં ને સ્વાધ્યાય મંદિરમાં, શેત્રુંજયમાં ધર્મ હોતો નથી એમ કહે છે. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા—સત્–શાશ્વત.. સત્–શાશ્વત, જ્ઞાન અને આનંદ એવી જે ચીજ–વસ્તુ

એમાં ધર્મ થાય છે, એટલે કે એની પર્યાયમાં ધર્મનું પરિણમન હોય છે. સચ્ચિદાનંદસ્વરૂપ આત્મામાં ખાસ અતિશયપણે તે ધર્મ હોય છે.

**તે આ (આત્મસ્થિત ધર્મ)...** એવો ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનનો ભંડાર, એમાં સ્થિર થયેલી દશા, એ આત્મામાં થયેલો ધર્મ, એ **કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક જ માર્ગ છે**. એ કર્મને નાશ કરવામાં કુશળ એવો નિર્વાણનો આ એક જ માર્ગ છે. સમજાણું કાંઈ? હવે વ્યવહારમાર્ગ પણ બીજો છે ને આ એક માર્ગ છે—એમ નથી. સમજાણું કાંઈ? કર્મક્ષય કરવામાં એ ડહાપણવાળો એ ધર્મ છે (અર્થાત્) કુશળ છે કહે છે. એવો નિર્વાણનો—પરમ આનંદની દશારૂપી મુક્તિ–પરમ આનંદ અનંત આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એનો—આ એક માર્ગ છે. એ માર્ગે જવાથી આ મોક્ષનો પરિણામ આવે છે. સમજાણું કાંઈ? પણ આનું કાંઈ સાધન હશે કે નહીં? આ તો બધી નિશ્ચયની વાતું છે, એમ પૂછે છે. એ જ સાધન છે. આહીં કીધું નહીં? આત્મામાં થતી ધર્મદશા એ જ સાધન–મોક્ષના સાધન માટે. આહાહા! સમજાણું કાંઈ?

**તેનાથી જ હું શીઘ્ર કોઈ (અદ્ભુત)...** મુનિરાજ પોતાની વાત નાખે છે. આત્માના આશ્રયથી આત્મામાં સ્થિર થયેલો શુદ્ધોપયોગરૂપી ધર્મ એ કર્મક્ષય કરવાના કારણ(રૂપ) એક જ માર્ગ છે. તેનાથી... **તેનાથી જ...** આહાહા! વસ્તુમાં સ્વભાવની એકાગ્રતા એવો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વને આશ્રયવાળી દશા છે **તેનાથી જ હું** આત્મા **શીઘ્ર કોઈ (અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.** આહાહા! અત્યારે જ હું આત્માના આનંદને પ્રાપ્ત કરું છું એમ કહે છે. સમજાણું કાંઈ? **તેનાથી જ હું શીઘ્ર કોઈ (અદ્ભુત) નિર્વિકલ્પ સુખને...** પૂર્ણ (સુખ)ને તો પ્રાપ્ત કરીશ જ, પણ અત્યારે હું એને પ્રાપ્ત કરું છું (અર્થાત્) પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં લપેટાઈ જાઉં છું. આહાહા! એનો–પર્યાયનો વિસ્તાર દ્રવ્યમાં પ્રસરી જાય છે એમ કહે છે. આહાહા! ભારે ભાષા એકે-એક.... ઓલામાં નહીં આવતું હોય ક્યાંક? અત્યારે બહારમાં નથી આવતું તો ત્યાં ક્યાંથી આવે? વાડામાંય આવતું નથીને અત્યારે. આહા! અરે, ભગવાન! તારી ચીજ તે તારામાં હોય કે તારી ચીજ કાંઈ પરથી થાય?

આહાહા! વસ્તુ આવી છે નિત્ય ભગવાન ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ એમાં થાય તેને ધર્મ કહીએ. સમજાણું કાંઈ? કેમકે પોતે ધર્મી, અનંત-અનંત ગુણનો ધરનાર એવા ધર્મીને આશ્રયે ને ધર્મીમાં.. એવા ધર્મીને આશ્રયે અને એ ધર્મીમાં ધર્મ થાય. આહાહા! શાંતિભાઈ! આહાહા! એ ધર્મ કાંઈ નિમિત્તમાં, પુણ્ય-પાપના વિકલ્પમાં ન થાય, (પણ) આત્મામાં થાય, એમ. આત્મા જે ત્રિકાળી છે એનો આશ્રય લેતાં આત્મામાં થાય. સમજાણું કાંઈ? આ માર્ગ સમજવામાં પણ જ્યાં અંદર કંટાળા જેવું લાગે કે આ શું? આ ભારે ઝીણું છે. પ્રેક્ટીસ કરવી મુશ્કેલ છે એમ

ભાષા (કંઈ કહેતા હતા). આવી પ્રેક્ટીસ કરવી આકરું છે. પ્રેક્ટીસમાં મૂકી ન શકાય. આ જ પ્રેક્ટીસમાં મૂકી શકાય. માર્ગ જ આ છે, બીજો માર્ગ જ નથી.

એમ કે આ બહારનું હોયને .. જરી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભક્તિ, દાન એ પ્રયોગમાં મૂકી શકાય અને ખાતરી પણ આવે કે કાંઈક બીજાથી જુદા પડીને કરીએ છીએ. આત્માથી જુદા પડીને કરીએ. પણ (એ ક્રિયા) એની ક્યાં છે? ઘણા બીજા વેપાર-ધંધા કરતા હોય એ કરતાં આપણે જુદા પડીને કાંઈક કરીએ છીએ. પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત, અપવાસ એમાં લાગે કે બીજા ઓલા સાધારણ માણસ કરે એનાથી આપણે જુદું તો કરીએ છીએ. પણ એ જુદું એ તારા આત્માથી જુદું છે. રાગનું કર્તવ્ય જ તારું નથી. આહાહા! અપૂર્વ જેના ફળ છે એના કારણ પણ અપૂર્વ હોયને! આહાહા! જેનું ફળ સાદિ-અનંત અનંત-અનંત શાંતિ, આનંદ છે, જેના આનંદના એક અંશ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલા જેવા લાગે, એવા પૂર્ણાનંદની પ્રાપ્તિના ઉપાય પણ એવા જ હોયને! સમજાય છે કાંઈ? કહે છે, અરે! આ માર્ગથી જ હું, એમ. શીઘ્ર કોઈ નિર્વિકલ્પ આનંદને પ્રાપ્ત કરું છું. ધ્યાની છું. એ ૧૪૧ થઈ.

(ગાથા) ૧૪૨. આવશ્યક.. આવશ્યક. સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ને પચ્ચખાણ—એ બધું આવશ્યક નિશ્ચય આત્મામાં આત્માને આશ્રયે થાય એમ કહે છે. આવે છેને બીજો (આવશ્યક) ચોવીસંથો (એટલે) ભગવાનની સ્તુતિ. એ છનું એક–છ પ્રકારનું ભેદવાળું એક. આહીં તો બીજું કહેવું છે. ચોવીસ તીર્થંકરની સ્તુતિ કોને કહેવી? કે આ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એમાં સ્થિર થવું એને સ્તુતિ કહેવી. એની સ્તુતિ–આત્માની સ્તુતિ. આત્માની સ્તુતિ એટલે કે આત્માના અંતર ગુણમાં એકાગ્ર થવું એ એની સ્તુતિ કરી કહેવાય. એમાં લીન થયોને. એને પ્રશંસીને લીન થયો એ આત્માની સ્તુતિ, એને તીર્થંકરની સ્તુતિ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

ગુણગાન કરવા. એટલે શું? ગુણગાનનો અર્થ ગુણગ્રામ સમૂહ. ગુણનો સમૂહ ભગવાન એનો આદર કર્યો એ એની સ્તુતિ કરી. સમજાણું કાંઈ? એનો અનાદર કરીને રાગની સ્તુતિ એ મિથ્યાત્વની સ્તુતિ છે. સમજાણું કાંઈ? ગુણગ્રામ–ગુણનો સમૂહ ભગવાન એવો પોતે જ તીર્થંકર છે. સમજાય છે કાંઈ? ચોવીસંથો–ચોવીસનું સ્તવન એ આહીં આવ્યું. ચોવીસંથો નથી આવતું લોગ્ગસ્સમાં? 'લોગસ્સ ઉજ્જોઅગરે... ચઉવીસં પિ કેવલી...' એ ચઉવીસં પિ કેવલી એ આત્મા. આહાહા! કહે છે કે એવું આવશ્યક કાર્ય–સાચું જરૂરિયાતવાળું અવશ્ય કર્મ, આત્માના સ્વભાવમાં એકાગ્ર થવું એ એનું જરૂરિયાતવાળું કાર્ય કહેવાય. સમજાણું કાંઈ?

**ण वसो अवसो अवसस्स कम्म वावस्सयं ति बोद्धव्वं ।**
**जुत्ति त्ति उवाअं ति य णिरवयवो होदि णिज्जुत्ती ॥१४२॥**

હરિગીત નીચે.

**વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;**
**તે યુક્તિ અગર ઉપાય છે, અશરીરી તેથી થાય છે. ૧૪૨.**

મુક્તિ થવાની યુક્તિ આ છે. સમજાણું કાંઈ? આત્માની પરમાનંદદશા (અર્થાત્) એની મુક્તિ એની આ યુક્તિ. બે શબ્દ વાપર્યા છેને. યુક્તિ અથવા ઉપાય, એમ. યુક્તિ કહો કે ઉપાય કહો, ઉપાય કહો કે એને.... કહો, આ યુક્તિ આવડે છે કાંઈ, એમ કહે છેને? ફલાણાની યુક્તિ આવડે છે? કે હા. મુક્તિની યુક્તિ આવડે છે? એમ કહે છે. મુક્તિની યુક્તિ, આત્માના આશ્રયે પર્યાય થાય તે મુક્તિની યુક્તિ. આહાહા! ઘણા ભિન્ન-ભિન્ન પ્રકારે નિયમસારમાં મોક્ષના ઉપાયની ઉપમા ઘણા પ્રકારની આપી છે, ભિન્ન-ભિન્ન રીતે. આહીં છેવટે કહ્યું કે મોક્ષનો માર્ગ એટલે યુક્તિ, યુક્તિ એટલે ઉપાય. ઉપાય એટલે કે યુક્તિ, યુક્તિ એટલે મુક્તિનું કારણ. લોકો નથી કહેતા કે યુક્તિ સુઝે છે આમાં કાંઈ? કામકાજનું આવે છે આ..... યુક્તિ કાંઈ સુઝે છે? એનો કાંઈ નિવેડો આવે એવી યુક્તિ સુઝે છે? એમ કહે છેને? મુંઝવણમાં આવે ત્યારે. એમ આહીં કહે છે કે મુક્તિની યુક્તિ તને સૂઝે છે? આહાહા!

એ મુક્તિની યુક્તિ એટલે મોક્ષનો માર્ગ. આવશ્યક જે દ્રવ્યને આશ્રયે સ્વસ્વભાવ સન્મુખ–અવલંબે જે દશા થાય તે મોક્ષનો માર્ગ ને તે યુક્તિ અને તે એક જ યુક્તિ મુક્તિનું કારણ છે. બીજી કોઈ યુક્તિ મુક્તિનું કારણ નથી. આહા! આવો માર્ગ આકરો લાગે. અપવાસ કરવા હોય તો સહેલું લાગે. આઠ અપવાસ કરે લ્યો. કોઈક કરતા હતાને? દસ કરવા (હતા) પછી આઠ કર્યા, નહીં? પોપટભાઈના દીકરો. દસ કરવા હતા પછી કાંઈ અટકી ગયું. જુવાન માણસ છે. પૈસા ખર્ચવામાં તે દિ' ન્યાં ખર્ચ્યા, અપવાસમાં ગયા તો અહીં કર્યું. પણ આ અંદરમાં જાવું એ? એ તો બધી બહારની વાતું છે. આહાહા!

**ટીકા : અહીં, અવશ** (એટલે) પરને તાબે નહીં થયેલ, **પરને વશ ન હોય એવા** એટલે કે **સ્વવશ** એટલે **સ્વાધીન, સ્વતંત્ર.** આહાહા! આ સ્વતંત્ર, દેખો! કહે છેને અત્યારે કે આ દુનિયા સ્વતંત્ર થઈ. ધૂળેય સ્વતંત્ર નથી. સ્વતંત્રતાનું રાજ્ય મળ્યું. આહીં તો પોતે પરને વશ ન થાય. 'પરાધીન સ્વપ્ને સુખ નહીં' આવે છેને? રાગ ને વિકલ્પને આધીન થવું, એમાં ક્યાંય સુખ ને ધર્મ નથી. અવશ–પોતાને વશ થયેલો યોગી–**પરમજિનયોગીશ્વરને...** ઉત્કૃષ્ટ વાત લીધી છેને મુનિની. **પરમજિનયોગીશ્વર**... પરમ નામ ઉત્કૃષ્ટપણે, જિન નામ રાગને જીતેલો, યોગ નામ સ્વરૂપમાં જોડાણવાળો, એમાં પણ ઈશ્વર. એવા યોગીશ્વરને **પરમ આવશ્યક કર્મ જરૂર છે...** પરમ જરૂરનું કામ એને જરૂર છે, એમ કહે છે. આહાહા! ભારે! નિયમસાર પોતાની ભાવના માટે બનાવ્યું છેને! ગાથા દીઠ ભગવાનને ઘોળ્યો છે. છેવટે એમ આવે છેને, આ મેં મારી ભાવના માટે બનાવ્યું છે. આ શાસ્ત્ર... કહ્યું છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. આહાહા! મારો ભગવાન, એમાં એકાગ્રતાની ઘોલનની દશામાં આ વાત આવી છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ પણ યોગી છે પણ જઘન્ય દરજ્જાનો. મુનિ ઊંચા દરજ્જાનો યોગી છે. સમજાણું કાંઈ? એટલે વાત ઉત્કૃષ્ટપણે કહી છે કે જે અવશ છે.. આહાહા! એટલે કે સ્વવશ છે, એટલે કે ત્રિકાળી જ્ઞાયક આનંદમૂર્તિને તાબે થઈને પર્યાય રહી છે. આહાહા! તાબે થઈને થઈ છે. પરને તાબે થઈને થયેલી દશા એ કાંઈ ધર્મ નહીં. આહાહા! એવા **પરમ આવશ્યક કર્મ**– એવા આત્માને જરૂરિયાતવાળું કામ–એનું કામ જરૂરિયાતવાળું બરાબર છે. સમજાણું કાંઈ? **એમ કહ્યું છે**. જે કોઈ ધર્માત્મા, **જે યોગી નિજ આત્માના પરિગ્રહ સિવાય અન્ય પદાર્થોને વશ થતો નથી...** એક ભગવાન આત્મા પોતાનો પરિગ્રહ છે. સમજાણું કાંઈ? નિજ આત્મા–પોતાનો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વતધામ, શાશ્વતફળ, શાશ્વતશક્તિઓ એવું જે આત્મતત્ત્વ એનો પરિગ્રહ (છે એટલે) એને પકડ્યો છે, એ સિવાય એને પરિગ્રહ કાંઈ છે નહીં. આહાહા!

**અન્ય પદાર્થને વશ થતો નથી**... રાગને પણ વશ થતો નથી. આહાહા! શરીર ને કુટુંબ-કબીલા ને દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પર છે, એને વશ થતો નથી. રાગ પણ પરદ્રવ્ય છે એને વશ થતો નથી (એમ) આહીં કહ્યું છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ પણ અન્ય પદાર્થ છે, એ આત્મપદાર્થ નથી. **અન્ય પદાર્થને...** એટલે એકને વશ થયો એ બીજાને વશ થતો નથી, એમ કહે છે. ધર્મી જીવ એનો પરિગ્રહ આત્મા છે એકલો. આહાહા! એનો પરિગ્રહ પૂંજ એ આત્મા છે. આહીં તો રાગ તો નહીં, પણ એક સમયની પર્યાય (પણ) નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? નિજ આત્મા પાછો, એમ. અરિહંતનો આત્મા, સિદ્ધનો આત્મા એ તો પર છે. પોતાના આત્માના પરિગ્રહ સિવાય... એને પકડ્યો છે દૃષ્ટિએ, જ્ઞાને એ એનો પરિગ્રહ છે.

**અન્ય પદાર્થને વશ થતો નથી**... આહાહા! શુભરાગને પણ તાબે થતો નથી. **અને તેથી જ જેને**... તેથી જ જેને, એમ. રાગને વશ થતો નથી અને સ્વને વશ થાય છે તેથી જ તેને એટલે **જેને 'અવશ' કહેવામાં આવે છે.** પોતાને વશ છે, પરને વશ નથી માટે અવશ કહેવામાં આવે છે. આહાહા! લ્યો, આવશ્યકમાંથી અવશ કર્યું. આવશ્યક છેને તો 'અવશપણું' (અર્થ કર્યો), અવશપણું એટલે સ્વવશપણું. **તે અવશ પરમજિનયોગીશ્વરને...** એવા જે સ્વવશ અથવા રાગ ને વ્યવહારને વશ નહીં થયેલાને... આવો જૈનધર્મ હશે? 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવો મુક્તિએ ગયા, દયા તણા નિધાન.' લ્યો, કેટલું સહેલું કાઢયું. એમાં કાંઈ મહેનત પડે? એ દયા પરની નહીં. આ તો સ્વદયાની વાત છે. આહાહા!

પરની તો દયા પાળી શકતો નથી, પણ એનો ભાવ છે એ પણ હિંસા છે (કેમકે) રાગ છે. આહાહા! એને તાબે થતો નથી. ઓહો! દયા તો ભગવાનની કરુણા છે, દયા તે ધર્મ છે, ભગવાનને પણ દયા હોય છે. એ દયા કઈ ભાઈ? મોટી ચર્ચા થઈ હતી. દયા તો ધર્મ છે, સ્વધર્મ છે. (શ્રોતાઃ કઈ દયા?) આ પરની કહી એ. ત્યારે વળી સ્વદયા ક્યાંથી આવી? પરની દયા હોયને. આ મરતો હોય તો એને બચાવવો. આ આત્મા ક્યાં મરે છે તે એને બચાવવો?

...ભાઈ! પણ એ રાગથી મરે છે આત્મા. એને બચાવવો આત્મામાં એકાગ્ર થઈને, એમ કહે છે. આહાહા! ભારે ભાઈ જગતથી ઊંધી વાત! પરની દયાનો ભાવ કરે એ શુભવિકલ્પ છે. તેથી કાંઈ પરની દયા પળી શકે છે એમ નથી. અને એ શુભરાગ છે એ તો ખરેખર સ્વરૂપની હિંસા છે. આકરું કામ છે જગતને. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ પ્રભુ એને તાબે થવું, એને વશ રહેવું, પર ને રાગાદિને વશ ન થવું, એને **અવશ પરમયોગીશ્વરને નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...** એને ખરું ધર્મધ્યાનનું સ્વરૂપ એવું પરમ આવશ્યક કાર્ય જરૂર છે એમ જાણવું. આહાહા! નવા હોય એને તો એમ લાગે કે આવો ધર્મ હશે વીતરાગનો? આહાહા! લ્યો, કાંઈ કરવું નહીં કોઈનું અને કોઈનું કરવાનો ભાવ થાય તો કહે પાપ. કાંઈ કરવું નહીં પરનું. કરવું પોતાનું પુરું, એ કીધુંને. આવશ્યક કાર્ય પોતાનું આ કરવાનું છે. આહાહા! કર્મ કહો, કામ કહો, કાર્ય કહો, દશા કહો, અવસ્થા કહો.

કહે છે કે અવશ મુનિઓને... પ્રધાનતા મુનિની લીધી છેને. **નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ...** જુઓ! આહીં તો આત્માના આશ્રયે ધર્મધ્યાન શુદ્ધોપયોગ થાય એને ધર્મધ્યાન કીધું છું. ઓલા કહે કે ધર્મધ્યાન એટલે શુભ ઉપયોગ. શુદ્ધ ઉપયોગ એ શુક્લધ્યાનમાં જાય, એ અત્યારે નથી. અરે, ભગવાન! તું નથી અત્યારે? આહાહા! ક્યારે તું નથી? અને તું છો તો ક્યારે તેનો આશ્રય લેતાં પરાધીનતા થાય? બિલકુલ ન થાય. તું છો એમ સ્વીકાર જ્યાં થાય, પૂર્ણાનંદ, જ્ઞાનાનંદઘન પ્રભુ એ છે, 'એ છે' એ સત્તાનો સ્વીકાર થયો એ જ એની દયા છે. આહાહા! (પરની) દયા પાળી એટલે મારી નાખ્યો કે હું આવો નથી, હું આવો નથી, એ હિંસા હતી. સમજાણું કાંઈ? આહાહા!

હું આવો ત્રિકાળ છું એવા અભેદસ્વભાવનો આશ્રય લઈને જે દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, એને પોતાનું 'હું જે સ્વરૂપે હયાતી હતો તેને તે રીતે નહોતો માનતો' એનું નામ હિંસા. જે સ્વરૂપે જેમ છે તેમ તેને સ્વીકાર્યું એ એની દયા. એને જીવતો જેવો છે તેવો રાખ્યો. સમજાણું કાંઈ? જે જીવતું તત્ત્વ નિત્યાનંદ પ્રભુ જેવું છે તેવું સ્વીકાર્યું એટલે તેવું એણે રાખ્યું. આહાહા! સમજાણું કાંઈ? **નિશ્ચય ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક-કર્મ જરૂર છે...** અરે! એની સમજણમાં 'આવી ચીજ છે' એમ એના લક્ષને તો દોરે અને પછી પ્રયાગ કરે અંતરમાં જવાનો. એ વિના આ વસ્તુ હાથ આવે એવી નથી. આહાહા! લક્ષમાં જ્યાં બીજી ચીજ હોય.. સમજાય છે કાંઈ? આ વસ્તુ આવી છે એવું લક્ષ જ જ્યાં નથી, એ લક્ષ અંદર વિના જશે શી રીતે? આહાહા!

તે **પરમ-આવશ્યક કર્મ...** ત્રિકાળી ભગવાન ધ્રુવને વશે થયેલો અને પરને વશ નહીં થયેલો ધર્માત્મા એની પાસે જરૂર પરમ-આવશ્યક કર્મ છે અને એ જ આવશ્યક કર્મ એ સ્વસ્વભાવને આશ્રયે પ્રગટેલી ક્રિયા–ધાર્મિક શુદ્ધોપયોગ કાર્ય એ એક જ **નિરવયવપણાનો**

**ઉપાય છે...** નિર્-અવયવપણાનો ઉપાય છે. આહાહા! અરે! આ અવયવો શરીર, એનાથી રહિત થવાનો આ એક ઉપાય છે. આ અવયવો જડના એનાથી રહિત નિર્-અવયવ... એ અવયવ નામ આ શરીરના ભાગો બધા એવી જે કાયા એનાથી રહિત થવાનો... આહાહા! નિઃઅવયવપણાનો... જેમાં કાયા મળે નહીં, અવયવ મળે નહીં એવો નિરવયપણાનો–નિર્-અવયવપણાનો... આવું નિશ્ચય ધર્મધ્યાનસ્વરૂપ આવશ્યક કાર્ય જે સ્વને આશ્રયે થયેલો ભાવ, એ જ શરીર રહિત થવાનો ઉપાય છે એટલે કે મુક્તિનો માર્ગ છે અને એ જ **યુક્તિ છે.** બે શબ્દ પડ્યા છેને? **उवा**–ઉપાય છે અને એ જ યુક્તિ છે. બીજી યુક્તિ ત્યાં કામ કરતી નથી. આહાહા!

અરે! એ અનંતા જન્મ-મરણના દુઃખના દાવાનળમાં સળગી રહ્યો છે એની ખબર નથી. આહાહા! બે-પાંચ મહિના જ્યાં જરીક શરીરને રોગ થાય અને ખાટલાથી ઊભા થવાની શક્તિ ન હોય, એ પછી એમાં મુંઝાય. આ તો અનંતકાળથી આ વાત છે. શુભાશુભરાગની અગ્નિ એમાં એ શેકાઈ રહ્યો છે ભાઈ! એનાથી રહિત થવાનો ઉપાય તો આ છે. સમજાણું કાંઈ? **નિરવયવપણાનો ઉપાય છે**... આહાહા! અને એ **યુક્તિ છે,** એમ. એ યુક્તિ છે. એ વ્યાજબી છે અને એ પણ યુક્તિ છે, એમ. સમજાણું કાંઈ? એ યુક્તની યુક્તિ આ છે. વ્યાજબી તો આ છે. મોક્ષનો ઉપાય આ એ જ યુક્તિ છે. આહાહા! કેટલાક વળી એમ કહે કે આ નિશ્ચય નિશ્ચય નહીં. આપણે તો વ્યવહારના ઉપદેશનું પોષણ કરો. વ્યવહારની દેશના દ્યો, વ્યવહારના પ્રાણ પોષો. અરે, ભગવાન! એ તો તું કરતો જ આવ્યો છો. શું કરે છે? વ્યવહાર એટલે રાગ. રાગને પોષો, રાગને કરો. એ બતાવે એના સાધન. એ પરવશપણું તો અનાદિથી કરતો આવે છે. આહાહા! એમાં ઘણા માણસો જોડાઈ શકે. આ વાત હજી તો પકડી શકે નહીં, જોડાય ક્યાંથી?

અરે! ...... બાપા! તારા ઘરની–નિજઘરની વાત છે એ ન પકડાય એમ કેમ કહેવાય? જે સત્ય વાત છે અને પ્રભુ સત્પણે બિરાજમાન ત્રિકાળ છે. સમજાણું? ચેતન સાહ્યબો આનંદકંદનો નાથ સાહેબ ત્રિકાળ બિરાજે છે. એની સમીપમાં જતાં એને એમ લાગે, અરર! આ નહીં.. આ નહીં. આ માર્ગ લ્યો, આ માર્ગ બીજો લ્યો. બીજો સદી ગયેલો છે અનાદિથી. ઊંચા માર્ગ..... ઊંચો એટલે મોક્ષનો માર્ગ, એમ. આ બંધનો માર્ગ હોય એને ઠીક લાગે. આહાહા! અરે! એનું જ્ઞાન ને શ્રદ્ધામાં 'આવો આત્મા છે એનો આશ્રય કરવો એ ઠીક છે' એમ ન બેસે, ત્યાં સુધી એનું વીર્ય પરમાં કામ કરે રાખે. એ તો કરે છે અનાદિથી, એમાં નવું શું કર્યું એણે? નવી મુક્તિ થવાનું કારણ નવું શું કર્યું? એ તો બંધનું કારણ, બંધના ફળ તરીકે કરી રહ્યો છે. આહાહા! **णिरवयवो होदि** એમ છેને? આ **जुत्ति** એમાં આવીને, નિરુક્તિ. ૧૪૨માં નિરુક્તિ આવી એટલે ટીકાકારે પહેલું (લઈ લીધું). અમૃતચંદ્રાચાર્યની શૈલી છેને. પછી આવે એનું પહેલું નાખી દે છે. એમાં નિરુક્તિ આવી એમાં ૧૪૧માં નાખ્યું છેલ્લે. **આમ નિરુક્તિ અર્થાત્ વ્યુત્પતિ છે** એમ નાખ્યુંને ટીકામાં. સમજાય છે કાંઈ?

અવશ જે આત્માનું કાર્ય... એટલે? અવશ એટલે પરને વશ નહીં થયેલું એટલે કે સ્વને વશ થયેલું આત્માનું કાર્ય, એ જ નિરવયવ થવાનો ઉપાય છે. અવયવ નામ શરીર રહિત એટલે મુક્તિ થવાનો આ જ એક ઉપાય છે. આહાહા! ઓલા કહે, બે માર્ગ છે.—એમ કહે છે. બે માર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. અને આ કહે કે બે માર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે.—ટોડરમલજી એમ કહે છે. વસ્તુસ્થિતિ એમ છે. ત્યાં ટોડરમલજીએ ઘરનું કહ્યું છે કાંઈ? સમજાણું કાંઈ? આહાહા! સ્વનો મોક્ષ થવો છે તો સ્વનું કાર્ય સ્વમાં હોયને? આત્માથી મોક્ષ થાય છે, તો આત્માથી એનો સ્વભાવ ને કારણ આવે. કારણ પણ આત્માથી આવે. એમાં કહ્યુંને માથે. સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં કાર્ય થાય છે. ધર્મ આત્મામાં થાય છે એમ કીધુંને. માથે આવ્યુંને. (કળશ) ૨૩૮. સચ્ચિદાનંદમૂર્તિ આત્મામાં ધર્મ હોય છે, એમ. આહાહા!

આવડો મોટો આત્મા છે અને આવો સ્વભાવ છે એ એને હજી અંદરમાં બેસે નહીંને એટલે પછી પરમાં શોધવા–ગોતવા જાય. આહાહા! આહીં તો કહે છે કે જ્યાં ગુણો છે ત્યાં ગુણને શોધ તો ગુણ મળે. પણ નિમિત્તમાં, રાગમાં ને એક સમયના અંશમાં કાંઈ ગુણ નથી. સમજાણું કાંઈ? તારા ગુણો, આહીં જે અનંત ગુણોનો પિંડ પ્રભુ ત્યાં ગુણો છે. જ્યાં વસ્તુ હોય ત્યાં નજર કરે તો વસ્તુ હાથ આવે. એમ જેને ગુણ જોઈતા હોય તો જ્યાં ગુણ હોય ત્યાં નજર કરે તો ગુણ મળે. ગુણ છે ક્યાં? અંદરમાં. એનો ગુણ નથી રાગમાં, નથી નિમિત્તમાં, નથી પર્યાયમાં. એક અંશમાં ગુણ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? અનંત ગુણનું ઢીમ ધામ એવો આત્મા એને અંદરમાં જુએ તો ગુણ મળે. જ્યાં નથી એમાં જોવા જાય, આશરો લેવા જાય તો ક્યાંથી મળે? આહાહા! 'મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા..' ભગવાન પૂર્ણાનંદનો નાથ એને ખોળે બેઠો.. આહા! એને હવે શી ચિંતા? કહે છે. ભવભ્રમણની ચિંતા કેવી? આહાહા! સમજાણું કાંઈ? 'તેમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા'.

**અવયવ એટલે કાય; તેનો (કાયનો) અભાવ...** અવયવ એટલે શરીર. અવયવી કાય થાય.... **તેનો અભાવ તે અવયવનો અભાવ**–તે **નિરવયવપણું.** આહાહા! એક વાત પણ જેમ છે તેમ એને બરાબર બેસે.. **एगं जाणदि सव्वं जाणदि..** બધું જણાઈ જાય. સમજાણું કાંઈ? આવે છેને, નહીં? ટીકામાં આવે છે નહીં? ભાઈ! જયસેન આચાર્ય. જયસેન આચાર્યની (ગાથા ૪૯ની) ટીકામાં. એક ભાવ બરાબર જાણે એને બધા જણાઈ જાય. એમ યથાર્થ વસ્તુ ભગવાન આત્મા એકને બરાબર જેણે જાણ્યો એણે બધાને જાણ્યો. એ લોકાલોકનું જ્ઞાન એને થઈ ગયું. શરીર રહિત થવાય, ભાષા એમ લીધી છે. એનો અર્થ કે મુક્તિ થવાનો ઉપાય. સમજાણું?

**તે અવયવનો અભાવ...** જેમાં શરીર ન હોય એવી અશરીરી દશાને પ્રાપ્ત થાય એને અહીંયા એના કારણને આવશ્યક કાર્ય કહે છે. **(અર્થાત્ નિરવયપણું) પરદ્રવ્યોને અવશ જીવ નિરવયવ થાય છે...** રાગ અને પરને વશે ન થાય તે અકાય થાય છે–તે નિર્-અવયવ થાય છે. આહાહા! ભવ ને ભવનો ભાવ ત્રિકાળી વસ્તુમાં નથી એને આશ્રયે શરીરરહિત ને મુક્તિ થાય

છે. એ રાગને તાબે થાય નહીં. આહાહા! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે એને તાબે ન થાય, એમ કહે છે. ભારે માર્ગ!

૫૦-૫૦ વર્ષ, ૬૦-૬૦ વર્ષ, ૯૦-૯૦ વર્ષ થઈ ગયા હોય કેટલાકને. કોઈ દિ' આ કાને ન પડ્યું હોય એને કે શું માર્ગ ને શું રીત છે. એમ ને એમ આખો દિ' ઉપધાન કરો, ભગવાનને વંદો આટલી વાર ને સેંકડો વાર હજારો વાર, ખમાસમણા દ્યો. ભાઈ! બાપા! એ તો અંદર ભાવ હોય–રાગ મંદ હોય તો શુભ છે અને દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. કારણ મારો પ્રભુ પોતે રાગ વિનાનો એનો તો સ્વીકાર ત્યાં છે નહીં અને આ ભગવાનનો સ્વીકાર કરવા જાય તો રાગ છે. આ તો એકાંત નિશ્ચય થઈ જાય છે એમ કહે છે. એકાંત સાચું થઈ જાય છે એમ કહે છે. કાંઈ ખોટું થવું જોઈએ વચમાં. એ તો કહે છે આહીં કે પરદ્રવ્યને વશ ન થાવું, ખોટાને વશ ન થાવું, સાચાને વશ થાવું. સાચો તો ભગવાન પોતે છે. સત્–શાશ્વત વસ્તુ પોતે છે અને એ જ સત્ છે ને એ જ સત્ય છે. સમજાણું કાંઈ?

સત્નું સત્પણું છે એ સત્ય. એવો ભગવાન આત્મા જેમાં રાગનો લેપ નથી, અરે! ત્રિકાળીમાં જેનો એક અંશ નથી. એવો ભગવાન આત્માનો આશ્રય લેવો એ સ્વવશપણું છે. આ ભગવાન તો એમ કહે છે કે મારી ઉપર લક્ષ જશે એ તને પરવશપણું છે. લે! આહાહા! કારણ કે તારો ભગવાન તારી પાસે પૂરો પડ્યો છે, એનો સ્વીકાર વિના મારો સ્વીકાર કરવા જાઈશ એ તો રાગ છે. આહાહા! સમજાણું કાંઈ?

**પરદ્રવ્યોને અવશ જીવ...** તે કાયા રહિત નિરવયવ થાય છે. **(જે જીવ પરદ્રવ્યોને વશ થતો નથી તે અકાય થાય છે).** આહાહા! **આ પ્રમાણે નિરુક્તિ—વ્યુત્પત્તિ—છે.** શબ્દની અર્થદશા પણ આવી છે એમ કહે છે. ભાવની વ્યુત્પત્તિ–યુક્તિ તો આવી છે જ, (પણ) આ શબ્દની વ્યુત્પત્તિ પણ આવી છે. સમજાણું કાંઈ? અરે! એ વાસ્તવિક જ્ઞાનને અંદરમાં સંઘરે તો ખરો કે આ ચીજ અંદર પરિપૂર્ણ છે એ જ આશ્રય લેવા જેવી છે. આહાહા! એના વિના શરીર વિનાની દશા થતી નથી. શરીરવાળી દશા થાય એ તો અનંતવાર કરી છે, એમાં શું છે? એમ કહે છે. રાગાદિ કરી પરવશ થઈ શરીર મળ્યા, દેવના ભલે મળ્યા. એ તો પરિભ્રમણના કાર્ય છે બધા. આહાહા!

શરીરરહિત થવાનું ભગવાન આત્માની અંતર યુક્તિ નામ જે ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જરૂરનું કાર્ય એને જ હોય છે. સ્વના આશ્રયવાળાને જ જરૂરનું કામ હોય છે. પરના આશ્રયવાળાને જરૂરિયાતનું કાર્ય હોતું નથી. આહાહા! એનો અર્થ કે એ વ્યવહાર જરૂરિયાતનું કાર્ય નથી એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રજ્ઞાન એ બધું જરૂરિયાતનું કાર્ય નથી, એમ કહે છે. એ પ્રમાણે તો નિરુક્તિ એટલે વ્યુત્પત્તિ છે, લ્યો. કાયારહિત થવાની યુક્તિ હોય તો સ્વનો આશ્રય લેવો તે છે. તે યુક્તિ છે. એ યુક્તિથી એને મુક્તિ મળે છે. બીજી યુક્તિથી એને મુક્તિ મળતી નથી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧૦, શુક્રવાર, તા. ૨૯-૧૦-૧૯૭૧**
**શ્લોક – ૨૩૯-૨૪૧, ગાથા - ૧૪૩, પ્રવચન નં. ૧૬૨**

નિયમસાર, ૧૪૨ ગાથાની ટીકા થઈ. આવશ્યક, પરમ-આવશ્યક અધિકાર. જરૂરનું જેને કામ છે કે જેનાથી મુક્તિ થાય એવો પરમ-આવશ્યક એનો અધિકાર છે.

**હવે આ ૧૪૨મી ગાથા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** ૨૩૯ શ્લોક.

**योगी कश्चित्स्वहितनिरतः शुद्धजीवास्तिकायाद्**
**अन्येषां यो न वश इति या संस्थितिः सा निरुक्तिः ।**
**तस्मादस्य प्रहतदुरितध्वान्तपुंजस्य नित्यं**
**स्फूर्जज्ज्योतिःस्फुटितसहजावस्थयाऽमूर्तता स्यात् ॥२३९॥**

**શ્લોકાર્થ :** જે **કોઈ યોગી...** યોગી એટલે શુદ્ધસ્વરૂપ ચૈતન્ય નિર્મળ એમાં જોડાણ કરનાર એનું નામ યોગી. પોતાનો પરમ-આનંદ એવો ત્રિકાળી સ્વભાવ એમાં જેનું જોડાણ છે, જેની વર્તમાનદશાનું ત્રિકાળ સ્વભાવમાં જોડાણ છે તેને યોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **સ્વહિતમાં લીન રહેતો થકો...** આહીં તો સ્વહિતમાં લીન રહેતો થકો, એમ. પોતાનો ભગવાન અનાકુળ આનંદના સ્વભાવવાળું તત્ત્વ એનો રસીલો યોગી, એવો **સ્વહિતમાં લીન રહેતો થકો...** પોતાનું હિત, સ્વભાવ સન્મુખ થઈને એકાગ્ર રહેવું એ એનું હિત છે. **શુદ્ધજીવાસ્તિકાય સિવાયના...** શુદ્ધ-જીવ-અસ્તિ.. શુદ્ધ–પવિત્ર, જીવ અસ્તિ એટલે છે અને કાય એટલે અસંખ્ય પ્રદેશી. એવો શુદ્ધ-જીવ-અસ્તિકાય (એટલે) પવિત્ર જીવ હોવાપણાના સ્વભાવવાળો અસંખ્ય પ્રદેશી એ સિવાય **અન્ય પદાર્થોને વશ થતો નથી.** નિમિત્તને વશ થતો નથી, રાગના વિકલ્પની વૃત્તિને વશ થતો નથી, એક સમયની પર્યાયને વશ થતો નથી, એમ કહે છે. આહાહા!

**શુદ્ધ જીવાસ્તિકાય સિવાયના અન્ય પદાર્થોને વશ થતો નથી**. પોતાનો સ્વભાવ એમાં જેની એકાગ્રતા છે, એથી એ આત્માના ત્રિકાળી જ્ઞાયક અસંખ્ય પ્રદેશી સ્વભાવ સિવાય કોઈ પર્યાય, રાગાદિને પણ વશ થતો નથી. આ ભારે! પ્રયોગમાં મૂકવું એ આ વસ્તુ છે. સમજાણું કાંઈ? અને એ જ થઈ શકે એવો એનો સ્વભાવ છે. પરમાં જોડાણ કરવું એ કાંઈ એનો સ્વભાવ નથી. એ તો કૃત્રિમ ઊભો કરે છે. આ અંતરસ્વભાવ પૂર્ણસ્વરૂપ એમાં એકાગ્ર થવું એ તો એનો સ્વરૂપ–સ્વભાવ જ છે. સમજાણું કાંઈ? એવો જે **અન્ય પદાર્થોને વશ થતો નથી**. **આમ જે સુસ્થિત રહેવું તે નિરુક્તિ છે.** આમ સુસ્થિત... ભગવાન આત્મા નિત્યાનંદ સહજાનંદસ્વરૂપ એમાં જે સુસ્થિત–યથાર્થપણે એકાગ્ર થઈને સ્થિત રહે એવું નિરુક્તિ–આનો અર્થ છે.

**(અવશપણાનો વ્યુત્પત્તિ–અર્થ)** આ **છે**, એમ. પરને વશ ન થવું અને પોતાનો ભગવાન આત્મા શુદ્ધ આનંદ એને વશ થવું—એવો અવશપણાની વ્યુત્પત્તિનો અર્થ છે. આહાહા! સમજાણું કાંઈ?

**એમ કરવાથી...** ભગવાન આત્મા ધ્રુવ–નિત્ય સ્વભાવ એમાં એકાગ્ર થવાથી **(પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી) દુરિતરૂપી તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે. (પાપ તેમજ પુણ્ય બંને ખરેખર દુરિત છે).** એ આત્માના સ્વભાવમાં છે જ નહીં. **દુરિતરૂપી તિમિરપુંજ...** પુણ્ય ને પાપ જે અજ્ઞાન અંધકારરૂપ છે. જ્યારે ભગવાન આત્મા જ્ઞાન સ્વભાવરૂપ સૂર્ય છે, ત્યારે પુણ્યના પાપના ભાવ ને કર્મ એ અજ્ઞાનનો પુંજ છે, અંધકાર છે. **તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે** એટલે કે જેના સ્વભાવમાં નથી અને સ્વભાવનો આશ્રય કરતાં પર્યાયમાંથી પણ જેને પુણ્ય-પાપનો ભાવ નાશ થયો છે. આહા! ભારે વાતું ભાઈ!

પ્રેક્ટિકલ કરવું એ આકરું થાય છે છોકરાને. પ્રેમચંદભાઈનો દીકરો. લાઠીવાળા ગયાને કાલ. આમ પ્રેક્ટિકલ કરવું–પ્રયોગમાં મૂકવું... પણ આ જ વસ્તુ છે. સમજાણું કાંઈ? આહા! જન્મ-મરણના દુઃખોમાં અનંત કાળથી આકુળતાના વેદન કરે છે, એ ભઠ્ઠીમાં સળગતો સળગે છે. આહાહા! તિમિર–પુણ્ય ને પાપના અંધકારભાવ એમાં એ બળી રહ્યો છે અનાદિથી. તરફડિયા મારે છે હોં. એને ઉગરવું હોય તો આ એક જ રસ્તો છે. શુદ્ધ ચૈતન્ય જીવાસ્તિકાય એવો સ્વભાવ એને આશ્રયે એમાં લીન થવું.

**એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે...** એવો નિત્યાનંદસ્વભાવ પૂર્ણ શક્તિથી ભરેલો (અને) તિમિરના પુંજનો જેમાં અભાવ છે—એનો આશ્રય લઈને જેણે **સદા પ્રકાશમાન જ્યોતિ વડે**—ત્રિકાળ પ્રકાશમાન **સહજ અવસ્થા પ્રગટવાથી...** સદા પ્રકાશમાન જ્યોતિ વડે સહજ અવસ્થા પ્રગટવાથી... આહા! ભારે ટીકા! ગજબ વાત છે. મોક્ષના અમૃતને હેઠે ઉતાર્યા છે. ભાઈ! તારી મુક્તિનું કારણ, પ્રભુ! તને દુઃખથી મુક્ત થવાનો ઉપાય... આહાહા! **સદા પ્રકાશમાન જ્યોતિ...** ચૈતન્યજ્યોતસ્વરૂપ સદા પ્રકાશમાન છે આત્મા. એના વડે **સહજ અવસ્થા પ્રગટવાથી...** એના વડે—ત્રિકાળ જ્ઞાયક દ્રવ્યસ્વભાવના આનંદસ્વભાવ વડે—સહજ અવસ્થા... એટલે કે આ પુણ્ય-પાપનો તિમિર તો એમાં નથી અને એનાથી તે અવસ્થા પ્રગટ થતી નથી. આહા! આટલું તો સ્પષ્ટ છે. છતાં (કહે કે) વ્યવહારથી નિશ્ચય થાય. વ્યવહાર એટલે અજ્ઞાન અંધકાર. શુભ વિકલ્પ એટલે અંધકાર. એ જેમાં નથી અને જેમાં નથી તેનો આશ્રય કરવાથી તે રાગ-દ્વેષનો નાશ થઈ શકે એવું એનું સ્વરૂપ છે. રાગ-દ્વેષને રાખવું એવું એનું સ્વરૂપ નથી. એના લક્ષમાં તો આ વાત લે. સમજાણું કાંઈ?

ભાઈ! તારા ઉગરવાના રસ્તા તો આ છે. પ્રતિકૂળ સંયોગ દેખે ત્યારે તેને લાગે કે દુઃખી છું. અનુકૂળ સંયોગ (દેખે ત્યારે તેને લાગે કે) સુખી છું, બેય કલ્પના–ભ્રમ છે. પોતાના સ્વભાવને છોડીને રાગનું ધ્યાન ને રાગની એકતા એ જ મહાદુઃખ ને અજ્ઞાન અંધકાર છે. એવા

આત્માને પોતાના **સદા પ્રકાશમાન જ્યોતિ**... રાગ-દ્વેષ અજ્ઞાન અંધકાર છે, ત્યારે ભગવાન આત્મા સદા પ્રકાશમાન જ્યોતિ ચૈતન્યસૂર્ય છે. આહાહા! એવી સદા પ્રકાશમાન પ્રભુ ચૈતન્યજ્યોતિ વડે–એવા સ્વભાવના આશ્રયે અને એ સ્વભાવ વડે. **સહજ અવસ્થા પ્રગટવાથી**... સ્વભાવિક દશા પ્રગટવાથી **અમૂર્તપણું** એટલે સિદ્ધપણું પામે છે. આહાહા! વાતને ગ્રાહ્ય થવી એ જ જ્યાં મુશ્કેલ, તો એને પ્રયોગ કરવો તો અનંતો પુરુષાર્થ (માગે) છે. અનંત કાળમાં નહીં કરેલું, જે કાંઈ કરવાનું છે તે આ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાના ત્રિકાળી ચૈતન્યપ્રકાશના નૂરના પૂર વડે—એની દૃષ્ટિ ત્યાં પડી છે તેથી તેના સ્વભાવ વડે—જેને વર્તમાન દશામાં સહજ અવસ્થા અમૂર્તપણાની પ્રગટ **થાય છે.** આહાહા! સમજાણું કાંઈ?

લ્યો, અમૂર્તપણું પ્રગટ થાય છે. અમૂર્તપણું તો ત્રિકાળ છે, પણ પર્યાયમાં રાગનો સંબંધ હતો એ મૂર્તપણું હતું, એનો અભાવ થઈને જેવો સ્વભાવ છે એવી નિર્વિકારી અમૂર્તદશા ચૈતન્યપ્રકાશના પૂંજ વડે પ્રગટ થાય છે. લ્યો, એક-એક શ્લોકમાં બહુ ભરે છે, ઘણું ભર્યું છે! જુઓને! કેટલું નાખ્યું છે આમાં. નિમિત્ત વડે નહીં, વ્યવહાર વડે નહીં. વ્યવહારનો તો જેમાં અભાવ છે ને વ્યવહારનો અભાવ સ્વભાવને આશ્રયે થાય છે. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ તો, ભાઈ! મહા પુરુષાર્થનો છે. સમજાણું કાંઈ? આ કાયરના કામ નથી. શુભભાવનો પુરુષાર્થ એને તો આહીં નપુંસક ગણ્યો છે. વ્યવહારનો પુરુષાર્થ–દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના વિકલ્પો એનો પુરુષાર્થ તો નપુંસક(પણું) છે. શાંતિભાઈ! આહાહા! જે વીર્ય આત્મસ્વભાવની પ્રગટ દશા પૂર્ણતાને પામે અથવા પૂર્ણતાનો આશ્રય લે, એને વીર્ય કહેવામાં આવે છે. આહાહા! આમાં વાદવિવાદને ક્યાં અવકાશ છે? આહાહા! હું ને તું ને... આમ ને તેમ—સહજ વસ્તુમાં એ છે નહીં. આહાહા!

એવા ધર્મી જીવને... યોગી એટલે સ્વરૂપમાં યોગ કરનાર. યોગી. કીધું, શું નામ છે તારું? મોહનભાઈ! તમારા પૌત્રને (પૂછ્યું). યોગી. કાલ આવ્યો હતો સાથે જંગલ જતાં. શું તારું નામ? કે યોગી. યોગીરાજ તો ઓલા સ્વામીનારાયણમાં થયા એ. ચંદુભાઈ કહેતા હતા. એક છોકરાને બતાવ્યો ચંદુભાઈને. ચંદુભાઈ ડોક્ટર આપણા. ..... સોએ સો ટકા મટી જાય. આ તો કહે, મટી જાય એવી ચીજ જ છે. એનું કાંઈક કહે છે, દવાને શું કહે છે? ... હા, એ. સોએ સો ટકા બાળકને મટી જશે. એવી ચીજ નથી એમાં કેન્સર કે... આ તો સોએ સો ટકા મટી જશે. કાલે કહેતા હતા છોકરાને દેખીને હોં.

એ તો ચીજની અવસ્થા છે. આ ક્ષય આત્માનો છે એ સોએ સો ટકા મટી જાય એવી ચીજ છે. એની આ દવા છે. આહાહા! રાગના ચાંદા પડ્યા છે એને, વિકલ્પના ચાંદા પડ્યા છે એ ક્ષય છે. આહાહા! ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો—જાત તો બંધની એક જ છે. આહાહા! સમજાણું કાંઈ? ઓહોહો! શું પણ કળશ કર્યા છેને! અમૃતથી ભર્યા છે કળશ. ભાઈ!

તારો સદા પ્રકાશમાન જ્યોતિ પ્રભુ છેને ધ્રુવ. એ વડે કરીને સહજ અવસ્થા પ્રગટ થાય છે. બીજા કોઈ વડે, આત્માની અમૂર્ત પૂર્ણ આનંદદશા પ્રગટવાની બીજી કોઈ યુક્તિ ને ઉપાય નથી. આહાહા! ૧૪૨ ગાથાનો કળશ ૨૩૯ થયો.

હવે, ગાથા ૧૪૩.

**वट्टदि जो सो समणो अण्णवसो होदि असुहभावेण ।**
**तम्हा तस्स दु कम्मं आवस्सयलक्खणं ण हवे ॥१४३॥**
**વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.**

આહા! કેટલું સ્પષ્ટ કર્યું છે. **ટીકા : અહીં, ભેદોપચાર રત્નત્રયપરિણતિવાળા...** એટલે કે એકલા વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એમાં રહ્યો છે એવા **જીવને અવશપણું નથી.** એને સ્વવશપણું નથી. અવશ (નથી) એટલે પરને વશપણું છે. પરને વશપણું છે, પરને તાબે થઈ ગયો. ભેદોપચાર એટલે વ્યવહાર આમ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ, મુનિપણું–દ્રવ્યલિંગ લીધું છે. સમજાણું કાંઈ? છે અજ્ઞાની હોં આ. મિથ્યાદૃષ્ટિ એવા જીવને અવશપણું નથી એટલે આત્માને તાબે નથી, એ તો પરને તાબે છે. આહાહા! લોકોને આકરું લાગે. એમ કેટલાક કહે છે કે એ દ્રવ્યલિંગી ને ભાવલિંગીની અત્યારે ખબર ન પડે.

શ્રોતા : ખબર ન પડે તો પછી એને ભાવલિંગી માનવા શું કરવા?

પૂજ્ય ગુરુદેવશ્રી : પોતાને ભાવલિંગી છું એની ખબર નથી. પછી માનવું શું કરવા? અરે! શું થાય? અરે પ્રભુ! કાળ એવા આવ્યા. બહારના ભેખથી લોકો અંજાઈ જાય છે. અંદરનો ભેખ પલટ્યો છે કે નહીં એની ખબર નથી. ખબર નથી એનો અર્થ જ કે એ અજ્ઞાની છે. ભાવલિંગ ને દ્રવ્યલિંગ એ છે જ નહીં. આહાહા! કહો!

**જે શ્રમણાભાસ...** નગ્નપણું અંગીકાર કર્યું છે. **દ્રવ્યલિંગી** છે... જેને ભગવાન આત્મા આનંદસ્વરૂપ એના ભેટા થયા નથી અંદર. **અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે...** એને અહીંયા અશુભભાવવાળો ગણવામાં આવે છે. **અપ્રશસ્ત રાગાદિરૂપ અશુભભાવ સહિત વર્તે છે...** કારણ કે શુદ્ધતાનું ભાન નથી અને પછી એ પરવશ છે એટલે જ્યાં-ત્યાં એ અશુભભાવ કરે છે. આ મારું મંદિર, આ મારી જાત્રા ને આ અમારા તીર્થધામ, એને પોતાપણું માને છે અજ્ઞાની, એમ કહે છે. સમજાણું કાંઈ? જિનમંદિર... આવે છેને છેલ્લે? જિનેન્દ્રમંદિર અમારું, આ અમારા તીર્થ છે, આ અમારા રહેવાના સ્થાન છે, આ અમારું ક્ષેત્ર છે, આ અમારા મકાન છે, અમારા ધન છે, ધન એટલે પુસ્તક આદિ વિગેરે જે હોય એ, ધાન્યાદિ આ બધું અમારું—એમ અજ્ઞાનીએ, આત્માનો સ્વભાવ પરમાનંદ છે એને અમારા તરીકે જાણ્યો, માન્યો નથી. એથી આવા લિંગ ધારણ કરીને અશુભરાગભાવમાં વર્તે છે.

**તે નિજ સ્વરૂપથી અન્ય (ભિન્ન) એવાં પરદ્રવ્યોને વશ છે...** આવશ્યક અધિકાર ઘણો જ કઠણ છે. નિજસ્વરૂપ ભગવાન આત્મા એનાથી અનેરા ભાવને તે વશ થઈ ગયો છે (અર્થાત્) એ પરદ્રવ્યોને વશ છે. રાગાદિને વશ થઈ પરદ્રવ્યને વશ છે. આહાહા! **તેથી તે જઘન્ય રત્નત્રયપરિણતિવાળા જીવને...** જઘન્ય એટલે હલકા ભાવવાળો, એમ. સમ્યગ્દર્શન ત્યાં નથી, પણ બહારની વ્યવહાર શ્રદ્ધા કાંઈ છે દેવ-ગુરુને માનીને... એવી **જઘન્ય રત્નત્રય પરિણતિવાળા જીવને...** એની પરિણતિ જ રાગરૂપે પરિણમેલી છે એમ કહે છે. સમજાણું કાંઈ? **સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ પરમ-આવશ્યક કર્મ નથી.** એવા જઘન્ય–હલકા રત્નત્રયવાળા મિથ્યાદૃષ્ટિ જીવને, આહાહા! **સ્વાત્માશ્રિત**—ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એને આશ્રિત **નિશ્ચય**–સાચું **ધર્મધ્યાનસ્વરૂપ...** લ્યો, આ નિશ્ચય-ધર્મધ્યાનસ્વરૂપ. એવું એ પરમકાર્ય–એવું જે જીવનું **પરમ-આવશ્યક**–જરૂરી કામ એ એને નથી. આ કામ છે બહારના. સમજાણું કાંઈ? મંદિર સાચવવા, ક્ષેત્રો સાચવવાના ઝઘડામાં પડવું એ બધા કામ છે એના, એમ કહે છે. આહાહા! ભારે આકરું કામ. કહો, સમજાણું કાંઈ?

એવું આવશ્યક કાર્ય... સ્વ-આત્માને આશ્રયે જે વીતરાગી પર્યાયરૂપી કાર્ય પ્રગટ થવું જોઈએ, એ રાગને વશ પડેલાને આ કાર્ય નથી. સમજાણું કાંઈ? **(તે શ્રમણાભાસ) ભોજન અર્થે દ્રવ્યલિંગ ગ્રહીને...** આનંદને માટે તો કાંઈ દ્રવ્યલિંગ ગ્રહણ નથી કર્યું એણે. આહાહા! સારા આહાર મળે, પાણી મળે, તૈયાર મળે આમ, વળી આદર સહિત મળે. ભિખારીને તો અનાદર સહિત મળે. એવા **ભોજન અર્થે...** આત્મા અર્થે તો છે નહીં એટલે ભોજન અર્થે થયું બહારનું, એમ કહે છે. રાગના ભોગવવા માટે એણે આ દ્રવ્યલિંગ ધારણ કર્યું છે. **દ્રવ્યલિંગ ગ્રહીને સ્વાત્મકાર્યથી વિમુખ રહેતો...** પોતાનો આનંદસ્વભાવ એની સન્મુખનું જે કાર્ય એનાથી વિમુખ, સ્વભાવ સન્મુખથી વિમુખ છે. સમજાણું કાંઈ? નિયમસાર તો ગજબ કામ કર્યું છે હોં! ગાથા દીઠ સ્વ-આત્માને–કારણપ્રભુને ગાયો છે. જેમાં નજર નાખે નિધાન નજરે પડે એવા નિધાન(રૂપ) ભગવાન એને આશ્રિત જે કાર્ય થવું જોઈએ, એ કાર્ય તો છે નહીં. આહાહા!

એવા **દ્રવ્યલિંગ ગ્રહીને...** બાહ્ય ભેખ ગ્રહીને... **સ્વાત્મકાર્ય...** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું કાર્ય જે આનંદનું થવું છે, એવા કાર્યથી તો **વિમુખ રહેતો થકો...** જગતના કામ... એવા સાધુ ઝંઝાળમાં વ્યવહારમાં પડે તો કહે, આહા.. જુઓ! એમની હાજરીમાં આ થયું, એક વચન આપ્યું એમાં કેટલા પૈસા થઈ ગયા, ....ખરડો થયો. ભાઈ! એ તારા કામ છે? સ્વાત્માની સન્મુખતાની વિરુદ્ધનું કાર્ય એ તારું કાર્ય છે? પ્રવચનસારમાં છે. આટલું તમારે કરવું પડશે એવો બોજો મુનિને ન હોય. બોજા છે એને. આહાહા! ક્રમ-પ્રક્રમ એટલે એવું કાર્યનો બોજો પોતા ઉપર લેવો કે આટલામાં તમારે હાજર રહેવું પડશે અને આટલું તો તમારે કહેવું પડશે અમારી મદદ માટે. એવો બોજો ધર્મીને હોય નહીં, એમ કહે છે. આહાહા! આ તો વસ્તુના સ્વરૂપનું

વર્ણન છે. એમાંથી કોઈ એમ માને લ્યો, આ તો મુનિની નિંદા થાય છે. પણ મુનિની નિંદા હોય જ નહીં. મુનિની નિંદા કેવી? મુનિ તો પરમેશ્વર છે. એનું તો લક્ષણ બતાવે છે. આહાહા! મુનિ તો પરમેશ્વર છે. આહાહા!

આ તો આત્મામાં જેને સ્વકાર્ય પ્રગટ્યું નથી, પ્રગટવાનો કામી નથી, સ્વકાર્યમાં રહ્યો નથી, એ પરકાર્યમાં જોડાઈ જાય છે એમ બતાવે છે. આહાહા! અશુભભાવવાળો આ જીવ લીધો છે. ભલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા હોય. **પરમ તપશ્ચરણાદિ પ્રત્યે પણ ઉદાસીન (બેદરકાર) રહીને...** મુનિપણું જે છે ચારિત્રદશા–વીતરાગદશા એના પ્રત્યે બેદરકાર રહીને... દરકાર નથી એને આત્માના વીતરાગભાવની. આહાહા! આ તો દ્રવ્યલિંગ, દ્રવ્યલિંગ એટલે નગ્નપણું ગ્રહણ કર્યું એની વાત છે. જે વસ્ત્રવાળા સહિત છે એની તો વાત છે નહીં. એ તો દ્રવ્યલિંગેય નથી. આહાહા! આવા અંતરમાં પરમ મુનિપણું, મૌનપણે સ્થિર થવું—એવી જે મુનિદશા એના પ્રત્યે બેદરકાર છે.

**જિનેન્દ્રમંદિર...** આ અમે મંદિર કરાવ્યા છે, પંચકલ્યાણક અમે હતાને આ થયા છે, અમે આ કરાવ્યું છે. એવો સ્વકાર્યને ભૂલીને પરના કાર્યનું અભિમાન કરે છે એમ કહે છે. વસ્તુસ્વરૂપ તો હોય એવું આવેને. બીજું શું થાય? વ્યકિતમાં વિરોધ લાગે એને (એમ થાય કે) આ તો કહે અમારી જ માંડી છે આચાર્યે. ભાઈ! જેનું સ્વરૂપ વિરુદ્ધ છે એની વાત કરે છે. તું એમાં ખતવી જા તો ભલે ખતવ. (શ્રોતાઃ કરુણાબુદ્ધિ છેને.) એને કહે, બાપા! ભાઈ! તને ન હોય. તું દુઃખને પંથે ગયો છે. ભાઈ! તને સુખના પંથની ખબર નથી. આહાહા! અરે! આનંદસ્વરૂપ ભગવાન, આનંદનો સરોવર.. આહાહા! 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા..' ભાઈએ કહ્યુંને રમેશ. 'સરોવર કાંઠે રે મૃગલા તરસ્યા..' ચૈતન્ય આનંદથી ભરેલો ભગવાન ત્યાં ચાંચ મૂકીને પીવાને બદલે રાગમાં મૂકી તારી ચાંચ. આહાહા! ભાઈ! તું ભૂલો પડ્યો છો. ભગવાનને ભૂલીને ભ્રમણાને રસ્તે ગયો ભાઈ! તારી ભૂલમાં જાય છે આ દશા, એમ કહે છે. કરુણા છે. આહાહા!

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ, માને માર્ગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.' બાપુ! આમ ન હોય ભાઈ! તારા દયાના પંથ કોઈ બીજા છે પ્રભુ! તું પરની દયામાં ચાલી નીકળ્યો અને પરની સેવા ને પરના કામ મારી હાજરીમાં થાય, હું કાંઈક અધિકપણે બીજા કરતા ગણાઉં. ભાઈ! એ અધિકપણું નહીં. આહાહા! જિનેન્દ્રમંદિર અમારા, તીર્થના સ્થાનોને અમે રક્ષા કરીએ. ..... ૨૫-૩૦ લાખ ભેગા કરીને કાંઈક કરવું. કોઈક હશે. હસ્તગિરિ. એમ છે એણે કહ્યું. અમારે હસ્તગિરિમાં કાંઈક કરવું. અમદાવાદથી સાંભળ્યું હતું. શેઠીયાને બોલાવીને ૨૫-૩૦ લાખ નાખીને એક ધામ બનાવવું. આહાહા! આ તો નગ્ન મુનિ દિગંબરની વાત છે. સમજાણું કાંઈ? અરે પ્રભુ!

**અથવા તેનું ક્ષેત્ર...** જિનના ક્ષેત્ર હોયને. દેરાસર સાથે (રહેલી) જમીનો, ઉપજાવવાની જમીન, એના ખેતરો, લ્યો, એની સંભાળ કરવા રહે, સંભાળ કરવાનું કહે. અરે! આ ક્યાં ગયો પાછો અહીં? કહે છે. આહાહા! **મકાન...** લ્યો, એ ક્ષેત્રમાં મકાન બાંધ્યા હોય માણસને રહેવાને, જૈનમંદિરને પાળવાના.. શું કહેવાય? ધર્મશાળા (જેમાં) માણસો રહે. આમ કરો, આહીં ધર્મશાળા આમ બાંધો, આમ... **મકાન, ધન...** એની લક્ષ્મી. જિનેન્દ્રની હોયને અંદર આપેલી લક્ષ્મી, પૈસા થાય બે-પાંચ લાખની ઉપજ, એની સંભાળ કરે. અરેરે! આ ક્યાં ગયો? કહે છે. ઘરમાં બાયડી-છોકરાની સંભાળ કરતો ન્યાંથી ગયો તો પાછો આ સંભાળ કરવા આવ્યો. એ તો એનું એ થયું. ક્ષેત્ર વધ્યું. ઓલા તો થોડાં હતા બિચારા. આહાહા!

**ધાન્યાદિ બધું અમારું છે...** ક્ષેત્રમાં ધાન પાકે, અનાજ પાકે લાખો, મોંઘા ભાવ થાશે ત્યારે એને વેચવું, આમ થાય, તેમ થાય, ઢીકણું થાય. આહાહા! અરે! **એમ બુદ્ધિ કરે છે** એ સ્વ-આત્મકાર્યથી વિમુખ છે. આહા! અધર્મના કાર્યની સન્મુખ છે એમ કહે છે. ભારે ભાઈ! વાત આવે ત્યારે એનું .... આવેને બધું. મુનિ લખી દે, રાજા લખી દે, લ્યો. શું કહેવાય? પટ્ટા. લેખ લખી દે, જાઓ, આ ક્ષેત્ર આટલા તમારા, આ ક્ષેત્ર તમારા. તમે આહીં ચાહે તો સ્વતંત્રપણે બધું કરી શકો. ઓલો ખુશી થઈ જાય. આહાહા! ધૂળમાંય પ્રભાવના નથી. આહાહા! શું કહેવાય? તાંબાના પત્ર પર લખી દે છેને લેખ. એ કાંઈ કામ મુનિના છે? આહાહા! એ તો દ્રવ્યલિંગી પણ નહોતા. આ તો દ્રવ્યલિંગી નગ્ન મુનિ હોય, એ પણ આવામાં પડે તો એ વિમુખકાર્યમાં છે. પોતાનું જે કાર્ય છે એ પડ્યું રહ્યું અને પરના કાર્યમાં ગયો, પરાધીન છે. **બધું અમારું છે એમ બુદ્ધિ કરે છે**. અમે બધા નાયક છીએ આટલી ઉપજના, આટલા મકાનના, આટલા... આહાહા!

**હવે આ ૧૪૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :**

**अभिनवमिदमुच्चैर्मोहनीयं मुनीनां**
**त्रिभुवनभुवनान्तर्ध्वांतपुंजायमानम् ।**
**तृणगृहमपि मुक्त्वा तीव्रवैराग्यभावाद्**
**वसतिमनुपमां तामस्मदीयां स्मरन्ति ॥२४०॥**

**શ્લોકાર્થ : ત્રિલોકરૂપી મકાનમાં રહેલા (મહા) તિમિરપુંજ જેવું મુનિઓનું આ (કોઈ) નવું તીવ્ર મોહનીય છે**, કહે છે. ત્રિલોકરૂપી મકાનમાં રહેલા મહા તિમિરપુંજ એવું મુનિઓનું આ નવું તીવ્ર મોહનીય છે. આહાહા! આ અમારા મકાન અને આ અમારી પૂંજી ને અમારા પ્રચારકો–પ્રસારકોને એને મદદ કરવા માટે આટલું એકઠું કરવું પડે, ખરડામાં પડે, આ પડે. અરે, ભાઈ! તારા કામ છે? બાપા! આહાહા! અરેરે! ત્રણ લોકરૂપી મકાનમાં રહેલો તિમિરપુંજ–અજ્ઞાન અંધકાર આ તે મુનિઓનું તીવ્ર મોહનીય છે **કે (પહેલાં) તેઓ તીવ્ર વૈરાગ્યભાવથી**

**ઘાસના ઘરને પણ છોડીને (પછી)...** સાધારણ ઘર હોય એને છોડી આ **'અમારું તે અનુપમ ઘર!'...** આ અમારા બંગલા, અમારા તીર્થસ્થાન. આહાહા! ન્યાં પાછો ગયો કહે છે. સમજાણું કાંઈ?

અમારા માટે કરાયેલા અમારા ભક્તોના મકાન છે. એમાં બીજાનો પ્રવેશ થઈ શકે નહીં. અરેરે! ત્રણ લોકના મકાનમાં તિમિરપુંજ એવું તીવ્ર મોહનીય ક્યાંથી આ આવ્યું? કહે છે. ફરીને આવો મોહ ક્યાંથી જાગ્યો? ઘાસના ઘરને તો છોડ્યું, ત્યાં આવા સારા અનુપમ મંદિરો, મકાનો, ધર્મશાળાઓ એની સંભાળમાં ગયો, નવો કોઈ મોહ જાગ્યો મિથ્યાત્વનો, કહે છે. આહાહા! પહેલો તો તીવ્ર વૈરાગ્યભાવથી ઘાસના ઘરને... એમ કે એટલો તીવ્ર બાહ્યવૈરાગ્ય તો હતો. **'અમારું તે અનુપમ ઘર!' એમ સ્મરણ કરે છે.** વળી યાદ કરે. આહાહા! આવા ઘરમાં રહેતાં, હવા-પાણી સારા, એથી આ સારા ઘર મળ્યા પાછા. વળી યાદ કરે (કે) ત્યાં અમારા રહેવાના સ્થાન આવા છે, અમારા મકાન આવા છે. ઓહોહો! અરેરે! આ ક્યાંથી આવો મોહ જાગ્યો છે? સ્વરૂપમાં નથી ને થયું શું આ? એમ સ્મરણ કરે છે તે તીવ્ર મોહનીય રાગવાળા છે. પરમાં સાવધાનવાળા તીવ્ર મોહવાળા છે. પોતાનું સાવધાનપણું છોડી દીધું છે. આહા!

ઓલો દાખલો એક આવ્યો હતો. એક માણસ નીકળ્યો, તો કૂતરો બહુ ભસ્યો. બહુ ભસ્યો તો માર્યો કૂતરાને. કોઈક બીજો માણસ નીકળ્યો તો કહે, અરે! આને માર્યો (માટે) આને દંડ આપો. આવા કૂતરાને બિચારાને... કૂતરાને પૂછ્યું કે આને-તને મારનારને દંડ શું દેવો? કહો. કે એને મઠાધીશ બનાવો. કારણ કે હું મઠાધીશ હતો ને ગર્વ કર્યો ત્યાં કૂતરો થયો. આ મઠાધીશ આવ્યુંને મકાન ને... એને મઠાધીશ બનાવો, કહે. ઓલા કહે કે આ તો કૂતરાને માર્યો ને કૂતરો આને તો મઠાધીશ (બનાવવાનું) કહે છે. માળો દયાળુ લાગે છે. જ્યાં ... જુએ તો મઠાધીશ બનવવાનું કારણ? કે મકાન-બકાન એ બધું થાય પછી એને ગર્વ ચડી જાય છે કે આ બધું અમે ચલાવીએ છીએ, અમારે લઈને આ બધું છે. મઠાધીશ હતો તે મરીને હું કૂતરો થયો. માટે એને પણ મઠાધીશ બનાવો. આહાહા!

જ્યાં હોય ત્યાં અમારા મકાન, અમારા માણસો, અમારા આ, અમારી પુસ્તકની પેઢી, પુસ્તકના કબાટ, એ બધા અમારા, અમે ભેગા કર્યા છે. મઠના અધિપતિઓ... આહાહા! એમ મઠના અમે સ્વામી છીએ. કૂતરા થાશે મરીને, કહે. એને આપો એ દંડ, કહે છે. એવું આવ્યું હતું. લેખ કાલ આવ્યો હતો. ઓલા જૈનમાં... જૈનમાં એમાં લખાણમાં આવ્યું હતું. આહાહા! મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આવે છે. મકાન કરે ને રહે. ગરીબનો દીકરો હતો અને પછી થઈ ગયો મોટો ધણી. દબાવે શેઠીયાઓને. મોક્ષમાર્ગપ્રકાશકમાં છઠ્ઠા અધ્યાયમાં આવે છે. આહાહા! અરે પ્રભુ! તું રાગનોય સ્વામી નહીં. આહાહા! એને ઠેકાણે આવી ચીજનો સ્વામી માનીને શું કરવું છે તારે? શું થયું આ? તીવ્ર મોહ વળી નવો ક્યાંથી જાગ્યો? એમ કહે છે. પૂર્વે તો હતો,

પણ આવા લિંગ ધારણ કરી આ મઠના અધિપતિઓના નામે આ શું થયું તને? સમજાણું કાંઈ? આ મકાન હોય તો હોયને. પછી એના સાધુને એમ કે આમને અગ્રેસર ઠરાવો, જેથી એ ધ્યાન રાખે. શ્લોક ૨૪૧.

**कोपि क्वापि मुनिर्बभूव सुकृती काले कलावप्यलं**
**मिथ्यात्वादिकलंकपंकरहितः सद्धर्मरक्षामणिः ।**
**सोऽयं संप्रति भूतले दिवि पुनर्देवैश्च संपूज्यते**
**मुक्तानेकपरिग्रहव्यतिकरः पापाटवीपावकः ॥२४१॥**

**सुकृती काले...** એ ભાગ્યશાળીનો અર્થ કર્યો છેને. **सुकृती**–ભાગ્યશાળી. આ ઓલાની સામે છે.

**શ્લોકાર્થ :** અરે! **કળિકાળમાં પણ ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ...** લ્યો ધર્મીને આહીં ભાગ્યશાળી કહ્યો. લ્યો ઠીક! **सुकृती... सुकृती** સમકિતીને કહે છે. આવે છેને સમયસારમાં. **सुकृती...** છે એમાં કર્યું છે. આપણને ક્યાં આવડતું હતું? એણે લખ્યો છે–કર્યો છે. ભાઈએ કર્યો છે સમયસારમાં. **કળિકાળમાં પણ ક્યાંક કોઈક...** ક્યાંક અને કોઈક. કોઈ કાળમાં, કોઈ ક્ષેત્રમાં ને કોઈક જીવ ભાગ્યશાળી થાય છે, એમ કહે છે. આહાહા! **મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત...** મિથ્યાત્વ, અવ્રત આદિ પરિણામના મળપંકજથી રહિત થાય છે. આહાહા! કળિકાળમાં પણ થઈ શકે છે, એમ કહે છે. એમ નહીં કે આવો ભાવ, પંચમ આરો છે માટે આ ન થઈ શકે.

**અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે.** ઓલા મકાન આદિનો રક્ષાનું હતુંને. **સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ...** આહાહા! **સદ્ધર્મની રક્ષા કરનારો મણિ. (રક્ષામણિ = આપત્તિઓથી અથવા પિશાચ વગેરેથી પોતાની જાતને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ).** મણિ પહેરે છેને ભૂતાદિથી બચવા માટે, આપદા કોઈ હોય એને માટે. એમ આ સદ્ધર્મરક્ષામણિ... પોતાનો સ્વભાવ આનંદ ને શાંતિ એવો ધર્મની રક્ષામણિ છે એ મુનિ. આહાહા! **જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે...** અનેક પરિગ્રહનો વિસ્તાર—વિકલ્પથી માંડીને બધું. આહાહા! એ પરિગ્રહ, વિકલ્પ પણ એક પરિગ્રહ છે. બહારની ચીજ તો બહારમાં રહી ગઈ. સમજાણું કાંઈ? એવો ભગવાન નિર્વિકલ્પ ચૈતન્યપ્રભુ નિજઘરમાં આવીને જેણે આવા પરિગ્રહનો વિસ્તાર છોડી દીધો છે. આહાહા! **સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે**. એવો સમર્થ મુનિ થાય છે એમ કહ્યું છે. કળિકાળમાં પણ આવા મુનિ કોઈક ક્યાંક પણ હોય છે, થઈ શકે છે. આહાહા!

**અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે...** આહાહા! કેવો છે ધર્માત્મા મુનિ? પુણ્ય ને પાપના ભાવ ને એનું કર્મબંધન, એને બાળનારો અગ્નિ છે. પોતાના સ્વ-આત્માશ્રિત અનુભવ ને દૃષ્ટિ ને સ્થિરતા હોવાથી એ પુણ્ય ને પાપરૂપી અટવી... ભવાબ્ધિ કહે છેને? ભવ-

અબ્ધિ—ભવરૂપી દરિયો. પછી એને લાગુ પડે ભવાબ્ધિ અટવી? એમ લાગુ પડે? ભવાબ્ધિ અટવી–ભવરૂપી અબ્ધિ–દરિયો. ભવાબ્ધિ એમાં દરિયાની ઉપમા તો આવી ગઈ. પછી અટવીની ઉપમા કેમ કરી? ભવાટવી. એકરૂપ થાય છેને ઓલો 'અબ્ધિ' કાઢી નાખે તો. ભવાટવી, ભવાબ્ધિ. **પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ**. મોટું વન લેવું છેને? વિસ્તાર–વિકલ્પથી માંડીને મોટો સંસાર એને બાળનારો એ મુનિ અગ્નિ છે. આહાહા!

શુદ્ધ ચૈતન્યના રતનના મણિને આશ્રયે પડેલો જે આવા રાગના ભાગને બાળવાને અગ્નિ સમાન છે. ઓહો! પંચમ આરા કળિકાળમાં પણ આવા કોઈ મુનિ હોઈ શકે છે. આહાહા! પોતે મુનિ છેને એટલે પોતાની વાત પણ કરે છે. એ વખતે ૯૦૦ વર્ષ પહેલાં તો મુનિ હતા–સાચા મુનિ હતા, ધર્માત્મા હતા. **તે આ મુનિ આ કાળે**... એવા મુનિ જે અંતર સ્વકાર્યમાં મશગુલ છે, અતીન્દ્રિય આનંદના મોજમાં રમતું કરે છે, એને પરકાર્ય હોતા નથી. આહાહા! **તે આ મુનિ આ કાળે**–અહીંયા **ભૂતળમાં**... ભૂતળમાં... આ ભવમાં અત્યારે પણ **તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે.** અહીં પણ દેવોથી પણ પૂજાય ને ત્યાં પણ (પૂજાય છે). મનુષ્ય આદિથી અહીં પણ પૂજાય છે ને દેવલોકમાં દેવથી પૂજાય છે. કારણ કે અત્યારનો મુનિ દેવલોકમાં જાય, બીજે જાય નહીં. મોક્ષ નથી એટલે આ વાત લીધી છે. સમજાણું કાંઈ? સાચા મુનિ હોય સંત કુંદકુંદાચાર્ય જેવા, અમૃતચંદ્રાચાર્ય જેવા પણ હોય તો અત્યારે તો સ્વર્ગમાં છે. આહાહા! સમજાણું કાંઈ?

**આ મુનિ આ કાળે ભૂતળમાં તેમ જ દેવલોકમાં**... ભૂતળમાં–જમીન પર અને ઉપર **દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે**. આહાહા! ઓલાને તીવ્ર મોહ ઉત્પન્ન થાય છે. વૈરાગ્યથી ઘર છોડ્યું હોય, પાછો નવો મોહ ઉત્પન્ન થાય છે. આવા મુનિ પોતાના આનંદના કાર્યમાં રમતાં સ્વહિતના કાર્યને કરનારા... આહાહા! એક તો એમ કહેતો હતો, સ્વના કામ કરવા એ તો કૂતરાય પેટ ભરે છે. બીજાના કામ કરવા (જોઈએ). એ ખતરગચ્છનો હતો. નામ ભૂલી ગયા. સતપાલ. આહીં આવ્યો હતો ત્યાં હીરાભાઈના મકાનમાં. પોતાનું કામ તો કૂતરાય પેટ ભરે છે. માળા શું કહે છે આ? કાંઈ ખબર ન મળે. પરના કામ કરવા એ આ જગતમાં વિશેષતા છે, કહે છે. એમ બોલ્યો હોં માળો. ઉપાધ્યાય હતો. અરે ભગવાન! પોતાનું કામ તો કૂતરાય પેટ ભરે છે કહે છે. અરે ભગવાન! શું કહે છે તું આ? કોના કામ કોણ કરે? આહાહા! પણ માણસની એવી લાઈન આખી ફરી ગઈ છે. આવો માર્ગ એને હાથ આવવો, સાંભળવો મુશ્કેલ પડે ત્યાં... આહાહા!

**આ મુનિ આ કાળે ભૂતળમાં તેમ જ**... ભૂ-તળ—પૃથ્વીનું તળિયું અને ઓલું દેવલોક. મુનિ તો ત્યાં જાયને સ્વર્ગમાં. અત્યારે કેવળજ્ઞાનની પુરુષાર્થદશા નથી એથી આ વાત લીધી છે. સાચા સંત આત્માના આનંદના કાર્યને કરનારા, નિશ્ચયરત્નત્રયનું કાર્ય સાધનારા, એ આવશ્યક

કાર્ય છે એનું, એમ કહે છે. આહાહા! દેવોથી પણ, એમ. મનુષ્યો તો પૂજે છે, કહે છે. 'દેવાધિ તં નમં સંતે' આવે છેને? દેવાદિ ધમ્મો મંગલં.. આવે છે. આ શ્લોક છે આમાંય છે આપણે દિગંબરમાં. 'નમો મંગલં ... અહિંસા સંજમો તપો દેવાદિ તં નમં સંતે જસ ધમ્મં...' આ દશવૈકાલિકની પહેલી ગાથા શ્વેતામ્બરની. દિગંબરમાં આ ગાથા છે. ધમ્મો મંગલં... ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળિક છે. અહિંસા, સંયમ ને તપ. અહિંસા—રાગ વિનાની દશા, સંયમ—ઇન્દ્રિયનું દમન અથવા અતીન્દ્રિયની પ્રગટતા અને તપ—ઉગ્રતા આનંદની શોભા. એ અહિંસા સંજમો તપો દેવાદિ તં નમં સંતે. દેવો પણ તેને નમે છે, એમ. દશવૈકાલિકની પહેલી ગાથા. મનુષ્યો તો નમે, પણ દેવો (નમે).

એમ આહીં કહે છે, **દેવલોકમાં દેવોથી પણ,** એમ. મનુષ્યમાં તો પૂજાય. બહારથી વાત કરી છે. **પણ સારી રીતે પૂજાય છે**. આહાહા! પોતે સારી પોતાને પૂજે છે. બહારથી પુણ્ય હોય તો સારી રીતે પૂજાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એમ કહેવાનો આશય કે આ બધા બહારના દેવ જિનેન્દ્ર ને મકાનને રાખીએ તો અમે મોટા ગણાઈને પૂજાઈએ છીએ, અમને અધિકપણે ગણીને આ બધા કામ કરનારા છે એમ અમે કરીને પૂજાઈએ છીએ—એ તારી પૂજા ખોટી છે એમ કહે છે. કોઈનું કાર્ય કરતા નથી છતાં, ધર્માત્માને મનુષ્યો ને દેવો પણ બહુમાન આપે છે એમ કહે છે. ઓલા માને છેને. અમે કરી દઈએ, તમારું કરી દઈએ, આમ કરીએ, જુઓ! આ બધી ધર્મશાળાઓ બનાવી દીધી, હારબંધ બધાએ આમ રહેવું, ફલાણું કરવું, ઢીકણું કરવું, તમારે ચિંતા નહીં એને માટે આવક બાંધી દીધી, આ મકાન-બકાન એના ભાડા આવશે, આવક તમારે, જાઓ, દીવા કરો. થઈ ગયું. તારું કાંઈ થયું નહી. કહે છે કે એવાને મોટા ગણીને માન આપે. તો આહીં તો કહે છે કે ગુણીને ગુણ દેખીને પણ માન આપશે. તારે શું કામ છે બહારનું? આહાહા! સમજાણું કાંઈ?

૩૫૨ પાને કાંઈ ગયું છે. ૩૫૨ આમાં છે? સદ્ધર્મરક્ષામણિ છે. ત્યાં સદ્ધર્મરક્ષામણિ આવ્યું છે. ત્યાં આવ્યું છે. રક્ષામણિ છે. એ ૨૯૨ કળશમાં છે. **સદ્ધર્મના રક્ષામણિ છે**. **રક્ષામણિ = આપત્તિઓથી અને પિશાચ વગેરેથી પોતાને બચાવવા માટે પહેરવામાં આવતો મણિ**. **(કેવળી ભગવાન સદ્ધર્મના રક્ષણ માટે—અસત્ ધર્મથી બચવા માટે—રક્ષામણિ છે)**. છેને? એ ૨૪૧ કળશ થયો. ૧(આવશે).

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧૧, શનિવાર, તા. ૩૦-૧૦-૧૯૭૧**
**શ્લોક - ૨૪૨ - ૨૪૪, ગાથા - ૧૪૪, પ્રવચન નં. ૧૬૩**

નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર). આત્માને જરૂરનું કાર્ય, પરમ આવશ્યક એટલે જરૂરનું કાર્ય, મોક્ષનું કારણ થાય તેને આવશ્યક–જરૂરનું કાર્ય કહેવામાં આવે છે. આહીં ૨૪૨ કળશ છે. ૨૪૧ આવી ગયો છે.

**तपस्या लोकेस्मिन्निखिलसुधियां प्राणदयिता**
**नमस्या सा योग्या शतमखशतस्यापि सततम् ।**
**परिप्राप्यैतां यः स्मरतिमिरसंसारजनितं**
**सुखं रेमे कश्चिद्बत कलिहतोऽसौ जडमतिः ॥२४२॥**

**શ્લોકાર્થ : આ લોકમાં તપશ્ચર્યા...** એટલે ચારિત્રસ્વરૂપ ભગવાન આત્મા આનંદમૂર્તિ એમાં રમણતા, આનંદમાં રમવું એવું જે ચારિત્ર, એને ભગવાન ચારિત્ર કહે છે. એવું ચારિત્ર એટલે મુનિપણું. **સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે** એ તપશ્ચર્યા. આત્માના શુદ્ધ આનંદસ્વભાવમાં એકાગ્રતા કરીને જે અતીન્દ્રિય વીતરાગ આનંદનું પ્રગટપણું થાય તેને ચારિત્ર કહે છે, એને મુનિપણું, એને તપસ્યા કહે છે. સમજાણું કાંઈ? એ **સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે**... સમ્યગ્દૃષ્ટિને તો એ ચારિત્ર–તપસ્યા પ્રાણપ્યારી છે. આ અપવાસ કરવા એક-બે-ત્રણ-ચાર એ નહીં, એ તપસ્યા નહીં. તપસ્યા તો આત્મા, અંતર અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા એમાં અંતર ડુબકી મારીને લીનતા પ્રગટ કરવી, અતીન્દ્રિય આનંદની રમતમાં રમવું, એને અહીંયા ચારિત્ર અથવા તપસ્યા કહેવામાં આવે છે. ભારે વાત. દુનિયાથી ઊંધી છે ભાઈ!

એ તપસ્યા તો સમસ્ત સમ્યગ્જ્ઞાનીઓને તો પ્રાણપ્યારી છે, મુક્તિનું એ કારણ છે એમ કહે છે. ચૈતન્ય ભગવાન આત્મા અંતરમાં પૂર્ણ જ્ઞાન ને આનંદ ને સ્વચ્છતા અને પ્રભુતાના સ્વભાવથી ભરેલો પ્રભુ એને આશ્રયે જઈને, એમાં એકાગ્ર થઈને જે દશા–વીતરાગી નિર્મળ નિર્વિકલ્પ રમત આનંદની પ્રગટ થાય એ સર્વ પ્રાણીને–જ્ઞાનીઓને તો પ્રાણપ્યારી છે, કહે છે. કેમકે એ ચારિત્ર મુક્તિનું કારણ છે. **તે યોગ્ય તપશ્ચર્યા સો ઇન્દ્રોને પણ સતત વંદનીય છે.** આત્માના આનંદની રમત અંતર ચરવું, ચારિત્ર એટલે ચરવું, અનુભવવું, આનંદમાં ચરવું ને અતીન્દ્રિય આનંદને અનુભવવું, એનું નામ ચારિત્ર છે. પરમાત્માના માર્ગમાં–તીર્થંકર ત્રિલોકનાથ પરમેશ્વર જિનેશ્વરના પંથમાં આને ચારિત્ર ને તપસ્યા કહે છે. ભારે આકરું. એ **સો ઇન્દ્રોને પણ સતત વંદનીય છે**. ઇન્દ્રો પણ એ ભાવના ભાવે છે કે અહો! ક્યારે અમે મનુષ્યપણું પામીએ અને આવી અંતર આનંદની રમતરૂપી ચારિત્ર તપસ્યા ક્યારે અંગીકાર કરીએ! એવા

ઇન્દ્રોને પણ એ ચારિત્રદશા સતત–નિરંતર વંદનીય છે. આવશ્યકની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ?

**તેને પામીને...** અરે! આવા સ્વભાવના ભાનને પામીને **જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે...** કહે છે કે આવો સ્વભાવ છે એને છોડી દઈને જે કોઈ રાગમાં રમે છે (કે જે) કામાન્ધકાર સંસાર જનિત સુખ છે, શુભભાવમાં કે અશુભભાવમાં ઠીક છે એમ માનીને રમે છે **તે જડમતિ** છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્માના અતીન્દ્રિય આનંદમાં રમવું છોડી દઈને, જે કોઈ અશુભ ને શુભ રાગમાં–વિકલ્પમાં રમે છે એ જડમતિ છે. એમાંથી મને સુખ મળશે... સમજાણું કાંઈ? શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે, રાગ છે, એમાંથી મને સુખ મળશે, એનાથી મને સુખની પ્રાપ્તિ (થશે)—એવો જે કામાંધકાર (એટલે) રાગમાં આંધળો થઈ ગયેલો છે, એને રાગરહિત ભગવાન આત્મા એના સ્વરૂપની દૃષ્ટિ ને જ્ઞાનની ખબર નથી. આહાહા!

**અરેરે! કળિથી હણાયેલો છે (કળિકાળથી ઇજા પામેલો છે).** રાગમાં જેને રુચિ છે એ કળિકાળમાં ઈજા પામેલો છે, એ દુઃખી છે. સમજાણું કાંઈ? કળિકાળમાં ઈજા પામેલો દુઃખી છે, એ તો પીડાયેલો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની સન્મુખ ન જઈને, રાગની સન્મુખ થઈને રાગમાં રમે છે, એ બધા કળિકાળમાં પીડા પામેલા દુઃખી જીવ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? ૨૪૨ કહ્યો. હવે, ૨૪૩.

**(आर्या)**

**अन्यवशः संसारी मुनिवेषधरोपि दुःखभाङ्नित्यम् ।**
**स्ववशो जीवन्मुक्तः किंचिन्न्यूनो जिनेश्वरादेषः ॥२४३॥**

**दुःखभाङ्नित्यम्...** હા, 'ન' રહી ગયો છે. આમાં નાખ્યો છે. ભાંગીનો 'ન' રહી ગયો છે. નાખ્યો છે એમાં? સુધાર્યું છે.

**શ્લોકાર્થ : જે જીવ અન્યવશ છે...** શું કહે છે? જે કોઈ આત્મા પુણ્ય ને પાપના ભાવને વશ છે, એ આત્મા આનંદસ્વરૂપને વશ નથી. આહાહા! જે કોઈ અન્યવશ છે એટલે કે વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ આદિ એવો રાગ એને વશ છે, **તે ભલે મુનિવેશધારી હોય...** ભલે નગ્ન દિગંબર હો, મુનિવેશધારી (એટલે) નગ્ન દિગંબર હો, **તોપણ સંસારી છે...** આહાહા! શુભ ને અશુભરાગ, ઉપયોગ–શુભ ને અશુભ ઉપયોગ એમાં જેની રુચિના રંગ છે, એ ભલે નગ્ન દિગંબર સાધુનું લિંગ હો, તોપણ એ સંસારી છે. સમજાણું કાંઈ? ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ છે આત્મા. એનો અંતરમાં આશ્રય ન કરતાં, જે રાગની ક્રિયાનો આશ્રય કરીને રાગને તાબે થઈ ગયો છે, તે મુનિનો વેષ હોવા છતાં એ સંસારી છે. આહાહા! સમજાણું કાંઈ?

સંસાર એટલે જ્ઞાનાનંદસ્વભાવ ભગવાન આત્મા એમાંથી સંસરવું–ખસી જવું અને ઉદયભાવ એટલે રાગના પ્રેમમાં પડવું એનું નામ સંસાર. આવી વ્યાખ્યા ભારે. સમજાણું કાંઈ? કેમકે સંસાર એટલે રાગભાવ, ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભ હો, બેય સંસાર ને વિકાર ને દુઃખ છે. વીતરાગમાર્ગમાં આમ છે. સમજાણું કાંઈ? એ સંસારી છે. આહાહા! ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ, જિનસ્વરૂપી આત્મા વીતરાગમૂર્તિ આત્મા છે. એને અંદર વશ થયો નથી, એને અંદર એકાગ્ર થયો નથી અને એકલી ક્રિયાકાંડના રાગમાં.... આહાહા! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું નામસ્મરણ આદિ એ બધો રાગ છે, એ રાગને વશે થયેલો પ્રાણી મિથ્યાદૃષ્ટિ સંસારી છે. પંડિતજી! હજારો રાણી છોડી હોય, દીક્ષા લીધી હોય, નગ્નપણું હોય. કહે છે કે જે રાગનો વિકલ્પ છે... એ મહાવ્રતનો વિકલ્પ છે આ અહિંસા સત્ય, દત્ત (આદિ) એ રાગ છે. એ રાગને તાબે થાય છે અને એ રાગ કર્તવ્ય મારું છે એમ જે માને, અનુભવે, એ પ્રાણી સંસારી છે. એણે જરીએ ત્યાગ કર્યો નથી. આહાહા! સમજાણું કાંઈ?

જેને રાગના વિકલ્પની એકતાબુદ્ધિ છે એ આખો સંસારી પ્રાણી છે. મિથ્યાત્વી એટલે સંસારી, એમ. રાગથી પૃથક્ ભગવાન આત્મા એનું જેને અંતરમાં ભાન થઈને અનુભવ ને આનંદની દશા પ્રગટ થઈ છે એ મુનિ છે, એ ચારિત્રવંત છે, એ મુક્તિને પંથે પડેલો પથિક છે. આહાહા! **જે જીવ (અન્ય)વશ છે..** તે **નિત્ય દુઃખનો ભોગવનાર છે**... ભારે આકરું કામ. કહે છે કે શુભભાવ હો, પણ એ દુઃખ છે. આહાહા! ગજબ વાત છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા—એ બધો ભાવ રાગ છે, એ દુઃખ છે. અરે! ગજબ વાત આવી વાત! સાંભળી જાય નહીં સાધારણ માણસને. સાંભળી નથી કોઇ દિ' કે વીતરાગનું સત્ય શું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદનો નાથ એની દૃષ્ટિ અને આશ્રય છોડીને, જે એવા શુભભાવનો આશ્રય લઈને પડ્યો છે એ દુઃખી છે, એ સંસારી છે. આહાહા! કહો, ભીખાભાઈ! આવું ભારે! આવું થાતું હશે? આવો માર્ગ ભારે ભાઈ! આ તો એને માણસો ધર્મ માને છે. વ્રત પાળો ને આ અપવાસ કરવા, જાત્રા કરવી, પૂજા કરવી, લાખ-બે લાખ રૂપિયા દાનમાં નાખવા—એ બધો ભાવ રાગ છે, શુભવિકલ્પ છે, દુઃખ છે, એ પોતે જ ભવ છે. આહાહા! આવો વીતરાગમાર્ગ! સર્વજ્ઞના પંથમાં પરમેશ્વરનું આમ કથન છે. ત્રિલોકનાથ ભગવાન વીતરાગદેવ ઇન્દ્રોની અને ગણધરોની સમક્ષની સભામાં આમ ફરમાવતા હતા. આહાહા!

**જે જીવ સ્વવશ છે...** હવે એક વાત આમ કરી. એક જ ગાથામાં બે. જે અન્યવશ છે એટલે પુણ્યાદિના પરિણામને વશ છે. એ પરિણામ મારા છે, એનાથી મને લાભ છે—એમ જે પુણ્યને તાબે મિથ્યાદૃષ્ટિ છે એ સંસારી છે અને નિરંતર દુઃખનો અનુભવ કરનાર છે. આહાહા! સમજાણું કાંઈ? અપૂર્વ વાત છે ભાઈ! ધર્મ એ કોઈ અપૂર્વ ચીજ છે. એક સમયનો ધર્મ જેને

મુક્તિ આપે. આહા! એ વિકલ્પ જે છે રાગ, એનાથી પૃથકસ્વરૂપ ભગવાન આત્મા, એમાં અંતર એકાગ્ર થઈને આનંદની દશા પ્રગટ કરે, એ આનંદિત છે અને તે મોક્ષના પંથે છે. સમજાણું કાંઈ? **જે જીવ સ્વવશ છે**... આત્મા-ભગવાન આત્માનું સ્વરૂપ જ્ઞાન ને આનંદ એને જે વશ થયો છે, અંતરમાં એકાગ્ર થયો છે (અને) રાગનું-વિકલ્પનું વશપણું જેણે છોડી દીધું છે સમજાણું કાંઈ?

**જે જીવ સ્વવશ છે**... સ્વ એટલે આત્મા, આત્મા એટલે જ્ઞાન ને આનંદ, અતીન્દ્રિય સુખનો સાગર. આહાહા! એવો જે ભગવાન આત્મા જેમાં પુણ્ય ને પાપના વિકલ્પનો અભાવ છે અને આનંદ ને શાંતિ ને વીતરાગતાનો જેનામાં સદ્ભાવ છે. એવો આત્મા પોતે પોતાને વશ થાય. આહાહા! દ્રવ્ય એટલે આત્મા એને વશ થાય. રાગનું વશપણું અનાદિનું છે એ છોડી દે. આહાહા! **તે જીવન્મુક્ત છે...** એ જીવતાં-આયુષ્ય હોવા છતાં એ મુક્ત જ છે, કહે છે. ઓલો સંસારી લીધો, આ મુક્ત સામે લીધો. સામે-સામે લીધો. આહાહા! ભારે વાતું ભાઈ! આ તે. હવે આત્મા કહે, મારો આવો આત્મા. આત્મા એટલે કે જેમાં પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ નહીં એ આત્મા અને જેમાં જ્ઞાન ને આનંદથી ભરેલો એને કહીએ આત્મા. આહાહા! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ આકરો છે ભાઈ! અનંત કાળે એને સાચી વાત સાંભળવા મળી નથી. બધી ઊંધી વાતું અને એમાં ધર્મ. કરતાં-કરતાં પરંપરાએ ધર્મ થાશે. આહાહા!

કહે છે કે એ મુનિવેશધારી દુઃખી છે. સમજાણું કાંઈ? દુઃખની વ્યાખ્યા એવી નથી કે પ્રતિકૂળ સંયોગ એ દુઃખ. એ દુઃખ નહીં. આત્માના સ્વભાવમાંથી ખસીને વિકારમાં આવવું એ દુઃખ. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન અનાકુળ આનંદ સિદ્ધસ્વરૂપી પ્રભુ આત્મા એમાંથી ખસીને-સંસરીને.. સંસરણં ઇતિ સંસાર, ન્યાંથી સંસરી-ખસી અને પુણ્ય ને પાપના ભાવમાં આવવું એ દુઃખ. કહો, શાંતિભાઈ! આવો માર્ગ તો બાપા! આકરો છે. પોતાથી..... આહા! અરે ભાઈ! તને ખબર નથી. શું તું કરે છે? તારા રક્ષણને માટે તો તત્ત્વ અંદર પડ્યું છે. એને તું રાગના રક્ષણથી અને રાગનું રક્ષણ કરીને ધર્મ માન તો મિથ્યાત્વનું દુઃખ છે. સમજાણું કાંઈ? **જે જીવ સ્વવશ છે**... ભગવાન આત્માનો પોતાનો સ્વભાવ અનાકુળ આનંદનું ધામ ... છે. એને જે તાબે, એકાગ્ર થાય છે તે જીવનમુક્ત છે. ભલે દેહમાં દેખાય, આયુષ્ય થોડું દેખાય, પણ એ અંતરથી મુક્ત છે. સમજાણું કાંઈ?

એ **જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે (અર્થાત્ તેનામાં જિનેશ્વરદેવ કરતાં જરાક જ ઊણપ છે).** વીતરાગ અરિહંત પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળજ્ઞાની એનાથી આ મુનિ જરીક ન્યૂન છે. સમજાણું કાંઈ? અરિહંત સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એનાથી—જે આત્માના આનંદને વશ થઈને રહે છે અને વિકલ્પના દયા, દાન આદિને વશ થતો નથી એ **જિનેશ્વર**થી—કાંઈક ન્યૂન છે. **જરાક જ ઊણપ છે).** પૂર્ણ આનંદ નથી, પૂર્ણ કેવળજ્ઞાન નથી. ભારે વાત ભાઈ! આવો

પંચમ આરામાં માર્ગ હશે? પંચમ આરાનો માર્ગ કોઈ જુદો નહીં હોય કોઈ? ત્રણે કાળનો માર્ગ તો એક જ છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ..' ભારે કળશો ભાઈ! એકમાં તો બધું સમાડી દીધું, સંસાર ને મોક્ષ બેય.

પોતાનો નિર્મળ પરમાનંદ પ્રભુ એને છોડીને જે કંઈ શુભરાગમાં પણ વશ રહે છે એ સંસારી છે, એ મિથ્યાદૃષ્ટિ છે, ત્યારે એ નિત્ય દુઃખનો જ ભોગવનાર છે. સમજાણું કાંઈ? એને મહાવ્રતના પરિણામ હોય, કોઈને દુઃખ દેવું નહીં, શરીરથી બ્રહ્મચર્ય પાળવું, જૂઠું ન બોલવું વગેરે—એ બધો વિકલ્પનો રાગભાવ છે. એ રાગ છે તે દુઃખ છે. સુખ તો આત્મામાં છે. એવા સુખસ્વરૂપી ભગવાન આત્માને જે વશ થાય છે એ નિત્ય સુખી છે. 'જીવન્મુક્ત' કહ્યોને. અને શુભરાગને વશ થાય અને આત્મા અંતર નિષ્ક્રિય આનંદકંદ પડ્યો રહે, દૃષ્ટિમાં જેનો આશ્રય જ નથી, દૃષ્ટિમાં એ રાગની ક્રિયાનો જ આશ્રય છે, એ સંસારી નિત્ય દુઃખનો ભોગવનાર છે. આહાહા! શાંતિભાઈ! ભારે માર્ગ આવો. જાણે મોટો મેરુ પર્વત ઉપાડવો હોય એવું લાગે હોં માણસને. બાપુ! તારા ઘરની વાત છે. ભાઈ! માર્ગ તો આવો છે અનાદિનો, એની એને ખબર નથી.

એ શુભ-અશુભ રાગને પડખે ચડી જવું અને એમાં રોકાવું, બસ એ સંસાર છે. અને એને પડખેથી ખસીને ભગવાન આનંદસ્વરૂપને પડખે અંતરમાં આનંદનો આશ્રય લઈને સ્વવશ થાય એ જીવન્મુક્ત છે, જીવતા સુખી છે. સુખની વ્યાખ્યા એ નથી કે પાંચ-પચાસ લાખ મળ્યા, શરીર રૂપાળું મળ્યું, આબરૂ મોટી મળી માટે સુખી. દુઃખી છે લોકો, હવે સાંભળને! સમજાય છે કાંઈ? પાંચ-પચાસ લાખ હોય, કરોડ-બે કરોડ હોય, છોકરા સારા હોય, નિરોગ શરીર હોય. એ સુખી કહેવાય કે નહીં, નટુ? નહીં? દુઃખી છે. કેમકે પરના આશ્રયની લાગણી રાખે છે. તેથી એ લાગણી જ દુઃખરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ? સુખી તો, ભગવાન આત્માના આશ્રયે જાય તે સુખી છે. આવી વાત છે બાપુ! વીતરાગમાર્ગમાં તો. દુનિયા પછી ગમે તે રીતે એને ખતવે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માનો પંથ તો આવો છે. આહીં ન્યૂન કહ્યું છે. આગળ કાઢી નાખશે ૨૯૬ પાને. આહાહા!

એક આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યપુંજ, એમાં અંતરમાં આશ્રય લઈને પડ્યો છે, એ તો જિનેશ્વર જેવો જ છે કહે છે. સમજાણું કાંઈ? ત્યારે ઓલો દ્રવ્યલિંગ નગ્નપણું હોય, પંચમહાવ્રતના પરિણામ હોય, પણ એ રાગને તાબે છે. એ જ મારું સ્વરૂપ છે અને એ જ મારું કર્તવ્ય છે (એમ માને છે). એ ત્યાગી બહારથી દેખાય છતાં એ અંદરમાં સંસારી ને ભોગી છે. આહાહા! આવા માપ કાઢવા... શું છે બાપા? અનંત કાળમાં અનંત-અનંત કાળથી ચોરાશીના અવતારમાં રખડે છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો..' મુનિવ્રત લીધા અનંતવાર, પણ એ તો વિકલ્પ હતો. આહાહા! 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો..' ગ્રૈવેયકમાં

અનંતવાર ગયો, 'પૈ નિજ આતમ જ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' એ પંચમહાવ્રતનું પાલન એ દુઃખરૂપ છે, રાગ છે. ગજબ વાત છે બાપા! આહાહા!

જેને ચારિત્ર કહે લોકો, જેને મહાવ્રતધારી કહે, આહાહા! એને ત્રિલોકનાથ કહે છે, તું દુઃખને પંથે પડ્યો છે ભાઈ! આહાહા! એ રાગની દશાની એકતાબુદ્ધિમાં પડ્યો એ દુઃખી છે કહે છે અને રાગની એકતા તોડીને ભગવાન આનંદની એકતા જેણે અંતરમાં અનુભવી એ જીવન્મુક્ત, જિનેશ્વર જેવો છે. આહાહા! આટલો બધો ફેર હશે? બિચારા બાયડી-છોકરા છોડે, દુકાન-ધંધા છોડે, પાંચ-પાંચ લાખની પેદાશ એને છોડે, તો પણ કહે છે કે અંદરમાં રાગના શુભભાવને તાબે છે એ મિથ્યાદૃષ્ટિ સંસારી છે. ભારે વાત ભાઈ! એ ભીખાભાઈ! આવું સાચું હશે? પાછું આવ્યું. આમાં છે. આમાં છે કે નહીં આમાં? માર્ગ તો આવો છે. શું થાય? દુનિયા છેતરાઈ ગઈ છે. દુનિયા છેતરપિંડીમાં ધર્મ માની રહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? ૨૪૪.

**अत एव भाति नित्यं स्ववशो जिननाथमार्गमुनिवर्गे ।**
**अन्यवशो भात्येवं भृत्यप्रकरेषु राजवल्लभवत् ॥२४४॥**

આહાહા! દાખલો કેવો આપ્યો જુઓને! **શ્લોકાર્થ : આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિષે...** વીતરાગ ત્રિલોકનાથ જિનનાથ પરમેશ્વર જેને સો ઇન્દ્ર પૂજે એવા અરિહંતદેવ જિનનાથ એના માર્ગને વિષે **મુનિવર્ગમાં સ્વવશ મુનિ સદા શોભે છે...** જે અંદર રાગને વશ થતો નથી અને પોતાના આનંદના વશે થાય છે એ મુનિવર્ગમાં એ મુનિ શોભે છે. આહાહા! **જિનનાથના માર્ગને વિષે...** વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ જિનેશ્વરદેવ એના માર્ગ–પંથમાં મુનિવર્ગમાં સ્વવશ મુનિ અંતરના આનંદને વશ છે, એ દયા, દાનના વિકલ્પને વશ છે નહીં. આહાહા! એકેક શ્લોકે... એ મુનિવર્ગમાં સંતો આનંદકંદના અનુભવ કરનારા એ સ્વવશ મુનિ શોભે છે. આહાહા!

**અને અન્યવશ મુનિ...** પણ રાગને વશે, રાગની ક્રિયાના કર્તવ્યમાં પડેલો એ અન્યવશ છે. આહાહા! એ મુનિ **નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન શોભે છે.** ખુશામતિયો. રાજાને ખુશામતિયો હોય છેને! એવા માખણ ચોપડે. ખુશામતીયા હોય છે કેટલાક. પોતાને જ્યાં કાંઈ લાભ દેખે, મોટપ આવે, ત્યાં ખુશામત કરે. છે ને? **(અર્થાત્ જેમ આવડત વિનાનો, ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ...** નોકરના સમૂહમાં રાજવલ્લભ નોકર સમાન. રાજાનો પ્રિય હોય, રાજાને એવું માખણ ચોપડે, ઓહો અન્નદાતા! આપે તો ભારે કામ કર્યા છે, આપે તો આમ કર્યા છે.

એક ફેરી કહેતા લીલાધરભાઈ જામનગર. દિગ્વિજય હતાને. દિગ્વિજય, નહીં એના બાપ ...... વાત કાંઈક હશે. કાંઈક હતું ખરું. બચાવ્યા હતા કાંઈક. રણજિતસિંહે કાંઈક બચાવ્યા હતા. પછી વખાણ કરતા હતા, ઓહો અન્નદાતા! આપે તો ભારે દયાના કામ કર્યા. આપ તો

મહાન છો. એવું સાંભળ્યું હતું. લીલાધરભાઈ કહેતા હતા. આહાહા! આવો દરબાર! એણે કોઈ વખતે માછલા બચાવ્યા હશે... પછી કહે, અન્નદાતા! આપ તો મહા ધર્મના પ્રિય, તમને ધર્મ વ્હાલો છે. (આમ તો) હવે શિકાર કરતો હતો. કોઈ ઠેકાણે એવું કંઈક આપ્યા હશે પૈસા. આવા ખુશામતીયા છે માળો. તે દિ' વાત થઈ હતી ઘણા વર્ષ પહેલા લીલાધરભાઈની સાથે. એને લાગે કે આમાંથી આપણને કાંઈક ઠીક રહેશે (તેથી) એની ખુશામતી કરે ખૂબ. બોલાવ્યા વિના સામે જાય. અન્નદાતા! આમ કામ છે, અમારું આમ ફલાણું થઈ ગયું હતું, આમ છે.... આહાહા!

એ ખુશામતીયો જેમ શોભતો નથી, એમ મુનિવર્ગમાં વીતરાગી મુનિ રાગરહિત દશાવાળો શોભે છે (અને) રાગની એકતાવાળો એ મુનિ શોભતો નથી. એ ખુશામતિયો છે. આહાહા! રાગની ક્રિયા એ મારી છે, મને ઠીક છે, એનાથી મારું કલ્યાણ છે—આ બધા રાજવલ્લભ નોકર જેવા ખુશામતીયા છે. આહાહા! સમજાણું કાંઈ? એવા હોય છે હોં રાજ દીઠ. શેઠીયા પાસે એવા હોય માણસ. અમે તો ઘણા વખતથી જોયું છે. શેઠીયો મોટો હોય, કરોડ-બે કરોડ હોય, એક-બે એવા ખુશામતીયા હોય, વખાણ કરે એના. ભલે બીજા પાપ ગમે તેવા કરતાં હોય, પણ ક્યાંક-ક્યાંક દાન આપ્યું હોય, કાંઈક ફલાણું કર્યું હોય તો ઓહોહો.. આહાહા! એમ રાગની ક્રિયા કાંઈક કરે (તો) અજ્ઞાની વખાણ કરે એના. આહાહા.. ભારે કરી તમે હોં. આહાહા! એ આવે છે......

વીતરાગમાર્ગની અંદર આત્માને આશ્રયે વીતરાગતા પ્રગટે એ જ મુનિ શોભે છે. સમ્યગ્દર્શન પણ એને કહીએ કે જે આત્મા ત્રિકાળી આનંદની મૂર્તિ એનો અનુભવ થઈને પ્રતીતિ થવી એ વીતરાગી સમ્યગ્દર્શન છે. એ વીતરાગી સમકિતી જગતમાં શોભે છે. રાગથી લાભ માનનાર અજ્ઞાની રાજવલ્લભ નોકર જેવા એ શોભે છે, એટલે એને કાંઈ લાભ છે નહીં. આહાર કોઈક દિ' મળે, આપે.

પારસી હતાને જામનગર? દિવાન મહેરબાન શેઠ. મહેરબાન શેઠ એક હતા પારસી. વ્યાખ્યાનમાં આવ્યા હતા. એનો પગાર હતો કોઈ આઠસોનો કે હજારનો. રાજાએ એક ફેરી બસો વધારી નાખ્યા. બારસો (કર્યો). ગયા ત્યાં. કેમ સાહેબ? કેમ બસો વધાર્યા? રાજાને દબાવે. કેમ વધાર્યા? વધારો દઈને પાછું રાજનું કામ એવું આવે તો ભલામણ કરો, એ નહીં થઈ શકે. હું તો જે પ્રમાણે ... હશે એ પ્રમાણે કરીશ, રાજનું કામ હશે તોય. કાઢી નાખો પાછું. કોણે વધાર્યા બસો? તમારા રાજના કામ આવે ત્યારે, આ બસો આપીએ છીએ એટલે અમારી હાએ હા પાડીને કામ લેવા માટે.... એ કામ હું નહીં કરી શકું. એ વાતું થાતી. વીરજીભાઈ કહેતા. ત્યાં આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. (સંવત) ૧૯૯૧માં માગશરમાં.

એમ આ માળા ખુશામતીયા ખોટા વખાણ કરે અને ખુશામતના કારણે સારે-નરસે એને કાંઈક મળે ઓલું પહેરામણી.... શું કહેવાય? કિરણ. ....... મળે. આહીં કહે છે કે **અન્યવશ મુનિ**... આહાહા! ગજબ વાત છેને! એક શુભનો વિકલ્પ છે મહાવ્રતનો કે દયાનો કે પૂજાનો, એ વિકલ્પને તાબે થયો છે કે આ મારું કર્તવ્ય છે ને આ મારો ધર્મ છે. આહાહા! એ અન્યવશ મુનિ મિથ્યાદૃષ્ટિ... આહાહા! બહુ માર્ગ... હમણાં આવશે (ગાથા) ૧૪૪માં. અન્યવશ... ઓલામાં કહ્યુંને 'સદા શોભે છે'. એમ કીધું. આહાહા! **અન્યવશ મુનિ નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન શોભે છે. આવડત વિનાનો ખુશામતિયો નોકર શોભતો નથી તેમ અન્યવશ મુનિ** જૈનધર્મના મુનિમાર્ગમાં શોભતો નથી. સમજાણું કાંઈ? આહાહા!

બે પડખા. એક તો દયા, દાન, વ્રત ભક્તિના વિકલ્પનું પડખું, એકકોર આખો આત્મા ભગવાન એનું પડખું. આહીં પડખે ગયો એ સ્વવશ છે, રાગને પડખે ગયો એ પરવશ છે. આહાહા! એ વિકલ્પ ભલે ચાહે તો ભગવાનની ભક્તિનો હોય... 'ણમો અરિહંતાણં' એ પણ એક વિકલ્પ છે, રાગ છે. 'ણમો અરિહંતાણં' એ તો વાણી છે, પણ અંદર વિકલ્પ છે 'ણમો અરિહંતાણં'ના સ્મરણમાં. એ રાગને તાબે થાય છે કે આ મારું કર્તવ્ય છે ને આ મારો ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ? તો કહે છે કે અન્યવશ મુનિ રાજવલ્લભની જેમ શોભતો નથી. ભારે .... આ પાણી ઉતરી જાય માણસના. મુનિ હોય, કાંઈક-કાંઈક બધું.... એમાં આવું સાંભળતા, આવો માર્ગ? બાપુ! તારી ભ્રમણા મટવાના માર્ગ છે આ. સમજાણું કાંઈ? આ વીતરાગનો માર્ગ છે. એમાં, રાગનો કણ પણ લાભદાયક માને એ જૈન નથી. એ જૈન નથી, જૈનનો સેવક નથી, રાગનો સેવક છે. આહાહા! સમજાણું કાંઈ? હવે (ગાથા) ૧૪૪. ૧૪૪માં બહુ ભર્યું છે બધું. હા, ઠીક, આ કળશ હતો.

**जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो ।**
**तम्हा तस्स दु कम्मं आवासयलक्खणं ण हवे ॥१४४॥**

નીચે હરિગીત.

**સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;**
**તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.**

**ટીકા : અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મ** એટલે મિથ્યાદૃષ્ટિ **જીવનું લક્ષણ કહ્યું છે.** અશુદ્ધ અંતરાત્મા એટલે મિથ્યાદૃષ્ટિ. **જે શ્રમણ**—સાધુ થઈને **ખરેખર જિનેન્દ્રના વદનારવિંદમાંથી નીકળેલા** (અર્થાત્) ભગવાન મુખકમળથી નીકળેલા **પરમ-આચારશાસ્ત્ર...** ખરેખર જિનેન્દ્રના વદન અરવિંદ—મુખરૂપી કમળ એમાંથી **નીકળેલા પરમ-આચારશાસ્ત્રના ક્રમથી (રીતથી) સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે—પ્રવર્તે છે...** એ પણ પરવશ અને પરાધીન છે. આહાહા! ગજબ વાત છે. ભાષા એમ કહી, 'જિનેન્દ્રના વદન

અરવિંદમાંથી નીકળેલા,' એમ. બીજાનો અર્થ વ્યવહાર તો નહીં, પણ પરમેશ્વર જિનેન્દ્રદેવે (કહેલા) આત્માના અનુભવની દશામાં જે કાંઈ કચાશનો રાગ આવે, એનું વર્ણન જે શાસ્ત્રમાં ભગવાને કહ્યું એ પ્રમાણે આચારને પાળતો હોય, આહાહા! છતાં એ પરવશ છે. એ રાગ છે એ પરવશ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

જે કોઈ સાધુ ખરેખર જિનેન્દ્રના વદન-અરવિંદમાંથી નીકળેલા... મુખકમળમાંથી દિવ્યધ્વનિ ભગવાનની આવી. એવા જે **પરમ-આચાર**... વ્યવહાર આચારનું કથન તો જણાવવા માટે ભગવાનના મુખમાં આવે તો ખરુંને. આહાહા! એવા પરમ-આચાર શાસ્ત્રો... પરમ-આચાર શાસ્ત્રો ભગવાનના કહેલા હોં. આહાહા! એની **રીતથી સદા સંયત** રહે છે (અર્થાત્) એ બરાબર શુભભાવને પાળવા તત્પર રહે છે. ભગવાને કહેલા વ્યવહાર આચાર પ્રમાણે પાળવા રીતથી–ક્રમથી–આવશ્યકના ક્રમથી **સદા સંયત રહેતો થકો**... પણ એ શુભભાવ છે. **પ્રવર્તે છે**... છે એ શુભ-ઉપયોગ, રાગ. આહાહા! એ પણ પરવશ છે. સમજાણું કાંઈ? એક બોલ. અગિયાર બોલ છેને. અગિયાર ક્રિયા છેને અગિયાર. છેલ્લે છેને. **અગિયાર ક્રિયામાં તત્પર રહે છે**... આમાં એક બોલ આવ્યો. કેમ થયું? આમાં પહેલો બોલ આવ્યો એમ કહું છું. અગિયારમાં એક બોલ આવ્યો, એમ. અગિયાર બોલ છેને અગિયાર ક્રિયા. એમાં પહેલો આ.

બીજો **વ્યાવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે તેથી જ ચરણકરણપ્રધાન છે...** અગિયાર બોલ છેને એ. ન્યાંથી કાઢ્યું. નહીંતર તો અગિયાર આમેય થાય છે. થાય છે જુઓ! **શુભોપયોગમાં પ્રવર્તે છે, વ્યવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે** એટલે કે **ચરણકરણ પ્રધાન છે**, એમ. ઓલા ચાર આહારને લેવા લીધા ચાર બોલ હોં. **સ્વાધ્યાયકાળને અવલોકતો થકો (સ્વાધ્યાયયોગ્ય કાળનું ધ્યાન રાખીને) સ્વાધ્યાયક્રિયા કરે છે...** એ ત્રણ. **પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે**–સાત. ત્રણ સંધ્યાનું કરે છે–દસ. અને ત્રણે કાળ નિયમ પરાયણ રહે છે, એ અગિયાર એમ. આહાહા! સામસામા બેસે છે. આવી ક્રિયા કરે છે છતાં તે પરવશ છે. આત્મા એ રાગની ક્રિયા વિનાનો છે એવું જેને ભાન નથી, સમકિત નથી, ઓળખાણ નથી, (અને) આવી ક્રિયામાં પ્રવર્તે તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**વ્યવહારિક ધર્મધ્યાનમાં પરિણત રહે છે**... વ્યવહારુ ધર્મધ્યાન–શુભભાવ એમાં પરિણિત રહે છે (એટલે) શુભરૂપ પરિણમે છે કહે છે. **તેથી જ ચરણકરણપ્રધાન છે**, એમ. ચરણકરણપ્રધાન છે. ચરણ નામ શુભ આચરણના પરિણામ જેને મુખ્ય છે. કરણ એટલે પરિણામ. ચરણ એટલે વ્યવહાર આચરણ શુભરાગ એના જે પરિણામ એને મુખ્ય છે. શુભના જ પરિણામ એને મુખ્ય છે. આત્મા એનાથી રહિત છે એનું ભાન નથી. ક્રિયામાં રાચી ગયેલો છે. આહાહા! ભારે આકરી વાત ભાઈ! **સદા સંયત રહેતો થકો શુભોપયોગમાં ચરે છે**... આહા! શુભ ઉપયોગ તો રાગ છે અને વ્યવહાર ધર્મધ્યાન એ પણ રાગ છે. ભગવાનનું સ્મરણ કરવું,

'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' અરિહંતને લક્ષમાં લેવું–ધ્યાનમાં રહેવું એ પણ રાગ છે. આહાહા! સિદ્ધ ભગવાનને લક્ષમાં લઈને ધ્યાન કરવું એ પણ રાગ છે.

**ચરણકરણપ્રધાન...** જોયું! એમાં–શુભ આચરણમાં કરણ એટલે પરિણામ જેને મુખ્ય છે. એ શુભાચરણ પરિણામ એ જ એને મુખ્ય વસ્તુ છે. ભગવાન આત્મા તો એકકોર પડ્યો રહ્યો. બધું આચરણ એ અમારું કર્તવ્ય ને એ અમારું કલ્યાણ. સમજાણું કાંઈ? **સ્વાધ્યાયકાળને અવલોકતો થકો...** સ્વાધ્યાય કરે શાસ્ત્રની બરાબર. પ્રથમ પોરસી સજ્ઝાયં..... ક્યાં છે અત્યારે ઠેકાણા? વ્યવહારના પણ ક્યાં છે ઠેકાણા? આહીં તો કહે છે કે વ્યવહાર આચરણના પરિણામ–શુભભાવ જેને મુખ્ય છે. સમજાણું કાંઈ? સ્વાધ્યાયકાળને અવલોકે... સ્વાધ્યાયનો કાળ આવ્યો, અત્યારે સ્વાધ્યાય કરવી જોઈએ. પ્રથમ પોરસી સજ્જાયં. સવારે ઉઠીને પહેલી પહોરે સ્વાધ્યાય કરવી એવું છે, બીજી પોરસીએ ધ્યાન કરવું, ત્રીજી પોરસીએ ગોચરી જાવું, ચોથી પોરસીએ વળી સજ્ઝાય કરવી, એવું આવે. ...થઈ ગયું? સવારના ઉઠે એટલે પાધરી ચા, એ સ્વાધ્યાય. આહા! બધી વાત જ ફરી ગઈ. શું થાય? વ્યવહારનો માર્ગ પણ ફરી ગયો, નિશ્ચય તો છે નહીં. સત્ય તો છે નહીં, પણ ઉપચારિક જે આવો વ્યવહાર એનાય ઠેકાણા નથી. આહીં તો વીતરાગમાર્ગમાં બાપા! ....

કહે છેને, જેને ચરણકરણ પ્રધાન છે, શુભોપયોગ બરાબર છે, એમ. જેને શુભ ઉપયોગની જ મુખ્યતા છે. અશુભ નથી, તેમ આત્માની મુખ્યતા નથી. સમજાણું કાંઈ? એ પણ, કહે છે કે પરવશ છે. વીતરાગે કહેલા આચારના શાસ્ત્રો પ્રમાણે શુભાચરણમાં ... હોય, તોપણ તે પરવશ છે. એ ધર્મ નહીં, રાગ છે. રાગ કોને કહેવો એ સમજવું કઠણ પડે એટલે ખુલાસો કર્યો છે. સ્વાધ્યાય કાળનું ધ્યાન રાખે. સ્વાધ્યાય ક્રિયા કરે લ્યો. સવારના ઉઠે વહેલા, એક પહોર સજ્ઝાય કરે. સૂતા પહેલા એક પહોર સજ્ઝાય કરે, બીજે પહોરે ધ્યાન કરે એવું છે. એ ક્યાં છે? ..... એવું આવે શ્વેતામ્બરમાં. ત્રીજી પોરસીએ ..... આમાં તો ચોથે પહોર શાસ્ત્ર...

સાચા ભાવલિંગી સંત વીતરાગી હોય એને રાત્રિના છેલ્લા ભાગમાં જરીક પોણી સેકંડની નિદ્રા હોય. બહુ ઝીણું એકે-એક વાત. વીતરાગના માર્ગ સાથે મેળવવા જાય તો કઠણ પડે. સ્વાધ્યાયક્રિયા કરે, લ્યો, એ શુભભાવ છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરવી એ શુભભાવ છે. આહાહા! એ ધર્મ નહીં. ભારે! આ સાંભળવાના ભાવ થાય તે શુભ છે, એ ધર્મ નહીં. આરે! ગજબ વાત. વીતરાગના માર્ગ... આહાહા!

શ્રોતા : ........ તો ધર્મ જ છે એમ કહે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો એનું એ થયું. ધર્મ નથી ને..... એ તો મીઠી ભાષાએ એમ કહે કે પુણ્ય છે. સત્ય ભાષાની ચોખવટથી તો એ અધર્મ છે. ધર્મનો અભાવ તે અધર્મ ને અધર્મનો અભાવ તે ધર્મ. સમજાણું કાંઈ?

**પ્રતિદિન ભોજન કરીને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કરે છે...** દરરોજ એક આહાર લઈ... એક જ આહાર હોય મુનિને. પછી ચોવીસ કલાક ચાર આહારનો ત્યાગ. બીજે દિવસે આહાર લેવાનો વિકલ્પ આવે. **પ્રતિદિન ભોજન કરીને ચાર પ્રકારના આહારનું પ્રત્યાખ્યાન કરે છે...** એ પણ એક શુભભાવ છે. **ત્રણ સંધ્યાઓ વખતે (સવારે, બપોરે ને સાંજે) ભગવાન અર્હંત્ પરમેશ્વરની લાખો સ્તુતિ મુખકમળથી બોલે છે...** લ્યો, એ સવાર, બપોર, સાંજ ભગવાન અર્હંત પરમેશ્વરની લાખો સ્તુતિ (બોલવી), પણ એ બધો શુભરાગ. આહાહા! એ ખબર જ નથી કે શું કરવાનું છે. આ કરવાનું છે ભગવાની સ્તુતિ કરવી, લોગસ્સ કરવો. 'એવં મયે અભિથુઆ વિહુયરયમળા પહીણજરમરણા..' લોગસ્સમાં આવે છેને. બાપુ! એ તો પર તરફની સ્તુતિ છે એ રાગ છે, ભાઈ! એ ધર્મ નથી. આવે, હો, પણ એ ધર્મ નથી. અશુભથી બચવાના પ્રસંગમાં આવા ભાવ હોય, પણ એ પોતે ધર્મરૂપ નથી. આહાહા! સમજાણું કાંઈ?

ત્રણ સંધ્યાઓ... એટલું બધું ભગવાનની લાખો સ્તુતિ... ઠીક! લાખો એટલે ઘણી, એમ. સવારે, બપોરે, સાંજે ભગવાનના ગુણગાન–સ્તુતિ (કરવી), નવા-નવા કાવ્ય બનાવે, લખે—એ બધો શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મભાવ નહીં. એને તાબે થઈ જાય છે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે એમ કહે છે. સમજાણું કાંઈ? **ત્રણે કાળે નિયમપરાયણ રહે છે...** સવાર-સાંજ નિયમમાં તત્પર રહે છે. **એ રીતે અહર્નિશ (દિવસ-રાત થઈને) અગિયાર ક્રિયામાં તત્પર રહે છે...** લ્યો. અગિયાર પ્રકારની ક્રિયામાં તત્પર એ બધો શુભભાવ છે. આત્માના આનંદમાં તત્પર નથી. અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત તત્પર થવું જોઈએ એ નથી. આ ક્રિયાકાંડના શુભરાગમાં તત્પર રહે છે એ પણ પરવશ છે, સ્વાધીન નથી. પરાધીન સત્ને સુખ નહીં. પરને આધીન રાગમાં ક્યાંય જરીય સુખ ને ધર્મ છે નહીં. આહાહા! એનાથી રહિત–રાગથી રહિત આત્માનો આશ્રય લે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે એનું નામ ધર્મ છે, એનું નામ આવશ્યક ક્રિયા સાચી છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧૨, રવિવાર, તા. ૩૧-૧૦-૧૯૭૧**
**ગાથા - ૧૪૪, શ્લોક - ૨૪૫, પ્રવચન નં. ૧૬૪**

આ નિયમસાર સિદ્ધાંત છે, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર). આત્માને સાચું જરૂરનું શું કાર્ય છે એનું આ વર્ણન છે. કહે છે કે આ આત્મા આનંદ ને જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ છે. એ પોતાનો સ્વભાવ એનો આશ્રય છોડીને જેટલી પર-આશ્રયની ક્રિયા કરે એ બધી પરવશક્રિયા છે, એ ધાર્મિકક્રિયા નહીં. ચાહે તો શુભભાવ કરે, શુભભાવ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ રાગ છે. એ રૂપે પરિણમે તોપણ એ પરાધીન છે. રાગની ક્રિયા એ પરાધીન છે. સમજાણું કાંઈ? અગિયાર ક્રિયાઓ સુધી આવી ગયું છે.

**પાક્ષિક**–પંદર દિવસે પ્રતિક્રમણ કરે, પણ એ પ્રતિક્રમણ શુભભાવરૂપી ક્રિયા રાગની છે. આહાહા! પંદર-પંદર દિવસે પ્રતિક્રમણ, સાંજ-સવારના પ્રતિક્રમણ, એ પણ એક શુભરાગ છે, પરાશ્રિત ક્રિયા છે. જયંતિભાઈ (સંવત) ૨૦૧૭માં આવ્યા હતાને જામનગર? પછી નથી આવ્યા. ૧૭માં આવ્યા હતા. અધિકાર સત્યનો છે. આમ પરમ આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનની મૂર્તિ આત્મા એના અંતર અવલંબે જ્ઞાનનો, આનંદનો આશ્રય કરી અને જે કંઈ સ્થિરતા ને શ્રદ્ધા-જ્ઞાનની ક્રિયા થાય તે અવશ્ય કર્મ ને તે જરૂરનું ધર્મકાર્ય છે. સમજાણું કાંઈ? પાક્ષિક પ્રતિક્રમણ કરે, **માસિક**–મહિને પ્રતિક્રમણ કરે, **ચાતુર્માસિક** પ્રતિક્રમણ **અને સાંવત્સરિક પ્રતિક્રમણ**—એ બધો શુભભાવ છે, રાગ છે. એવા **પ્રતિક્રમણ સાંભળવાથી ઊપજેલા સંતોષથી...** આમ લાગે કે આહાહા! **જેનું ધર્મશરીર રોમાંચથી છવાઈ જાય છે**... આહા! ધર્મશરીર. આહાહા! શુભભાવની ક્રિયા એમાં એનો રોમાંચ ખડો થઈ જાય છે, પણ એ તો બધું પુણ્યબંધનું કારણ છે, ધર્મ નહીં. ધર્મ બહુ ઝીણી ચીજ છે. સમજાણું કાંઈ?

**જેનું ધર્મશરીર** એટલે શુભભાવની ક્રિયામાં **રોમાંચ** ખડા થઈ જાય છે. કહે છે કે એ તો રાગની ક્રિયા છે. એ કંઈ આત્માને આશ્રયે જરૂરનું જે મોક્ષને માટે કારણ છે એ ક્રિયા નહીં. **અનશન** કરે. એક અપવાસથી માંડી છ-છ મહિનાના અપવાસ એ પણ એક શુભભાવ છે, ધર્મ નહીં. એક અપવાસ, બે અપવાસ, ત્રણ અપવાસ, ચાર (અપવાસથી લઈને) છ મહિનાના અપવાસ, પણ એનું લક્ષ તો પર ઉપર છે, રાગની મંદતા કરવાની ક્રિયા છે. આહાહા! એમાં આત્મા ન આવ્યો. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ જેમાં–આત્મામાં અતીન્દ્રિય આનંદ છલોછલ ભરેલો છે. એનું શરણ ને આશ્રય લીધા વિના આવી ક્રિયા તે ધર્મની ક્રિયા નથી. **અનશન, અવમૌદર્ય...** ઉણોદરી કરે. બે-ચાર કવળ ખાય, ઓછું ખાય, પેટ ઓછું ભરે, એ પણ એક શુભરાગની ક્રિયા છે. આહાહા! ભારે!

**રસપરિત્યાગ** કરે. દૂધ, દહીં, ગોળ, ખાંડ, સાકર ખાય નહીં. એ પણ એક શુભરાગની ક્રિયા છે. આત્માના આનંદરસના ભાન વિના એવી ક્રિયા એ રાગની ક્રિયા છે અને પરાધીનદશા, એ દુઃખરૂપ દશા છે એમ કહે છે. **રસપરિત્યાગ**... આકરી વાત છે ભાઈ! વીતરાગમાર્ગને સમજવો. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એણે કહેલો ધર્મ એ તો અપૂર્વ અને અલૌકિક છે. આહાહા! **વૃત્તિપરિસંખ્યાન...** અમુક શેરીમાં જાવું, અમુક જ ખાવું, આટલા જ દ્રવ્ય લેવા, આટલે ક્ષેત્રે જાવું, આટલા કાળે ભિક્ષા લેવી—એવો કોઈ વૃત્તિસંખ્યાન કરે. એ પણ એક શુભરાગ છે, વિકલ્પ છે, વૃત્તિ છે, રાગ છે. એ આત્માનો ધર્મ નહીં. આરે, ભારે! **વિવિક્ત શય્યાસન...** એકાંતમાં રહે. સ્ત્રી, પુરુષ, નપુંસકનો સંગ નહીં જેને. એકાંતવાસમાં વસે, એ પણ એક રાગની ક્રિયા છે. આહાહા! **અને કાયક્લેશ** કરે. છ-છ મહિના સુધી આમ ઊભો રહે. એ પણ એક શુભરાગ છે. આત્માનો એ ધર્મ નહીં. પંડિતજી!

**નામનાં છ બાહ્ય તપમાં જે સતત ઉત્સાહપરાયણ રહે છે...** છ પ્રકારના તપમાં અનશન, ઉણોદરી, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્ત શય્યાસન, કાયક્લેશ—એમાં સતત ઉત્સાહપરાયણ રહે, પણ એ તો પર તરફની ક્રિયાના રાગમાં ઉત્સાહપરાયણ છે. ભગવાન આત્મા અંતર આનંદસ્વરૂપ એનો આશ્રય થઈને જે ક્રિયા થાય એનો તો એમાં અભાવ છે. કહો, જયંતીભાઈ! શું વાત છે આ? અહીં ભગવાન કહે છે કે જેટલી ક્રિયા અપવાસની, ઉણોદરીની છે એ બધી રાગની ક્રિયા છે, પુણ્યની ક્રિયા છે, શુભરાગ છે અને તેમાં દૃષ્ટિ છે કે આ ધર્મ છે એ મિથ્યાત્વભાવ છે. ચીમનભાઈ! શું, આમાં કાંઈ બાકી રાખ્યું નહીં. આહાહા! **સતત ઉત્સાહપરાયણ** એમ પાછી ભાષા કેવી વાપરી છે! આમ અપવાસ કરવામાં વેઠ જેવું નહીં, (પણ) ઉત્સાહથી, તત્પરતાથી કરે, એ તો ક્રિયા–બાહ્યક્રિયાનો રાગ છે. કહો, ભીખાભાઈ! હવે આવે છે.

**સ્વાધ્યાય** કરે શાસ્ત્રની. રાત ને દિ' સ્વાધ્યાય.. સ્વાધ્યાય.. સ્વાધ્યાય.. શાસ્ત્ર.. શાસ્ત્ર.. શાસ્ત્ર.. વાંચણી કરે, યત્ના કરે, પ્રશ્ન પૂછે, ચર્ચા-વાર્તા રાખે. સ્વાધ્યાય, વાંચન, પૃચ્છા, પર્યટન, અનુપ્રેયા, એનો વિચાર કર્યા કરે વિકલ્પથી અને ધર્મકથા કરે—એ બધી વાત શુભરાગની ક્રિયા છે. સમજાણું કાંઈ? એમાં આત્માનો આશ્રય નહીં. એ પરાશ્રયભાવ તે રાગની ક્રિયા છે. આહાહા! **સ્વાધ્યાય**... આત્મા જે આનંદસ્વરૂપ ભગવાન એનો સ્વાધ્યાય છોડી દઈને, એકલી શાસ્ત્રની (સ્વાધ્યાય કરે). પણ શાસ્ત્ર તો પરવસ્તુ છે. એના સ્વાધ્યાયમાં રોકાય એ પણ એક શુભભાવ છે, પુણ્યભાવ છે, ધર્મભાવ નહીં. ભારે! સમજાણું કાંઈ? **ધ્યાન** કરે... અંતર્મુખ થઈને વિકલ્પથી ચિંતા (-ચિંતન) કર્યા કરે કે આત્મા આવો છે ને આત્મા આવો છે. સમજાણું કાંઈ? **ધ્યાન**(રૂપ) શુભભાવ કરે, એ પણ પુણ્ય છે, ધર્મ નહીં, આહાહા!

**શુભ આચરણ** કરતા કાંઈ દોષ લાગે તો ફરીને વળી **પ્રાયશ્ચિત્ત** લે. એ પણ શુભરાગ છે, એ વિકલ્પનું ઉત્થાન–વૃત્તિનું ઉત્થાન છે, એ આત્મધર્મ નહીં. આહાહા! આ તો લોકો રાડ પાડે બિચારા. હજી આવશે વધારે. **વિનય...** દેવ-ગુરુ-શાસ્ત્રની તો પરમભક્તિ ને વિનય... વિનય.. વિનય.. રોમાંચ ખડા થઈ જાય. દેવ પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ અને શાસ્ત્ર. ધર્માત્માનો વિનય, એવો વિનય કે આમ જરીએ પણ ખોડખાપણ ન આવવા ન દે. એ વિનય પણ શુભભાવ રાગ છે. પંડિતજી! સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર, ગુરુ, શાસ્ત્ર એ પણ પરવસ્તુ છે. એના વિનયમાં તત્પર છે એ બધો શુભરાગ છે. ભારે વાત ભાઈ! આ તો કહે, ભગવાનની ભક્તિ ને ગુરુની ભક્તિ કરે તો કલ્યાણ થાય લ્યો. આહીં તો કહે છે કે ના, ના, કલ્યાણ ન થાય. આહાહા! ભાઈ! તારું સ્વરૂપ.... આ તો વિકલ્પ છે, રાગ છે. એ રાગ કાંઈ એનું સ્વરૂપ છે નહીં. એ તો શુદ્ધ ચિદાનંદ સિદ્ધસ્વરૂપ આત્મા, જ્ઞાનનો ગાંગડો, આનંદનો કંદ–રસકંદ પ્રભુ એનો આશ્રય લઈને, એને અવલંબે જે ક્રિયા થાય, તે ક્રિયાને ભગવાન ધાર્મિક ક્રિયા કહે છે. સમજાણું કાંઈ?

વિનયમાં જોડાય બહુ, એમ કહે છે. કંઈપણ અશાતના ન થાય, આમ ન થાય એવો વિનય. સમજાણું કાંઈ? ગુરુના આસનને પગ ન લગાડવા દેવાય, આમ થાય, તેમ થાય, બરાબર–સરખો વિનય જાળવે. એ પણ એક પર તરફના આશ્રયવાળી રાગની વૃત્તિ છે. 'વિનય .... ધમ્મો' છેને? અહીં તો આ કહે છે. એય! આહાહા! પોતાનો ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ પ્રભુ એનો અંદર આદર કરવો એ ખરો વિનય છે. આહાહા! સમજાણું કાંઈ? એનું જ્ઞાન કરીને એમાં ઠરવું એ વિનય છે. એ વિનય આત્માની ક્રિયા છે અને પરદ્રવ્યનો વિનય એ રાગની ક્રિયા છે. આહાહા! ભારે કામ! જગતને હજી તો બહારના ઠેકાણા નથી, એને અંતર તો ક્યાં જાવું? સમજાણું કાંઈ?

વિનય કરે, ખૂબ ભક્તિ.. ભક્તિ આમ. જુઓને! આમ ભગવાનની ભક્તિ ને ગુરુની ભક્તિમાં આમ થઈ જાય છે કે નહીં? ધૂન ચડી જાય ધૂન. એવી ધૂન ચડે કે આહાહા.. કહે છે, ભૂલી ગયો આત્માને. આત્માને ભૂલી ગયો અને પરની લગાવી ધૂન. કહે છે કે એ તો પુણ્યબંધનનું કારણ છે, ધર્મ નહીં. ભાઈ! આહાહા! વિનયમાં જોડાય, ખૂબ શાસ્ત્રનો વિનય, વાંચનમાં પગ સ્વચ્છ કરે, પાણીથી ધોએ પગ-હાથ અને અડવા ન દે શરીર..., શાસ્ત્રનો બહુ જ વિનય આવે, ગુરુનો વિનય બહુ જ આવે, પૂંઠ પણ ન દે, એમ ન થાય—પણ એ બધી પરદ્રવ્ય આશ્રયની ક્રિયા રાગની છે. છે કે નહીં એમાં? આહાહા!

**વૈયાવૃત્ય** કરે. દેવ-ગુરુ-શાસ્ત્રની વૈયાવૃત્ય, સાધર્મીની વૈયાવૃત્ય, સંઘ જમાડે, વૈયાવૃત્ય કરે, પગ દાબે, પગચંપી કરે ધર્માત્માની—એ બધો શુભરાગ છે. આરે, ભારે! ઓલાને પગચંપી કરતાં-કરતાં કેવળજ્ઞાન થઈ ગયું. એય! આવે છે કે નહીં? મનસુખભાઈએ લખ્યું છે. શ્રીમદ્માં

..... છેને એમાં લખ્યું છે. નાની બુક પડી છે એમાં લખ્યું છે. ..... હા, એમાં લખ્યું છે. આર્જિકા હતી તે એની ગોરાણીના પગ દાબતી હતી. દાબતાં-દાબતાં કેવળજ્ઞાન થઈ ગયું. આહાહા! પગ દાબવાની ક્રિયામાં તો રાગ છે, એ તો પર તરફનું વલણ છે. રાગની ક્રિયાથી સમકિત થાય? કેવળ તો ક્યાંય રહ્યું, પણ સમકિત પણ ન થાય. સમજાણું કાંઈ? ભક્તિ-ભક્તિ કરતા હતા કે નહીં? એય હૈદ્રાબાદ! રખડવાની. આમ...... વીરચંદભાઈનો પૌત્ર. વીરચંદ ભૂરા. સવારથી બેસે નવ-સાડા નવ વાગ્યા સુધી. શ્રીમદ્નો ફોટો. ઘીનો.. ઘીનો શું કહેવાય? દીવો ઘીનો અને આમ અગરબત્તી મૂકે એક-બે. પછી વાંચે, ભક્તિ ધૂન ચડાવે. જોયું છે કે નહીં? જોયું છે? કહે છે, એ બધો શુભરાગ છે. આહાહા! ગજબ વાત છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**વૈયાવૃત્ય** કરે અને કાયોત્સર્ગ-(**વ્યુત્સર્ગ**) કરે. એ તો હજી વિકલ્પની લાગણીથી કાયોત્સર્ગ કરે છે. અંતરમાં આનંદસ્વરૂપમાં એકાગ્ર નથી. આહાહા! સમજાણું કાંઈ? એવા **અભ્યંતર તપના અનુષ્ઠાનમાં...** દેખો! અભ્યંતર તપના (**આચરણમાં**) **જે કુશળબુદ્ધિવાળો છે–** બરાબર ડાહ્યો છે એમાં. એનું ડહાપણ બરાબર ત્યાં કામ કરે છે, કહે છે. છતાં એ રાગની ક્રિયા છે, ધર્મની નહીં. આહાહા! મોટા મંદિરો બનાવવા પાંચ-પાંચ લાખના, એની પ્રતિમાઓ સ્થાપવી, એની ભક્તિ, એના પંચકલ્યાણક કરવા—એ બધો શુભરાગ છે કહે છે. કહો, સમજાણું આમાં? આહાહા! **પરંતુ...** આવો જે સાધુ આવી ક્રિયા કરે, છતાં એને ધર્મ નથી.

**તે નિરપેક્ષ તપોધન સાક્ષાત્ મોક્ષના કારણભૂત...** આહાહા! જેને આવી ક્રિયાની પણ અપેક્ષા નથી, એવા વ્યવહારના રાગની અપેક્ષા (નથી). એવો તપોધન–મુનિ **સાક્ષાત્ મોક્ષના કારણ સ્વાત્માશ્રિત આવશ્યક-કર્મ...** પોતાનો ભગવાન એને આશ્રયે, એને અવલંબે, અંતર્મુખને આધારે જે આવશ્યક કર્મ (અર્થાત્) જરૂરની નિર્મળતા–વીતરાગી પર્યાય એને એ જાણતોય નથી કે આ શું છે ધર્મ અને આ ક્રિયામાં પોતે કુશળ અને ડાહ્યો છે. **મોક્ષના સાક્ષાત્ કારણભૂત...** ત્યારે કહે છે કે ઓલી પરંપરા કારણ આવશે કે નહીં એમાં? આમાં સાક્ષાત્ કારણ કહ્યું છેને? આહીં તો રાગને તાબે થઈને એકત્વબુદ્ધિ જેની છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો રાગ એમાં એકત્વબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિ છે, આહાહા! એ જૈન નથી. જૈન તો એને કહીએ કે જે રાગની ક્રિયાથી પૃથક્ આત્મસ્વભાવમાં એકત્વ થાય અને રાગથી પૃથક્ થાય, એને જૈન કહીએ. આહાહા! સમજાણું કાંઈ? જૈન તો આ વસ્તુનું સ્વરૂપ છે. કહો, ચંદ્રકાંત!

કહે, આ ધર્મ સાચો ને બીજો સાચો નહીં એનું કારણ? સવારે પ્રશ્ન કર્યો હતો. આ જ વસ્તુ છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. આત્માનો સ્વભાવ વીતરાગમૂર્તિ આત્મા છે એનો આશ્રય લઈને વીતરાગી પરિણતિ પ્રગટ કરવી એ ધર્મ, એ જૈનધર્મ. સમજાણું કાંઈ? એવો ધર્મ અન્યમાં ક્યાંય હોઈ શકે નહીં. કારણ કે આત્મા જ પોતે અખંડાનંદ ચિદાનંદનો કંદ પ્રભુ છે, જેવી વીતરાગદશા ને કેવળજ્ઞાનદશા પ્રગટ કરવી છે એ પ્રગટનું ધામ તો આત્મા પોતે છે. એવા

આત્માનો જ્યાં આશ્રય નથી એ જૈન નથી. રાગને આશ્રય માને એ જૈન નથી એમ કહે છે આહીં તો. આહાહા! ભારે! સમજાણું કાંઈ? વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા અકષાયસ્વભાવનો કંદ, રસકંદ એની સન્મુખ થઈને જે ક્રિયા થાય એને અહીં જૈનની ક્રિયા ને ધાર્મિક ક્રિયા કહેવામાં આવે છે. દુનિયા સાથે કાંઈ મેળ ખાય એવું નથી. વાડા સાથે મેળ ખાય એવું નથી. શાંતિભાઈ! આહાહા!

અરે બાપુ! તું મોટો પ્રભુ છોને! તારામાં અનંત પ્રભુતા ને અનંત પરમેશ્વરતા પડી છે. પરમેશ્વરને પડખે જઈને જે એકાગ્રતા થાય એનું નામ વીતરાગે ધર્મ અને જૈનધર્મ કહ્યો છે. કહો, કાંતિભાઈ! **મોક્ષના સાક્ષાત્ કારણભૂત સ્વાત્માશ્રિત...** દેખો! ઓલી બધી પરાશ્રિત ક્રિયા હતી. સ્વ-આત્મા ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથે જોયો, પરમાત્મા તીર્થંકરદેવે આ આત્માને જોયો કે આ આત્મા પવિત્ર આનંદનું ... છે. એવા આત્માને આશ્રયે સ્વાત્માશ્રિત... પાછું સ્વ-આત્માશ્રિત. પર આત્મા તીર્થંકરનો કેવળજ્ઞાનીનો નહીં. **આવશ્યક-કર્મને** (એટલે) જરૂરનું આત્માનું કામ. સ્વનો આશ્રય લેવો એ જરૂરીયાતનું કાર્ય છે. સમજાણું કાંઈ?

આ છ આવશ્યક, કહે છેને, હંમેશા (કરવા). દેવની ભક્તિ, ગુરુનું વંદન. એ નહીં, એ નહીં. એ (મુનિના) છ આવશ્યક. આ તો (શ્રાવકના) આવશ્યક દિને-દિને કરવા. દરરોજ છ આવશ્યક શ્રાવકને આવે છે. અરિહંતની ભક્તિ, ગુરુની (સેવા), વંદન, સ્વાધ્યાય, દયા, દાન, તપ એ છ આવશ્યક આવે છે. એ પણ શુભરાગ છે. ધર્મીને અંતરમાં સ્વભાવનો આશ્રય હોવા છતાં સ્થિરતા વિશેષ ન હોય ત્યારે એવા ભાવ હોય, પણ એ ભાવ ધર્મ નહીં, પુણ્યનું કારણ છે. આહાહા! અરે! આખા જન્મ-મરણને ઉખાડી નાખવા છે, જન્મ-મરણના ભાવને જ્યાં ધ્વંસ (કરવા છે)–ડામ દેવો છે, એ ક્રિયા તો આત્માને આશ્રયે થાય. સમજાણું કાંઈ? આહાહા! માણસને સમજવું મુશ્કેલ પડે મગજમાં કે શું કહે છે આ. આ બધો વ્યવહાર એ ધર્મ નહીં. ત્યારે કરવામાં તો વ્યવહાર આવે, દેખવામાં વ્યવહાર આવે, આચરણમાં પણ (વ્યવહાર). એ વ્યવહાર ધર્મ નથી, સાંભળને! આહા! સ્વાત્માશ્રિત આવશ્યક કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના અવલંબે થાય અંદરથી, એવા કાર્યને જાણતોય નથી એમ કહે છે.

**નિશ્ચયથી પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિરૂપ...** દેખો! નિશ્ચયથી પરમાત્મતત્ત્વ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ નિજસ્વરૂપ એમાં વિશ્રાંતિ, આનંદધામમાં વિશ્રામ લેવો એવું નિશ્ચય ધર્મધ્યાન. સમજાણું કાંઈ? બહુ કામ ભારે. ભક્તિવાળાને આકરું પડે, વ્રતવાળાને આકરું પડે. ભક્તિ કરતાં કરતાં કલ્યાણ થઈ જશે. ધૂળેય નહીં થાય, સાંભળને! એવી ભક્તિ તો અનંતવાર કરી છે પરની. સ્વાત્માશ્રિત ભક્તિ એણે કદી કરી નથી. **પરમાત્મતત્ત્વમાં વિશ્રાંતિ**... દેખો! ભાષા. એ રાગ છે તે અવિશ્રાંત છે. પરમાત્મતત્ત્વ એટલે પરમસ્વરૂપ ભગવાન એમાં વિશ્રાંતિ–એમાં ઠરવું, એમાં પ્રસરવું એવું જે નિશ્ચયધર્મધ્યાન–સાચું ધર્મધ્યાન, એને આવી ક્રિયાકાંડવાળા

જાણતા નથી. આહીં તો (કહે છે), જાણતા નથી. કરતા નથી એમ નથી કીધું. જાણતાય નથી. આહાહા! સમજાણું કાંઈ?

નિશ્ચય–સાચું ધર્મધ્યાન, એ તો ત્રિકાળી આત્મા આનંદનો આશ્રય લઈને એકાગ્રતા થાય, વીતરાગી નિર્વિકલ્પદશા થાય, એ સ્વાશ્રય થાય તે સાચું ધર્મધ્યાન છે, એ મુક્તિનું કારણ છે. આહા! આ પરદેશવાળાએ બધું સાંભળ્યું ન હોય ત્યાં. રૂપિયા.. રૂપિયા.. રૂપિયા.. રૂપિયા. એય દેવજીભાઈ! ન્યાં રૂપિયા-રૂપિયા હોય આફ્રિકામાં તો. આહાહા! વીતરાગ તીર્થંકરદેવ કેવળજ્ઞાની પરમાત્મા એનો ધર્મ એ તો સ્વ-આશ્રયે થાય. આહાહા! જયંતીભાઈ! ભારે આકરું પડે. વાડાવાળાને તો (એમ) લાગે કે અરર! આ વ્યવહારનો તો નાશ થઈ જાય છે. પણ એ વ્યવહાર એટલે રાગ, એની રુચિ છોડ્યા વિના આત્માની દૃષ્ટિ થાય નહીં અને આત્માની દૃષ્ટિ થયા વિના ધર્મ થાય નહીં. આહાહા!

એવા **નિશ્ચયધર્મધ્યાનને તથા શુક્લધ્યાનને...** ઊંચું સ્વાત્માશ્રિત એને **જાણતો નથી...** એના ખ્યાલમાંય નથી કે આ કાંઈ ધર્મ બીજી ચીજ છે. આહાહા! **તેથી પરદ્રવ્યમાં પરિણત હોવાથી...** લ્યો, દેખો! માથે જેટલી ક્રિયા કીધી એ રાગની છે અને એ પરદ્રવ્યમાં પરિણમ્યો છે. રાગ એ સ્વદ્રવ્ય નથી, સ્વવસ્તુ નથી. આહાહા! એ **પરદ્રવ્યમાં પરિણત હોવાથી તેને અવશ કહેવામાં આવ્યો છે.** ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા... આ પહેલી જે ક્રિયા કીધી બધી ઉપવાસ, ઉણોદરી ને રસપરિત્યાગ, કાયક્લેશ જે રાગની ને વિનયની—એને પરવશ ભગવાને કીધો છે, પરને તાબે થઈ ગયો છે. આહાહા! એ દુઃખમાં ગરકાવ છે કહે છે. આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસ એનાથી (ભિન્ન) આ ક્રિયાકાંડના શુભરાગના ભાવો બધા દુઃખરૂપ છે એમ કહે છે. પરવશ છે એ. છેને? આહાહા! **અન્યવશ કહેવામાં આવ્યો છે**. ભગવાને એને અન્યવશ કહ્યો છે. તીર્થંકરોએ, સંતોએ આવી રાગની–શુભરાગની ક્રિયા એને પરવશ કહ્યો છે, એ પરાધીન થયો છે. આહાહા! સમજાણું કાંઈ?

**જેનું ચિત્ત તપશ્ચરણમાં લીન છે એવો આ અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશની પરંપરા પામવાથી...** લ્યો. એવી ક્રિયામાં–પરદ્રવ્યમાં પરિણત હોવાથી જેનું ચિત્ત તપશ્ચરણ એટલે શુભરાગ એમાં લીન છે. વ્યવહાર તપસ્યા એટલે શુભરાગ, વ્યવહાર મુનિપણું. **અન્યવશ શ્રમણ દેવલોકાદિના ક્લેશ...** એ તો દેવલોકમાં ક્લેશ ભોગવશે. એ પુણ્યના ફળમાં દેવલોકમાં ક્લેશને ભોગવશે. દેવલોક આદિ અને આ અબજોપતિ, કરોડોપતિ શેઠીયાઓ જે છે એ બિચારા બધા દુઃખી છે. પુણ્યના ફળમાં કષાયના અંગારાથી સળગી રહ્યા છે કહે છે. સમજાણું કાંઈ?

એ **અન્યવશ શ્રમણ દેવલોકાદિ** છેને? દેવલોક હોય, મરીને શેઠ થાય, આ ધૂળ, બે-પાંચ કરોડ, દસ કરોડ. લ્યોને, અબજોપતિ છેને અત્યારે કેટલાક આપણા વાણિયામાંય.

સમજાણું કાંઈ? કહે છે, એ પૂર્વના શુભરાગના ફળમાં કષાયની અગ્નિ સળગે છે. એ સુખી નથી, એ દુઃખી છે. આહાહા! આખી વાત મોટી. આહીં તો કહે છે કે એવા શુભભાવ કર્યા હશે એના ફળમાં આ અબજોપતિ વાણિયા શેઠીયા થાય, કાં દેવ થાય. બધા કષાયની અગ્નિથી સળગશે. ન્યાં ક્યાંય છૂટશે નહીં. આત્મા નથી એમાં. આહાહા!

**દેવલોકાદિના ક્લેશની પરંપરા**... પાછી દેખો! શુભભાવ એનાથી પુણ્ય બંધાય, એનાથી દેવ થાય, ન્યાંથી મરીને શેઠ થાય—એવી ક્લેશની પરંપરા. એ તો દુઃખની પરંપરામાં ડૂબી ગયા છે. આહાહા! દુઃખી છે કહે છે. આત્માનો આશ્રય નથી ત્યાં બધા દુઃખી છે. આહાહા! પૂર્વે શુભભાવ કર્યા હોય, એનું પુણ્ય બંધાય, એના (ફળમાં) બહારમાં પૈસા દેખાય ધૂળ અને એનાથી માને કે અમે સુખી છીએ. દુઃખી છે. આહાહા! આહીં તો ક્લેશની પરંપરા કીધી. નહીં કે એના પછી વળી કાંઈક શુદ્ધનો લાભ થાય કે ભગવાનનો. આહાહા! **શુભોપયોગના ફળસ્વરૂપ**... દેખો! એ શુભરાગ–શુભભાવ છે એના ફળસ્વરૂપ **પ્રશસ્ત રાગરૂપી અંગારાઓથી શેકાતો થકો**... એ શુભરાગના અંગારાથી શેકાતો થકો... બસ. શુભભાવથી આમ થાશે એમ કહે છે. જેઠાભાઈ! એ તો બધો ધર્મ હતો આખો, એ સર્વસ્વ. ઉના પાણી પીવા, એકાંતમાં રહેવું, એક આસને ખાવું, બરાબર ઉપધાન કરવા. એમાં રાગની મંદતાનો ભાવ (હોય તો) એ પુણ્ય છે.

**શુભોપયોગના ફળસ્વરૂપ** શુભરાગરૂપી... દેખો! આહીં તો એ કીધું. **પ્રશસ્ત રાગરૂપી અંગારાથી શેકાતો થકો**... આહાહા! સમજાણું કાંઈ? આત્માની શાંતિ ત્યાં ક્યાંય છે નહીં. એણે ક્રિયાઓ શુભભાવની કરી, એના ફળમાં દેવલોક ને શેઠાઈના અંગારામાં સળગશે. ચાર ગતિમાં દુઃખ છે, ક્યાંય સુખ છે નહીં. સુખ તો આત્મામાં છે. ભાઈ! આ શેઠીયાને સુખી કહે છેને? પૈસાવાળા છે, એની પાસે પાંચ કરોડ છે, દસ કરોડ છે, સુખી છે. અંગારાથી શેકાય છે, કહે છે આહીં તો. આહા! કષાયની અગ્નિ છે. અંતર આત્માસ્વરૂપ ભગવાન એનો જેણે આશ્રય લીધો નથી, એના ફળ તરીકે તો આ બધા અંગારામાં શેકાય છે. આહાહા! સમજાણું કાંઈ? બધી શુભભાવની ક્રિયા નાખી છે આમાં. પાઠમાં શુભભાવ છે ખરોને. **आवासयलक्खणं ण**... એ આવશ્યક કાર્ય આત્માનું નહીં. ક્રિયાકાંડ શુભભાવ એ આત્માનું આવશ્યક કાર્ય નહીં. આહાહા!

હવે સવળું કહે છે. આવો શેકાતો હતો તે (વળે) છે, કહે છે. હવે એમાંથી કોઈ **આસન્નભવ્યતારૂપી ગુણનો ઉદય થતાં**... શુભરાગની ક્રિયાથી ભિન્ન પડીને, હું આત્મા આનંદસ્વરૂપ છું એવું આસન્નભવ્યતારૂપી—જેની ભવ્યતા નજીક થઈ ગઈ છે, મોક્ષને માટે, આનંદની પ્રાપ્તિ માટે જેની યોગ્યતા તદ્દન નજીક છે એવા **ગુણનો ઉદય થતાં**... દેખો! આહાહા! **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત**... પરમગુરુએ કહ્યું કે ભગવાન! એ રાગની ક્રિયાને છોડ દૃષ્ટિમાંથી. આહાહા! પણ એણે કીધું એવું કર્યું છેને. કર્યું એવું કહ્યું હતું અને કહ્યું એવું કર્યું છે. આહાહા!

ભાઈએ લખ્યું છે એક ઠેકાણે. સોગાનીએ લખ્યું છે. મેં તો મહારાજે કહ્યું હતું એ કાર્ય કર્યું છે. એમ આવ્યું છે એમાં–સોગાનીમાં આવ્યું છે. એમણે કીધું એ મેં તો કર્યું છે. છે એમાં? યાદ નથી. છે. આ ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે. રાગ ને જ્ઞાન બે જુદા છે—એમ કહ્યું હતુંને. લખ્યું છે.

વિકલ્પ ને નિર્વિકલ્પ પ્રભુ ભગવાન–બે, ઓલો રાગ ને આત્મા–બે તદ્દન જુદી ચીજ છે. એમ અંતરમાં સ્વનો આશ્રય લઈ અને જેને ગુણનો ઉદય થયો છે. ગુણનો ઉદય. ઓલો રાગનો ઉદય હતો અનાદિથી. હવે ગુણ જેને પ્રગટ્યા છે. આહાહા! સમ્યગ્દર્શનમાં–આત્માના અનુભવમાં ગુણની દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ભારે મોંઘું. હજી બહારથી નવરા થવાને વખત ન મળે. એ નટુ! માંડ-માંડ આવો બે દિ'-ચાર દિ'. ધંધો હમણા હમણાં સારો થઈ ગયો. પોષ મહિને, મહા મહિને શરૂ થઈ જાય કપાસ-બપાસ, જીન ને. એ લોઢા દુકાનની... આહાહા! સીઝનમાં ક્યાં આવે? કોણ આવે ન્યાં? એના ઉપર બહુ કામ છે ત્રણે માથે. શરીર એનું સારું નિરોગી, જોડાય દુકાનના પાપમાં. આહાહા!

કહે છે કે ગુરુએ એમ કહ્યું હતું કે એની કૃપામાં એમ આવ્યું હતું કે... 'પ્રસાદ' (શબ્દ) છેને? આહાહા! **પરમતત્ત્વનાં શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનસ્વરૂપ...** પરમતત્ત્વ એવો ભગવાન પૂર્ણાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ, એવું પરમતત્ત્વ એની શ્રદ્ધા–અંતર્મુખ આત્માની શ્રદ્ધા, નિર્વિકલ્પ અનુભવ, એવું પરમતત્ત્વનું જ્ઞાન.. દેખો! પરનું, શાસ્ત્રનું જ્ઞાન કાઢી નાખ્યું. આત્મા અંદર છે એનું જ્ઞાન અને એનું અનુષ્ઠાન–સ્વરૂપમાં ઠરવું, આચરણ, સ્વરૂપમાં આનંદમાં ઠરવું એ ચારિત્ર. આહાહા! **શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિ વડે...** એવા શુદ્ધનિશ્ચય રત્નત્રય એના વડે એ **નિર્વાણને પામે છે.** ઓલો શેકાય છે અને આ નિર્વાણને પામે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પોતાનો આશ્રય છોડીને એકલી શુભક્રિયાઓ કરનારાઓ કષાયના અંગારાથી શેકાય છે, કહે છે. ક્યારે? ભગવાન આત્માના આશ્રયે ચૈતન્યની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયા વડે, શુદ્ધનિશ્ચય પરિણતિ–પર્યાય વડે એ તદ્દન શીતળીભૂત નિર્વાણને પામે છે. આહાહા! સમજાણું કાંઈ?

પુણ્યની મીઠાશ એવી હોય છેને જગતને. બહારના સંયોગો—બે-પાંચ કરોડ રૂપિયા હોય, દીકરા સારા હોય, આબરૂ ઠીક હોય, શરીર ઠીક હોય. અંગારા છે ધૂળના. આહા! એની જેને મીઠાશ છે, એને શુભભાવની મીઠાશ પૂરી પડી છે. એને આત્માનો પ્રેમ નથી. સમજાણું કાંઈ? ઓહો! મુનિએ સવળું નાખ્યું પાછું. પાઠમાં તો આ જ છે. **आवासयलक्खणं ण हवे...** આવા જે શુભરાગમાં વર્તે એને આવશ્યકનું સ્વરૂપ નથી. તો પછી છે કોને? એમ એમાંથી કાઢ્યું. ઝીણી વાત છે ભાઈ! આ તો ધીરા થઈને અંતર સ્વરૂપમાં જાવું, એ વિકલ્પની ક્રિયાનો પણ નિષેધ કરીને એકલો ભગવાન આત્મા અંતર્મુખતત્ત્વમાં.. અંતર્મુખતત્ત્વમાં અંતર્મુખપણે

પરિણતિ કરવી.. આહાહા! એ જીવો મુક્તિને પામે છે. 'નિર્વાણ' શબ્દ વાપર્યો છેને. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ. એનો સંસાર કષાય ઓલાઈ ગયો છે. સંસારનો કષાય ઓલાઈ ગયો છે, અકષાયભાવ પૂર્ણ થઈ ગયો છે. નિર્વાણ.. નિર્વાણ.. નિર્વાણ.. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**(ક્યારેક શુદ્ધ-નિશ્ચય-રત્નત્રયપરિણતિને પ્રાપ્ત કરે તો જ અને ત્યારે જ નિર્વાણને પામે છે).** એટલે કે આવું શેકાતાં શેકાતાં ઓલો શુદ્ધને પામે, શુભ કરતા કરતા પામે—એમ નહીં, એમ. કોઈ એમ લઈ લે કે આમાં શેકાય છે એમાંથી આગળ વધીને પામી જશે. એનાથી નહીં. આત્મા મહા અનંત-અનંત શાંતિનો સાગર છે. જેવી મહત્તા–મોટપ એણે બીજાને આપી છે એટલી મોટપ ભાસતી નથી. હું અનંત શાંતિનો સાગર છું, અત્યારે. અનંત આનંદનો દરિયો છું. એવી મોટપ એને ભાસતી નથી (એથી) એની મોટપ પરમાં જાય છે. રાગથી કાં પુણ્યથી કાં ફળથી હણાઈ ગયેલા, ઇજા પામેલા.. આવી ગયું છેને... **કળિથી હણાયેલો**.. આહાહા! કામાંધકારયુક્ત સંસારજનિત સુખમાં રમે છે એ બધા કળિકાળથી દુઃખી થયેલા છે. આહાહા!

આનંદધામ ભગવાન એનો આશ્રય લે અંતર્મુખ જઈને, એના ભેટા કરે, એને નિશ્ચય–સાચું ધર્મધ્યાનની પરિણતિ પ્રગટ થાય, એને મુક્તિ મળે. સમજાણું કાંઈ? પહેલી સમજણમાં તો લે કે માર્ગ આ છે. બીજે માર્ગે માર્ગ સમાય એવો નથી. આહાહા! આ ટીકા પસંદ કરતા નથી કેટલાક. શુભભાવ છે એમાં આટલું બધું લપસીંદર નાખ્યું મોટું લાંબુ. પણ પંચાસ્તિકાયમાં નથી આવતું ૧૭૨ ગાથામાં? વ્યવહારાભાસવાળાની આ બધી વાતો આવે છે. આ બધું તોડી નાખ્યું એમણે. વ્યવહારાભાસનું બહુ નાખ્યું છે. આહાહા! વાત તો સાચેસાચી છે. પોતાનો ભગવાન, આહાહા! એના જેને અંતર માહાત્મ્ય આવ્યા નથી, એને એક સમયની પર્યાયથી પણ અધિક જુદો એવો માહાત્મ્ય દેખાતું નથી... આહાહા! સમજાણું કાંઈ?

અરે! કેવળજ્ઞાનની એક સમયની પર્યાયથી પણ અધિક નામ જુદો એ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એવા દ્રવ્યનું માહાત્મ્ય-મહિમા–એના ગુણગ્રામ એટલે એના તરફની એકાગ્રતા એ અનંત કાળમાં એણે કરી નથી. અને એ એકાગ્રતા વિના એને ધર્મનો અંશ જાગતો નથી. આહાહા! સમજાણું કાંઈ? શુભભાવની વાત હતી લ્યો બધી. **जो चरदि संजदो खलु सुहभावे सो हवेइ अण्णवसो...** એવી ક્રિયા શુભમાં વસે તે અન્યવશ, પરવશ છે. સ્વપ્ને તેને સુખ નથી. પરાધીન છે, સ્વપ્ને સુખ નથી. એવી શુભરાગની ક્રિયા એ પરાધીન ક્રિયા છે. આહાહા! **હવે આ ૧૪૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** લ્યો.

**त्यजतु सुरलोकादिक्लेशे रतिं मुनिपुंगवो**
**भजतु परमानन्दं निर्वाणकारणकारणम्।**
**सकलविमलज्ञानावासं निरावरणात्मकं**
**सहजपरमात्मनं दूरं नयानयसंहतेः ॥२४५॥**

આહાહા! **શ્લોકાર્થ : મુનિવર દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો...** આહાહા! 'શુભભાવની રતિ તજો' એનો અર્થ કે એના ફળની રતિ તજો. આ શુભભાવથી, પુણ્યથી સ્વર્ગ મળશે. 'દેવલોકાદિ' છેને? શેઠાઈ મળશે. ધૂળમાંય નથી, સાંભળને! પામર થઈને પ્રભુને ભૂલી જાય. આખો મોટો પ્રભુ ચૈતન્ય આત્મદ્રવ્ય છે પોતે, એને પર્યાયદૃષ્ટિ ને રાગની રુચિમાં ભૂલી જાય એ મોટો અપરાધ છે. સમજાણું કાંઈ? આહા! શેઠીયો આવ્યો હોય મોટો ગૃહસ્થ અને સામું ન જોવે, થઈ રહ્યું. આને ભાન નથી, કહે. અમે સામા આવ્યા તો સામું જોતો નથી. વયા જાય એ તો પછી, થઈ રહ્યું. આ ભગવાન ત્રણ લોકનો નાથ પ્રગટ–પ્રત્યક્ષ–પ્રસિદ્ધપણે પડ્યો છે અંદર. સમજાણું કાંઈ? એની સામું ન જોવે એનો કાળ વયો જશે. રાગની ક્રિયા એમાં રોકાઈ જશે તો નહીં મળે આ. સમજાણું કાંઈ?

અરે! **મુનિવર દેવલોકાદિ...** 'આદિ' શબ્દ છેને. આ પૈસાવાળા અબજોપતિ હોય છેને અત્યારે ઘણા. આપણા વાણિયામાં અબજોપતિ બે છે, કીધુંને. દુઃખી. એ પ્રત્યે રતિ તજો. એની હોંશ છોડો, એમ કહે છે. શુભભાવનો હોંશ છોડો, એમ કહે છે મૂળ તો. બહુ સતત ઉત્સાહમાં તત્પર છો ત્યાં. શુભભાવની ક્રિયાના (ફળને) છોડ.. છોડ.. રતિ છોડ. એના ફળની રતિ છોડ, એનો અર્થ કે આની રતિ છોડ. કારણ કે એના ફળ તરીકે સ્વર્ગ મળશે. શું તારે જોઈએ છે? સમજાણું કાંઈ? દુઃખ મળશે. આહાહા! **અને નિર્વાણના કારણનું કારણ...** આહાહા! મોક્ષ— આત્માની પરમ સિદ્ધદશા એનું કારણ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર, એનું કારણ આત્મા. સ્વ-આત્મા એનું કારણ છે. મોક્ષ જે પરમાનંદ સિદ્ધદશા 'ણમો સિદ્ધાણં' એ સિદ્ધદશા તે મોક્ષ, એનું કારણ મોક્ષનો માર્ગ–નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (અને) એનું કારણ આત્મા. સમજાણું કાંઈ? ત્રિલોકનો નાથ પરમાત્મા પોતે જ મોક્ષના કારણનું કારણ છે. મૂળ કારણ તો એ છે.

એવો આત્મા મહાપ્રભુ આવડો મોટો એ કેમ બેસે? કોઈ દિ' નજર નાખી નથી, કોઈ દિ' એની કોર ગયો નથી, એની શેરીએ–રસ્તે ગયો નથી કે આ શું છે. એનો આવો ભગવાન, કહે છે કે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું એ કારણ છે. આહાહા! એ કર્યે વિના છૂટકો નથી. એ પૈસા-બૈસામાં સુખ નથી કાંઈ તારે. શિવલાલભાઈ રમે ને ભોગીભાઈ રમે, લ્યો. આ મોટો થાશે પછી પછી એ પણ જોડાશે મજુરીએ. આહાહા! મજુરીયું છે બધું. નટુ! શું હશે? બરાબર

છે? દુકાનની મજૂરી કરે છે. આહીં તો ત્રણ લોકના નાથ પરમાત્મા કહે છે કે અમારી ભક્તિ ને અમારી પૂજા ને અમારું બહુમાન એ પણ તારી મજૂરી છે. આહાહા!

તારો ભગવાન અંદર પડ્યો છે પ્રભુ એનું બહુમાન કરી, સત્કાર કરી, આશ્રય લઈ જે દર્શન-જ્ઞાન ને ચારિત્ર થાય એ મોક્ષનું કારણ અને એ મોક્ષના કારણનું કારણ પ્રભુ તું છો. એ સમ્યગ્દર્શનનું કારણ તું છો એમ કહે છે. આહાહા! સાચા સમ્યગ્દર્શનનું કારણ તું અને સાચા સમ્યગ્જ્ઞાનનું કારણ તું અને સાચા ચારિત્રનું કારણ તું. આહાહા! આવી વસ્તુ છે. આવું આ સ્વરૂપ છે. ચંદ્રકાંત! જૈનનું આવું સ્વરૂપ છે. જૈન એટલે કોઈ વાડો નથી. આ જ ધર્મ છે. બીજે ધર્મ આવો હોઈ શકે નહીં ત્રણ કાળ, ત્રણ લોકમાં. એ જૈનના વાડાવાળાને ખબર નથી તો અન્યને તો ક્યાં હતી વાત? સમજાણું કાંઈ? આવી વસ્તુ છેને. આહાહા!

સાચું સમ્યગ્દર્શન જે મોક્ષનો અવયવ–કારણનું અવયવ, એનું કારણ તો પ્રભુ પોતે છે. આહાહા! એનું કારણ દેવ-ગુરુ-શાસ્ત્ર નહીં. દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધા પણ સમકિતનું કારણ નહીં. આ પૂર્વની પર્યાય ક્ષયોપશમની એટલી ઉઘડી હોય એ પણ સમકિતનું કારણ નહીં. આહાહા! એ જયંતિભાઈ! આ તો સમજાય એવું છે. ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ સાક્ષાત્ પરમાત્મતત્ત્વ પોતે જ છે, એ સમ્યગ્દર્શનનું એ કારણ છે. એનો આશ્રય લીધે સમ્યક્ થાય. દેવ-ગુરુના આશ્રયે, વ્યવહાર વિકલ્પને આશ્રયે નિશ્ચય સમકિત થાય નહીં. વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય એમેય નથી લીધું આહીં તો. વ્યવહાર સમકિત કારણ... 'કારણ ગણી પ્રત્યક્ષ' આવે છેને શ્રીમદ્માં. 'સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્ગુરુ લક્ષ, સમકિત તેને ભાખીયું, કારણ ગણી પ્રત્યક્ષ.' બધી વ્યવહારની વાતું છે.

એમ કે વ્યવહારધર્મ .... કારણ પ્રત્યક્ષ ભગવાન છે. પણ પ્રત્યક્ષ તો તું થા ત્યારે કહેવાય કે આ છે. એ છે એવો વ્યવહાર ક્યારે નક્કી થાય? નિશ્ચયમાં અંતર સ્વરૂપમાં જા, ભગવાનનો આશ્રય લે–તારા ભગવાનનો આશ્રય લે. આહાહા! એ સમ્યગ્દર્શનનું કારણ તો તું પોતે છો કહે છે. વસ્તુ પોતે છે. એમ સમ્યગ્જ્ઞાનનું કારણ આત્મા વસ્તુ પોતે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર એ સમ્યગ્જ્ઞાનનું કારણ નહીં એમ કહે છે. એમાં આવે છે કે નહીં એમાં? **નિર્વાણના કારણનું કારણ**... દેખો! હેઠે. **નિર્વાણનું કારણ પરમ શુદ્ધોપયોગ છે**... ઓલા શુભોપયોગની સામે નાખ્યું છે. **અને પરમશુદ્ધ ઉપયોગરૂપનું કારણ સહજપરમાત્મા છે**. આહાહા! સહજાત્મસ્વરૂપ નિજાત્મસ્વરૂપ એ શુદ્ધોપયોગનું કારણ અને શુદ્ધોપયોગ તે મોક્ષનું કારણ. આમાં એમ નથી કહ્યું કે શુદ્ધોપયોગનું કારણ વ્યવહાર. શુભરાગ એ કારણ ને શુદ્ધોપયોગ એ કાર્ય. આહાહા!

જે કોઈ સંતો–મુનિઓ, આત્માઓ.. એ પુણ્યના ભાવના પ્રેમને છોડો અને મોક્ષનો માર્ગ એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચું એના કારણને ભજો. આહાહા! એ પરમાત્મા પોતે જ છે આત્મા એનું ભજન કરો એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન એ એનું ભજન. આહાહા! તારા

પરમાત્માને સંભાર્યા વિના તારી પરમાત્મદશા પ્રગટ થશે નહીં. આહાહા! ભગવાનને જોઈશ ત્યાં સુધી, એ પરસન્મુખ છે બધી વૃત્તિઓ. એમાં કાંઈ મોક્ષનું કારણ નથી. આહાહા! આહીં તો વ્યવહારને મોક્ષનું કારણ કહ્યું જ નથી જુઓ! આહાહા! શુદ્ધ, એ તો શુદ્ધ-ઉપયોગ છે, એ તો સ્વ-આશ્રયે થયેલી દશા છે. એ કાંઈ શુભથી કે નિમિત્તને આશ્રયે થયેલી દશા નથી. આહાહા! સમજાણું કાંઈ? શુદ્ધોપયોગ...

અરે! **નિર્વાણના કારણનું કારણ**... મોક્ષનું કારણ મોક્ષનો માર્ગ ને મોક્ષના માર્ગનું કારણ આત્મદ્રવ્ય. પૂર્ણાનંદ પ્રભુ પોતે એ મોક્ષના કારણનું કારણ છે. આહાહા! ગજબ વાત કરે છે ને! એમાં બીજું કારણ નાખીશ નહીં. આ એક જ કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? **એવા સહજપરમાત્માને ભજો.** એમ કીધુંને. લ્યો, સહજાત્મસ્વરૂપ તારું પૂર્ણ એનું ભજન કર, એની સામું જોઈને એમાં ઠરવું એ એનું ભજન છે. કેવો છે એ? **કે જે સહજપરમાત્મા પરમાનંદમય છે...** સ્વભાવિક ભગવાન આત્મા તો પરમ આનંદની મૂર્તિ છે. **સર્વથા નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે...** આહાહા!

**નિરાવરણસ્વરૂપ છે...** ભગવાન પોતે વસ્તુ છે એ નિરાવરણસ્વરૂપ છે. **અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી) દૂર છે.** વિકલ્પો નથી ત્યાં. નિશ્ચય આવો છે અને વ્યવહાર—એવા વિકલ્પો ત્યાં નથી. એવો ભગવાન આત્મા–આત્મદ્રવ્ય એને ભજો. એની સન્મુખતા થાય એ એનું ભજન. એની વિમુખતા એ તેની અભક્તિ. સમજાણું કાંઈ? એને નિર્વાણની પ્રાપ્તિ (થાય). સ્વદ્રવ્યનો આશ્રય કરે એનો મોક્ષનો માર્ગ (શરૂ) થાય, મોક્ષમાર્ગ થાય એને મોક્ષ થાય, બીજાને મોક્ષ થાય નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧૪, સોમવાર, તા. ૧-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૪૫, પ્રવચન નં. ૧૬૫**

આ નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર), ૧૪૫ ગાથા.

**दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो ।**
**मोहंधयारववगयसमणा कहयंति एरिसयं ॥१४५॥**
**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

**ટીકા : અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.** ઝીણી વાત છે વિશેષ. **ભગવાન અર્હંતના મુખારવિંદથી નીકળેલા (કહેવાયેલા)...** કહે છે કે અંદરમાં જે શુભભાવ કહ્યો—સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાઉસગ્ગ વિગેરેનો રાગ એ કાંઈ ધર્મ નથી. ભાવ જે વિકલ્પ શુભરાગ થાય–શુભોપયોગ—દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ એ બધું આચરણનો ભાવ છે એ તો શુભરાગ છે. એ નિશ્ચય સત્યસ્વરૂપ નથી, એ ધર્મ નથી, એનાથી ધર્મ થતો નથી. અહીંયા તો વિશેષ વાત વધારે લીધી છે. ભગવંત–ભગવાન અરિહંતના મુખારવિંદથી... પહેલું તો એ સિદ્ધ કર્યું. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ છે. ભગવાન અર્હંતના મુખકમળથી નીકળેલા **મૂળ અને ઉત્તર પદાર્થોનું સાર્થ (અર્થ સહિત) પ્રતિપાદન કરવામાં સમર્થ...** શું કહે છે?

ભગવાન તીર્થંકરે છ દ્રવ્યો કહ્યા—અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ ને આકાશ. એ ભગવાનના શ્રીમુખે નીકળેલા છ દ્રવ્યો અને એના ઉત્તરભેદો–એના પેટાભેદો ગુણો... સામાન્ય છ, એના પેટાભેદો અનંત અને દરેકના દ્રવ્ય, ગુણ ને પર્યાય, ભગવાન તીર્થંકરે જોયું એવું કહ્યું. એમાં જે દ્રવ્ય-ગુણ-પર્યાયને કહેવામાં સમર્થ... એનું કથન કરવામાં–ઉપદેશ દેવામાં સમર્થ **એવો જે કોઈ દ્રવ્યલિંગધારી મુનિ...** જેણે નગ્નપણું ધારણ કર્યું છે અને આવા ભગવાનના મુખે કહેલાં છ દ્રવ્યો સામાન્યરૂપે ને પેટાભેદે અનંત છે એને કહેવામાં સમર્થ છે, એ પણ **ક્યારેક છ દ્રવ્યમાં ચિત્તને જોડે છે**.

અન્યમતમાં કહેલી વાત તો સાચી નથી, પણ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા છ દ્રવ્ય આહીં લીધા છે. ભગવાન તીર્થંકરદેવ એમના જ્ઞાનમાં ત્રણ કાળ જણાણા, એમાં અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ એમ જાતિ તરીકે છ સંખ્યા અને સંખ્યા તરીકે અનંત જણાણા. એવું જાણીને જે સાધુ થાય દ્રવ્યલિંગી નગ્ન મુનિ... એવા છ દ્રવ્યમાં ચિત્તને જોડે છે એ પણ વિકલ્પ છે, રાગ છે, એ બંધનનું કારણ છે. એ જીવ પરવશ છે. આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદ

સહજાનંદ મૂર્તિ આત્મા એકરૂપ અભેદ એની દૃષ્ટિ કરતો નથી અને આવા ભગવાને કહેલા છ દ્રવ્યના વિકલ્પમાં ને ચિંતામાં રોકાયેલો છે, એ શુભભાવવાળો પણ પરાધીન છે, એ દુઃખી છે. આહાહા! 'હે ભગવાન' કહીને.... છે કે નહીં પણ અંદર? આહાહા!

આહીં તો કહે છે... પહેલું તો એમ કહ્યું હતુંને કે જિનેન્દ્રના વદન-અરવિંદમાંથી નીકળેલા પરમ-આચાર શાસ્ત્રો... આચારશાસ્ત્રો એના પ્રમાણે જે વ્યવહાર આચરણ કરે છે એ પણ પરાધીન, દુઃખી છે. આહાહા! એમ આવ્યું હતુંને પહેલું? જિનેન્દ્રના વદન-અરવિંદમાંથી નીકળેલા–ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એના મુખથી નીકળેલા આચારશાસ્ત્રો... સમજાણું? એ આચારશાસ્ત્રમાં ભગવાને જે વ્યવહાર કહ્યો એવા વ્યવહારની ક્રિયા કરે એ પણ પરાધીન, પરવશ ને દુઃખી છે. સમજાણું કાંઈ? આહીં તેથી આગળ લઈ ગયા કે ભગવાન અરિહંતના મુખારવિંદ–મુખરૂપી કમળ એમાંથી નીકળેલા મૂળ પદાર્થ છ દ્રવ્ય (અને) ઉત્તર અનંત—એવા પદાર્થોને અર્થ સહિત પ્રતિપાદન કરવામાં સમર્થ સાધુ હોય, છતાં એ રાગ છે પુણ્ય, એ પરવશ છે એમ કહે છે આહીં તો. સમજાણું કાંઈ? બહુ આકરું.

વસ્તુનો સ્વભાવ એવો છે એ લોકોને સાંભળવા મળ્યો નથી. લોકો બહારની ક્રિયાકાંડ આ ભક્તિ, પૂજા ને વ્રત ને નિયમ ને અપવાસ, આયંબીલ ને ઓળી—એ બધી ક્રિયામાં રાગ મંદ હોય તો પુણ્ય થાય, ધર્મ નહીં. એનાથી ધર્મ થશે એમેય નહીં. આહીં તો એથી આગળ જઈને પરમાત્માએ કહેલા છ દ્રવ્યો, એના એક-એક દ્રવ્યના અનંતા ગુણો અને એક-એક દ્રવ્યની અનંત ગુણની અનંતી પર્યાય, એને કહેવા પણ જે કોઈ સમર્થ સાધુ હોય... આવી પ્રરૂપણામાં સમર્થ હોય એ કહી શકે, એ ક્યારેક છ દ્રવ્યમાં ચિત્ત જોડે છે. છ દ્રવ્યો જે અનંત છે સંખ્યાએ અને જાતિએ છ, એમાં ચિત્તને જોડે છે એ શુભરાગ છે, એ અધર્મ છે. ભારે કામ. આહા! એ શુભરાગ—છ દ્રવ્યનો વિકલ્પ ઉઠે, છ દ્રવ્યની ચિંતા ઉઠે કે આ છ દ્રવ્ય આવા છે.. આવા છે.. આવા છે. એવી પ્રરૂપણામાં સમર્થ છે અને મનને એમાં–છ દ્રવ્યમાં જોડે છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**દ્રવ્યલિંગધારી**... દ્રવ્યલિંગનો અર્થ નગ્ન મુનિ. સમજાણું કાંઈ? દિગંબર મુનિ નગ્ન હોય, ૨૮ મૂળગુણ પાળતો હોય, છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! કેમકે એ ૨૮ મૂળગુણ વિકલ્પ છે–રાગ છે અને રાગની એકતાબુદ્ધિ તે મિથ્યાત્વ છે. આહા! એથી આગળ જતાં કહે છે કે નગ્ન મુનિ એટલો વિદ્વાન છે કે ભગવાનના કહેલા મૂળ પદાર્થ અને એના પેટાભેદોને કહેવામાં સમર્થ છે વાણી દ્વારા અને મનને એ છ દ્રવ્યની અંદર જોડે છે. પંડિતજી! તોય કહે છે, એ અધર્મ છે. ગજબ વાત છે! એ શુભચિંતા છે, રાગ છે. એ સુમનભાઈ! સુમનનું મનને જોડવું છ દ્રવ્યમાં, તોય કહે છે, રાગ છે. માર્ગ એવો છે કોઈ. **છ દ્રવ્યોમાં ચિત્તને જોડે છે...** તોપણ એ રાગ–

વિકલ્પ છે. શુભરાગ છે, એ ધર્મ નહીં અને છ દ્રવ્યમાં મનને જોડવું એ ધર્મનું કારણ પણ નહીં. આહાહા!

છ દ્રવ્યમાં અરિહંતનો પણ આત્મા પણ આવી ગયો, ગુરુનો આત્મા આવી ગયો. સમજાણું? એ બીજા છ દ્રવ્યોમાં ચિત્તને જોડે છે, કહે છે, એ તો વિકલ્પ છે, રાગ છે, એ ધર્મ નથી, તેમ ધર્મનું કારણ પણ નથી. આહાહા! ગજબ વાત છે. રાગ છેને. વિકલ્પ છે, વૃત્તિ ઉઠે છે. માર્ગ તો એવો છે ભાઈ! વીતરાગ માર્ગ છેને! સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ માર્ગ કોઈ અલૌકિક છે. દુનિયાને બહારથી મળી છે કેળવણી. અંદરની વાત શું છે એની એને ખબર નથી. જૈનના નામે—'જૈનધર્મ આવો છે' એમ કહીને—પિરસ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

**ક્યારેક તેમના મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન ગુણોમાં મનને જોડે છે...** ભગવાને મુખારવિંદથી કહેલા હોં. સર્વજ્ઞે કહેલા એવા છ દ્રવ્યો એમાં મૂર્ત કેટલા અને અમૂર્ત કેટલા એમ વિચાર–ચિંતાને જોડે છે. પરમાણુ એ મૂર્ત છે અને એ સિવાય પાંચ અમૂર્ત છે. પણ એ બધો એની સાથે વિચારમાં મનને જોડવું એ રાગ છે. **ચેતન-અચેતન ગુણો**... મૂર્ત-અમૂર્ત ગુણો અને ચેતન-અચેતન ગુણો. પરમાણુ મૂર્ત છે એના ગુણો મૂર્ત છે. ચેતન આત્મા... અચેતન ધર્માસ્તિ આદિ અચેતન એના ગુણો પણ અચેતન છે. આત્મા ચેતન છે એના ગુણો ચેતન છે, અમૂર્ત છે. એમાં જે મનને જોડે... એ ભેદ પાડીને જોડે છેને. આહાહા! સમજાણું કાંઈ? એ જીવ પરવશ છે, એ રાગને તાબે થઈ ગયેલો છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ નિષ્ક્રિય અભેદ ચૈતન્ય એને તાબે થતો નથી. આહાહા! ભારે વાત. શાંતિભાઈ! આવું ... સ્વરૂપ?

હજી એના છ દ્રવ્યના નામના અને ભાવના પણ ઠેકાણા ન હોય. આ તો છ દ્રવ્ય બરાબર જાણે, એના ગુણો જાણે, મૂર્તના મૂર્તગુણ ને અરૂપીના અરૂપી ગુણ એમ જાણે, એનો વિચાર કરે અંદરમાં, એ પણ શુભવિકલ્પ છે, રાગ છે, ચિંતા છે, એ સંસાર છે ત્યાં સુધી. ભીખાભાઈ! ભારે વાત! આખી દુનિયાથી બીજી વાત છે એટલે લોકો વાતું કરે, આ શું? આ શું? વળી... 'ક્યારેક-ક્યારેક' કહ્યું છેને? વિકલ્પમાં છેને એટલે ક્યારેક આહીં જોડે અને ક્યારેક આહીં જોડે, એમ. **અને વળી ક્યારેક તેમના અર્થપર્યાયો...** વસ્તુ છે એના ગુણો છે જે પ્રદેશત્વ ગુણ સિવાયના, એ બધા ગુણોની પર્યાયો તે અર્થપર્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જેમ આત્માના જ્ઞાન-દર્શન-આનંદ ગુણો–શક્તિ ત્રિકાળી તેની અવસ્થા તે અર્થપર્યાય કહેવાય. પરમાણુ આ રજકણ–પોઈન્ટ એનો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ એની પર્યાય તે અર્થપર્યાય કહેવાય. એના અંદર વિચારમાં રોકાય, મનને જોડે.

**અને વ્યંજનપર્યાયોમાં બુદ્ધિ જોડે છે...** આકૃતિ. આત્માના પ્રદેશની આકૃતિ આવી હોય, ધર્માસ્તિની આવી હોય, પરમાણુની આવી હોય આકૃતિ. પ્રદેશત્વગુણની આકૃતિ–વસ્તુનો

આકાર–વસ્તુનો પ્રદેશત્વગુણથી થયેલો આકાર એમાં બુદ્ધિ જોડે છે. એ શુભરાગમાં છે અને એ શુભરાગમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે આકરું કામ.

શ્રોતા : એટલી બુદ્ધિવાળો જીવ છે એ સ્વભાવ તરફ કેમ વળતો નથી ને....?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ દરકાર નથી. ઓલા ભેદ ઉપર લક્ષ છે એમ કહે છે. સમજાણું કાંઈ? 'આવા ભેદ વિચારું તો લાભ થશે' એવી એની બુદ્ધિ છે એમાં.

આ તો તીર્થંકરનો મૂળ માર્ગ છે. એ માર્ગ લોકોએ સાંભળ્યો નથી. ઓલા કહે કે છ કાયની દયા પાળો, બીજા કહે કે વ્રત પાળો, ત્રીજો કહે કે અપવાસ કરો, ચોથો કહે કે જાત્રા કરો. એની વાત તો કાઢી નાખી પહેલી. એ બધા વિકલ્પ ને રાગ છે, એ કાંઈ ધર્મ છે નહીં. પણ અહીં તો ભગવાને કહેલા છ દ્રવ્યો, એના અનંતા ગુણો, એની અનંતી વર્તમાન દશા–હાલત–પર્યાયો, અર્થપર્યાય અને વ્યંજનપર્યાય... પ્રદેશત્વગુણ સિવાય બધા ગુણોની દશાને અર્થપર્યાય કહીએ, પ્રદેશત્વગુણની પર્યાયને આકૃતિ ને વ્યંજનપર્યાય કહીએ. જૈનસિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. આવે છેને જૈનસિદ્ધાંત પ્રવેશિકા?

એના વિકલ્પમાં જોડાય, પણ ભગવાન આત્મા **ત્રિકાળ નિરાવરણ** પ્રભુ આત્મા છે... ત્રિકાળ નિરાવરણ ચૈતન્યસત્તા આનંદકંદ પ્રભુ. દ્રવ્ય એટલે વસ્તુ, ત્રિકાળ નિરાવરણ–જેમાં આવરણ જ નથી. **નિત્યાનંદ જેનું લક્ષણ છે...** નિત્ય-આનંદ જેનું સ્વરૂપ છે. ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ પોતે નિરાવરણ છે. એ તો પર્યાયમાં રાગનું નિમિત્ત છે એને આવરણનું નિમિત્ત કહેવાય. વસ્તુને આવરણ છે નહીં. વસ્તુ એટલે ત્રિકાળી સત્.. સત્.. ચિદાનંદમૂર્તિ એવું જે નિત્યાનંદ જેનું લક્ષણ ને ત્રિકાળ એવું નિરાવરણ તત્ત્વ **એવા નિજ કારણસમયસારના સ્વરૂપમાં...** એવો જે નિજ કારણસમયસાર... આહાહા!

ધ્રુવ... નિત્યાનંદ નામ ધ્રુવ આનંદ, એવો એકરૂપ ત્રિકાળ નિજ કારણસમયસાર, નિજ કારણપરમાત્માના સ્વરૂપમાં **લીન સહજજ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયોના આધારભૂત...** નિજ કારણસમયસારના સ્વરૂપમાં લીન શું? સહજ જ્ઞાનાદિ શુદ્ધગુણપર્યાયો. એવો જે આધારભૂત **નિજ આત્મતત્ત્વમાં ચિત્ત ક્યારેય જોડતો નથી...** નિત્યાનંદ પ્રભુ એવું જેનું ત્રિકાળ એકરૂપ છે એમાં જે મનને જોડતો નથી એ અન્યવશ છે, પરાધીન છે. આ ભગવાનને લક્ષમાં લઈને ધ્યાન કરે તો પણ પરવશ છે. આહાહા! ભારે કામ ભાઈ! સાધારણ માણસે તો ન સાંભળ્યું હોય એને ગ્રીક-લેટિન જેવું લાગે. આવો માર્ગ હશે વીતરાગનો? શિવલાલભાઈ! પોષા ને પડિકમણા કેટલા કર્યા હોય લ્યો. હવે એને કહે કે તમારું બધું શુભરાગ હતો, એમાં ધર્મ માન્યો તો મિથ્યાત્વ હતું.

આહીં તો છ દ્રવ્ય વીતરાગે કહેલા, એના મૂર્ત-અમૂર્તના ગુણો અને મૂર્ત-અમૂર્ત એના ભાવો અને ચેતન-અચેતન જાત, એની પર્યાયો અર્થપર્યાયો અને (વ્યંજનપર્યાય)—એમ છ

બોલ લીધાને. મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન ગુણો અને અર્થપર્યાય-વ્યંજનપર્યાય છ પ્રકાર લીધા. એના જે અંદર વિચારમાં રોકાય છે, કહે છે, એ રાગ છે, દુઃખ છે. કહો, સમજાણું આમાં? આહાહા! ભગવાન પોતાનો નિજ આત્મા ધ્રુવ નિત્યાનંદ એકરૂપ નિરાવરણસ્વરૂપ એમાં એકાગ્ર થતો નથી, એમાં દૃષ્ટિ મૂકતો નથી, ત્યાં સુધી એને ધર્મ હોતો નથી. સમજાણું કાંઈ?

શ્રોતા : મુશ્કેલી આવતી હશે એને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મુશ્કેલીઓ ન્યાં ક્યાં? એને ઠીક પડી જાય છે ભેદમાં. અભ્યાસ નથી અનાદિનો.

પહેલા બાયડી-છોકરાના નિમિત્તમાં હતો, પાછો દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તમાં આવ્યો, નિમિત્ત બદલ્યું પણ વસ્તુ બદલાતી નથી. ન્યાં ચોંટ્યો પાછો. બાયડી-છોકરા, ધંધામાં હતો, તો અશુભરાગ હતો નિમિત્તમાં. આહીં દેવ-ગુરુ-શાસ્ત્રને ચોંટ્યો ત્યારે શુભરાગ હતો. નિમિત્ત પલટાવ્યું, વસ્તુ પલટાવી નથી એણે. આહાહા! એવી વાત છે ભાઈ! ઝીણી વાત હોં. અરે! દુનિયાને આવો મનુષ્યભવ મળ્યો અને એમાં જિનેન્દ્રદેવના સંપ્રદાયના વાડામાં જન્મ, પણ એને આવું જિનેન્દ્રનું વાસ્તવિક તત્ત્વ સાંભળવા મળે નહીં, આહાહા! જિંદગી અલેખે જાય બધી. એ સાધુ થયો, પંચમહાવ્રત પાળતો હોય, નગ્ન મુનિ હોં. બીજાને તો આહીં ગણ્યા નથી– દ્રવ્યલિંગી પણ નથી ગણ્યા. આહાહા! આહાહા! ૨૮ મૂળગુણ પાળે, મહાવ્રત પાળે, સમિતિ-ગુપ્તિ—બધા શુભરાગ છે, એ તો ક્રિયાનો રાગ છે. આહાહા! ભગવાન.. ભગવાન..

એ સિવાય આહીં તો છ દ્રવ્યના ગુણ-પર્યાયના વિચારમાં રોકાઈ જાય છે, કહે છે, એ રાગ છે, એ ચિંતા છે, એ દુઃખમાં ઊભો છે, એ દુઃખી છે. આરે, વ્યાખ્યા ભારે કરી! પણ ભગવાન આત્મા સહજાનંદ પ્રભુ, અનંત આનંદાદિ ગુણોના ભેદ એના આધારતત્ત્વ એકરૂપ અભેદ ચૈતન્યસ્વરૂપ, અંતર્મુખસ્વરૂપ એવા ચૈતન્યદ્રવ્યમાં દૃષ્ટિ મૂકતો નથી, ચિત્તને ત્યાં જોડતો નથી, એ બધા અધર્મી, અજ્ઞાની, પરવશ ને દુઃખી છે. કહો, સમજાણું કાંઈ? **નિજ કારણસમયસારના સ્વરૂપમાં લીન** છે.... શું? અનંત ગુણો ને પર્યાયો અભેદ છે. એનો આધારભૂત ભગવાન આત્મા એકરૂપ અભેદ ચૈતન્યદ્રવ્ય, એવું નિજ આત્મતત્ત્વ.. એવું પોતાનું–નિજ આત્મતત્ત્વ–વસ્તુ એમાં ચિત્તને ક્યારેય જોડતો નથી. એ બાજુ વળતો જ નથી, અહીં (રાગમાં) જ ઢળ્યા કરે છે.

**તે તપોધનને પણ તે કારણે જ (અર્થાત્ વિકલ્પોને વશ થતો હોવાના કારણે જ) અન્યવશ કહેવામાં આવ્યો છે.** નગ્ન મુનિ દિગંબર હજારો રાણીને છોડીને બેઠો હોય, પંચમહાવ્રતના વિકલ્પમાં રોકાઈ ગયેલો હોય, જંગલમાં વસતો હોય, મહિના-મહિનાના અપવાસમાં જોડાઈ ગયેલો હોય.. આહાહા! સમજાણું કાંઈ? પણ એ બધી વિકલ્પની દશામાં રહેલો છે, એ રાગની દશામાં છે, એ ધર્મની દશામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? એ

વિકલ્પની લાગણી વિનાની ચીજ જે છે ત્રિકાળ નિરાવરણ ભગવાન આત્મા નિજતત્ત્વ આત્મસ્વરૂપ ધ્રુવ અભેદ એમાં દૃષ્ટિ આપતો નથી, એ બધા પરાધીન દુઃખી જીવ ચાર ગતિમાં રખડનારા છે. સમજાય છે કાંઈ? કહો, આમાં સમજાય છે કે નહીં? એ દામોદરભાઈ! આવું ઝીણું છે. આહા! એ પરાધીન છે. પછી આ વેપાર-ધંધાના ભાવની વાત તો શું કરવી? એ નટુ! આ નટુ ત્યાં હુશિયાર ગણાય દુકાનમાં. કહો, સમજાણું કાંઈ? આહાહા!

અરે ભગવાન! એ બધા અશુભરાગની વાતું તો ક્યાંય ગઈ, પણ આહીં તો પંચમહાવ્રત ને શુભ-અનુષ્ઠાન ને અપવાસ મહિના-મહિનાના, છ-છ મહિનાના અપવાસ—એ પણ એક મંદ રાગની ક્રિયા છે, એ આત્માની ક્રિયા નહીં. આત્માની ક્રિયા તો એ વિકલ્પથી રહિત ત્રિકાળ ભગવાન આત્મામાં અંતરસ્વરૂપમાં નિત્યાનંદમાં નિર્વિકલ્પદૃષ્ટિથી એકાગ્ર થવું એનું નામ ધર્મ છે. આહાહા! કહો, સુમનભાઈ! ભારે આકરું! '**તે તપોધન**' કીધું પાછું. છ દ્રવ્યના વિકલ્પમાં જ રોકાય છે, બીજી કાંઈ દુનિયાની એને પડી નથી. જંગલમાં રહેનારો હોય મુનિ. જૈનના સાધુ દ્રવ્યલિંગીઓ પણ જંગલમાં જ રહેતા હતા. માર્ગ તો એ જ હતો વ્યવહારે પણ. એ તો વળી દેવ-ગુરુ-શાસ્ત્ર કીધું, આ તો વિચારમાં બદલાય ... છે. ઓલા પાપના વિચાર હતા, આ પુણ્યના વિચાર છે. સમજાણું કાંઈ?

અરે! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ... તેથી નિત્યાનંદ કહ્યોને? ભગવાન આત્મામાં તો નિત્ય અતીન્દ્રિય આનંદ જ ભર્યો છે. એ આનંદના એક સમયના સ્વાદ આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલ તરણા જેવા દેખાય એવો નિત્યાનંદ ભગવાન આત્મા છે. પણ એને ક્યાં ખબર ન મળે, સાંભળ્યું ન મળે કે હું આવડો છું. સમજાણું કાંઈ? તેથી શબ્દ એમ વાપર્યો છેને. 'નિત્યાનંદ' કહ્યુંને? **ત્રિકાળ નિરાવરણ નિત્યાનંદ જેનું** સ્વરૂપ છે... એ ધ્રુવ નિત્યાનંદ અવિનાશી આનંદથી ભરેલું તત્ત્વ છે, એને અહીંયા ત્રિકાળી આત્મા કહેવામાં આવે છે. એ ત્રિકાળી આત્મા જે નિજ કારણસ્વરૂપ એમાં વલણ કરતો નથી, વર્તમાન પર્યાયને ત્યાં વાળતો નથી અને એ પર્યાય રાગના વિકલ્પમાં રહેલી છે, ભગવાને કહેલા જ્ઞાનના જાણપણામાં–ભેદમાં રોકાયેલો છે. આહાહા!

આ ચોપડાનું જ્ઞાન ને, સુમનભાઈ! તમારું તેલનું જ્ઞાન—એ (જ્ઞાન) નહીં. શું રહી ગયું? કહે છે. આ સંસારના ચોપડાનું તમારે શું હતું એનું? ઓડિટર. એ ઓડિટરનું જાણવું એ તો પાપનો વિકલ્પ છે. પણ આ તો છ દ્રવ્ય ને એના ગુણો ને રૂપી-અરૂપી ને મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતનની જાતનો વિચાર રાખે... આહાહા! સમજાણું કાંઈ? એની આવી પર્યાય હોય, આની પર્યાય આવી હોય. આહાહા! ગજબ વાત હોં. કહે છે કે એ પણ એક વિકલ્પની જાત રાગની છે. એ પરવશ છે, પરાધીન છે, સ્વપ્ને સુખ નહીં. આવા વિચારવાળો પરાધીન એને સ્વપ્ને સુખ આત્માનું નથી. આહાહા! સમજાણું કાંઈ?

પાઠમાં છેને જુઓ! **दव्वगुणपज्जयाणं चित्तं जो कुणइ सो वि अण्णवसो... ते तपोधनने...** એટલો એને શુભભાવ છે. વ્યવહારે મુનિ કહેવાય છે, પરમાર્થે તો અજ્ઞાની છે. આહાહા! ગજબ વાત છે. લાખો શાસ્ત્રો બનાવે, પુસ્તક બનાવે એ બધા વિકલ્પો છે, રાગ છે, એ કાંઈ ધર્મ છે નહીં. આહાહા! મંદિરો કરોડો બનાવે. બનાવે તે ક્યાંથી પણ? બને એમાં એનો શુભભાવ હોય કદાચિત્. આવે છેને તમારે ઓલો શું રાજા? સંપ્રતિ રાજા. કરોડો બિંબ ભરાવ્યા. હરામ એનાથી ધર્મ હોય તો, એમ કહે છે. એ તો પરવસ્તુ છે. એમાં ભાવ હોય તો શુભ હોય, પુણ્યનો હોય, રાગ છે. એ પરાધીન, દુઃખી છે. દુનિયા તો એમ કહે, આહાહા.. આટલા બિંબ ભરાવ્યા, એનું આમ ભરાવ્યું. આમ એનું કર્યું. અરે ભગવાન! કલ્યાણ કોઈ બીજા માર્ગે છે ભાઈ!

આવું ભગવાન આત્માનું જે ત્રિકાળી સ્વરૂપ એમાં જ્ઞાનને જોડતો નથી, એવા ત્રિકાળીમાં પોતાની વર્તમાન પર્યાયને એકત્વ કરતો નથી અને આવા વિકલ્પમાં રોકાયેલ છે, એ કારણે તપોધનને પણ, એમ. આવો ત્યાગી ને આવું આચરણ બાહ્યમાં હોય એવો (હોવા) છતાં પણ અન્યવશ કહેવામાં આવ્યો છે. પર વિકલ્પને વશ થતો હોવાને કારણે... આહાહા! પંડિતજી! ભારે આવું. અન્યવશ એવ. 'પ્રભુનો માર્ગ છે શૂરાનો, કાયરના નહીં કામ..' અન્યમતીમાં કહે છે, નહીં? 'હરિનો માર્ગ છે શૂરાનો..' હરિ એટલે આત્મા હોં. પાપને-પુણ્યના ઓઘને હરે તે હરિ એવો આ ભગવાન આત્મા પોતે. 'હરિનો માર્ગ છે શૂરાનો, કાયરના નહીં કામ.' હીજડા જેવા-પાવૈયા જેવા શુભરાગને રચનારા અને શુભરાગ મારો માનનારા તો નપુંસક છે. જેઠાભાઈ! આવશે, હમણાં ત્રીજા ભાગમાં આવશે. શુભરાગને રચે અને સ્વભાવને ભૂલી ગયો છે એ નપુંસક છે, હીજડો છે, પાવૈયો છે, એને આત્માના સ્વભાવની ખબર નથી. આહાહા! અને એ શુભભાવને પોતાના માને એ તો નપુંસકમાં નપુંસક છે. સમજાણું કાંઈ?

એને **અન્યવશ કહેવામાં આવ્યો છે** એમ કીધું. એટલે? ત્રિલોકનાથ પરમાત્માએ અરિહંતદેવે એને પરવશ કહ્યો છે. સમજાણું કાંઈ? પહેલી સમજણમાં તો સાચી વાત લે કે શું ચીજ છે આ. આ તો તીર્થંકર-અનંત તીર્થંકરો એનો આ માર્ગ છે. આ કાંઈ કાયરના આલીદુઆલીના માર્ગ નથી, આ કોઈ કલ્પેલો માર્ગ નથી. આ તો શાશ્વત પરમાત્મા ત્રિલોકનાથ... ત્રણે કાળમાં ત્રણ લોકના જાણનારા જગતમાં ન હોય એમ ન બને નહીં. જ્યારથી ત્રણ કાળ છે ત્યારથી ત્રણ કાળના જાણનારાઓ તીર્થંકર પણ અનાદિથી છે. સમજાણું કાંઈ? એ તીર્થંકરો એમ કહેતા હતા એમ કહે છે અથવા મહાશ્રમણો શ્રુતકેવળી આમ કહેતા હતાં. શ્રુતકેવળીની વ્યાખ્યા લીધી. **અન્યવશ કહેવામાં આવ્યો છે**. આહા! જે પોતાના નિત્યાનંદ સ્વભાવનો અનાદર કરીને આવા વિકલ્પમાં રોકાણો છે, એ જ પરાધીન દુઃખી પ્રાણી, સંસારી

પ્રાણી છે. ભલે નગ્ન મુનિ દ્રવ્યલિંગમાં બરાબર ચોખ્ખા મહાવ્રત પાળતો હોય તોપણ એ સંસારી છે. આહાહા!

આમ કોણ કહેતા હતા? આમ કોણે કહ્યું? **જેમણે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી તિમિરસમૂહનો નાશ કર્યો છે...** આહા! સમ્યગ્દર્શન જેને પ્રગટ થયું છે (અને) દર્શનમોહનો નાશ થયો છે, ચારિત્રમોહનો નાશ થઈને જેને ચારિત્ર–વીતરાગદશા પ્રગટ થયું છે **અને પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન...** આહા! એ તો વ્યયથી વાત કરી કે નાશ કર્યો અહંકારને. પણ પરમાત્મતત્ત્વ ભગવાન નિજસ્વરૂપ પરમાત્મા એની તત્ત્વની ભાવના (અર્થાત્) અંતરની એકાગ્રતા... દેખો! એનાથી **ઉત્પન્ન વીતરાગસુખામૃતના પાનમાં જે ઉન્મુખ (તત્પર) છે...** લ્યો, આ ઉન્મુખ. ઉન્મુખનો અર્થ 'તત્પર' કર્યો. ઉન્મુખ આવે છેને દર્શન-ઉપયોગમાં? દર્શન-ઉપયોગમાં આવે છે તત્ત્વાર્થસૂત્રમાં. સ્વસન્મુખને ઉન્મુખ કહ્યો છે.

આમ કોણે કહ્યું છે? કે કુંદકુંદાચાર્ય કહે છે કે અમે કહેતા નથી, પણ અનંતા શ્રુતકેવળીઓએ આમ કહ્યું છે. મહાશ્રમણો જેને સમ્યગ્દર્શનથી અજ્ઞાનનો નાશ થયો છે, ચારિત્રથી જેને ચારિત્રમોહનો નાશ થયો છે અને પરમાત્મતત્ત્વ ભગવાન આત્મા ધ્રુવતત્ત્વ, અભેદતત્ત્વ એક સ્વભાવી ભગવાન પોતાનો આત્મા એની ભાવના... દેખો! આ ભાવના એટલે વિકાર ને વિકલ્પની (ભાવના) નથી. એવા સ્વભાવમાં એકાગ્ર થઈ અને એનાથી ઉત્પન્ન થયું શું? **વીતરાગ સુખામૃત...** વીતરાગી આનંદના અમૃતના પાનમાં લીન છે એ. આહાહા! તત્પર છે. વીતરાગના શાસનના મહાશ્રમણો, સંતો એ તો વીતરાગભાવમાં પ્રગટેલા પોતાના વીતરાગ સુખામૃતના પાનમાં જે તત્પર છે. આહાહા! અતીન્દ્રિય આનંદના જેણે ઉછાળા આવ્યા છે અંદરથી. મુનિ છે, શ્રુતકેવળી છે, છદ્મસ્થ છે. સમજાણું કાંઈ?

**પરમાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન...** ઓલા સમજણનો વિકલ્પ છે એ તો રાગ છે, દુઃખ છે એમ કહે છે. એમાં એકાગ્ર થતો હતો. આહીં પરમાત્મતત્ત્વ પોતાનું નિજસ્વરૂપ એમાં એકાગ્રતાથી જે દશા ઉત્પન્ન થઈ વીતરાગ સુખામૃત—વીતરાગી અકષાય આનંદ અમૃતનું પાન, એ અમૃતના પાન પીણા પીવે છે એ. આહાહા! સમજાય છે કાંઈ? **એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો છે...** આવાને મહાશ્રમણ ને શ્રમણ કહેવામાં આવે છે. આહાહા! એ **પરમ શ્રુતકેવળીઓ છે...** આવા આત્માને મહાશ્રમણ કહીએ, સાધુ કહીએ અને એ પરમશ્રુતકેવળીઓ છે. **તેઓ ખરેખર અન્યવશનું આવું (ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે.** લ્યો, આવા શ્રુતકેવળીઓ, મુનિઓ–સાચા સંત (કે જે) વીતરાગ પરમાનંદના અમૃતના પીણામાં લીન તત્પર છે, એ ખરેખર અન્યવશનું આવું સ્વરૂપ કહે છે.

છ દ્રવ્ય, એના ગુણો મૂર્ત-અમૂર્ત, ચેતન-અચેતન, અર્થપર્યાય-(વ્યંજનપર્યાય) એમાં રોકાણો છે એ પરવશ છે, અન્યવશ છે, દુઃખી છે—એમ આવા શ્રુતકેવળીઓ મહાશ્રમણો કહે

છે. સમજાણું કાંઈ? આરે, વાતું ભારે ભાઈ! ઘણાને તો એવું થઈ જાય, અત્યાર સુધી આવું કેટલા પોષા કર્યા, કેટલા પડિકમણા કર્યા સવાર-સાંજ, બાર મહિનામાં કારતક સુદ પૂનમ ને ચૈત્ર સુદ પૂનમની બે જાત્રા કોઈ દિ' મૂકે નહીં શેત્રુંજયની અને કેટલા ઉપધાન કર્યા હોય. કેટલા દિ'ના? ૪૫-૪૫ દિ'ના. ત્રણ વખત. તમે કર્યા છે? એણે ત્રણ વખત કર્યા છે લ્યો. સરવાળો આ રાગમાં પરવશ છે. ન્યાં ક્યાં ધર્મ હતો? સમજાણું કાંઈ? આહાહા! એમ મહાશ્રમણો શ્રુતકેવળી કહે છે. છેને ભાષા કેવી છે!

**એવા શ્રમણો ખરેખર મહાશ્રમણો**... બાકી દ્રવ્યલિંગીઓ આ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર, વિકલ્પોમાં રોકાનારા એ પરાધીન, દુઃખી છે એમ ભગવાન કહે છે, એમ શ્રુતકેવળીઓ મહામુનિઓ કહે છે. આવી વીતરાગની વાણી–ત્રિલોકનાથ તીર્થંકરદેવનું આવું કથન બીજે ક્યાંય હોય નહીં. સમજાય છે કાંઈ? આહાહા! એના વાડામાં જન્મ્યા એને આવું સાંભળવા મળે નહીં, એ બિચારા ધર્મનું શું સ્વરૂપ છે એ ક્યારે જાણે ને ક્યારે દરકાર થાય. આહાહા! સમજાણું કાંઈ? આવા છ દ્રવ્ય ભગવાને કહેલા એના વિચારમાં રોકાય, એના ગુણો આદિના વિચારમાં રોકાય, એ પરાધીન છે એટલે દુઃખી છે. એ રાગમાં રોકાય છે, એ આત્મામાં આવ્યો નથી, એમ પરમ શ્રમણો–શ્રુતકેવળીઓના કથનો છે. કોઈ સાધારણ આલીદુઆલીએ વાત કરી છે એમ નથી, એમ કહે છે. આહાહા! અરે! એને હજી શ્રદ્ધાની ખબર ન મળે વ્યવહારની. સમજાણું કાંઈ?

**તેઓ ખરેખર અન્યવશનું આવું (ઉપર કહ્યા પ્રમાણે) સ્વરૂપ કહે છે**. દ્રવ્ય-ગુણ-પર્યાય એ જૈનદર્શનમાં જ હોય, બીજે હોય નહીં. પર્યાય કોને કહેવી, દ્રવ્ય-ગુણ-પર્યાય? એ જૈનમાં જન્મ્યા એને દ્રવ્ય-ગુણ-પર્યાય કોને કહેવી એની ખબર ન મળે કે જે જૈનદર્શનની જગતની ચીજ છે. એક કોઈકે પૂછ્યું સાધુને, આ તમારું સાધુપણું એ શું? ચારિત્ર એ શું કહેવાય? દ્રવ્ય કહેવાય? ગુણ કહેવાય? ત્રસ કહેવાય કે સ્થાવર કહેવાય? બેમાંથી એક કહે તોય ખોટું હતું. કીધું, આ તમારું સાધુપણું તમે નામ આપો છો કે આ સામાયિક.. સામાયિક કરે છેને, એ સામાયિક ને સાધુપણું એ ત્રસ કહેવાય કે સ્થાવર કહેવાય? પણ અમારા ગુરુએ અમને સમજાવ્યું નથી.

આ તો ઘણા વર્ષની વાત છે. (સંવત) ૧૯૭૬. અમારા ગુરુએ સમજાવ્યું નથી. એલા! હજી ત્રસ ને સ્થાવર એની ખબર નથી તને? મૂળ વાત છે એ આખી વિસરાઈ ગઈ છે. જૈનના વાડામાં પણ અવાવરુ કૂવા જેવા થઈ ગયા છે બધા. અવવારુ કૂવા સમજાય છે? ન સમજે? વહ કુઆ હોતા હૈ ન કુઆ? પાણી ખેંચે ને વાપરે એ વિનાના પડ્યા હોય ખાલી, એને અવાવરુ કૂવા કહે છે. અમારી કાઠિયાવાડી ભાષા છે. ખાલી પડ્યા હોય, પાણી હોય અંદર, પણ કાઢે ને ખેંચે (નહીં). એમને એમ લીલફૂગ, પાણી ઉપર કૂચા પડ્યા હોય. કોઈ ભરવા આવે નહીં, કોઈ

પાણી કાઢે નહીં, કોઈ ઉલેચે નહીં. શ્રીમદે કહ્યું છે. અત્યારે જૈનમાં અવાવરુ કૂવા જેવું થઈ પડ્યું છે. શ્રીમદે કહ્યું છે એ. આહાહા! આવો માર્ગ બાપા! અલૌકિક છે ભાઈ!

કહે છે કે એવા બધા શુભાચરણની ક્રિયા તો ભિન્ન રહો, એ તો પરવશ છે જ, પણ આવા જ્ઞાનના વિચારોના ભેદમાં–દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં વિકલ્પથી રોકાઈ જવું, એ પણ પરાધીન ને દુઃખરૂપ દશા છે. એમાં આત્માના આનંદનો એક અંશ પણ આવતો નથી. આહાહા! (શ્રોતા : શ્વેતામ્બર શાસ્ત્રમાં દ્રવ્ય-ગુણ-પર્યાયની વાત જ નથી). છે, પણ એ વિશેષ નથી, થોડી સાધારણ છે. ૨૮મું અધ્યયન. અમે એમાંથી કાઢતા હતા. ૨૮મું અધ્યયન વાંચતા હતા વ્યાખ્યાનમાં. મોક્ષમાર્ગનું અધ્યયન... થોડું-થોડું કંઠસ્થ... ઉત્તરાધ્યયનું ૨૮મું અધ્યયન મોક્ષમાર્ગ અધ્યયન છે. અમે તો બધું વાંચેલુંને વ્યાખ્યાનમાં. બોટાદ ૮૦ની સાલ. કેટલા વર્ષ થયા? ૪૮ થયા. એ વાંચ્યું હતું. સમયસારનું વાંચેલું. સમયસારના (નામે) ન લઈ શકાય એટલે ૨૮મા અધ્યયનનું નામ લઈને કહેતા. સમજાણું કાંઈ?

એમાં આવે છે, ૨૮મા અધ્યયનમાં દ્રવ્ય-ગુણ-પર્યાય. પણ કોણ એ વિચારે છે? ઠાણંગમાં ત્રીજે ઠાણે આવે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું અજ્ઞાન તે મિથ્યાત્વ છે. પણ એ તો કોની ચીજ..... ક્રિયાકાંડમાં... એ ક્રિયાકાંડ પણ સાધારણ ઠેકાણા વિનાના. એ ૨૮ મૂળગુણ નગ્ન મુનિના હોય એ ક્યાં છે અત્યારે? બિલકુલ નહીં. આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે. એના હિતના માર્ગની એને ખબર નથી. અરે! ... આવો અવતાર. માંડ અનંત કાળે નિગોદમાંથી, એકેન્દ્રિયમાંથી નીકળીને માણસમાં આવ્યો છે. અરે! માણસમાં તો ભવના અભાવની ક્રિયા કરવાની એ વસ્તુ છે. એની એને ખબર ન મળે.

શ્રીમદે કહ્યું છે. 'તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.' આવું મનુષ્યપણું મળ્યું ભાઈ! તને. 'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકેય ટળ્યો.' બાપુ! ભવચક્ર ન ટળે ત્યાં સુધી તારું શું કર્યું તેં? આ બધા પૈસાવાળા શેઠીયા એ બિચારા દુઃખી છે. વીરચંદભાઈ! બિચારા દુઃખી છે હોં. પણ આ તો જે ધર્મને નામે સામાયિક ને પોષા ને પડિકમણા અપવાસ કરે છે બિચારા, એ દુઃખી છે. એને સ્વાધીન શું ને પરાધીન શું એનું કંઈ ભાન નથી. આહાહા! આવા છ દ્રવ્યના ગુણો ને મૂર્ત-અમૂર્તના વિચારમાં અભેદ.. અંતર ભગવાન આત્મા એ અભેદસ્વરૂપ છે નિત્યાનંદ તેના તરફના વલણ વિના આવા વલણમાં રોકાવું એને પરવશ, મહાસંતો, વીતરાગી મુનિઓ, શ્રુતકેવળીઓ એટલે શ્રુતમાં પૂરા એવા કેવળીઓ આને પરવશ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**એવી રીતે અન્યત્ર શ્લોક દ્વારા કહ્યું છે કે :—** આધાર આપે છે.

**आत्मकार्यं परित्यज्य दृष्टादृष्टविरुद्धया ।**
**यतीनां ब्रह्मनिष्ठानां किं तया परिचिन्तया॥**

અરેરે! **શ્લોકાર્થ: આત્મકાર્યને છોડીને...** પોતાનો ભગવાન આત્મા નિત્યાનંદમાં એકાગ્ર થવું એ આત્માનું કાર્ય છે. પરના કાર્ય કરી શકે એ તો નહીં, પણ રાગાદિ દયા, દાનના વિકલ્પનું કાર્ય એ પણ જીવનું–આત્માનું નહીં. અજ્ઞાની એને કાર્ય પોતાનું માને છે. સમજાણું કાંઈ? **આત્મકાર્યને છોડીને...** સહજાનંદમૂર્તિ પ્રભુ એના તરફની એકાગ્રતા, વીતરાગી પર્યાય તે આત્માનું કાર્ય. પંચમહાવ્રતના વિકલ્પો એ પણ આત્માનું કાર્ય નહીં. આહાહા! નવા માણસને તો એવું લાગે કે આ આવું ક્યાંથી કાઢ્યું? આવો માર્ગ છે? અરે ભગવાન! અનાદિનો માર્ગ છે બાપુ! તીર્થંકરો અનંતકાળથી થતા આવે છે અને અત્યારે પણ બિરાજમાન છે, એ બધા તીર્થંકરોનું આ જ કથન છે. સમજાણું કાંઈ? એને નામે બીજું ચલાવે એટલે બીજું થઈ જાય સત્ય? આહાહા!

ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત, જ્ઞાન ને આનંદની ખાણ આત્મા. એની સન્મુખ થઈને એકાગ્ર થવું એ આત્માનું કાર્ય છે. એ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? અરેરે! **આત્માના કાર્યને છોડીને દૃષ્ટ તથા અદૃષ્ટથી વિરુદ્ધ એવી તે ચિંતાથી (પ્રત્યક્ષ તથા પરોક્ષથી વિરુદ્ધ એવા વિકલ્પોથી) બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?** આહાહા! મુનિઓ તો બ્રહ્મ નામ આનંદમાં નિષ્ઠ નામ તત્પર છે, અતીન્દ્રિય આનંદમાં લીન છે. એને મુનિ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? જૈનશાસનના મુનિઓ–વીતરાગી મુનિઓ કેવા હોય? કહે છે કે એ પ્રત્યક્ષ કે પરોક્ષથી વિરુદ્ધ.... વસ્તુ વાસ્તવિક જે છે એનાથી વિરુદ્ધ કલ્પના. એવા વિકલ્પથી વિરુદ્ધ બ્રહ્મનિષ્ઠ... બ્રહ્મ નામ આત્મા આનંદ ભગવાને કહ્યો તે હોં, તીર્થંકરે કહ્યો, સર્વજ્ઞે કહ્યો તે આત્મા. એ બ્રહ્મ નામ આનંદમાં નિષ્ઠ, એવા આનંદમાં લીન એવા સંતોને શું પ્રયોજન છે? બીજી ચિંતાથી કામ શું છે? આહાહા! સમજાણું કાંઈ?

દુનિયામાં પડ્યા, દેરાસર કરાવીએ, એના મહોત્સવ કરાવવા, જ્યાં હોય ત્યાં અથડાવવા, આ તે કાંઈ કામ તારા છે? કહે છે. સાંભળને! આહાહા! અરે! પુસ્તકો બનાવવા, પુસ્તકો વહેંચવા, આ લ્યો એક સેટ, આટલી કિંમત છે. આ ઉપાધિનો ભાર ન મળે બિચારાને. સમજાણું કાંઈ? મુનિઓ–પરમાત્માના સંતો તો એને કહીએ કે એ તો અતીન્દ્રિય આનંદમૂર્તિમાં લીન હોય છે. ભલે કોઈ બીજો વિકલ્પ આવે, પણ છતાં એમાં લીન હોતા નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી વાત પણ, મહાભાગ્ય હોય એને કાને પડે એવી વાત છે. આહાહા! આ તો પરમેશ્વરના હીરા સરાણે ચડાવે છે. સમજાણું કાંઈ? પરમ સત્ય માર્ગ, ભગવાનનો ત્રિલોકનાથ તીર્થંકરોનો વીતરાગીઓનો આ માર્ગ છે. પ્રભુ આત્મા આવો બ્રહ્મ નામ આનંદની મૂર્તિ એમાં નિષ્ઠ, પ્રીતિવાળા, પ્રેમવાળા, લીનવાળા છે. મુનિઓને તો એમ કહે છે કે તમે પંચમહાવ્રતના વિકલ્પમાં લીન (હો તો) એ મુનિ નહીં.

આહીં તો હજી પંચમહાવ્રતના ઠેકાણા ન મળે અને પાળે એને માને કે આ તો પંચમ આરા છે, બધું સરખું ક્યાંથી હોય? પાંચ આંગળીઓ સરખી ન હોય, વળી એમ વાતું કરે. તમે જેવા શ્રાવક એવા અમે (મુનિ). તમારામાં ક્યાં ઠેકાણા છે? અમે પણ એવા છીએ એમ કહે છે. અરે ભગવાન! એમ ન હોય ભાઈ! એમ વીતરાગમાર્ગમાં બચાવ ન હોય. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યે તો ગજબ કામ કર્યાં છે! દુનિયામાં સત્યનો ઢંઢેરો પીટી, કેવળીઓ, તીર્થંકરો અનંત પરમાત્માએ કહ્યા એના ઢંઢેરા જાહેર કર્યાં છે જગતમાં કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? દુનિયા ઈર્ષ્યા કરે, નિંદા કરે, તોપણ માર્ગ તો આ છે ભગવાન! ઈર્ષ્યા, નિંદાથી તું આવા માર્ગની અભક્તિ ન કરીશ. માર્ગ તો આ જ છે. એ માર્ગ પામે, અનુભવે તેને મુક્તિ થાય, એ સિવાય તેને મુક્તિ થતી નથી. આહાહા!

**બ્રહ્મનિષ્ઠ યતિઓને શું પ્રયોજન છે?** આહાહા! મુનિઓને તો આત્માના આનંદના કાર્યમાં પ્રયોજન છે. બીજા વિકલ્પના પ્રયોજનનું એને શું કામ છે? એમ કહીને જરી ઓલંભો આપ્યો છે. ભાઈ! તારે તો આનંદના કાર્યમાં રહેવું એ તારું કાર્ય છે. આવા વિકલ્પની જાળમાં રોકાવું, દુનિયાનું સારું થશે એવા ખરડા કરાવી દઉં, પૈસા ભેગા કરાવું, પાઠશાળા બનાવું. બાપુ! આવા કામમાં તારે શું કામ છે? ભાઈ! એ બધા વિકલ્પ છે, રાગ છે. એ તારે શું કામના છે? તારે તો આનંદમાં રહેવું એ કામ છે. એને આહીં મુનિ ને ધર્મ કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ ૧૫, મંગળવાર, તા. ૨-૧૧-૧૯૭૧**
**શ્લોક - ૨૪૬, ગાથા - ૧૪૬, પ્રવચન નં. ૧૬૬**

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. ગાથા ૧૪૫નો કળશ છે. **વળી આ ૧૪૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :—**

**यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः ।**
**यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्धनम् ॥ २४६ ॥**

અહીંયા ગાથા એ આવીને કે આત્માના દ્રવ્ય, ગુણ ને પર્યાય અથવા છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાય એનો ભેદથી, વિકલ્પથી વિચાર કરવો એ પણ પરવશપણું છે. આહાહા! શુભ-આચરણ જે છે વ્રત આદિની ક્રિયાઓ એ તો પરવશપણું છે જ, પણ છ દ્રવ્ય ભગવાનના શ્રીમુખે નીકળેલા છ દ્રવ્ય, એના અનંતા ગુણો, એની પર્યાયો, મૂળ છ ને પેટા ભેદ અનંત— એના પણ ભેદના વિચારમાં રોકાવું એ પણ એક પરાધીન–પરવશપણું છે, એમાં સ્વવશપણું નથી. જેઠાભાઈ! આ તો દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિકલ્પ કરવા એ પણ પરવશપણું છે આહાહા! એવો માર્ગ છે, લોકોને જરી (કઠણ) લાગે એવું. વસ્તુ એવી છે. અખંડ અભેદ ચૈતન્યવસ્તુ એની અંતર્દૃષ્ટિ કરવી, એનું નામ સ્વવશપણું, સ્વાધીનપણું, એનું નામ સમ્યગ્દર્શન ને જ્ઞાન, ચારિત્ર. બાકી પંચમહાવ્રત આદિના પરિણામ, સમિતિ, ગુપ્તિ આદિના પરિણામ એ તો વિકલ્પ છે અને એને આધીન થઈ જાય તો પછી મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! અહીંયા તો આત્મા દ્રવ્ય-ગુણ ને પર્યાય એવા ત્રણ ભેદના વિકલ્પમાં રોકાય તો પણ, આહાહા! કહે છે કે એ દુઃખદશા છે. સમજાણું કાંઈ? એ આત્માના સ્વભાવના સાધનનું કારણ નથી એમ કહે છે.

**શ્લોકાર્થ : જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે...** લાકડા સહિતની અગ્નિ વૃદ્ધિ પામે છે... **જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે...** જ્યાં સુધી લાકડા ત્યાં સુધી અગ્નિ વધે. **તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (વિકલ્પો) છે...** પરની ચિંતા તો નહીં, દેવ-ગુરુ-શાસ્ત્રની ચિંતા એ પણ (સ્વ)જીવ નહીં, પોતાના સ્વભાવથી એકરૂપ છે એમાં રાગ ને વિકલ્પથી ત્રણ પ્રકારના ભેદની વિચારણામાં રોકાવું એ પણ સંસાર છે કહે છે. બહુ માર્ગ (કઠણ). **चिन्तास्ति** છેને? આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા તદ્દન અભેદ નિર્વિકલ્પ ચીજ એની દૃષ્ટિમાં તો એકલું ધ્રુવ અભેદપણે આવે, એમાં 'આ દૃષ્ટિ ને ધ્રુવ આ' એમ (ભેદ) પણ નહીં. એ જુદાઈ રહી ગઈ. અંતર્મુખ ધ્રુવ ચીજ અભેદ એના ઉપર દૃષ્ટિનું જવું એનું નામ નિર્વિકલ્પતા ને એનું નામ સમ્યગ્દર્શન, એનું નામ સ્વાધીનતા ને એનું નામ ધર્મ. આહાહા!

ઓલી વાત સાંભળીને? ભાઈ! કાલની ઉત્તમચંદની.... ઓલો ઉત્તમચંદ નહોતો? ક્યાંનો? છાપામાં આવ્યું હતું. કાલે જ આવ્યું છે. વાત કરી હતી. મખ્ખનલાલજી સાથે ચર્ચા થઈ. એ પહેલા તો આ પ્રશ્ન હતો. ..... બહુ હુશિયાર માણસ છે. ઓલા નથી ઉત્તમચંદજી આ સિવનીના? આપણે આવ્યા હતા ઓલામાં–ક્લાસમાં. છોકરો બહુ હુશિયાર. માસ્તર છે. વાંચતા હશે અને આ મખ્ખનલાલજી બાહુબલીની ત્યાં પ્રતિમા છે એના દર્શન કરવા ગયા હશે. ..... એને પૂછ્યું કે નિશ્ચય પહેલો કે વ્યવહાર? આ કહે, જુઓ! નિશ્ચય હોય એને વ્યવહાર હોય, નિશ્ચય વિના વ્યવહાર હોય નહીં. એવો ઉત્તર આપ્યો. ભારે જવાબ... નિશ્ચયવાળાને વ્યવહાર હોય, નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય. પંડિતજી! ગજબ વાત છે. આહાહા!

દાખલામાં આપ્યુંને કે શાદી કરવી હોય તો તો એની તૈયારી કરે બધી, પણ શાદી જ નક્કી નથી એ પછી જાનને જોડવું, આ કરવું એ કોનું પણ? કોનો વ્યવહાર? એવો દાખલો આપ્યો છે. બીજો દાખલો આપ્યો. માટીનો ઘડો જ ન હોય, વસ્તુ જ ન હોય–એને નિશ્ચય ન હોય તો ઘીનો ઘડો કહેવાનો વ્યવહાર રહ્યો ક્યાંથી? એવો દાખલો સ્પષ્ટ છે. માટીનું .. છે, ઘડો છે, વસ્તુ છે. (એ ન હોય) તો પછી એને ઘીનો (ઘડો) કહેવો એ કોનો વ્યવહાર? ચંદુભાઈ! વાત તો બહુ સરસ આપી છે. એને કબૂલ કરવું પડ્યું. આ નિશ્ચયનું જ્ઞાન તો જોઈશે એટલું કબૂલ કર્યું. એટલું તો એટલું. નિશ્ચયનું જ્ઞાન તો જોઈશે એટલું કબૂલ કર્યું. ભલે એટલું .... આહાહા!

અરે ભગવાન! ભાઈ! એ વ્યવહાર કોને? આવું જેને નિર્વિકલ્પ દૃષ્ટિ ને અનુભવ નિશ્ચય સ્વઆશ્રયે થઈ છે, એને પછી જે વિકલ્પ હોય એને તાબે નથી માટે એને વ્યવહાર કહેવામાં આવે છે. અને વિકલ્પને તાબે થઈ જાય એને તો નિશ્ચય પણ નથી ને વ્યવહાર પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ આવી છે તો એમ વસ્તુ પોતે પોકાર કરે છે. કહે છે કે ભાઈ! તારામાં એકરૂપતા ચૈતન્યની છે એનામાં તારે ભેદ પાડીને વિકલ્પો કરવા, એ વિકલ્પથી તને શું લાભ છે? એ વિકલ્પ છે એ તો બંધ છે અને બંધ એ સંસાર છે. આહાહા! **જ્યાં સુધી જીવોને ચિંતા છે ત્યાં સુધી સંસાર છે.** રાગ પોતે સંસાર છે. આહાહા! હવે એ સંસાર પોતે મુક્તિનું સાધન શી રીતે થાય? સમજાણું કાંઈ?

**स्वाहानाथस्य वर्धनम्... इंधनसनाथस्य..** જ્યાં લાકડા હોય ત્યાં અગ્નિ વધે જ. **स्वाहानाथस्य वर्धनम्.. स्वाहा** અગ્નિની વૃદ્ધિ જ થાય ત્યાં તો. આહાહા! ભગવાન આત્મા તદ્દન નિર્વિકલ્પ ચૈતન્યબિંબ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સનાથ પ્રભુ છે, એને લઈને સનાથ છે. સમજાણું કાંઈ? એનો આશ્રય લેવો અને એ કાળે જે દૃષ્ટિ પ્રગટે એને અહીંયા સ્વાધીન આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. અવશ્ય કરવાની ક્રિયા આ છે. આહાહા! શું થાય? જગતને એવે રસ્તે ચડાવી દીધું છેને પહેલા. ખોટાને સાચા અને સાચાને ખોટા ઠરાવે છે. એને પોતાને.... એને (સાચું) બેઠું છે ક્યાં? આહાહા!

આ બધી ક્રિયાઓ કરીએ ને આ બધું કરીએ, એ બધું મોક્ષનું કારણ છે. આહીં તો કહે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદનો વિકલ્પ પણ સંસાર છે. આહાહા! રાગ છે, ઉદયભાવ છે. ભગવાન તો પરિણામીભાવે સહજભાવે ત્રિકાળી ચીજ છે. એવી ચીજનો આશ્રય લીધા વિના એકલા ભેદના વિકલ્પમાં રોકાવું એ તો સંસાર છે. જેઠાભાઈ! **तावद्भवति संसृतिः... यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः..** જ્યાં સુધી રાગના વિકલ્પો ઉઠે છે, એ પોતે સંસાર છે. આહાહા! એ કારણે–એને આશ્રયે ધર્મ કેમ થાય? સમજાણું કાંઈ? ૧૪૬ ગાથા.

**परिचत्ता परभावं अप्पाणं झादि णिम्मलसहावं।**
**अप्पवसो सो होदि हु तस्स दु कम्मं भणंति आवासं ॥१४६॥**

**णिम्मलसहावं** નો અર્થ 'વિશુદ્ધસ્વભાવ' કર્યો છે હરિગીતમાં.

**પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,**
**છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને.૧૪૬.**

**ટીકા : અહીં, ખરેખર સાક્ષાત્ સ્વવશ...** ભગવાન આત્મા આનંદની મૂર્તિ એને વશ રહેલો–થયેલો એવા **પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.** સમજાણું કાંઈ? વ્યવહારના છ આવશ્યકો સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ—એ પણ વિકલ્પ છે. તીર્થંકરની સ્તુતિ કરવી એ પણ વિકલ્પ ને રાગ છે એમ કહે છે. આહાહા! ભગવાન કહે છે કે અમારી સ્તુતિ એ પણ તને રાગ છે, એ આવશ્યક નહીં. એ નિશ્ચય આવશ્યક–સાચું આવશ્યક નહીં. આહાહા! છ આવશ્યક છેને બીજા. આ તો સામાયિક, ચોવિસંથોવાળા આવશ્યક છે. પણ આ દેવપૂજા, ગુરુભક્તિ, દયા, દાન, સંયમ ને તપ–છ આવશ્યક છેને છ. એ તો વિકલ્પ છે, રાગ છે. હો, પણ એને વશ જ્ઞાની હોતો નથી. આહાહા! આહીં તો વશ-અવશની વાત આવશ્યકમાં છેને. વિકલ્પને વશ થાય છે એ તો એકત્વબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**ખરેખર સાક્ષાત્ સ્વવશ**... ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો પુંજ પ્રભુ એને વશ વર્તે છે, એને આશ્રયે વર્તે છે **એવા પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે. જે શ્રમણ નિરુપરાગ નિરંજન સ્વભાવવાળો હોવાને લીધે...** આહાહા! રાગ વિનાનો ને અંજન વિનાનો (એટલે) મેલ કાંઈ નથી. એવા સ્વભાવવાળો હોવાને લીધે **ઔદયિકાદિ પરભાવોના સમુદાયને પરિત્યાગીને...** ભગવાન આત્મા અભેદચીજ રાગ ને રંગ વિનાની ચીજ છે. એવા સ્વભાવવાળો હોવાને કારણે ઔદયિકાદિ પરભાવોનો સમુદાય છોડીને (અર્થાત્) પર્યાયની બુદ્ધિ છોડી દઈને... ચાહે તો દયા, દાનનો વિકલ્પ ઔદયિકભાવ હો, ચાહે તો ઉપશમ ને ક્ષયોપશમ આદિ ભાવ હો, ક્ષાયિક પર્યાય હો—એની દૃષ્ટિ પણ છોડી દઈને... સમજાણું કાંઈ? **ઔદયિકાદિ પરભાવો**... એ તો પરભાવ છે, ત્રિકાળી સ્વભાવભાવ નથી. આહાહા! ત્રિકાળી સ્વભાવભાવ નિરુપરાગ નિરંજન

સ્વભાવ એવું તત્ત્વ જે **નિજ કારણપરમાત્મા...** એ પોતાનો ભગવાન કારણપ્રભુ છે. કેવળજ્ઞાનાદિ મુક્તિનું કારણ એ છે. સમજાણું કાંઈ?

**ઔદયિકાદિ પરભાવોના સમુદાયને...** બે વાત—એક ને એક બે. ત્રિકાળી સ્વભાવમાં વર્તમાન પર્યાયના ભેદો નથી. એથી પર્યાયના ભેદોને લક્ષમાંથી છોડી દઈને એકલો નિજ કારણપરમાત્મા તેને આશ્રયે જાય, એને ધર્મ અને એને સ્વવશી સાધુ કહેવામાં આવે છે. ભારે! પણ એ તો વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાયને? વ્યવહાર કરતાં-કરતાં, રાગ કરતાં-કરતાં, ભેદ કરતાં-કરતાં અંદરમાં જવાય? વાત તો એવી .. છે. અંદર અભિપ્રાયમાં મોટો ફેર છેને. આહાહા! મૂળ ચીજ આખી પરમાત્મસ્વભાવથી ભરેલી ચીજ છે. એમાં પર્યાયનો પણ અભાવ છે. આહાહા! કહે છે કે ઉદયાદિ ચાર પરભાવ છે. ત્રિકાળી સ્વભાવભાવની અપેક્ષાએ એક સમયની રાગની કે નિર્વિકારી દશા તેને પરભાવ કહેવામાં આવે છે. એકલા રાગને પરભાવ (કહેવો) એમ નહીં, બધા પરભાવ છે. આહાહા!

નિરુપરાગ નિરંજન સ્વભાવભાવ નિત્યાનંદપ્રભુ ધ્રુવ ત્રિકાળીતત્ત્વ એવા સ્વભાવવાળો ભગવાન આત્મા હોવાને કારણે, એના ઉપર દૃષ્ટિ આપતા ચાર ભાવની હેયબુદ્ધિ થઈ જાય છે, એમ કહે છે. **છોડી પરભાવ** એમ કહ્યું છેને? **परिचत्ता परभावं अप्पाणं झादि** એમ લીધું છેને? પર્યાય પરભાવ છે, દ્રવ્ય **अप्पाणं** ત્રિકાળી સ્વભાવ છે. આહાહા! આવશ્યક ક્રિયા આ છે. સમજાણું કાંઈ? **નિજ કારણપરમાત્માને કે જે (કારણપરમાત્મા) કાયા, ઇન્દ્રિય અને વાણીને અગોચર છે...** ઇન્દ્રિયને અગમ્ય છે, વાણીને અગમ્ય છે અને કાયાને-શરીરને અગમ્ય છે. આહાહા! લ્યો, જીવિત શરીરની ક્રિયા દ્વારા ધર્મ થાય, (એમ) પ્રશ્ન છે ખાણિયાચર્ચામાં. તુમ થે કિ નહીં વહાં? આહાહા! મૌજૂદ થે. ભગવાન! ક્યાં ગયો તું? આહાહા! આહીં તો પર્યાયને પરભાવ ગણીને છોડવાલાયક કીધી. એનો અંશ છે, પણ એ અંશ છે એ કાંઈ સાચું તત્ત્વ નથી. ખરેખર તો અંશ છે એ તો વ્યવહાર આત્મા છે. નિશ્ચયથી એ ખરેખર તો અણાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

નિયમસાર તો નિયમસાર છેને! આહાહા! એનું સત્ય.. નિયમ–સત્ય, નિયમ–સત્ય સ્વરૂપ છે આ. ભાઈ! તારું સ્વરૂપ તો ત્રિકાળી પ્રભુ એકરૂપ નિત્યાનંદ એવા સ્વભાવને કારણે, એવા નિજ કારણપરમાત્માની આશ્રયે ગયો (એ કારણે) એના પર્યાયનો સમુદાય લક્ષમાંથી છૂટી જાય છે એટલે એને છોડીને આહીં આશ્રય લે એમ કહેવામાં આવે છે. કાયા, વાણી, ઇન્દ્રિયને અગોચર છે. નિજસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ એ તો વાણી, વિકલ્પને પણ અગમ્ય છે. **સદા નિરાવરણ હોવાથી...** ભગવાન વસ્તુ છેને, સ્વભાવ છેને, સત્ત્વ છેને. જ્ઞાન સત્ એવું સત્‌ને સત્ત્વ છેને. જ્ઞાનપુંજ, આનંદપુંજ સ્વભાવનો પુંજ એવું તત્ત્વ જે છે એ તો સદા નિરાવરણ છે. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાન, આનંદ, શાંતિ આદિ સ્વભાવો જ કાયમના છે ને કાયમ

રહેનારા છે એવી જે ચીજ એ તો ત્રિકાળ નિરાવરણ છે. એને આવરણ કેવું? વસ્તુને આવરણ હોય તો અવસ્તુ થઈ જાય. સમજાય છે કાંઈ?

**સદા નિરાવરણ હોવાથી નિર્મળ સ્વભાવવાળો છે...** પાઠમાં છે ખરુંને **णिम्मलसहावं**. પછી આ હરિગીતમાં **णिम्मलसहावं**નું 'વિશુદ્ધસ્વભાવ' કર્યું (એટલે) ત્રિકાળ શુદ્ધસ્વભાવ, એમ. આ તો ઓલું વિશુદ્ધભાવ શુભભાવને લાગુ પડે છે, પર્યાયને લાગુ પડે છે અને ત્રિકાળને પણ લાગુ પડે છે એ અપેક્ષાએ (વિશુદ્ધસ્વભાવ કહ્યો). વિશુદ્ધસ્વભાવ એ પુણ્યભાવ શુભને પણ કહેવાય છે અને એક નિર્મળ વીતરાગી પર્યાય થાય એને પણ વિશુદ્ધસ્વભાવ (કહેવાય છે) અને ત્રિકાળીને પણ વિશુદ્ધસ્વભાવ કહેવાય છે. ત્રણને આ અપેક્ષાથી કહી શકાય છે. સમજાણું કાંઈ? **એવો નિર્મળ સ્વભાવવાળો છે**... ભગવાન નિરાવરણ છે અને નિર્મળ સ્વભાવવાળો છે. આવરણ નથી એટલે એવો નિર્મળ સ્વભાવવાળો એનું તત્ત્વ જ છે. સ્વભાવ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. સત્.. સત્‌નું સત્ત્વ, સત્ત્વ એટલે સ્વભાવ ને સત્ એટલે સ્વભાવવાન. એ વસ્તુ પોતે નિર્મળ સ્વભાવવાળી છે. સમજાણું કાંઈ?

**અને સમસ્ત દુરઘરૂપી વીર શત્રુઓની સેનાના ધ્વજને લૂંટનારો છે... દુરઘ—દુષ્ટ અઘ, દુષ્ટ પાપ. (અશુભ તેમજ શુભ કર્મ બંને દુરઘ છે.)** પાપ છે. એ એનામાં છે જ નહીં, એમ. એનામાં છે જ નહીં. **દુરઘરૂપી વીર શત્રુઓની સેના**... જુઓ! એણે જીત્યો છે અનાદિથી, એમ કહે છે. આહાહા! આસ્રવ (અધિકાર)માં આવ્યું છે, આસ્રવે જીત્યો છે, જડ થઈ ગયો છે. વિકલ્પની દૃષ્ટિ છે એ આસ્રવની જ દૃષ્ટિ થઈ, એણે મોટા માંધાતાને પણ પછાડ્યા છે. મહાવ્રત અમે પાળીએ છીએ, બહારનો ત્યાગ કર્યો છે, આચરણ–શુભાચરણ ચોખ્ખું કરીએ છીએ. (એમ માનનારા) બધા આસ્રવના અભિમાનીઓ છે કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ! આહીં તો હજી નવરો ઘરનો થાય નહીં, પાપની પ્રવૃત્તિ છોડી નહીં, એને વળી કહે છે કે આ બધા પુણ્ય ને પાપની પર્યાય બધા પરભાવ છે. સમજાણું કાંઈ? વીતરાગનો આવો માર્ગ છે. આહા!

વસ્તુ એવી નિર્મળ છે કે જેમાં શુભ ને અશુભ કર્મનો જેમાં ત્રિકાળ અભાવ છે અથવા એવી નિર્મળ ચીજ છે કે એનો આશ્રય લેતાં પુણ્ય ને પાપના ભાવનો નાશ થઈ જાય છે. વસ્તુમાં નથી એટલે એનો આશ્રય લેતાં એનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? ... થાવું એટલું કઠણ લાગે એટલે ઓલી પ્રેક્ટીસ કરવી કઠણ પડે. અરે ભાઈ! એ બાજુનો અભ્યાસ કે દિ' કર્યો છે તેં? આહાહા! અંતર્મુખ ચીજ આવી છે. છે તેને પ્રાપ્ત કરવી છે એ તો વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? પણ આ અભ્યાસ નહીં ને બહિર્મુખનો અભ્યાસ છે—આ કરવું ને આ કરવું, આ છોડવું, આ મૂકવું, આ કરવું ને આ લેવું ને આ દેવું. અને વિકલ્પની જાળમાં રોકાઈ ગયેલો છે. એને અંતર વસ્તુ શું છે એની દરકાર કરવાનો અવકાશ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

વિદ્યાનંદજીનું લખ્યું છે કૈલાસચંદજીએ. એમ કે એનો બહુ વિરોધ ઉઠ્યો છેને કૈલાસચંદજીનો. ....વિરોધ કર્યો છે સાધુનો. એટલે એનો જવાબ આપ્યો..... ...ના ભક્તો ઘણા છે. પણ કોઈએ વિરોધ નથી કર્યો. તમને વિદ્યાનંદજીનો વિરોધ લાગતો હોય તો હું તો એમનો કેટલીક વાતનો ... છું એમ કહે. મેં તો એને એમેય કહ્યું હતું કે તમે જો અધ્યાત્મના અચ્છા પ્રવક્તા થઈ શકતા હો તો સોનામાં સુગંધ ભળે. ....... આહાહા! અધ્યાત્મના અચ્છા પ્રવક્તા થઈ શકતા હો તો સોનામાં સુગંધ મળે. એટલે અધ્યાત્મનો પ્રવક્તા નથી. પ્રવક્તા કરવું છે કે અધ્યાત્મ જાણવું છે? આહાહા! આ તો પ્રવક્તા કહેવું છે એમ કહે. એટલે કથન કરવા જાય..... આહાહા! વક્તાનું શું કામ છે આહીં? છેને આમાં.

વે બહોત અચ્છે વક્તા હૈં. મૈંને ઉનસે પ્રાર્થના કી થી કિ આપ અધ્યાત્મકે બહોત અચ્છે પ્રવક્તા હો સકતે હૈં. એનો અર્થ બધો આવી ગયો. ઔર યદિ ઐસા હો જાય તો સોનેમેં સુગંધકી કહાવત ચરિતાર્થ હો જાય. પ્રવક્તા પણ થાય. કહો, વક્તાનું શું પણ ... છે? આત્માનું અધ્યાત્મ જો થઈ જાય તો તને આત્માનું કલ્યાણ થાય, એમ હોવું જોઈએ. શાંતિભાઈ! આહાહા! બોલતા આવડે-ન આવડે એની સાથે શું સંબંધ છે? કથન કરતા આવડે કે ન આવડે, માણસને રંજન કરતા (આવડે કે ન આવડે) એની સાથે આત્માને શું સંબંધ છે? આહાહા! આત્મામાં વિકલ્પ જ્યાં નથી ત્યાં વાણીનો આ બધો ઘોંઘાટ હોય તો અધ્યાત્મ હોય એવું કાંઈ છે નહીં. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા... એવું એનું સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા! પણ કેમ બેસે? એક બીડીમાં વેચાઈ જાય, તમાકુમાં વેચાઈ જાય. ઘડીક આબરુ જરી ઠીક મળે ત્યાં ઉલ્લસિત થઈ જાય. આહાહા! અમે પણ કાંઈક છીએ. આહાહા! અરે બાપુ! અમે કંઈક છીએ નહીં, પણ અમે તો મહા છીએ એની તો તે ખબર નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એનો–વસ્તુનો એવો સ્વભાવ છે કે જેમાં પુણ્ય ને પાપરૂપી અઘ અત્યારે નથી. એમાં છે જ નહીં. જો એમાં હોય તો એ તોડી શકે નહીં. એટલે એ તો પાપ ને પુણ્ય વિનાની ચીજ છે અને એનો આશ્રય લેતાં પાપ ને પુણ્યનો નાશ થાય છે. પર્યાયની અપેક્ષાએ વાત છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો ઘરને લૂંટનારો છે ભગવાન!

**તેને ધ્યાવે છે...** એવો પ્રભુ પરમાત્મા નિજસ્વરૂપ એને જે ધ્યાવે છે, એમાં એકાગ્ર થાય છે, **તેને જ આત્મવશ કહેવામાં આવ્યો છે.** એને જ આત્મવશ કહેવામાં આવ્યો છે. આહાહા! આહીં એમ નથી કે એને કહેતા આવડે છે આવડું મોટું માટે આત્મવશ છે. આવો જે ભગવાન આત્મા વસ્તુ છે, અસ્તિ તત્ત્વ, સત્તારૂપ હોવાવાળો સ્વભાવ–સ્વરૂપ એકરૂપ સત્ અને સત્ત્વ બેય એકરૂપ ત્રિકાળ છે. એને વશ જે થાય છે એટલે કે એનું જે ધ્યાન કરે છે, એને જે લક્ષમાં લઈને લીન થાય છે **તેને જ...** પાછા વ્યવહારવાળાને નહીં એમ કહે છે. તેને–તે શ્રમણને જ–તે

સાધુને જ આત્મવશ કહેવામાં આવ્યો છે. ન્યાયથી–લોજીકથી–યુક્તિથી વાત તો આ સિદ્ધ થાય છે. આમાં કાંઈ કચડીમચડીને બેસાડવું એમ નથી. ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ છે, જેમાંથી કેવળજ્ઞાન ને અનંત આનંદ એવી અનંતી-અનંતી પર્યાયના પ્રવાહ જેમાંથી ફૂટે, આહાહા! એવી એ મૂળ ચીજ આતમધામ, એવો સત્ત્વ ભગવાન એને જે ધ્યાવે છે, એ નિજ કારણપરમાત્માનું ધ્યાન કરે છે, એને જે વશ થાય તે આત્મવશ છે. તે આવશ્યકની ક્રિયા યથાર્થ કરનારો છે. આત્મને વશ થવું તે આવશ્યક છે. સમજાણું કાંઈ? આહાહા!

નિશ્ચય.. ઓલો વ્યવહાર હોય તો નિશ્ચય થાય. માળે જવાબ ભારે આપ્યો હોં. ... પણ એટલું સ્વીકારવું પડ્યું એને. આ નિશ્ચયનું જ્ઞાન તો પહેલું હોવું જોઈએ. બસ એટલું તો એટલું. અરે ભગવાન! બાપુ! તારા ઘરની સત્ય વાત છે એની ના પાડતા તને શરમ આવવી જોઈએ. અરર! કે હું ....વાળો, ત્યાં રાગ ને બીજો વ્યવહાર કહેવો કોને? આહાહા! મારી ચીજ જ પ્રભુ! પ્રભુતાની એક-એક શક્તિ, પ્રભુતાની શક્તિથી પરિપૂર્ણ છે. એવી અનંતી-અનંતી પ્રભુતાની શક્તિવાળું તત્ત્વ એનું જે ધ્યાન કરે છે એટલે દશા તેના તરફ વાળી છે, એ સ્વવશ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! આટલા મંદિરો બનાવ્યા ને આટલા પુસ્તકો બનાવ્યા, આટલા શ્લોકો કર્યા. અરે! કોણ કરે? પ્રભુ! તું શું કરે છે? ભાઈ! એમાં તો વિકલ્પ ઉઠવો એ પણ એનો સ્વભાવ નથી, ત્યાં આ વળી બધું આ કરે ને આ કરે, આ કરે. તું તો ત્રણ કાળ, ત્રણ લોકની ચીજોને અડ્યા વિના, એની સામું જોયા વિના જાણનારો-દેખનારો છે. સમજાણું કાંઈ?

એવા સાધુને જ આત્મવશ કહેવામાં આવ્યો છે. વ્યવહાર ક્રિયા એકલી કરે અને નિશ્ચયનું અનુભવનું ભાન નથી, એને તો એકલો પરાધીન દુઃખી સાધુ કહેવામાં આવે છે. આહાહા! અમથું નથી કહેવાતું આપણે? 'પરવશ સ્વપ્ને સુખ નહીં.' પરાધીન સ્વપ્ને... પરાધીનની વ્યાખ્યા શું? આહાહા! શાંતિભાઈ! ભાગ્યશાળી કે રહી ગયા હોં. આહાહા! બાપુ! આ તો માર્ગની રીત આવી છે. સમજાણું? માર્ગનું સ્વરૂપ આવું છે. આવા બહારના ત્યાગ થઈને રાગની મંદતા હો, એ આસ્રવનું એકત્વપણું.. અભિમાન અથવા એકત્વપણું એ તો મોટો મિથ્યાત્વભાવ છે. એ તો પરને તાબે થયો છે, એ દુઃખી છે. આહાહા! ભગવાન આત્મા અંતર્મુખતત્ત્વ નિરાવરણ સદા છે. શુભ ને અશુભકર્મ ને શુભ ને અશુભભાવ જેનામાં નથી એનું ધ્યાન કરે એ શુભાશુભ પરિણામ એટલે સંસાર એનો નાશ થાય છે. આહાહા!

આને ધ્યાવે છે... આહાહા! **તેને ધ્યાવે છે**... એને ધ્યાવે છે... ધાવે છેને માતાના સ્તનને બાળક, એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને જે પર્યાયથી ધાવે છે, આહાહા! એને ચૂસે છે, એને આનંદ આવે છે. આનંદ આવે છે તે ધર્મ છે. જેઠાભાઈ! આ તો જ્ઞાયકથી પણ વસ્તુ પ્રસિદ્ધ થાય, પણ હવે શું થાય? વાદવિવાદે ચડે પાર ન આવે. 'વાદવિવાદ કરે સો અંધા. સદ્ગુરુ કહે સહજકા ધંધા.' માર્ગ આવો છે ભાઈ! બીજાને હલકા પાડવા માટેની આ ચીજ

નથી. પણ તેં હલકો માન્યો છે એને મોટો માન એની આહીં વાત છે. રાગની ક્રિયાથી હું મોટો છું એમ જે હલકાઈને મોટો માન્યો એ તને કલંક છે. આહાહા! માટે જેવો તું મોટો છો એવો મોટાને તું કબૂલ કર. હું તો રાગેય નહીં, પર્યાય પણ નહીં. એવો ત્રિકાળી અસ્તિ–સત્તા સ્વભાવ આવો હું એકરૂપ તેના લક્ષે જે ધ્યાન થાય, એ જ જીવ સ્વવશમાં આવ્યો છે એમ ભગવાન કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આનો ખુલાસો કર્યો વિશેષ. **તે અભેદ-અનુપચારરત્નત્રયાત્મક શ્રમણને...** આહાહા! (કોઈ) કહે, આ સાધુની વાત છે. સાધુ શબ્દે સાધક. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ પણ સાધક છે, શ્રાવક પણ સાધક છે અને સાધુ પણ સાધક છે. એના દરજ્જા ભલે જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ હોય, પણ છે તો સાધક. બસ ... છે. મોક્ષમાર્ગમેં હૈ ન, છ ઢાળામેં. સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક અને મુનિ ત્રણેય મોક્ષમાર્ગમાં છે. શબ્દ આવે છે. તીનોંકો શિવમાર્ગ કહીએ, નહીં? શબ્દ આવે છે. 'તીનોં શિવમગચારી.. તીનોં શિવમગચારી.' (ત્રીજી ઢાળ, પદ ૫, છઢાળા). આતા હૈ ઉસમેં. ચોથા ગુણસ્થાનવાળો... હા, એ. તીનોં શિવમગચારી. આહાહા! એ ત્રણેય મોક્ષને પંથે છે, ત્રણેય આત્મવશ છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે એ સાધુને **અભેદ અનુપચાર**... એમ કહ્યું છેને? રત્નત્રય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અભેદ નિશ્ચયરત્નત્રય. સ્વદ્રવ્યને આશ્રયે થયેલી દશા તે નિશ્ચયરત્નત્રય અભેદ અનુપચાર–જેમાં ઉપચાર નથી, પણ વાસ્તવિક અભેદપણું પ્રગટ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

અભેદ એટલે કે જેમાં કંઈ ઉપચાર–કંઈ વ્યવહાર ભેદ છે નહીં. એવું રત્નત્રય સ્વરૂપ, એવી પર્યાયની આ વાત કીધી હોં. આહાહા! ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ નિરાવરણ સદા પ્રભુ એની સન્મુખની એકાગ્રતાની પ્રતીતિ, એના સન્મુખનું જ્ઞાન, એના સન્મુખની લીનતા, એ અભેદ અનુપચાર રત્નત્રયસ્વરૂપ પરિણતિને શ્રમણ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ અભ્યાસ ન હોય એને બધું ... લાગે. ગુણુભાઈ! એ શામજીભાઈ! ઓલા લોઢાના પથરા ફેરવ્યા હોય એમાં માંડ આ સાંભળતા હોય (એને એમ લાગે કે) શું હશે આ? આવો માર્ગ હશે? આપણે તો.... અરે! એના સત્યના ઘરની વાતું પણ જ્યાં સાંભળવાના મોખ ન મળે, સાંભળવા મળે નહીં. અરે! એને ક્યાં જાવું છે? ક્યાં જઈને ક્યાં રહેવું છે એને? આહાહા! અજ્ઞાનમાં જઈને અજ્ઞાનમાં રહેવું એ સ્વચ્છંદતામાં અનાદિથી પડ્યો છે. આહાહા!

ભગવાન આત્મા... અભેદ રત્નત્રયસ્વરૂપ શ્રમણને **સમસ્ત બાહ્યક્રિયાકાંડ-આડંબરના વિવિધ વિકલ્પોના મહા કોલાહલથી પ્રતિપક્ષ...** દેખો! આહાહા! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પાંચ મહાવ્રત, સમિતિ ને ગુપ્તિ અને અનશન, ઉણોદર, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ—એ તો બધો બાહ્ય ક્રિયાકાંડનો આડંબર છે. આહાહા! એના આડંબરના વિવિધ વિકલ્પો એવો જે મહા કોલાહલ. આહાહા! એનાથી પ્રતિપક્ષ **મહા-આનંદાનંદપ્રદ નિશ્ચયધર્મધ્યાન...** આહાહા!

દેખો! **પરમ આવશ્યકકર્મ...** નીચે નોટ. **પરમ જરૂરિયાતનું કાર્ય**. પરમ ભગવાન આત્મા એને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય થયા એ પરમ-આવશ્યક કાર્ય છે, એ જીવને જરૂરિયાતના કાર્ય આ છે. વ્યવહારરત્નત્રય એ પણ જરૂરિયાતનું કાર્ય નહીં, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? મહા આનંદાનંદપ્રદ એવું નિશ્ચયધર્મધ્યાન... કહે છે કે વ્યવહારરત્નત્રયના આચરણના વિકલ્પની કોલાહલ જાળ એનાથી પ્રતિપક્ષ... કારણ કે એ દુઃખ હતું. અને દ્રવ્ય–ત્રિકાળીદ્રવ્યને આશ્રયે ધ્યાન થયું એવું જે નિશ્ચય ધર્મધ્યાન એ તો મહા આનંદાનંદપ્રદ.. મહા આનંદાનંદપ્રદ (એટલે) મહા આનંદનો આનંદ દેનારો ધર્મધ્યાન છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

વ્યવહાર ક્રિયાકાંડ છે એ દુઃખરૂપ છે એમ કહે છે. એનાથી 'પ્રતિપક્ષ' કહ્યુંને. (ઓલું) દુઃખ છે, આ આનંદ છે. પણ વાત બેસવી કઠણ પડે. ... બહારના આડંબરો મોટા... આહાહા! પાંચ-દસ હજાર, લાખ-બે લાખની પેદાશ થાતી હોય મહિને અને જુવાની ફાટી હોય સાંઢડા જેવી અને કમાઉ છે એમ બહાર આબરૂ આવી હોય. એય નટુ! એમાં (એમ લાગે કે) આ શું કહે છે? ગાંડા લાગે. એ જેઠાભાઈ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર એમ ફરમાવે છે કે વ્યવહારક્રિયાના કોલાહલથી વિરુદ્ધ એવી નિશ્ચયરત્નત્રય પરિણતિ, એવું જે નિશ્ચય-ધર્મધ્યાન મહા આનંદાનંદપ્રદ છે. આહાહા! કનુભાઈ! ...

વીસ વર્ષનો છોકરો હોય, એકનો એક હોય, સિત્તેર વર્ષ થયા હોય, છ મહિનાના પરણેતરે લીલી સાંઠા જેવી મૂકીને મરી જાય, એ વખતે એને જે શોક થાય દુનિયાને. આહાહા! અરેરે! એકનો એક. એને આખી દુનિયા શૂન્ય સ્મશાન જેવી લાગે. ક્યાંય ઠરવાનું ઠેકાણું દેખાય નહીં. એમ ધર્મીને વિકલ્પની જાળું બધી દુઃખરૂપ ને શાંતિને લૂંટનારી (લાગે) છે. એ પણ સાક્ષાત ભગવાન આત્મા તરફ ઢળે છે ત્યારે, કહે છે કે એને વ્યવહારના વિકલ્પના દુઃખ જાળમાંથી, જે દુઃખ હતું એનાથી વિપરીત આત્માને આશ્રયે, આત્માને વશ થયેલી જે ક્રિયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર–વીતરાગી પરિણતિરૂપી ધર્મધ્યાન થયું એ તો આનંદાનંદપ્રદ છે. અરે! એમાં તો આનંદના ઝરણા ઝરે છે કહે છે. કહો, ભીખાભાઈ! આહાહા!

એ વસ્તુને પહેલી સમજણમાં તો લીધી નહીં અને એમને એમ કરો ધર્મ.. કરો ધર્મ. બાપુ! ધર્મ ક્યાં છે? ભાઈ! અરે! અનંત કાળના જન્મ-જરાના-મરણના દુઃખો એણે વેઠ્યા ને સહ્યા, એ ભગવાન જાણે છે અને એણે વેઠ્યા છે. માળો ભૂલી ગયો એ. આહીં જરી ઠીક મળે બહારનું, ત્યાં ભૂલી ગયો. માને છે કે ઠીક છે. (બાહ્ય)વસ્તુ ક્યાં ઠીક છે? ઠીક તો ભગવાન પોતે છે. આહાહા! ભગવાન ત્રિલોકનાથ સમવસરણમાં–ધર્મસભામાં એમ ફરમાવે છે કે આ વ્યવહારની ક્રિયાકાંડના કોલાહલથી વિરુદ્ધ એવી જે સ્વદ્રવ્યને આશ્રયે પ્રગટેલી પરિણતિ નિશ્ચય રત્નત્રય–સાચા રત્નત્રય, એવું જે નિશ્ચય સ્વનું ધર્મધ્યાન એ આનંદાનંદપ્રદ છે. એ

આનંદનો દેનાર છે. વર્તમાન હોં, ભવિષ્યમાં પછી. સુમનભાઈ! જુઓ! આમાં આનંદ આવે. ત્યાં આઠ હજારના મોટા-મોટા પગાર દુઃખ છે એમ કહે છે. એય કાંતિભાઈ! આહાહા!

ભાઈ! તારી ખાણમાં ખજાને ક્યાં ખોટ છે? આહાહા! તારી નજરું ત્યાં પડવી જોઈએ. નજરે નિધાન... એ રાગેય નહીં ને એક સમયની પર્યાય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આખી દુનિયાથી ઉપેક્ષા, ઉદાસ.. ઉદાસ.. અને એક ઉદ્-આસન ચિદાનંદ ધ્રુવમાં જેણે આસન લગાવ્યું.. આહાહા! ભાઈએ–સોગાનીએ તો એકવાર એમેય કહી દીધું છે કે ધ્રુવમાં પલાઠી વાળીને બેસી જાઓ. કીધું, આ કેમ...? છેને છોટાભાઈ? પલાંઠી મારીને બેસવાનો અર્થ, ત્યાં સ્થિર થવું, એમ. આહાહા! છે એમાં. વાંચ્યું છેને ભાઈએ? આપ્યું છેને? આહાહા! ભાષા જુઓને!

એ વ્યવહારની ક્રિયાના જેટલા વીતરાગે કહેલા આચાર-વિચાર હોં, એવો જે ક્રિયા કોલહલ એ દુઃખરૂપ છે. આવું માનશે તો પછી કરશે નહીં. પણ કરશે કોણ? સાંભળને હવે! આ બધા દેરાસરને તાળા દેવા પડશે. એ જાદવજીભાઈ! ભગવાન! તાળા દેવાનો અર્થ શું તારે કહેવો છે? એ તો એ કાળે એ ચીજ હોય છે. જેને અંતર સ્થિરતા ન હોય ત્યારે એવો શુભભાવ પરને લક્ષે ઉત્પન્ન થાય છે, પણ એ (વાસ્તવિક) ચીજ નહીં. હોય ખરો, વ્યવહાર હોય ખરો, પણ એ વ્યવહાર કોલાહલને ઉત્પન્ન કરનાર છે. આહાહા! ગજબ વાત છે ને! ...... આકરી લાગે આ મુનિની ટીકા. ભાઈ! આકરી લાગે.... બાપા! આ તો પરમાગમના ઝરણા છે. આહાહા! બાપુ! એનો અનાદર ન થાય. ભાઈ! તારા સ્વભાવનો અનાદર થાય છે. મોટપને તું હીણી કરી નાખે છે. સમજાય છે કાંઈ?

હું તો રાગથી પામી શકું.... અરેરે! એવો તું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ વિકલ્પની ક્રિયાથી હું પમાઉં, મારા ભેટા થાય—એવો તું નથી ભાઈ! સાધારણ ગરીબ માણસને ચક્રવર્તીના ભેટા કરવા હોય (તો) ન થાય. ભાઈ! એને ભેટો બીજી જાત છે. અહીંયા કહે છે, બાપા! પ્રભુ! તારો નાથ ત્રિકાળી ભગવાન એનો આશ્રય કરીને જે દશા પ્રગટ થાય એ તો વિવિધ આડંબરની ક્રિયાથી ભિન્ન છે. હવે ભિન્ન છે એનાથી નિશ્ચય પ્રાપ્ત થાય? ભાઈ! કેમ બેસે? બેસે કેમ એને વાત? સમજાણું કાંઈ? દુઃખની ક્રિયાથી આનંદની પર્યાય પ્રગટ થાય, વ્યવહારથી નિશ્ચય થાય.—(ન થાય). આહાહા! સમજાણું કાંઈ? દુનિયાને આકરું લાગે.

અરેરે! ભગવાને કહ્યુંને આગળ કે આવું તત્ત્વ છે એ બહાર આવતા કોઈ નિંદા, ઈર્ષ્યા કરે, પણ તું તત્ત્વની અભક્તિ ન કરીશ હોં. વસ્તુ તો આવી જ છે. અરેરે! પણ આવું છે અને લોકો આવી કેમ નિંદા કરે છે? સમજાય છે? બાપુ! એ તો એની પ્રકૃતિમાં ન બેસે ત્યાં સુધી શું કરે? સમજાણું કાંઈ? પણ ભગવાન અનાકુળ આનંદનો નાથ એને શરણે આનંદ આવ્યો, એ જ ધર્મ છે. એમ જો બીજા ન કહે અને નિંદા, ઈર્ષ્યા કરે તો અભક્તિ ન કરીશ. માર્ગ તો આ જ છે.

આવા બધા વ્યવહારના કરનારાઓ આગળ વધી ગયા, માન વધી ગયું, લાખો માણસ માને, કરોડો રૂપિયા એની જીભે પેદા થાય–ઢગલા થાય. અરે! પણ એ શું ચીજ છે કાંઈ? સમજાણું કાંઈ? આહાહા! તારો નાથ, તારું રક્ષણ કરનારું તત્ત્વ તારામાં છે. એનો આશ્રય કરે એને પરમ આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. એ જરૂરિયાતની ક્રિયા એની પાસે છે કહે છે.

એવો **મહાનંદાનંદપ્રદ**... આનંદ.. આનંદાનંદપ્રદ, એમ. **નિશ્ચયધર્મધ્યાન**... દેખો! આને નિશ્ચયધર્મધ્યાન કહે. ઓલા કહે છે કે ધર્મધ્યાન તો શુભોપયોગ જ હોય. શુદ્ધોપયોગ હોય ત્યારે નિશ્ચય શુક્લધ્યાન હોય. અરે ભગવાન! બાપા! જેના ધ્યાન... જેના ધ્યાન પછી ભલે ભલે અલ્પ ધર્મ હોય, પણ એ તો નિર્મળ ને આનંદદાયક જ છે. એમાં શુભની અસર છે નહીં. આહાહા! એ તો વાત કરી. બાહ્યક્રિયાકાંડનો આડંબર એ છે. મોટો આડંબર દેખાય, આમ કરે, ....ખમાસમણો વંદામિ... આમ બોલે, કંઠ બોલે, આમ ચાલે. આહાહા! ચાર દિશાએ ચાર સામાયિક કરતા નથી કરતા? સામાયિક કરે ત્યારે ચાર દિશાએ કરે. દિગંબરમાં એમ આવે. ચાર દિશામાં એક-એક દિશાએ સામાયિક કરેને જ્યારે, મોઢું ફેરવી.... એવો આડંબર દેખાયને ન્યાં. આહાહા!

એક ભાઈ કહેતા હતા. આહીં હતાને, કેવા? જિનેન્દ્ર. આહીં હતાને. બે-ચાર મહિના રહ્યા હતા. ક્ષુલ્લકપણું લીધું હતું, મૂકી દીધું. જિનેન્દ્ર આહીં હતો. ક્ષુલ્લક છીએ. પણ કૃત્રિમ હતું. ઘણું કહ્યું હતું. હવે શું કરે? શાસ્ત્રો બનાવતા આવડે, પુસ્તક કંઈ લખે... એ કોણ બનાવે ને કોણ લખે? ભાઈ! એનો રચનાનો વિકલ્પ પણ દુઃખદાયક છે. આહાહા! બહારમાં આવે, લોકમાં પ્રસિદ્ધ થઈ જાય. આહાહા! એટલા લાખો, કરોડો શ્લોકો બનાવ્યા, આમ પુસ્તકો ૫૦-૫૦ રૂપિયાનું એક પુસ્તક.... એની સાથે શું છે? ભાઈ! એ બધો આડંબર વિકલ્પની જાળું છે કહે છે.

એવું જે **નિશ્ચયધર્મધ્યાન**... જુઓ! આ બેયને એમ કીધું છે હોં. આને નિશ્ચય શુક્લધ્યાન... બેયને પરમાનંદાનંદપ્રદ છે. ધર્મધ્યાન શુભવાળું છે ને શુક્લધ્યાન શુદ્ધવાળું છે—એમ નથી. આહાહા! એવું **નિશ્ચયધર્મધ્યાન તથા નિશ્ચયશુક્લ-ધ્યાનસ્વરૂપ પરમાવશ્યક-કર્મ છે.** એને, પરમ જરૂરિયાતવાળું કાર્ય આવા મુનિઓને હોય છે. જે આત્મા અખંડાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને ધ્યાનમાં પડ્યો છે. ચાહે તો ભલે બાહ્ય વિકલ્પ હો, પણ અંદર એકાગ્રતા છે એ જ ધર્મધ્યાન અને શુક્લધ્યાનસ્વરૂપ સ્વવશ સાધુ કહેવામાં આવે છે. બાકી જેટલા વ્યવહારની ક્રિયાઓમાં તાબે થઈ ગયા, એ તો પરવશ, દુઃખી અને મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ ૧, બુધવાર, તા. ૩-૧૧-૧૯૭૧
## શ્લોક – ૨૪૭ - ૨૫૨, પ્રવચન નં. ૧૬૭

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. ૨૪૭ કળશ છે. ખરેખર ધર્મનું સ્વરૂપ એને જરૂરનું શું છે એની વાત છે. આવશ્યક એટલે જરૂરનું કાર્ય. પરમાત્માને જરૂરનું–આવશ્યક કાર્ય શું અને કેમ થાય એની વાત છે. ૨૪૭.

**जयत्ययमुदारधीः स्ववशयोगिवृन्दारकः**
**प्रनष्टभवकारणः प्रहतपूर्वकर्मावलिः ।**
**स्फुटोत्कटविवेकतः स्फुटितशुद्धबोधात्मिकां**
**सदाशिवमयां मुदा व्रजति सर्वथा निर्वृतिम् ॥२४७॥**

ધર્માત્મા આવશ્યક ક્રિયાવાળો કેવો હોય છે? મુનિને ઉદ્દેશીને વાત છે, એના પેટામાં સમકિતી પણ આવી જાય છે. **શ્લોકાર્થ : ઉદાર જેની બુદ્ધિ છે...** જેને દ્રવ્યસ્વભાવ પકડવાની બુદ્ધિ ઉદાર થઈ ગઈ છે. વસ્તુ ત્રિકાળ જે જ્ઞાયક આનંદસ્વરૂપ એના સ્વીકારમાં જેની બુદ્ધિ ઉદાર છે. પૂર્ણ ને અખંડ ને અભેદ એવો જે આત્મસ્વભાવ એનો જેને સ્વીકાર છે. સમજાણું કાંઈ? **ઉદાર જેની બુદ્ધિ છે, ભવનું કારણ જેણે નષ્ટ કર્યું છે...** આસ્રવને જેણે નાશ કર્યો છે. મિથ્યાત્વ, અવ્રત આદિ જે પરિણામ એ આસ્રવ છે એનો જેણે નાશ કર્યો છે. **પૂર્વ કર્માવલિ જેણે હણી નાખી છે** (એટલે) નિર્જરા. પૂર્વના કર્મો જે છે એની શ્રેણી જેણે નાશ કરી નાખી છે. એટલે કે દ્રવ્યને સ્વીકાર્યું છે, સંવર પ્રગટ કર્યો છે અને પૂર્વના કર્મોનો નાશ કરી નિર્જરા પણ કરી છે. કહો, સમજાણું કાંઈ?

**અને સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા...** પ્રત્યક્ષ આત્માના અનુભવ દ્વારા રાગ ને પરથી ભિન્ન પડીને ભેદજ્ઞાન દ્વારા... સ્પષ્ટ–પ્રત્યક્ષ ઉત્કટ વિવેક દ્વારા અંદર જ્ઞાનની ધારાને વેદનમાં લઈને પ્રત્યક્ષ પરથી ભિન્ન પડી ગયો છે. **સ્પષ્ટ ઉત્કટ વિવેક દ્વારા...** એને એ દ્વારા પ્રાપ્તિ શું થાય એમ (હવે) કહે છે. **પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ સદાશિવમય સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે...** બહુ ઉત્તમ આવ્યું. પ્રગટ વિવેક–ઉત્કૃષ્ટ ભેદજ્ઞાન દ્વારા જેને... **उत्कट** અને **स्फुटित** બે શબ્દ વાપર્યા છેને? વિવેકમાં **उत्कट**, મુક્તિમાં **स्फुटित**. આહાહા! ભગવાન આત્મા પૂર્ણ છે, નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ છે (એમ) જેની બુદ્ધિમાં એનો સ્વીકાર થઈ ગયો છે, જેના જ્ઞાનની પર્યાયમાં આવું જ્ઞેય જેને વસી ગયું છે, એવી જેની ઉદારવૃત્તિ છે. ભીખાભાઈ! આવો ધર્મ ભારે! વસ્તુ એ છે.

(૧) પરમસ્વભાવ પૂર્ણ જેનો સ્વીકાર થયો છે, એવી બુદ્ધિમાં જેની સઉદારતા છે. પ્રગટમાં અલ્પજ્ઞ હોવા છતાં પૂર્ણ સ્વરૂપ છે તેને ઉદાર બુદ્ધિએ સ્વીકાર કરી છે. સમજાણું કાંઈ? આહાહા! એટલું તો સમ્યગ્દર્શનમાં પણ હોય. આગળ વધવું છેને. (૨) ભવનું કારણ આસ્રવ જેણે નષ્ટ કર્યો છે. (૩) પૂર્વે કર્માવલી પડી છે એને હણી નાખી છે (અર્થાત્) નિર્જરા કરી છે એમ કહે છે. થયું? આત્મા, સંવર, નિર્જરા, ભેદવિજ્ઞાન અને મુક્તિ આટલું સમાડી દીધું એમાં. ઓહોહો! ભારે પણ મુનિએ કામ કર્યું છેને! અલ્પ કાળમાં અલ્પ દશા છોડીને પૂર્ણ દશા પ્રગટ થાય એવી આવશ્યક ક્રિયા એને અહીંયા અનુભવ કહે છે.

**પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ**... પરથી ભેદજ્ઞાન દ્વારા પ્રગટ શુદ્ધબોધસ્વરૂપ... શુદ્ધબોધ–જ્ઞાનમય એકલી પર્યાય. **સદા શિવમય**... સદા મુક્તિમય પર્યાય, કલ્યાણમય. **સંપૂર્ણ મુક્તિને**... દ્રવ્યદૃષ્ટિમાં–સમ્યગ્દર્શનમાં મુક્તિ તો થઇ છે, પણ પર્યાયમાં **સંપૂર્ણ મુક્તિને જે પ્રમોદથી પામે છે**... આહાહા! એ આનંદથી મુક્તિને પામે છે. કષ્ટ સહન કરીને અને દુઃખ સહન કરીને પામે એમ નથી. સમજાણું કાંઈ? જે પ્રગટ-શુદ્ધબોધસ્વરૂપ—પૂર્ણ જ્ઞાનમયસ્વરૂપ એવી જે મુક્તિ, સદા શિવમય–આનંદમય, કલ્યાણમય (એવી) સંપૂર્ણ મુક્તિને જે આનંદથી પામે છે. આહાહા!

**તે આ સ્વવશ મુનિશ્રેષ્ઠ જયવંત છે.** એવો આ સ્વવશ–ભગવાન આત્માને તાબે થયેલો (છે અને) પરવશપણું જેને છૂટી ગયું છે એ મુનિ શ્રેષ્ઠ છે, જયવંત છે એમ કહે છે. બીજાની ...થી બતાવે છે.... જયવંત છે, આવા મુનિઓનો જય છે. સમજાણું કાંઈ? આહાહા! આ સ્વવશ આવશ્યક ક્રિયા કરનાર છે. ભેદવિજ્ઞાનની ક્રિયા દ્વારા પૂર્ણ મુક્તિને આ રીતે સ્વવશ મુનિ પ્રાપ્ત કરે છે. ઓહોહો! વસ્તુ પૂર્ણ એનો સ્વીકાર, પર્યાયમાં આસ્રવનો નાશ, નિર્જરાનું–પૂર્વના કર્મનું અભાવનું થવું અને તે ભેદજ્ઞાન દ્વારા પૂર્ણ મુક્તિનું પામવું. સમજાણું કાંઈ? એટલે એ આનંદથી મુક્તિને પામે છે અને પરથી ભેદજ્ઞાન કરીને પામે છે. એ રાગથી ને વ્યવહારથી પામતો નથી, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? વ્યવહાર જે વિકલ્પ છે એનાથી તો ભેદ કર્યો છે. ભેદ કર્યો છે તે એનાથી કેમ પામે હવે? સમજાણું કાંઈ?

રાગના અભાવસ્વભાવ સ્વરૂપને પકડ્યો છે (અને) રાગથી તો ભેદ કર્યો છે, વ્યવહારથી જુદો પાડ્યો છે. હવે જુદો પાડ્યો એ પોતાની પરિણતિથી આગળ વધીને પૂર્ણતાને પામે છે એમ કહે છે. આહા! ભારે કઠણ જૈનમાર્ગ. અલૌકિક છે. આહાહા! અરે! જેના ફળ અનંત આનંદ અને તે સાદિ-અનંત પ્રગટ્યો એ અનંત કાળ એવી ને એવી અનુભવદશા, અમૃતના વેદનની સાદિ-અનંત દશા એના કારણ તો કેવા હોય? સમજાણું કાંઈ? એવા સંતો મુનિમાં શ્રેષ્ઠ અલ્પ કાળમાં મુક્તિને પામનારા છે એ જયવંત છે. એનો સાધક સ્વભાવ સંતોએ પ્રગટ કર્યો તે જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? ૨૪૭ થયો. એકે પૂરું કરે છે એવી શૈલી છે. દિગંબર સંતોની શૈલી, પૂર્ણતાને પામેલા–પૂર્ણ વસ્તુની દૃષ્ટિ પામેલા અને પૂર્ણતા પામવાની તૈયારીવાળા,

પર્યાયમાં પૂર્ણતા પામવાના—એવી વાત જ બધી એક-એક શ્લોકે પૂર્ણ આવે છે. આહાહા! સમજાણું કાંઈ? (કળશ) ૨૪૮.

**प्रध्वस्तपंचबाणस्य पंचाचारांचिताकृतेः ।**
**अवंचकगुरोर्वाक्यं कारणं मुक्तिसंपदः ॥२४८॥**

**શ્લોકાર્થ** : અરે! કામદેવના પાંચ બાણને તો જેણે હણ્યા છે (અર્થાત્) પાંચે ઇન્દ્રિયના વિષય તરફથી હઠી ગયો છે, એમ કહે છે. અણીન્દ્રિય એવો ભગવાન આત્મા એ પાંચ ઇન્દ્રિય તરફના વિકલ્પને જેણે નાશ કર્યા છે અને આહીં પંચાચારથી શોભિત છે. આમ પંચબાણ(રૂપ) કામના વિકલ્પોનો અભાવ છે અને પંચાચારથી તે શોભિત છે. સમજાણું કાંઈ? **(જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ ને વીર્ય..)** જ્ઞાનાચાર–અંતર જ્ઞાનમાં એકાગ્રતા, દર્શનાચાર–સમકિતની એકાગ્રતા, ચારિત્ર, વીર્ય ને તપ—એ બધા પંચાચાર નિર્વિકલ્પ છે. **પંચાચારથી સુશોભિત જેમની આકૃતિ છે**–જેમનું સ્વરૂપ છે. આવા પરમ-આવશ્યકના કરનારા મુનિ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **પંચાચારથી સુશોભિત**... પાછા એકલા શોભિત નહીં, સુશોભિત છે. અંદર જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય પુરુષાર્થથી અંતર નિર્-અવયવ નિર્વિકલ્પદશાથી શોભિત છે.

**એવા અવંચક ગુરુનું વાક્ય–એવા માયાચાર રહિત ગુરુનું વાક્ય મુક્તિસંપદાનું કારણ છે.** વાક્ય, લ્યો, ઠીક. વાક્ય–વચનપણાનો ભાવ. એમ સિદ્ધ કરે છે કે આવા ગુરુનું વાક્ય એવું હોય છે કે પરની ઉપેક્ષા કરાવીને સ્વની અપેક્ષા કરાવે. એવું એનું વાક્ય હોય છે. સમજાણું કાંઈ? વ્યવહાર ને નિમિત્ત આદિની ઉપેક્ષા અને પૂર્ણ પરમાત્મસ્વભાવની અપેક્ષા—એવું જે બતાવે એ ગુરુનું વાક્ય. આહાહા! સમજાણું કાંઈ? એના વાક્યમાં, રાગ કરવા જેવો છે અને રાગથી લાભ—એવું વાક્ય ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એવા અવંચક... આહાહા! ચૈતન્યસ્વભાવને જેણે ખોલી નાખ્યું છે અંદરથી. નિધાન શક્તિરૂપે હતું, પરમાત્મસ્વરૂપ પોતાનું નિજ શક્તિરૂપે હતું, એનો સમ્યગ્દર્શનમાં સ્વીકાર કરીને 'પૂર્ણ મુક્ત છું' એમ સ્વીકાર કર્યો છે અને એની સાથે પંચાચારના પરિણમનની નિર્વિકલ્પ દશા દ્વારા જેની વર્તમાન દશા સુશોભિત છે. આહાહા! નગ્નપણાથી અને પંચમહાવ્રતના પરિણામથી એ શોભિત છે એમ નથી કહ્યું ત્યાં.

આહાહા! ગજબ વાત છે દિગંબર સંતોની વાણી! આ તો પદ્મપ્રભમલધારિ મુનિ છે, આચાર્ય નથી. નીચેથી.. નીચેથી.. ઠેઠ સાતમે ગુણસ્થાને વીતરાગી પંચાચારની પરિણતિમાં પડેલા છે. આહાહા! એનું વાક્ય **મુક્તિસંપદાનું કારણ છે...** એટલે કે ગુરુઓનું વાક્ય એવું હોય છે, એનો ઉપદેશ એવો હોય છે કે બધા–નિમિત્ત, રાગ ને પર્યાયથી ઉપેક્ષા કરાવી અને સારા–પૂર્ણ આનંદ પ્રત્યે અપેક્ષા કરાવે એવું એનું વાક્ય હોય છે. સમજાણું કાંઈ? વીતરાગતા પ્રગટ કરે એવું એનું વાક્ય હોય છે. વીતરાગતા તો પરની અપેક્ષા ને સ્વની અપેક્ષા કરે તો થાય. બહુ

ટૂંકામાં (કથન છે). જ્ઞાનનો ઢગલો પ્રભુ, એકલો જ્ઞાનનો પુંજ, જ્ઞાનનું ધોકડું એની અપેક્ષા કરાવે અને પર્યાયાદિની ઉપેક્ષા કરાવે એવું ગુરુનું વાક્ય છે, એ મુક્તિનું કારણ છે. આહાહા!

પંચમ આરાના મુનિ એની આ શૈલી છે. આરો ક્યાં ન્યાં નડતો હતો? આરાથી તો પાર છે કહે છે. સમજાણું કાંઈ? લ્યો, (કળશ) ૨૪૮ થયો. સંસારની સંપદા મળે, એમ કે ફળ મળે એ વાત ગુરુના વાક્યમાં ન હોય એમ કહે છે. આહાહા! સ્વર્ગ મળે, સમજાણું કાંઈ? આ તીર્થંકરપણું મળે એ નહીં, કહે છે આહીં તો. ગજબની વાત છેને! અહીં તો મુક્તિની સંપદા મળે એવું એનું વચન– ઉપદેશ હોય છે. કારણ કે પોતે મુક્તિની સંપદાને સાધી રહ્યા છે. સમજાણું કાંઈ? પંચાચાર છેને એ સાધક છે. એના વચનો–ઉપદેશ આવો જ આવે છે. એને મોક્ષના સાધક અને ખરેખર અવશ્યક ક્રિયાના કરનારા એને કહેવામાં આવે છે. વાત તો ન્યાયથી (અને) સાદી ભાષાથી વાત કરી છે. એમાં કાંઈ બહુ કડક આકરું એવું કોઈ શબ્દ (નથી અને) સંસ્કૃત ને વ્યાકરણ ને ભણેલા હોય તો સમજાય એવું કાંઈ નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ પરમાત્મા થવા માગે છે એટલે કે સિદ્ધ થવા માગે છે. તે પરમાત્માસ્વરૂપ જે આત્મા પૂર્ણ છે એના સ્વીકારમાં–પંચાચારમાં રમે છે, બસ એને મુક્તિ અલ્પ કાળમાં પ્રાપ્ત થશે. પંચમ આરાના સાધુ છેને, (તો) અત્યારે તો મુક્તિ નથી. અરે, સાંભળને ભગવાન! આહાહા! સ્વરૂપ પૂર્ણાનંદસ્વરૂપ એના જેને અંદરમાં મલાવા–આનંદના અનુભવ થયા છે, અતીન્દ્રિય આનંદના સ્વાદનો સ્વાદિયો છે મુનિ. આહાહા! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એ સ્વાદિષ્ટ સ્વાદ લેતાં-લેતાં, કહે છે કે પૂર્ણ મુક્તિને પામશે. કહે છે. એને કાંઈ દુઃખ થાશે ને આમ આકરું સહન કરવું પડશે એવું કાંઈ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આહા! આવો એક-એક શ્લોક ઓલા ૪૫ (સૂત્ર) વાંચી જાય તોય મળે નહીં. આગમ શેના કહેવાય ત્યારે? પણ એવું થઈ ગયું છે, શું કરે? ખબર રહી નહીં, ફેરફાર કરી નાખ્યો. આહાહા!

આ પરમાગમ અમૃતના ઝરણા છેને, જુઓને! પરમાગમ. અનાદિથી જે ધારા ચાલી આવે છે ભાવશ્રુતની, એ પરમ આગમ છે, એમાં આ કથન છે. વ્યવહાર આવશ્યકની ક્રિયા એ જરૂરિયાતવાળી છે એમ આહીં નથી જણાવ્યું. હોય વચ્ચે વ્યવહાર, પણ એ તો જાણવાલાયક છે એમ એની જ્ઞાનની પર્યાયમાં જણાઈ જાય, એટલી વાત છે બસ. સમજાણું કાંઈ? આચરણમાં તો પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રનું આચરણ ઠીક છે. ઓહોહો! સિદ્ધ સમાન સ્વરૂપને સિદ્ધ સમાનની પર્યાયમાં અનુભવે છે, એને અલ્પ કાળમાં સિદ્ધપણું થાય છે. ૨૪૯.

**इत्थं बुद्ध्वा जिनेन्द्रस्य मार्गं निर्वाणकारणम् ।**
**निर्वाणसंपदं याति यस्तं वंदे पुनः पुनः ॥२४९॥**

**શ્લોકાર્થ** : અરે! **નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ...** આહાહા! સ્વરૂપની પૂર્ણ દૃષ્ટિ કરીને પંચાચારરૂપે પરિણમવું એ જિનેન્દ્રનો માર્ગ છે, નિર્વાણનું કારણ છે, એ જ માર્ગ

મોક્ષનું કારણ છે. મોક્ષ નામ પૂર્ણ આનંદ અથવા પૂર્ણ શાંતિ. આખો સંસાર બધો જ્યાં ઓલાઈ ગયો છે અને એકલી શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ પૂર્ણ પ્રગટ થઈ છે એને નિર્વાણ (કહીએ). એવી પૂર્ણ શાંતિરૂપ નિર્વાણ, એનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ, વીતરાગી ભગવાન આત્મા એને આશ્રયે પ્રગટેલી દશા એ જિનેન્દ્રનો માર્ગ છે. સમજાણું કાંઈ? એવો જિનેન્દ્ર માર્ગ **તેને આ રીતે જાણીને**... એમ પાછું. સ્વને આશ્રયે પ્રગટેલી જે દશા તે જિનેન્દ્રનો માર્ગ છે એમ એણે નક્કી કરવું જોઈએ. વીતરાગી ભગવાન પૂર્ણાનંદ એને આશ્રયે દશા પ્રગટ થાય તે જિનેન્દ્રનો માર્ગ, એ આત્માનો માર્ગ, એ વીતરાગનો માર્ગ. સમજાણું કાંઈ?

**તેને આ રીતે જાણીને**... આ રીતે એટલે આત્મા પોતાનો સ્વભાવ પૂર્ણ છે એને આશ્રયે પંચાચાર પ્રગટ થયા છે એ જિનેન્દ્રનો માર્ગ છે એમ એને જાણવું જોઈએ. વ્યવહારનો વિકલ્પ એ કાંઈ જિનેન્દ્રનો માર્ગ નથી. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આવું સાંભળ્યું હતું ક્યાંય? આહાહા! આવો માર્ગ પરમાત્માનો, પરમાત્માનો એટલે કે તારો. આહાહા! ભાઈ! આ બધા ખદબદાટ એમાં ક્યાંય છે જ નહીં. એ તો પ્રભુ ભગવાન (આત્મા) તો શાંત શીતળ, શાંત શીતળ વીતરાગનો મોટો સરોવર–દરિયો છે. એને આશ્રયે જે પંચાચાર(રૂપ) વીતરાગી પરિણતિ પ્રગટ થાય, બસ એ જ પરમ આવશ્યક, તે જિનેન્દ્રનો માર્ગ. કહો, સમજાણું કાંઈ?

**તેને આ રીતે જાણીને** એટલે આવો જ માર્ગ છે એ રીતે જાણીને. બીજી રીતે નહીં કે વ્યવહારથી થાશે ને ઢીંકણાથી થાશે. **જે નિર્વાણસંપદાને પામે છે...** આહીં તો (કહે છે કે) આ રીતે જાણીને જે નિર્વાણસંપદાને પામે છે. જાણ્યું એટલે એ જાતનું કારણ પણ પ્રગટ કર્યું. આહાહા! નિર્વાણ શાંતિ.. શાંતિ.. પૂર્ણ અકષાયપરિણતિ, યથાખ્યાત જે શક્તિરૂપ છે એવી પર્યાયરૂપ પ્રતીતિ પામે છે. લ્યો, આ સંપદા. આ ધૂળની સંપદા અહીં નથી આવી, કહે છે. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. એવી પૂર્ણ શાંતિરૂપી નિર્વાણપદને પામે **તેને હું ફરીફરીને વંદું છું,** કહે છે. મારો આદર ત્યાં છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગમાં ને નિમિત્તમાં (આદર) નથી.

પૂર્ણાનંદ પ્રભુ સચ્ચિદાનંદ નાથ આત્મા, આહાહા! એનો આશ્રય કરીને જે વીતરાગ પરિણતિ પ્રગટ થઈ એ જ નિર્વાણસંપદાને પામે છે. એમ કે મોટી મોટી વાતું... બાપા! તારા ઘરની (વાત) તો આ છે. તું મોટો, તારી પરિણતિ મોટી, તારા ફળ મોટા. સમજાણું કાંઈ? જગતમાં તારા સિવાય મોટપ કોને છે? આહાહા! અને એવો મોટો મહા પ્રભુ એને આશ્રયે પ્રગટ થયેલી દશા પણ મહા મોટી છે અને એના ફળરૂપે શાંતિની દશા(રૂપ) સંપદા પણ મોટી છે. આહાહા! એને શ્રદ્ધા-જ્ઞાનમાં તો એ વાત લે કે માર્ગ તો આ છે. એ સિવાય કોઈ માર્ગ બીજો કહેતા હોય તો એ માર્ગ ભગવાનના માર્ગમાં નથી. આહાહા! દીનતા, ચાર ગતિમાં રખડવાના માર્ગ છે. એવા સંપદાને પામે છે **તેને હું ફરીફરીને વંદું છું**. એનો અર્થ કે વારંવાર મારી નિર્વિકલ્પ આચરણદશા પ્રગટ થાય છે એને હું આદરું છું.

(કળશ) ૨૫૦. એક ગાથાના તો આઠ શ્લોક કર્યા. **परिचत्ता परभावं** છેને? **अप्पाणं झादि णिम्मलसहावं...** બે જ વાત. પરભાવને છોડીને આત્માને ધ્યાવે એ અલ્પ વશ છે, પોતાને વશ છે એમ. આવા કાર્યને આવશ્યક કહેવામાં આવ્યો. આવી વાત છે આ. આહા! ગજબ વાત છે. કુંદકુંદાચાર્યની શૈલી ગજબ છે. પરમાત્માના કેડાયત.. પરમાત્માના કેડાયત ને પરમાત્મા થવાની તૈયારીવાળા.

**स्ववशयोगिनिकायविशेषक**
**प्रहतचारुवधूकनकस्पृह ।**
**त्वमसि नश्शरणं भवकानने**
**स्मरकिरातशरक्षतचेतसाम् ॥२५०॥**

ઓહો! **શ્લોકાર્થ : જેણે સુંદર સ્ત્રીની અને સુવર્ણની સ્પૃહાને નષ્ટ કરી છે...** જેને સુંદર એવો ભગવાન આનંદનો નાથ એનું જ્યાં શરણ આવ્યું, એને આની સ્પૃહા ક્યાં રહે? હવે તો પૂર્ણાનંદની પ્રાપ્તિની સ્પૃહા એક જ છે. આહા! સમજાણું કાંઈ? સુંદર સ્ત્રી, શરીરની નમણાઈ ને કોમળતા દેખીને જે ઉલ્લસિત વિકલ્પ થાય એ તો મહા ભ્રમ છે. એમાં ક્યાંય સુખ છે નહીં. સુખ તો ભગવાન આત્માના સ્વભાવમાં પડ્યું છે. એવું જેને ભાન થયું એને તો સુંદર સ્ત્રી ને સુવર્ણની સ્પૃહા છૂટી ગઈ છે. જેને એકલી પૂર્ણાનંદની પ્રાપ્તિની સ્પૃહા રહી છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં ઇન્દ્રના ઇન્દ્રાસનોની સ્પૃહા છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? જ્યાં પરમાનંદ સ્વભાવ, જેનું સત્ત્વ ને હયાતી જ પરમાનંદવાળી છે એવો જે ભગવાન એનો જેને દૃષ્ટિ અને સ્વીકાર પૂર્ણ આત્માનો થયો, એને તો પૂર્ણ આનંદની પ્રાપ્તિની જ સ્પૃહા હોય છે. આ સ્ત્રી અને સુવર્ણની સ્પૃહા એને હોતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ બધી દુઃખ દાવાનળની ઇચ્છા છે. કષાય અગ્નિમાં પડે છે, વિષયની વાસનાવાળા કષાયની અગ્નિમાં ઝંપલાવે છે. આહાહા! પતંગિયા જેમ દીવાને દેખીને ઝંપલાવે, એમ વિષયના રસિલા એ વિષયની અનુકૂળતાવાળા નિમિત્તને દેખીને ઝંપલાવે (તો) સળગે છે કહે છે. એ સ્પૃહા ધર્મીને હોતી નથી. આહાહા! અરે! સુંદર એવો ભગવાન આત્મા, આનંદનો.. આનંદના સાગરનો જ્યાં સ્વીકાર થયો, એને એ સ્ત્રી અને સુવર્ણની સ્પૃહા કેમ ન હોય? એમાંથી એની સુખબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? **એવા હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ...** એવા અંતરના સ્વરૂપના જોડાણવાળા અને બહારની સ્પૃહાના નાશવાળા, એમ. આહાહા! **હે યોગીસમૂહમાં શ્રેષ્ઠ સ્વવશ યોગી!** તું તો ભગવાન તારા અતીન્દ્રિય આનંદ સ્વભાવને વશ થઈ ગયો છે. તું તો આત્મવશ છો હોં. આહાહા! જરી મુનિને પોતાને નબળાઈનો વિકલ્પ આવેને, એવી અપેક્ષાઓ નાખીને (કહે છે). છે તો મુનિ. આહાહા!

અરે **સ્વવશ યોગી!**... આત્મા આનંદમય પ્રભુ છે એવો જેને પર્યાયમાં પ્રગટ થયો છે. એ આત્માને વશ છે, વિકલ્પ ને નિમિત્તને વશ છૂટી ગયો છે. જોકે સમ્યગ્દૃષ્ટિને (પણ) રાગ ને નિમિત્તનું આધીનપણું તો છૂટી ગયું છે, પણ આને જે અસ્થિરતા બાકી હતી એ પણ આત્માને વશ થયેલો ભગવાન સંતને એ અસ્થિરતા પણ છૂટી ગઈ છે એમ કહે છે. આસક્તિ પણ છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પૂર્ણ આનંદના જ્યાં સ્વાદ આવ્યા, એને રાગનો અને નિમિત્તનો ભાવ છૂટી ગયો છે, એનો પ્રેમ અંદરથી વિરક્ત થઈ ગયો છે. આહાહા! પણ મુનિ સમકિતી જે છે (એને) અસ્થિરતાનો આસક્તભાવ નબળાઈને લઈને (હતો), નિમિત્તને લઈને નહીં, પણ નબળાઈને લઈને થતો (હતો) એ પણ જ્યાં નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ?

**તું અમારું—કામદેવરૂપી ભીલના તીરથી ઘવાયેલા ચિત્તવાળાનું...** આહાહા! અરેરે! કોઈવાર વિકલ્પની વૃત્તિ જરી અસ્થિરતાને પામે, એને જરી ઘવાયેલા છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! અમારું જ્ઞાન આનંદમય છે, એમાં કોઈવાર એવી વિકલ્પની વૃત્તિ જરી ઉઠે તો, કહે છે કે **કામદેવરૂપી ભીલના તીરથી**... કામદેવરૂપી ભીલ, એનું જે તીર. આહાહા! **ઘવાયેલા ચિત્તવાળા**... એ **ભવરૂપી અરણ્યમાં** તારું **શરણ છે** મારે. આહાહા! સ્વરૂપનું શરણ છે એમાં, કહે છે. સમજાણું કાંઈ? યોગી! 'તારું શરણ છે' એમ કહેતાં પોતાનો સ્વભાવ અખંડાનંદ છે એ મારે શરણ છે. એ વૃત્તિથી જરી અસ્થિરતા થાતી હોય, ઘવાયલા ચિત્તવાળા છીએ, પણ અમારું શરણ તો અમને આ છે, કહે છે. સમજાણું કાંઈ? અરે! અધ્યાત્મની વાતું પણ કોઈ અલૌકિક છે!

છેને એમાં. અધ્યાત્મની વાત સાંભળી પણ... પદ્મનંદિપંચવિંશતિ, નહીં? સ્વરૂપની વાર્તા પણ સાંભળી પ્રિતી(વાળા) ચિત્તથી... આહાહા! પ્રેમથી જેણે આવી વાત સાંભળી છે... જેને વિકલ્પ જરી નબળાઈનો ઉઠે એ પણ નુકશાનકારક છે. સ્વરૂપના શરણે જતાં જે દશા પ્રગટ થાય એ જ આત્માને આનંદદાય અને મુક્તિની દેનારી છે. આ વાત જેને ચિત્તથી, પ્રેમથી, હૃદયથી સાંભળી, એને રુચિ છે ત્યારે એ વારંવાર સાંભળે છે એમ કહે છે. એ 'ભાવિ નિર્વાણ ભાજનં.' આહાહા! એ અલ્પ કાળમાં કેવળજ્ઞાનને પાત્ર થશે એટલે અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેશે. આહાહા! **ભવરૂપી અરણ્યમાં**... વિકલ્પનું મોટું રણ એમાં શરણ આત્મા છે. સમજાણું કાંઈ? સ્વરૂપમાં જોડાણ થવું એ શરણ છે. ૨૫૦ (થયો. હવે), ૨૫૧.

**अनशनादितपश्चरणैः फलं**
**तनुविशोषणमेव न चापरम् ।**
**तव पदांबुरुहद्वयचिंतया**
**स्ववश जन्म सदा सफलं मम ॥२५१॥**

આહાહા! **શ્લોકાર્થ : અનશનાદિ તપશ્ચરણોનું ફળ શરીરનું શોષણ (સુકાવું) જ છે...** લ્યો, હમણા આવ્યા હતાને .... બચુભાઈ. ...... એની વહુ વર્ષીતપ કરતી હશે. ...... આ અમારે હમણાં વર્ષીતપ કરે છે, બચુભાઈ કહે. મેં કીધું, લાંઘણ છે, કીધું. ઓલા લાખોપતિની વહુ. બચુ હુશિયાર ગણાય છેને. હીરાભાઈની દીકરો લક્ષ્મીચંદ એ હુશિયાર ગણાય છે. એ બચુના ઘરેથી વર્ષીતપ કરે છે એમ કરીને જણાવ્યું. .... એમ નહીં. એ જરીક કાંઈક એ શૈલી... મેં કીધું, લાંઘણ છે બેન! આહા! રાગની મંદતા હોય તો મિથ્યાત્વ સહિત પુણ્ય બાંધે, બાકી બીજું કાંઈ છે નહીં. ગજબ વાત છે. એ ગિરધરભાઈ! મિથ્યાત્વ કર્યું છે. હું રાગ કરું છું, રાગ કરવા જેવો છે, ક્રિયા કરી શકું છું—દૃષ્ટિ તો ત્યાં છે, મિથ્યાત્વ તો પડ્યું છે આખું. એને સંભળાવવા માટે પૂછ્યું હતું. ઓલું ચાલતુંને, મહાતમ્ય હતુંને. આહાહા! ઓલાને વર્ષીતપ કર્યું ..... હોય મૂળ તો. અરે! આ જીવ ક્યાં જાય છે?

આહીં કહે છે કે અરેરે! અમારા ચિત્તમાં કોઈ વૃત્તિ... સહેજ પણ ચિત્ત થઈ જાય આ બાજુ, અમારું શરણ તો ભગવાન આત્મામાં અંદર જોડાવું એ શરણ છે. સમજાણું કાંઈ? અને અનશનાદિનું ફળ તો શરીરનું સૂકાવું છે. કર્મ સૂકાય ને મેલ સૂકાય એમ નહીં, એમ કહે છે. **तनुविशोषणमेव न चापरम्**... આહાહા! અસ્તિ-નાસ્તિ કરી છે. અનશન, ઉણોદરી, વૃતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિ..., પ્રાયશ્ચિત્ત વિગેરે એવા જે તપશ્ચરણ... લોકો કહેને કે તપસ્યાનું ફળ તો નિર્જરા હોય. હવે કઈ તપસ્યા? સાંભળને! આ તો તારી શરીરને પોષવાની તપસ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? શરીરનું સૂકાવું છે. શરીર સૂકાય, નબળું પડી જાય,... **બીજું નહિ** એમ. બીજો જરીએ લાભ નહીં એમ કહે છે. કર્મનો જરીએ અભાવ થાય નહીં એમ કહે છે. આહાહા! બહિર્બુદ્ધિએ વિકલ્પની ક્રિયાઓ અનશન, ઉણોદરી, રસપરિત્યાગ, કાયક્લેશ બંધનું કારણ છે. શરીર સૂકાવાનું કારણ ખરું. શરીર સૂકાય છે. આહાહા!

બાપુ! આત્મા અંતર વસ્તુ નિર્વિકલ્પ આનંદનો ઘન છે એવું તો જ્યાં દૃષ્ટિમાં આવ્યું નથી, એવી સત્તાનો સ્વીકાર છે નહીં, તો કઈ સત્તાના સ્વીકારે તારે આ કરવું છે? હું આ રાગ છું, આ હું છું ને આ છોડું છું ને મૂકું છું—એ બધી વિકલ્પની જાળ શરીરને સુકાવી નાખે એમ છે કહે છે. એમાં કાંઈ આત્માને જરીએ રાગ ઘટે, રાગ ઘટે એમેય નહીં એમ કહે છે. આહાહા! એમાં જ આખું જગત જીવ માનીને બેઠું છે. આહાહા! જુઓ! આવા ..., અનશન કરે, ઉણોદરી કરે, રસ કરતા નથી, આખો દિ' શાસ્ત્ર વાંચ્યા કરે છે ધર્મધ્યાનમાં... વાંચ્યા કરે એમાં ધર્મ ક્યાં આવ્યો? સાંભળને! આત્માને વાંચતો નથી અને આ બધું વાંચે એ બધું કાયક્લેશ છે, એમ કહે છે. એ કાંતિભાઈ! બહુ કામકાજ ભાઈ આવું. જે અપવાસ કરતા હોય, વર્ષીતપ કરતા હોય, એ સાંભળે એને એવું લાગે આ. આ કે દિ' ....? શરીરનું પોષવું છે. આહાહા!

પરલક્ષી ક્રિયામાં રાગની મંદતા કદાચિત્ હોય, પણ એમાં શરીર સૂકાય, બંધ તો જરીય સૂકાય નહીં. આહાહા! ભગવાન આત્મા શુદ્ધ આનંદનો નાથ ઘન પ્રભુ એનો આશ્રય ને શરણ વિના જે કાંઈ કરે એમાં કાંઈપણ–જરીએ આત્માને લાભ નથી. જાદવજીભાઈ! વર્ષીતપ કર્યું હશેને ઘરે? કર્યો હતો? ઠીક. ...ને ઘરે કરે ત્યારે ઉજવણું થાયને હરખનું? ...રીતની ખબર ન હોય. મોહનભાઈએ કર્યું હશે. ..... અરેરે! ભગવાન ત્રિકાળી ચિદાનંદસ્વરૂપ એનો જ્યાં આશ્રય થઈને, એના ભેટા થઈને જે નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ ભાવ પ્રગટ થાય, એ મહા મોક્ષનું કારણ છે, બાકી બધા થોથેથોથા છે. સમજાણું કાંઈ? ભગવાનને સમીપમાં રાખ્યો નહીં ને રાગની ક્રિયાને સમીપમાં રાખી, ભગવાનને દૂર રાખ્યો ને રાગની, દેહની ક્રિયાને નજીક કરી. ઊના પાણી પીતા હતાને બધા. ત્રણ-ત્રણવાર કર્યા છેને શું? ઉપધાન. ત્રણ વાર? ચાર વાર કર્યા. ત્રણ વાર તો ભાઈ ચેતનજીએ ત્રણ વાર, આણે ચાર. આહાહા! લાંઘણ કરાવી હતી.... આહાહા! એ ધર્મ જ નહીં.

અમારે હીરાજી મહારાજ બિચારા.... કષાય મંદ. દેખો તો ગંભીર. અમારા સંપ્રદાયના ગુરુ એવા ગંભીર. લોકો દેરાવાસી દેખે તો એને એમ થઈ જાય કે સ્થાનકવાસીમાં આવા સાધુ! શરીર શાંત ગંભીર. આ બધું કરવું એ ધર્મ. પરની દયા પાળવી એ ધર્મ, અપવાસ કરવો એ નિર્જરા. અહીં તો સખત વાત છે. અનશનાદિ તપશ્ચરણાદિનું ફળ શરીરનું શોષણ.. શોષણ... શરીર શોષાઈ જાય. એમાં જરીય કર્મ ને રાગ શોષાય એમ છે નહીં. આહાહા! શુભરાગ ધર્મ છે એવી વાત લીધી નથી. **હે સ્વવશ!** હે મુનિ! મુનિને ઉદ્દેશીને કહે છે, પણ પોતાની જાત માટે.

**હે આત્મવશ મુનિ!** પૂર્ણ આનંદનો નાથ એવો આત્મા એને વશ થઈ ગયેલો પ્રભુ એ આત્મવશ સંત છે. **તારા ચરણકમળયુગલના ચિંતનથી**... તારા ચરણકમળના યુગલના ચિંતનથી **મારો જન્મ સદા સફળ છે.** આહાહા! મારા સ્વરૂપના ચિંતવનથી–એકાગ્રતાથી મારો જન્મ સફળ છે એમ કહે છે. અનશનાદિથી સફળ નહીં, એમ. આત્માના ધ્યાનની એકાગ્રતાથી મારો જન્મ સફળ છે. સમજાણું કાંઈ? એકાંત છે એકાંત, એમ લાગે માણસને હોં. રાગ કરતાં કરતાં થાય, એવો અનશન–ઉપવાસ આદિનો ત્યાગ કરે તો અંદર આગળ જવાય. પણ શેનો અભ્યાસ? એ તો રાગનો અભ્યાસ કરે છે. સમજાણું કાંઈ? એમાં આત્માનો અભ્યાસ ક્યાં આવ્યો ન્યાં? આહાહા! લો, આવો અંદર અનુભવમાં નિર્ણય થાય છે એમ કહે છે. ભગવાનને.., પાંચમા આરાના સાધુ છે. પણ અંતર આત્માના સ્વભાવનો આશ્રય લીધો છે (તો) જન્મ મારો સફળ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય ભગવાનના શરણે આવ્યો એનો જન્મ સફળ છે, બાકી બધા આવા અનશન, ઉણોદરી કરનારા એના બધા જન્મ અફળ છે.

બાહ્યક્રિયાનો તો બહુ તિરસ્કાર છે એમ કહે છે. તિરસ્કાર નથી, એના સ્વરૂપનો આદર નથી. એ શુભરાગ છેને ભાઈ! પુણ્ય બંધાય એ તો અબંધસ્વભાવ છે એને બંધ થયો. એમાં જે

સ્વર્ગ મળે એ તો કલંક છે જન્મ. અરે! આવો ચૈતન્ય અમૃતનો પુંજ એને આવા સંયોગમાં આવવું, ચૈતન્ય ભગવાન અમૃતની કાતળી એને આવા ઝેરના ભવમાં અવતરવું. આહાહા! કહે છે, એ તો બંધના કારણ તો બધા જન્મને અફળ કરવાના છે. આત્માનો આશ્રય કરીને જે પર્યાય થાય એ જન્મ સફળ છે. સમજાણું કાંઈ? ૨૫૨.

**जयति सहजतेजोराशिनिर्मग्नलोकः**
**स्वरसविसरपूरक्षालितांहः समंतात्।**
**सहजसमरसेनापूर्णपुण्यः पुराणः**
**स्ववशमनसि नित्यं संस्थितः शुद्धसिद्धः॥२५२॥**

**શ્લોકાર્થ : જે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યાં છે...** એવો **સહજ તેજરાશિમાં મગ્ન જીવ...** સ્વભાવિક તેજરાશિ–જ્ઞાનનો ઢગલો ભગવાન, જ્ઞાનનો પુંજ પ્રભુ, સ્વભાવિક જ્ઞાનનો પુંજ એવી તેજરાશિ–ઢગલો એમાં જે મગ્ન છે, એ જીવે નિજરસના વિસ્તારથી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યો છે. એણે તો આત્માના આનંદના રસના વિસ્તારથી–આત્માના આનંદના રસના ફેલાવથી (અર્થાત્) પર્યાયમાં વિકસાવીને એવા ઉત્પન્ન પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યું છે. પુણ્ય ને પાપનો વ્યય કરી નાખ્યો છે એમ કહે છે.

**નિજ રસના વિસ્તાર...** પોતાનો આત્મરસ આનંદ એનો વિસ્તાર એટલે પર્યાયમાં પ્રગટ થવું. **તેજરાશિમાં મગ્ન જીવ...** આનંદનો નાથ ભગવાન એમાં જે મગ્ન જીવ એ નિજરસના વિસ્તારથી–નિજ શક્તિના ફેલાવથી–પરિણતિ નિર્મળ થવાથી–નિજ તેજરાશિમાં મગ્નતાને લઈને નિર્મળ આનંદની શાંતિની પર્યાય પ્રગટ થવાથી એ વિસ્તારરૂપી પૂર.. પૂર.. પાણીનું પૂર એમ કહે છે. આહાહા! એ વડે જેણે... એ વડે જેણે, એમ. પુણ્ય-પાપને સર્વ તરફથી ધોઈ નાખ્યા છે, પુણ્ય-પાપ આહા! સર્વ તરફથી ધોઈ નાખ્યા છે, એમ.

**જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે...** એ મુનિ સ્વભાવિક સમતારસ એનાથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે. **જે પુરાણ સનાતન છે...** વસ્તુ પણ એવી છે અને એની પર્યાય પ્રગટી એ પણ સનાતન યથાર્થ છે. **જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે (અર્થાત્ જે સદા મનને-ભાવને સ્વવશ કરીને બિરાજમાન છે)** પર્યાયમાં, એમ કહેવું છે. આહાહા! **અને જે શુદ્ધ સિદ્ધ છે,** પર્યાયમાં હોં. સિદ્ધ સમાન જેની પર્યાય પ્રગટ થઈ છે. ભલે ઓછી હોય. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન આત્મા શક્તિનું સત્ત્વ એની એકાગ્રતાથી પર્યાયમાં સિદ્ધસમાન દશા પ્રગટ થઈ છે. **એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ જયવંત છે.** એનો જય છે. ભગવાન પૂર્ણાનંદને આશ્રયે પરિણતિ (થઈ) પ્રગટ, શાંતિની, આનંદની પ્રગટ કરી છે એ જીવ આ જગતમાં જયવંત છે. સમજાય છે કાંઈ? બીજા બધા હારી ગયા છે, કહે છે, આનો જય છે. ૨૫૨ થયો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૨, ગુરુવાર, તા. ૪-૧૧-૧૯૭૧**
**શ્લોક - ૨૫૩-૨૫૪, ગાથા - ૧૪૭, પ્રવચન નં. ૧૬૮ (હિન્દી)**

યે નિયમસાર સિદ્ધાંત હૈ. ભગવાન કુંદકુંદાચાર્ય દિગમ્બર મુનિ સંવત ૪૯મેં લગભગ હુએ, ઉન્હોંને ભગવાનકે પાસ જાકર... સીમંધર પરમાત્માકે પાસ ગયે થે, આઠ દિન રહે થે, વહાંસે આકર યહ શાસ્ત્ર બનાયા. નિયમસાર સિદ્ધાંત, ઉસમેં ૧૪૬ ગાથા, ઉસમેં ૨૫૩ કલશ ચલતા હૈ. અધિકાર ક્યા હૈ? પરમ-આવશ્યક, નિશ્ચય પરમ-આવશ્યક અર્થાત્ આત્મામેં સચ્ચા સ્વભાવ જો આત્માકા ત્રિકાલી આનંદ ને જ્ઞાન સ્વભાવ હૈ ઉસકા આશ્રય લેકર ઉસમેં લીનતા હોના, જો નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સમ્યગ્જ્ઞાન ઔર નિર્વિકલ્પ સામાયિક ચોવિસંથો હૈ. વસ્તુ ત્રિકાળી ભગવાન આત્મા ઉસકે સ્વભાવમેં લીનતા કરના વહ આવશ્યક કર્મ હૈ. સમજમેં આયા? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ—યે વિકલ્પરૂપ જો હૈ વહ તો વ્યવહાર હૈ, વહ સચ્ચા આવશ્યક નહીં. સચ્ચા આવશ્યક તો ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ અપના નિજસ્વરૂપ-સ્વભાવ ઉસમેં લીનતા, સ્વદ્રવ્યકે આશ્રયસે જો લીનતા ઉત્પન્ન હોતી હૈ ઉસકા નામ જરૂરકા-આવશ્યક કાર્ય કહનેમેં આતા હૈ. આરે, ભારે ઝીણું.

ઐસા આવશ્યક કર્મ પ્રથમમેં-શુરૂઆતમેં સમ્યગ્દૃષ્ટિ ચૌથે ગુણસ્થાન... અપના ત્રિકાળી ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદકંદ ઉસમેં એકાગ્ર હોકર નિર્વિકલ્પ આનંદકા સ્વાદ આના ઔર ઉસમેં પ્રતીતિ હોના કિ સારા આત્મા આનંદ ને શુદ્ધ (રૂપ) હૈ, ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન, ધર્મ, અવશ્યક્રિયા કહનેમેં આતી હૈ. આવો માર્ગ છે. ઉસકે ઉપરાંત સચ્ચે મુનિ હોતે હૈં વે તો અપને આત્માકે અવલંબનમેં-આશ્રયમેં ઉગ્રપણે પુરુષાર્થ કરકે ઠરતે હૈં, અપને સ્વભાવકે વશ હોતે હૈં ઔર દયા, દાન, વ્રત આદિકા વિકલ્પ જો રાગ હૈ ઉસકે વશ નહીં હોતે, ઉસકો યહાં સ્વવશ ધર્માત્મા, સંત ને યોગી કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઉસકી વ્યાખ્યા હૈ. ૨૫૩.

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः ।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम् ॥२५३॥**

પદ્મપ્રભમલધારિ મુનિ દિગંબર સંત હૈં, ૯૦૦ વર્ષ પહલે હુએ હૈં. કુંદકુંદાચાર્ય મહારાજ દો હજાર વર્ષ પહલે દિગંબર સંત આચાર્ય (હુએ) ઉન્હોંને બનાયા સિદ્ધાંતશાસ્ત્ર. ઉનકે (શાસ્ત્ર)કી ટીકા કરનેવાલે પદ્મપ્રભમલધારિદેવ. વે કહતે હૈં... સૂક્ષ્મ વિષય હૈ ભગવાન. **શ્લોકાર્થ : સર્વજ્ઞ-વીતરાગમેં ઔર ઇસ સ્વવશ યોગીમેં કભી કુછ ભી ભેદ નહીં હૈ...** આહાહા! જિસકો આત્મામેં એક સમયમેં ત્રિકાલ જ્ઞાન હોતા હૈ ઐસે સર્વજ્ઞ પરમેશ્વર હૈં ઔર વીતરાગ

હૈં વે તો. અરિહંત પરમેશ્વર જિનકો સર્વજ્ઞપના (અર્થાત્) જ્ઞાનકી એક સમયકી દશામેં તીન કાલ, તીન લોક જાનનેમેં આતે હૈં ઔર વે વીતરાગભાવ સહિત હૈં. ઐસે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર હૈં, અરિહંત હૈં ઉનમેં ઔર સ્વવશ યોગીમેં... આહા! સમકિતી તો પહલે આત્માકે આશ્રયમેં અલ્પ આશ્રયવાલા હૈ. સમ્યગ્દૃષ્ટિ ધર્મકી પહલી સીઢીવાલા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ અપના અતીન્દ્રિય આનંદકા સ્વરૂપ–ભાવ ઉસકે વશ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે અંશમેં અપને સ્વભાવકે આધીન હોતા હૈ. ઉસકો સમ્યગ્દૃષ્ટિ કહનેમેં આતા હૈ. ઉસકે ઉપરાંત યહાં તો મુનિકી બાત હૈ.

મુનિ સ્વવશયોગી છે. આહાહા! છ આવશ્યક, વિકલ્પકા–રાગકા છ આવશ્યક હૈ, વહ પુણ્યબંધકા કારણ હૈ, વહ સચ્ચા આવશ્યક નહીં. સચ્ચા આવશ્યક–કરનેલાયક કાર્ય અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસમેં લીનતા, ઉગ્રપને લીનતા, નિર્વિકલ્પતા, વીતરાગતા, નિર્દોષ દશામેં જો લીન હૈ મુનિ, વહ સ્વવશ યોગી હૈ. આહાહા! અપના આત્મા આનંદસ્વરૂપકે તાબે–વશ હૈ. વિકલ્પ જો હોતા હૈ રાગ ઉસકે વશ નહીં હોતે. આહાહા! ઝીણી વાત છે ભાઈ! અનંત કાલમેં ઉસે સમ્યગ્દર્શન ક્યા ઔર સમ્યગ્દર્શન કૈસે હોતા હૈ ઔર મુનિપના કૈસે કિસકે આશ્રયસે હોતા હૈ (ઉસકી) ખબર નહીં. આ તો ક્રિયાકાંડ કરો, આ કરો, તે કરો, તે કરો—વહ સબ વિકલ્પ હૈ, વહ કોઈ આવશ્યક કાર્ય નહીં. આહાહા! સમજમેં આયા?

યહાં તો ભગવાન સંત–મુનિ પદ્મપ્રભમલધારિદેવ એમ કહતે હૈં કિ ભૈયા! સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર હૈં... ઔર જો સ્વવશ યોગી હૈ, અંતર સ્વરૂપમેં નિર્વિકલ્પ આનંદમેં લીન હૈ, ઉસકા નામ સ્વવશ યોગી–મુનિ કહનેમેં આતા હૈ. યે **સ્વવશ યોગીમેં કભી કુછ ભી ભેદ નહીં**. આહાહા! સમ્યગ્દર્શનમેં તો સ્વરૂપકી અંતર અનુભવ-દૃષ્ટિમેં તીન કષાયકા અભાવ હોકર જો ચારિત્ર હોતા હૈ વહ ચીજ નહીં ઉસકો. ઉસકો તો મિથ્યાત્વ ઔર અનંતાબંધીકા અભાવ હોકર સ્વરૂપકી અનુભવ-દૃષ્ટિ ઔર સ્વરૂપમેં લીનતાકા સ્વરૂપાચરણ અંશ ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ ચૌથા ગુણસ્થાનવાલા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? ઉસકે ઉપરાંત મુનિ યાની કિ જિસકી આત્મામેં–પરમ આનંદમેં બહોત ઉગ્રતાસે લીનતા અંદર હુઈ હૈ, આહાહા! નિર્વિકલ્પ આનંદકા સ્વાદ ઉગ્ર આયા હૈ, સમજમેં આયા? યે સ્વવશ યોગી હૈ. અપને સ્વભાવમેં તાબે–વશ હૈ ઉસકો સ્વવશ યોગી કહનેમેં આતા હૈ. આહાહા! સમજમેં આયા? મુનિ અને સર્વજ્ઞ વીતરાગમેં કભી કુછ ભી... કોઈ કાલમેં અને કુછ ભી ભેદ નહીં. આહાહા! સમજમેં આયા?

ઐસી અંતર નિર્વિકલ્પ આનંદદશા જિસમેં પંચમહાવ્રતકા વિકલ્પ ભી રાગ ને બંધકા કારણ હૈ, આહાહા! સમજમેં આયા? ઉસકો ભી છોડકર અપના આનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ ઉસકે તાબે લીન હો ગયા હૈ, અંતરમેં આત્માકે આનંદમેં ઘુસ ગયા હૈ, વહ અપને આત્માકે સ્વવશ કહનેમેં આતા હૈ. યે મુનિ અને સર્વજ્ઞ વીતરાગમેં ફેર નહીં. આહાહા! સમજમેં

આયા? **તથાપિ**–તોપણ **અરેરે!...** મુનિ જરી કહે છે કે **હમ જડ હૈં કિ ઉનમેં ભેદ માનતે હૈં.** સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર અને મુનિ... જો અંતર્મુખ હોકર આનંદમેં લીન હૈ વહ મુનિ હોં. મુનિ યાની કોઈ નગ્નપના લે લિયા, પંચમહાવ્રતકી ક્રિયાકા રાગ (હો) વહ મુનિ નહીં. સમજમેં આયા? આહાહા! અંતરકે આનંદમેં લીન અતીન્દ્રિય આનંદકા સ્વાદ ઉત્કૃષ્ટ આયા હૈ, પ્રચુર સ્વસંવેદન–આનંદકા પ્રચુર–ઉગ્ર વેદન આયા હૈ, સમ્યગ્દૃષ્ટિસે ભી મુનિકો તો આનંદકા વિશેષ વેદન અંદર હૈ. આહાહા! ઐસા સચ્ચે મુનિ ઔર કેવલી વીતરાગ દોમેં ફેર નહીં, કહતે હૈં. પંડિતજી! સમજમેં આયા? થોડા ફેર હૈ વહ યહાં ગિનનેમેં આયા નહીં. વહ (કલશ) ૨૫૩.

ઓહો! મુનિ તો પંચ પરમેષ્ઠી છે. પંચ પરમેષ્ઠીમેં મિલે (સામિલ) હૈં. જિસકો ગણધરદેવ ભી, 'ણમો લોએ સવ્વસાહૂણં' (કહતે હુએ) જિસકો ગણધરકા નમસ્કાર પહુંચે ઐસી જો અંતરદશા ઉસકો યહાં મુનિપના કહતે હૈ. આહાહા! સમજમેં આયા? આમ તો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' પંડિતજી! આતા હૈ છ ઢાલામેં? દૌલતરામજી. પંડિતજી! વહ છ ઢાલામેં આતા હૈ. 'મુનિવ્રત ધાર...' ૨૮ મૂળગુણ, પંચમહાવ્રત શુકલલેશ્યા ધારણ કરકે અનંત બાર નવવીં ગ્રૈવેયકમેં ગયા. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો..' પણ વહ ધર્મ નહીં. 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો..'

ઉસકા અર્થ કિ આત્મા જો વિકલ્પસે રહિત, રાગકી ક્રિયાસે ભી રહિત હૈ ઐસી ચીજકા અંતર અનુભવ બિના આનંદ આયા નહીં અને આનંદ આયે બિના ઉસકો સમ્યગ્દૃષ્ટિ કહતે નહીં. આહાહા! પંચમહાવ્રતકી ક્રિયા, ૨૮ મૂળગુણકી ક્રિયા ભી દુઃખરૂપ હૈ ઐસે કહા, ક્યોંકિ રાગ હૈ. ઐસે કરતે હુએ ભી આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયા. આત્માકા આનંદકા લેશ–અંશ નહીં મિલા ઉસમેં. આહાહા! ઉસકા અર્થ ક્યા હુઆ? કિ વહ રાગકી ક્રિયા પંચમહાવ્રતકે વિકલ્પ–વૃત્તિ ઉઠતી હૈ, વહ તો દુઃખરૂપ હૈ. ઉસમેં સુખ નહીં, ઉસમેં ધર્મ નહીં. આહાહા! ગજબ વાત છે. જૈનદર્શન–વીતરાગદર્શન સમજના અલૌકિક ચીજ હૈ. ઐસી ચીજ દૂસરે કહીં હૈ હી નહીં.

ઐસે વીતરાગ પરમાત્મા કહતે હૈં, અંતરમેં આનંદકંદસ્વરૂપ પ્રભુ ઉસકા સ્પર્શ કરકે, આશ્રય કરકે આનંદકા વેદન ન હુઆ તો યે પંચમહાવ્રતકી ક્રિયા આદિ સબ દુઃખરૂપ હુઈ. સમજમેં આયા? માર્ગ તો અલૌકિક માર્ગ હૈ ભાઈ! અભી સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં ઉસકી ખબર નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકો માનો યે સમ્યગ્દર્શન—યે બિલકુલ જૂઠ બાત હૈ. સમજમેં આયા? ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ... યહાં તો યહ ગાથામેં ઐસા આયા કિ **परभावं परिच्चित्ता...** ઐસા આયા ન. ઉસકા કલશ હૈ. **परभावं परिच्चित्ता अप्पाणं... सहावं...** આત્માકે સ્વભાવમેં લીન. વિકલ્પ જો હૈ શુભરાગ આદિ ઉસકી ભી રુચિ છોડકર અપના ત્રિકાલી આનંદ

જ્ઞાયક સ્વભાવકી અંતર અનુભવમેં રુચિ કરના ઉસકા નામ અભી તો પ્રથમ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા? યે સમ્યગ્દર્શન ન હો વહાં વ્રત ને ચારિત્ર ને તપ કોઈ હોતા નહીં. એકડા વિનાના શૂન્ય–અંક બિનાકી શૂન્ય હૈ. આહાહા!

યહાં તો કહતે હૈં, ભગવાન આત્મા પરમાનંદ સહજાનંદકી મૂર્તિ પ્રભુ, અપના નિજ આત્મા હોં, નિજાત્મામેં અંતર્મુખ.., બહિર્મુખકી લક્ષ અને દૃષ્ટિ છોડકર, અંતર સ્વભાવમેં અંતર્મુખ હોકર લીન હોતે હૈં, અતીન્દ્રિય આનંદ આતા હૈ, યે સ્વવશ મુનિ હૈ. અપને તાબે–વશ હુઆ સંત હૈ, ઉસ સંત અને સર્વજ્ઞ વીતરાગમેં કોઈ ફેર નહીં. સમજમેં આયા? આહાહા! ૨૫૪.

**एक एव सदा धन्यो जन्मन्यस्मिन्महामुनिः ।**
**स्ववशः सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः ॥ २५४॥**

આહાહા! પદ્મપ્રભમલધારિદેવ મુનિ દિગંબર સંત આનંદકંદમેં ઝૂલનેવાલે હૈં, ઉન્હોંને ટીકા કી હૈ. અતીન્દ્રિય આનંદ, મુનિકો તો સપ્તમ ગુણસ્થાન અને છટ્ઠા ગુણસ્થાન ક્ષણ-ક્ષણમેં આતા હૈ. હજારો બાર, એક અંતર્મુહૂર્તમેં હજારો બાર. સચ્ચે મુનિકી બાત હૈ. સમજમેં આયા? એક ક્ષણમેં વિકલ્પ–વૃત્તિ ઉઠે, અંતર આનંદકંદકી પરિણતિ તો હૈ, પણ વિકલ્પ ઉઠે જરી સુનનેકા, કહનેકા ઔર વિકલ્પ છૂટકર ક્ષણમેં સપ્તમ ગુણસ્થાન હો જાયે ઔર દૂસરે ક્ષણમેં છટ્ઠા, તીસરે ક્ષણમેં સપ્તમ ઐસી જિસકો દશા હો, ઉસકો ભગવાન સંત કહતે હૈં. સમજમેં આયા? જિસકો નિંદ ભી પૌન સેકંડકે અંદર આતી હૈ. સચ્ચા સંત મુનિકી દશા ઐસી થી, ઐસી હોતી હૈ કિ જિસકો નિંદ ભી પૌન સેકંડકે અંદર હૈ. પંડિતજી! ક્યા આયા? વહ છ ઢાળામેં આયા ન. પીછલી રયનિ... (ભૂમાંહિ પિછલી રયનિમેં) કછુ શયન એકાસન કરન. (ઢાળ છ, પદ પાંચ). એક પોણી સેકંડની અંદરની નિદ્રા આવે. ક્યોંકિ મુનિપના યાની અંતરદશા ચારિત્રકી અલૌકિક વીતરાગતા પ્રગટ હુઈ હૈ. સમજમેં આયા? ઐસે મુનિ...

કહતે હૈં... **શ્લોકાર્થ : ઇસ જન્મમેં સ્વવશ મહામુનિ એક હી સદા ધન્ય હૈ...** આહાહા! **ઇસ જન્મમેં સ્વવશ...** અપના ભગવાન આત્મા જ્ઞાનકા પુંજ, આનંદકા પુંજ ઐસી ચીજમેં લીનતા.. લીનતા.. નિર્વિકલ્પ લીનતા, વીતરાગી પર્યાયસે લીનતા. વે **મહામુનિ એક હી સદા ધન્ય હૈ**... જિસકા અવતાર સફલ હૈ, જિસને અંતર દશામેં ઐસા મુનિપના–ભાવલિંગ પ્રગટ કિયા વે ધન્ય હૈં. સમજમેં આયા? **ઇસ જન્મમેં સ્વવશ મહામુનિ**... એક-એક શબ્દમેં ઊંડાણ–બડા ભાવ હૈ. આહા! દેહકી–શરીરકી ક્રિયા તો જડકી હૈ, વહ તો અપની હૈ નહીં. વાણી જડ હૈ, શરીર જડ હૈ ઔર અંદરમેં દયા, દાન, વ્રત, ભક્તિકા વિકલ્પ ઉઠતા હૈ વહ ભી રાગ હૈ, આસ્રવ હૈ, બંધકા કારણ હૈ. આહાહા! ઉસસે રહિત અપના ચૈતન્ય ભગવાન આત્મા, ઉસકે તાબે–વશ હોકર મહામુનિ યે આવશ્યક ક્રિયા કરનેવાલા હૈ એમ કહતે હૈં. જરૂરકી–આવશ્યક ક્રિયા,

અપને દ્રવ્યસ્વભાવમેં લીનતા કરના વહ આવશ્યક ક્રિયા હૈ. જેઠાભાઈ! ભારે વાતું ભાઈ! બહુ મોંઘી પડે છે તમારી વાત. કોઈ માર્ગ બીજો હશે કે નહીં એનો બહારથી? નથી, ભાઈ! માર્ગ એણે સમજણમાં લીધો નથી. માર્ગ જ આખો બીજો છે પ્રભુ!

તેરા પંથ તો અંતર આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદમેં ઘુસકર અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેના યે આવશ્યક ક્રિયા આત્માકી હૈ, ઉસકા નામ સામાયિક કહતે હૈં, ઉસકા નામ તીર્થંકરકી સ્તુતિ કહતે હૈં, ઉસકા નામ વંદન કહતે હૈં, ઉસકા નામ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ (આદિ) છ આવશ્યક ઉસકો કહતે હૈં. આહાહા! સમજમેં આયા? પહેલી સમજણના ઠેકાણા નહીં, શ્રદ્ધાકા ઠિકાના નહીં ઉસકો સમકિત કહાંસે હો, મુનિપના કહાંસે હો? આહાહા! યે તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ઉસકા માર્ગ હૈ. યે કોઈ કલ્પિત નહીં. તો કહતે હૈં, ઇસ જન્મમેં જો આત્માકે આનંદકે વશ હો ગયા (અર્થાત્) આત્માકે વશ હુઆ, પુણ્ય-પાપકી ક્રિયાસે વશ(પના) છોડ દિયા, આહાહા! આ તે શું વાત છે! ભારે! **એક હી**... એક હી સંત સદા ધન્ય હૈ. સમજમેં આયા?

**કિ જો અનન્યબુદ્ધિવાલા રહતા હુઆ**... ક્યા કહતે હૈં? દેખો! **(નિજાત્મકે અતિરિક્ત અન્યકે પ્રતિ લીન ન હોતા હુઆ)**... અનન્યબુદ્ધિ (અર્થાત્) અનેરે વિકલ્પમેં બુદ્ધિ નહીં રખકર... આહાહા! નિર્વિકલ્પ આનંદમેં જો લીન હૈ વહ **સર્વ કર્મોંસે બાહર રહતા હૈ**. ક્રિયાકાંડકા જો વિકલ્પ હૈ છ વ્યવહાર આવશ્યકકા, પંચમહાવ્રતકા વિકલ્પ—ઉસ કાર્યસે તો મુનિ ભિન્ન રહતે હૈં. આહાહા! હૈ? પંડિતજી! ક્યા લિખા હૈ? સંસ્કૃતકે પ્રોફેસર હો તુમ તો. યે જયપુરકે પંડિતજી હૈં. જાનતે હો? જયપુરકે સંસ્કૃતકે પ્રોફેસર. યહાં રહતે હૈં અભી. આહાહા! સંસ્કૃતકે પ્રોફેસર નહીં, આત્માકે પ્રોફેસર હો, યે કહતે હૈં યહાં. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વરકે શ્રીમુખસે દિવ્યધ્વનિ આયી, ઉસમેં ઐસા આયા, વહ સંતો યહાં રચતે હૈ. સમજમેં આયા? ભગવાન સીમંધર પરમાત્મા તો સાક્ષાત્ બિરાજતે હૈં મહાવિદેહમેં. જિનકી કરોડ પૂર્વકી સ્થિતિ હૈ–આયુષ્ય હૈ, પાંચસો ધનુષ–બે હજાર હાથ ઊંચા દેહ હૈ, અબજો વર્ષસે હૈં ઔર અબજો વર્ષ અભી રહનેવાલે હૈં. આગામી ચોવીસીમેં ૧૩વેં તીર્થંકરકે વક્તમેં મુક્તિ હોગી. જબ તેરવે તીર્થંકર હોંગે તબ મુક્તિ હોગી. અભી કેવલજ્ઞાની હૈં પરમાત્મા. ઉનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય દિગંબર સંત. આઠ દિન રહે થે સંવત ૪૯મેં. વહાંસે આકર યહ શાસ્ત્ર રચા કિ ભગવાન ઐસે કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

કિ જો કોઈ **અનન્યબુદ્ધિવાલા રહતા હુઆ**... આહાહા! વિકલ્પસે બુદ્ધિ છોડકર આત્માકે આનંદમેં રહતા હૈ વહ સદા ધન્ય હૈ ઔર વહી મુનિ હૈ ઔર વહી પંચપરમેષ્ઠીમેં ગિનનેમેં આતા હૈ. **સર્વ કર્મોંસે બાહર રહતા હૈ.** શબ્દ પડા હૈ પાઠમેં. **सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः.. अनन्यधीः..** આહાહા! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ–જાણકસ્વભાવ, આનંદસ્વભાવ ઉસમેં

લીન રહનેવાલા (ઔર) અનેરી વિકલ્પકી વૃત્તિકો છોડકર બહિરકર્મ નામ રાગાદિ કાર્યકો છોડકર અનન્યબુદ્ધિવાલા (અર્થાત્) અપને સ્વરૂપમેં દૃષ્ટિ રખકર સ્થિર રહનેવાલા વહ મુનિ ધન્ય હૈ, કહે છે. જિસને જન્મ સફલ કિયા. જિસને અવતાર.. અવતાર નહીં લેનેકી દશા પ્રગટ કી. ઇસ અવતારમેં અવતાર નહીં લેનેકી દશા પ્રગટ કી. સમજમેં આયા? આહાહા! અભી મુનિપના કિસકો કહના યે ભી ખબર નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રકી સચ્ચી શ્રદ્ધાકા ઠિકાના નહીં, સમજમેં આયા? તો સમકિત તો કહાંસે હો અને સમકિત બિના તો મુનિપના તીન કાલમેં હોતા નહીં. આહાહા!

કહતે હૈં, **ઇસ જન્મમેં સ્વવશ મહામુનિ એક હી સદા ધન્ય હૈ કિ જો અનન્યબુદ્ધિવાલા રહતા હુઆ**... વિકલ્પકી ક્રિયા–જો દયા-દાન-વ્રત-ભક્તિ આદિકે રાગકી ક્રિયાસે છૂટકર, અપને સ્વરૂપમેં–નિજાત્મામેં લીન રહતે હૈં. ભારે વાત ભાઈ આવી! **નિજાત્માકે અતિરિક્ત**... એક ભગવાન આત્મા શુદ્ધ પવિત્રકા ધામ ઉસમેં લીન હોતા હુઆ... અનેરી ક્રિયાકાંડસે છૂટકર... અપના બહિઃકર્મ જો બાહ્ય હૈ (વહ) ઉસકો છૂટ ગયા હૈ. અંતરકર્મ જો આવશ્યક કર્મ હૈ, આહાહા! જોયું! પરમનિશ્ચય, પરમ-આવશ્યક યે અંતરકાર્ય હૈ. અપને શુદ્ધ સ્વભાવકે આશ્રયસે લીનતા, નિર્વિકલ્પતા, વીતરાગતા પ્રગટ હુઈ, વહી આવશ્યક ક્રિયા ને આવશ્યક કર્મ હૈ. આહાહા! હજી આ વાત પકડવામાં કઠણ પડે. ક્યા કહતે હૈં? ક્યા માર્ગ હૈ યે? પંચમ આરામેં ઐસા માર્ગ? અરે! તીનોં કાલ એક હી માર્ગ હૈ. વીતરાગકા માર્ગ તો 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ..' દૂસરા પંથ હોતા નહીં. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભૂતકાલમેં અનંત હુએ, વર્તમાનમેં બિરાજતે હૈં, ભવિષ્યમેં અનંત હોંગે. તીનોં કાલકે તીર્થંકરકા પંથ એક હી પ્રકારકા હૈ. સમજમેં આયા? વહ કોઈ નયા નહીં હૈ.

કહતે હૈં, પ્રથમ ધર્મી–સમ્યગ્દૃષ્ટિ તો અપને આધીન હોતે હૈં, પણ ઉસકો ભી રાગાદિકી ક્રિયા હોતી હૈ, ઉતના બંધકા કારણ ઉસકે પાસ હૈ. સમજમેં આયા? આહાહા! સમ્યગ્દૃષ્ટિ જીવ અપને ચૈતન્યકે આશ્રયસે અનુભવકી દૃષ્ટિમેં રાગકા તો ઉસકો ત્યાગ હૈ હી, પણ સ્થિરતામેં ત્યાગ નહીં. તો ઉસકો અભી રાગ વિકલ્પ આતા હૈ દયા, દાન, ભક્તિ, વ્રતકા, વહ બંધકા કારણ હૈ. ઉસમેં મુનિ જિતની લીનતા ચાહિયે ઉતની લીનતા હૈ નહીં. આહાહા! મુનિ તો અંતર આનંદમેં હૈં, જિસકો દેહકી ક્રિયા ભી જ્ઞેયરૂપ હો ગયી, અરે! પંચમહાવ્રતકા વિકલ્પ પરજ્ઞેયરૂપ હો ગયા ઔર વહ બહિર્ક્રિયા હૈ ઉસસે વિરક્ત હૈં. હૈ ન? **सर्वकर्मभ्यो बहिस्तिष्ठत्यनन्यधीः**.. આહાહા!

કાયરને તો.. 'વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' કાયરને તો (એમ લાગે કે) ક્યા કહતે હૈં? યે માર્ગ ઐસા હૈ? એય ભીખાભાઈ! કુછ વ્યવહાર, કોઈ વ્યવહાર-ફ્યવહાર હૈ કિ નહીં? હૈ ન, કહા ન. વ્યવહારકી

ક્રિયાકા વિકલ્પ હૈ ઉસસે છૂટતે હૈં. વ્યવહારકા વિકલ્પ હૈ વહ તો બંધકા કારણ હૈ, મોક્ષકા કારણ નહીં. સમજમેં આયા? વ્યવહારકી ક્રિયા જો શુભ ઉપયોગ હૈ, વહ તો બંધકા કારણ હૈ. યે આત્માકે આશ્રિત ક્રિયા નહીં, વહ તો પરકે આશ્રયસે વિકલ્પ ઉઠા હૈ. આહાહા!

સમ્યગ્દૃષ્ટિ ભી રાગકે પરિણામસે તો અંતર ભિન્ન હી હૈ. સમજમેં આયા? વ્યવહારકા વિકલ્પ જો ઉઠતા હૈ ઉસસે સમ્યગ્દૃષ્ટિ ભિન્ન હૈ. અપને સ્વભાવમેં એકત્વ હૈ ઔર રાગસે ભિન્ન હૈ. પણ ચારિત્રકી દશા (ઉતની) ઉસકે પાસ નહીં તો રાગ ઉત્પન્ન હોતા હૈ તો નિવૃત્ત નહીં (હો પાતે). મુનિ જો આત્માકે આનંદમેં રમનેવાલે હોતે હૈં વહ કોઈ બહિઃક્રિયા, રાગસે ભી વિરક્ત હૈ, અસ્થિરતાસે વિરક્ત હો ગયે યૂં. સમજમેં આયા? આરે, પકડવું શું આમાં? કાંઈ કરવું કહે કે ભાઈ! યે કરના, ચલો જાત્રા કરના, પૂજા કરના, ભક્તિ કરના, વ્રત પાલના, ઉપવાસ કરના—વહ સમજમેં ભી આવે. ઉસમેં ક્યા સમજના થા? વહ તો રાગકી–વિકલ્પકી ક્રિયા હૈ. સમજમેં આયા? વહ આવશ્યક ક્રિયા નહીં.

જરૂરકી ધાર્મિક ક્રિયા જિસકો પરમાત્મા કહતે હૈં, યે આવશ્યક ક્રિયા તો રાગસે રહિત અપના પ્રભુ વીતરાગમૂર્તિ આત્મા ઉસમેં–વસ્તુસ્વભાવમેં સન્મુખ હોકર, બહિર્-કર્મસે વિમુખ હોકર લીનતા કરતા હૈ ઉસકો સચ્ચા આવશ્યક કાર્ય–કર્મ–પર્યાય હોતી હૈ. શાંતિભાઈ! આવો માર્ગ છે. સાંભળવામાં કઠણ પડે. બહારથી આમ કહેવું હોય કે આમ કરો, આમ કરો, વ્રત પાળો, અપવાસ કરો, પુણ્ય કરો, પુણ્ય એટલે રાગ, રાગ એટલે ઝેર. આત્માકે અમૃતસ્વરૂપસે વિરુદ્ધ ભાવ વહ તો ઝેર હૈ. આહાહા! જગતકો મીઠાશ હૈ ન ઉસકી. પ્રેમ.. પ્રેમ લગા હૈ, ચિપકા હૈ ન રાગસે. આહાહા!

યહાં તો પરમાત્મા તો કહતે હૈં કિ ભૈયા! ધર્મ કરના હો તો... નહીં તો અનાદિસે ચલતા હૈ મિથ્યાત્વમેં રખડનેકા ભાવ. અજ્ઞાનભાવ હૈ, મિથ્યાત્વભાવ હૈ ને રાગભાવ હૈ, વહ તો અનાદિસે હૈ હી, ઉસમેં કોઈ નવીન–(નયા) કુછ હૈ નહીં. નવીન–નયા કરના હો આત્માકી દશા ધર્મ (કિ) જિસસે જન્મ-મરણકા અંત આવે, વહ તો નિજાત્મા ભગવાનકે આશ્રયસે અંતર સન્મુખ હોકર જો પરિણામ અવશ–નિશ્ચય–સચ્ચા કાર્ય હુઆ (ઐસા) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ તો આત્માકે આશ્રયસે હોતા હૈ. કહો, સમજમેં આયા? આરે, ભારે વાત! આવો માર્ગ....

લ્યો, યે કલશ હુઆ. **સર્વ કર્મોંસે બાહર રહતા હૈ..** ભાષા ઐસી હૈ ન. કર્મ એટલે વિકલ્પકા કાર્ય. પંચમહાવ્રતકા ને ભક્તિકા, પૂજાકા ને સબ વિકલ્પ એ બાહ્ય કાર્ય હૈ. રાગ, રાગ હૈ ન તો બહિર્ હૈ, અંતરમેં આત્મામેં નહીં હૈ. વહ બહિર્-કાર્યસે ભિન્ન હોકર અપને સ્વભાવકે આશ્રયસે જો કાર્ય હુઆ ઉસમેં લીન હૈ ઉસકા નામ નિશ્ચય આવશ્યક કહનેમેં આતા હૈ. આહાહા! ભારે આ તો નિશ્ચયની વાતું છે. સાચી વાતું, પણ એમાં ખોટી કાંઈ વ્યવહારની ખરી? નિશ્ચય એટલે સાચું, વ્યવહાર એટલે આરોપ, આરોપિત–ઉપચારિત. આહાહા! યહાં તો

ભગવાન એક હી બાત કહતે હૈં ભાઈ! અપના નિજાત્મપ્રભુ જો પુણ્ય-પાપકે રાગસે રહિત હૈ. શરીર-કર્મસે તો રહિત હૈ હી, પણ શુભ-અશુભ વિકલ્પ–રાગ હૈ ઉસસે ભી રહિત આત્મા હૈ. ક્યોંકિ શુભાશુભ પરિણામ તો આસ્રવતત્ત્વ હૈ. આસ્રવતત્ત્વસે ચૈતન્યતત્ત્વ તો ભિન્ન હૈ. ઐસે ભિન્ન તત્ત્વમેં એકકાર હોના અને આસ્રવ બહિર્-કાર્ય હૈ ઉસસે ભિન્ન હો જાના, ઉસકા નામ આવશ્યક ક્રિયા, સામાયિક, ભગવાનકી સ્તુતિ, વંદન ઉસકો કહતે હૈં. આહાહા!

૧૪૬ (ગાથા હુઈ. અબ) ૧૪૭ ગાથા. ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં. **आवासं जइ इच्छसि...** ભગવાન કુંદકુંદાચાર્યદેવ મુનિ દિગંબર સંત... આતા હૈ ન 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' તીસરે નંબર પર વહ (પદ) આતા હૈ. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' (ઐસે) કુંદકુંદાચાર્યકી યે ગાથા હૈ.

**आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं ।**
**तेण दु सामण्णगुणं संपुण्णं होदि जीवस्स ॥ १४७॥**

નીચે એનું હરિગીત છે. નીચે હરિગીત

**આવશ્યકા કાંક્ષી હુઆ તૂ સ્થૈર્ય સ્વાત્મામેં કરે,**
**હોતા ઇસીસે જીવ સામાયિક સુગુણ સમ્પૂર્ણ રે. ૧૪૭.**

આહા! સંપૂર્ણ સમતા રહે.... આત્માકે આશ્રયસે સમ્યગ્દર્શન હુઆ, જ્ઞાન હુઆ, ઉગ્ર આશ્રય કરકે ઉસમેં સમતા–વીતરાગતા ઉત્કર્ષ હોતી હૈ ઉસકા નામ સામાયિક, ઉસકા નામ ભગવાનકી સ્તુતિ, ઉસકા નામ, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ હૈ. યે વીતરાગીદશા જો સ્વ-આત્માકે આશ્રયસે ઉત્પન્ન હો ઉસકો સચ્ચા છ આવશ્યક કહનેમેં આતા હૈ. આહાહા!

**ટીકા : યહ, શુદ્ધનિશ્ચય-આવશ્યકકી પ્રાપ્તિકા...** આત્માકા જરૂર–અવશ્ય કાર્ય વીતરાગી પરિણામ જો ધર્મસ્વરૂપ હૈ, જો શુદ્ધ નિશ્ચય-આવશ્યકકી પ્રાપ્તિકા ઉપાય હૈ. શુદ્ધ આવશ્યક ક્રિયા જો મુક્તિકા કારણ હૈ અને શુદ્ધ આવશ્યકકી ક્રિયાકા ઉપાય કૌન, વહ કહતે હૈં. **શુદ્ધનિશ્ચય-આવશ્યકકી પ્રાપ્તિકા જો ઉપાય...** ક્યા કહતે હૈં? સમજમેં આયા? મુક્તિકા કારણ શુદ્ધનિશ્ચય-આવશ્યક. સચ્ચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ વીતરાગી છ પરિણામ યે આવશ્યક ક્રિયા, યે ધર્મક્રિયા. ઉસકા ઉપાય કૌન? વહ ઉપાયકે સ્વરૂપકા કથન હૈ યહાં તો. આહાહા! સમજમેં આયા?

**अप्पसहावेसु कुणदि थिरभावं...** યે ઉપાય, એમ–ઐસા કહતે હૈં. ક્યા કહા સમજમેં આયા? ગાથા હૈ કિ નહીં? ... આ સંસ્કૃત ભણી આવ્યા પંડિતજી. આ બેઠા બાબુલાલજી લ્યો. ગાથા હૈ કિ નહીં ભૈયા? પાઠ હૈ ન. **आवासं जइ इच्छसि...** જો કુછ નિશ્ચય આવશ્યક કાર્ય કરનેમેં અભિલાષા હૈ યે **अप्पसहावेसु कुणदि थिरभावं...** યે ઉપાય. આત્મા આનંદસ્વભાવમેં

સ્થિરતા અંતરમેં કરના વહ આવશ્યક ક્રિયાકા ઉપાય હૈ. આવશ્યક ક્રિયા અર્થાત્ વીતરાગી પરિણામ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઐસા વીતરાગી ભાવ વહ મોક્ષકા કારણ, યે આવશ્યક ક્રિયા. પણ વહ આવશ્યક ક્રિયાકા ઉપાય કૌન? કૈસે ઉત્પન્ન હોતી હૈ આવશ્યક ક્રિયા? કિ અપના આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ ત્રિકાલી ધ્રુવ ઉસમેં એકાગ્ર હોતા હૈ તો આવશ્યક ક્રિયા ઉત્પન્ન હોતી હૈ. આહાહા!

હિન્દી પુસ્તક હૈ ન. દિયા હૈ કિ નહીં? ભૈયા કહતે થે ન કિ હિન્દીમેં (પ્રવચન) કરના. રાજકોટ આયા થા ન ભૈયા. હમેં હિન્દી ચાહિયે. યહાં તો ગુજરાતી ચલતી હૈ. સબ ગુજરાતી હૈં ન યહાં તો. આહાહા! પણ હિન્દીમેં ભી જો ભાવ હોગા યે આયેગા. .... ગુજરાતીકા અભ્યાસ નહીં હૈ ન. યહાં તો સબ ગુજરાતી હૈં. રાત્રિકો ગુજરાતીમેં ચર્ચા હુઈ ન. કોઈ (હિન્દીમેં) પૂછે પ્રશ્ન તો હિન્દી હો. તબ તો ગુજરાતીકે સાથ ચર્ચા હુઈ તો ગુજરાતીમેં હોતા થા. ટીકા. એક શબ્દમેં, એક વાક્યમેં કિતના ભર દિયા હૈ, દેખો! મુનિકી ટીકા હૈ. આત્મજ્ઞાની ધ્યાની ધર્માત્મા ભાવલિંગી સંત ઉન્હોંને ટીકા બનાયી હૈ. આહાહા!

**યહ, શુદ્ધનિશ્ચય-આવશ્યકકી પ્રાપ્તિકા**... શુદ્ધ નિશ્ચય એટલે યથાર્થ આવશ્યક ક્રિયા, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થાત્ સામાયિક, ચોવિસંથો આદિ વીતરાગી પર્યાય. યે આવશ્યક ક્રિયાકી પ્રાપ્તિકા–પ્રાપ્ત હોનેકા **જો ઉપાય** વહ કૈસે ઉત્પન્ન હો? ઉસકા **ઉપાય ઉસકે સ્વરૂપકા કથન હૈ.** આહાહા! જુઓ! ઉપાય. જેઠાભાઈ! ભગવાન! તેરેમેં અનંત આનંદ... વહ આગે આયેગા. જુઓ! સહજ જ્ઞાન, સહજ દર્શન, સહજ ચારિત્ર ને સહજ સુખ—યે તેરા સ્વભાવ હૈ. **अप्पसहावेसु** કહ્યુંને. **अप्पसहावेसु**... આત્માકા ત્રિકાળ સ્વભાવ જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા યે ત્રિકાળ સ્વભાવ હૈ–ગુણ હૈં. ઉસ ત્રિકાળ સ્વભાવમેં સન્મુખ હોકર લીન હોના, વહ આવશ્યક ક્રિયાકે ઉત્પન્ન હોનેકા ઉપાય હૈ. વ્યવહાર કરતે-કરતે આવશ્યકકી ક્રિયા ઉત્પન્ન હો ઉસકા ઉપાય યે નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

વ્યવહારક્રિયા કરો તો પીછે (-બાદમેં) યે સચ્ચી આવશ્યક ક્રિયા ઉત્પન્ન હોગી. (વહ) ઉસકા ઉપાય હૈ? ના, વહ ઉપાય હૈ હી નહીં. પંડિતજી! ઐસી હૈ બાત ભગવાન! તેરી મહિમા અલૌકિક હૈ ઉસકી ખબર નહીં ન. મહાપ્રભુ બિરાજતા હૈ અંદર તો. અનંતી સિદ્ધ અવસ્થા જિસમેં પડી હૈ. આહાહા! ક્યોંકિ સિદ્ધ હૈ યે અવસ્થા હૈ, કોઈ ગુણ નહીં. મુક્તિ તો પર્યાય હૈ. સંસાર વિકારી પર્યાય હૈ, સિદ્ધ નિર્વિકારી પર્યાય–અવસ્થા હૈ. ઐસી-ઐસી અનંતી સિદ્ધકી અવસ્થા અંદર આત્માકી શક્તિમેં પડી હૈ, તો ઉસમેંસે આતી હૈ. આહાહા! સમજમેં આયા? અભી તો વાંધા ઉઠા કિ કેવલજ્ઞાન ગુણ હૈ કિ પર્યાય? એ પંડિતજી! ગુણ હૈ. ભાઈ! ગુણ નહીં ભગવાન! પર્યાય હૈ, કેવલજ્ઞાન તો પર્યાય હૈ. કેવલજ્ઞાન પર્યાય હૈ. ક્યોંકિ એક સમયકી અવસ્થા હૈ. ગુણ તો ત્રિકાળ હૈ. સમજમેં આયા?

મોક્ષમાર્ગ ભી પર્યાય હૈ ને મોક્ષ ભી પર્યાય હૈ, સંસાર ભી પર્યાય હૈ—તીનોં અવસ્થા હૈં. એક વિકારી અવસ્થા, એક શુદ્ધ અપૂર્ણ અવસ્થા ને એક પૂર્ણ શુદ્ધ અવસ્થા. વિકારી અવસ્થા સંસાર, અપૂર્ણ શુદ્ધ અવસ્થા મોક્ષમાર્ગ, પૂર્ણ શુદ્ધ અવસ્થા મોક્ષ. પણ માણસે એવું ગરબડ કરી નાખ્યું છેને. મોટા મોટા પંડિતો ગોથા ખાય છે. કેવળજ્ઞાન ગુણ કે પર્યાય? કહે, ગુણ. આઠ ગુણ હૈ ન સિદ્ધમેં. કેવળજ્ઞાન... ભૈયા! વહ તો પર્યાયકો ગુણ કહા હૈ. ગુણ તો ત્રિકાળી હૈ. **अप्पसहावेसु**.. ટીકામેં લિયા હૈ. સ્વભાવ સહજજ્ઞાન, સહજદર્શન, સહજચારિત્ર, સહજસુખ વહ તો ત્રિકાળ હૈ. વસ્તુ જૈસી ત્રિકાળ હૈ ઐસા શક્તિ–ગુણ ભી ત્રિકાળ હૈ. ત્રિકાળમેં લીન હોના વહ પર્યાય હૈ. સમજમેં આયા? દ્રવ્ય-ગુણ-પર્યાય કિસકો કહતે હૈં વહ ખબર નહીં ઔર ધર્મ હોતા હૈ. ધૂલમેં હોતા નહીં. કિસકો દ્રવ્ય કહના, કિસકો ગુણ કહના, કિસકો પર્યાય કહના?

કહતે હૈં, **શુદ્ધનિશ્ચય-આવશ્યકકી પ્રાપ્તિકા જો ઉપાય ઉસકે સ્વરૂપકા કથન હૈ. બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીકે કોલાહલકે શ્રવણસે પરાઙ્મુખ હે શિષ્ય!...** આહાહા! દેખો! બાહ્ય ષટ્-આવશ્યકક્રિયા... સામાયિક કરું ઐસા વિકલ્પ, ભગવાનકી સ્તુતિ કરું ઐસા વિકલ્પ, ગુરુકા વંદન કરું (ઐસા) વિકલ્પ, પાપસે હટ જાઉં (અર્થાત્) પ્રતિક્રમણ કરું યે વિકલ્પ—ઐસા છહ પ્રકારકા જો વિકલ્પ–રાગ યે ષટ્-આવશ્યકરૂપ પ્રપંચરૂપી નદી હૈ. એ તો રાગનો પ્રપંચ છે. આહાહા! વીતરાગમાર્ગની આ વાત છે. **પ્રપંચરૂપી નદીકે કોલાહલકે શ્રવણસે (વ્યવહાર છહ આવશ્યકકે વિસ્તારરૂપી નદીકી કલકલાહટસે શ્રવણસે) પરાઙ્મુખ હે મુનિ!** વિકલ્પસે પરાઙ્મુખ હો. વહ તો રાગ હૈ, કોલાહલ હૈ, વિકલ્પકી–વૃત્તિકી જાલ હૈ. આહાહા! સમજાણું કાંઈ?

**जइ इच्छसि** શબ્દ પડ્યો છેને? **आवासं जइ इच्छसि**... તો એને કહે છે કે હે શિષ્ય! જો આવશ્યક ઇચ્છ તો આ કર. સમજાણું કાંઈ? એ ભાષા ગુજરાતી આવી ગઈ. સમજમેં આયા? ગુજરાતી આવી ગઈને. સમજમેં આયા? આહાહા! સંતો–દિગંબર મુનિઓ ધર્મના સ્તંભ, જિસને ધર્મ જૈસા હૈ ઐસા રખા હૈ. ઐસી ચીજ દૂસરે કહીં હૈ નહીં. દિગંબર જૈનધર્મ સિવા ઐસી ચીજ દૂસરે કહીં હૈ નહીં. જૈન વાડામેં નહીં તો અન્યમેં તો હોતી હી નહીં. સમજમેં આયા? યહ માર્ગ સમજના યે મહાપુરુષાર્થ હૈ. કહતે હૈં સંતો કિ ષટ્-આવશ્યક જો સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ને કાયોત્સર્ગ આવશ્યક વ્યવહાર વહ તો વિકલ્પ રાગ હૈ. યે પ્રપંચરૂપી નદીકે કોલાહલ, એનું શ્રવણ–સાંભળે ત્યાં વિકલ્પ ઉઠે છે. આહા! એનાથી પરાઙ્મુખ.. એનાથી પરાઙ્મુખ. સન્મુખ નહીં. પરાઙ્મુખ... યે વિકલ્પકી ક્રિયાસે હે શિષ્ય! પરાઙ્મુખ (હો), સન્મુખ નહીં. સન્મુખ સ્વભાવકે સન્મુખ (ઔર) વિકલ્પસે પરાઙ્મુખ. આહાહા! આ જ રીત છે. સમજમેં આયા?

**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** દેખો! વિકલ્પકી ક્રિયા જો હૈ, સામાયિક કરું, ભગવાનકી સ્તુતિ કરું—યે સબ વિકલ્પ હૈ–વૃત્તિ હૈ–રાગ હૈ. રાગ તો શુભભાવ હૈ. યે કોઈ ધાર્મિક ક્રિયા નહીં.

આહાહા! વીતરાગ એમ કહે કે હમારા સ્તવન કરનેમેં તુજે રાગ હોતા હૈ. આહાહા! ક્યોંકિ હમ તુમ્હારેસે પરદ્રવ્ય, ભિન્ન હૈં. પરદ્રવ્યકી ભક્તિ આદિકા વિકલ્પ હૈ વહ સબ રાગ હૈ. આહાહા! તેરે સન્મુખ હો, વિકલ્પસે પરાઙ્મુખ હો, તો સચ્ચા આવશ્યક તુજે હોતા હૈ. યે વીતરાગ કહે. દૂસરા તો કહે કિ હમારા શ્રવણ કરો, હમારી ભક્તિ કરો, તુમ્હારા કલ્યાણ હો જાયેગા. આહાહા! જેઠાભાઈ! હમારે સંતોકો આહાર દેના, જાઓ તુમ્હારા કલ્યાણ હો જાયેગા. યહાં તો કહે કિ આહાર દેના વહ ભી વિકલ્પ હૈ. સચ્ચે સંતકો આહાર દેના વહ ભી રાગકી ક્રિયા વિકલ્પ હૈ. હમારી સ્તુતિ કરના, વીતરાગ કહતે હૈં કિ વહ ભી વિકલ્પ હૈ. હે શિષ્ય! ઉસસે પરાઙ્મુખ હો જા. એ તો એક વીતરાગ કહે હોં. સમજમેં આયા? ..ભાઈ! આહાહા!

ભાઈ! તુજે કાર્ય કરના હૈ ન અપના. તો અપના કાર્ય તો નિજાત્માકે આશ્રયસે હોતા હૈ. પરકે લક્ષસે ઉત્પન્ન હુઆ વહ તો વિકલ્પ–રાગકા કાર્ય હૈ. આહાહા! સમજમેં આયા? યે તો સત્યકી બાત હૈ ભૈયા! સાધારણ માણસને તો કંપારી ઉઠી જાય... અરે! આ તો એકાંત છે. અરે ભગવાન! સુન તો સહી નાથ! કિ તેરી ચીજ ક્યા હૈ. યે એકાંત તો કહતે હૈં. વ્યવહારસે પરાઙ્મુખ હો, નિશ્ચયમેં આ જા—યે તો એકાંત હૈ. પંડિતજી! આહા! ક્યા કહતે હૈં? ટીકામેં અમૃત ભરા હૈ. સમજમેં આયા? ભગવાન! જો તુજે નિશ્ચય–સચ્ચા આવશ્યક કાર્ય કરનેકી ઇચ્છા હો તો.. ઐસા કહા ન? પાઠમેં ઐસા હૈ. **आवासं जइ इच्छसि अप्पसहावेसु कुणदि थिरभावं**... ઉસકા અર્થ ચલતા હૈ. પહલે બહિર્મુખ ક્રિયાકાંડકે રાગસે પરાઙ્મુખ હો જા. નાસ્તિસે બાત કી. અપને સન્મુખ હો તો રાગસે પરાઙ્મુખ હો જાતા હૈ. પણ કથનકી શૈલી ઐસી આતી હૈ. સમજમેં આયા?

અરે! આવી વાત ને આ શું કહે છે? ઓલું તો ભાઈ જાત્રા કરી નાખીએ શેત્રુંજયની, સમ્મેદશિખર લ્યો. આવે છે કે નહીં? ક્યા કહતે હૈં? 'એક બાર વંદે જો કોઈ નરક પશુ ગતિ ન હોઈ'. ઉસમેં ક્યા હૈ નરક-પશુ ગતિ (નહીં બંધી તો)? સમ્મેદશિખરકી વંદના કરના વહ ભી એક શુભભાવ હૈ, વહ કોઈ ધર્મસ્વરૂપ પરમાર્થ ધર્મ હૈ નહીં. આહાહા! યહાં તો કહતે હૈં ન, યે સબ ક્રિયાકા રાગ જો હૈ ઉસસે પરાઙ્મુખ હો જા. હે શિષ્ય! તુજે જો આવશ્યક કાર્ય કોઈ સત્યકા કરના હો તો. સમજમેં આયા? સાંભળવામાં આવે નહીં એ સમજે કે દિ'? આવો માર્ગ છે. ઐસા માર્ગ કુછ પકડનેમેં આવે નહીં. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન કરો. 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં..' કહે છે કે 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં' તો ભાષા હૈ. પણ 'ણમો અરિહંતાણં' બોલતે હૈં ઉસમેં અંદર વિકલ્પ ઉઠતે હૈં વહ રાગ હૈ. આહાહા! જેઠાભાઈ! તીન લોકકા નાથ તીર્થંકર સમવસરણમેં બિરાજતે હો–બિરાજે છે. વહાં ગયે, ઉસકી વાણી સુનતે હૈં તો ભી, કહતે હૈં, વિકલ્પ હૈ, વહ તો શુભરાગ હૈ. ઔર હમારી સ્તુતિ કરતે હૈં તો ભી શુભરાગ હૈ. આહાહા!

હે શિષ્ય! તુજે જો સચ્ચી–ધર્મકી આવશ્યક ક્રિયા કરની હો તો યે ષટ્-આવશ્યકકે વિકલ્પસે પરાઙ્મુખ (હો). 'વ્યવહારસે પરાઙ્મુખ' ઐસી ભાષા કી. આહાહા! એ વ્યવહાર કરતે-કરતે નિશ્ચય હોગા ઐસા આયા નહીં ઉસમેં. આહાહા! વ્યવહાર તો રાગ હૈ, વિકલ્પ હૈ. રાગ કરતે-કરતે અરાગીદશા–ધર્મ હોતા હૈ? લહસુન ખાતે-ખાતે કસ્તૂરીકા ડકાર આતા હૈ? આહાહા! ભારે વાત ભૈયા! વીતરાગકા માર્ગ–સર્વજ્ઞ પંથ દોહ્યલો છે. સમજમેં આયા? કહતે હૈં કિ વ્યવહાર ક્રિયાકાંડકા જો વિકલ્પ હૈ ઉસસે **પરાઙ્મુખ હે શિષ્ય! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન**... દેખો! આહાહા! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન... સ્વ-આત્માશ્રિત થવું છેને, સિદ્ધ એ કરવું છે.

**તથા શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યકકો...** દેખો! સ્વાત્માશ્રિત આવશ્યક... ભગવાન જ્ઞાન ને આનંદકા પુંજ પ્રભુ ઉસકે આશ્રયસે જો પર્યાય હો, યે સ્વાત્મ આવશ્યક ક્રિયા હૈ, ઉસકા નામ ભગવાન ધાર્મિક ક્રિયા, સંવર-નિર્જરાકી ક્રિયા ઉસકો કહતે હૈં. સમજમેં આયા? પરસન્મુખકા જો વિકલ્પ હૈ વહ આસ્રવકી ક્રિયા હૈ. આસ્રવ તો બંધકા સાધક હૈ અને સ્વાત્મા આશ્રિત જો ક્રિયા હૈ વહ સંવર-નિર્જરા હૈ, વહ મોક્ષકા સાધક હૈ. સમજમેં આયા? નવ તત્ત્વમેં હજી સંવર-નિર્જરા કિસકો કહતે હૈં, આસ્રવ કિસકો કહતે હૈં ઉસકી ખબર નહીં ઔર ધર્મ હો જાય. ક્યા કરે? આહાહા! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઉસકી દિવ્યધ્વનિમેં ઐસા આયા, ઐસા કુંદકુંદાચાર્ય મુનિ યહાં કહતે હૈં, ઉસકી ટીકા પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત–મુનિ કરતે હૈ. માર્ગ ઐસા હૈ ભગવાન! સમજમેં આયા?

**શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** દેખો! આત્મા આનંદકે આશ્રયસે ધર્મધ્યાન હોતા હૈ. પરકે આશ્રયસે, વિકલ્પસે ધર્મધ્યાન હોતા નહીં. આહાહા! **શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન સ્વાત્માશ્રિત...** યે ઉપાય. સ્વાત્મા આશ્રય યે આવશ્યક ક્રિયાકા ઉપાય હૈ. સ્વાત્માકા આશ્રય કરના. સમજમેં આયા? **કિ જો સંસારરૂપી લતાકે મૂલકો છેદનેકા કુઠાર હૈ...** અપને આત્માકે આશ્રયસે ઉત્પન્ન હુઆ નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ વહ આવશ્યક ક્રિયા વહ સંસારરૂપી વેલડી (-લતા) એના મૂળને છેદવાનો કુઠાર હૈ–કુહાડા હૈ. આહાહા! સમજમેં આયા? યે ભી બાત કી. નિશ્ચય ધાર્મિક ક્રિયા–આવશ્યક ક્રિયા સ્વ-આત્માકે આશ્રયસે હોતી હૈ. અને સ્વાત્માશ્રિત ક્રિયા જો ધાર્મિક અરાગી–વીતરાગી હુઈ, વહ સંસારલતાકો છેદનેકો કુહાડા (કુઠાર) હૈ. (રાગ) વ્યય હો જાયેગા. રાગકા નાશ કરનેવાલી વહ ક્રિયા હૈ. સમજમેં આયા?

પહેલું **અપ્પસહાવેસુ** છે. પહેલો સાધારણ સ્વાત્માશ્રિત વાત કરી, પછી કહેશે. પાઠનો અર્થ છે એ. સમજાણું? **ઉસે યદિ તૂ ચાહતા હૈ...** ઐસી આવશ્યક્રિયા જો ચાહતા હૈ. પાછળ છેને પાઠમાં? **તો તૂ સમસ્ત વિકલ્પજાલ રહિત...** વિકલ્પની ક્રિયાથી રહિત. **નિરંજન નિજ પરમાત્માકે ભાવોંમેં...** યે પાઠ **અપ્પસહાવેસુ**. પાઠ. આત્માનો સ્વભાવ. પુણ્યકી ક્રિયા યે કોઈ આત્માકા સ્વભાવ નહીં, એ તો રાગ વિભાવ હૈ. આહાહા! **પરમાત્માકે ભાવોંમેં...** નિરંજન નિજ

ધ્રુવ ચૈતન્યપ્રભુ અવિનાશી અપના સ્વભાવ... સ્વભાવવાન આત્મા ઔર સ્વભાવ... **સહજ જ્ઞાન**–સ્વભાવિક ત્રિકાળી જ્ઞાન. ત્રિકાળી જ્ઞાન હોં આ. ત્રિકાળી **સહજ દર્શન**, ત્રિકાળી **સહજ ચારિત્ર...** ત્રિકાળીની વાત છે. ઔર ત્રિકાળી **સહજ સુખ. આદિમેં—સતત-નિશ્ચલ સ્થિરભાવ કરતા હૈ...** લ્યો આ ઉપાય. સ્વભાવવાન આત્મા, દર્શન, જ્ઞાન, સુખ, આનંદ વહ ત્રિકાળી સ્વભાવ, ઉસમેં એકાગ્રતા હોના એ આવશ્યક ક્રિયા પર્યાય. આહાહા! દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવ્યા. સમજમેં આયા? નિશ્ચલ, **સતત-નિશ્ચલ કરતા હૈ**, ઉસકો સચ્ચી સામાયિક ને સચ્ચા ધર્મ હોતા હૈ, દૂસરેકો હોતા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૩, શુક્રવાર, તા. ૫-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૪૭, શ્લોક - ૨૫૫, પ્રવચન નં. ૧૬૯**

નિયમસાર સિદ્ધાંત, નિયમસાર છે. નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. આત્માના સ્વભાવના આશ્રયે થતી સાચી, અંદર રાગરહિત ક્રિયા એને અહીંયા નિશ્ચય પરમ-આવશ્યક ક્રિયા કહે છે. અક્રિય છે એને ક્રિયા કહે છે. છે તો અક્રિય ઓલી નિષ્ક્રિય. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ શુદ્ધ... અહીં ભાવમાં સ્થિરતા કરે છે એમ કહે છે. આત્મા જે વસ્તુ આત્મા છે એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ ભાવ છે ત્રિકાળી ભાવ, એમાં અંતર એકાગ્ર થવું, નિષ્ક્રિય એટલે રાગની ક્રિયા વિના અરાગી પરિણતિ પ્રગટ કરવી એનું નામ આવશ્યક, સામાયિક, ચોવિસંથો, વંદન એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં સુધી આપણે આવ્યું છે જુઓ! ફરીને લ્યો. મૂળ ટીકા છેને. ફરીને.

**ટીકા : બાહ્ય ષટ્-આવશ્યકપ્રપંચરૂપી નદીના કોલાહલના શ્રવણથી...** આ સામાયિક કહેવાય ને આ કહેવાય ને ભગવાન કહેવાય, આની સ્તુતિ એવું જે સાંભળવું, એમાં તો વિકલ્પ થાય છે કહે છે, રાગ છે. એવા શ્રવણથી **પરાઙ્મુખ હે શિષ્ય!...** એવા વિકલ્પની ક્રિયા છ આવશ્યકની, સામાયિક, ભગવાનની સ્તુતિ આદિ એ વિકલ્પ–રાગ, એ ક્રિયાના શ્રવણથી પરાઙ્મુખ... એને સાંભળવાની ઇચ્છા જ જેને નથી. આહાહા! **હે શિષ્ય! શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** જે સ્વ-આત્માશ્રિત છે. ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદ ને જ્ઞાનસ્વભાવ એવો જે આત્મા એને આશ્રયે ધર્મધ્યાન હોય છે. આમ બહારની ક્રિયા શુભરાગની એ ખરેખર આવશ્યક ક્રિયા નથી, એ જરૂરની ક્રિયા જ નથી એમ કહે છે. આહાહા!

ભગવાનની તીર્થંકરની સ્તુતિ કરવી એ તો એક વિકલ્પ છે, એમ સામાયિક કરું એવો શુભવિકલ્પ એ રાગ છે, ગુરુનું વંદન કરવું એ પણ એક રાગ છે. આહાહા! પ્રતિક્રમણ કરું–પાપથી હઠું એ પણ એક રાગ છે, પચ્ચખાણ કરું એ પણ એક વિકલ્પની વૃત્તિનો રાગ છે. કાયોત્સર્ગ–શરીરની સ્થિરતા કરું એ વિકલ્પ ઊઠે છે એ પણ રાગ છે. એ છ પ્રકારની આવશ્યક વ્યવહારરૂપ શ્રવણથી હે પરાઙ્મુખ શિષ્ય!... આહાહા! એનાથી વિમુખ થયેલો શિષ્ય, એમ કહે છે. ઝીણી વાત છે ભાઈ! **શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાનસ્વરૂપ સ્વાત્માશ્રિત આવશ્યક...** આત્મા આનંદ ને જ્ઞાન ભાવવાળો એની એકાગ્રતા એટલે આનંદ ને શાંતિની ક્રિયા અંદર વીતરાગી એ સ્વ-આત્માશ્રિત હોય છે. ભારે ઝીણું. પોતે નિજાનંદ પ્રભુ એવા આનંદ ને જ્ઞાન-દર્શનના ભાવવાળો એ એનો ભાવ છે.

એક ફેરી પૂછ્યું હતું કે સોનાનો ભાવ શું છે. એમ પૂછ્યું હતુંને એક ફેરી? ખબર છે? સોનાનો ભાવ શું છે? બધા વિચારમાં પડી ગયા કે શું હશે? સોનાનો ભાવ એ ભાવ કહેવાય?

એ તો કલ્પિત છે. બસે રૂપિયાનું તોલું સોનું એ તો કલ્પિત ભાવ છે. એ કાંઈ સોનાનો ભાવ નથી. સોનાનો ભાવ તો એના રંગ, ગંધ, રસ, સ્પર્શ એ સોનાનો ભાવ છે. સમજાણું કાંઈ? એમ આત્માનો ભાવ, કહે છે કે પુણ્ય-પાપ, શરીર-વાણી એ કાંઈ એનો આત્માનો ભાવ નથી. વિકલ્પ ઉઠે રાગાદિ એ પણ આત્માનો ભાવ નથી. આત્માનો ભાવ, કહેશે, સહજ જ્ઞાન ત્રિકાળી જ્ઞાનસ્વભાવભાવ, સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર ને સ્વભાવિક સુખ—એ એનો ભાવ છે. તો કહે છે કે એવો ભાવવાળો જે ભગવાન આત્મા એને આશ્રિત, એની સન્મુખ થઈને એનો આશ્રય કરે એવી ક્રિયા, એને અહીંયા ધાર્મિક, સામાયિક ને ભગવાનની સ્તુતિ આદિ ક્રિયા કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે કામ આકરું.

**કે જે સંસારરૂપી લતાના મૂળને છેદવાનો કુહાડો છે...** જે સ્વ-આત્મા પરમાનંદસ્વરૂપ... આત્માને આશ્રિત કહીને પછી એના ભાવમાં સ્થિર થાય એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વ-આત્મા જે શુદ્ધ ચૈતન્યઘન એને આશ્રિત, એને અવલંબીને જે એકાગ્રતા થાય તે નિશ્ચય–સાચું ધર્મધ્યાન અને એનું આશ્રયનું ઉત્કૃષ્ટપણું એ સાચું શુક્લધ્યાન—એ આવશ્યક ક્રિયા છે. અહીં તો અક્રિય કહેશે એને. સમજાણું કાંઈ? એવા સંસારરૂપી ઉદયભાવ એને છેદવાને કુહાડો છે. કુહાડા, ક્યા કહતે હૈં? કુહાડા. અપના આત્મા શુદ્ધ દ્રવ્યસ્વભાવ... યહાં તો આત્મા લિયા ન પહલે? વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ એની ચીજ, એનો આશ્રય લઈને, અંતર અવલંબન લઈને, એમાં એકાગ્ર થઈને જે ક્રિયા પ્રગટ થાય એને આવશ્યકની ધાર્મિક ક્રિયા કહે છે. એ જરૂરની ધાર્મિક ક્રિયા એને કહે છે.

**તેને જો તું ઇચ્છે છે...** એમ કહે છે. આવી આવશ્યક ક્રિયા અથવા આવશ્યકભાવ કરવા યોગ્ય તું ઇચ્છે છે.. ઇચ્છે છે એમ કહે છે. આવશ્યક આત્માને આશ્રયે.... શરીર, વાણી, મન તો નહીં, પુણ્ય-પાપના વિકલ્પો નહીં, એક સમયની પર્યાય પણ નહીં. ત્રિકાળી ભગવાન આત્મા એને આશ્રયે આવી ક્રિયા કરવાને જો ઇચ્છે છે કે જે ક્રિયા અથવા આવશ્યકપણું સંસારરૂપી ઉદયભાવ એને છેદવાનો એ કુહાડો છે. આહા! ભારે ...! પહેલું તો હજી પકડાવું (કઠણ) કે શું કહે છે આ. આવું જો તું ઇચ્છે છે તો તું આમ કર, એમ કહે છે. જો તારી આવશ્યક સ્વ-આત્માના આશ્રયે થતી અરાગી, નિષ્ક્રિય–રાગ વિનાની નિષ્ક્રિયતા, છે ભલે પરિણતિ, પણ જેમાં રાગની અપેક્ષા, વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી, એવી જે આત્માને આશ્રયે નિષ્ક્રિય આવશ્યક એવી ઇચ્છા જો હો, તો તું **સમસ્ત વિકલ્પજાળરહિત**... એ ભગવાનની સ્તુતિ કરું ને વંદન કરું—એવા જે વિકલ્પો એ વિકલ્પની જાળ રહિત... આહાહા!

**નિરંજન નિજ પરમાત્માના...** નિર્મળ ભગવાન આત્મા, નિજ પરમાત્મા–પોતાનો પરમાત્મા આત્મા, ત્રિકાળી આત્મા એ પોતાનો પરમાત્મા છે. આહાહા! **નિજ પરમાત્માના ભાવોમાં**... નિજ પરમાત્મસ્વભાવ એનો જે ભાવ, એમાં સ્થિરભાવ કરે છે એમ કહે છે.

આહાહા! સમજાણું કાંઈ? સહજ સ્વભાવ, જ્ઞાનસ્વભાવ... જેમ ત્રિકાળી આત્મા અવિનાશી ત્રિકાળ, એમ એનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ, એમ દર્શન સ્વભાવ સહજ ત્રિકાળ, સહજ શાંતિરૂપી ચારિત્ર ત્રિકાળ અને સહજ આનંદ–સુખ–સ્વભાવિક આત્માનો સુખ–આનંદ સ્વભાવ જે ત્રિકાળ છે, સ્વચ્છતા, પ્રભુતા વિગેરે એમાં **સતત**–નિરંતર **નિશ્ચળ સ્થિરભાવ કરે છે....** એમાં સ્થિરભાવ કરે છે તે સાચું આવશ્યક છે. આહાહા! આવો વ્યવહાર કરવો ને.. વ્યવહાર ક્યાં ગયો આમાં તે? આહાહા! એ તો કહેશે. વ્યવહારનું ફળ તો અનુપાદેય છે–ઉપાદેય છે નહીં. એ તો રાગ છે, પુણ્યક્રિયા છે. ભગવાનની ભક્તિ, વંદન, પૂજા, સામાયિક વિગેરેનો વિકલ્પ એ તો રાગક્રિયા છે. આહાહા! ભારે આકરું કામ જગતને.

એ રાગની–વિકલ્પની ક્રિયાનું લક્ષ છોડી દઈ અને ત્રિકાળી ભગવાન આત્માનો જે ભાવ, દ્રવ્ય એટલે આત્મા વસ્તુ, જ્ઞાન-દર્શન, આનંદ એ એનો ગુણ એટલે ભાવ, એમાં સ્થિર થાય તે એની પર્યાય. સમજાણું કાંઈ? જે આમ રાગમાં ને વિકલ્પમાં, પુણ્યની વૃત્તિમાં એકકાર છે એને પોતાના ભાવમાં એકાકાર કરવું એ આવશ્યક ધર્મ છે. આવો ધર્મ ભારે! જો તું... અહીંયા ભગવાન કુંદકુંદાચાર્ય દિગંબર સંત–મુનિ એમ કહે છે કે જો તું ધાર્મિક ક્રિયા કરવાનો ઇચ્છુક છે તો તું એ વિકલ્પની ક્રિયાઓથી પરાઙ્મુખ થા અને આત્મા આનંદ ને જ્ઞાન સ્વભાવથી ભરેલો એની સન્મુખ થા. અને સન્મુખની જે એકાગ્રતા એ સતત નિશ્ચળ સ્થિરભાવ એનું નામ આવશ્યક ને સામાયિક ને ભગવાનની સ્તુતિ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! 'સ્થિરભાવ કરે છે' એમ કીધું છેને. 'કર' એમ નથી કીધું. જો તું ઇચ્છે છે કે ધર્મક્રિયા મારે કરવી છે તો તું વિકલ્પની વૃત્તિના રાગના વ્યવહારભાવથી પરાઙ્મુખ થા, વિમુખ થા અને ત્રિકાળી ભગવાન આત્માના ભાવ આનંદ ને જ્ઞાન ત્રિકાળી એની સન્મુખ થા. કહો, સમજાય છે કાંઈ? આહાહા!

વીતરાગ ધર્મ અલૌકિક અપૂર્વ છે. લોકો માની બેસે બહારથી આ ધર્મ.. ધર્મ.. ધર્મ. સમજાણું કાંઈ? દયા કરવી, ભક્તિ કરવી, પૂજા કરવી, ભગવાનની સ્તુતિ કરવી—એવો બધો જે વિકલ્પ છે એ તો રાગ છે. એ રાગ તો વિભાવ છે, ધર્મનો એમાં અભાવ છે. તો એ વિકલ્પની વૃત્તિઓ ઉઠી (એનાથી) પાછો હઠ. આ ઈચ્છતો હોય તો પાછો હઠીને સત્‌ની સન્મુખ થા. 'સન્મુખ થા' એમ ન કીધું, સન્મુખની ક્રિયા એ કરે છે, કહે છે. સમજાણું કાંઈ? અહો! ભગવાન આત્મા અનંત-અનંત આનંદ ને અનંત-અનંત જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા, એવો નિજ પરમાત્મા–પોતાનો પરમાત્મા... ભગવાનનો પરમાત્મા તો એની પાસે રહ્યો. એ પરમાત્માની સ્તુતિ કરવા જાય તો તો એને વિકલ્પ ને રાગ જ ઉત્પન્ન થાય એમ કહે છે. આ નિજ પરમાત્માથી ત્યાં વિમુખ થઈ જાય છે અને પરની સન્મુખ થાય છે.

ભારે જૈનધર્મ! જૈનધર્મ એ એવી ચીજ છે કે દુનિયાને સાંભળવા મળી નથી. એને મળ્યું છે બધું ઊંધું. આહાહા! જૈનને નામે એને ક્રિયા–રાગની ક્રિયામાં જોડી દીધા છે. સમજાણું કાંઈ?

જે ધર્મ નથી તેમાં તેને જોડી દીધા છે. ભીખાભાઈ! આવી વાત છે. આહાહા! આહીં તો કહે છે પ્રભુ કુંદકુંદાચાર્યદેવ કે હે આત્મા! **'હે શિષ્ય!'** એમ કહ્યું છેને. આમ કર. 'કર' એમ કીધુંને એટલે કોઈકને કહે છેને. કરે છે એમ કહે છે ત્યારે કોઈકને કહે છેને કે આ કરે છે. 'હે શિષ્ય!' એમ ટીકામાં લીધું છે. પદ્મપ્રભમલધારિદેવ દિગંબર સંત–મુનિ આત્મધ્યાની, આનંદમાં કલ્લોલ કરનાર, અંતરમેં અતીન્દ્રિય આનંદમેં કલ્લોલ–રમત વેદન કરવાવાળા મુનિ એમ કહે છે ટીકામાં કે કુંદકુંદાચાર્યદેવ ભગવાન એમ ફરમાવે છે, હે શિષ્ય! એ વ્યવહારની ક્રિયા જે વિકલ્પ છે એનાથી પરાઙ્મુખ થા, જો સાચી ધર્મની ક્રિયા કરવી હોય તો. આહીં તો કરવી હોય તો એની વાત છે. આહા! કરે છે. ગજબ વાત છેને! પોતાને નાખ્યા છે અંદર. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત આનંદ ને જ્ઞાનનો પુંજ પ્રભુ એની સન્મુખ અંતર જા. એમાં જીવ ઠરે છે એને ધાર્મિક ક્રિયા થાય છે. શાંતિભાઈ! બહુ આકરું લાગે ભાઈ! આ બધો વ્યવહાર.. વ્યવહાર.. વ્યવહાર.. એનું શું કરવું આ? આહાહા! કહે છેને કે વ્યવહારનો વિકલ્પ હોય છે, એ પુણ્ય છે, એ રાગ છે, એ ધર્મ નહીં. સમજાણું કાંઈ? આહાહા! તો સ્થિરભાવ કરે છે. ધર્મી જીવ જેને સમ્યગ્દર્શન છે એટલે કે આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાયકભાવથી ભરેલો એ હું આત્મા એવો જ્યાં સમ્યગ્દર્શનમાં અનુભવ સમ્યગ્દૃષ્ટિને છે એ, કહે છે કે આવશ્યક જો ઇચ્છે છે, તો અંતરના સ્વરૂપમાં સ્થિરભાવ કરે છે. સાંજ-સવાર પડિકમણા કરતાને. પડિકમણા આમ.. અપડિકમણું હતું એને પડિકમણું માનેલું. આહાહા! ભારે કામ બાપુ!

સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ એ માર્ગ બીજે ક્યાંય છે નહીં (અને) એના ઘરમાં આવ્યા એને ખબર નથી. વાડામાં જન્મ્યા એને, વીતરાગનો ધર્મ શું છે એની ખબર નથી. માની બેઠા કે અમે વીતરાગનો ધર્મ કરીએ છીએ. કહે છે કે હે શિષ્ય!... પાછું શિષ્ય કહીને 'તું કર' એમ નહીં, હે શિષ્ય! 'તું આમ કરે છે' (એમ કહ્યું). આહાહા! ભગવાન આત્મા એ દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન છે, કારણ કે વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. સમજાય છે કાંઈ? ભગવાન એ વિકલ્પથી ભિન્ન પ્રભુ આત્મા છે. એનાથી ભિન્ન છે, પણ એના આનંદ ને જ્ઞાનના સ્વભાવથી તે અભિન્ન છે. ત્રિકાળી જ્ઞાન-આનંદ સ્વભાવથી અભિન્ન એવામાં સ્થિર કરે છે, ધર્મી એમાં સ્થિરપણું કરે છે. આહાહા! બીજું જાણપણું ઓછું-વધતું હોય એનો પ્રશ્ન આહીં લીધો નથી. આહાહા! આ તો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સહજાત્મસ્વરૂપ, એની સન્મુખમાં સ્થિરતા કરે છે એને ભગવાન ધાર્મિક ક્રિયા અને મોક્ષનો માર્ગ એને કહે છે. સમજાણું કાંઈ?

**તે હેતુથી (અર્થાત્ તે કારણ વડે)...** આવું સ્વરૂપ ભગવાન આત્મા, એના ત્રિકાળી અવિનાશી આનંદમાં જે સ્થિરતા કરે છે તેને, તે હેતુથી **નિશ્ચય સામાયિકપણું ઉપજતા...** એને તો શાંત વીતરાગીભાવ, સમતાભાવ સાચો ઉપજે છે. સમજાય છે કાંઈ? **મુમુક્ષુ જીવને–** ધર્માત્મા જીવને **બાહ્ય છ આવશ્યકક્રિયાઓથી શું ઉપજ્યું?** આહાહા! હું સામાયિક કરું છું,

ભગવાનની સ્તુતિ કરું છું, ગુરુને વંદન કરું છું—એવો જે શુભરાગ એ તો વિકલ્પનો રાગ છે. એનાથી ધર્મીને શું ફળ છે? એમ કહે છે. સમજાણું કાંઈ? એ બાહ્ય છ આવશ્યક ક્રિયાઓથી શું ઉપજ્યું? વ્યવહારુ રાગની ક્રિયા જેને અજ્ઞાની ધાર્મિક (ક્રિયા) કહે છે, એનાથી શું ફળ છે? **અનુપાદેય ફળ ઉપજ્યું...** આદરણીય ફળ એમાં છે નહીં. આહા! ગજબ વાત છે! વાતું વીતરાગની એવી વાત છે ભાઈ!

વીતરાગનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે, એ રાગની ક્રિયાથી નહીં, એમ કહે છે. આહાહા! હું સામાયિક કરું છું, 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' એમ કરીને બેઠો હોય—એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. ભગવાનની સ્તુતિ કરું છું. ભગવાન પર છે એની સ્તુતિ કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે, રાગ આવે. ગુરુને વંદન કરું છું. ગુરુ પર છે એને વંદન કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે. આહાહા! આત્મામાં ઊભા રહેવું એમ કહે છે. ભાઈ! તેં કોઈ દિ' કર્યું નથી એવું અને અજ્ઞાનથી માની બેઠો છે કે હું કંઈક ધર્મ કરું છું. આહાહા!

બાહ્ય છ આવશ્યકક્રિયા જે પુણ્યનો વિકલ્પ ઉઠે રાગ, એ તો અનુપાદેય ફળ છે. આહાહા! એનાથી તો પુણ્યબંધ થાય, એમાં ધર્મ થાય નહીં. આહાહા! ભારે આકરું કામ હોં. માર્ગ તો આવો છે પ્રભુ! અનાદિનો. તીર્થંકરો સર્વજ્ઞો અનંત પરમેશ્વરો આ રીતે ધાર્મિક ક્રિયાનું વર્ણન અનંત કાળથી કરતા આવે છે. આહાહા! કહે છે, અરે! ભગવાન આત્મા એનો આનંદ ને જ્ઞાન અવિનાશી સ્વભાવ એમાં જે સ્થિર થયો, એ ધર્મની ક્રિયા છે. એનું ફળ સામાયિક નામ સમતા પ્રાપ્ત થાય છે. બાકી છ વ્યવહારુ ક્રિયા આવશ્યકનું ફળ તો નાપંસદ કરવા જેવું છે. આહાહા! ભારે આકરું કામ હોં. હજી તો વાત સાંભળતા મગજમાં આકરું પડે. આવો માર્ગ? કહે છે કે બાહ્ય વ્રતની ક્રિયા ને વ્રતનો ભાવ ને તપનો ભાવ ને અપવાસ કરું, ભક્તિ કરું, પૂજા કરું, પરમાત્માની જાત્રા—એ વિકલ્પ બધો છે, એ બધો રાગ છે. કહે છે, એ રાગથી શું ફળ તને ઉપજે? આહાહા!

તને જે જોઈએ સમતાનું ફળ, એ એમાં ન આવે એમ કહે છે. આહાહા! જેઠાભાઈ! બહુ માર્ગ બાપા! કેવો છે? પણ લોકો એ રીતે મશ્કરીમાં કાઢી નાખે. એ તો નિશ્ચય.. એ તો નિશ્ચય. એટલે સાચું એ. ખોટું તો કહો. વ્યવહાર એટલે ખોટું. આહાહા! એ કરતા... પણ વ્યવહારનો અર્થ અભૂતાર્થ, અભૂતાર્થનો અર્થ અસત્યાર્થ, અસત્યાર્થનો અર્થ જૂઠું. ભીખાભાઈ! આમ વસ્તુ આવી છે. બીજી વાત ગમે તે હોય, પણ માર્ગ આ છે. સમજાય છે કાંઈ? જાણપણું શાસ્ત્રનું ઓછું હો, વધારે હો, બીજું જ્ઞાન ન હો—એની સાથે કાંઈ સંબંધ છે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અનંત-અનંત આનંદની ખાણ–નિધાન એની સન્મુખની સ્થિરતા કરે છે તો, હે શિષ્ય! એ ધાર્મિક ક્રિયામાં ફળ તને સમતાનું મળશે. અને એનાથી વિરુદ્ધ છ

આવશ્યકની ક્રિયા બાહ્યની–વ્યવહારની એના ફળ તો હેય છે. છેને નીચે. અનુપાદેય છે. વ્યવહાર ને વ્યવહારનું ફળ એ આદરણીય નથી એમ કહે છે. બીજી રીતે વ્યવહારને હેય કહ્યો. એના ફળ તરીકે કહ્યું એ.... આહાહા! શાંતરસનો કંદ પ્રભુ આત્મા, અવિકારી સ્વભાવનું પિંડ પ્રભુ, એની અંતરમાં એકાગ્ર થઈને સમતા–વીતરાગી દશા પ્રગટ થાય, એને અહીંયા આવશ્યક ધાર્મિક ક્રિયા કહે છે. એ મોક્ષનો માર્ગ છે. પંડિતજી! ભારે ભાઈ આકરું. પહેલા-વહેલા સાંભળે તો ભડકી જાય હોં. આપણે સાંભળતા હતા કે ન્યાં સોનગઢમાં આમ કહેવાય છે, એ જ કહે છે. આ શું કહે છે, આ શાસ્ત્ર શું કહે છે? જુઓને! આ શાસ્ત્ર છે એ સોનગઢનું શાસ્ત્ર છે?

ભગવાનના શ્રીમુખે નીકળેલું સિદ્ધાંત એને કુંદકુંદાચાર્યે બનાવ્યું–રચ્યું, એની ટીકા કરી પદ્મપ્રભમલધારિ દિગંબર સંતે. એ એમ કહે છે, પોકાર કરે છે જગતને. ભાઈ! વ્યવહાર સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ એ વ્યવહારનો જે વિકલ્પ... અને નિશ્ચય જે સામાયિક, ભગવાન આત્માની સ્તુતિ એ અંતર્મુખ થવાની જે ક્રિયા જેને આહીં નિષ્ક્રિય તરીકે કહે છે... કહે છે, અરે! મુમુક્ષુ જીવને, જેને મોક્ષની અભિલાષા છે, જેને રાગથી છૂટવું છે—એવા મુમુક્ષુ જીવને વ્યવહારક્રિયાથી **અનુપાદેય ફળ ઉપજ્યું એવો અર્થ છે.** વ્યવહાર રાગની ક્રિયા ને એનું ફળ બંધન એ બધું હેય છે, નાપસંદ કરવા જેવું છે, નહીં વખાણવા જેવું છે. આહાહા!

રાગ.. રાગ.. માળે ગળે ચોંટેલો છે. વ્યવહાર પુણ્ય.. પુણ્ય.. પુણ્ય.. પુણ્ય.. પુણ્ય કરીએ છીએને, રાગ કરીએ છીએને, પ્રશસ્ત રાગ છેને. સાંભળને હવે! એ તારો પ્રશસ્ત રાગ આગ હૈ. રાગ દાહ આગ, એમ આવે છેને? 'યહ રાગ આગ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' છ ઢાળા (ઢાળ છ, પદ ૧૫)મેં આતા હૈ. 'રાગ આગ દહે સદા..' એ શુભવિકલ્પ પણ રાગ છે. આહાહા! ભગવાન.. ભગવાન.. એ દાહ છે. દહે–અંદર આત્માની શાંતિને બાળે છે. 'તાતૈ સમામૃત સેઈએ..' તેથી રાગ–વિકલ્પની ક્રિયા રહિત ભગવાન આત્મા શાંત શીતળસ્વરૂપ પ્રભુ, એની સેવા–એકાગ્ર થઈએ એને સમતાભાવ પ્રગટ થાય. 'સમામૃત સેઈએ..' એ સમતારૂપી અમૃત પ્રગટ થાય, રાગરૂપી ઝેર નાશ થાય. આહાહા! ભારે કામ ભાઈ!

**એવો અર્થ છે**. મુનિરાજ એમ કહે છે કે આ રાગનું ફળ શું ઉપજ્યું? અનુપાદેય છે એવો એનો અર્થ છે. આત્માના સ્વભાવને આશ્રિત જે શાંતિ પ્રગટ થાય એ સમતાનું ફળ છે. સમજાણું કાંઈ? વીતરાગી આનંદ પ્રગટ થાય એ સમતા ને એ સામાયિક, એને સામાયિક કહીએ. સમજાણું કાંઈ? જેઠાભાઈ! આવી સામાયિક. આ બે ઘડી બેઠા 'ણમો અરિહંતાણં..' જાઓ, થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને! સામાયિક કોને કહેવી તેં સાંભળી નથી. એ ભીખાભાઈ! આ કેટલી વાર સામાયિક કરી હશે? આહાહા! **માટે**... આ બે ફળ બતાવ્યા. અંતર ભગવાન આત્માને અવલંબે એકાકાર થઈને સ્થિરતા થાય, એ વીતરાગી પર્યાય સમતા ઉત્પન્ન થાય, એ આદરણીય ફળ છે. આહાહા! અને રાગાદિ ક્રિયા છે એનું ફળ

બંધન છે, અનુપાદેય છે, પસંદ કરવાલાયક નથી. આહાહા! છે કે નહીં અંદર પાઠ છે કે નહીં? જુઓને અંદર. આહાહા!

**માટે અપુનર્ભવરૂપી (મુક્તિરૂપી) સ્ત્રી...** જેને મુક્તિ જોઈતી હોય, જેને ભવનો અભાવ (કરવો હોય).. આહાહા! અપુનર્ભવ–ભવ જ જ્યાં નથી એવી મુક્તિ. એવી મુક્તિરૂપી સ્ત્રી નામ પરિણતિ એનો જે અનુભવ, એનો જે આનંદ **પ્રાપ્ત કરવામાં પ્રવીણ...** આહાહા! પૂર્ણ મુક્તિની દશા–તદ્દન આનંદની દશા, તદ્દન જ્ઞાયકની જ્ઞાનદશા, પૂર્ણ દશા—એવી જે મુક્તિ, એ રૂપી અવસ્થા એનો અનુભવ અને એના **હાસ્ય** નામ આનંદ, એનો અનુભવ ને આનંદને પ્રાપ્ત કરવામાં પ્રવીણ **એવા નિષ્ક્રિય પરમ-આવશ્યકથી જીવને...** દેખો! આહીં નિષ્ક્રિય કીધું. રાગ ક્રિયા છે એ સક્રિય રાગ છે. રાગની ક્રિયા નથી એ અપેક્ષાએ, ભગવાન આત્માને આશ્રયે અરાગી ક્રિયા છે તેને આહીં રાગની અપેક્ષાએ નિષ્ક્રિય કીધી. સમજાણું કાંઈ? આહાહા! ટીકા પણ કેવી ટીકા! એક-એક કળશમાં, એક-એક ગાથામાં કેટલું ભરી દીધું છે!

ભાઈ! તું પ્રભુ છોને! પૂર્ણ પ્રભુ છો! આહાહા! ગુણે પ્રભુ, દ્રવ્યે પ્રભુ, અનંતી-અનંતી શક્તિએ તું પ્રભુ, એવા પ્રભુનો અંતર આશ્રય લે તો તને પર્યાયમાં પ્રભુતા પ્રગટ થાય, નહીંતર નિમિત્તને આશ્રયે આ છ ક્રિયાનો રાગ તો દીનતા છે, પામરતા છે કહે છે. આહાહા! અરે! એ વાતની શ્રદ્ધાની ખબર ન મળે, એના જ્ઞાનની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ ન બને). અનંત કાળથી એણે એમને એમ (કાળ) ગુમાવ્યો છે. સમજાણું કાંઈ? એને **નિષ્ક્રિય પરમ-આવશ્યકથી**... પહેલા અનુપાદેય ફળ કીધુંને વ્યવહારને. ત્યારે આનું (ફળ) આ છે, એમ. નિષ્ક્રિય પરમ-આવશ્યક ક્રિયા, અંતર જ્ઞાનભાવમાં–સ્વભાવમાં એકાકાર જ્ઞાનની ક્રિયા, એવી **આવશ્યક ક્રિયાથી જીવને સામાયિકચારિત્ર સંપૂર્ણ થાય છે**. એને સમતાનું પરિણામ પૂર્ણ આવે છે એમ કહે છે. અરે! બીજી વાત છોડી દે અને આ લેને, સમજ ને, કહે છે. સમજાણું કાંઈ?

'લાખ વાતની વાત..' આવે છેને છઢાળામાં? 'નિશ્ચય ઉર આણો..' છઢાળામેં આતા હૈ. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દંદ ફંદ નિજ આતમ ઉર ધ્યાવો.' (ઢાળ ૪, પદ ૯). ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ એનું ધ્યાન કર, એમાં એકાકાર થા, આ ક્રિયા છે. વીતરાગમાર્ગમાં ધાર્મિક ક્રિયા એને કહે છે. આહા! સમજાણું કાંઈ? બહુ ફેરફાર છે આ તો ભાઈ! ઉગમણા-આથમણા—પૂર્વ ને પશ્ચિમ જેવું લાગે. લાગે કે આવું કરો, વ્રત કરો, અપવાસ કરો, તપ કરો, ભક્તિ કરો, તમારે ધર્મ થાશે. આહીં કહે છે કે વ્રત ને તપ ને ભક્તિનો વિકલ્પ છે એ રાગ ને પુણ્ય છે, એ ધર્મ નહીં. આહાહા! સાચો ધર્મ નહીં, ખોટો ધર્મ છે. આહાહા! પાઠમાં છેને **सामण्णगुणं संपुण्णं होदि जीवस्स**... ભગવાન આત્મા નિજ પરમાત્મા એની એકાગ્રતામાં જે ક્રિયા–વીતરાગી દશા થાય તે રાગની અપેક્ષાએ નિષ્ક્રિય

કહેવાય. એ નિષ્ક્રિય આવશ્યકથી જીવને સમતારૂપી સ્થિરતા સંપૂર્ણ થાય છે. કહો, સમજાણું કાંઈ?

**એવી રીતે આચાર્યવર શ્રી યોગીન્દ્રદેવે (અમૃતાશીતિમાં ૬૪મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :** યોગીન્દ્રદેવનો આધાર આપે છે. યોગીન્દ્ર મુનિ થઈ ગયા છે વનવાસી દિગંબર સંત. મુનિઓ તો જંગલમાં રહેતા અને આત્મધ્યાન ને આનંદમાં મસ્ત રહેતા. સમજાય છે કાંઈ? એવા મુનિમાં એ યોગીન્દ્રદેવ મુનિ થયા છે, એમણે એક અમૃતાશીતિ નામનું પુસ્તક બનાવ્યું. એનો ૬૪મો શ્લોક છે.

**यदि चलति कथञ्चिन्मानसं स्वस्वरूपाद्**
**भ्रमति बहिरतस्ते सर्वदोषप्रसङ्गः।**
**तदनवरकमंतर्मग्नसंविग्नचित्तो**
**भव भवसि भवान्तस्थायिधामाधिपस्त्वम्॥**

આહાહા! મુનિન્દ્ર યોગીન્દ્રદેવ સંત–મુનિ દિગંબર કહે છે, **શ્લોકાર્થ : જો કોઈ પ્રકારે મન નિજ સ્વરૂપથી ચલિત થાય...** આહાહા! ભગવાન આનંદસ્વરૂપમાંથી જો ખસે અને શુભ વિકલ્પ આવે, **અને તેનાથી બહાર ભમે...** આહાહા! અંતર ભગવાન આત્મામાં અંતર્મગ્ન ન થતાં મન ખસી જાય ન્યાંથી (અને) વિકલ્પ ઉઠે અને એ વિકલ્પ બહારમાં ભમે, અંદરમાં તો જાય નહીં. કહો, ભીખાભાઈ! પછી દેવને, ગુરુને, શાસ્ત્રને વળગે–ચોંટે. પહેલા બાયડી-છોકરાને ચોંટ્યો હતો અશુભભાવમાં, નિમિત્તને ફેરવ્યું તો દેવ-ગુરુ-શાસ્ત્રને ચોંટ્યો. એ તો એનું એ છે ન્યાં. સમજાણું કાંઈ? આહાહા! ભારે કામ ભાઈ! વીતરાગમાર્ગ કોઈ બીજી જાતનો છે. કહે છે કે પોતાના આનંદસ્વરૂપ પ્રભુ એમાંથી જો મન ખસ્યું અને ચલિત થયું, રાગ થયો અને તેનાથી તે રાગ તો બહાર ભમે, બાહ્ય પદાર્થ ઉપર લક્ષ જાય એનું તો, રાગનું તો બાહ્ય ઉપર લક્ષ જાય, **તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે...** આહાહા! બહિર્વૃત્તિ રાગની થતાં રાગ પરમાં લક્ષ કરીને ઠરે, એ તો મહાદોષનું કારણ છે. ભીખાભાઈ! છેને પુસ્તક છે. આ કાંઈ ઘરનું (નથી). સુમનભાઈ! છે કે નહીં અંદર? આહાહા!

પાઠ તો જુઓ! **सर्वदोषप्रसङ्गः**.. ભગવાન આત્મા પોતાનું નિજસ્વરૂપ એની શ્રદ્ધા-જ્ઞાન ને વીતરાગતામાંથી જો ખસ્યો તો વિકલ્પ ઉઠ્યો, કહે છે, અને રાગ ઉઠ્યો. અને રાગ ઉઠ્યો એ સ્વસન્મુખમાં ન જાય, રાગનું તો પરદ્રવ્ય ઉપર લક્ષ જાય અને એ રાગમાં સર્વદોષનો પ્રસંગ આવે છે. સમજાણું કાંઈ? **બહાર ભમે તો તને સર્વ દોષનો પ્રસંગ આવે છે**... ઓહો! સંતોની વાણીમાં રાગને વિચ્છેદ કરવાની રીત છે. અંતર્મુખ ભગવાન આત્મા અંતર્મુખસ્વરૂપ તરફમાંથી જો ખસ્યો, સ્વનો આશ્રય ન રહ્યો, તો રાગ આવતાં પરના આશ્રયમાં જાશે, અનેક દોષ ઉત્પન્ન થશે. કહો, સમજાણું કાંઈ? દિગંબર સંતોની આવી કથની છે. એવી વાત ક્યાંય બીજે નથી,

બીજે ક્યાંય નથી. સંતો–વીતરાગી મુનિઓ કેવળીઓના કેડાયત, પરમાત્માના કેડે ચાલનારા એમ કહે છે કે આત્માના આનંદમાંથી સ્વનો આશ્રય છોડીને જો વિકલ્પ ઉઠ્યો તે એ વિકલ્પ ભમશે બહારમાં આમ.. આમ.. આમ.. આહાહા! તો સર્વ દોષનો પ્રસંગ આવે છે એને. સ્વરૂપમાં ઠરે તેને સમતાનું ફળ આવે છે એમ કહે છે અને રાગ આવે એને આ સર્વ દોષનો પ્રસંગ આવે છે એમ કહે છે. આહાહા!

**માટે તું...** આ કારણે હે ભગવાન આત્મા! **તું સતત**–નિરંતર **અંતર્મગ્ન**–શુદ્ધ આનંદકંદ ભગવાનમાં લીન થા, આનંદમાં લીન થા. આહાહા! નહીં તો વિકલ્પ આવે છે એ તો દુઃખ છે. વિકલ્પ જે ઉઠ્યો એ તો દોષ, દુઃખ છે અને અનેક દોષનો એ પ્રસંગ છે. માટે તું સતત અંતર્મગ્ન **અને સંવિગ્ન ચિત્તવાળો થા...** પરની ઉપેક્ષા કરનારો વૈરાગી સંવેગી... આહાહા! એ વિકલ્પ–રાગથી પણ વિરક્ત થા. સમજાણું કાંઈ? આ તો અંતરમાં પચાવવા જેવી વાત છે. સમજાણું કાંઈ? દુનિયાને બેસે કે ન બેસે એની સાથે વસ્તુનો સંબંધ નથી. વસ્તુ તો વસ્તુના સંબંધમાં પડી છે. એ સંબંધ છોડે તો બંધ થાશે કહે છે. સમજાણું કાંઈ? આ વ્યવહારની ક્રિયાકાંડનો વિકલ્પ પણ સર્વ દોષનો પ્રસંગ થશે, એમ કહે છે આહીં તો. આહાહા!

જેને દુનિયા, વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે, દોષ કરતાં કરતાં નિર્દોષ થશે એમ કહે છે, એ વીતરાગમાર્ગથી તદ્દન ઉલટો છે. સમજાણું કાંઈ? ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર એમણે જે આ પંથ કહ્યો એનાથી, આ વ્યવહારથી લાભ થાય એ પંથ જ વિરુદ્ધનો છે એમ કહે છે. અરે! **સંવિગ્ન ચિત્તવાળો થા**... અંતર્મગ્ન, આમ અંતર્મગ્ન થા અને અહીંથી વૈરાગ્ય થા–વિરક્ત થા. આહાહા! ભગવાન સ્વભાવ આનંદનો સાગર પ્રભુ આત્મા નિજ પરમાત્મા એમાં લીન, એમાં એકાગ્રતા (અને) બાહ્યથી ઉપેક્ષા–વૈરાગ્ય કર. સંવિગ્ન વૈરાગ્યવાળા ચિત્તવાળો થા **કે જેથી તું મોક્ષરૂપી સ્થાયી ધામનો અધિપતિ થશે.** આહાહા! આવો આત્મા એના અંતર્મગ્નદશાથી રાગ વિનાની ક્રિયા–નિષ્ક્રિય ક્રિયા, એવી દ્રવ્યસ્વભાવમાં–વસ્તુસ્વભાવમાં અંતર્મગ્ન ક્રિયા, એ ક્રિયા દ્વારા અને પરથી સંવિગ્નવાળા દ્વારા તું મોક્ષરૂપી સ્થાયી–સ્થિર રહેનારું એવું જે ધામ એનો અધિપતિ થશે. આ ચાર ગતિનો અધિપતિ થઈને રખડી મરે છે હોં. આહાહા! સમજાણું કાંઈ?

મોક્ષ–આત્માની પૂર્ણ દશા, આનંદ દશા એ તો શુદ્ધસ્વરૂપ ચૈતન્યના અંતર્મગ્ન ક્રિયા દ્વારા પ્રાપ્ત થાય છે. અસ્તિ-નાસ્તિ કરીને. અંતર્મગ્ન થયુંને. અહીંથી વિરક્ત થયું, એમ. રાગથી વિરક્ત, સ્વભાવમાં રક્ત. ત્રિકાળી સ્વભાવમાં રક્ત ને રાગથી વિરક્ત. આહાહા! ભારે વાત. એવી ક્રિયા દ્વારા તને મોક્ષરૂપી સ્થિર–સ્થાયી આનંદનું ધામ પ્રગટ થયું. આહાહા! એનો તું અધિપતિ થઈશ, એમ. મોક્ષની દશાનો સ્વામી થઈશ, મોક્ષદશા તને પ્રાપ્ત થશે. આ યોગીન્દ્રદેવે કહ્યું છે.

**આ ૧૪૭ ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ** પોતે **શ્લોક કહે છે :—** પદ્મપ્રભમલધારિદેવ સંત દિગંબર મુનિ.

**यद्येवं चरणं निजात्मनियतं संसारदुःखापहं**
**मुक्तिश्रीललनासमुद्भवसुखस्योच्चैरिदं कारणम् ।**
**बुद्धवेत्थं समयस्य सारमनघं जानाति यः सर्वदा**
**सोयं त्यक्तबहिःक्रियो मुनिपतिः पापाटवीपावकः ॥२५५॥**

**શ્લોકાર્થ : જો એ રીતે (જીવને) સંસારદુઃખનાશક...** આ સંસારદુઃખ **आपहं**–નાશક. એ સંસારના વિકલ્પ જે રાગ એ સંસારનું દુઃખ છે. એવા સંસારના દુઃખનો નાશક, સંસારના દુઃખને નાશ કરનાર **નિજાત્મનિયત ચારિત્ર...** નિજ આત્મા એમાં નિયત. એના અર્થ કર્યા છે. **નિજ આત્માને વળગેલું...** આહાહા! ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એમાં એકાકાર થયેલું એને ચારિત્ર કહીએ. સમજાય છે કાંઈ? નગ્નપણું અને પંચમહાવ્રતના વિકલ્પો એ કાંઈ ચારિત્ર નથી. આહાહા! સંસારદુઃખનો નાશ કરનાર **નિજાત્મનિયત ચારિત્ર**... નિજ આત્મા પોતાનો ભગવાન પૂર્ણ શુદ્ધ એને વળગેલું એટલે એકાગ્ર થયેલું **નિજ આત્માને અવલંબતું...** નિયત છેને. **નિજાત્મનિયત**... વિકલ્પ જે પંચમહાવ્રત છે એ તો પર તરફના વલણવાળો ભાવ છે, એ ચારિત્ર નહીં. આહાહા!

ચારિત્ર તો આત્મા આનંદમાં લીનતા, આત્માને અવલંબતું **નિજાત્માશ્રિત...** ભગવાન આત્માને અવલંબે–આશ્રિતે પ્રગટેલી વીતરાગીદશા, અતીન્દ્રિય આનંદની સ્વાદિષ્ટ દશા, નિજ આત્મામાં એકાગ્રતા. આહાહા! પોતાનો સ્વભાવન ભગવાન એમાં એકાગ્રતા એ ચારિત્ર. ચારિત્રની વ્યાખ્યાની ખબર ન મળે કે ચારિત્ર કોને કહેવું. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવી નિજાત્માની સ્વાત્માશ્રિત અંતરશ્રદ્ધા–સમ્યગ્દર્શન, એવો નિજાત્મ ભગવાન એને આશ્રિતે થતું સમ્યગ્જ્ઞાન એ જ્ઞાન અને એને આશ્રિત–અવલંબીને થતું ચારિત્ર—એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? નિયમસાર ગજબ કામ કરે છે! આહાહા! તારો પ્રભુ એનો આશ્રય થઈને જે શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર થાય–વીતરાગી મોક્ષમાર્ગ એ મોક્ષનો ઉપાય છે. સમજાણું કાંઈ?

પહેલી શ્રદ્ધા ને સમજણમાં જ્યાં ઠેકાણા નથી, ત્યાં એને ચારિત્ર કેવા ને મુક્તિનો માર્ગ કેવો? આહાહા! સમજાણું કાંઈ? અરે! ચોરાશીના અવતારમાં રખડતો–રઝળતો દુઃખી પ્રાણી છે. એ શુભભાવ હોય તોય દુઃખ છે ને અશુભ હોય તોય દુઃખ છે. આહાહા! એવા દુઃખને નાશ કરનારો માર્ગ **નિજાત્મનિયત ચારિત્ર**... આહાહા! **તો તે ચારિત્ર મુક્તિશ્રીરૂપી (મુક્તિલક્ષ્મીરૂપી) સુંદરીથી ઉત્પન્ન થતા સુખનું અતિશયપણે કારણ થાય છે...** એ ચારિત્ર. અતીન્દ્રિય આનંદમાં રમણતા અને અતીન્દ્રિય આનંદની દશાનું રમવું–થવું એ ચારિત્ર. એ

ચારિત્રથી અથવા એ ચારિત્ર મુક્તિસ્ત્રીરૂપી સુંદરીથી ઉત્પન્ન, પરમાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એનાથી ઉત્પન્ન થતું સુખનું અતિશયપણે કારણ થાય છે. એ સુખનું કારણ આ ચારિત્ર થાય છે. સમજાણું કાંઈ?

વ્યવહારચારિત્રના વિકલ્પો આદિ એ સુખનું કારણ થતું નથી. આહાહા! આવો માર્ગ. **આમ જાણીને...** એમ કહે છેને. **આમ જાણીને જે (મુનિવર) નિર્દોષ સમયના સારને સર્વદા જાણે છે...** નિર્દોષ સમયનો સાર એટલે આત્મા. પૂર્ણાનંદ એવા સારને સર્વદા જાણે છે. ઓહોહો! **તે આ મુનિપતિ...** જેણે આત્માનો આશ્રય લઈ અને ચારિત્ર અને સમયના સારને જાણ્યો છે એવા મુનિપતિ **કે જેણે બાહ્યક્રિયા છોડી છે...** એ વિકલ્પની ક્રિયા જેણે છોડી દીધી છે. આહાહા! સમજાણું કાંઈ? એ વ્યવહારના વિકલ્પથી ખસી ગયો છે અને અંતરના સ્વરૂપમાં આનંદમાં મગ્ન છે, એવા ચારિત્રથી આ મુક્તિ એને પ્રાપ્ત થાય છે. એવો એ જીવ **પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે.** લ્યો. આહાહા!

રાગને છોડ્યો છે અને વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એની દૃષ્ટિ-અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને પછી સ્વરૂપમાં લીન થાય છે. એણે આત્માને જાણ્યો કે આ આત્મા આવો છે. અને તે મુનિપતિ પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે (એટલે) સંસારનો નાશ કરનારો અગ્નિ છે. એને સંસારનો નાશ થાય છે. આહાહા! સમજાણું કાંઈ? નિશ્ચયની વાત સત્યને એણે કોઈ દિ' જોયું નથી, જાણ્યું નથી, સાંભળવા મળતું નથી, એને એવું લાગે કે આ પણ આવો આ માર્ગ? કાંઈક એમાં કારણ હશે કે નહીં વ્યવહાર-ફ્યવહાર? કે પાધરા આમ નિશ્ચય થઈ જતા હશે? એ તો કહે છે કે વ્યવહારની ક્રિયા છોડી દે. એમ કહે છેને. વ્યવહારની ક્રિયા છે તો નિશ્ચય થાય છે એમ તો કહ્યું નથી અહીંયા. આહાહા! હોય છે વ્યવહારના વિકલ્પ, પણ એનો આશ્રય છોડી દઈને, સ્વને આશ્રયે પડીને સ્થિરતા, આનંદ પ્રગટ કરે છે, તે પાપરૂપી અટવી–વનને બાળનારો અગ્નિ છે. એને મુક્તિ થાય છે, એને ધર્મમાર્ગ પ્રગટેલો હોય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ ૪, શનિવાર, તા. ૬-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૪૮, શ્લોક - ૨૫૬-૨૫૭, પ્રવચન નં. ૧૭૦

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર, ૧૪૮ ગાથા.

**आवासएण हीणो पब्भट्ठो होदि चरणदो समणो ।**
**पुव्वुत्तकमेण पुणो तम्हा आवासयं कुज्जा ॥ १४८॥**
**આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;**
**તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.**

એની **ટીકા : અહીં (આ ગાથામાં)...** નિયમસાર છે ને! નિયમસાર એટલે નિશ્ચય મોક્ષમાર્ગ. સ્વ-આત્માને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર થાય, તે નિશ્ચય મોક્ષમાર્ગ. એ પરમ આવશ્યક કર્મ–કર્તવ્ય છે. આત્માનું જરૂરિયાતનું–પરમ જરૂરનું કાર્ય એ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કે જે આત્માને આશ્રયે થાય તે. સમજાણું કાંઈ? આ ગાથામાં **શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.** આત્મા આનંદસ્વરૂપ એની સન્મુખનો જે શુદ્ધ ઉપયોગ(વાળો જીવ) એને આ શિખામણ કહેવામાં આવી છે.

**અહીં (આ લોકમાં) વ્યવહારનયે પણ...** કહે છે કે જેને આત્માનો આશ્રય લઈને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય આવશ્યક છે, એને પરમ આવશ્યકનો વિકલ્પ વ્યવહારે પણ હોય છે. અને એ વ્યવહાર પણ જેને નથી એને તો નિશ્ચય પણ નથી. સમજાય છે કાંઈ? તો **વ્યવહારનયે પણ સમતા...** વિકલ્પમાં શુભરાગભાવરૂપ સમતા... **સ્તુતિ–**ભગવાનની સ્તુતિ, ગુરુ **વંદના, પ્રત્યાખ્યાન** વ્યવહાર **વગેરે છ આવશ્યકથી રહિત શ્રમણ ચારિત્રપરિભ્રષ્ટ (ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ) છે...** સમજાણું કાંઈ? નિશ્ચય નથી અને વ્યવહારેય નથી એ તો ચારિત્રથી સર્વથા ભ્રષ્ટ છે. સ્વ-આત્માને આશ્રયે મોક્ષનો માર્ગેય નથી અને વ્યવહાર પણ નથી એ તો બધી રીતે ભ્રષ્ટ છે. **શુદ્ધનિશ્ચયનયે...** આ તો વ્યવહાર કહ્યો, શુદ્ધનિશ્ચયના આશ્રયે જેને આવશ્યક ધાર્મિક ક્રિયા થઈ છે એનો આ વ્યવહાર. સમજાણું કાંઈ?

**શુદ્ધનિશ્ચયે, પરમ-અધ્યાત્મભાષાથી...** પરમ અધ્યાત્મભાષા.. **જેને નિર્વિકલ્પ-સમાધિસ્વરૂપ કહેવામાં આવે છે...** આત્માનો સ્વભાવ અતીન્દ્રિય આનંદ પૂર્ણ ધ્રુવ નિત્ય છે એમાં લીનતા એ નિર્વિકલ્પ સમાધિ, આનંદ છે. એ ખરું પરમ આવશ્યક છે. **એવી પરમ આવશ્યક ક્રિયાથી રહિત...** ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ ચૈતન્યસ્વભાવ એમાં લીનતારૂપી સમાધિ, શાંતિ, આનંદ એવી જે નિર્વિકલ્પ શાંતિ કહેવામાં આવે, એવી ક્રિયાથી જે રહિત છે, એ તો ભ્રષ્ટનો ભ્રષ્ટ છે, બધું ભ્રષ્ટ છે. ભલે વ્યવહાર કરતો હોય, પણ આ નિશ્ચયથી ભ્રષ્ટ છે એ

ભ્રષ્ટ જ છે. સમજાણું કાંઈ? પહેલો તો, નિશ્ચય આશ્રય છે એને વિકલ્પ વ્યવહાર છે એમ વાત કરી. જેને આ નિશ્ચય ચૈતન્યના અવલંબનમાં, પૂર્ણ જ્ઞાનઘન પ્રભુ એના આશ્રયમાં સમકિતીને પણ આવશ્યકક્રિયા છે–એમ કહેશે પછીની ગાથામાં. અંતર-આત્મા ત્રણ પ્રકારના (છે એ) બધાને આવશ્યક ક્રિયા હોય છે. જો એ આવશ્યક ન હોય તો એ બહિરાત્મા છે એમ કહેશે. સમજાણું કાંઈ?

કહે છે કે માર્ગ વીતરાગનો એવો છે ઝીણો સૂક્ષ્મ. અંદર દયા, દાન, વ્રતાદિના છ આવશ્યકોના વિકલ્પ હો, પણ એ કંઈ ચીજ નથી. જ્યાં નિશ્ચય સ્વ-ચૈતન્ય ભગવાન અંતર્મુખની દૃષ્ટિ કરીને જે અંતર આશ્રય થાય, એને આશ્રયે જે નિર્વિકલ્પતા, શાંતિ, સમાધિ ને આનંદ પ્રગટ થાય, એ ખરેખર નિશ્ચય–સાચા આવશ્યક કાર્ય છે. આરે, ભારે! એનાથી જે રહિત **શ્રમણ નિશ્ચયચારિત્રભ્રષ્ટ છે...** એને ચારિત્ર હોતું નથી. આહાહા! ભારે વાત. સમજાણું કાંઈ? ભલે એ પંચમહાવ્રતના વિકલ્પ પાળતો–રાખતો હોય, સાધુના ૨૮ મૂળગુણ વ્યવહારના હોય, પણ આત્માને આશ્રયે શાંતિ, સમાધિ ને ચારિત્ર નથી તો એ ચારિત્રથી ભ્રષ્ટ છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને પોતાનો સ્વભાવ એને આશ્રયે આવશ્યક સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્થિરતાનો અંશ છે એ એનું–સમકિતીનું આવશ્યક કર્મ છે અને વ્યવહારે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો વિકલ્પ હોય એ એનું વ્યવહાર આવશ્યક છે. સમજાણું કાંઈ? પણ અહીં તો મુનિની વાત લીધી છે. એટલે મુનિ તો આગળ વધેલા છે, સ્વરૂપનો ઘણો ઉગ્ર આશ્રય જેણે લીધો છે, એ પોતાની મહાસત્તા આનંદની ને જ્ઞાનની એમાં જેની જમવટ જામી ગઈ છે. આહાહા! ભારે માર્ગ ભાઈ! એવી જેને આવશ્યક ક્રિયા નથી એ તો નિશ્ચયચારિત્ર ભ્રષ્ટ છે. કહો, સમજાણું કાંઈ? **આમ** એનો **અર્થ છે** કહે છે.

**(માટે) સ્વવશ પરમજિનયોગીશ્વરના...** આ તો ભાવનાનો ગ્રંથ છેને (એટલે) વારંવાર એ વાતને ભિન્ન-ભિન્ન રીતે સ્પષ્ટીકરણ કર્યું છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે મેં તો મારી ભાવના માટે આ શાસ્ત્ર રચ્યું છે. કુંદકુંદાચાર્યદેવ જેવા એમ કહે છે. સમજાણું કાંઈ? કહે છે કે આ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન એને જે વશ છે, એને જે અંતર તાબે થયો છે, એવો પરમ-જિનયોગીશ્વર, પરમ જિન વીતરાગી યોગ એમાં જોડાયેલો અંદરમાં. **જે નિશ્ચય-આવશ્યકનો કર્મ પૂર્વે કહેવામાં આવ્યો છે...** પૂર્વે કહ્યું છે કે કોને આશ્રયે થાય છે. જેટલો વ્યવહાર આવશ્યકની ક્રિયાનો વિકલ્પ ઉઠે એ બધો પરાશ્રય છે, એ તો બંધનું કારણ છે. વ્યવહાર સામાયિક આ બધી કરીને બેસે છેને. વ્યવહાર ભગવાનની સ્તુતિ, ગુરુવંદન એ બધા શુભ વિકલ્પો છે. પણ જો આ નિશ્ચય ચારિત્ર ન હોય તો તો એ ચારિત્રથી ભ્રષ્ટ છે, ભલે વિકલ્પ હોય એવા. સમજાણું કાંઈ? આહાહા!

ચોથે ગુણસ્થાને પણ... આ ૪૯ ગાથામાં છેને? પરમ આવશ્યકથી રહિત એ બહિરાત્મા છે, એમ. **आवासएण हीणो समणो...** પછી અર્થમાં–ટીકામાં તો ન્યાં સુધી લીધું. સમ્યગ્દૃષ્ટિ પ્રથમ દરજ્જાનો એને પણ આવશ્યકક્રિયા બે પ્રકારની હોય છે. એક સ્વ-આત્માને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનો અંશ હોય છે એ એનું નિશ્ચય કર્તવ્ય છે. એની સાથે વ્યવહારનો ભાગ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, બહુમાન એવો વિકલ્પ હોય છે એ વ્યવહાર આવશ્યક કહેવાય છે. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાનમાં અંતરાત્મા છે એ પણ આત્માને ઉગ્ર આશ્રય થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ થયો છે એ નિશ્ચય છે અને એને બાર વ્રતના વિકલ્પો, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ એ વ્યવહાર કહેવાય.

અથવા શ્રાવકને યોગ્ય છ આવશ્યક આવે છેને? દેવપૂજા, ગુરુવંદના, (સ્વાધ્યાય), દાન, સંયમ, તપ એવો શુભ વિકલ્પ એ શ્રાવકને સ્વને આશ્રયે થયેલી દશાની ભૂમિકામાં એને આવો વિકલ્પ હોય એને વ્યવહાર કહેવાય છે અને સ્વ-આશ્રયે થાય તેને નિશ્ચય કહેવાય છે. સમજાણું કાંઈ? અને જેને સ્વ-આશ્રય બિલકુલ નથી એ તો રાગની ક્રિયાને તાબે થઈને ભલે એમાં વર્તે, એ બહિરાત્મા છે, એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**સ્વવશ પરમજિનયોગીશ્વરના નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ...** ક્રમ નામ સ્વદ્રવ્યનો આશ્રય લેવો એ એનો પહેલો ક્રમ છે. સમજાણું કાંઈ? એને મહાવ્રતના વિકલ્પ પહેલા લેવા ને કરવા એમ છે નહીં, એમ કહે છે. એનો ક્રમ તો આ છે અંદર. **નિશ્ચય-આવશ્યકનો જે ક્રમ પૂર્વે કહેવામાં આવ્યો છે તે ક્રમથી (તે વિધિથી)...** એટલે ખુલાસો કર્યો. **સ્વાત્માશ્રિત...** ભગવાનનું સ્મરણ આદિ એ પરાશ્રિત છે, એ પુણ્યબંધ છે. આહાહા! સ્વ-આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું પૂર એવું જે સ્વસ્વરૂપ એને આશ્રિત, એની સન્મુખતા થઈને, આશ્રય કરીને જે **નિશ્ચય ધર્મધ્યાન**–સાચું ધર્મધ્યાન તો સ્વને આશ્રયે હોય છે. હવે જેને સ્વ કોણ છે, શું છે એની ખબરું નથી, એને તો નિશ્ચય પણ નથી ને વ્યવહાર પણ નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

આવશ્યકનો અધિકાર ઘણો ઊંચો લીધો છે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને–ધર્મની પહેલી શ્રેણીવાળાને... આ તો મુનિની વાત લીધી છે એટલે પછી પેટામાં એ વાત આવી જશે. જેને સ્વ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદનો આશ્રય અંશેય નથી, એટલે એને વિકલ્પની ક્રિયા એ તો બધો બહિરાત્મા છે. સમજાણું કાંઈ? **સ્વાત્માશ્રિત એવા નિશ્ચયધર્મધ્યાન...** એ પહેલું, એ શરૂઆત છે. પછી વિશેષ આશ્રય એ શુક્લધ્યાન, એમ ક્રમ છે. સમજાણું કાંઈ? ધર્મધ્યાનના કાયોત્સર્ગ આવે છેને, એમાં એ આવે છે શ્વેતામ્બરમાં, સ્થાનકવાસીમાં. ધર્મધ્યાનનો કાયોત્સર્ગ આવે છે. સમ્યગ્દર્શન વિના એવી ક્રિયાઓ અનંત વાર કરી, એનાથી કાંઈ સાર્થક વળ્યું નહીં. ધર્મધ્યાનમાં આવે છે, કાયોત્સર્ગ આવે છે, સ્થાનકવાસીમાં આવે છે. ..... ધર્મધ્યાન એ આવે

છે, ધર્મધ્યાનનું કાયોત્સર્ગ કીધુંને. આવા સમ્યગ્દર્શન આત્માના આશ્રય વિના જે કંઈ ક્રિયાઓ દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિ કરવામાં આવે એ બધું અનંત વાર કર્યું, એનું ફળ મોક્ષ નથી. એનું ફળ તો સંસાર છે. આહાહા! આગળ તો કહેશે કે ભવભયનું કારણ એ રાગ છે. વ્યવહારનો રાગ એ ભવભયનું કારણ છે, એમાંથી તો ભવ મળે. સમજાણું કાંઈ?

અને **નિશ્ચય શુક્લધ્યાનસ્વરૂપે**... આત્માના આનંદમાં ઉગ્રપણે શુક્લધ્યાન કરીને જે રહે તે **પરમ મુનિ સદા આવશ્યક કરો.** લ્યો, અહીં તો (કહે છે કે) આવશ્યક કરો, આહાહા! મુનિઓ... આ મુનિ કોને કહેવા? બાપુ! એ તો વાત (બીજી છે). હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે અને કેમ સમ્યગ્દર્શન થાય, કોને આશ્રયે થાય—એની ખબર ન મળે અને પાધરા વ્રત ને તપ લઈને બેસે, એ બધા તો સમકિતથી ને ચારિત્રથી-બેયથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? અહીંયા તો સ્વ-આત્મા ભગવાન પૂર્ણ દ્રવ્ય ધ્રુવ, અવિનાશી આત્મા અને એના અવિનાશી ભાવો-ગુણો, એના આશ્રયમાં થતી દશા તેને ધર્મધ્યાન-સાચું ધર્મધ્યાન કહે છે, એનો ઉગ્ર આશ્રય કરી સ્થિર થાય તેને શુક્લધ્યાન કહે છે. એવા હે મુનિઓ! **સદા આવશ્યક કરો**. આવું આવશ્યક કરો કે જેનાથી તમારી મુક્તિ થાય એમ કહે છે. કહો, સમજાણું આમાં?

અહીં તો એકલી નિશ્ચયની ઝીણી વાતું છે, વ્યવહારની... એ વ્યવહારના પણ ઠેકાણા ન મળે. માર્ગ તો વીતરાગ, પોતે જિનસ્વરૂપ છે... આવ્યું હતુંને કાલ, નહીં?

ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન
મત મદિરાકે પાનસો, મતવાલા સમજે ન.

ભગવાન આત્મા એનું સ્વરૂપ જ અકષાયસ્વભાવનો પિંડ પ્રભુ છે, અકષાયસ્વભાવ કહો કે જિનસ્વરૂપ કહો કે વીતરાગસ્વરૂપ કહો. અકષાય (એટલે) રાગથી રહિત કહેવામાં આવે છે (અને) આ વીતરાગ અસ્તિ. એ વીતરાગ (એટલે) રાગરહિત, પણ રાગરહિત અરાગી સ્વરૂપ એનું છે. સમજાણું કાંઈ? જિનરાજ, પોતે જિન તે જિનરાજ છે. આત્મા તે જિન અને જિન તે જિનરાજ છે. આહાહા! એ પોતે જિનને આશ્રયે થતી દશા તે ધર્મ, તે જૈનધર્મ. સમજાણું કાંઈ? હવે એક જણાએ તો એમ કહ્યું છે કે જન, જિન, જૈન. જન, એ બધા જન છે એ જીવો .. છે. અને એને 'ઇ' લાગુ પડે તો એ જિન થઈ જાય અને એને બે ઓલી (માત્રા) કરીને જૈન થઈ જાય. પણ માત્રાની અહીં વાત ક્યાં છે? આ તો બધા (આત્મા) સ્વરૂપ જિનસ્વરૂપ જ છે. એ જિનસ્વરૂપનો આશ્રય લઈને લીનતા જે પ્રગટ કરી એ જૈન, એ જૈનધર્મ ને એ જૈન. આહા! જૈન કોઈ સંપ્રદાય નથી કે અમારી માન્યતા આ, આની માન્યતા આ. એ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે. આહાહા!

કહે છે, સ્વ-આત્મા એવો જે જિન એને આશ્રિત થતી દશા એ જૈન. એ જૈનધર્મ એટલે નિશ્ચય ધર્મધ્યાન ને નિશ્ચય શુક્લધ્યાન એ જૈનધર્મ. સમજાણું કાંઈ? એવા **નિશ્ચય ધર્મધ્યાન ને**

**નિશ્ચય શુક્લધ્યાન સ્વરૂપે પરમ મુનિ સદા આવશ્યક કરો.** અંતર્મુખ ભગવાન આત્મામાં એકાકાર થઈ જાઓ, બસ એ જ આવશ્યક છે. આહાહા!

**આ ૧૪૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :**

**आत्मावश्यं सहजपरमावश्यकं चैकमेकं**
**कुर्यादुच्चैरघकुलहरं निर्वृतेरमूलभूतम् ।**
**सोऽयं नित्यं स्वरसविसरापूर्णपुण्यः पुराणः**
**वाचां दूरं किमपि सहजं शाश्वतं शं प्रयाति ॥२५६॥**

**શ્લોકાર્થ : આત્માએ અવશ્ય** નામ જરૂર **માત્ર સહજ પરમ-આવશ્યકને એકને જ કે જે અઘસમૂહનું નાશક છે** તે કરો. આહાહા! સમજાણું કાંઈ? **આત્માએ...** ભગવાન આત્મા એણે અવશ (એટલે) પરને વશ નહીં અથવા અવશ્ય નામ જરૂર એવું માત્ર... '**અવશ્ય માત્ર**' વજન આપ્યું છે. બીજું નહીં. આહાહા! **માત્ર સહજ પરમ-આવશ્યકને...** શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એનો આશ્રય કરીને જે ક્રિયા થાય એ **એકને જ...** એકને જ, એમ પાછું. બીજું નહીં. લ્યો, આ હુકમ છે ભગવાનનો. ભગવાન આત્મા વીતરાગમૂર્તિ પ્રભુ એને આશ્રયે સહજ પરમ-આવશ્યક ક્રિયા થાય—સ્વભાવિક આનંદ, સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક શ્રદ્ધા, સ્વભાવિક સ્થિરતા, પ્રભુતા એવી જે આવશ્યકને એકને જ... એકને જ, એ આવશ્યક એકને જ કરો, એમ કહે છે. વચમાં વિકલ્પ આવી જાય, પણ એ કરવા જેવું છે એમ નહીં. સમજાણું કાંઈ? માર્ગ એવો છે.

કોઈને તો એવું લાગે કે જૈનધર્મ આવો? જૈનધર્મ તો આમ ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રત, અપવાસ, ષોડશકારણ ભાવના. કહે છે કે એ તો બધા વિકલ્પો છે, રાગ છે. એ નિશ્ચય આવશ્યક આત્માને આશ્રયે જો હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે, પણ કરવા જેવું તો એક નિશ્ચય જ છે એમ કહે છે. આહાહા! એને ઠેકાણે અત્યારે તો કરવા જેવું તો એક વ્યવહાર જ છે એકલો, જાઓ. એ (પણ) બધો સમજવા જેવો. આહાહા! જેને ગણધરો સ્વીકારે, ઇન્દ્રો જેને સ્વીકારે, આહાહા! એ ધર્મ તો કોઈ અલૌકિક જ હોયને! કહે છે, ભગવાન આત્મા... માત્ર સ્વભાવિક આવશ્યક કર્મ જે આત્માને આશ્રયે થાય એ એક જ કરવા જેવું છે. આહાહા! '**એકને જ**' એમ શબ્દ છેને. **एकमेकं** એનો અર્થ કર્યોને 'જ'. એટલે જોરથી. 'માત્ર' કહ્યું. **एकमेकं..** ઓલામાં **एकमेकं** આવ્યું ત્યાં 'કેવળ એક' આવ્યું હતું. **एकमेकं..** 'કેવળ એક' એમ શબ્દ છે. આહાહા! વિકલ્પ જે વ્યવહારનો છે એ ભલે આવી જાઓ, પણ એ કરવા જેવો છે એમ નથી. આહાહા!

કહે છે કે આત્માએ, જો એને ધર્મ કરવો હોય તો એક અવશ્ય માત્ર સહજ આવશ્યક એકને જ કરો કે **જે અઘસમૂહનું નાશક છે...** એ પુણ્ય-પાપનો નાશક, નિશ્ચય આવશ્યક તે પુણ્ય-પાપનો નાશક છે. આહાહા! સમજાણું કાંઈ? આત્માના આશ્રયે ત્રિકાળી પરમાત્મા

નિજસ્વરૂપ જિનસ્વરૂપ.. નિજસ્વરૂપ જિનસ્વરૂપ.. આહાહા! એમાં લીનતા એને આશ્રયે જે ક્રિયા એ એક જ પુણ્ય-પાપના નાશની ક્રિયા છે. સમજાણું કાંઈ? વ્યવહારનો વિકલ્પ તો પુણ્યની ઉત્પત્તિનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? ગજબ છે! નિયમસારની કથની કંઈક સમયસારથી પણ કેટલીક આગળ વધી ગઈ છે. ... મોક્ષમાર્ગ છેને ખરોને. ઓલામાં ગુઢ એટલે થોડું-થોડું... આ સ્પષ્ટીકરણ એનું છેને આખું નિશ્ચય મોક્ષમાર્ગનું, પછી એને પરમાવશ્યક કહો, પરમસમાધિ કહો, પરમભક્તિ કહો, પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો, કાયોત્સર્ગ કહો, સામાયિક કહો. આહાહા! એવો જે ભગવાન આત્મા એક પોતાને આશ્રયે એકાકાર ક્રિયા થાય તે એક જ, કે જે દોષ એટલે પાપ, અઘ એટલે દોષ, અશુભ તેમજ શુભ બંને અઘ–પાપ છે, બેયનો નાશક છે.

**અને મુક્તિનું મૂળ (કારણ) છે...** સહજ પરમ-આવશ્યક એક જ મુક્તિનું કારણ છે, લ્યો. ઓલા કહેને, વ્યવહાર પણ મુક્તિનું કારણ છે, નિશ્ચય પણ મુક્તિનું કારણ છે. વ્યવહારે તો કહ્યું છે, વ્યવહારનયથી–આરોપિત કથનથી કહ્યું છે, નિરુપણ છે, વસ્તુ એ નથી. સમજાણું કાંઈ? કથન જગતને ભારે પડે (એટલે) એમ જ કરી નાખે આ બધું. આ તો કુંદકુંદાચાર્યને ઉડાડી શકે નહીં, પણ ઉડાડવાનો ભાવ ઊંડે.. ઊંડે છે. આ વ્યવહાર... આહાહા! એ 'માત્ર એક' શબ્દ વાપર્યો છે. આત્માએ જરૂર એક જ માત્ર સહજ પરમાવશ્યક... જે આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે એની સન્મુખની, એની આશ્રિત ક્રિયા એ એક જ ક્રિયા પુણ્ય-પાપને નાશ કરનારી છે. પુણ્ય-પાપને નાશ કરનારી છે અને મુક્તિનું કારણ છે. મુક્તિની ઉત્પત્તિનું કારણ છે, પુણ્ય-પાપના વ્યયનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા...

**તેને જ,** પાછું ભાષા એમ છેને? જુઓ! આહાહા! **सोऽयं नित्यं.. તેને જ અતિશયપણે કરવું.** એ જ કરવું, ભાઈ! તારે મુક્તિ જોઈતી હોય, મોક્ષ જોઈતો હોય એટલે કે પરમ આનંદની પૂર્ણ દશાની પ્રાપ્તિ કરવી હોય તો, ભગવાન આત્મા પૂર્ણાનંદને આશ્રયે અવશ્યક્રિયા સહજ વીતરાગી પર્યાય તે જ કરવા જેવી છે કે જેથી એના પુણ્ય-પાપનો નાશ થાય અને એના ફળ તરીકે અનંત આનંદરૂપી મુક્તિ થાય. આહાહા! એ તો મુનિને માટે છે, પણ મારે? કોઈ એમ કહે છે. તને કહ્યું, એમ આવ્યુંને? એ આવશે હમણાં. તારે કરવા જેવું તો દ્રવ્યને આશ્રયે એકાગ્રતા એ જ કરવા જેવી છે. ભલે થોડી સ્થિરતા હોય, પણ કરવા જેવું તો એ દ્રવ્ય ચૈતન્યમાં એકાગ્રતા, સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્વરૂપાચરણ ચારિત્રનો અંશ એ જ કરવા જેવું છે. અને એક જ આગળ વધવાનું કારણ છે. વચમાં વિકલ્પ આવે તે વધવાનું કારણ નથી. આ તો વિકલ્પના નાશનું કારણ આ પર્યાય છે. સમજાણું કાંઈ?

**તેને જ અતિશયપણે કરવું**. શું કરવું? સહજ આવશ્યક. આત્માને એક જ એ જરૂરનું છે. તેથી તેને આવશ્યક એટલે અવશ્ય કરવા જેવું કીધું છે. એને–આત્માને આશ્રયે સમ્યગ્દર્શન

કરવું એ અવશ્ય કરવા જેવું એક જ છે, આત્માના આશ્રયે જ્ઞાન કરવું એ અવશ્ય કરવા જેવું છે અને આત્માને આશ્રયે સ્થિરતા કરવી એ એક જ કરવા જેવું છે. આહાહા! સમજાણું કાંઈ? **(એમ કરવાથી)**... ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવ જ ભાવ છે એનો આશ્રય કરવાથી **સદા નિજરસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ (સનાતન) એવો તે આત્મા...** સદા નિજરસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે પવિત્ર અને પુરાણ એવો આત્મા **વાણીથી દૂર (વચન-અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને પામે છે.** એ આત્મા આવી ક્રિયા વડે... પોતે કેવો છે? કે પોતે સદા નિજરસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે... ભગવાન આત્મામાં તો સદા નિરંજન નિર્વિકલ્પ આનંદ જ ભરેલો છે. આહાહા!

રાંકને રતન કેમ બેસે? રાંકને રતન દેખવું મુશ્કેલ, તો હોય તો ક્યાંથી? આહાહા! એમ વિકલ્પની ક્રિયાને માનનારા રાંકા એ તો રાંક છે. આવું રતન ચૈતન્ય સદા આનંદથી ભરેલું એને પ્રતીતમાં ને જ્ઞાનમાં આવવું મહામુશ્કેલ છે. ભગવાન આત્મા **સનાતન એવો તે આત્મા**... દેખો! અનાદિનો એ તો આત્મા છે. **સદા નિજરસ**... નિજ આનંદરસ, નિજશક્તિનો રસ, શક્તિના ફેલાવથી પૂર્ણ ભરેલો વિસ્તાર છે. પવિત્ર છે અને સનાતન છે. જૂનો છે–અનાદિનો છે. આહાહા! એવો આત્મા, **વાણીથી દૂર**... વચનથી અગોચર **એવા કોઈ સહજ**... એવા કોઈ સહજ... શાશ્વત સુખને પામે છે (અર્થાત્) આનંદને પામે છે એમ કહે છે. આવી આવશ્યક ક્રિયાથી જ મુક્તિને પામે છે એમ કહે છે. સમજાણું કાંઈ? અધ્યાત્મની વાણી ને અધ્યાત્મનું કથનનું સ્વરૂપ એવું ને એવું ફરીને આવતું હોય એમ લાગે, પણ ફેરફારથી બધો વિસ્તાર છે આમાં. સમજાણું કાંઈ?

પુરાણ પુરુષ, ભગવાન તો પુરાણ પુરુષ છે. એ સનાતન વસ્તુ છે. સનાતનને આશ્રયે ધર્મ થાય તે સનાતન ધર્મ છે. માણસ બધા કહે છેને, સનાતન ધર્મ અમારો, સનાતન ધર્મ. એ સનાતન ભગવાન પૂર્ણાનંદ અનાદિ-અનંત એને આશ્રયે અવશ્યક્રિયા થાય તે સનાતન ધર્મ છે. સમજાણું કાંઈ? કેટલાક કહે, તમારો અર્વાચીન અને અમારો પ્રાચીન ને તમારો ફલાણું-ઢીકણું. પણ એ અર્વાચીન, પ્રાચીન આ છે. શું થાય? અનાદિનો, ભગવાન આત્મા સનાતન–અનાદિનો છે. અનંત વીતરાગતા, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંત શક્તિઓથી ભરેલું તત્ત્વ સનાતન–અનાદિનું છે. એવા આત્માને આશ્રયે જે દશા થાય નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ સનાતન ધર્મ છે, એ પ્રાચીન ધર્મ છે, એ જૂનો ધર્મ છે.

'જૂનો ધર્મ લો જાણી રે સંતો જૂનો ધરમ..' એવું આવે છે. અન્યમતીમાં ભજન આવે છે. એ જૂનો ધર્મ કોણ? આ. અનાદિનો ભગવાન આત્મા તો અનંત આનંદ ને અનંત જ્ઞાનથી ભરેલું સનાતન તત્ત્વ છે. એના આશ્રય થઈ, એમાં લીન થઈને જે વીતરાગીદશા, નિર્દોષ દશા,

નિર્દોષ આવશ્યક કર્મ–કાર્ય પ્રગટ થાય, એને પરમાત્મા સનાતન ધર્મ અને એના માનનારાને સનાતનધર્મી કહે છે. કહો, જેઠાભાઈ! બ્રાહ્મણમાં એક સનાતન થાય છેને? 'સનાતની' કરીને. આહાહા! કેવો છે ભગવાન આત્મા? એ તો વાણીથી–વચનથી અગમ્ય છે. એ આત્મા આવી ક્રિયા, અંતરના અનુભવની ક્રિયા દ્વારા, આનંદની ક્રિયા દ્વારા, એવા કોઈ શાશ્વત સુખને પામે છે. પૂર્ણ આનંદ ને પૂર્ણ સુખને પામે છે આ ક્રિયા દ્વારા. કોઈ વ્યવહારૂ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ એનાથી મુક્તિ મળતી નથી. એ તો બંધનું કારણ છે. આહાહા! આકરું લાગે ભારે! સમજાણું કાંઈ? ૨૫૭ કળશ.

**स्ववशस्य मुनीन्द्रस्य स्वात्मचिन्तनमुत्तमम् ।**
**इदं चावश्यकं कर्म स्यान्मूलं मुक्तिशर्मणः ॥२५७॥**

અહો, ભગવાન આત્મા! પુણ્ય-પાપના વિકલ્પના રાગથી રહિત અને અનંત આનંદ સહિત.. આહાહા! એવો આત્મા, એને જે વશ છે એ મુનીન્દ્ર છે. સમજાણું કાંઈ? સમકિતી પણ, સમ્યગ્દર્શન, જ્ઞાન ને અંશે ચારિત્રની અપેક્ષાએ સ્વવશ જ છે. ગૃહસ્થાશ્રમમાં હો સમકિતી, એને પણ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને વશ થઈને–તાબે થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો એ પણ સ્વવશ છે, પણ જઘન્ય સ્વવશ છે. સમજાણું કાંઈ? મુનિ, જેને ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ સ્વીકારે, એ મુનિ તો એવા હોય છે, કહે છે કે સ્વવશ (હોય), એ વિકલ્પની ક્રિયાને વશ ન હોય, આહાહા! પંચમહાવ્રતના પરિણામ એ વિકલ્પ–રાગ એને તાબે ન હોય. એને તાબે થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? આવું ભારે!

**શ્લોકાર્થ : સ્વવશ મુનિન્દ્રને...** મુનિન્દ્ર, પાછા મુનિમાં ઇન્દ્ર. **ઉત્તમ સ્વાત્મચિંતન...** ઉત્તમ (**નિજાત્માનુભવન**)... ચિંતનનો અર્થ વિકલ્પ એમ નહીં. સ્વાત્માનો અનુભવ. પુણ્યના ક્રિયાના રાગ રહિત આત્માના આનંદનો અનુભવ, એ નિજાત્માનુભવન હોય છે. મુનિન્દ્રને તો આ હોય છે. આહાહા! પંચમહાવ્રતના વિકલ્પ હોય છે એ મુનિન્દ્ર નહીં, એ તો રાગ છે. આવા નિશ્ચય હોય અને વિકલ્પ હોય તો વ્યવહાર હો, પણ આહીં તો વ્યવહારનો અભાવ કરીને જેણે એક આત્માનુભવન પ્રગટ કર્યું છે એ જ એક આવશ્યક કર્મ, એ જ મુનિનું જરૂરિયાતનું કાર્ય છે. આહાહા! વાત લક્ષમાં આવવી મુશ્કેલ એવો તો વીતરાગમાર્ગ છે. લોકો અન્ય માર્ગને જૈનમાર્ગ માનીને બેસી ગયા છે. આહાહા!

અહીં કહે છે કે **નિજાત્માનુભવનરૂપ** જરૂરનું કાર્ય, એ સ્વવશકાર્ય અથવા અવશ્યકાર્ય, પરને વશ નહીં થયેલું કાર્ય. એવું ઉત્તમ સ્વાત્માનુભવ... આત્મા આનંદસ્વરૂપ આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનું વેદન, જેવો સિદ્ધને આનંદ છે એવો અતીન્દ્રિય આનંદનું વેદન મુનિને હોય છે. આહાહા! એવા **આવશ્યક કર્મ (તેને)**

**મુક્તિસૌખ્યનું કારણ થાય છે.** આવી આત્મ-અનુભવનદશા એ મુક્તિસુખનું કારણ થાય છે. પંડિતજી! આ વ્યવહાર-ફ્યવહાર મુક્તિસુખનું કારણ નથી એમ કહે છે. આહાહા! પૂર્ણ ન હોય એને વચ્ચે પંચમહાવ્રત આવે, પણ એ તો દુઃખરૂપ દશા છે. મહાવ્રતના પરિણામ એ રાગ છે ને રાગ છે એ દુઃખ છે. આકરું કામ છે. વીતરાગ માર્ગને સમજવો, જાણવો અને ઠરવું અલૌકિક વાત છે. એ માર્ગ બીજે નથી. ક્યાંય હોય નહીં, વીતરાગ સિવાય ક્યાંય આ વાત છે નહીં. સમજાણું કાંઈ?

વીતરાગધર્મ તો, વીતરાગ પર્યાયથી ધર્મ થાય. રાગથી ધર્મ થાય? તો એ વીતરાગધર્મ કેવો? સમજાણું કાંઈ? બહુ જ ટૂંકામાં ને ઘણું યથાર્થ કહ્યું છે. **સ્વવશ મુનીન્દ્ર**... જેને વ્યવહારનો વિકલ્પ છે એને વશ નથી, વશ તો આત્માને વશ છે. આત્મા તો વીતરાગીમૂર્તિ આનંદરસ છે એને તાબે થયેલી ક્રિયા એ વીતરાગી ક્રિયાનું આવશ્યક કાર્ય, એ આવશ્યક–જરૂરની પર્યાય, એ કામ જરૂરનું જીવનું, એ કામ તેને મુક્તિસુખનું કારણ થાય છે. પંડિતજી! સાંભળવામાં ન આવે માણસને. જૈનના વાડામાં પચાસ, સાંઈઠ, સિત્તેર, એંસી ગાળ્યા હોય. વીતરાગ શું દૃષ્ટિ કહે છે ને કોને આત્મા કહે છે એ સાંભળવામાં મળ્યું ન હોય ને જિંદગી ગાળે એમને એમ. આહાહા! અરે પ્રભુ! તારે પંથ આ વીતરાગનો છે અને તું પોતે વીતરાગસ્વરૂપ છો. જો વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગતા આવશે ક્યાંથી? વીતરાગતા કાંઈ નિમિત્ત ને રાગની ક્રિયામાંથી આવે છે? સમજાણું કાંઈ? એ વાત કરે છે.

ભગવાન! તારો સ્વભાવ તો રાગ રહિત એટલે અરાગી સ્વભાવનું આખું તત્ત્વ છે તું. નિર્મળસ્વરૂપ, શુદ્ધસ્વરૂપ, એવું પૂર્ણ સ્વરૂપ એ તું આત્મા. એને અંતરમાં આશ્રય, ધ્યાન કરીને, આત્માને ધ્યેય બનાવીને જે પર્યાયમાં–દશામાં ધ્યાન-અવસ્થા–આત્માના અનુભવની દશા થાય તેને ભગવાન જરૂરનું કાર્ય કહે છે. એ મુક્તિસુખનું કારણ છે, મોક્ષનું કારણ એ દશા છે. આહાહા! ભારે કામ કર્યું! કુંદકુંદાચાર્ય.. આવે છેને ઓલા વૃંદાવનદાસમાં, નહીં? 'ન હુએ ન હોયેંગે..' એમના જેવા તો કોણ થાય? એમ. વૃંદાવનદાસ. 'ન હુએ ન હોયેંગે મુનિન્દ્ર કુંદકુંદ સે.' એની કથન શૈલી, વીતરાગ કેવળીઓના કેડાયતવાળા સંતોએ કહી, કેવળીઓએ કહી, એ કથન છે. આહાહા! એને સાંભળવા મળે નહીં એટલે જ્યાં આવું સાંભળે, (તો કહે), અરે! આ તો નિશ્ચય, આ તો નિશ્ચય, એમ. પણ કાંઈ એનું સાધન વ્યવહાર ખરું કે નહીં? અરે! વ્યવહાર સાધન નહીં, એ તો બાધક છે, સાંભળને! સમજાણું કાંઈ?

અરે! પણ અમારા જેવા પામર પ્રાણીને આવો માર્ગ કેમ બેસે? પામર નથી, પ્રભુ! તું તો પ્રભુ છો, પ્રભુતાથી પૂર્ણ ભરેલો છો. જો પૂર્ણ ન ભર્યો હોય તો પ્રભુતા આવશે ક્યાંથી? આહાહા! અહીં તો સ્વ-આત્મચિંતનની વ્યાખ્યાનમાં કોઈ વળી ચિંતા(નો અર્થ) વિકલ્પ કરે, ચિંતવન કરું.. ચિંતન કરું. ચિંતન કરે તો વિકલ્પ છે, વૃત્તિ છે, વિકાર છે. ભગવાન આત્મા

આનંદમૂર્તિનો અનુભવ કરવો, અતીન્દ્રિય આનંદની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા એ સ્વાત્માનુભવ છે, એને સ્વાત્મચિંતન કહેવામાં આવે છે. એ જ જરૂરનું કામ છે અને એ જ કામ મુક્તિનું કારણ છે. બીજું કોઈ મુક્તિનું કારણ છે નહીં. હવે અંતરાત્માની વાત.

'ત્રણે શિવમગચારી' આતા હૈ ન વહ છઢાળામેં? 'ઉત્તમ, મધ્યમ, જઘન્ય તીનોં શિવમગચારી..' એ વાત થોડી કહે છે. સ્વનું આવશ્યક જેને નથી, સ્વની આવશ્યક ક્રિયા જેને નથી, એને તો આહીં બહિરાત્મા કહેશે. આહાહા! સમ્યગ્દૃષ્ટિને પણ સ્વ-ચૈતન્યને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો અંશ હોય છે. એ જો ન હોય તો એકલી ક્રિયાકાંડના રાગ એને વશ થયેલો એ બહિરાત્મા છે, એ તો મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. આહાહા! પણ રાગાદિ હોવા છતાં અંતરમાં આત્માને વશ થયેલી દૃષ્ટિ છે, જ્ઞાન ને સ્વરૂપની સ્થિરતાનો અંશ ચોથે ગુણસ્થાને છે, એ અંતરાત્મા છે. એ અંતરાત્મા છે, જઘન્ય અંતરાત્મા છે, સમજાણું કાંઈ? અંતરમાં જઘન્યપણે આત્માનો આશ્રય લીધો છે, ઉગ્રપણે નહીં.

એનાથી જરી ઉગ્રપણે આશ્રય લીધો છે એ પાંચમા ગુણસ્થાનવાળા અંતરાત્મા છે. એનાથી ઉગ્રપણે આશ્રય લીધો એ છઠ્ઠા ગુણસ્થાનવાળા અંતરાત્મા છે. એનાથી ઉગ્રપણે આશ્રય લીધો છે એ સાતમા ગુણસ્થાનવાળા અંતરાત્મા છે. એમ કરતાં અંતરાત્માએ ઉત્કૃષ્ટ આશ્રય લીધો છે, કેવળજ્ઞાન ભલે ન હો, એ બારમા ગુણસ્થાનવાળા અંતરાત્મા છે. સમજાણું કાંઈ? અંતરને વશ થયેલાની બધી મર્યાદાઓ છે. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ, આવું નિશ્ચય ને આવું... સાધારણ માણસને આવું પકડાય, સમજાય? આત્મા ક્યાં સાધારણ છે? આહીં તો કહે છે. અસાધારણ છેને. એના જેવી કોઈ જગતમાં ચીજ જ નથીને. એના જેવી એ. એવો અસાધારણ ભગવાન, સુન ભાઈ! તને એમ કેમ થઈ ગયું? અરેરે! અમે પામર છીએ, સાધારણ છીએ, અમારા માટે માર્ગ કેવો હોય? સમજાણું કાંઈ?

છોડી દે એ વાત. તું પામર નથી, તું પ્રભુતાની અનંતી શક્તિઓનો સાગર છે તું. તારામાંથી તરંગ ઉઠે, એ બધા અલૌકિક આનંદના, શાંતિના તરંગો ઉઠે એવું તારું ધામ છે. પુણ્યનો વિકલ્પ ઉઠે રાગ એનું સ્થાન તું નથી. આહાહા! ભારે કામ ભાઈ! નવા માણસને તો એવું લાગે, ગ્રીક-લેટિન જેવું લાગે. નહીં? જૈનધર્મ આવો હશે? આખો દિ' ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા, વિનય કરવો, દેવદર્શન કરવા.. અરે! સાંભળ ભગવાન! એ બધી ક્રિયાઓમાં તો વિકલ્પ છે, રાગ છે, સમજાણું કાંઈ? એ સાચો ધર્મ નહીં.

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે આ સાચો ધર્મ કહ્યો છે કે તારું સાચું પૂર્ણ સ્વરૂપ એને આશ્રયે દશા થાય એ સાચી વીતરાગદશા, એ ધર્મ. આહાહા! સમજાણું કાંઈ? એ સાચો એટલે સત્યનું આખું તત્ત્વ તું સત્ય પૂર્ણસ્વરૂપ. ભારે! એ સાચો સત્યસ્વરૂપ ભગવાન પૂર્ણ આનંદ એને આશ્રયે, મોટાની ઓથે ગયો ત્યારે જે દશા રાગરહિત

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્દોષ દશા પ્રગટે એ જ એક મુક્તિનું કારણ છે. એકને જ તારે કરવા જેવું છે એમ કહ્યુંને. બહુ માણસને એવું લાગે. ભાવનાનો ગ્રંથ છે એટલે વારંવાર ભિન્ન-ભિન્ન રીતે વ્યાખ્યા એની કરે છે, ઘૂંટાવે છે.

ભાઈ! તું ન હોય તો જગતમાં આ ચીજ જ શું આ? તું મહાપ્રભુ છો. તારી મોટપ વિકલ્પથી અંકાય એવી નથી. આવી ધર્મની દેશના? આવો ધર્મ કેવો હશે આ? આ શેત્રુંજયની જાત્રા, સમ્મેદશિખરની જાત્રા, કહો એ ધર્મ નહીં? ભાઈ! એ જાત્રામાં રાગ થાય છે, શુભરાગ પુણ્ય છે, એ ધર્મ નહીં. એ તો અશુભથી બચવા એવો રાગ હો, પણ એ ધર્મ નહીં. સમ્મેદશિખરની જાત્રા કરી માટે ધર્મ થઈ ગયો, (એમ નથી). અરે! ભારે આકરું કામ. સમ્મેદશિખર તો તું છો. અનંત આનંદ ને અનંત શક્તિનો સાગર ભગવાન એમાં આરૂઢ થા, એ સમ્મેદશિખર ઉપર ચઢ્યો. સમજાણું કાંઈ? ભારે ધર્મ!

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा ।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा ॥ १४९॥**

આવા જે આત્માના આશ્રયે નિર્વિકલ્પ વીતરાગદશા, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આવશ્યક ક્રિયા, એનાથી સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો, એનાથી સહિત તેને અંતરાત્મા કહીએ. **આવશ્યકે વિરહિત શ્રમણ**... ભગવાન આત્મા પૂર્ણાનંદનો આશ્રય જરીયે નથી અને એકલી રાગાદિની ક્રિયામાં પડ્યો છે, એ શ્રમણ બહિરંગ આત્મા જાણવો. એને બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ કહીએ. આહાહા! 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' કાયરને તો આમ કંપારી ઉઠે કે અરર.. આવો માર્ગ? આવો માર્ગ? વિશેષ ૧૪૯માં કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ ૫, રવિવાર, તા. ૭-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૪૯, પ્રવચન નં. ૧૭૧

આ નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે. નિયમ એટલે નિશ્ચયથી જીવને કરવાલાયક કાર્ય એનું નામ નિયમ છે. **नियमेण य जं कज्जं...** એ ગાથાએ શરૂ (થાય) છે ત્યાં. આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય—આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. એમાં એકાગ્રતા એ એનું કર્તવ્ય નિશ્ચયથી છે. આવશ્યક જેને કહીએ છીએ. આ અધિકાર એ છેને? અવશ એટલે કે રાગને તાબે ન થતાં, પોતાના આનંદના સ્વભાવને તાબે થઈ અને જે શુદ્ધ પરિણતિનું કાર્ય જરૂરનું છે એ પ્રગટે, એને અહીંયા નિયમ (કહે છે). અને સાર (એટલે) વિકલ્પ વિનાની ચીજ અંતરમાં પ્રગટે એને નિયમસાર કહે છે. આહાહા! એટલે કે મોક્ષનો માર્ગ. એ ૧૪૯ ગાથા આપણે આવી છે. ૧૪૮ થઈ ગઈ.

**आवासएण जुत्तो समणो सो होदि अंतरंगप्पा ।**
**आवासयपरिहीणो समणो सो होदि बहिरप्पा ॥१४९॥**

નીચે.

**આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;**
**આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.**

**ટીકા : અહીં, આવશ્યક કર્મના અભાવમાં...** શું કહે છે? જેને, ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ એના સ્વભાવનો આશ્રય નથી અને એકલી ક્રિયાકાંડ-દયા, દાન, વ્રતાદિના વિકલ્પને તાબે થઈને રહે છે, એ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આ **આવશ્યક કર્મના અભાવમાં...** એટલે કે આત્મા જિનસ્વરૂપ, વીતરાગસ્વરૂપ જ આત્મા છે, એની સન્મુખ થઈને એમાં સ્વદ્રવ્યના આશ્રયની એકાગ્રતા જેને નથી એને એ આવશ્યક કર્મનો અભાવ છે. જે જરૂરનું કાર્ય છે એનો એને અભાવ છે. પછી ભલે એ પંચમહાવ્રત ને અહિંસા, સત્ય, દત્ત, સમિતિ, ગુપ્તિના વિકલ્પમાં હો, પણ એ અજ્ઞાની રાગને તાબે છે, ચૈતન્યના નિજસ્વભાવને આશ્રયે, તાબે નથી. એવા **તપોધન...** ભાષા પાછી 'તપોધન' વાપરી છે. કેમકે બાહ્યમાં પંચમહાવ્રત પાળે છે, ૨૮ મૂળગુણ પાળે છે, નગ્નપણે રહે છે, વસ્ત્રરહિત ક્રિયા કરે છે, તો એ બધો રાગની ક્રિયાનો ભાવ-શુભરાગ એને તાબે થયેલો એને અહીંયા વ્યવહારૂ તપોધન કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

એવા કર્મ એટલે ક્રિયા.. આવશ્યક કર્મ કહો, આવશ્યક ક્રિયા કહો કે આવશ્યક જીવની નિર્મળ વીતરાગભાવરૂપી દશા કહો. સ્વદ્રવ્યના આશ્રયથી થતી જે રાગ રહિતની નિર્મળ ક્રિયા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ક્રિયાનો જેને અભાવ છે અને તપોધન છે... પંચ મહાવ્રત, ૨૮

મૂળગુણ આદિ પાળે છે, સેંકડો અપવાસ કરે છે મહિના-મહિનાના અપવાસ, રસત્યાગ એવું કરે છે, શરીર ઝીર્ણ કરે છે. એથી એને તપોધન શબ્દથી, નામથી કહ્યું, પણ છે બહિરાત્મા. આહાહા! સમજાય છે કાંઈ? એટલે? જે એના સ્વભાવમાં નથી એવો જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ–રાગ એને તાબે થયેલો છે, વશ થયેલો છે, એ બહિર્-આત્મા કહેવામાં આવે છે. ભારે! સમજાણું કાંઈ?

હવે એને **અભેદ-અનુપચાર-રત્નત્રયાત્મક...** અભેદ-અનુપચાર-રત્નત્રયસ્વરૂપ... ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવના આશ્રયમાં જે નિશ્ચય સમ્યગ્દર્શન છે એ અભેદ છે, એમાં વિકલ્પ છે નહીં. અનુપચાર છે, એ ઉપચારિક નથી, યથાર્થ છે. જીવ એટલે આત્મા એટલે પરમાત્મા એટલે જિન એટલે કે જિનવર એવા આત્માને આશ્રયે અંતર્મુખ અભેદ સમ્યગ્દર્શન, અભેદ સમ્યગ્જ્ઞાન અને અભેદ સમ્યક્-ચારિત્ર, આહાહા! એવો અનુપચાર એટલે વ્યવહાર નહીં, ઉપચાર નહીં, આરોપિત નહીં, પણ યથાર્થ એવું રત્નત્રયસ્વરૂપ... રત્નત્રયસ્વરૂપ આવશ્યક. શુદ્ધ ચૈતન્ય ભગવાનનો આશ્રય લઈને જે નિશ્ચય સમ્યગ્દર્શન થાય, એ સ્વભાવના આશ્રયથી જે સ્વસંવેદનજ્ઞાન થાય અને સ્વભાવમાં સ્થિર થઈને લીનતાનું ચારિત્ર થાય—એને અહીં રત્નત્રયસ્વરૂપ કહ્યું છે.

એવું **સ્વાત્માનુષ્ઠાન...** એવું જે સ્વ-આત્મ-અનુષ્ઠાન **નિજ આત્માનું આચરણ...** આ નિજ આત્માનું આચરણ. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાયક ચૈતન્ય આનંદજ્યોત એવો જે નિજ આત્મા, એમાં લીન થઈને, સ્વસન્મુખ થઈને, અભેદ નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ રત્નત્રયસ્વરૂપ સ્વ-આત્માનું અનુષ્ઠાન છે. એ પોતાના આત્માનું આચરણ છે. પંચમહાવ્રતના વિકલ્પ એ આત્માનું આચરણ નહીં. આહાહા! ભારે! સમજાણું કાંઈ? આટલા શબ્દો વાપર્યા છે. એક તો અહીં આવશ્યક કાર્યનું વર્ણન છે. નિશ્ચય પરમ-આવશ્યક. નિશ્ચય જરૂરનું કાર્ય એ સ્વ ભગવાન આત્મા પૂર્ણાનંદ એના આશ્રયમાં જે લીનતા, શ્રદ્ધા, જ્ઞાન પ્રગટ થાય એ સ્વ-આત્માનું આચરણ, અનુષ્ઠાન, વર્તન કહેવામાં આવે છે. કહો, જેઠાભાઈ!

.... અપવાસ કરવા, વ્રત પાળવા, ઉના પાણી પીવા—એવું કાંઈ આવ્યું નહીં આમાં. આવ્યુંને. ઉના પાણી પીવા, વ્રત પાળવા એ બધો રાગ છે, એ આત્માનું અનુષ્ઠાન નહીં, એ આત્માનું આવશ્યક આચરણ નહીં, આત્માનું સ્વવશપણું એમાં નથી. એ રાગની ક્રિયામાં પરવશ થઈને કરે છે. જ્ઞાનીને રાગ હોય પણ એ એને વશ નથી. વશ છે ચૈતન્યના આનંદને તાબે. સમજાણું કાંઈ? એવો જે (૧) અભેદ, (૨) અનુપચાર, (૩) રત્નત્રયસ્વરૂપ, (૪) સ્વાત્માનુષ્ઠાન—આટલા વિશેષણ આપ્યા. આહાહા! આ દેહ, વાણીથી તો જુદું તત્ત્વ છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો વિકલ્પ રાગ છે, એનાથી પણ જુદું તત્ત્વ છે. એવો જે સ્વ-આત્મા એની અંતરની એકાગ્રતા, સ્વરૂપ સન્મુખની એકાગ્રતા, એનું નામ સમ્યગ્દર્શન,

જ્ઞાન ને ચારિત્ર, એનું નામ નિયમસાર, એનું નામ અભેદ રત્નત્રય, એનું નામ સ્વ-આત્મ-અનુષ્ઠાનરૂપી આચરણ. ભારે! છોટાભાઈ! આવું સ્વરૂપ છે આ.

આ દેહની ક્રિયા એ તો જડની છે, અંદરમાં પંચ મહાવ્રતના વિકલ્પ આદિ હો એ રાગની ક્રિયા છે, એ આત્માની નહીં. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો બધું લેશે હોં. સમ્યગ્દૃષ્ટિને આવશ્યક ક્રિયા કહેશે. સમ્યગ્દૃષ્ટિ, પંચમ ગુણસ્થાન, છઠ્ઠા—બધાને એના પ્રમાણમાં આવશ્યક ક્રિયા હોય છે. એ કહેશે હમણાં. કહે છે... આહાહા! આ તો મુનિની વાત મુખ્ય કરે છેને. એવા સ્વ-આત્મા પોતાનો ભગવાન જ્ઞાનનો પુંજ, અતીન્દ્રિય આનંદનો રસકંદ, નિજસ્વરૂપ જિનરાજ એવો જે સ્વ-આત્મા, એના અનુષ્ઠાન... સ્વ-આત્મા જિનરાજ એ દ્રવ્યસ્વભાવ, એનું અનુષ્ઠાન એ એની પર્યાય. આહાહા! શું કહે છે સમજાય છે કાંઈ? અનંત કાળમાં વીતરાગમાર્ગ એણે એક સેકંડ પણ ખરી રીતે સાંભળ્યો પણ નથી, (તો) એનું પરિણમન તો ક્યાંથી હોય?

કહે છે કે ભગવાન આત્મા... સ્વ-આત્માશ્રિત છેને. જેટલા વિકલ્પો ઉઠે ક્રિયાકાંડના, પંચમહાવ્રત, દયા, દાન, ભક્તિ, પૂજા, જાત્રા એ બધો તો રાગ છે, પુણ્યરાગ છે, વિભાવ છે, એને તાબે થઈને રહે એ તો મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? પણ જે પોતાનો ભગવાન... આવ્યું હતુંને, કાલ આપણે આવ્યું હતું. 'ઘટ ઘટ અંતર જિન વસે.. ઘટ ઘટ અંતર જિન વસે, ઘટ ઘટ અંતર જૈન..' એ દેહમાં પોતે ભગવાન જિનરાજ જ છે. આહાહા! જિનરાજ એનું સ્વરૂપ જ છે એ ઘટ ઘટ અંતર જિન વસે. અને ઘટ ઘટ અંતર જૈન એ આ. એ દ્રવ્યસ્વભાવ વીતરાગમૂર્તિ પ્રભુ અત્યારે એ છે હોં. એનો આશ્રય લઈને વીતરાગી નિર્વિકલ્પદશા જે પ્રગટ થાય તેને આત્માનું આચરણ ને સ્વ-અનુષ્ઠાન કહેવામાં આવે છે. જેઠાભાઈ! આમાં એવી કોઈ ઝીણી વાત નથી. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

એવા **સ્વાત્માનુષ્ઠાનમાં નિયત પરમાવશ્યક કર્મ...** આટલા શબ્દ વાપર્યા છે. પરમ આવશ્યક કર્મ, એ તો પરમ જરૂરિયાતની ધાર્મિક ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ? જેને અભેદ ઉપચાર વિનાનું રત્નત્રયસ્વરૂપ કહ્યું, એને જ સ્વ-આત્માનું અનુષ્ઠાન કહ્યું, એને જ નિશ્ચય પરમ-આવશ્યક કાર્ય કહ્યું. સમજાણું કાંઈ? આહાહા! સમ્યગ્દૃષ્ટિ પણ અંતરાત્મા છે. એ કહેશે હમણાં. એને બધાને નિશ્ચય, વ્યવહાર આવશ્યક ક્રિયા હોય છે. પ્રથમ ધર્મી જે સમ્યગ્દૃષ્ટિ એને પણ સમ્યગ્દર્શનમાં આશ્રય ને આધાર તો સ્વ-આત્મા છે. જિનરાજ વીતરાગસ્વરૂપ આત્માનું એ પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ વિનાની ચીજ એટલે કે અરાગી ચીજ છે. એ સમ્યગ્દર્શનમાં–સમ્યગ્દર્શનની પર્યાયમાં આશ્રય એનો છે. એના આશ્રય વિના સમ્યગ્દર્શન થાય નહીં. સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિને નિજ સ્વભાવનો જઘન્ય આશ્રય છે–થોડો આશ્રય છે. સમ્યગ્દર્શનમાં આશ્રય, આધાર તો આત્મા છે. પૂર્ણ સચ્ચિદાનંદ પ્રભુ એ જ સમ્યગ્દૃષ્ટિને... સમ્યગ્દર્શન એ પર્યાય છે. અહીં કહ્યુંને. આવશ્યક કર્મ કહો કે સમ્યગ્દર્શનરૂપી કાર્ય કહો. એ જરૂરનું કાર્ય સ્વદ્રવ્યને આશ્રયે પરિણમવું તે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મની શરૂઆતવાળાને પણ ભગવાન ચૈતન્ય જિનરાજ પ્રભુ એવો એનો ત્રિકાળી સ્વભાવ અવિનાશી એના આશ્રયમાં પરિણમવું એ પ્રતીત, એનું નામ સમ્યગ્દર્શન. તો સમ્યગ્દૃષ્ટિ જીવને પણ સ્વ-આત્માનો જ આશ્રય છે. એને પણ વ્યવહારનો આશ્રય નથી, વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? કહેશે આગળ. **નિશ્ચય-વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી રહિત હોય તે બહિરાત્મા છે**. એટલે સમ્યગ્દૃષ્ટિ પણ સહિત તો છે એમ જણાવશે. આહાહા!

ચાહે તો ગૃહસ્થાશ્રમમાં રહ્યો હો, ચક્રવર્તી હો, ૯૬ હજાર સ્ત્રી હો, પણ એ સમ્યગ્દૃષ્ટિ છે તેથી એને સમ્યગ્દર્શનની પર્યાયમાં આશ્રય ને આધાર તો આત્મા છે. એ વિકલ્પ જે આવે છે એને તાબે ને આધારે નથી. આહાહા! સમજાણું કાંઈ? ૯૬-૯૬ હજાર સ્ત્રી ચક્રવર્તી ભરતને, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામ (હતા). કે ના, એને કાંઈ નથી, એનામાં એ કાંઈ નથી. એના પ્રત્યેની જરી આસક્તિની વૃત્તિ ઉઠે છે એ પણ જ્ઞાનીના આત્મામાં–દ્રવ્ય-ગુણ-પર્યાયમાં નથી. આહાહા! ચંદુભાઈ! ભારે વાતું ભાઈ! જિનવરદેવની વાત. જગતને જિનધર્મ શું છે એ કાનેય પડ્યો નથી. એમને એમ માની બેઠો, આ ક્રિયા કરી ને આ કર્યું ને તે કર્યું, વ્રત, પાળ્યા, અપવાસ કર્યા, જાત્રાઓ કાઢી, ભક્તિઓ કરી, કરોડો ખર્ચ્યા. એ તો બધી રાગની ક્રિયાઓ શુભભાવની છે. એને તાબે થઈને કરે તો તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? જયંતિભાઈ! બહુ આવું ધર્મનું સ્વરૂપ ભારે. આહાહા! આવો આકરો ધર્મ હશે?

કહે છે કે એવું જે ભગવાન આત્માનું સ્વરૂપ જ્ઞાન ને આનંદનો પુંજ પ્રભુ એની એકાગ્રતા, એના સન્મુખનો આશ્રય લઈને લીનતા, તે સાચું પરમ આવશ્યક કાર્ય છે. આહાહા! જેઠાભાઈ! હવે આ ઉના પાણી પીવા ને... અરેરે! આહાહા! ભાઈ! તને ખબર નથી. આ કરું ને તે કરું એવી વૃત્તિ એ તો વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે એ રાગની દૃષ્ટિ ને રાગને તાબે થયો છે, એ ભલે પંચમહાવ્રત ને ૨૮ મૂળગુણ ને બાર વ્રત પાળતો હોય તો પણ એ વિકલ્પ છે અને વિકલ્પને તાબે-તાબે–વશ થઈ ગયો છે, એ અન્યવશ છે. સમજાણું કાંઈ? એ સ્વવશ નથી. આહાહા!

આવો જે **નિયત પરમાવશ્યક કર્મથી નિરંતર સંયુક્ત...** ભાષા એમ છે. આહાહા! ભગવાન આત્માને અંતર દૃષ્ટિ અને જ્ઞાન ને સ્થિરતામાં આશ્રય ભગવાન છે, તે નિરંતર છે કહે છે. કોઈ સમયે પણ મુનિને કે સમકિતીને રાગને તાબે થવું કે રાગ સંયુક્ત આત્મા છે એવું એને હોતું નથી. આહાહા! ભારે માર્ગ આવો ભાઈ! આ તો. આવું વીતરાગનું સ્વરૂપ હશે? તો

અત્યાર સુધી એમ કે કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, ભક્તિ-પૂજા કરવી, વ્રત પાળવા, ઉના પાણી પીવા. દયા-દાનનો ભાવ કરવો—એવું હતું અત્યાર સુધી. એ જયંતિભાઈ! ભગવાન! એ બધી ક્રિયાઓમાં રાગ થાય છે, એ તો શુભરાગ છે. એ આત્માનું કર્તવ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ? આત્માનું કર્તવ્ય તો સ્વ-આશ્રયે અનુષ્ઠાનમાં સ્થિર થવું તે કર્તવ્ય છે.

એવો જે **નિરંતર સંયુક્ત એવો**... શું કહે છે? રાગથી સંયુક્ત નથી. વ્યવહાર હોય છે એને. એ કહેશે. પણ એ વ્યવહાર સહિત નથી. એ વ્યવહાર રહિત છે અંદરમાં. આહાહા! સમજાણું કાંઈ? નિયત પરમ જરૂરિયાતનું કાર્ય કે આવશ્યક ક્રિયા... કર્મ કહો, કાર્ય કહો, ક્રિયા કહો, કર્તવ્ય કહો, પર્યાય કહો—એ બધું એક જ છે. આહાહા! સમજાણું કાંઈ? **નિરંતર સંયુક્ત એવો જે 'સ્વવશ' નામનો પરમ શ્રમણ...** આહાહા! એકલો ભગવાન આત્માને જ આશ્રયે, વશ થઈ ગયો છે એવો સ્વવશ... બીજી ભાષાએ સ્વવશ એને કહ્યો. એને અવશ પણ કહીએ. પરને તાબે નથી માટે અવશ છે, સ્વને તાબે છે માટે સ્વવશ છે. આહાહા! લોજીકથી તો વાત ચાલે છે હોં. નહીં? આમાં ગરબડ થાય એવું નથી. આહાહા! ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એને આશ્રયે જે ક્રિયા થાય, એ ક્રિયા (વાળા) મુનિને સ્વવશ કહ્યો છે. એને અવશ કહ્યો છે. અવશ એટલે પરને વશ નથી. સમજાણું કાંઈ?

એવો **પરમ શ્રમણ**... પહેલી ઉત્કૃષ્ટ વાત લીધી છે. **તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે...** તે સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે. એ બારમા ગુણસ્થાનની વ્યાખ્યા કરી છે. ઉત્કૃષ્ટ લીધી છેને પહેલી. એવો પરમ શ્રમણ સર્વોત્કૃષ્ટ અંતરાત્મા છે. **આ મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા...** એને તો અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-માન-માયા-લોભ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ-માન-માયા-લોભ અને સંજ્વલનના ક્રોધ-માન-માયા-લોભ—બધા સોળ કષાયનો અભાવ હોય છે. **ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને સ્થિત છે.** રાગનો ક્ષય કરી અને સ્વભાવમાં સર્વોત્કૃષ્ટપણે અંતર આત્મામાં લીન છે. એ અંતર-આત્મા ધર્માત્મા સર્વોત્કૃષ્ટ કહેવામાં આવે છે. ભાષા છે કે **મહાત્મા સોળ કષાયોના અભાવ દ્વારા ક્ષીણમોહપદવીને પ્રાપ્ત કરીને**... પોતે તે પર્યાયને વીતરાગભાવે પ્રાપ્ત કરી છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**અસંયત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે.** ઓલો ઉત્કૃષ્ટ અંતરાત્મા લીધો, હવે જઘન્ય. ચોથે ગુણસ્થાને અસંયત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય દરજ્જાનો-નીચલા દરજ્જાનો એ અંતરાત્મા છે. એને પણ નિશ્ચય-વ્યવહાર આવશ્યક હોય છે. કહેશે હજી એ. સમજાણું કાંઈ? ચોથા ગુણસ્થાનવાળો જઘન્ય અંતરાત્મા એને પણ નિશ્ચય આવશ્યક અને વ્યવહાર આવશ્યકનો વિકલ્પ એવો હોય છે. સમ્યગ્દર્શન છે એની સાથે સમ્યગ્જ્ઞાન છે, એની સાથે સ્વરૂપમાં આચરણની સ્થિરતાનો અંશ છે ચોથે. એ ત્રણે આત્માને આશ્રયે થયેલી ક્રિયા એ સ્વાત્માનુષ્ઠાન છે, એટલું નિશ્ચય આવશ્યક સમકિતીને પણ હોય છે. આહાહા! અહીં તો

સમ્યગ્દૃષ્ટિ એટલે દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને નવ તત્ત્વને માને એ સમ્યગ્દૃષ્ટિ લ્યો. આ અજ્ઞાનીના અર્થો. આપણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ માટે સમકિત છે. હવે, પરદ્રવ્યને માને એ તો વિકલ્પ છે, સાંભળને! દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા પણ રાગ છે. એ સમકિત નહીં, એ શ્રદ્ધા નહીં, સમજાણું કાંઈ?

પૂર્ણાનંદ પ્રભુ આત્મા સત્–શાશ્વત અવિનાશી ગુણનો ધરનાર પોતે અવિનાશી, એવા આનંદ ને જ્ઞાન આદિ અવિનાશી ગુણો એનો ધરનાર પ્રભુ, એને આશ્રયે સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભવમાં.. આહાહા! પ્રતીત થવી એને અહીંયા સમ્યગ્દર્શન સમકિતીની આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. છોટાભાઈ! બહુ ... એ છોટાભાઈ તો....... પહેલાં રામજીભાઈ અહીં આવ્યા હતા. કોણ આવ્યું હતું? પરિવર્તન કર્યું હતું ત્યારે વિનંતી કરી હતી એણે. હા, હા. હીરાભાઈમા મકાનમાં. સુરતથી આવ્યા હતા. ક્યાંક ગયા હતા... મહારાજ પધારો.. પધારો. ....... એ રામજીભાઈ તો ભૂલી ગયા હશે. આવ્યા હતા હીરાભાઈના મકાનમાં ૯૧-૯૨માં. પરિવર્તન કર્યું ત્યારે (કહ્યું), મહારાજ! પધારો. પરિવર્તન કર્યા પછી આવ્યા ત્યારે. પણ આ વાત એવી છેને બાપુ! આહાહા! આ તો કોઈ મહાભાગ્ય હોય એને આ કાને પડે એવી વાત છે. આહાહા! આ તો પરમાત્માના પેટની વાતું છે. આહાહા! નિજ નિધાન ખોલવાની વાતું છે. સમજાણું કાંઈ? આવું પરમ સત્ય કાને પડવું એ પૂર્વના પુણ્યનો યોગ હોય તો એને પડે, એવી વાત છે. આહાહા! નિજ નિધાનને સ્પર્શે એની તો શું વાત કરવી!

કહે છે કે ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ પોતે છે, એ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. (સચ્ચિદાનંદ એટલે) સત્ નામ શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન ને આનંદ નામ સુખ—એવું શાશ્વત એનું સ્વરૂપ છે. શાશ્વત વસ્તુ અને આનંદ ને જ્ઞાન (આદિ) બીજી અનંત શક્તિઓ એ બધી શાશ્વત છે એનામાં. એ શાશ્વત ચીજને આશ્રય કરીને જે પ્રતીત ને જ્ઞાન થાય, એને અહીંયા સમ્યગ્દૃષ્ટિનું આવશ્યક કાર્ય કહેવામાં આવે છે. આ પ્રથમમાં પ્રથમ જઘન્ય દરજ્જાનું છે. આહાહા! બાકી બધું મીંડા છે. આહાહા! એ વ્રત પાળે, ભક્તિ કરે ને પૂજા કરે, લાખો-કરોડો મંદિર બનાવે, કરોડો-અબજો રૂપિયા ખરચે (તો) ધૂળમાંય ન્યાં ધર્મ નથી. એ તો રાગની મંદતા હોય તો પુણ્ય છે. અને એને તાબે થઈ જાય અને દ્રવ્યસ્વભાવને છોડી દે દૃષ્ટિમાંથી, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે.

કેટલાક તો એમ કહે, એ બધું નિશ્ચય છે.. નિશ્ચય છે.. નિશ્ચય છે. એટલે શું? સાચું છે... સાચું છે.. સાચું છે, એમ. એને તો એમ કહેવું નથી. એ તો (કહે) એ નિશ્ચય છે.. નિશ્ચય છે.. નિશ્ચય છે. એટલે જાણે કાંઈ નહીં, એમ. વ્યવહાર કરવો અમારે, વ્યવહાર ક્યો કરવો? એ કહોને! અરે, સાંભળને! તારે વ્યવહાર ક્યાં હતો? જ્યાં ભગવાન ચિદાનંદપ્રભુની ભેટ થઈ નથી, અંતરનો આશ્રય લીધો નથી, એને વ્યવહાર કેવા? નિશ્ચય વિના વ્યવહાર કેવો?

સમજાણું કાંઈ? સ્વનો આશ્રય લીધો હોય અને સમ્યગ્દર્શન, જ્ઞાન ને અંશે સ્થિરતા હોય કે ઘણી સ્થિરતા હોય, એને આવો વિકલ્પનો ભાવ હોય છે એને વ્યવહાર કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર છે તો બંધનું કારણ. પણ એવો નિમિત્તરૂપે એને આવો વ્યવહાર હોય છે એવું જ્ઞાન કરાવવા નિશ્ચય સાથે વ્યવહાર જણાવવામાં આવે છે. સમજાણું કાંઈ?

**અસંયત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે**. જુઓ! છેલ્લો શબ્દ છેને પછી. **નિશ્ચય અને વ્યવહાર એ બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.** એનો અર્થ કે સમકિતી (એથી) સહિત છે. ભાઈ! છેને એમાં? સમજાણું કાંઈ? અરે! આવા શાસ્ત્રો રત્નથી ભરેલા છે એને વાંચવા નહીં, વિચારવા નહીં. અરેરે! આવો મનુષ્યદેહ પૂર્ણ થઈ જશે, ચાલ્યો જશે ભાઈ! અને ક્યાંય અવતાર ઠેકાણા નહીં એવા આવશે. એને આ આત્મા શું ચીજ છે, સિદ્ધાંતોને સાંભળવા નથી, નિશ્ચયના શાસ્ત્રો શું છે (એની ખબર નથી). કહે, એ નહીં.. નહીં.. નહીં. આહાહા! નિશ્ચય એટલે સાચું, નિશ્ચય એટલે સત્ય, નિશ્ચય એટલે જેમ છે તેમ. વ્યવહાર એટલે ખોટું, આરોપિત વાત. **व्यवहारो अभूदत्थो**.. વ્યવહાર તે અસત્ય છે ત્રિકાળીની અપેક્ષાએ. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે અસંયત સમ્યગ્દૃષ્ટિ નાના–હલકા દરજ્જાનો અંતરાત્મા છે. છે તો અંતરાત્મા, આહાહા! પણ હજી એને ત્રણ કષાયો બાકી છે. જોકે દૃષ્ટિથી તો એ કષાયથી મુક્ત છે, પણ ચારિત્રની અપેક્ષાએ ત્રણ કષાયો એને બાકી છે એથી એને જઘન્ય દરજ્જાનો અંતરાત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા! આ સમયસાર હવે વાંચવાનું છે એ ખબર પડી? હવે ખબર પડી. આજ પુરું કર્યું. કાલ સત્તરમી વાર શરૂ કરવાનું છે. સભામાં સોળ વાર થઈ ગયું છે સમયસાર. હવે બપોરે આવશે. રામજીભાઈ બપોરે આવ્યા નહોતા. ... રામજીભાઈની ખુરશી મૂકી હતી.... કહ્યું હતું કાલ. ...... અત્યારે શરૂ ન કર્યું, બપોરે કરશું સમયસાર. આહાહા!

એક-એક વાક્યમાં કેટલું ભર્યું છે અંદર! અસંયત એટલે કે અંદરમાં ત્રણ કષાયનો ભાવ છે. છતાં સમ્યગ્દૃષ્ટિ છે. ભગવાન આત્માને આશ્રયે અંતરમાં નિર્વિકલ્પ શ્રદ્ધા અનુભવમાં થઈ છે. આહાહા! 'આ આત્મા છે' એવી નિર્મળ શાંતિના વેદન સહિતની શ્રદ્ધા છે, આ આત્મા આખો શાંતિનો સાગર પૂરો છે. અતીન્દ્રિય આનંદનું આખું તત્ત્વ ને સત્ત્વ છે એવું સ્વ-આશ્રયે સ્વનું જ્ઞાન થઈને, સ્વ-આશ્રયની પ્રતીત થાય, એને ત્રણ કષાયના ભાવ હોવા છતાં અસંયત નાના દરજ્જાનો અંતરાત્મા–ધર્માત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? નાત એક છે કહે છે. બારમાવાળો ને ચોથાવાળો અંતરાત્મા બેય છે, ફક્ત દરજ્જાફેર છે. ....અંતરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**આ બેની મધ્યમાં...** બારમા ગુણસ્થાનવાળો, સોળ કષાયનો અભાવવાળો સર્વોત્કૃષ્ટ અંતરાત્મા (છે) કારણ કે હજી સાધક છે. કેવળજ્ઞાન થાય એટલે અંતરાત્મા નહીં, પછી પરમાત્મા થાય છે. સમજાણું કાંઈ? એ સોળ કષાયના અભાવવાળું, અંદર સ્વદ્રવ્યને આશ્રયે ઉત્કૃષ્ટ પરિણમન અંતરાત્માની અપેક્ષાનું છે, એ પણ હજી સાધક છે, તેથી એને અંતરાત્મા કહ્યો છે. અને ચોથે ગુણસ્થાને આસક્તિના ભાવની વિદ્યમાનતા હોવા છતાં–અસંયતભાવ હોવા છતાં, અંદરમાં દૃષ્ટિ અંતર આનંદના નાથની પ્રગટી છે, સ્વદ્રવ્ય આશ્રયે અનુભવ અને સમ્યગ્દર્શન છે તેથી તેને અસંયતભાવ હોવા છતાં, એ અસંયતભાવ છે માટે જઘન્ય કહ્યું, પણ હોવા છતાં આત્માનો આશ્રય છે માટે અંતરાત્મા કહ્યો. સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે. આ ભાષા વ્યાકરણ ને બહુ આકરા શબ્દ(વાળી) એવી કાંઈ ઝીણી નથી. આ તો સાદી.. સાદી.. વસ્તુ સાદી, ભાષા સાદી. આહાહા! સુમનભાઈ!

આ ચોથા અને બારમાની વચ્ચેના પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક... શ્રાવક એટલે આ વાડાવાળો શ્રાવક એ શ્રાવક નથી કાંઈ. અંતરમાં આત્માના આનંદનો આશ્રય લઈ અને જેને અંતર શાંતિ અને સમકિતદર્શન ઉપરાંત શાંતિ વિશેષ વધી છે અંદરમાં. ચોથા ગુણસ્થાનમાં જે શાંતિ અનંતાનુબંધીના અભાવની હતી એના કરતાં પાંચમા ગુણસ્થાનમાં બીજા કષાયના અભાવની શાંતિ એને વધેલી હોય અંદરમાં આનંદની, એને પંચમ ગુણસ્થાનવાળો શ્રાવક કહેવામાં આવે છે. આહાહા! આ તો માર્ગ આ છે ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્માના મુખમાંથી આ વાત આવી છે. વસ્તુ આ છે. સમજાણું કાંઈ? આ કોઈ પક્ષ ને વાડાની વાત નથી. આ તો વસ્તુની વાત છે.

કહે છે કે આ બેની એટલે જઘન્ય આત્મા સમ્યગ્દૃષ્ટિ અને મધ્યમ અંતરાત્મા પાંચમેથી અગિયાર સુધી (અને) બારમે સર્વોત્કૃષ્ટ. પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણનો આશ્રય તો ચોથે ગુણસ્થાને હતો, આ ત્રણનો આશ્રય દ્રવ્ય (છે જ), પણ પાંચમા ગુણસ્થાને શાંતિની વૃદ્ધિ થઈ એ શાંતિનો આશ્રય (પણ) દ્રવ્ય છે. ઉગ્ર આશ્રય લીધો ત્યારે તેને પંચમ ગુણસ્થાનની શાંતિ.. શાંતિ.. શાંતિ કે જે સર્વાર્થસિદ્ધના એકાવતારી સમકિતી દેવ હોય એના કરતાં પણ પંચમ ગુણસ્થાનવાળાની શાંતિ વૃદ્ધિ પામી ગઈ છે. કહો, સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિતી સર્વાર્થસિદ્ધિના દેવ (કે જે) એક જ ભવ કરીને મુક્તિ જનારા છે એના કરતાં (વિશેષ) શ્રાવક એને કહીએ કે જેને અંતરમાં બે કષાયનો અભાવ થઈ અને સમ્યગ્દર્શન સહિત શાંતિ પ્રગટી છે. 'પ્રશાંતિ અનંત સુધામય જે..' શ્રીમદ્‌માં આવે છે, છેલ્લું વાક્ય આવે છે. પ્રશાંત નહીં, પણ પ્રશાંતિ આવ્યું છે એમાં. જરા જોયું ભાઈએ સામું. એનું નામ પ્રશાંત છે અને ઓલામાં પ્રશાંતિ છે. એને ફોટામાં જોવાનું કહ્યું. ... ફોટામાં શું નવું હશે? જોજે. તારું નામ છે પ્રશાંતિ? કે ના પ્રશાંત છે. ફોટો નથી આમ.... આહાહા!

પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક એવો હોય કે જેને અંતર આત્મા પૂર્ણાનંદનું પ્રભુ સ્વરૂપ એના આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિની વૃદ્ધિ ચોથા ગુણસ્થાન કરતાં વધારે થઈ છે. એ નિશ્ચય આવશ્યક છે એને. ચોથા ગુણસ્થાનનું નિશ્ચય આવશ્યક સમ્યગ્દર્શન, જ્ઞાન ને સ્વરૂપાચરણની સ્થિરતા એ એનું નિશ્ચય આવશ્યક છે. અને એની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ ને પૂજાનો, વિનય આદિનો ભાવ હોય, એ શુભભાવ, એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? બેય આવશ્યક ચોથે ગુણસ્થાને પણ હોય, નિશ્ચય અને વ્યવહાર. પાંચમે પણ બેય હોય જેઠાભાઈ! ... અપવાસ-બપવાસ કરતા અને પાંચમું ગુણસ્થાન માનતા હશે ત્યારે. પણ માનતા હતા કે નહીં તે દિ'? શ્રાવક નથી માનતા? શ્રાવક .... ક્રિયા કરીએ છીએ. અપવાસ કરીએ, ઉપધાન કરીએ છીએ. એ તો હવે સમકિત વિનાનું, પણ તે દિ' ક્યાં હતું?

અમે એમ બધા માનતા હતાને ન્યાં પાલેજમાં દુકાને. ..... પર્યુષણ આવે એટલે પડિકમણા કરીએ, આઠ દિ'માં ચાર અપવાસ કરીએ હોં, ચોવિહારા અપવાસ. તે દિ' ૬૪-૬૫-૬૬ની સાલ. દુકાન ઉપર (હતા ત્યારથી) જાવજીવનો ચોવિહાર. ....નહીં. આહાર-પાણી નહીં. તે દિ'થી કરીએ છીએ. અને પર્યુષણમાં અપવાસ ચાર. આઠ દિવસમાં ચાર કરીએ. એ ચોવિહારા હોં, પાણી-બાણી નહીં. પછી સાંજે કરીએ પડિકમણા. પૂરું થાય એટલે પછી રેકોર્ડિંગ વાગે, ભજન કરીએ, લ્યો. એ થઈ ગયા શ્રાવક.

શ્રોતા : આઠ દિવસમાં ચાર ઉપવાસ ને ચાર એકાસણા.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ચાર એક-એક જુદા અપવાસ એમ. એક-એક એમ. ચાર એક સાથે કોણ કરે? પહેલો ઉપવાસ, પછી પારણું, પછી એક ઉપવાસ એમ બે દિવસે એકસાથે ખાવું. એમ ચાર. આ તો સાંઈઠ વર્ષ પહેલાની વાત છે હોં, સાંઈઠ વર્ષ પહેલાની. બધું માનતા કે આપણે હવે ધર્મ કર્યો લ્યો. આહા!

ધર્મ તો, આ આત્માનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એને ધર્મ કહેવાય છે. આ ક્રિયાને તો પુણ્ય કહેવાય છે રાગ. આહાહા! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્મા સો ઇન્દ્રોના પૂજ્ય એનું આ સ્વરૂપ છે, એનો આ માર્ગ છે. કોઈ આલીદુઆલીનો નથી, રાંકાનો નથી. મોટા રાજા-બાદશાહ કેવળી... આહાહા! જેને સ્વરાજ્ય પૂર્ણ પ્રગટ થઈ ગયું છે. આ બધા સ્વરાજ્ય-બરાજની વાતું કરે એ મૂઢતા છે. રાજ કે દિ' હતા પરમાં? આહાહા! અહીં ઓલું મધ્યમ આવ્યુંને પાંચમું ગુણસ્થાન, એ અંતરાત્મા છે. એને અંતર દ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિની વૃદ્ધિ થઈ છે... આહાહા! એ નિશ્ચય આવશ્યક છે અને ઓલા બાર વ્રતના વિકલ્પ આદિ, ભક્તિ, પૂજા આદિ હોય એ રાગ છે, એને વ્યવહાર આવશ્યક કહેવાય છે. એ તો શ્રાવકને હોય છેને છ આવશ્યક. દેવસેવા, ગુરુભક્તિ... હા, એ છ. એ વિકલ્પ છે–રાગ છે. એ વ્યવહાર આવશ્યક કહેવાય અને આત્માને આશ્રયે જે સ્થિરતા દૃષ્ટિ

આદિ થઈ એ નિશ્ચય આવશ્યક કહેવાય. દેહની ક્રિયા આદિ વ્યવહાર નહીં, નિશ્ચય નહીં. એ તો જડની ક્રિયા છે. સમજાણું કાંઈ?

ભગવાનની પૂજા વખતે કહેને સ્વાહા, ઓમ... આ.. એ તો દેહની ક્રિયા, વાણીની ક્રિયા છે. એ નહીં. અંદરમાં ઓલો વિકલ્પ જે હોય શુભ એને વ્યવહાર કહેવો, ક્યારે? કે એનાથી ભિન્ન પડીને નિશ્ચયનો આશ્રય લઈને સ્થિરતા થઈ છે એને. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ ભારે ભાઈ! જવાબદારી મોટી પણ આને.... આ બધા શ્રાવક થઈ ગયા. સામાયિક કરે ને પોષા કરે, પડિકમણા કરે, થઈ ગયા સામાયિક. બાપુ! એવી તો અનંતી વાર ક્રિયા કરી, અનંતવાર ક્રિયા કરી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો..' ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ.. આહાહા! એ કોણ છે, ક્યાં છે, કેમ છે—એની ખબરું નથી અને એને ધર્મ થઈ ગયા. સમજાણું કાંઈ? જાદવજીભાઈ! આ બધા શેઠીયાઓ ધર્મ કરતા ન્યાં કલકત્તામાં. વજુભાઈ!

**બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ**... તે સર્વે મધ્યમ **અંતરાત્મા છે.** પાંચમાવાળો છે, છઠ્ઠાવાળો અંતરાત્મા હોય છે, મુનિ અંતરાત્મા એના આત્માને આશ્રયે નિર્વિકલ્પ અનુભવ સમ્યગ્દર્શન, આત્માનું સમ્યક્-જ્ઞાન અને સ્વરૂપની સમ્યક્-ચારિત્ર–સ્થિરતા–રમણતા સ્વદ્રવ્યને આશ્રયે (થાય) એનું નામ આવશ્યક, નિશ્ચય ક્રિયા–કર્મ–કાર્ય કહેવામાં આવે છે. એવા નિશ્ચય આવશ્યક સહિત જીવને પંચમહાવ્રતના વિકલ્પ ઉઠે પાંચ સમિતિ, ગુપ્તિ આદિનો, એ વિકલ્પને વ્યવહાર આવશ્યક ક્રિયા કહેવાય છે. વ્યવહાર એટલે અભૂતાર્થ–અસત્યાર્થ ક્રિયા, ઓલી સત્યાર્થ ક્રિયા. પણ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! બેય નાખ્યું છે આમાં. બેય નાખ્યું છે.

**બેની મધ્યમાં રહેલા સર્વે મધ્યમ અંતરાત્મા**... પાંચમાવાળો, છઠ્ઠાવાળો, સાતમાવાળો, .... અગિયાર સુધી, બારમું સર્વોત્કૃષ્ટ અંતરાત્મા એની આની કોર. **નિશ્ચય-વ્યવહાર બે નયોથી પ્રણીત...** જુઓ! અસંયત છે. મુનિરાજને ખુલાસો આ કરવો છે. ઓલું આવશ્યક મુનિપણાનું ન હોય અને મિથ્યાદૃષ્ટિ હોય, એમ નહીં. મુનિપણાને યોગ્ય નિશ્ચય આવશ્યક ન હોય, પણ સમ્યગ્દર્શન ને પાંચમાવાળા જેટલું એનું આવશ્યક ક્રિયા હોય એ અંતરાત્મા છે. નહીંતર બહિરાત્મા થઈ જાય પાછો. સમજાણું કાંઈ? મુનિપણાને યોગ્ય જે સ્વ-આશ્રયની ક્રિયા છે એ જ અંતરાત્મા હોય, તો પછી એની ક્રિયા જ્યાં નથી એને બહિરાત્મા કહેવાય. એ માટે આ ખુલાસો કરવો પડ્યો છે. સમજાણું કાંઈ?

પાઠમાં તો આમ છે, **आवासयपरिहीणो समणो...** આસક્તિહીન તે બહિરાત્મા છે. આવા આવશ્યકથી હીન.. આવા આવશ્યકથી હીન તો પાંચમા ને ચોથાવાળો પણ છે, પણ એ બહિરાત્મા નથી. એ માટે ખુલાસો કરવો પડ્યો ટીકાકારને. સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે! વીતરાગનું સ્વરૂપ પરમાત્મા આમ કહેતા હશે? તો બધાએ અત્યાર સુધી ગાળ્યું શું? એક

શેત્રુંજયની જાત્રા કરો, જાઓ કલ્યાણ, સમ્મેદશિખર જાઓ.. 'એકવાર વંદે જો કોઈ નરકપશુ ન હોઈ..' આવે છેને કાંઈ. નરક-પશુ ગતિ ન હોય એમાં દાળિયા શું થયા? એકાદ ભવમાં નરક-પશુ ન જાય, પણ પાછા જવાના ન્યાં ને ન્યાં. સમ્મેદશિખરની જાત્રા એ શુભરાગ છે. એમાં ક્યાં ધર્મ આવી ગયો? લાખ વાર જાત્રા કરેને સમ્મેદશિખરની. ભીખાભાઈ! આરે ભારે!

એકવાર કરે તો નરક-પશુ જાય નહીં અને બે વાર કરે તો ચાર ગતિ જાય નહીં, એમ હશે? એમ આવે છે, સ્તવનમાં આવે છે. 'એકવાર વંદે જો કોઈ, નરકપશુગતિ ન હોઈ.' રાજી-રાજી થઈ જાય અંદર. એ તો એવો શુભભાવ હોય ઘણો, તો એને નરકપશુ એ ભવમાં ન થાય. પણ ભગવાન આત્મા સમ્મેદશિખર અનંત ગુણનો પિંડ પ્રભુ એમાં આરૂઢ થઈને એકાગ્ર ન થાય, એના એકેય ભવ ઘટે નહીં, (પછી ભલે) લાખ વાર સમ્મેદશિખરની જાત્રા કરે ને શેત્રુંજયની કરે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ચોથાવાળો પણ અંતરાત્મા, પાંચમાવાળો મધ્યમ અંતરાત્મા, છઠ્ઠાવાળો પણ મધ્યમ અંતરાત્મા. સ્થિરતાના અંશમાં ફેર છેને. છતાં નાખ્યા બધાને મધ્યમમાં. પાંચમા ગુણસ્થાનવાળાને આત્માને આશ્રયે શાંતિ છે એટલો નિશ્ચય આવશ્યક છે. છઠ્ઠાને પણ આત્માને આશ્રયે જેટલી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટી છે એટલો નિશ્ચય આવશ્યક છે અને છે એ મધ્યમ. પાંચમાવાળોય મધ્યમ ને છઠ્ઠાવાળોય મધ્યમ. છઠ્ઠા ગુણસ્થાનવાળાને દ્રવ્યને આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યા છે એ નિશ્ચય આવશ્યક છે. પંચમહાવ્રત ને ભગવાનની ભક્તિ આદિનો વિકલ્પ હોય એ વ્યવહાર છે. એ મુનિને તો બહારમાં શરીરની અવસ્થા નગ્નદશા થઈ જાય છે. સમજાણું કાંઈ?

શ્રાવક છે, હજારો રાણી હોય, પંચમ ગુણસ્થાનમાં હોય, તોય મધ્યમ અંતરાત્મા છે. મુનિ બધું છોડી, રાગાદિ ઘટાડી છઠ્ઠે ગુણસ્થાને આવે, તોપણ હજી ઉત્કૃષ્ટ દશા નથી, જઘન્યથી ઓળંગી ગયો માટે મધ્યમમાં નાખ્યા છે. સમજાણું કાંઈ? એને નિશ્ચય ને વ્યવહાર બેય આવશ્યક હોય છે. સમજાણું કાંઈ? એ વ્યવહારના સ્થાનમાં વિકલ્પ હોય છે, પણ એ છે બંધનું કારણ. પણ નીચલી દશામાં એવી તદ્દન વીતરાગદશા ન હોય, એથી એવો વિકલ્પ વ્યવહારનો આવ્યા વિના રહે નહીં, (પણ) જાણવાલાયક છે. આહાહા! હજી વાસ્તવિક સ્વરૂપ શું છે એ એને સાંભળવા મળે નહીં, સમજે નહીં, એને ધર્મ કે દિ' થાય? જિંદગી ચાલી જાય એમને એમ અવતાર. આહાહા!

એ છઠ્ઠે ગુણસ્થાને... સાતમે લ્યો. સાતમા પછી ધ્યાનમાં છે એ. સાતમા ગુણસ્થાનવાળા મુનિ જે સાચા હોય, સંત સાચા હોય, સ્વદ્રવ્યના આશ્રયે અનુભવ દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર પ્રગટ્યા હોય, એને વિકલ્પ પંચમહાવ્રતનો હોય, એ નિશ્ચય-વ્યવહાર. છૂટીને સાતમામાં જાય નિશ્ચયમાં અંતર નિર્વિકલ્પ આનંદમાં. છઠ્ઠા પછી અંતર્મુહૂર્તે તરત જ આનંદમાં જાય, છતાં

એને મધ્યમ અંતરાત્મા (કહે છે). કેમકે અબુદ્ધિપૂર્વકનો રાગ રહ્યો છે. સમજાણું કાંઈ? એમ આઠમે શ્રેણી માંડે ધ્યાનની. શ્રેણી અર્થાત્ સ્થિરતા. પણ હજી અબુદ્ધિપૂર્વક રાગ રહ્યો છે એટલે એને મધ્યમ અંતરાત્મા (કહે છે). એમ નવ, દસ ને અગિયાર. અગિયારમાં રાગ નથી જરીએ, પણ સત્તામાં પડ્યું છેને એને. અભાવ થયો નથી એટલે એને મધ્યમ અંતરાત્મામાં નાખ્યો. સમજાણું કાંઈ?

ઉત્કૃષ્ટ અંતરાત્મા જેને સોળ કષાય ટળીને વીતરાગદશા થઈ છે એ ઉત્કૃષ્ટ સાધક છે. અગિયારમે કષાયનો અંશ જરીએ નથી, પણ પડ્યા છેને તાબે. અંદર હજી પડ્યા છે એટલી મોળપ છેને. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ રહ્યો એટલી અહીં મોળપ છે. ભલે સત્તામાં રહ્યા એટલે મોળપ–મોળી છેને પર્યાય એટલે એને મધ્યમ અંતરાત્મામાં (ગણ્યા). વ્યવહાર-ફ્યવહાર... એ નય છે હજી, એ વ્યવહારનય છે, પણ એને અબુદ્ધિપૂર્વક છે. અપૂર્ણતા છેને. એ વ્યવહારનયનો વિષય છે. બહારની અપૂર્ણતા છેને જ્ઞાન, દર્શન, આનંદની અપૂર્ણતા, એ બધો વ્યવહારનયનો વિષય છે. બારમા સુધી વ્યવહાર લેશે. થોડુંક લાંબુ....

**બે નયોથી પ્રણીત પરમ આવશ્યક ક્રિયા...** જુઓ! અહીં ક્રિયા કીધી. **તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે.** જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટને જે આવશ્યક ક્રિયા જે નિશ્ચય ને વ્યવહારની કીધી, એવું નિશ્ચયનું જેને નથી એ તો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. ચાહે તો જૈનનો સાધુ પંચમહાવ્રત, નગ્નપણું લઈને ફરે અને ક્રિયા કરે, પણ એ નિશ્ચયના ભાન વિના એકલી ક્રિયાકાંડમાં તાબે થયેલા મિથ્યાદૃષ્ટિ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૬, સોમવાર, તા. ૮-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૪૯, શ્લોક - ૨૫૮, પ્રવચન નં. ૧૭૨ (હિન્દી)**

નિયમસાર સિદ્ધાંત ચલતા હૈ. નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર), ૧૪૯ ગાથા. ટીકા પુરી હુઈ ટીકા. આખિરનો શ્લોક છે, જુઓ! કાલે વિસ્તાર કર્યો હતો થોડો.

**નિશ્ચય ઔર વ્યવહાર ઇન દો નયોંસે પ્રણીત જો પરમ આવશ્યક ક્રિયા ઉસસે જો રહિત વહ બહિરાત્મા હૈ.** આયા ઉસમેં? દેખો! બતાવોને. .... ક્યા કહતે હૈં? દેખો! જો કોઈ આત્મા અપને સ્વરૂપમેં સોલહ કષાયસે રહિત અંતરાત્મદશા–(પૂર્ણ) વીતરાગભાવ (પ્રગટ કરે), ઉસકો ઉત્કૃષ્ટ અંતરાત્મા કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સોલહ કષાયકા અભાવ, બારહવાં ગુણસ્થાન.. અંતરાત્માની વ્યાખ્યા છેને. ઉસકા અભાવ ઔર વીતરાગભાવ વહ નિશ્ચય આવશ્યક હૈ. ઉસકો ભી વ્યવહાર હૈ. બારહવેં ગુણસ્થાનમેં ભી અલ્પ જ્ઞાનાદિ હૈ વહ વ્યવહાર હૈ. નિશ્ચય ને વ્યવહાર આવશ્યક દોનોં હી ઉસકો હૈ. યે ઉત્કૃષ્ટ (અંતરાત્મા) કહા. જઘન્ય, અસંયત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા હૈ. અસંયત સમ્યગ્દૃષ્ટિ જિસકો આસક્તિ દૂર નહીં હુઈ હૈ, પણ જિસકો આત્માકા સમ્યગ્દર્શન હુઆ હૈ, આત્મા શુદ્ધ ચૈતન્ય હૂં, આનંદ હૂં— ઐસી સ્વકે આશ્રયસે પ્રતીત અનુભવમેં હુઈ હૈ, ઉસકા નામ સમ્યગ્દૃષ્ટિ અસંયતી કહતે હૈં. અકેલી ક્રિયાકાંડ રાગાદિ કરે વહ સમ્યગ્દૃષ્ટિ નહીં. સમજમેં આયા? ક્યોંકિ સમ્યગ્દૃષ્ટિકો ભી નિશ્ચય-વ્યવહાર દો નયોંસે પ્રણીત પરમ-આવશ્યક ક્રિયા હૈ. ઉસસે રહિત હૈ વહ બહિરાત્મા હૈ. સમજમેં આયા?

સમ્યગ્દૃષ્ટિ ચૌથે ગુણસ્થાનમેં હૈ અવિરતિ, હૈ અસંયમ, પણ અંતર આનંદસ્વરૂપકા ભાન હૈ (કિ) મૈં તો શુદ્ધ આનંદકંદ હૂં, રાગકા વિકલ્પ હૈ વહ ભી મેરી ક્રિયા નહીં. સમજમેં આયા? હોતી હૈ, પણ વહ મૈં નહીં. શરીરકી ક્રિયાયેં મૈં નહીં. મૈં તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાન આનંદકંદ હૂં ઐસા અનુભવમેં પ્રતીત હુઈ તો રાગસે વિરક્ત દૃષ્ટિ ઉસકી હુઈ. સમ્યગ્દૃષ્ટિ અસંયમી હૈ, પણ વહ હૈ અંતરાત્મા. ક્યોંકિ ઉસને સ્વદ્રવ્યકે આશ્રયસે સમ્યગ્દર્શન-જ્ઞાન ઔર સ્વરૂપકી સ્થિરતાકા અંશ (ઐસા) નિશ્ચય આવશ્યક પ્રગટ કિયા હૈ ઔર ઉસકે યોગ્ય વ્યવહાર હોતા હૈ ઉસકો. સમજમેં આયા? ઉસકો ભી ભક્તિ-પૂજા આદિકા વિકલ્પ હોતા હૈ, વહ વ્યવહાર હૈ. તો ચૌથે ગુણસ્થાનમેં ભી નિશ્ચય આવશ્યક અને વ્યવહાર આવશ્યક દોનોં હોતા હૈ. સમજમેં આયા?

સમ્યગ્દૃષ્ટિ ઐસે નહીં કહા કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા કી ઔર દેવ-ગુરુ-શાસ્ત્રકી ભક્તિ-પૂજા કરતે હૈં તો સમ્યગ્દૃષ્ટિ હૈ. ઐસા નહીં. સમજમેં આયા? હૈ ન, દેખો! નિશ્ચય-વ્યવહાર દો નયોંસે પ્રણીત આવશ્યક ક્રિયાસે રહિત વહ તો બહિરાત્મા હૈ. સમજમેં આયા? ભીખાભાઈ!

તો ઉસકા અર્થ ક્યા હુઆ? ઉસકા અર્થ ક્યા હુઆ? કિ સમ્યગ્દૃષ્ટિ હૈ ઉસકો નિશ્ચય આવશ્યક ભી હૈ ઉસકી ભૂમિકાકે પ્રમાણમેં ઔર વ્યવહાર વિકલ્પ ભી હૈ. સમજમેં આયા? યે સમ્યગ્દૃષ્ટિ જઘન્ય–નીચલે દરજ્જેકા અંતરાત્મા હૈ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા રાગપરિણામ હૈ અકેલા રાગ, ઉસમેં જો એકત્વબુદ્ધિ હૈ વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. જિસકો વ્યવહારાભાસ (અર્થાત્) અકેલી રાગકી ક્રિયા હૈ, ઉસકો તો નિશ્ચય ને વ્યવહાર એક ભી હૈ નહીં. સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ.

આત્મા શુદ્ધ વીતરાગમૂર્તિ જ્ઞાયકભાવ ઉસકી દૃષ્ટિ, અંતર્મુખ હોકર નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ઔર સ્વરૂપકા અંશકી સ્થિરતા હુઈ હૈ, ઉસકો આસક્તિભાવ–અસંયમભાવ દૂર નહીં હુઆ, પણ વહ અસંયમભાવમેં જિતના રાગભાવ હૈ શુભ દયા-વ્રત આદિકા, ઉસે વ્રત ન હો, (પણ) દયા, દાન, પૂજા, ભક્તિ હૈ ઇતનેકો વ્યવહાર કહતે હૈં ઔર જિતના અપને આત્માકે આશ્રય સમ્યક્-અનુભવ દર્શન-જ્ઞાન-ચારિત્ર હુઆ અંશમેં, ઉસકો નિશ્ચય આવશ્યક કહતે હૈં. સમજમેં આયા? નિશ્ચય ન હો અને અકેલા વ્યવહાર હો તો તો મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ. સમજમેં આયા? જૈનદર્શન સૂક્ષ્મ હૈ. ઐસે જૈનદર્શન.. જૈનદર્શન કહતે હૈં, (પણ) યે બાત તો અલૌકિક, ઉસકા મૂલ્ય અલૌકિક હૈ. આહાહા! કહતે હૈં કિ સમ્યગ્દૃષ્ટિ અસંયતી જઘન્ય દરજ્જાવાલા ઉસકો ભી દો નયોંસે પ્રણીત પરમ આવશ્યક ક્રિયા હૈ. સમજમેં આયા? અને નિશ્ચય ને વ્યવહાર દોનોં ન હો (ઔર) અકેલા વ્યવહાર હો વહ તો મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ. સમજમેં આયા?

પીછે પંચમ ગુણસ્થાન. યે જઘન્ય અંતરાત્મા કહા. પંચમ ગુણસ્થાનવાલા શ્રાવક મધ્યમ અંતરાત્મા હૈ. વાડાવાળાની વાત નથી, વસ્તુકી સ્થિતિ હૈ. ઐસી બાત હૈ ભગવાન! આત્મા આનંદસ્વરૂપકા જિસકો અનુભવ હુઆ હૈ ઔર ઉસમેં શાંતિ ભી જરી, દૂસરે કષાયકા (અભાવ) કરકે અકષાયભાવ–શાંતિ ભી વિશેષ વૃદ્ધિ હુઈ હૈ, શાંતિ–અકષાય પરિણામ. ઐસા સમ્યગ્દર્શનપૂર્વક, સ્વકા આશ્રયપૂર્વક, સ્વકે આશ્રયમેં સ્થિરતા ભી થોડી ઉત્પન્ન હુઈ હૈ, વહ નિશ્ચય-આવશ્યક પંચમ ગુણસ્થાનકા હૈ. સમજમેં આયા? યે સચ્ચા આવશ્યક હૈ ઔર ઉસકે સાથમેં બાર વ્રતકા વિકલ્પ, ભક્તિ-પૂજાકા વિકલ્પ–રાગ ઉત્પન્ન હોતા હૈ ઉસકો વ્યવહાર કહતે હૈં. સમજમેં આયા? અકેલા વ્યવહાર નહીં હોતા, વૈસે પૂર્ણતા ન હો વહાં એકલા નિશ્ચય નહીં હોતા. પંડિતજી! આવો પાઠ છે. (શ્રોતા : દોનોં સાથ ચલતે હૈં). દોનોં સાથ ચલતે હૈં. આહાહા! સમજમેં આયા?

અકેલા દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિકા ભાવ વહ તો રાગ હૈ. રાગક્રિયા મેરી હૈ વહ તો રાગમેં એકત્વ હૈ, વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. રાગસે પૃથક્ હુઆ ઔર અપને સ્વભાવકા આશ્રય લેકર સમ્યગ્દર્શન ઔર શાંતિકી ઉત્પત્તિ વિશેષ-અંશમેં બઢી હો ઉસકા નામ પંચમ

ગુણસ્થાનકી નિશ્ચય–સચ્ચી આવશ્યક ક્રિયા કહનેમેં આતી હૈ. સમજમેં આયા? ઔર ઉસકે સાથ બાર વ્રત આદિકા વિકલ્પ આતા હૈ, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા રાગ હૈ, વહ વ્યવહાર હૈ. યે પંચમગુણસ્થાન મધ્યમ અંતરાત્માકી દશા હૈ. મધ્યમમેં પહલી નંબરકી. પહલે નંબરકી યાની નીચેકે દરજ્જેકી. છઠ્ઠા ગુણસ્થાન... આયા ન? દેખો! મધ્યમ અંતરાત્મા–સર્વ મધ્યમ અંતરાત્મા. પંચમ ગુણસ્થાનસે અગિયારવેં ગુણસ્થાન તક મધ્યમ અંતરાત્મા. જુઓ! આયા હૈ ઉસમેં.

**ઇન દોકે મધ્યમેં સ્થિત સર્વ મધ્યમ અંતરાત્મા હૈં**. બહુ સરસ વાત કહી છે. પાઠમાં તો, આવશ્યક સહિત તે અંતરાત્મા, આવશ્યક રહિત તે બહિરાત્મા—ઇતના પાઠ હૈ, પણ ઉસમેંસે યે નિકાલા. સાધુ હૈ સચ્ચા, અપને દ્રવ્યકે આશ્રયસે પ્રચૂર સ્વસંવેદન ઉસકો હુઆ હૈ, આનંદકી શાંતિ આદિકા વેદન હુઆ હૈ, વહ આવશ્યક ક્રિયા–જરૂરકા સ્વવશકા કાર્ય વહ નિશ્ચય ઔર ઉસમેં મુનિકો પંચમહાવ્રતકા પરિણામ આદિ આતા હૈ, છઠવે ગુણસ્થાનમેં મધ્યમ અંતરાત્મા. પંચ મહાવ્રત, ૨૮ મૂલગુણ વિકલ્પ વહ વ્યવહાર. અકેલા પંચમહાવ્રતકા વિકલ્પ ને ૨૮ મૂળગુણકા વિકલ્પ હૈ ઔર ઉસસે રહિત અપની અનુભવકી દૃષ્ટિ નહીં, વહ તો બહિરાત્મા હૈ. સમજમેં આયા? આવો માર્ગ છે. ચૌથે ગુણસ્થાનમેં જઘન્ય આત્મા હોને પર ભી સ્વકે આશ્રયસે અનુભવ દૃષ્ટિ આદિ હૈ વહ નિશ્ચય આવશ્યક હૈ ઔર ભક્તિ આદિકા પરિણામ હૈ વહ વ્યવહાર હૈ. નિશ્ચય મુક્તિકા કારણ હૈ, વ્યવહાર વહ બંધકા કારણ હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસે પંચમ ગુણસ્થાનમેં શુદ્ધ આનંદસ્વરૂપકે આશ્રયસે જિતની નિર્મલતા, વીતરાગતા, અવિકલ્પતા–નિર્વિકલ્પતા પ્રગટી હૈ, ઇતના તો સચ્ચા આવશ્યક પંચમ ગુણસ્થાનમેં કહનેમેં આતા હૈ, ઉસકે સાથ બાર વ્રતકા વિકલ્પ આદિ હૈ વહ વ્યવહાર હૈ. નિશ્ચય નહીં ને અકેલા વ્યવહાર હૈ વહ તો મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? ઐસે છઠવેં ગુણસ્થાનમેં સ્વકે આશ્રયસે આનંદ ઔર શાંતિકી વૃદ્ધિ હુઈ હૈ, પંચમ ગુણસ્થાનસે ભી વિશેષ હૈ, પણ વહ મધ્યમ અંતરાત્મા હૈ, વહ બારહવાં ગુણસ્થાનવાલા ઉત્કૃષ્ટ (અંતરાત્મા) નહીં. ઐસા હોને પર ભી સ્વરૂપકી અંતર નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન ઔર સ્વરૂપમેં લીનતાકી વીતરાગતા જિતની પ્રગટ હુઈ ઉતના સચ્ચા–નિશ્ચય આવશ્યક કહતે હૈં ઔર પૂર્ણતા નહીં હૈ તો વહાં પંચમહાવ્રતકા રાગ આદિ આતા હૈ વહ વ્યવહાર હૈ. અકેલા વ્યવહાર નહીં હોતા, ઐસે અકેલા નિશ્ચય મધ્યમ અંતરાત્મામેં નહીં હોતા. મધ્યમ અંતરાત્મામેં ભી નિશ્ચય-વ્યવહાર દોનોં હી હૈ. સમજમેં આયા?

ઉત્કૃષ્ટ અંતરાત્મા બારહવાં ગુણસ્થાનકા, તો ભી ઉસકો અભી વ્યવહારનયકા વિષય હૈ. સમજમેં આયા? દોનોં નય વહાં હૈં, ઐસે ચૌથે ગુણસ્થાનમેં ભી દોનોં નય હૈં. આહાહા!

પંચમમેં ભી દોનોં હૈં, છઠ્ઠેમેં દોનોં, બારહવે તક દોનોં હૈં. સમજમેં આયા? તો છઠ્ઠા ગુણસ્થાન(વર્તી) મુનિ સચ્ચા જૈનદર્શનકા કિ વસ્તુકા સ્વભાવકા... જૈનદર્શન કહો કિ વસ્તુકા સ્વભાવ કહો.

યે જૈનદર્શન... 'જિન સો હી આત્મા..' જિનરાજ હી આત્મા હૈ. વીતરાગમૂર્તિ અકષાયસ્વરૂપી આત્મા હૈ વહ જિનરાજ હૈ, વહ દેવ હૈ. ઉસકે અવલંબનસે, આશ્રયસે પર્યાયમેં તીન કષાયકે અભાવકી વીતરાગી પરિણતિ-દશા ઉત્પન્ન હુઈ હો, ઉસકો નિશ્ચય આવશ્યક કહનેમેં આતા હૈ અને ઉસ ભૂમિકામેં રાગ આતા હૈ પંચમહાવ્રતાદિકા ઉસકો વ્યવહાર કહતે હૈં. અકેલા પંચમહાવ્રતાદિકા વિકલ્પ હૈ ઔર દ્રવ્યકે આશ્રયસે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન નહીં વહ તો મિથ્યાત્વ હૈ. માર્ગ ઐસા હૈ ભગવાન! ટીકાકારને ખુલાસા કર દિયા હૈ. નિશ્ચય વ્યવહાર દો નયોંસે પ્રણીત પરમ આવશ્યક ક્રિયા ઉસસે રહિત વહ બહિરાત્મા હૈ. તો ઉસકા અર્થ હુઆ કિ સહિત હૈ વહ અંતરાત્મા હૈ. સમજમેં આયા?

ઐસે સપ્તમ ગુણસ્થાન. જિસકો છઠવાં ગુણસ્થાન હોતા હૈ, આત્માકે આશ્રયસે નિશ્ચય આવશ્યક ક્રિયા હૈ, ઉસકો-સચ્ચે સંતકો ક્ષણમેં સપ્તમ ગુણસ્થાન આતા હૈ. વહ ભી મધ્યમ અંતરાત્મા કહનેમેં આતા હૈ. ઉસકો ભી નિશ્ચય-વ્યવહાર દોનોં હૈ. જિતની સ્વકે આશ્રયસે શુદ્ધિ આનંદકી, ચારિત્રકી પ્રગટ હુઈ વહ નિશ્ચય હૈ, અબુદ્ધિપૂર્વક રાગ રહા વહ વ્યવહાર હૈ. સપ્તમ ગુણસ્થાનમેં અબુદ્ધિપૂર્વક રાગ હોતા હૈ વહ વ્યવહાર હૈ. એમ આઠમે, નવમે, દસમે લઈ લેવું. ગ્યારહવેમેં ભી દો નય લી હૈ. વીતરાગતા હૈ, પણ ઉપશમ હૈ (તો) મધ્યમ અંતરાત્મા લિયા હૈ. સમજમેં આયા? અને બારહવે ઉત્કૃષ્ટ (અંતરાત્મા) હૈ. ગ્યારહવેમેં અભી વીતરાગતા હુઈ હૈ, પણ મંદ પુરુષાર્થ હૈ વહાં ઔર સત્તામેં કષાય પડા હૈ, તો ઉસે મધ્યમ અંતરાત્મા કહનેમેં આયા. ઔર જિસકો કષાય સર્વથા ગયા ઉસકો નિશ્ચય ને વ્યવહારનયવાલા ઉત્કૃષ્ટ અંતરાત્મા કહનેમેં આયા હૈ. સમજમેં આયા?

એ હવે વાત વિશેષ (સમજાવવા) આધાર આપે છે. રયણસારકા હૈ. માર્ગપ્રકાશનો દાખલો આપ્યો છે, પણ એ નથી. આ રયણસારની ગાથા છે. ગાથા હૈ, શ્લોક હૈ ન ઉપર.

**बहिरात्मान्तरात्मेति स्यादन्यसमयो द्विधा ।**
**बहिरात्मानयोर्देहकरणाद्युदितात्मधीः ॥**

એ શબ્દ કાંઈ મળતો નથી, મેળ ખાતો નથી. **करणादि.. उदित्** એટલે શું? એ કાંઈ ખબર પડતી નથી. **उदितात्मधीः** છે. ....... આ રણયસારનો છે. લખ્યું છે માર્ગપ્રકાશનું આમાં, પણ આ રણયસારનો શ્લોક છે. રયણસાર, પૃષ્ઠ ૧૧૫, ગાથા ૧૪૫. લાવો રણયસાર. આણે-શીતલપ્રસાદે તો અર્થ જ કર્યો નથી. ગાથાકા અર્થ હી કિયા નહીં. આમાં લખ્યું છે તે દિ'. શબ્દ જ એ જાતના હોય, શું કહેવાય? પ્રાકૃત? સંસ્કૃત. ..... આ કહે છેને ઘણા. **उदितात्मधीः** એ

બરાબર હશે સંસ્કૃતવાળા જાણે, આપણે બહુ શબ્દાર્થ નથી આવડતો. ૧૪૫ છે. **बहिरंतरभेयं परसमयं...** આ શબ્દફેર છે હોં. આ બહિરાત્મા .... **बहिरंतरभेयं परसमयं भणिये जिणेंदिः परमप्पो समयं तद् भेयं जाणं उनख्यामि..** એમ છે. શબ્દફેર છે. આહાહા! પરની અપેક્ષાએ નાખ્યું છે.

ક્યા કહતે હૈં? **શ્લોકાર્થ : અન્યસમય (અર્થાત્ પરમાત્માકે અતિરિક્ત જીવ) બહિરાત્મા ઔર અંતરાત્મા ઐસે દો પ્રકારકે હૈં...** અર્થ હૈ ઉસમેં? સુનો ઉસકા અર્થ. અન્યસમય નામ જબ લગ પૂર્ણ પરમાત્મદશા હુઈ ન હો, તબ લગ અંતરાત્મા ઔર બહિરાત્મા દોનોંકો અન્યસમય કહનેમેં આયા હૈ, પરસમય કહનેમેં આયા હૈ. બહિરાત્મા તો પરસમય હૈ હી, પણ અંતરાત્મામેં જબ તક પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ હુઆ નહીં, અપૂર્ણતા હૈ ઉસ અપેક્ષાસે ઉસકો પરસમય (કહા હૈ). પણ વહ પરસમય ઐસા નહીં કિ રાગકો અપના માનતા ઐસા પરસમય નહીં. બહિરાત્માવાલા પરસમય નહીં. અંતરાત્મા, બહિરાત્મામેં પરસમય જો કહા હૈ ઉસમેં દો અપેક્ષા હૈ.

બહિરાત્મા હૈ વહ તો, રાગકી ક્રિયા, દેહકી ક્રિયા મેરી હૈ ઐસા માનતા હૈ. યે તો અકેલા પરસમય મિથ્યાદૃષ્ટિ હૈ. અંતરાત્મા–ધર્માત્મા સમ્યગ્દર્શનસે લેકર અંતરસ્વરૂપકી દૃષ્ટિ, નિશ્ચય જ્ઞાન, આનંદાદિ પ્રગટ હુઆ, પણ પૂર્ણ પ્રગટ નહીં હુઆ, પરમાત્મા નહીં હૈ ઔર અંતરાત્મા સાધકપને હૈ (અર્થાત્) અપૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ આદિ હૈ તો ઉસ અપેક્ષાસે ઉસે પરસમય કહનેમેં આયા હૈ. પણ રાગકી એકતાબુદ્ધિ હૈ ઐસી બુદ્ધિ નહીં ઉસકી. મિથ્યાદૃષ્ટિકો તો પુણ્ય-પાપકે વિકલ્પમેં એકતાબુદ્ધિ હૈ, બહિર્ભાવ હૈ, આત્મામેં નહીં ઐસા વિકલ્પ–રાગ ઉસે અપના માનના વહ બહિરાત્મા બાહ્ય–પરકો અપના માનતા હૈ, ઉસે બહિરાત્મા કહનેમેં આતા હૈ ઔર હૈ વહ પરસમય. અંતરાત્મા રાગ ઔર વિકલ્પકો અપના માનતા નહીં, હોતા હૈ. સમજમેં આયા? અપના ચૈતન્યસ્વરૂપ ભગવાન શુદ્ધ, જઘન્ય અંતરાત્માસે લેકર બારહવે તક અપને સ્વરૂપકે આશ્રયસે જિતની નિર્મલતા વીતરાગતા પ્રગટ હુઈ વહ મૈં ઔર બીચમેં રાગાદિ (આતા) હૈ વહ મૈં નહીં, પણ હૈ ઈતની અપેક્ષા લેકર ઉસકો પરસમય કહનેમેં આયા હૈ. સમજમેં આયા?

અહીં તો 'પરમાત્માકે અતિરિક્ત' કહ્યું છે. પરમાત્મા જો અરિહંત તેરહવે-ચૌદહવેમેં સ્વસમય હી હૈ. વહ પ્રશ્ન હુઆ થા દિલ્હીમેં. સિદ્ધ હી સ્વસમય કહનેમેં આતા હૈ. ચૌદહવે ગુણસ્થાન તક પરસમય કહનેમેં આતા હૈ ઐસા વિદ્યાનંદજીને કહા થા. વહ ઇન્દોરમેં હૈ ન વિદ્યાનંદજી, ઉસને કહા થા. પણ કોણ વાત કરે? કૈલાસચંદજીકો કહા થા કિ ઐસા નહીં હૈ. સ્વસમયકી પૂર્ણતા તેરહવે હો જાતી હૈ. સ્વસમયકી શુરૂઆત ચૌથેસે હોતી હૈ. અપના સ્વ એટલે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ ઉસકે આશ્રયસે જો નિર્મલ દશા હો યે સ્વસમયકા અંશ

ચૌથેસે ઉત્પન્ન હોતા હૈ ઔર સ્વસમયકી પૂર્ણતા તેરહવેં હોતી હૈ. બારહવેં તક ઉસકો અપૂર્ણતા હૈ તો ઉસ અપેક્ષાસે અંતરાત્માકો ભી, પરસમયકા અંશ રાગકા હૈ અથવા અલ્પજ્ઞતા હૈ ઉસ અપેક્ષાસે પરસમયમેં ગિનનેમેં આયા હૈ. સમજમેં આયા?

**અન્યસમય (પરમાત્માકે અતિરિક્ત જીવ)**... સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવ ત્રિલોકનાથ પરમાત્માકે સિવા.. પરમાત્મા તો સ્વસમય હી હૈં. ક્યોંકિ ઉન્હેં તો અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત દર્શન પૂર્ણ હો ગયા હૈ (તો) સ્વસમય હી હૈં. તેરહવેં, ચૌદહવેંમેં સ્વસમય હી હૈ. સિદ્ધ તો સ્વસમય હી હૈ વે તો પૂર્ણ હો ગયે. સમજમેં આયા? ઔર બહિરાત્મા... એનો ખુલાસો તેથી કર્યો છે. દો પ્રકારકે બહિરાત્મા, અંતરાત્મા અન્યસમયમેં કહનેમેં આયા હૈ. ઉનમેં બહિરાત્મા દેહ, ઇન્દ્રિય આદિમેં આત્મબુદ્ધિવાલા હોતા હૈ. દેહકી ક્રિયા મેરી હૈ, ઇન્દ્રિયાં મેરી હૈ, ઇન્દ્રિયકો મૈં ચલાતા હૂં, ઇન્દ્રિય—દ્રવ્યેન્દ્રિય, ખંડખંડ ભાવેન્દ્રિય.. દ્રવ્યેન્દ્રિય જડ ઉસકી ક્રિયા મેરી હૈ, વહ મૈં હૂં, ભાવઇન્દ્રિય મૈં હૂં, દ્રવ્યેન્દ્રિય મૈં હૂં, રાગ મૈં હૂં—ઐસા માનનેવાલા મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા હૈ. સમજમેં આયા? ભારે માર્ગ ભાઈ!

**ઉનમેં બહિરાત્મા દેહ-ઇન્દ્રિય આદિમેં આત્મબુદ્ધિવાલા હોતા હૈ.** દેહમેં, ઇન્દ્રિયમેં, વિકલ્પ–રાગ ઉસમેં અપના સ્વરૂપ હી હૈ ઐસે માનનેવાલા બહિરાત્મા પરસમય હૈ. ઔર અંતરાત્મા, રાગ અપના હૈ ઐસે જાનતા નહીં, પણ રાગ બાકી હૈ, ચારિત્રકી અપેક્ષાસે રાગકા દોષ અભી હૈ અને ગ્યારહ-બાહરવેમેં (રાગ) દોષ નહીં તો દૂસરા અલ્પજ્ઞપના ભી હૈ તો ઉસ અપેક્ષાસે ઉસકો–અંતરાત્માકો પરસમય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? ખુલાસા ક્યોં કિયા? ભાઈ! અંતરાત્મા ને બહિરાત્મા દોનોં પરસમય? પણ બહિરાત્માકા પરસમયપના ઐસા હૈ કિ દેહ, ઇન્દ્રિય ને રાગકો અપના માનતા હૈ. અંતરાત્માકા ઐસા પરસમયપના નહીં. સમજમેં આયા? અંતરાત્મા ચૌથેસે બારહવે તક હૈ, ઉસકો ભી યહાં પરસમય કહનેમેં આયા, પણ કિસ અપેક્ષાસે? કિ દેહ, ઇન્દ્રિય ને રાગ અપના માનતા હૈ ઐસા જો બહિરાત્મા ઉસકો પરસમય કહા વહ અપેક્ષા યહાં નહીં. યહાં તો અપૂર્ણતા દશામેં હૈ ઔર રાગકા અંશ હૈ અથવા અલ્પજ્ઞતા હૈ ઉસ અપેક્ષાસે ઉસકો પરસમય કહનેમેં આયા હૈ. સમજમેં આયા? આહાહા!

કિતના સ્પષ્ટીકરણ કિયા દેખો! ટીકાકારને સ્પષ્ટીકરણ કિયા. ઓલો ત્રણ ભેદ પાડશે. અનુષ્ટુપ હૈ ન.

**जघन्यमध्यमोत्कृष्टभेदादविरतः सुदृक् ।**
**प्रथमः क्षीणमोहोन्त्यो मध्यमो मध्यमस्तयोः ॥**

**શ્લોકાર્થ : અંતરાત્માકે જઘન્ય, મધ્યમ ઔર ઉત્કૃષ્ટ ઐસે તીન ભેદ હૈં...** સમ્યગ્દર્શન આત્માકા અનુભવ હુઆ, આત્માકા ભાન હુઆ (કિ) મૈં તો શુદ્ધ ચૈતન્ય આત્મા જ્ઞાતા-દૃષ્ટા હૂં, રાગાદિ હૈ યે મેરી ક્રિયા નહીં, મેરેમેં નહીં, મેરા નહીં. ઐસી સમકિતીકી જઘન્ય અવસ્થા યે

અંતરાત્મા હૈ. પાંચવે (ગુણસ્થાન)સે ગ્યારહવે તક મધ્યમ (અંતરાત્મા) હૈ. તીન ભેદ લિખે ન. **અવિરત સમ્યગ્દૃષ્ટિ વહ પ્રથમ (જઘન્ય) અંતરાત્મા હૈ, ક્ષીણમોહ વહ અંતિમ (ઉત્કૃષ્ટ) અંતરાત્મા હૈ ઔર ઉન દોકે મધ્યમેં સ્થિત વહ મધ્યમ અંતરાત્મા હૈ.** પંચમસે ગ્યારહવે તક. સમજમેં આયા? અંતરાત્મા કિસકો કહતે હૈં? આત્મા જો ચીજ હૈ રાગ બિનાકી–વિકલ્પ બિનાકી ચીજ, ઇસકી જિસકો અંતરમેં દૃષ્ટિમેં એકતા હુઈ હૈ, પર્યાયકી સ્વભાવમેં એકતા હુઈ હૈ ઔર રાગસે–વિકલ્પસે પૃથકતા હુઈ હૈ વહ અંતરાત્મા હૈ. જૈસા આત્મા હૈ ઐસા ભાન હુઆ. સમજમેં આયા?

ઔર અંતરાત્મામેં જો ચીજ નહીં ઐસા દયા, દાન, વ્રતાદિ વિકલ્પ ઉસે અપના માનતા હૈ વહ બહિરાત્મા હૈ. સમજમેં આયા? આહાહા! ભારે! અત્યારે તો એકલા વ્રત પાળો, તપ કરો, પૂજા કરો, ભક્તિ કરો, જાઓ, એ ક્રિયા એ ધર્મ છે. ઐસે ચલતા હૈ. વહ માર્ગ વીતરાગકા નહીં. સમજમેં આયા? વીતરાગકા માર્ગ તો વીતરાગતાકે અંશસે શુરૂ હોતા હૈ. સમ્યગ્દૃષ્ટિકો ભી સ્વ-આશ્રયસે જિતની વીતરાગતા ઉત્પન્ન હુઈ ઉતના ઉસકો ધર્મ ને નિશ્ચય-આવશ્યક કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પરાશ્રયસે ભાવ ઉત્પન્ન હો ચૌથે, પાંચવે આદિમેં, પણ ઉસકો અપના જાનતે નહીં, ઉસે પરજ્ઞેય જાનતે હૈં. આહાહા! સમજમેં આયા?

ઐસે ઉત્કૃષ્ટ અંતરાત્મા ભી પરસમય કહનેમેં આયા, મધ્યમ અંતરાત્મા ભી પરસમય કહનેમેં આયા. બારહવે તક, કીધું. બારહવે... **દોકે મધ્યમેં સ્થિત વહ મધ્યમ અંતરાત્મા હૈ.** આહાહા! બહુ ટૂંકામાં... દોનોં નયોંકા સ્વરૂપ ચૌથેસે શુરૂ હોતા હૈ. હમણા ત્યાં જવાબ આપ્યો છે ભાઈ ઉત્તમચંદે. સિવની.. સિવની. મખ્ખનલાલજીકો ઉત્તર દિયા થા. એક ઉત્તમચંદ હૈ સિવનીમેં. બડા અચ્છા ... લડકા હૈ. મખ્ખનલાલજીને કહા... યહાં કહા કિ તુમ વ્યવહાર, વ્યવહાર કરતે હો તો વ્યવહાર ક્યા? કિ નિશ્ચય બિના વ્યવહાર હોતા નહીં. અભી ચર્ચા હુઈ થી. છાપામેં ભી આયા. મખ્ખનલાલજી મુરૈના. લડકેને કહા કિ નિશ્ચય બિના વ્યવહાર (હોતા નહીં). ચૌથે ગુણસ્થાનસે નિશ્ચય ને વ્યવહાર દોનોં શુરૂ હોતા હૈ, ઐસા કહા. બુદ્ધિવાળો માણસ છે. સમજાણું કાંઈ?

કહે છે કે ચૌથે ગુણસ્થાનસે નિશ્ચય ને વ્યવહાર દોનોં શુરૂ હોતા હૈ. બહિરાત્માકો અકેલા વ્યવહારાભાસકી ક્રિયા હૈ. ક્રિયા હૈ ઉસકી, જો અજ્ઞાન હૈ અકેલે શુભભાવમેં વહ બાત નહીં. સમજમેં આયા? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકા પરિણામ સબ હૈ, પણ વહ બહિરાત્મા બહિર્ ચીજકો અપના માનતા હૈ ઔર ઉસસે અપનેમેં લાભ માનતા હૈ, તો યે બહિરાત્મા હૈ. ઉસસે અપનેમેં લાભ નહીં માનનેવાલા, અપને સ્વભાવસે લાભ હૈ ઐસા અનુભવમેં માનનેવાલા, વહ અંતરાત્મા હૈ. આહાહા! ચોખ્ખી વાત છે. સમજમેં આયા?

**૧૪૯વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ શ્લોક કહતે હૈં :** પોતે પદ્મપ્રભમલધારિદેવ.

**योगी नित्यं सहजपरमावश्यकर्मप्रयुक्तः**
**संसारोत्थप्रबलसुखदुःखाटवीदूरवर्ती ।**
**तस्मात्सोऽयं भवति नितरामन्तरात्मात्मनिष्ठः**
**स्वात्मभ्रष्टो भवति बहिरात्मा बहिस्तत्त्वनिष्ठः ॥२५८॥**

દેખો! ઓહોહો! સંસ્કૃત શ્લોક હૈ પંડિતજી! **શ્લોકાર્થ : યોગી** અથવા ધર્માત્મા. અપને શુદ્ધ દ્રવ્યસ્વભાવમેં જિસને જુડાન કિયા હૈ. જોડાણ કહતે હૈં? જોડાણ કહતે હૈં ન? જુડાન. અપના દ્રવ્યસ્વભાવ શુદ્ધ આનંદકંદ ઉસમેં યોગ–જુડાન કિયા હૈ, ઝુકાવ કિયા હૈ, અંતર્મુખ વલણ કિયા હૈ, અંતર્મુખ ઢલન કિયા હૈ, અંતર્મુખ દૃષ્ટિ જિસકો ખિલ ગઈ હૈ. આહાહા! આવો ધર્મ ભારે ભાઈ! ઓલા બાવા ને યોગી અન્યમાં થાય એ નહીં હોં. યહાં તો વીતરાગમાર્ગમેં સર્વજ્ઞ પરમેશ્વરને જો આત્મા કહા, ઐસા અપના શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ, પુણ્ય-પાપકે રાગસે રહિત ઐસી ચીજમેં જિસકી એકતા હૈ ઉસકા નામ યહાં યોગી કહનેમેં આયા હૈ. ઓલા બાવા જટાધારી આમ ને આમ યોગ કરે એ બાવા અજ્ઞાની છે. સમજમેં આયા?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જાણ્યો, જોયો અને કહ્યો એવો આત્મા અસંખ્ય પ્રદેશી... ઓહોહો! કહાં દૂસરેમેં ઐસા હૈ? અસંખ્યપ્રદેશી આત્મા જૈન સિવા કહીં હૈ હી નહીં. ઔર અનંત ગુણો–ભાવ. પ્રદેશ અસંખ્ય ને શક્તિ–ગુણ અનંત. અનંતાનંત શક્તિ ઔર ઉસકી અનંતાનંતી શક્તિયોંકી અનંતાનંતી પર્યાય. આહાહા! સમજમેં આયા? ઐસે આત્મામેં જો અંતરમેં એકતા કરતા હૈ વહ સમ્યગ્દૃષ્ટિ ભી જઘન્ય યોગી કહનેમેં આતા હૈ. સમજમેં આયા? યહાં મુનિકી યોગકી બાત હૈ. યોગી, અપને આનંદ ને જ્ઞાયક સ્વભાવમેં લીનતા (કરે) વહ યોગી.

**સદા સહજ પરમ આવશ્યક કર્મસે યુક્ત રહતા હુઆ...** આહાહા! સંત યોગી તો ઉસે કહતે હૈં કિ સદા–નિરંતર સહજ પરમ આવશ્યક ક્રિયા, સ્વભાવિક રાગ બિનાકી આત્માકી વીતરાગી ક્રિયા ઐસી આવશ્યક ક્રિયાસે યુક્ત સદા યોગી રહતે હૈં. આહાહા! લ્યો યે કહતે હૈં કિ પંચમહાવ્રતના પરિણામ અને દેહની નગ્નતા સહિત રહના યે મુનિપના. યહાં મના કરતે હૈં. યહાં સદા મુનિ તો ઉસકો કહનેમેં આતા હૈ કિ સદા સહજ પરમ આવશ્યક ક્રિયા હોં નિર્મળ. પંચ મહાવ્રતકા વિકલ્પ યે તો રાગ હૈ. રાગસે રહિત અંતરકે આશ્રયસે સહજ–સ્વભાવિક ક્રિયા નિર્મલ આનંદકી, શાંતિકી ક્રિયા ઉત્પન્ન હુઈ, યે સહજ પરમ આવશ્યક–જરૂરકી ક્રિયા ઐસા જો કર્મ, કર્મ નામ ક્રિયા, ઐસી ક્રિયાસે સહિત રહતા હુઆ... ઐસી ક્રિયાસે સહિત રહતા હુઆ, અપને પુરુષાર્થસે રહતા હુઆ, યૂં કહતે હૈં.

**સંસારજનિત...** દેખો! ઇસ એક લીટીમેં ઇતના મુનિપનેકી દશાકા વર્ણન હૈ! આહાહા! વ્યવહાર હો, ઉસકી બાત યહાં લી નહીં. પહલે કહા કિ દો નય હૈં, તો દો નયકા વિષય ભી હૈં. પણ ઉસકા આવશ્યક, ખરેખર આવશ્યક તો, સ્વકે આશ્રયસે આનંદ ને શાંતિકી ઉત્પન્ન આવશ્યક ક્રિયા હુઈ ઉસસે વહ સહિત હૈ. વ્યવહારસે સહિત નહીં, વ્યવહારસે રહિત હૈ. આહાહા! સમજમેં આયા? પહલે નયકા જ્ઞાન કરાયા, પણ વહ... આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદકી મૂર્તિ પ્રભુ આત્મા, અતીન્દ્રિય આનંદકા રસકંદ આત્મા હૈ. ઐસે અતીન્દ્રિય આનંદકે અવલંબનસે, આશ્રયસે, અતીન્દ્રિય આનંદ ને શાંતિ ને સ્વચ્છતા, વીતરાગતા પર્યાય હુઈ, ઉસ આવશ્યક ક્રિયા સહિત મુનિ હોતે હૈં. આહાહા! લોકો વાંચે નહીં, સ્વાધ્યાય કરતા નથી અને ઉપર-ઉપરસે સબ.... યે તો વીતરાગકા માર્ગ હૈ ભાઈ! ઠીક... યે તો ઠીક બરાબર હો સકતા હૈ, ક્યોં ન હો? આહાહા!

સમજે બિના ઐસે ને ઐસે શાસ્ત્રકા અર્થ કરે, અપની ક્રિયાકાંડમેં ધર્મ માન લે, યે માર્ગ વીતરાગકા નહીં ભાઈ! સમજમેં આયા? ઓહોહો! આ તો ત્રણ લોકના નાથ અનંત તીર્થંકરો કહેતા આવ્યા છે. સીમંધર ભગવાન વર્તમાનમેં હૈં. કુંદકુંદાચાર્ય ગયે થે, વહાં આઠ દિન રહે થે. ભગવાનકે પાસ ગયે થે કુંદકુંદાચાર્ય સંવત ૪૯મેં. આઠ દિન રહે થે, વહાંસે આકર યે નિયમસાર બનાયા હૈ. ભગવાનકા તો ઐસા ફરમાન હૈ ભાઈ! સમજમેં આયા?

કહતે હૈં, જો કોઈ ધર્માત્મા ધર્મસ્વરૂપ ઐસા અપના સ્વભાવ ઉસમેં જિસકી સન્મુખતા ને એકતા હૈ, વ્યવહારકે વિકલ્પસે તો જિસકી વિમુખતા હૈ... પહલે જ્ઞાન કરાયા કિ દો (નય) હૈં. સમજમેં આયા? વ્યવહાર હો, ચૌથેસે બારહવેં તક હોતા હૈ, પણ ધર્માત્મા તો (નિશ્ચય આવશ્યક) સહિત રહતા હુઆ... આહાહા! સમજમેં આયા? માર્ગ તો બાપા! મોક્ષકા માર્ગ કોઈ અલૌકિક હૈ. જેનું ફળ 'સાદિ-અનંત અનંત સમાધિ સુખમાં..' શુરૂઆત અનંત આનંદસે હો, અનંત આનંદ રહે મુક્તિમેં, ઉસકા ઉપાય તો કોઈ અલૌકિક હોતા હૈ કિ નહીં? આહાહા! અલૌકિક, અલૌકિક ફલકા અલૌકિક કારણ હોતા હૈ. લૌકિક વ્યવહાર આદિ પરકી ક્રિયા ઉસકા કારણ નહીં એમ કહતે હૈં. સમજમેં આયા?

નિશ્ચય પરમ આવશ્યકકા અધિકાર હૈ ન. સંત તો ઉસકો કહે કિ સદા સહજ પરમ સ્વ-ભગવાન આત્માકે આશ્રયસે નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન ને શાંતિ જો ઉત્પન્ન હુઈ ઐસી ક્રિયા નામ કર્મસે સહિત હૈ. એક ઠિકાને ઐસા ભી કહા હૈ કિ યે આવશ્યક ક્રિયા હૈ વહ અક્રિયા હૈ, નિષ્ક્રિય હૈ. કિસ અપેક્ષાસે? રાગકી અપેક્ષાસે. રાગકી ક્રિયા હૈ ઉસસે રહિત હૈ તો ઉસકો અક્રિય કહા, પણ પરિણમનકી ક્રિયા હૈ તો ઉસકો સક્રિય કહા. આહાહા! ઉસકો ને ઉસકો આવશ્યક ક્રિયા કહા, ઉસકો આવશ્યક કર્મ કહા, ઉસકો આવશ્યક નિષ્ક્રિય ભી કહા. આહાહા! સમજમેં આયા? ભાવમાં ભાસન થવું જોઈએને! ઐસે ભાસન હુએ બિના ઐસા (ઉપરસે)

માનના વહ કોઈ ચીજ હૈ? સમજમેં આયા? આત્મા ઐસા શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ હૈ ઉસકા ભાસ હુઆ–ભાન હુઆ, તો ઉસકે આશ્રયસે જો ક્રિયા ઉત્પન્ન હુઈ તો ભાસમેં ભાસ હુઆ કિ આત્મા શુદ્ધ હૈ.

ઐસી આવશ્યક ક્રિયા સહિત મુનિ હોતે હૈં. યહાં ઐસા નહીં કહા કિ વ્યવહાર ક્રિયા સહિત હોતા હૈ. વ્યવહાર હોતા હૈ, પણ ઉસસે રહિત હૈ. આહાહા! સમજમેં આયા? જ્ઞાન કરાનેકો (કહા). વ્યવહાર હૈ, નિશ્ચય હૈ—દોનોંકા જ્ઞાન કરાયા, પણ આદરણીય તો એક નિશ્ચય હી હૈ. વ્યવહાર જ્ઞાન કરનેલાયક હૈ, પણ આદરણીય નહીં આહાહા! આવી વાત છે ભાઈ! અને એ વસ્તુ સમજાય એવી છે. એમાં એવું નથી કે આ ન સમજાય. એના ઘરની ચીજ છે. આહાહા! અને એના ઘરમાં તો કેવળજ્ઞાન તો અનંતા પડ્યા છે એને આવું કેમ ન સમજાય? સમજાણું કાંઈ? હવે, અનંત કાળની અપેક્ષાએ એને દુર્લભ કહો, પણ સ્વભાવની અપેક્ષાએ તો સુલભ છે. સમજાય છે કાંઈ? સમજમેં આયા?

કહતે હૈં, યોગી, ધર્માત્મા, સંત તો ઉસકો કહે, મુનિ ઉસકો કહે કિ વીતરાગ સર્વજ્ઞકે પંથકે લિયે જો સદા–નિરંતર... આહાહા! ભગવાન પરમાત્મા અપના નિજ સ્વરૂપ ઉસકે આશ્રયસે જો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી પરિણતિ, ક્રિયા, કર્મ, કાર્ય ઉત્પન્ન હુઆ, ઉસસે વહ સહિત હૈ. કહો, સમજમેં આયા? અલિંગગ્રહણમેં ઐસા ભી કહા હૈ, અલિંગગ્રહણમેં. યતિકી બાહ્યક્રિયાકા જિસમેં અભાવ હૈ ઐસે આત્માકો અલિંગગ્રહણ કહનેમેં આતા હૈ. શરીરકા નગ્નપના ને પંચમહાવ્રતકા વિકલ્પ વહ તેરી બાહ્યક્રિયા હૈ, ઉસકા જિસમેં અભાવ હૈ... આહાહા! અલિંગગ્રહણકા બોલ હૈ. સમજમેં આયા? સત્તર, સત્તરમો બોલ છે. (પછીના) ત્રણ તો ઓલા દ્રવ્ય-પર્યાય... ગુણભેદ રહિત દ્રવ્ય, પર્યાયભેદ રહિત દ્રવ્ય અને એકલી પર્યાય (એ આત્મા).

સત્તરમો. યતિકી બાહ્યક્રિયા નગ્નપના ઔર પંચમહાવ્રત, ૨૮ મૂળગુણકા વિકલ્પ–રાગ વહ બાહ્યક્રિયા હૈ. ઉસસે તો ભગવાન આત્મા અલિંગગ્રહણ—લિંગ ઐસા ચિહ્ન ઉસસે રહિત હૈ. આહાહા! ભારે માર્ગ! આત્મા ઐસા હૈ યૂં કહા. અલિંગગ્રહણ (અર્થાત્) યતિકી બાહ્યક્રિયાકા જિસમેં અભાવ હૈ ઉસે આત્મા કહનેમેં આતા હૈ. કારણકે જો ક્રિયા હૈ જડકી શરીરકી વહ તો અજીવ હૈ ઔર વ્યવહાર વિકલ્પકી ક્રિયા વહ તો આસ્રવ હૈ. દોનોંસે રહિત હૈ ઉસકા નામ આત્મા કહનેમેં આયા હૈ. આહાહા! ભારે વાતું ભાઈ! આ તો કોણ જાણે એલ.એલ.બી.ની વાત હશે? ..ભાઈ! આ તો મોટી એલ.એલ.બી.ની.... ભાઈ! આ તો હજી પહેલી સમ્યગ્દર્શનની વાત છે. સુખી થવાનો પ્રથમ રસ્તો, સુખી થવાનો પ્રથમ પંથ. બાકી બધા દુઃખી થવાના પંથ છે. સમજમેં આયા? સુખી થવાનો પંથ કહો કે મોક્ષમાર્ગ કહો (કે) દુઃખથી મુક્ત થવાનો માર્ગ કહો. આહાહા!

ઐસી ક્રિયા, સદા ધર્માત્મા અપને દ્રવ્યસ્વભાવમેં લીનતાકી ક્રિયા સહિત હોતા હૈ. જિસમેં આનંદકી દશાકા વેદન ઉગ્રપને હો ઐસી પરમ આવશ્યક ક્રિયા સહિત સંત હોતે હૈં. **સંસારજનિત પ્રબલ સુખદુઃખરૂપી અટવીસે દૂરવર્તી હોતા હૈ...** દેખો! ઇસસે સહિત હોતા હૈ, નિશ્ચય જ્ઞાયક દ્રવ્યસ્વભાવ ઉસકી પરિણતિ નિર્મળ વીતરાગી સુખરૂપદશા ઉસસે સહિત હૈ. અને સંસારજનિત સુખ-દુઃખરૂપી વિકલ્પ જો અટવીરૂપી વન હૈ ઉસસે દૂરવર્તી હોતા હૈ. આહાહા! શુભરાગ ઉત્પન્ન હોતા હૈ વહ ભી દુઃખરૂપ દશા હૈ. કહીં શુભભાવકો સુખ કહા હૈ, યે દુઃખ હૈ ઉસકો યહાં સુખકા આરોપ દિયા હૈ. શુભભાવ યે સુખ-દુઃખરૂપી અટવી હૈ. આહાહા! આમાં કહેશે આગળ કે ભવભયને કરવાવાળા છે. આ બાજુ છે ૩૧૩મે પાને. આ છેલ્લી–આખિરની લીટી છે. ભવભયના કરવાવાળા એ વિકલ્પ છે. આહાહા! નીચે, નીચે. ૩૧૩ (પાને) છેલ્લી લીટી. ભવભયના કરવાવાળા બાહ્ય-અભ્યંતર જલ્પ. આહાહા! છે? એ કાઢતાય વાર લાગે છે. ૩૧૩ છેલ્લી લીટી કીધી. બંગડીમાં એમ વાર લાગે? છે કે નહીં? ભીખાભાઈ! ક્યાં છે? એ તો માંડમાંડ કાઢી દીધું ભાઈ ચંદ્રકાંતભાઈએ.

અહીં તો (કહ્યું કે) ભવભયના કરનારા વિકલ્પ છે. વ્યવહાર એ ભવભયનો કરનાર છે એમ કહે છે. આહાહા! ગજબ શૈલી છેને સંતોની! માર્ગની શૈલી તારી એવી છે પ્રભુ! એમ કહે છે. જેને લોકો ધર્મ માને એને અહીં ભવભયના કરનારા કહે છે. આહાહા! એક ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કરંડિયો, દરિયો આત્મા છે. આહા! એમાં ડૂબકી મારી–એકાગ્ર થઈને જે આનંદની દશા પ્રગટ થાય અતીન્દ્રિય સ્વાદ, એ પરમ આવશ્યક ક્રિયા સહિત મુનિ છે. એવી પરમ આવશ્યક ક્રિયા સહિત મુનિ છે અને રાગ જે દુઃખરૂપ છે એવી અટવી, શુભભાવ અસંખ્ય પ્રકારના, અશુભ પણ અસંખ્ય—ઉસ અટવીસે તો દૂરવર્તી હોતા હૈ. જ્ઞાન કરાવ્યું વ્યવહારનું. છે એને એ દૂરવર્તી. આહાહા! અરે! એવો માર્ગ એણે સાંભળ્યોય નહીં, એના સુખના રસ્તા ક્યાં છે–ક્યા હૈ (વહ) સુના હી નહીં. આહાહા! જિંદગી શું..? એ પૈસા લાખો-કરોડો-અબજો, શરીર સુંદર હો ઔર આબરૂ–કીર્તિ, પૈસા, દીકરા હો, ધૂલ હૈ, સમશાન હૈ સબ. સમજમેં આયા? ભગવાન આત્મા જાગતી જ્યોતનું વન એને જેણે જોયું નહીં, જાણ્યું નહીં, અનુભવ્યું નહીં... આહાહા! સમજાણું કાંઈ? કહે છે, એ ધર્મી જ નહીં. આહાહા!

**સંસારજનિત પ્રબલ સુખદુઃખરૂપી અટવીસે દૂરવર્તી હોતા હૈ ઇસલિયે વહ યોગી અત્યન્ત આત્મનિષ્ઠ અંતરાત્મા હૈ...** ક્યા કહતે હૈં? જુઓ! આ કારણે સંતો–મુનિઓ, સાચા વીતરાગમાર્ગના સંત, વે તો અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણ પરમાત્મા ઉસકા સહજ પરમ આવશ્યક (ઉસસે) સદા સહિત હોતે હૈં. એવા આત્માની પરમ આવશ્યક ક્રિયા, નિશ્ચય ક્રિયા, સ્વભાવિક ક્રિયા સહિત (અને) વિભાવિક ક્રિયાસે દૂર વર્તે છે. ભીખાભાઈ! હતું આ ત્યાં ક્યાંય? ઉના પાણી પીવામાં ન્યાં સાંભળ્યું હતું આટલા વર્ષમાં ક્યાંય? એક ગાથામાં જુઓ! એક ટીકામાં જુઓ! ઓહોહો! આત્માને આમ રેલમછેલા કર્યો છે. ભગવાન! તું આત્મા છો, પૂર્ણાનંદનો નાથ છો. બાપુ! તારા સુખ માટે તારે બીજે નજર કરવા જેવું નથી. આહાહા!

તારા સુખ માટે–તેરે સુખકે લિયે રાગમેં નજર કરનેલાયક નહીં, એમ કહે છે. તેરે સુખસે તો ભરા પડા સ્વભાવ ભંડાર હૈ તેરા. આહાહા! સમજમેં આયા?

ધૂલમેં સુખ હૈ, પૈસામેં સુખ હૈ, પાંચ-પચાસ લાખ પૈસા હો તો હમ સુખી હૈં. દુઃખના ઢગલા છે. ધૂળેય નથી સુખ. ક્યાં સુખ છે? બાયડી સારી હોય, રૂપાળી હોય ને શરીર સુંદર હોય, સુખ હૈ. ધૂલ હૈ. સુખ કહાં આયા વહાં? મૂઢ કહાં માનકર બૈઠા. સમજમેં આયા? વહ બહિરાત્મા હૈ. આહાહા! અપને સ્વભાવકી આવશ્યક ધર્મકી સુખરૂપ ક્રિયા ઉસસે ભિન્ન કોઈ ભી કાલમેં કહીં સુખ હૈ ઐસી કલ્પના હો, તો મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? ઇસલિયે હે યોગી! **અત્યંત આત્મનિષ્ઠ**... એમ અંતરાત્માની વ્યાખ્યા કરી. આત્મનિષ્ઠ–બ્રહ્મનિષ્ઠ. ભગવાન આનંદ ને જ્ઞાનસ્વરૂપ આત્મા ઉસમેં નિષ્ઠ–ઉસમેં લીન–ઉસમેં ટિકનેવાલા–ઉસમેં રહનેવાલા આત્મનિષ્ઠ અંતરાત્મા કહનેમેં આતા હૈ. આહાહા! એક-એક કડી પણ...! તેથી આ ફરીને પાછું લેવાનું નક્કી થયું છેને! ફરીને વળી વધારે ઓગાળાશે. આહાહા! એક-એક કડીમાં કિતના સમા દિયા હૈ!

**અત્યંત આત્મનિષ્ઠ**, એમ. વિકલ્પમેં તો બિલકુલ હૈ હી નહીં ધર્માત્મા તો. મારું આવું સ્વરૂપ, કહે છે, સાધુ સાધી શકે? આ તો જાણે મોટી કેવળીની, વીતરાગની વાત હોય એમ લાગે. બાપુ! વીતરાગનો વીતરાગ તું છો. તારી વાત છે આ. આહાહા! **યોગી અત્યંત આત્મનિષ્ઠ અંતરાત્મા હૈ, જો સ્વાત્માસે ભ્રષ્ટ હો...** હવે બહિરાત્માની જરી વ્યાખ્યા કરે છે. ઓલામાં તો દૂરવર્તી છે એ બહિર્ છે એટલું કહ્યું, પણ હવે સ્વાત્માસે ભ્રષ્ટ (અર્થાત્) ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનનો સાગર પ્રભુ ઉસકી રુચિ ને પ્રેમસે જો દૂર હૈ વહ આત્માકે સ્વરૂપસે ભ્રષ્ટ હૈ. સમજમેં આયા? ચાહે તો સાધુ હો બાહ્યક્રિયા કરનેવાલા નગ્ન દિગંબર, પણ જો આત્માકે આનંદ(કો છોડકર) બાહ્યમેં કોઈ ભી વિકલ્પ શુભરાગમેં ઠીક હૈ (ઐસા માનતા હૈ), આહાહા! વહ સ્વ-આત્માસે ભ્રષ્ટ હૈ. સમજમેં આયા? આહાહા! એવી શૈલી લીધી છે. (ધર્મી) વ્યવહારસે દૂરવર્તી હૈ. ઔર જે કોઈ વ્યવહારકે રાગમેં લીનતા અથવા પ્રેમ રખતા હૈ વહ નિશ્ચય સ્વભાવ ભગવાન આત્માસે તો ભ્રષ્ટ હૈ. કહો, સમજમેં આયા?

**વહ બહિઃતત્ત્વનિષ્ઠ (બાહ્ય તત્ત્વમેં લીન)** હૈ. ઓલામાં આત્મનિષ્ઠ કહ્યા હતાને. આ બહિઃતત્ત્વનિષ્ઠ. રાગકા વિકલ્પ શુભરાગ હો, પણ હૈ વિભાવ, ઉસમેં નિષ્ઠ હૈ, ટિકા હૈ, રુચિ હૈ, વહાં લીન હૈ, વહ સ્વાત્માસે ભ્રષ્ટ **બહિરાત્મા હૈ.** આહાહા! સમજમેં આયા? અંતરાત્મા ને બહિરાત્માની આટલી વ્યાખ્યા. આત્મા આનંદ જ્ઞાયકસ્વરૂપમેં ઉસમેં લીન હૈ યે અંતરાત્મા ઔર ઉસકે સ્વભાવસે ભિન્ન રાગાદિ વિકલ્પ ઉસમેં લીન હૈ વહ બહિરાત્મા. સમજમેં આયા? ચાહે તો પંચમહાવ્રત (પાલકર) નગ્ન દિગંબર સાધુ હુઆ અનંતબૈર, (તો ભી) રાગ હૈ ઉસમેં લીન હૈ. બ્રહ્મનિષ્ઠ નહીં, રાગનિષ્ઠ હૈ. બહિરાત્મા હૈ. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૭, મંગળવાર, તા. ૯-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૫૦, પ્રવચન નં. ૧૭૩ (હિન્દી)**

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. નિયમસાર એટલે મોક્ષનો.. નિયમસાર એટલે મોક્ષકા માર્ગ. ઉસમેં નિશ્ચય પરમાવશ્યક વહ ભી મોક્ષકા માર્ગ હૈ. ૧૫૦વીં ગાથા.

**अंतरबाहिरजप्पे जो वट्टइ सो हवेइ बहिरप्पा ।**
**जप्पेसु जो ण वट्टइ उच्चइ अंतरंगप्पा ॥१५०॥**
**જો બાહ્ય અન્તર જલ્પમેં વર્તે વહી બહિરાતમા,**
**જો જલ્પમેં વર્તે નહિ વહ જીવ અન્તરઆતમા ૧૫૦.**

**ટીકા : યહ, બાહ્ય તથા અન્તર જલ્પકા નિરાસ (નિરાકરણ, ખંડન) હૈ.** બહિર્જલ્પ (અર્થાત્) વચનકા બોલના ઔર અંતરજલ્પ (અર્થાત્) વિકલ્પ કરના. યે દોનોં બંધકે કારણ હૈં. કહતે હૈં, બાહ્ય ને અંતર્જલ્પ વિકલ્પ ઉસકા નિરાકરણ... વહ ચીજ આત્માકી નહીં. **જો જિનલિંગધારી...** જો જિનકા લિંગ દ્રવ્યલિંગ નગ્નપના... મુનિની વાત છેને મુખ્ય. **લિંગધારી તપોધનાભાસ...** બાહ્યક્રિયાકાંડ કરતા હૈ બહોત, તો ઉસકો નામસે તપોધનાભાસ કહનેમેં આયા હૈ. **પુણ્યકર્મકી કાંક્ષાસે...** યહાં તો વહ બાત હૈ. અંદર **સ્વાધ્યાય** કરતે હૈં, **પ્રત્યાખ્યાન, સ્તવન આદિ** ભગવાનકા કરતે હૈં વહ **બહિર્જલ્પ** હૈ. ઉસમેં અંદર ઉસે આશા શુભભાવકી હૈ, વહ શુભભાવકી કાંક્ષા હૈ. વહ બહિરાત્મા હૈ. આહાહા! અંતરાત્મા જ્ઞાનાનંદસ્વભાવ ઉસમેં નહીં આતા ઔર અકેલે શબ્દોંકા વિકલ્પ ઔર અંતર્જલ્પ મનકા વિકલ્પ ઉસમેં જો પ્રવર્તતા હૈ વહ આત્મામેં નહીં પ્રવર્તતા. સમજમેં આયા?

સ્વાધ્યાય કરે, પણ અંતરમેં તો શુભરાગકી ઇચ્છા હૈ. ક્યોંકિ આત્મા રાગસે ને સ્વાધ્યાયકી ક્રિયાસે ભિન્ન હૈ ઐસા અંતર દૃષ્ટિમેં આત્મા તો આયા નહીં, વિકલ્પસે, વાણીસે ભિન્ન હૈ આત્મા ઐસી ચીજકી અંતર દૃષ્ટિ, આશ્રય, અનુભવ હુઆ નહીં તો ઉસકી શુભ પુણ્યકર્મકી હી કાંક્ષા હૈ. આહાહા! સ્વાધ્યાય કરે, પ્રત્યાખ્યાન કરે, સ્તવન કરે, વંદન કરે, કાયોત્સર્ગ કરે વિગેરે. બહિર્જલ્પ (અર્થાત્) વાણીસે બોલના. **ઔર અશન**–આહાર ખાના, **શયન**–સોના, **ગમન**–ચલના ઔર **સ્થિતિ**–સ્થિર રહના—ઇન કાર્યોંમેં **સત્કારાદિકી પ્રાપ્તિકા લોભી વર્તતા હુઆ** હૈ. ક્યોંકિ અંતરકા આત્માકા આનંદકા સ્વાદ તો હૈ નહીં. આહાહા! સમજમેં આયા?

અંતરસ્વભાવ અતીન્દ્રિય આનંદકી મૂર્તિ પ્રભુ આત્મા હૈ ઐસી સમ્યક્-દ્રષ્ટિ તો હૈ નહીં ઔર અકેલી ક્રિયાકાંડ... એ ઊંડે સન્માનનો ભાવ હોય જ, એમ કહે છે. એકલું સન્માનનો (ભાવ) તો પાપ છે. પણ આત્માનું સન્માન નથી એટલે ઊંડે-ઊંડે આ બહારનું સન્માન લેવાની ઇચ્છા છે આમ. કેવી ક્રિયાઓ હું કરું? આવી ક્રિયા કરું, આવી ક્રિયા કરું, મેં અપવાસ કર્યા, મેં મહિનાના અપવાસ કર્યા, સ્વાધ્યાય કરતા હૂં ઔર મૈં સ્થિર રહતા હૂં, ગમન કરતા હૂં, કૈસા વિહાર મેરા હૈ? અશન, શયન ઉસમેં સત્કાર આદિ–સન્માન આદિ, અનુકૂલ દૂસરા માને ઐસી આકાંક્ષાકી પ્રાપ્તિકા લોભી વર્તતા હૈ. આહાહા! બાહ્ય ક્રિયાકાંડવાલે, કહતે હૈં કિ આત્માકે ભાન બિના પુણ્યકી ઇચ્છાસે અને સત્કારાદિ સન્માનકે કારણસે યે ક્રિયા કરતે હૈં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

અંતર ભગવાન આત્મા યે વિકલ્પ–રાગ ઔર વાણીસે તો ભિન્ન હૈ. ઐસી ચીજકી અંતરદૃષ્ટિ તો હુઈ નહીં, સમ્યગ્દર્શન જો અંતરંગ આત્માકે આશ્રયસે હોનેવાલી ક્રિયા હૈ ઉસકી તો ખબર નહીં. બાત ઐસી હૈ. આહાહા! જગતને કઠણ પડે, બહુ લાગે. અપવાસ કરે, નગ્ન રહે, ઇન્દ્રિયોંકો બાહરસે દમે, પણ સબ ભાવમેં શુભભાવકી ઇચ્છા હૈ, ક્યોંકિ શુભરાગસે ભિન્ન ભગવાન નિર્વિકલ્પ આનંદસ્વરૂપ આત્મા ઐસી રુચિ ઔર અનુભવ તો હૈ નહીં. સમજમેં આયા? અપના ભગવાન પૂર્ણાનંદ વીતરાગ નિર્વિકલ્પસ્વભાવી પ્રભુ જિસમેં અંતર્બાહ્ય વિકલ્પ હૈ હી નહીં. અજ્ઞાની યે વિકલ્પમેં વર્તતા હૈ એમ કહતે હૈં, દેખો! **अंतरबाहिरजप्पे जो वट्टइ...** વિકલ્પ–રાગમેં હી ઉસકા વર્તન હૈ. સમજમેં આયા?

ધર્મી રાગકે વિકલ્પમેં વર્તતા નહીં. આહાહા! હો વિકલ્પ, પણ ધર્મી તો અંતર્મુખ દૃષ્ટિકે કારણ આત્મામેં હી વર્તતા હૈ. બહુ કઠણ. સમજમેં આયા? આત્મા શુદ્ધનો ભંડાર ભગવાન આત્મા, અતીન્દ્રિયરસનો રસીલો પ્રભુ આત્મા છે. ઐસા અંતર આત્માકા આનંદ જો વસ્તુકા સ્વરૂપ હૈ ઉસકા તો આનંદ આયા નહીં ઔર ક્રિયાકાંડમેં, રાગમેં જુડ ગયા. ઉસમેં તો શુભકી કાંક્ષા હૈ ઔર સત્કાર આદિકા ભાવ હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? વહ **પ્રાપ્તિકા લોભી વર્તતા** હૈ, લોભી હુઆ, **લોભી વર્તતા હુઆ અન્તર્જલ્પમેં મનકો લગાતા હૈ...** દેખો! રાગમેં લગાતા હૈ, જો ચીજ વિકલ્પ હૈ, વિભાવ હૈ ઉસમેં વર્તતા હૈ. ધર્મી રાગમેં નહીં વર્તતા. ચાહે તો ચૌથે ગુણસ્થાન હો, પાંચવે હો કિ મુનિ હો, વહ તો ભગવાન આત્મા.... ઔર સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સ્તવન ભગવાનકા કરે, લાખો સ્તુતિયાં કરે. વહ તો વાણી હૈ ઉસમેં ક્યા આયા? ઔર ઉસ તરફકા વિકલ્પ હૈ વહ ભી રાગ હૈ. આહાહા! અજ્ઞાની વહ રાગમેં વર્તતા હૈ એમ કહતે હૈં. માર્ગ વીતરાગકા અલૌકિક માર્ગ હૈ.

કહતે હૈં... યહાં આ ગયા હૈ પહલે. લાખો સ્તુતિ કરતા હૈ, નહીં? પહલે આ ગયા હૈ. એ ક્રિયા. બાહ્યકી ક્રિયાકાંડમેં ઉપવાસ ને ઉણોદરી, ભક્તિ ને વિનય, શાસ્ત્રસ્વાધ્યાય ને વાંચન

ને મનન, ધર્મકથા કહના—ઇન સબ વિકલ્પમેં અજ્ઞાની વર્તતા હૈ. આહાહા! રાગમેં વર્તનેવાલા બહિર્બુદ્ધિવાલા હૈ, બહિરાત્મા હૈ. સમજમેં આયા? ચાહે તો શુભરાગ હો, પણ વહ હૈ તો રાગ. ભક્તિકી ક્રિયા, સ્વાધ્યાયકી ક્રિયા, પ્રત્યાખ્યાનકી ક્રિયા, સ્તવનકી ક્રિયા, વંદનકી ક્રિયા, પ્રતિક્રમણકી ક્રિયા—શુભરાગ હૈ વહ તો રાગમેં વર્તતા હૈ. રાગરહિત સ્વભાવમેં વર્તતા નહીં. આહાહા! જો અણાવશ્યક હૈ ઉસમેં વર્તતા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? યે આવશ્યક નહીં. આહાહા!

આવશ્યક તો અંદર ભગવાન ચિદાનંદ પ્રભુ ઉસમેં સન્મુખ હોકર અંદર વર્તના, પર્યાય દ્રવ્યસ્વભાવમેં જોડ દેના વહ ક્રિયા આવશ્યકકી ક્રિયા હૈ. જો નિર્વિકલ્પ ને વીતરાગી પર્યાય હૈ વહ આવશ્યક ક્રિયા હૈ. યે તો અણાવશ્યક રાગકી ક્રિયા ઉસમેં જોડ દેતા હૈ. પંડિતજી! ભારે આકરું કામ આ તો ભારે! આ તો વ્યવહાર કરે, બિચારા વ્રત પાળે, અપવાસ કરે, હજારો માણસમાં સ્વાધ્યાય અને ધર્મકથા કરે. કહે છે કે પ્રભુ! તારા ચૈતન્ય આનંદનો નાથ એની તને ખબર નથી. જેમાં વર્તવું જોઈએ, રહેવું જોઈએ એ વસ્તુની જ તને ખબર નથી. એથી આ ક્રિયાકાંડના શુભરાગમાં વર્તતો એ બહિરાત્મા જીવ છે. આહાહા! યે ક્રિયાકાંડ નિરર્થક હૈ ભૈયા! પ્રશ્ન કિયા થા ન? નિરર્થક નહીં, સાર્થક હૈ મિથ્યાત્વકે લિયે. આહાહા! ભારે વાતું ભાઈ!

બે વાત. એક અનાવશ્યક ક્રિયા ને એક આવશ્યક ક્રિયા. આવશ્યક ક્રિયા તો અંતર આત્મા આનંદસ્વરૂપમેં એકાકાર હોકર વર્તના ઉસકા નામ આવશ્યક ક્રિયા ઔર વિકલ્પમેં વર્તના વહ અનાવશ્યકમેં જોડ દેતા હૈ આત્માકો, એમ કહતે હૈં. આહાહા. યે **લોભી વર્તતા હુઆ અંતર્જલ્પમેં મનકો લગાતા હૈ...** શુભરાગમેં જોડ દેતા હૈ મનકો, આહાહા! વહ બહિરાત્મા જીવ હૈ. રાગ અપની ચીજ નહીં, પુણ્યકી ક્રિયાકા ભાવ અપના નહીં, ઉસમેં એકાકાર હોતા હૈ વહ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! ભારે લાગે આકરું ક્રિયાકાંડ કરનારને. હાય, હાય! અમે આવું આવું કરીએ. પણ શું કરે છે તું? સાંભળને! જે કરવાનું છે એ કરતો નથી અને નહીં કરવાનું કરે અને એને કરવા જેવું છે એમ માને. પંડિતજી! .... આવો માર્ગ? યે હો રહા હૈ. આહાહા!

બહિર્જલ્પ એટલે વાણી આદિ, સ્વાધ્યાય, શાસ્ત્ર બોલના, વાંચના, પર્યટના, બાહ્ય ધર્મકથા કહના, પણ વહ તો સબ બહિર્જલ્પ હૈ, વાણીમેં જુડા હૈ વહ ભી રાગ હૈ. ઔર ખાના-પીનેકી ક્રિયામેં રાગ આતા હૈ ઉસમેં જોડ દેના વહ અંતર્જલ્પ હૈ. દોનોં જલ્પ નામ વિકલ્પમેં વર્તતા હૈ વહ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ હૈ. યે તો અનાદિસે ઐસે વર્તતા હૈ ઉસમેં નવીન ક્યા હૈ? સમજમેં આયા? જૈસે અશુભભાવમેં વર્તતા હૈ, ઐસે શુભરાગમેં વર્તતા હૈ. દોનોં બાત તો એક હી હુઈ. આહાહા! રાગ દાહ.. 'રાગ આગ દહે..' યે શુભરાગ રાગ હૈ, અગ્નિ.. અગ્નિ હૈ. આહાહા! સમજમેં આયા? ભગવાનની ભક્તિકા–સ્તુતિકા ભાવ વહ ભી રાગ હૈ, પંચમહાવ્રતકા

પરિણામ વહ ભી રાગ હૈ. ઓહોહો! સામાયિક, ચોવિસંથો (આદિ) છ પ્રકારકા બાહ્ય આવશ્યક યે ભી રાગ હૈ. રાગમેં વર્તતા હૈ વહ વીતરાગમૂર્તિ ભગવાનમેં વર્તતા નહીં. સીધી વાત છે. મધ્યસ્થ હોકર સચ ક્યા હૈ ઉસે સમજના ચાહિયે. સમજમેં આયા? હમ ઐસા માનતે હૈ, સારા લોક ઐસા માનતા હૈ—ઉસકે સાથ સંબંધ ક્યા હૈ? યે તો વીતરાગમાર્ગ હૈ. સમજમેં આયા? આહાહા!

કોઈ કહતે હૈં કિ દ્રવ્યલિંગી ને ભાવલિંગીકી અભી ખબર ન પડે. ઐસા ન કહો કિ યે દ્રવ્યલિંગી હૈ ને યે ભાવલિંગી હૈ. .... યહાં તો ચોખ્ખા કહતે હૈં, બાહ્યક્રિયામેં, રાગમેં પ્રવર્તતા હૈ વહ જિનલિંગી દ્રવ્યલિંગી, બાહ્યલિંગી હૈ. સમજમેં આયા? જિસકી શ્રદ્ધા ને ઉપદેશમેં ભી વહ આતા હૈ કિ યે કરના.. યે કરના, વ્રત પાલના, ભક્તિ કરના, પૂજા કરના, સ્તુતિ કરના, સ્તવન કરના, જાત્રા કરના. ઐસે કરના.. કરના.. કરના શુભરાગ. વહ તો આતા હૈ. વહ ઉપદેશ મિથ્યા ઉપદેશ હૈ. સમજમેં આયા? માર્ગ સત્યકા અલૌકિક માર્ગ હૈ. સર્વજ્ઞ પરમેશ્વરમેં યે માર્ગ હૈ, દૂસરે હૈ નહીં. (જૈનમેં) જન્મે પણ ઉસ ચીજકા પતા નહીં. હમ દિગંબર હૈં, વહ કહે હમ શ્વેતામ્બર હૈ, વહ કહે હમ સ્થાનકવાસી હૈં.

યહાં તો કહતે હૈં કિ અપને-અપને શાસ્ત્રકી સ્વાધ્યાય, પ્રત્યાખ્યાન, સ્તવનાદિ કરે ઔર હિલન-ચલનેકી ક્રિયામેં બરાબર ઇર્યાસે ચલે, દેખે ઐસે. એમ કહતે હૈં. ઉસમેં ક્યા હૈ? અંતરદૃષ્ટિ તો હૈ નહીં, ઉસકી બાહ્ય દૃષ્ટિમેં પુણ્યકી કાંક્ષા, સત્કારકી ઇચ્છા હૈ એમ કહતે હૈં. સમજમેં આયા? **અંતર્જલ્પમેં મનકો લગાતા હૈ**... ત્યારે કહે, સમકિતીકો ક્યા ઐસા વિકલ્પ નહીં આતા? વિકલ્પ રહિત હો ગયા હૈ? આતા હૈ, પર ઉસમેં જ્ઞાનીકા–ધર્મીકા વર્તન નહીં હૈ. ઉસકા જાનનેવાલા હૈ. સમજમેં આયા? વહ વર્તતા હૈ આત્મા જ્ઞાનાનંદસ્વભાવ ચૈતન્યપ્રભુ આનંદકે મહાનિધાનમેં. ધર્મીકા વર્તન–રહના તો વહાં હૈ. સમજમેં આયા? રાગ આતા હૈ પણ ઉસમેં ધર્મી વર્તતા નહીં એમ કહતે હૈં. આહાહા! દૂસરી ભાષાસે ઐસે કહા કિ અકેલા વ્યવહાર ક્રિયાકાંડમેં, રાગમેં વર્તતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ જીવ બહિરાત્મા હૈ.

ત્યારે કહે, ધર્મીકો ઐસા વ્યવહારકા વિકલ્પ બહિર્‌કા આતા હૈ કિ નહીં? આઓ, પણ ઉસમેં વર્તન નહીં, ઉસમેં રહતા નહીં. રહતે હૈં રાગસે ભિન્ન જ્ઞાયકસ્વરૂપમેં–ઉસમેં રહતે હૈં. પોપટભાઈ! ભારે આકરું કામ. આહાહા! આવો માર્ગ. આ તો બહુ આકરો એલ.એલ.બી. જેવો છે એમ કહે. બાપા! હજી તો આ એકડાની વાત છે ભાઈ! અંતર ભગવાન આત્મા અપના નિજાધીન.. નિજાધીન–નિજસ્વરૂપ આધીન નિધાન ઉસકા આશ્રય ન લેકર, જિસને પુણ્યકી ક્રિયાકા શુભકા આશ્રય લિયા ઔર ઉસમેં વર્તન કરતા હૈ, યે તો અનાદિ કાલકી બહિરાત્મબુદ્ધિ હૈ. યહ કોઈ નવી ચીજ નહીં. સમજમેં આયા?

**નિજ આત્માકે ધ્યાનમેં પરાયણ વર્તતા હુઆ...** દેખો! **जप्पेसु जो ण वट्टइ**.. એમ છેને? '**ण वट्टइ**'નો અર્થ અસ્તિ કરે છે. નિજ આત્માકે ધ્યાનમેં અર્થાત્ અંતર જ્ઞાનાનંદ મૈં હૂં, જ્ઞાનકા પૂંજ મૈં હૂં ઐસી ચીજમેં જિસકો વર્તન હૈ, દૃષ્ટિ હૈ, એકાગ્રતા હૈ, વહ તો નિજ આત્માકે ધ્યાનમેં હી પરાયણ હૈ. અપની દૃષ્ટિ વહાં હૈ ઔર વહીં ઉસકી તત્પરતા હૈ. ધર્મીકી તત્પરતા સતત–નિરંતર આત્મા પ્રતિ હૈ. આહાહા! ભારે કામ ભાઈ! માણસ શાંતિથી... આવા ચોખ્ખા શાસ્ત્ર પડ્યા છે. આ કાંઈ નવા નથી. સંતોએ પહેલેથી તૈયાર કર્યા હૈ હજારો વર્ષથી. દો હજાર વર્ષ પહલેસે તો કુંદકુંદાચાર્ય કહતે હૈં. અનંત કાલસે જો ભાવ (ભગવાન) કહતે હૈં વહ કુંદકુંદાચાર્ય કહતે હૈં ઔર ઉસકી (-ગાથાકી) ટીકા કરનેવાલે નૌસો વર્ષ પહલે હુએ. સમજમેં આયા?

ન્યાયમેં ભી બૈઠતા હૈ ન? કિ અપના સચ્ચિદાનંદ પ્રભુ જિસમેં પુણ્યકા વિકલ્પ ભી નહીં ઐસી ચીજમેં દૃષ્ટિ કરકે વર્તના વહી ધાર્મિક ક્રિયા ને ધર્માત્મા હૈ. ઉસકો રાગાદિ આતા હૈ વ્યવહાર, પણ વ્યવહારમેં વર્તન નહીં. ધર્મીકા વર્તન નિશ્ચય અપને સ્વભાવમેં હૈ. સમજમેં આયા? ધર્મીકો ભી વ્યવહાર હોતા તો હૈ ઐસા કહનેમેં આતા હૈ. ખરેખર તો ઉસે વ્યવહાર ભી નહીં. પણ ભાષા ક્યા કરે? સમજમેં આયા? દો નયકા વિષય હૈ. આ ગયા હૈ અપને. સમ્યગ્દૃષ્ટિકો હી નિશ્ચય ને વ્યવહાર આવશ્યક હૈ. આ ગયા હૈ ન? કલ આયા થા. ચૌથે ગુણસ્થાનસે બારહવે ગુણસ્થાન તક નિશ્ચય-વ્યવહાર દોનોં હૈ. હો, પણ વહ મેરા હૈ ઔર ઉસમેં વર્તન કરતા હૂં ઐસી ઉસમેં દૃષ્ટિ નહીં. વહ તો જાનનેવાલા હૈ. આહાહા! સમજમેં આયા? માર્ગની અપૂર્વતા, અલૌકિકતા છે ભાઈ! આહાહા! સાધારણ કાયરના કામ નથી ત્યાં, એમ કહે છે.

જેની સ્વભાવ ઉપર તત્પરતા થઈ છે, વહાં જિસને દૃષ્ટિ કી હૈ–જામી છે. ભાઈ! કાલ શબ્દ બોલતા હતા. એનો ઘરનો શબ્દ–એની ઘરની ભાષામાં બોલે છે હોં. 'જામી છે' એમ બોલ્યા હતા. બે-એક ફેરી બોલ્યા હતા. નહીં? પહેલાય બોલ્યા હતા. એનું વાક્ય લાગે છે. વ્યક્તિગત વાત કરે છેને. 'જામી છે.' કાલ ખબર છે? પરમ દિ' રવિવાર. પહેલાય બોલ્યા હતા ચંદુભાઈ. એને એવું લાગે છે. તે દિ' એક ફેરી બોલ્યા હતા. જામી છે. એનો અર્થ? ચંદુભાઈ બોલ્યા હતા. આહીં તો કોઈપણ એક વાક્ય બોલે તો ખ્યાલ તો રહી જાયને કે આ ઠીક.. આ ઠીક.. આ... 'સમજાય છે કાંઈ' એમ જેમ અહીં કહેવાય છેને, એ એક વાક્ય હોય છે એ જાતનું. એને 'જામી છે' એમ કહ્યું. આહાહા!

કહે છે કે જિસ **નિજ આત્માકે**... પાછો એમ ખુલાસા કર્યો. ભગવાન પરમાત્માકા આત્મામેં ધ્યાન કરના વહ તો વિકલ્પ હૈ. વહ તો પરદ્રવ્ય હૈ અને પરદ્રવ્યાનુસારી વૃત્તિ તો રાગવાલી હૈ. આહાહા! સમજમેં આયા? **નિજ આત્માકે ધ્યાનમેં**... ભગવાન નિજ આત્મા તો ચિદાનંદ ધ્રુવ હૈ, ઉસમેં ધ્યાન એટલે પર્યાય–ઉસ તરફકી એકાગ્રતા... સમજમેં આયા? નિજ

આત્મા વહ દ્રવ્યસ્વભાવ હુઆ, ધ્યાનમેં લીનતા વહ એકાગ્રતા. ઉસમેં **પરાયણ વર્તતા હુઆ**... અપને સ્વભાવ સન્મુખમેં હી તત્પરતા જિસકી હૈ ઐસે વર્તતે હુએ... આહાહા! વિકલ્પમાં વર્તનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ, અપને દ્રવ્યસ્વભાવમેં વર્તનેવાલા સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા હૈ. સમજમેં આયા? ધર્મીકો વાણી નિકલતી હૈ, ઉપદેશ હોતા હૈ, વિકલ્પ હોતા હૈ, ભક્તિમેં ભી વિકલ્પ હોતા હૈ, પણ ધર્મીકી તત્પરતા સ્વભાવ સન્મુખમેં હૈ. રાગ સન્મુખમેં તત્પરતા નહીં. આહાહા! સમજમેં આયા?

ઐસી પહલી સચ્ચી સમજણ કરના વહ કરના (-ક્રિયા) નહીં હૈ? કુછ કરના હૈ. ક્યા કરના હૈ? સચ્ચી સમજણ (અર્થાત્) જ્ઞાનમેં ઐસી બાત રખના યે ભી ક્રિયા કરના નહીં હૈ? ક્યા બાહ્યક્રિયા, રાગક્રિયા યે હી ક્રિયા કરના હૈ? આહાહા! રાગકી પહલે સમજણ તો કર કિ ઐસા હૈ. ઐસા જ્ઞાનમેં જમ-જામી જાય વાત. ઓહો! સ્વકે આશ્રયસે વર્તના ઔર સ્વકે અંદરમેં વર્તના વહી ધર્મ હૈ ઔર રાગમેં વર્તના વહ ધર્મ નહીં. પણ અકેલા રાગમે વર્તતા હૈ વહ મિથ્યાદૃષ્ટિ તો અધર્મમેં વર્તતા હૈ. સમજમેં આયા? ઔર ધર્મી નિજાત્મામેં તત્પર હૈ. ફિર ભી ઉસકો વિકલ્પ આતા હૈ, વ્યવહાર હોતા હૈ, પણ વહ વ્યવહારમેં તત્પર નહીં, ઉસસે પૃથક્ રહકર ઉસકો જાનતા હૈ. આહાહા!

હજી માર્ગની રીતની ખબર નહીં અને એકદમ થઈ ગયા મુનિ ને એકદમ શ્રાવક ને બાર વ્રતધારી, પડિમાધારી, અગિયાર પડિમા. અમારા રામજીભાઈ કહે કે પંદર પડિમા હોય તો પંદર લઈ લઈએ. ક્યાં અહીંયા ભાન છે અંદર? પંદર હોય તો પંદર લાવને. કોને કહેવી પડિમા? અગિયારમું શું? વીસ પડિમા લઈએ, લાવો. આહાહા! પોપટભાઈ! આહા! ભાઈ! એ ચીજનું-વસ્તુનું માપ શું છે અને વિકલ્પની મર્યાદા કેટલી-કિતની હૈ ખબર નહીં. શુભવિકલ્પકી મર્યાદા તો પુણ્ય જિતની હૈ. ઉસમેં વર્તના બહિરાત્મ(પના) હૈ. આહાહા! એ અંતરભાવ સિવાય, અંતરંગ સિવાય બહિરંગભાવ છે એ. 'અંતરંગ' યહાં આયેગા. આહીં ક્યાંક છે આગળ. અંતરંગ-અંતરંગ શબ્દ છે, અભ્યંતર અંગ. આ અંતરાત્મા છેને. પછી ૨૫૯માં. ૨૫૯ કળશમાં. **અભ્યંતર અંગ પ્રગટ કિયા હૈ**. આહાહા! વિકલ્પ જો હૈ યે તો બહિરંગ હૈ, અપના નિજ અંગ નહીં. આહાહા! ૨૫૯ કળશ.. કળશ. આમાં જ આવશે. ભારે ગજબ ટીકા તે પણ ટીકા! થોડે શબ્દમેં સારા—ગાગરમેં સાગર ભર—દિયા હૈ.

કહતે હૈં, અરે! જો નિજ આત્માકે ધ્યાનમેં પરાયણ હૈ, તો પહલી ચીજ ક્યા હૈ ઐસા અનુભવ તો હુઆ હૈ. અબ અનુભવ હોકર યે ચીજ 'આત્મા હૈ' ઉસમેં એકાકાર (હોને)કી તત્પરતા હૈ, વે **નિરવશેષરૂપસે (સમ્પૂર્ણરૂપસે) અન્તર્મુખ રહકર...** સમસ્તપને વે અંતર્મુખમેં હી હૈં એમ કહતે હૈં. બહિર્મુખકા વિકલ્પ હોતે છતે, ધર્માત્મા મુનિ તો નિરવશેષ સંપૂર્ણપણે અંતર્મુખ રહકર... આહાહા! સમજમેં આયા? થોડા બહિરમેં રહે, થોડા અંતર્મુખમેં રહે—ઐસા

નહીં એમ કહતે હૈં. નિરવશેષ–અવશેષ બાકી રાખ્યા વિના. અંતર્મુખ રહકર... આ કોઈ કહે... આહાહા! જ્ઞાનસ્વભાવમેં **અંતર્મુખ રહકર (પરમ તપોધન)**... ઓલામાં તપોધન કહ્યું હતું, પણ પરમ તપોધન નહોતું અને દ્રવ્યલિંગધારી–જિનલિંગધારી તપોધનાભાસ એમ કહ્યું.

અકેલા ક્રિયાકાંડકે રાગમેં વર્તતા હૈ ઔર રાગરહિત અપના ચિદાનંદ ભગવાનમેં દૃષ્ટિ અનુભવ નહીં, વહ તો તપોધનાભાસ હૈ. અને અહીંયા પરમતપોધન (કહ્યું). જો ભગવાન આત્મા ઉસકે સન્મુખ હોકર લીનતામેં તત્પર હૈ યે સર્વથા અંતર્મુખ હૈ. એ પરમતપોધન... લખ્યું છે અંદર. પાછળ છે ખરું. **ઇસીલિયે પરમતપોધન સાક્ષાત્ અંતરાત્મા હૈ**. છેલ્લું છે એટલે ન્યાં લખ્યું છે. સમજાય છે કાંઈ? આહા! આવું પણ નિશ્ચયનું સ્વરૂપ? આ નિશ્ચય તો અત્યારે થઈ શકે નહીં એમ કહે છે લ્યો. અત્યારે તો વ્યવહાર જ હોય. વ્યવહાર જ હોય, એમ કરીને એનો વ્યવહાર છે એ જ વ્યવહાર, બસ. નિશ્ચય અત્યારે ન હોય, નિશ્ચય આઠમે ગુણસ્થાને હોય કાં સાતમે હોય. એ કોઈ વખતે કોઈક બોલી નાખે... ખબર નથી. આહીં તો સ્વદ્રવ્યને આશ્રયે નિશ્ચય ચોથેથી છે, સાંભળને! સમજમેં આયા?

સ્વ-ચૈતન્યમાં લીનતા ને એકતા તો ચોથેથી છે. ઔર વિકલ્પ જો હૈ ઉસમેં, વ્યવહાર હો, (પણ) ઉસમેં વર્તતે નહીં. આહાહા! દિખતા હૈ ન કિ વર્તતે હૈં? કિ વર્તતે નહીં. ઉસકો જાનનેમેં વર્તતે હૈં. વ્યવહારકા જ્ઞાન જ્ઞાનમેં વર્તતા હૈ. આહાહા! વ્યવહારકા જો જ્ઞાન હૈ અપના ઉસમેં વર્તતે હૈં, વ્યવહારમેં નહીં. આહાહા! આવો માર્ગ વીતરાગનો. કાયરને તો સાંભળીને કંપારી ઉઠે આ..હા આ બધો નિષેધ થઈ જાય છે. મહારાજ! અમે મુનિ છીએ, માંડ-માંડ દ્રવ્યલિંગ ધારીએ, કઠોર તપસ્યા કરીએ, પંચમહાવ્રત પાળીએ, ૨૮ મૂળગુણ પાળીએ અને કહે તમે બહિર્લિંગી મિથ્યાદૃષ્ટિ. આહાહા! ત્યારે કહે, ખબર કેમ પડે? કહે છેને આ. શું કીધું? અંતર દૃષ્ટિનો જેને અભાવ છે, ચિદાનંદ ભગવાન હું છું એવી દૃષ્ટિ, જ્ઞાન ને સ્થિરતાનો તો અભાવ છે. માટે એકલા ક્રિયાકાંડમાં વર્તનારા બહિરાત્મા તપોધન... પરમ નહીં, પણ તપોધન કહીએ, બિચારા એટલી ક્રિયા કરે છે તો. સમજાણું કાંઈ?

આહીં તો નગ્ન હોય એને દ્રવ્યલિંગી લીધા છે. વસ્ત્રવાળા તો દ્રવ્યલિંગેય નહીં. સમજાય છે કાંઈ? વસ્ત્ર સહિત જે મુનિ માને એ તો દ્રવ્યલિંગેય નહીં. દ્રવ્યલિંગ ઉસે હોતા નહીં ભગવાન એમ કહતે હૈં. દ્રવ્યલિંગ તો, જિસકા નગ્ન(વેશ) હૈ, પંચમહાવ્રત હૈ, ૨૮ મૂળગુણ હૈ, વહ દ્રવ્યલિંગ હૈ. કુછ હૈ નહીં. જો વસ્ત્ર-પાત્ર સહિત (અપનેકો) મુનિ માનતે હૈં વહ દ્રવ્યલિંગી ભી નહીં, ભાવલિંગી ભી નહીં, કુલિંગી હૈ. યે માર્ગ હૈ ભાઈ! ઇસલિયે તો 'જિનલિંગધારી' લિયા હૈ. જિનલિંગધારી... જિન નામ વીતરાગકી જૈસી નગ્ન મુદ્રા થી ઐસા નગ્નપના હુઆ હૈ. સમજમેં આયા? અને વસ્ત્રસહિત હૈ યે જિનલિંગ ભી નહીં. માર્ગ ઐસા હૈ ભાઈ! આહાહા! સમજમેં

આયા? નિયમસાર તો ગજબ કામ કરતા હૈ હોં. આહાહા! પરમાત્મા ખડો કરે છે આમ અંદરથી. આવો પ્રભુ તું છો. તેરી ચીજ ઐસી નિર્વિકલ્પ હૈ. લગાવ ત્યાં લીનતા. આહાહા!

યે વર્તન તેરા અને યે આવશ્યક ક્રિયા તેરી. બાકી વ્યવહારકા વિકલ્પ વહ આવશ્યક ક્રિયા તેરી નહીં. તેરી નહીં ઉસમેં અકેલા વર્તના વહ બહિરાત્મા હૈ. ઔર તેરી નહીં, (પણ) હો ઉસકે જાનનેમેં વર્તના (વહ) નિશ્ચય આવશ્યક ક્રિયાવાલા અભ્યંતર ધર્માત્મા હૈ. આહાહા! **(પરમ તપોધન) પ્રશસ્ત-અપ્રસ્ત સમસ્ત વિકલ્પજાલોંમેં કભી ભી નહીં વર્તતા...** દેખો! ભાષા. પરમ તપોધન—સંત-મુનિ સાચા, વે કભી શુભ ને અશુભ વિકલ્પજાલમેં વર્તતે હી નહીં. તબ યે પંચમહાવ્રતાદિ આતા હૈ ન? આતા હૈ, પણ ઉસમેં વર્તતે નહીં. સમજમેં આયા? આહાહા! ગજબ બાત હૈ! વિકલ્પ–રાગકી જાલમેં વર્તના ઉસકા અર્થ કિ ઉસમેં એકાકાર હોના, તો સ્વભાવકા એકાકાર(પના) છૂટ ગયા, સ્વભાવમેં એકાકાર હૈ નહીં, આહાહા! બહુ માર્ગ... કાયરને, પૂર્વના આગ્રહીવાળાને તો એવું લાગે.. આહાહા! પાછું સોનગઢને નામે કહેતા હતા ત્યાં. સોનગઢ આમ કહે છે. આ પુસ્તક સોનગઢનું છે કે ભગવાનનું છે? જેઠાભાઈ!

શ્રોતા : યે શાસ્ત્ર નહીં આયા થા મહારાજ!

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ જુદું. પણ ભગવાનકા હૈ કિ નહીં? સંતોકા (કહા) અનાદિકા માર્ગ યે હૈ.

શ્રોતા : સંતો તો જેવો માર્ગ છે એવો પ્રકાશે છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો આમ છે–ઐસા હી હૈ. એ તો સ્વકાળે જણાવે છે. એથી કાંઈ સોનગઢનું થઈ ગયું એ? અને ભગવાનનું બીજું છે? આહાહા!

સચ્ચા તપોધન નામ મુનિ ઉસકો કહતે હૈં કિ જો અપના શુદ્ધ દ્રવ્યસ્વભાવ ઉસકે ધ્યાનમેં લીનતા તત્પરતા હી હૈ ઔર શુભ-અશુભ વિકલ્પકે ભાવ હૈં ઉસમેં તત્પર નહીં, કભી ભી વર્તતા નહીં. એક સમય ભી સચ્ચે સંત શુભરાગમેં વર્તતે નહીં. આહાહા! ત્યારે કહે, શુભરાગ આતા નહીં ઉસકો? ઉસકો નહીં આતા. રાગકા (ભાવ) આતા હૈ, (પણ) રાગમેં વર્તતે નહીં. આહાહા! અપને સન્મુખકા અપના સ્વપરપ્રકાશક જ્ઞાન ઉસમેં વ્યવહાર જાનનેમેં આયા હૈ તો જ્ઞાનમેં વર્તતે હૈં, રાગમેં વર્તતે નહીં. આહાહા! યે તો પરજ્ઞેય હૈ. પરજ્ઞેયમેં વર્તના કિ સ્વજ્ઞેયમેં વર્તના? સુમનભાઈ! બહુ આકરું છે હોં. ઓલું તમારું તેલ કરતા આ ઝીણું છે. તેલમાં તો..... આહાહા! એ નટુ! આ દુકાનમાં ન્યાં પાલેજમાં કરતા હતા. બબ્બે લાખ પેદા કરે બાર મહિને, લોકોને એમ થઈ જાય કે આહાહા.. મોટા જાણે હુશિયારના દિકરા હોય. હુશિયાર, લ્યોને દિકરા નહીં. એના બાપ તો સમજવા જેવા હતા. આ તો એનાથી ઓલા... છે. આહાહા!

એટલે કે કાંઈ રળવાનું બુદ્ધિથી કમાય છે? યે તો પૂર્વકે પુણ્યકા પરમાણુ પડા હો તો સંયોગ ઐસા હો જાય. બે લાખ-પાંચ લાખ-દસ લાખ. ધૂળમેં હૈ નહીં ઉસમેં. તેરી પૂંજી કહાં

હૈ? યે તો જડકી હૈ. તેરી તો રાગ ભી પૂંજી નહીં, યહાં તો કહતે હૈં. શુભરાગ જો આતા હૈ યે ભી તેરી પૂંજી નહીં. તેરી નહીં ઉસમેં વર્તના વહ તો મિથ્યા દ્રષ્ટિ હૈ એમ કહતે હૈં. ઐસા હૈ? પંડિતજી! ઉસમેં ઐસા હૈ? આહાહા! પ્રશસ્ત ને અપ્રશસ્ત, શુભ અને અશુભ.. નથી કીધું? શુભરાગ હૈ ન, પ્રશસ્ત રાગ હૈ ન. પ્રશસ્ત રાગ હૈ ન. પણ પ્રશસ્ત રાગ હૈ કિ અરાગ હૈ? એ શુભરાગ કે અશુભરાગ એ તો વિકલ્પજાળ છે. કરોળિયો જેમ લાળ કાઢીને જાળમાં ઘૂસી જાય છે. કરોળિયા હોતા હૈ ન? કરોળિયા ક્યા કહતે હૈં? (મકડી). મકડી હોતી હૈ ન. લાળ.. લાળ કાઢીને ઉસમેં ઘૂસ જાતી હૈ. ઐસે યે અજ્ઞાનભાવમેં અપને સ્વભાવકા ભાન બિના વિકલ્પકી જાલ ઉત્પન્ન કરકે ઘૂસ જાતા હૈ. સમજમેં આયા?

આવો નિર્મળાનંદ માર્ગ પ્રભુનો એટલે કે આત્મા. આત્માકા ઐસા માર્ગ સુનનેમેં મિલે નહીં, તો કબ ઉસકા પ્રયોગ કરકે અપની ચીજમેં જાય? સમજમેં આયા? બહારની હો-હા.. હો-હા. ...આ બહારની વાતો બધી દેશની.. દેશ માટે આમ કરો, દેશની સેવા કરો. ધૂળેય સેવા કર સકતા નહીં, સુન તો સહી! દેશની સેવાવાળા આવા હોય છે, દેશને અર્પણ કરનારા કેટલા નીકળ્યા! કોણ નીકળે? દેશ તો પરચીજ હૈ. પરચીજકી સેવા કૌન કરે? એય! ગજબ હૈ. યહાં (કહા કિ) તો રાગકી સેવા કરનેવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. આહા! પરકી સેવા કર સકતા હૂં ઐસી માન્યતા મિથ્યાદૃષ્ટિકી હૈ. સમજમેં આયા? જગતથી ભારે ઊંધું હોં. સવળું એ ઊંધાથી ઊંધું જ હોયને. આહાહા! ઓલો તો સેવા કરીએ છીએ, ત્યારે કહે મિથ્યાત્વ સેવે છે. પરની સેવા કરું (એવી) માન્યતા તારી મિથ્યાત્વ છે. સેવા કોણ કરે? આહીં તો, રાગની સેવા કરે એ મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહાહા!

ધર્મી તો વિકલ્પજાલમેં કભી ભી નહીં વર્તતા. આહાહા! અપના જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ, શુદ્ધ આનંદઘન ઉસમેં દૃષ્ટિ હૈ, વહીં રુચિ જમ ગઈ હૈ, તો ઉસમેં હી વર્તતે હૈં. વિકલ્પ હોતે છતે, કભી ભી એક સેકંડ–સમય ભી રાગમેં જ્ઞાની વર્તતે નહીં. આહાહા! સમજમેં આયા? રાગ તો દસવે ગુણસ્થાન તક રહતા હૈ. રાગ હોતા હૈ ન દસવે ગુણસ્થાન તક? વર્તતે નહીં? સમકિત હુઆ, ત્યાગી, મુનિ હુઆ વે ભી નહીં વર્તતે? નહીં વર્તતે, સુન તો સહી! સમજમેં આયા? હવે એ દાખલો આપે છે. દસમા ગુણસ્થાન સુધી રાગ છે. રાગમાં વર્તતા ન હોય તો રાગ હોય કેમ? અરે, સાંભળને! એ ચેતનજી! કહ્યું હતું. શું થાય? આહાહા! ભાઈ! રાગકા હોના દૂસરી ચીજ હૈ ઔર રાગમેં વર્તના દૂસરી ચીજ હૈ. સમજમેં આયા? ધર્મીકો રાગ હોતા હૈ ઐસા કહના ભી વ્યવહાર હૈ. ધર્મીકો તો નિર્મલ પર્યાય હોતી હૈ. આહાહા! 'આત્મામેં' કહા ન? આત્માકે ધ્યાનમેં પરાયણ વર્તતા હૈ, વહ તો ઉસકી નિર્મળદશા હી વર્તતી હૈ. આહાહા!

મુનિ–સચ્ચા સંત શુભ-અશુભ વિકલ્પજાલમેં કભી ભી, એમ. કદી પણ–એક સમય પણ... આહાહા! છદ્મસ્થ મુનિ હૈ, અભી છઠ્ઠે-સાતવે ગુણસ્થાનમેં હૈ, અરે! ચૌથે હૈ તો ભી

રાગમેં વર્તતે નહીં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ ભી વ્યવહાર રાગકા જાનનેવાલા રહતા હૈ. કરનેવાલા ને 'હમારા હૈ' ઐસી માન્યતા ઉસકી હૈ નહીં. ભગવાન! તેરા માર્ગ ઐસા હૈ, તેરી ચીજ હી ઐસી હૈ. આહાહા! પામર થઈને પડ્યો, આ શરીર મારું, વાણી મારી, ધૂળ મારી. આહાહા! આહાહા! એક સમયમાં શરીરના રજકણો બદલાઈ જાય.. આહાહા! પૂનમભાઈને જુઓને! કેસ કર્યા છે ભાઈ! એની ... કેસ કર્યા છે. છાપામાં આવ્યું છે. પૂનમચંદ શેઠ. ....... ખોપરી તૂટી ગઈ બધી. બે પૈડાં (ફરી) વળ્યા માથે. ઓલો બિચારો બચાવવા ભાગતો હતો એને. પાછળ પોલીસ ને ટેક્સી. આ અડફેટમાં... એ તો એ સમયે એમ જ બનવાનું (હતું), એમાં ફેરફાર ત્રણ કાળમાં થાય નહીં. ફરે નહીં. તેરી દૃષ્ટિ પર ઉપર હૈ વહ ઉઠા દે, છોડ દે. રાગ ને પરકી ક્રિયા ઐસી હુઈ-ફૈસી હુઈ. દૃષ્ટિકે વિષયમેં રાગ ભી નહીં ને દૃષ્ટિકે વિષયમેં બાહરકી ક્રિયા ભી નહીં. આહા! અરે! દૃષ્ટિકે વિષયમેં અપની પર્યાય ભી નહીં.

ઐસી દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર લગી હૈ તો તત્પરતા વહીં હૈ. તપોધન–મુનિ કભી ભી નહીં વર્તતા. આ શું વળી? ઐસા ક્યા? મુનિકો રાગ હોતા હી નહીં? વીતરાગ હો ગયે? વીતરાગી હી હૈ. હો ગયે ક્યા? આત્મા વીતરાગી હૈ ઔર જહાં દૃષ્ટિ હુઈ તો આત્મા પર્યાયમેં વીતરાગી હો ગયા. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ ભી વીતરાગી હૈ. આહાહા! રાગવાલા, આસ્રવવાલા આત્મા માનતા હૈ સમ્યગ્દૃષ્ટિ? કિ રાગ ને આસ્રવ રહિત મૈં હૂં ઐસા આત્મા માનતા હૈ? ગુણુભાઈ! બહુ આકરું છે કામ હોં. અલૌકિક વાત છે. આહાહા! ગજબ પણ, સંતોએ પરમાત્માના ધર્મને ગાગરમાં સાગર સમાડી દીધો છે! આહાહા! આવા શબ્દો, આ કથની એ જૈનદર્શન–દિગંબરદર્શન સિવાય ક્યાંય છે નહીં. સમજમેં આયા? યે વસ્તુકા સ્વરૂપ હી ઐસા હૈ. શું થાય? પક્ષથી બોલે કે અમારો પક્ષ તો ઉજળો. પક્ષ કહાં હૈ? યે તો વસ્તુસ્વરૂપ હૈ. યે તો સ્વરૂપ ઐસા હૈ. પક્ષ કિસકા કરના? આહાહા!

**નહીં વર્તતા ઇસીલિયે...** ભાષા દેખો! ધર્મીજીવ મુનિયોં–સચ્ચે સંત શુભવિકલ્પમેં નહીં વર્તતે ઉસ કારણસે **પરમ તપોધન સાક્ષાત્ અન્તરાત્મા હૈ.** કહો, સમજમેં આયા? આહાહા! ઐસા ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ પરમાત્મા ઉસમેં જિસકી તત્પરતા હૈ ઔર વર્તન–વર્તના ભી ઉસમેં હૈ, વે મુનિ વિકલ્પકા ભાવ હોતે છતે ભી ધર્માત્મા ઉસમેં વર્તતે નહીં, વહી પરમ તપોધન **સાક્ષાત્ અંતરાત્મા હૈ**. અંતરાત્મા તો હૈ હી, પણ યે તો પર્યાયમાં સાક્ષાત્ અંતરાત્મા હો ગયા. યે મુનિપના હૈ. આહાહા! જૈનદર્શનકા મુનિપના વહ તો વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા?

જહાં છઠવે ગુણસ્થાનકી ભૂમિકા ઉત્પન્ન હુઈ, આહાહા! વહાં તો વસ્ત્ર-પાત્ર લેનેકા વિકલ્પ તો હોતા નહીં, પણ પંચમહાવ્રતાદિકા વિકલ્પ હો ઉસમેં વર્તતે નહીં. સમજમેં આયા? વહ મુનિ હૈ, પરમાત્માકા સંત ભગત હૈ. વહ તો કહતે હૈં કિ અપને નિજાનંદસ્વભાવમેં હી

તત્પર હૈ. વહીં વે હૈ. રાગ હૈ ઉસમેં કભી વર્તતે નહીં. આવી વાત! હૈ નહીં રાગ? હૈ તો સારી દુનિયા હૈ. ક્યા હૈ? સર્વ દ્રવ્ય પડા હૈ. દ્રવ્ય હૈ તો ક્યા પરદ્રવ્યમેં વર્તતા હૈ આત્મા? પંડિતજી! આહાહા! વાસ્તવિક યહ હૈ. આહાહા! પુણ્ય શુભભાવમેં કભી ભી નહીં વર્તતા. કભી કોઈ કાલમેં ભી, એમ. મુનિ ઇસકો કહતે હૈં કિ શુભરાગમેં કભી ભી વર્તતા નહીં. આહાહા! એક સમય ભી વર્તતા નહીં. આ તે કંઈ વાત! યે તો બાત નહીં, વસ્તુ ઐસી હૈ.

**ઇસીલિયે પરમતપોધન...** આ કારણે તે મહાસંત, જેને અંતરદશા આવી પ્રગટ થઈ. મહાતપરૂપી ધન હૈ ઉસકે પાસ, લક્ષ્મી હૈ. આ વળી તકરાર ઉઠી છેને. સાધુકો ગરીબ કહા કૈલાસચંદજીને. એ તકરાર ઉઠી. ગરીબ તો અપેક્ષાથી કહ્યું એને. ગરીબ એટલે એની પાસે કંઈ બહારની લક્ષ્મી નથી એ અપેક્ષાએ કહ્યું છે. હૈ તપોધન. લ્યો, આ ગરીબની સામે આવ્યું વળી. પણ એનો કહેવાનો આશય બીજો છે, એમ. 'ગરીબ' કહીને એને કાંઈ પણ નથી. જેને કિંચન–(કાંઈપણ) નથી એ અપેક્ષાથી કહ્યું. ત્યાં એની તકરાર ઉઠી. આહીં તો કહે છે કે બાહ્ય કાંઈ નથી એ અપેક્ષાએ ભલે ગરીબ કહો, વસ્તુ તરીકે તપોધન મુનિ છે. આનંદકી લહર ઉઠી હૈ અંદરમેં. વીતરાગકી ધારા ઉઠી હૈ અંદરમેં, ઐસી લક્ષ્મી ઉસકે પાસ હૈ. સમજમેં આયા?

બહારમેં વસ્ત્રકા ટુકડા ભી નહીં ઔર નગ્ન શરીર ભી મેરા નહીં. આહાહા! યે તો જડકા હૈ. ઔર શુભરાગ ભી મેરા નહીં, વહ તો વિભાવ હૈ. યહ (આત્મા) હૈ. સચ્ચા સંત હી સચ્ચા પુંજીપતિ હૈ. અપની લક્ષ્મીકા ધની વહ હૈ. સમજમેં આયા? આ બધા ધૂળના લક્ષ્મીપતિ તો ભિખારા છે. સમજમેં આયા? યે મુનિ તો બાદશાહ હૈ. અપની તપરૂપી લક્ષ્મી અંદર પ્રગટ હુઈ, સ્વનિધાન ખુલ ગયા.. સ્વનિધાન ખુલ ગયા, પ્રવાહ ઉસમેંસે આયા, તપોધન હૈ. ઇચ્છા નિરોધરૂપી, અમૃતરૂપી તપરૂપી ધન જિસકો પ્રગટ હુઆ હૈ, અમૃતરૂપી ધન પ્રગટ હુઆ હૈ— ઐસી ધારા... યે સાક્ષાત્ અંતરાત્મા હૈ. લ્યો. સમજમેં આયા? સાક્ષાત્ અંતરાત્મા. અંતર સ્વરૂપ તો હૈ હી, અંતરાત્મા તો હૈ હી, વસ્તુ તરીકે અંતરસ્વરૂપ, પણ પરિણતિમેં ઐસા (અમૃત) પ્રગટ હુઆ તો સાક્ષાત્ અંતરાત્મા હૈ. **ઇસી પ્રકાર (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિને (શ્રી સમયસારકી આત્મખ્યાતિ નામક ટીકામેં ૯૦વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ..** લ્યો, અમૃતચંદ્રાચાર્યકા ૯૦વા શ્લોક કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૯, ગુરુવાર, તા. ૧૧-૧૧-૧૯૭૧**
**શ્લોક - ૨૫૯, ગાથા - ૧૫૧, પ્રવચન નં. ૧૭૪**

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. એમાં અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. **આ પ્રમાણે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૯૦વા શ્લોક દ્વારા) કહ્યું છે :**

**स्वेच्छासमुच्छलदनल्पविकल्पजाला-**
**मेवं व्यतीत्य महतीं नयपक्षकक्षाम् ।**
**अन्तर्बहिः समरसैकरसस्वभावं**
**स्वं भावमेकमुपयात्यनुभूतिमात्रम् ॥**

કહે છે કે નિશ્ચય પરમ-આવશ્યક ક્યારે થાય? **શ્લોકાર્થ : એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોની જાળો આપોઆપ ઉઠે છે...** વસ્તુ છે એ શુદ્ધ ચૈતન્ય આનંદઘન અભેદવસ્તુ એકરૂપ છે આત્મા. એમાં અનેક પ્રકારોની જાળો, નિશ્ચયથી આવો ને વ્યવહારથી આવો—એવા જે વિકલ્પની જાળો ઉઠે છે, કહે છે કે એ તો આપોઆપ ઉઠે છે. એ સ્વભાવમાં નથી. આત્મા પૂર્ણાનંદ છે, શુદ્ધ ચૈતન્યઘન અબંધસ્વભાવ છે એવો પણ એક નિશ્ચયનો વિકલ્પ–રાગ અને પર્યાયમાં રાગ છે અથવા એક સમયનો અંશ છે એવો પણ એક રાગ–વિકલ્પ સ્વરૂપમાં નથી, છતાં એવા વિકલ્પ નામ રાગની જાળ.. આહાહા! આપોઆપ ઉઠે છે. **એવી મોટી નયપક્ષકક્ષાને (નયપક્ષની ભૂમિને)...** એ નયપક્ષની ભૂમિ છે. દયા-દાનના પરિણામ તો એકકોર રહ્યા, પણ આવો ભગવાન આત્મા જે વસ્તુ તરીકે છે એનામાં નય–વ્યવહાર-નિશ્ચયના વિકલ્પની જે વૃત્તિઓ ઉઠે છે એ એક ભૂમિ છે વિકારની. સમજાણું કાંઈ?

એને **ઓળંગી જઈને...** ચૈતન્યસ્વરૂપ આનંદસ્વરૂપ એકલો જ્ઞાનનો કંદ પ્રભુ એમાં જે આ પ્રકારની નયની ભૂમિકાઓમાં વિકલ્પ જે ઉઠે છે, એ રાગની ભૂમિ છે, એ ચૈતન્યની ભૂમિ નહીં. આહા! ભારે વાત. સમજાણું કાંઈ? એ આત્માની ભૂમિ, એ નયપક્ષકક્ષાને–ભૂમિને ઓળંગી જઈને **(તત્ત્વવેદી) અંદર અને બહાર...** એ તત્ત્વ નામ આનંદસ્વરૂપ ભગવાન એને વેદનારો–અનુભવનારો–એના સ્વાદ લેનારો એવો જીવ અંદર ને બહાર **સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે...** અનુભૂતિ... આત્મા જ્ઞાયક ને આનંદ તેના સન્મુખ થઈને, વિકલ્પની જાળને ઓળંગી જઈને, આનંદનો વેદનાર ધર્મી જીવને બહાર ને અંદર સમતારસ છે. અનુભૂતિની દશામાં સમતા છે અને બહાર પણ શાંતપણું દેખાય છે. સમજાણું કાંઈ? આનું નામ નિશ્ચય પરમ-આવશ્યક કહેવાય છે. સમજાણું કાંઈ?

દેહ આ તો માટી ક્યાંક રહી ગઈ, એ તો જડ છે. શરીર એ જડ, કર્મ જડ, એની પાછળ થતાં સ્વભાવના ભેદના વિકલ્પો એ પણ નિશ્ચયથી તો અચેતન છે, ચૈતન્યની જાત જ નથી. સમજાણું કાંઈ? જેણે જરૂરિયાતનું–હિતનું કાર્ય કરવું છે એણે તો નયપક્ષની ભૂમિકાને પણ ઓળંગી જઈને અંતર ભગવાનની સાથે ભેટો કરવો. આહાહા! એવો જે અનુભૂતિભૂત ચૈતન્ય દ્રવ્યસ્વભાવ એને અનુસરીને થતી અનુભૂતિ... વિકલ્પ એ તો નિમિત્ત પરને અનુસરીને ભેદ ઉઠે છે. આવો જે ભગવાન પૂર્ણાનંદ ને એકલો જ્ઞાયકનો પિંડ પ્રભુ એને અનુસરીને (થતી) અનુભૂતિ, તે બાહ્ય ને અભ્યંતર અનુભૂતિ સમતારસમય છે. એ અનુભૂતિ એવી છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું મોટી. આ તો ધર્મની પહેલી દશાની વાત ચાલે છે.

ધર્મ કાંઈ, આ વ્રત પાળવા ને અપવાસ કરવા એ કંઈ ધર્મ છે? એ ધર્મ નથી, એ તો વિકલ્પ–રાગ છે, એ તો ક્યાંય મૂકી દીધી વાત. પણ પોતે જે વસ્તુ છે એના દ્રવ્ય ને પર્યાયના અથવા ગુણભેદના નિશ્ચય-વ્યવહારના વિકલ્પો ઉઠે એ પણ આત્માની નિજભૂમિ–નિજ અવસ્થા એ નહીં. સમજાણું કાંઈ? એ ધર્મદશા નહીં એમ કહે છે. હું એક ત્રિકાળ પરમાત્મા છું એવો પણ એક રાગનો પક્ષ–નયની ભૂમિકા છે, એ પણ આત્માની ભૂમિકા ને આત્મપર્યાય નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? માર્ગ તો અલૌકિક ને અપૂર્વ છે. એને ઓળંગી જઈને જે બહાર સમતારૂપ ને અંદર સમતા... અનુભૂતિની અંદરની દશામાં આનંદ છે, શાંતિ છે, સમતા છે, બહારમાં પણ સમતા દેખાય છે એમ કહે છે.

**સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે**... ઓલા વિકલ્પોનો ભેદ છે એ એનો સ્વભાવ નથી એમ કહે છે. આહાહા! ભગવાન આત્મા સુંદર ચૈતન્ય-આનંદનું ધામ એને અનુસરીને અનુભૂતિ (એટલે) જ્ઞાનની, આનંદની દશાનો અનુભવ એને અહીંયા પરમ-આવશ્યક કાર્ય ને ક્રિયા કહેવામાં આવે છે. આહાહા! ભીખાભાઈ! આવો માર્ગ વીતરાગ ભારે.... કાને પડ્યો ન હોય એને (એમ થાય કે) શું કહે છે આત્મા? માર્ગ તો આવો છે ભાઈ! પ્રાણભાઈ! અંદરમાં પહોંચવું ભારે કઠણ..... સમજાણું કાંઈ? કહે છે કે બધું બહાર છોડ્યું એમ માન્યું, પણ અંદરમાં વિકલ્પની જાળ છોડે નહીં ત્યાં સુધી ખરેખર 'પર છોડ્યું' એવો અસદ્ભૂત વ્યવહાર પણ એને લાગુ પડતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ તો જ્ઞાન ને આનંદનો પુંજ–ઢગલો આત્મા છે. એમાં આવા વિકલ્પની જાળ એ ચૈતન્યમાં નથી. ખરેખર તો એની દશામાં પણ એ નથી. એ બહારના ઉઠેલા ભાવો છે. સમજાણું કાંઈ? એની દશા તો એને કહીએ કે જે વિકલ્પથી ઓળંગીને અખંડ અભેદ ચૈતન્યને સ્પર્શતી જે દશા છે એ એની અવસ્થા કહીએ. ભીખાભાઈ! આવો માર્ગ છે. લોકોને એવું લાગે કે આ તો એકલું નિશ્ચય-નિશ્ચય... પણ બાપુ! નિશ્ચય એટલે સત્ય. આહાહા! પરમ સત્યનું સ્વરૂપ તો આવું છે. સમજાણું કાંઈ?

જેમાં બહુ વિકલ્પની જાળ... આહાહા! કરોળિયો લાળ કાઢી... કરોળિયો સમજતે હૈં? મકડી. ભગવાન આત્મા અપના આશ્રય છોડકર–પોતાનો આશ્રય છોડીને એ વિકલ્પની જાળમાં ગૂંચાઈ ગયો છે કહે છે. સમજાણું કાંઈ? જ્યાં સુધી એ વિકલ્પમાં વર્તે છે... એ છેને છેલ્લું? **अंतरबाहिरजप्पे जो वट्टइ...** એમ છેને મૂળ? માટે અહીં આધાર આપ્યો છે. એવા વિકલ્પમાં–રાગના અંશમાં વર્તે છે ત્યાં સુધી તો તેની દશા મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ? એ તો રાગના અંશમાં વસે છે, એ સ્વભાવમાં ક્યાં વસે છે? એ ભૂમિને **ઓળંગી જઈને અંદર ને બહાર સમતારસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે....** પર્યાયની વાત છે હોં આ. એની પર્યાયભૂમિકાનો આવો સ્વભાવ છે એમ કહે છે. નય-વિકલ્પની ભૂમિકાનો એ ભાવ એને ઓળંગી જઈને... ભારે! શું છે આ?

**જેનો સમતારસરૂપી એક રસ જ... એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર...** એવી અનુભૂતિમાત્ર... ...... એની મેળાએ પુણ્યને લઈને પૈસા આવ્યા છે. ન્યાં કાંઈ તમારું ડહાપણે કામ નથી કર્યું. એ આવ્યા છે એટલે તમારી પાસે ક્યાં આવ્યા છે? તમારી પાસે આ મારા છે એ મમતા છે. તો આહીં તો કહે છે કે... આહાહા! પ્રભુ! તારું સ્વરૂપ એ નયના વિકલ્પની ભૂમિથી પાર છે. આ રહિત તો છે, પણ એની વિકલ્પની જાળ–વૃત્તિઓ–ભૂમિ એ આત્માની ભૂમિ નહીં. એમાં તો વિષમતા છે એમ કહે છે. શું કીધું? એ તો વિષમતા છે, એ તો વિષમભાવ છે. વિષમભાવ એ જીવનો પર્યાય હોય? એને ઓળંગીને... આહાહા! કેટલું કામ એને કરવાનું છે. જેનો એક જ સમતારસ સ્વભાવ બાહ્ય ને અભ્યંતર એવી જે અનુભૂતિ એ એની દશા, એ એની ભૂમિકા, એ એનો ભાવ છે. નિશ્ચય ને વ્યવહારના વિકલ્પ એ એનો ભાવ નહીં, એ આત્માનો ભાવ નહીં. આહાહા! એક શ્લોકમાં કેટલું ગોઠવ્યું છે!

**એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને...** દેખો! પોતાનો ભાવ કહો કે પોતાનું સ્વરૂપ કહો. ટીકાની વાત આ નથી. સમજાણું કાંઈ? પોતે ભગવાન વીતરાગ સમરસનો કંદ છે, જિનરાજ છે. એનો આશ્રય લઈને જે દશા સમરસની પ્રગટી એ જ એનું સ્વરૂપ અથવા પર્યાય અથવા એનો એ ભાવ છે. સમજાણું કાંઈ? દ્રવ્ય-ગુણ સ્વરૂપ તો અલૌકિક છે, પણ કહે છે કે એને આશ્રયે થતી પરમ-આવશ્યકની ક્રિયા જે અનુભૂતિ એ એનું સ્વરૂપ છે, એ એની પર્યાયનો ભાગ છે. વિકલ્પની જાળ એ એની પર્યાયનો ભાવ નથી. આહાહા! કેટલી ધીરજ જોઈએ! સમજાણું કાંઈ? આ અમૃતચંદ્રાચાર્યનો આધાર આપ્યો છે. **એવા સ્વરૂપને પામે છે**. વિકલ્પની જાળને ઓળંગે છે તે આવી દશા–સમરસના વીતરાગીભાવની પર્યાયને પામે છે. કહો, સમજાય છે કે નહીં? આવો માર્ગ છે આત્માનો. વાદવિવાદ ને ઝઘડા કરે તો કંઈ પાર આવે એવું નથી. ઓલું સાધન કહ્યું છેને. અહીં તો કહે છે કે વિકલ્પની જાળ એ સાધન નથી. તારે શું કહેવું છે?

ભાઈ! એ તો એની ભૂમિકામાં કષાયની મંદતાની જાત હોય છે એટલું જણાવવા એને સાધન, કારણ ને હેતુ કહ્યો, બાકી વસ્તુ એ નથી.

જ્યારે વિકલ્પ પોતાની જાતના કે હું દ્રવ્ય છું અખંડ-અભેદ, એક સમયની પર્યાય વ્યવહારે છે, નિશ્ચયથી આ છે—એવા વિકલ્પની જાળ પણ જ્યાં સાધકપણે કામ કરતી નથી. આહાહા! એને તો અહીં, ઓળંગી જઈને આવા સ્વરૂપને પામે છે એમ કહ્યું છે. એમ કહ્યું છેને? આહા! પોતાનો સ્વભાવ શું છે દ્રવ્ય-પર્યાય, એના ભેદના વિકલ્પથી પણ જે પાર છે. તો એના વિકલ્પો પણ ત્યાં સાધનરૂપે, કારણરૂપે થતા નથી. પણ એને ઓળંગી જાય ત્યારે તેને નિમિત્ત તરીકે કહેવું હોય પહેલું તો કહો, પણ ઓળંગી જાય પછી. સમજાણું કાંઈ? આહાહા! એવા બાહ્ય ને અભ્યંતર સમતારૂપી એક રસ... એક રસ જ, વીતરાગરૂપી પર્યાય એક રસ જ. ભેદ નહીં. એવા **રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર**... એમ કહીને તો ઘણું કહ્યું હોં. **એવો અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને**... આહાહા! એ વિકલ્પો છે એ પોતાનો ભાવ નહીં એટલે કે પોતાની પર્યાય નહીં. આહાહા! એ એનું સ્વરૂપ નહીં. પર્યાય સ્વરૂપ હોં, દ્રવ્ય-ગુણ સ્વરૂપ તો ક્યાંય રહી ગયા.

હમણાં ઓલા છોકરા લાવ્યા હતા ભાઈ આ ચોપાનીયું. પાલિતાણાનો કોઈક મ્યુનિસીપાલીટીનો ૨૭ વર્ષનો કાઠી બે દિ'માં મરી ગયો. એવું લખ્યું છે. ૨૭ વર્ષનો છોકરો ...... મ્યુનિસીપાલીટીનો. બે દિ'ના રોગમાં... ન્યાં એવું લખાણ હતું. લોકો એવું સાંભળે તો વૈરાગ્ય... એ તો એને થયું. લખ્યું હતું. ઓલા છોકરા લાવેલા સવારમાં કાંઈક. ઓલું ગિરનારનું હતું. ગિરનારની કાંઈક તકરાર છેને. પણ કોઈક લાવ્યું હતું ખરું. ગિરનારનું બતાવવા.. એમ કે દાવો કર્યો છે. .... એમાં ઓલું ભેગું લખાણ હતું આ. પાલિતાણાની મ્યુનિસીપાલીટીના એક કાઠી ૨૭ વર્ષની જુવાન અવસ્થા બે દિ'માં ભાવનગરની હોસ્પટલમાં ઉડી ગયો. એ તો સ્થિતિ એટલી જ હતી એની ભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

જેની સ્થિતિ જ નથી ખંડવાળી એવો ભગવાન, એનો આશ્રય લીધા વિના બધું થોથેથોથા છે. આહાહા! સમજાણું કાંઈ? ભલે એ દુર્લભ હો, પણ એ અશક્ય નથી. સમજાણું કાંઈ? દુર્લભ તો કહેવાય. બોધિદુર્લભ(ભાવના)માં આવે છેને બાર ભાવનામાં. પણ એ કંઈ અશક્ય નથી. પોતાની ચીજ છે એ તો. કહે છે કે દયા, દાન, વ્રતના પરિણામ તો બંધના કારણ છે, એ કાંઈ આત્માને લાભનું કારણ નથી. આહાહા! પણ આહીં તો એ જાતના એની ભૂમિકાના આંગણે આવીને એના વિકલ્પો ઉઠાવવા કે આમ છે ને આમ છે ને આમ છે. આહાહા! એ ભૂમિ તારી નહીં, કહે છે. એ તો નયપક્ષની ભૂમિ છે. આહાહા! એ તો અંશના–ભેદના વિકલ્પની ભૂમિ છે. ભોગીભાઈ! આહાહા! ભગવાન! તારી તો બલિહારી અલૌકિક છે, કહે છે. તને તારી ખબર નથી. તું તો પરમાત્મા સાક્ષાત્ પ્રભુ છો. આહાહા! આવા વિકલ્પની પામરતા–હીનતા

એવી ભૂમિને છોડ, ઓળંગી જા. ભગવાન! તારી પ્રભુતા એમાં નહીં આવે. આહાહા! એવી વિકલ્પની જાળે તારી પ્રભુતાની પ્રતીત નહીં થાય એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

કેટલું છે અંદર જુઓને આ! શબ્દે-શબ્દમાં કેટલું છે! આ તો અધ્યાત્મરસ છે. આ કાંઈ વાર્તા નથી, છે તો ભગવાન આત્માની વાર્તા. સમજાણું કાંઈ? કહે છે, ભાઈ! આહાહા! આવું સ્વરૂપ છે એવા પ્રકારના વિકલ્પો... સમજાય છે? એને જાણવામાં પરલક્ષી જ્ઞાનમાં આવું સ્વરૂપ છે એવા વિકલ્પો... બહારથી તો એવું સ્વરૂપ છે એવું એણે જાણ્યું છે, પણ વિકલ્પ દ્વારા જાણ્યું છે અને તે વિકલ્પની ભૂમિકામાં વિષમતા છે કહે છે. આહાહા! તારે સમતાભાવ નથી પ્રભુ! આહા! તારી આવશ્યક ક્રિયા એ નથી. એ તો બિનજરૂરી અંદર વિકલ્પો ઉઠે છે. આહાહા! આવો ધર્મ હશે? વીતરાગનો આવો ધર્મ હશે? આ તો કહે, દયા પાળો, વ્રત પાળો ને દીક્ષા લઈ લ્યો, પછી અપવાસ કરો. અરે ભગવાન! એ તારું સ્વરૂપ જ નથી, સાંભળને! આહાહા! પંડિતજી! ભાઈ! તારે પ્રેમ વિકલ્પનો છોડવો પડશે. સમજાણું કાંઈ? એવી વિકલ્પજાળની મીઠાશ છોડ્યે જીવની મીઠાશ પ્રગટ થાય એવી છે. સમજાણું કાંઈ? આની ઇચ્છા રાખે અને આત્માની મીઠાશ પ્રગટ થાય—એમ નહીં બને પ્રભુ! તું એવો નથી. આહાહા! **એક પોતાના સ્વરૂપને પામે છે.** આહાહા!

**વળી આ ૧૫૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :** ઓહો! અપાર.. અપાર અર્થ ભર્યા છે! એક-એક કળશે સંતોએ અપાર... ૨૫૯ કળશ.

**मुक्त्वा जल्पं भवभयकरं बाह्यमाभ्यन्तरं च**
**स्मृत्वा नित्यं समरसमयं चिच्चमत्कारमेकम् ।**
**ज्ञानज्योतिःप्रकटितनिजाभ्यन्तरांगान्तरात्मा**
**क्षीणे मोहे किमपि परमं तत्त्वमन्तर्ददर्श ॥२५९॥**

એ, અભ્યંતર અંગ, અનુભૂતિ અભ્યંતર અંગ છે. આહા! રાગ એ તો બાહ્ય વિષય છે. ગજબ વાત કરે છેને! અરેરે! એ વિકલ્પો છે એ તો **ભવભયના કરનારા** છે, કહે છે. વાણીમાં બોલવા કાળનો વિકલ્પ અને અભ્યંતર સ્વરૂપના અંતરમાં આવો ને તેવો એવા વિકલ્પ... **બાહ્ય તેમજ અભ્યંતર જલ્પ...** કેવા છે? કે **ભવભયના કરનારા** છે. આહાહા! એ તો ભવની ઉત્પત્તિ કરનારા છે. ભવનો ભય.. ભવનો ભય (કરનારા છે). આહાહા! **ભવભયના કરનારા**... એવી જે વિકલ્પજાળ બાહ્ય અને અભ્યંતર જલ્પ **છોડીને...** છોડ એને હવે.

**સમરસમય (સમતારસમય) એક ચૈતન્યચમત્કારને સદા સ્મરીને...** સમતારસમય એક ચૈતન્ય ચમત્કાર એને અંતરમાં યાદ કરીને (અર્થાત્) જ્ઞાનમાં લઈને... સમરસમય–સમતારસમય ભગવાન આત્મા.. એકલો સમતારસનો કંદ, રસ એ આત્મા. **એક ચૈતન્ય ચમત્કારને**... એવી સમતારસમય એક ચૈતન્ય ચમત્કાર... એનો અર્થ થયો કે વિકલ્પ એ વિષમ

છે, એ કોઈ ચમત્કારિક ચીજ નથી. આહાહા! ભગવાન આત્મા સદા ચૈતન્ય ચમત્કારિક વસ્તુ એને સ્મરીને.. સ્મરીને એટલે યાદમાં–જ્ઞાનમાં લાવીને... જુઓ! સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ એની જ્ઞાનમાં લાવીને (એટલે) એનું સ્મરણ કરીને એમ કહે છે. સમજાણું કાંઈ?

**જ્ઞાનજ્યોતિ વડે...** એ જ્ઞાનજ્યોતિ વડે સ્મરણમાં આવ્યો કે આત્મા આનંદ ને જ્ઞાન છે. એવી જ્ઞાનજ્યોતિ વડે **જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે...** આહાહા! એ જ્ઞાન સ્વભાવ દ્વારા જેણે અભ્યંતર–**નિજ અભ્યંતર અંગ**... વીતરાગીદશા નિજ અભ્યંતર અંગ છે, સમજાણું કાંઈ? શુભરાગ એ બહિરંગ છે, એ અંતરંગ નહીં–અંતરનું અંગ નહીં, એ આત્માનો અવયવ નહીં. સમજાણું કાંઈ? વિકલ્પો જે છે એ આત્માની દશા નહીં (એમ) કહો, અવયવ નહીં (એમ) કહો, અંશ નહીં (એમ) કહો. એ અંતરંગ નહીં, એ બહિરંગ છે. આહાહા! પણ જેણે **જ્ઞાનજ્યોતિ વડે**... ભગવાન આત્માને અંતરમાં યાદ કરી–જ્ઞાનમાં લાવી અને એવી જ્ઞાનજ્યોતિ વડે **જેણે નિજ અભ્યંતર અંગ**... આ અંતરાત્માની વ્યાખ્યા કરે છે. અંતર આત્મા એને કહીએ કે જેણે અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? આહાહા!

'એક ચૈતન્ય ચમત્કાર સમતારસમય અભેદ' એમ એને યાદ કરી એટલે જ્ઞાનમાં લાવીને, એવી જ્ઞાનજ્યોતિ વડે જેણે નિજ–પોતાનો અભ્યંતર અંગ... આ નથી કહેતા કે અમારા અંગિત માણસો છે? એમ કહે છેને માણસ? અંગત માણસો. એ અંગત માણસો નહીં ભાઈ! તારા અંગત.. અંગત દશા તો વીતરાગી પર્યાય એ તારી અંગત દશા છે, એ તારું અંતરંગ અંગ છે. અરે! એના ઘરની આવી વાતેય સાંભળવા મળે નહીં, એની રીત ને પદ્ધતિ આવી છે એવું સાંભળવા મળે નહીં, અરે! એ કે દિ' કરે ...? સમજાણું કાંઈ? એ પરઘરમાં ભમ્યા કરે છેને. આહાહા! સાંભળવા મળે નહીં એ .... કાંઈ મળે નહીં. આહાહા! અરે! ક્યાં-ક્યાં અટકેલો છે? એને ભટકવાના રસ્તા કેટલા ઝાલ્યા છે ખબર નથી. આહીં તો કહ્યુંને કે એ વિકલ્પો છે એ તો ભવભયના, ભટકવાના કારણ છે. આહાહા! અરે! પણ શુભવિકલ્પ હોયને? હોય તો એ ભવના ભયનું કારણ છે. નિર્ભય ભગવાન આત્માનું એ કારણ નથી. સમજાણું કાંઈ?

**જેણે નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે**, એમ કીધું પાછું. કોઈ કર્મ ખસ્યું છે માટે થયું છે એમ નહીં. જેણે પોતાના આનંદસ્વભાવને, જ્ઞાનજ્યોતિને યાદ કરી છે, બીજું યાદપણું ભૂલી ગયો. સમજાણું કાંઈ? આહાહા! એવી જ્ઞાનજ્યોતિને યાદ કરીને (એટલે) ચમત્કારને યાદ કરીને–સ્મરીને... જ્ઞાનજ્યોતિ વડે એટલે આત્માના સ્વભાવ દ્વારા જેણે અંતરમાં નિજ અભ્યંતર અંગ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિર્મળ જે દશા એ નિજ અભ્યંતર અંગ પ્રગટ કર્યું છે. સમજાણું કાંઈ? **એવો અંતરાત્મા**... અંતરાત્માની વ્યાખ્યા કરી. આત્માએ અભ્યંતર અંગ પ્રગટ કર્યું તેને અંતરાત્મા કહેવામાં આવે છે, એમ કહે છે. આત્મા તો હતો, અંતર વસ્તુ તો હતી આત્મા, પણ અંતરાત્મા ક્યારે થયો? સમજાણું કાંઈ?

જેણે પોતાના ચૈતન્યસ્વરૂપ સમરસભાવને યાદ કરી, એ જ્ઞાનજ્યોતિ વડે અભ્યંતરમાં આનંદ ને જ્ઞાન ને શ્રદ્ધા આદિ અંશો જે નિજ-અંગ છે એને પ્રગટ કર્યા છે એટલે કે સમતારસને જેણે પ્રગટ કર્યો છે. સમજાણું કાંઈ? અંગ પ્રગટ કર્યું છે એને અંતરાત્મા કહીએ. આમ તો આત્મા તો પરમાત્મસ્વરૂપ છે જ. એ તો શક્તિરૂપે, તત્ત્વરૂપે, સત્ત્વરૂપે, ત્રિકાળ ધ્રુવરૂપે છે. પણ એનો આશ્રય કરીને જ્ઞાનજ્યોતિ વડે–એ દ્વારા એકાગ્ર થઈને, વિકલ્પની જાળ છોડી દઈ... 'છોડી દઈ' વાત કરી, કરે, સમજાવવું હોય તો એમ સમજાવેને. આ બાજુમાં એકાગ્ર થઈ, આવી જ્યોતિને સ્મરી અને જ્યોતિ વડે જેણે અંતર દશામાં નિર્મળ આનંદ ને શ્રદ્ધા, જ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે નિશ્ચય આવશ્યક ક્રિયા એ જેણે પ્રગટ કરી છે, એમ કહે છે. **એવો અંતરાત્મા...** એવો અંતરાત્મા... પ્રગટ કરી છે દશા એવો અંતરાત્મા. સમજાણું કાંઈ?

**મોહ ક્ષીણ થતાં...** એના રાગનો નાશ થતાં, એમ. પર તરફની સાવધાનીનો નાશ થતાં **કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં દેખે છે.** ભગવાન પૂર્ણાનંદનો નાથ.... વિશેષ મોહનો અભાવ થતાં, એમ.... વિશેષ. ત્યારે ઉત્કૃષ્ટ આત્મા એવા પરમ તત્ત્વને અંદરમાં... પૂર્ણાનંદ શુદ્ધ ધ્રુવ એવો અંતરંગ પર્યાય પ્રગટ થતાં તેમાં દેખે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ઠરેલો જેનો સ્વભાવ છે એમાં ઠર, અંતરંગ પ્રગટ કર, ત્યારે અંતરાત્મા કહેવાય છે, એમ કહે છે. કહો, કાંતિભાઈ! આહાહા! જેના ધન્ય અવતાર, ધન્ય ..... આના છે કહે છે. સાધુ તો અવતરે ને મરે. આહાહા! જૈનના વાડામાં જન્મીને પણ, આત્મામાં શું ચીજ છે, કેમ પ્રગટ થાય, કોનો અભાવ થાય તો પ્રગટ થાય—એની ખબરુંય ન મળે એના, જેવા પશુના અવતાર એવો એનો અવતાર છે. પશુ કહ્યા છેને મિથ્યાદ્રષ્ટિને. **કોઈ (અદ્ભુત) પરમ તત્ત્વને અંદરમાં...** એવી વીતરાગી સમરસપર્યાય જ્ઞાનજ્યોતિ વડે પ્રગટ થતાં, આ જ્યોતિ આવી છે એમ **દેખે છે**. આહાહા! કહો, સમજાણું કાંઈ? ૧૫૦ ગાથા થઈ. આ આવશ્યક અધિકાર ઘણો અલૌકિક અધિકાર છે. ૧૫૧.

**जो धम्मसुक्कझाणम्हि परिणदो सो वि अंतरंगप्पा ।**
**झाणविहीणो समणो बहिरप्पा इदि विजाणीहि ॥ १५१ ॥**

નીચે હરિગીત.

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**

'વળી' છેને ઓલામાં? **सो वि** એટલે ... આને અંતરાત્મા કહ્યો અને આને પણ અંતરાત્મા કહેવો. પહેલું કીધુંને, આને અંતરાત્મા કહેવો ૧૫૦માં. અને આને પણ અંતરાત્મા કહેવો, એમ. **सो वि** શબ્દ છેને (એટલે) 'વળી' એમ.

**વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;**
**ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આતમા જાણજે. ૧૫૧.**

**ટીકા : અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત**—સ્વ-આત્મા આશ્રિત **નિશ્ચય-ધર્મધ્યાન...** દેખો! સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન... અત્યારે એમ કહે છે કે ધર્મધ્યાન તો શુભભાવમાં જ હોય, શુક્લધ્યાન... અરે ભગવાન! શું કરો છો તમે? ભાઈ! તને ભૂલવણીમાં નાખે છે હોં. અહીં તો **સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન**... ભલે ધર્મધ્યાન હો, ભલે શુક્લધ્યાનની ઉત્કૃષ્ટ દશા ન હો, તોપણ એ ધર્મધ્યાન તો આત્માને આશ્રિત થાય છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાનથી. એ તો આવી ગયુંને આપણે. નિશ્ચય આવશ્યક ને વ્યવહાર આવશ્યક સમ્યગ્દષ્ટિથી શરૂ થાય છે, ચોથેથી શરૂ થાય છે. એકલો વ્યવહાર ચોથે છે અને નિશ્ચય સાતમે છે (એમ અજ્ઞાની કહે છે). અરે, ભગવાન! તું આવ્યા વિના, તારી અંદરની દશા પ્રગટ્યા વિના વ્યવહાર કહેવો કોને? સમજાણું કાંઈ? આ વાત તો ઘણી સીધી છે, પણ માણસે ગોટે વાળી નાખ્યું છેને, આમથી આમ કચડી-મચડીને. પણ અસત્ય તે કાંઈ કચડી-મચડીને સત્ય થઈ જતું હશે? ન થાય ભાઈ! એમ ન થાય.

અહીં તો કહે છે કે **આ ગાથામાં સ્વાત્માશ્રિત**... આહાહા! સ્વ-આત્મા-આશ્રિત **भूदत्थं असिदो खलु**... એ કીધુંને. ભગવાન નિત્યાનંદ પ્રભુ એને આશ્રયે નિશ્ચય ધર્મધ્યાન (થાય). સ્વનું એકાગ્રપણું સ્વને આશ્રયે એનું નામ નિશ્ચય ધર્મધ્યાન. કહો, સમજાણું કાંઈ? એ ધર્મધ્યાન ચોથેથી પ્રગટ થાય છે. અહીં તો ઉત્કૃષ્ટ વાત લેશે. ક્ષીણમોહવાળાને ધર્મધ્યાન, શુક્લધ્યાન એમ કહેશે. સમજાણું કાંઈ? સાક્ષાત્ ઉત્કૃષ્ટ આત્માની વાત છે એમાં. પણ એના પેટામાં બધા સ્વને આશ્રયે–વીતરાગમૂર્તિ પ્રભુ સમરસનો કંદ આત્મા એને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ જે ચોથે પ્રગટે એ પણ નિશ્ચય ધર્મધ્યાન છે. સમજાણું કાંઈ?

**અને નિશ્ચય-શુક્લધ્યાન...** અંતરમાં ઉજળું, વિશેષ ઉજળું, એમ. ઘણું જ અંતરમાં આશ્રયપણું, ઉગ્રપણું (પ્રગટ્યું), તેથી ઉજ્જવળતા ઘણી પ્રગટી. એ નિશ્ચય ધર્મધ્યાન (આદિ) **એ બે ધ્યાનો જ ઉપાદેય છે**. આહીં ધ્યાન ઉપાદેય કીધા, (કેમ કે) પ્રગટ કરવાલાયક છેને. એ બે ધ્યાન જ આદરણીય છે અથવા પ્રગટ કરવાલાયક છે. સમજાણું કાંઈ? ચોથેથી ધર્મધ્યાન શરૂ છે, પછી પાંચમે-છઠ્ઠે તો હોય જ ને. અહીં તો, નિરંતર જેને અંતરનો આશ્રય છે તેને ધર્મધ્યાન કહે છે અને એવો નિરંતર દ્રવ્યનો આશ્રય ન હોય એને બહિરાત્મા કહે છે. સમજાણું કાંઈ?

ધર્મધ્યાન એટલે ઉપયોગમાં સ્થિર થયો હોય તો જ ધર્મધ્યાન એમ નહીં. એ સ્વદ્રવ્યનો આશ્રય વર્તે જે દશામાં એનું નામ ધર્મધ્યાન. એ ધર્મધ્યાન વિનાનો હોય તો તે બહિરાત્મા હોય, એમ કહે છે. સમજાણું કાંઈ? હવે તો ઘણું સ્પષ્ટ આવે છે. ઘણું ચોખ્ખું આવે છે હોં. આહાહા! સ્વનો આશ્રય થઈને જે ધ્યાન–એકાગ્રતા થયું, એ ધર્મધ્યાની ભલે વિકલ્પમાં 'આમાં વર્તું છું' (એવો) ઉપયોગ વિકલ્પમાં વર્તતો હોય.. ઉપયોગ વર્તતો હોય, દૃષ્ટિ ત્યાં વર્તતી નથી. સમજાણું કાંઈ? પોતે દૃષ્ટિ–સમ્યગ્દર્શન રાગમાં વર્તતું નથી. સમ્યગ્દર્શન એ દ્રવ્ય ને ગુણની

અંદરમાં વર્તતી પર્યાય છે એ રાગમાં વર્તતી નથી. પણ રાગમાં વર્તતો ઉપયોગ હોય તે કાળે પણ સ્વનો આશ્રય જેટલો છે એ ધર્મધ્યાન કાયમ છે. એવો જો સ્વનો આશ્રય ન હોય અને ધર્માત્મા થાય એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ?

**એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.** પાઠ તો એમ છે કે **झाणविहीणो समणो बहिरप्पा..** ત્યારે ત્યાં ઉપયોગમાં જામ્યો હોય તો જ ધ્યાન? અને એ વિનાનો વિકલ્પમાં હોય ત્યારે ધ્યાન નથી તો બહિરાત્મા છે? બહારમાં વર્તતો જ નથી. ધર્મી જીવ તો અંતર વસ્તુ ભગવાન આત્મા, ચાહે તો શુભ-અશુભ વિકલ્પો હો, અશુભ રાગ વખતે પણ સ્વનો આશ્રય વર્તે છે, શુભ વખતે સ્વનો આશ્રય વધારે છે, શુદ્ધ વખતે (એથી) વધારે છે, પણ આશ્રય તો સદાય છે. આહાહા! સમજાણું કાંઈ? અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય એમ કહે છે કે બે ધ્યાન વિનાનો બહિરાત્મા છે. ત્યારે ધર્મધ્યાન વિનાનો બહિરાત્મા એટલે? એ અંદરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં વર્તતો હોય ત્યારે ધર્મધ્યાન? ને રાગમાં આદિમાં દેખાય (ત્યારે નહીં)? એ વર્તતો નથી દૃષ્ટિએ. અસ્થિર એનો ઉપયોગ છે એમ કહેવાય. સમજાણું કાંઈ? છતાં એ તો વર્તે છે સ્વને આશ્રયે એવું ધર્મધ્યાન તો કાયમ હોય છે. આહાહા! સમજાણું કાંઈ? **એમ કહ્યું છે**.

**અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા...** એમ વર્ણવ્યું છે. (અધિકાર) પૂરો થાય છેને એટલે સાક્ષાત્ અંતરાત્મા (કહ્યો). **ભગવાન ક્ષીણકષાય છે.** બારમા ગુણસ્થાનમાં જરીએ રાગનો અંશ નથી, તેથી એને સાક્ષાત્ અંતરાત્મા કહેવામાં આવે છે. ત્યાંથી વાત ઉપાડી છે, પણ એના પેટાભેદમાં જે ચોથેથી છે એ બધું એમાં સમાઈ જાય છે. સમજાણું કાંઈ? **(આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા...** અંતરંગ ગુણ પ્રગટ થયા છે સાધકના પૂરા એ અપેક્ષાએ પૂરા. પૂરા જે ક્ષાયિક ચૌદમે છેલ્લે થાય પૂરા થાય એ જુદી વાત છે. આહીં તો અંતરાત્માની અપેક્ષાએ વાત છે. પરમાત્મા થયેલાને પૂર્ણ દશા થાય, મોક્ષમાર્ગની પૂર્ણ થાય એટલે તરત મોક્ષ (થાય) એ તો જુદી વાત છે. અહીં તો અંતરાત્માની અપેક્ષા વાત છે, એ મોક્ષમાર્ગની અપેક્ષાએ વાત છે. સમજાણું?

મોક્ષમાર્ગ તો ચૌદમાના છેલ્લે સમયે પૂરો થઈ જાય છે એમ કહે છે. ક્ષાયિક ... થાય કે તરત જ એનું કાર્ય એ સમયે પૂર્ણ સિદ્ધ થઈ જાય. અહીં તો અંતરાત્માની વાત છે. **સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય...** દેખો! ભગવાન કીધો એને. આહાહા! જેને એની ભૂમિકા પ્રમાણે દ્રવ્યનો આશ્રય છે, પૂરો–બધો આશ્રય થઈને કેવળ છે એ નથી. એ હોય તો તો પરમાત્મા થઈ જાય. સમજાણું કાંઈ? ધર્મ-શુક્લધ્યાને પરિણિત છે એમ છેને અંદર? (એટલે કે) પરિણમેલો છે. આ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે, જેને અકષાય પરિણમન.. અકષાય પરિણમન છે એ સાક્ષાત્ અંતરાત્મા છે. એનો અર્થ કે પેટાભેદમાં જે અંતરાત્મા છે એ સાક્ષાત્ નહીં, (પણ) છે અંતરાત્મા. છઠ્ઠે, સાતમે, આઠમે... સમજાય છે? એમ કે આ સાક્ષાત્ અંતરાત્મા

છે એ જ અંતરાત્મા (અને) એ સિવાયના બહિરાત્મા—એમ નથી. જેને એ ધ્યાન નથી તે બહિરાત્મા છે, એમ છે. સમજાણું કાંઈ?

ઓહોહો! નિયમસારની ગજબ શૈલી છે! તેથી પૂછ્યું રામજીભાઈને, ત્યારે રામજીભાઈ (કહે) ફરીને વાંચો આ. સાચી વાત છે. ફરીને... થોડીવાર વંચાણું છે. વાત સાચી. થોડીવાર વંચાણું છે. વાત સાચી. માટે આ ફેર પૂરું થાય ને ફરીને એ જ લેવું. સાચી વાત આવી. બહુ થોડીવાર વંચાણું છે. ...... એ સમયસાર ૧૭મી વાર. આહાહા! અમૃત રેડ્યા છે હોં એકલા. આવે ત્યારે એનું એ કંઈ આવે? એ પછી..... આહાહા! ...... સમયે-સમયે પર્યાય ફરે... ...પામે છેને. આહાહા! **ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે.** એમ કીધું છેને? એમ ક્યાં કીધું કે અંતરાત્મા નહીં? 'સાક્ષાત્ અંતરાત્મા' ભાષા એમ છેને. સમજાણું કાંઈ?

રાગમાં ક્યારેય વર્તતો નથી ધર્માત્મા, એમ આવ્યું. ત્યારે કહે કે જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી ધર્માત્મા નથી. એમ નથી, સાંભળને! રાગમાં વર્તતો જ નથી જીવ. ધર્મી જીવ રાગમાં વર્તતો જ નથી. એ તો આત્માની શ્રદ્ધા-જ્ઞાનમાં જ વર્તી રહ્યો છે. આહા! શું થાય? સમજાય છે? ..... એમાંથી એ કાઢે. આ જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી જ્ઞાન નથી આત્માનું. અરે ભગવાન! એ તો એકતાબુદ્ધિ છે ત્યાં સુધીની વાત છે. પૃથકપણે વર્તે છે એ પોતાની પર્યાયમાં નથી માનતો એમ નિશ્ચયથી છે. આહાહા! એટલે એ '**વર્તતો નથી**' એમ આવ્યુંને. '**વર્તતો નથી**' એમ આવ્યું જુઓ! **जप्पेसु जो ण वट्टइ उच्चइ** એમ આવ્યુંને ૧૫૦માં. નથી વર્તતો. આહાહા! એ વિકલ્પમાં અંતર્જલ્પમાં જ્ઞાની વર્તતો જ નથી અને રાગમાં વર્તે તો તે જ્ઞાની રહેતો નથી, એમ કહે છે. આહાહા!

બેયમાં વર્તે એક સમયમાં? રાગમાં વર્તે તે બહિરાત્મા છે. રાગમાં નથી વર્તતો તે અંતરાત્મામાં વર્તે છે તેને ધર્માત્મા છે. કહો, સમજાણું કાંઈ? **ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયોનો અભાવ હોવાને લીધે...** ખરેખર તે ભગવાન એટલે સાક્ષાત્ અંતરાત્મા બસ... **સોળ કષાયોનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે,** લ્યો. મોટા જોધ્ધા... વેરીઓ દર્શનમોહનીય કર્મ પાછો હોં. એના યોધ્ધાના દળ.. દળ–પિંડ નાશ પામ્યા છે. **તેથી તે** શું કરશે એ જરી વ્યાખ્યા ઝીણી છે હોં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ ૧૦, શુક્રવાર, તા. ૧૨-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૫૧, શ્લોક - ૨૬૦-૨૬૧, પ્રવચન નં. ૧૭૫

આ નિયમસાર સિદ્ધાંત, નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર) છે. ૧૫૧ ગાથા ચાલે છે. ફરીને લઈએ. **ટીકા :** આ લોકની અંદર–**અહીં (આ લોકમાં) ખરેખર સાક્ષાત્ અંતરાત્મા ભગવાન ક્ષીણકષાય છે...** જેને સોળ કષાયનો નાશ થયો છે અને સ્વ-આત્માના આશ્રયે ઉગ્રતા પ્રગટી છે. **ખરેખર તે ભગવાન ક્ષીણકષાયને સોળ કષાયનો અભાવ હોવાને લીધે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મરૂપી યોદ્ધાઓનાં દળ નાશ પામ્યાં છે તેથી તે...** આ તો ઉત્કૃષ્ટ વાત છે હોં. ઉત્કૃષ્ટ વાત છે, પણ આ ધર્મધ્યાન ચોથેથી પ્રગટ થાય છે એ વાત અહીં ગૌણપણે ગણી છે. મુખ્યપણે આને જ ગણ્યા છેને બારમા ગુણસ્થાનવાળાને. એનો આશ્રય ચોથે ગુણસ્થાનથી પ્રગટ થાય છે. આ ઘણો ઉગ્ર આશ્રય છે તેથી તેને સોળ કષાયનો અભાવ વર્તે છે. એવા ઉત્કૃષ્ટ અંતરાત્માની વાત મુખ્યપણે લીધી છે.

**તેથી તે (ભગવાન ક્ષીણકષાય) સહજચિદ્વિલાસલક્ષણ અતિ-અપૂર્વ આત્મા...** આ વ્યાખ્યા આત્માની. ભગવાન આત્મા સ્વભાવિક જ્ઞાન જેનું લક્ષણ–સ્વરૂપ–ચિહ્ન છે એવું વિલાસલક્ષણ... ત્રિકાળ એ તો ચૈતન્યવિલાસલક્ષણસ્વરૂપ જ આત્મા છે. એનો–ચૈતન્યસ્વરૂપનો વિલાસ ચૈતન્યસ્વરૂપમાં છે એમ કહે છે. ભગવાન આત્મામાં સ્વભાવિક જ્ઞાનવિલાસલક્ષણ... છેને નીચે ખુલાસો કર્યો છે. **જેનું લક્ષણ** કહો, (**ચિહ્ન** કહો **અથવા સ્વરૂપ** કહો), **સહજ ચૈતન્યનો વિલાસ છે** એવો આત્મા. સ્વભાવિક જ્ઞાન ને આનંદ જેનો વિલાસ છે એવો એ આત્મા છે.

એવા આત્માને... **અતિ-અપૂર્વ** એવા **આત્માને**, એમ. **શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન...** એ ચૈતન્યવિલાસ એવો ભગવાન આત્મા આનંદની મોજમાં રહેલો... આહાહા! અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદના સ્વભાવસ્વરૂપે થઈ ગયો છે. એવા આત્માને શુદ્ધ નિશ્ચયધર્મધ્યાન (અર્થાત્) અંતર્મુખની સ્વસન્મુખતાની એકાગ્રતા એવી નીચલા દરજ્જાની ધર્મદશા–ધર્મધ્યાનદશા. **શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન વડે નિત્ય ધ્યાવે છે**. ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે, સાતમે વગેરે. **શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન**... ચૈતન્યવિલાસસ્વરૂપ એવો ભગવાન આત્મા એને સ્વભાવ સન્મુખની, સ્વભાવની એકતા અને વિકલ્પની પૃથકતા... અહીં એકતા વડે વાત કરી છે. એવો જે ચૈતન્યવિલાસ ભગવાન એમાં જે એકતા કરી છે, એ શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન વડે નિત્ય ધ્યાવે છે. જેનું સ્વરૂપ શુદ્ધચૈતન્યવિલાસ છે એવા આત્મા તરફની સન્મુખતાની એકતા તો ધર્મીને નિરંતર હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

જેમાં અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનનું નિધાન છે એવો આત્મા, એની સન્મુખતા એ ધર્મધ્યાન (અને) ઉત્કૃષ્ટ સન્મુખતા એ શુક્લધ્યાન. ભારે વાત. એવો **અતિ-અપૂર્વ આત્માને શુદ્ધનિશ્ચય-ધર્મધ્યાન** વડે... સ્વ-આશ્રિત એકતા વડે **અને શુદ્ધનિશ્ચય-શુક્લધ્યાન**... સ્વભાવની અંતર એકતા વડે નિત્ય ધ્યાવે છે. આ લક્ષણ એનું–ધર્મધ્યાન ને શુક્લધ્યાનનું સ્વરૂપ. ધર્મધ્યાનમાં પણ આત્માના પૂર્ણ સ્વભાવ સન્મુખ નિરંતર એકતા હોય છે. સમજાણું કાંઈ? ચોથે-પાંચમે-છટ્ઠે આદિ વિકલ્પો હોય છે, છતાં એ એના સન્મુખ નથી, એમાં એ વર્તતો નથી. સમજાણું કાંઈ? આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ એના તરફની એકતા ધર્મધ્યાનીને એટલે કે ધર્મીને નિરંતર હોય છે. સમજાણું કાંઈ?

અને **શુક્લધ્યાન વડે એ નિત્ય ધ્યાવે છે.** આગળ જતાં વિશેષ નિર્મળ દશા વડે આત્માને ધ્યાવે છે, એકતા કરે છે. આહાહા! **આ બે ધ્યાનો વિનાનો...** આ બે ધ્યાનવાળો એ ધર્મી છે. (એને) સદાય ધ્યાન (છે)? ભાઈ! આત્મા જે સ્વરૂપ ચૈતન્યવિલાસ ભગવાન એની એકતારૂપ જે ધ્યાન એ તો સદાય (રહે છે). જેટલી ધ્યાનદશા થઈ એટલી સદાય નિરંતર અંદર એકતા છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! અનંત-અનંત આનંદનો જ્યાં વિલાસ છે પ્રભુ આત્મામાં. અહીં જ્ઞાનવિલાસ લીધો છે, પણ એ જ્ઞાનવિલાસમાં અતીન્દ્રિય આનંદનો પણ વિલાસ સાથે જ છે. એ આનંદ (આગળ) ધર્મી વિષયની વાસનાનો વિકલ્પ આવે એમાં એ ક્યાંય વર્તતો નથી. આહાહા! તેમ ત્યાં મજા છે એ માન્યતા નથી. સમજાણું કાંઈ? એનું તો ધ્યાનનું ધ્યેય આનંદસ્વરૂપ ભગવાન આત્મામાં છે. જ્યાં મીટ માંડી છે એના ઉપર, એ એકતા કોઈ દિ' ખસતી નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

આ દુઃખને નાશ કરવાનો ને સુખી થવાનો આ એક ઉપાય છે. આ ધર્મધ્યાન હોં. આ વ્રત ને તપ ને ઉપવાસ કરે વિકલ્પ એ કાંઈ ધર્મધ્યાન નથી. એ ખરેખર તો આર્તધ્યાન છે. આહાહા! ચૈતન્યપ્રાણની પર્યાય ત્યાં પીડાય છે. પર્યાય પીડાય છે હોં, વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્યના આનંદની પર્યાય જે થવી જોઈએ એમાં આ રાગનો વિકલ્પ એ પર્યાયને પીડે છે–નાશ કરે છે. આહાહા! ગજબ વાત છે! સમજાણું કાંઈ? ફક્ત ભગવાન આત્મા ઉપર જ જેની એકાગ્રતા છે, એ એકાગ્રતા વડે જ આત્માને ધ્યાવે છે. આહાહા! આનું નામ ધ્યાન કહો કે ધર્મ કહો. સમજાણું કાંઈ? એવા **ધ્યાન વિનાનો**... દેખો! અહીંયા. એકલા પંચમહાવ્રતના વિકલ્પો, ૨૮ મૂળગુણના વિકલ્પો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન—એવા વિકલ્પમાં જે વર્તે છે એ આ ધ્યાન વિનાનો છે. સમજાણું કાંઈ? આહાહા!

એ તો **દ્રવ્યલિંગધારી દ્રવ્યશ્રમણ** છે. ભારે વાતું. જેને સ્વભાવ ભગવાન આત્મા આનંદમૂર્તિ એનો અંદર સ્પર્શ, આશ્રય ને ધ્રુવના ધ્યેયનું ધ્યાન કે એકતા નથી, એ બધા દ્રવ્યલિંગી સાધુ ભલે નગ્ન રહેતા હોય, ૨૮ મૂળગુણ પાળતા હોય, પંચમહાવ્રત પાળતા હોય,

તોય મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાય છે કાંઈ? કેમકે એ તો રાગના વિકલ્પનું વર્તન છે. એ વર્તનમાં વર્તે છે એ ભગવાન આત્મા વીતરાગી સ્વરૂપ પ્રભુ એમાં વર્તતો નથી. તેથી તે દ્રવ્યલિંગી સાધુ નગ્ન હો, પંચમહાવ્રતના વિકલ્પ બરાબર હો, તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. ભારે કામ ભાઈ આ! આહાહા! સમજાય છે કાંઈ? અનાકુળ આનંદસ્વરૂપ પ્રભુ આત્મા નિજપ્રભુ નિજાત્મા.. અનાકુળ આનંદસ્વરૂપ એનાથી ઉલટા એ પંચ મહાવ્રત આદિના બધા વિકલ્પો એમાં વર્તે છે, પણ આ બાજુમાં વર્તતો નથી. સમજાણું કાંઈ?

એને અહીંયા દ્રવ્યલિંગી દ્રવ્યશ્રમણ, મિથ્યાત્વી બહિર્-આત્મા (કહ્યો). એટલે? ભગવાન આનંદસ્વરૂપમાં અંતરમાં વર્તતો નથી, સમજાણું કાંઈ? અને એવા પુણ્યના રાગના વિકલ્પો જે બાહ્ય છે, અંતરમાં નથી, સ્વભાવમાં નથી, એવા શુભભાવરૂપી મહાવ્રતાદિ એ બહિર્ છે, બાહ્યભાવ છે એમાં વર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. પંડિતજી! ભારે કામ ભાઈ! આકરું કામ જગતને. સાંભળતા કઠણ લાગે. બાપુ! માર્ગ તો આ છે ભાઈ! સમજાણું કાંઈ? અરે! દુનિયા, જુઓને! કેટલી દુઃખી છે એની એને ખબરેય નથી. જન્મ-જરા-મરણના દુઃખોમાં આકુળતા જે છે.. આહાહા! એ આકુળતાથી શેકાઈ રહ્યો છે. સમજાણું કાંઈ? એ શેઠ હો, રાજા હો કે દેવ હો, પણ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ નિજાત્મા સચ્ચિદાનંદ પ્રભુનો આશ્રય નથી, એને એ વિકલ્પનો જ આશ્રય ને આકુળતાનો આશ્રય છે. એ દુઃખી છે, જલે છે–બળે છે. કષાયની અગ્નિના અંગારે.. આહાહા! શેકાય છે, એને અહીંયા **બહિરાત્મા** કહ્યા **છે.**

**એમ હે શિષ્ય! તું જાણ.** એમ કહ્યુંને? છેને પાઠ? **इदि विजाणीहि...** એમ આદેશ કર્યો છે ગુરુએ. કુંદકુંદાચાર્ય ભગવાન મહાસંત મહંત અનંત આનંદાદિમાં મશગુલ છે. સમજાય છે કાંઈ? એ એમ કહે છે કે ભાઈ! આ પરમાનંદસ્વરૂપ પ્રભુ આત્મા ચૈતન્યવિલાસ ને આનંદના વિલાસનું ધામ એ તરફનો જેનો ઝુકાવ થયો નથી, એના સન્મુખમાં આવ્યો નથી, એનાથી વિમુખ થઈને દ્રવ્યલિંગી સાધુ પંચમહાવ્રતાદિ પાળતો હોય, તોપણ તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! કહો, ભીખાભાઈ! આ કોઈ વ્યક્તિને માટે વાત નથી, આ તો વસ્તુનું સ્વરૂપ આમ છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. અહો! અનંત જ્ઞાન ને અનંત આનંદના ધામસ્વરૂપ પ્રભુ એનો જ્યાં અનુભવ નથી, એને અનુસરીને ધ્યાન નથી, એ જીવને વિકલ્પની ક્રિયાઓ અંદર ઘણી વર્તતી હોય મહાવ્રતની, તપની, અપવાસની, મહિના-મહિનાના અપવાસ કરે, પણ એ બધું સ્વભાવની સન્મુખતાને છોડી અને એ વિકલ્પની વૃત્તિઓમાં વર્તે છે. એ નિરંતર વિકલ્પની વૃત્તિઓમાં વર્તવું એનું છે. એ ધર્મીનું નિરંતર આત્મામાં વર્તવું છે. બે ભાગ. સમજાણું કાંઈ? અરેરે! આવો માર્ગ છે એવો હજી જાણવામાં ન આવે, એના લક્ષમાંય ન આવે, તો એ સન્મુખ થઈને એકાગ્રતા તો ક્યાંથી કરે? સમજાણું કાંઈ?

**આ બે ધ્યાનો વિનાનો...** ઓહો! સંતોએ પણ જગતની કરુણા કરીને જગતને દોર્યા છે. ભાઈ! તું ક્યાં દોરાઈ ગયો છો? તારા નિજઘરને ભૂલી અને તું ક્યાં દોરાઈ ગયો છો? ભાઈ! દુઃખને રસ્તે ગયો છો તું. સમજાણું કાંઈ? ચાહે તો અશુભભાવની ક્રિયા હો, ચાહે તો શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાની ક્રિયાના પરિણામ હો, પણ એ બધા દુઃખને રસ્તે દોરાઈ ગયા છે. આહાહા! એય! ભગવાન! તારો દોર અંદરમાં છે, ત્યાં જાવું જોઈએ એ તો ગયો નહીં.. સમજાણું કાંઈ? અને બહિર્બુદ્ધિએ એવા વિકલ્પમાં વર્તી રહ્યો એ બહિરાત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? **એમ હે શિષ્ય!** એમ ગુરુ કહે છે. તું **વિજાણીહિ...** પાઠમાં છે એમ છેને. **વિજાણીહિ** (એટલે) એમ જાણ. એમ તું જ્ઞાન કર તો ખરો, આમ જ્ઞાન કર. એ જણાવામાં આવે છે ખરુંને, એમ કહે છે. સમજાણું કાંઈ!

ભગવાન આત્મામાં એકાકાર વર્તે ભલે અંશે, ભલે વિકલ્પાદિ હોય, પણ એમાં એનું વર્તવું નથી, (પણ) જાણવું છે. અને વર્તન તો સ્વભાવની અંતરમાં એકાગ્રતા છે. એને તું ધર્માત્મા જાણ. અને એવા સ્વભાવને છોડી દઈને બહારની ક્રિયા એકલી કરતો હોય, છ-છ મહિનાના અપવાસ, ધોમ તડકે નગ્ન શરીર દાઝતું હોય, એમાં ઊભો હોય, પણ એની વૃત્તિ બાહ્ય ઉપર છે. એવા શુભરાગમાં વર્તનાર જીવને પણ તું 'બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ મંદમતિ છે' એમ જાણ. આહાહા! પંડિતજી! ઉસમેં કહીં દૂસરી બાત તો હૈ નહીં. **હવે અહીં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**कश्चिन्मुनिः सततनिर्मलधर्मशुक्ल-**
**ध्यानामृते समरसे खलु वर्ततेऽसौ ।**
**ताभ्यां विहीनमुनिको बहिरात्मकोऽयं**
**पूर्वोक्तयोगिनमहं शरणं प्रपद्ये ॥२६०॥**

**मुनिको** એટલે તુચ્છ એમ છે, એવો અર્થ છે.

કહે છે કે **શ્લોકાર્થ : કોઈ મુનિ સતત-નિર્મળ...** ભગવાન આત્મા આનંદનું ધામ પ્રભુ, અનંત-અનંત જ્ઞાનનો વિલાસસ્વભાવ, એવા આત્મામાં દૃષ્ટિ કરીને એકતારૂપે નિરંતર વર્તે છે, એ **ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી સમરસમાં ખરેખર વર્તે છે...** એમ કહે છે. શું કહે છે એ? કહે છે કે આ ભગવાન આત્મા અંતરમાં અનંત જ્ઞાન ને અનંત આનંદના સ્વભાવથી ભરેલો પ્રભુ છે, એમાં જે એકાગ્ર થઈને વર્તે છે, નિરંતર એમાં રહે છે... આહાહા! ભલે એને પંચમહાવ્રતાદિના વિકલ્પ આદિ હો, પણ એનું–ધર્મીનું વર્તન તો આત્માના અંતરમાં હોય છે. એ વિકલ્પમાં વર્તન હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ? **મુનિ સતત નિર્મળ ધર્મશુક્લ-ધ્યાનામૃતરૂપી....** અમૃત છે કહે છે. ભગવાન અમૃત અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનું ધ્યાન એટલે એકાગ્રતા, એ તો

અમૃતસ્વરૂપ દશામાં આવ્યું. અમૃતનો સ્વાદ આવ્યો અને અમૃતમય દશા થઈ. આહાહા! સમજાણું કાંઈ?

જે નિર્મળ ધર્મશુક્લધ્યાનામૃત એવો સમરસ... આહાહા! કહે છે કે ઓલો વિકલ્પ જે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા—એ રાગ તો વિષમરસ છે, એ સમરસ નહીં. આહાહા! ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ સમસ્વભાવી વીતરાગ, એમાં અંતર સચ્ચિદાનંદમાં વર્તે એનું ધ્યાન અમૃત ને સમરસરૂપી છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મ અને શુક્લધ્યાન અમૃતરૂપી... એ બેય ધ્યાનોને અમૃતરૂપી કહ્યા છે, સમરસ કહ્યો. આહાહા! એનું નામ સમતા. સમજાણું કાંઈ? સામાયિકમાં 'સમતાનો લાભ' કહે છેને, એ આ સમતા. બે ઘડી બેસીને 'ણમો અરિહંતાણં' કરીને સામાયિક કરીને ઉઠ્યા, થઈ ગઈ સામાયિક. ધૂળેય સામાયિક નથી, સાંભળને! ધૂળ એટલે ઉત્કૃષ્ટ પુણ્યનો વિકલ્પ જે એ ભૂમિકામાં હોય એ પણ એને ન હોય. આહાહા!

સમભાવ એવો પ્રભુ આત્મા એમાં વર્તતી દશામાં જે સમભાવ–સમરસ–ધ્યાનામૃતરૂપી સમરસ પ્રગટે એમાં એ મુનિ વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? આ ભારે આકરું લાગે. આ તો બહુ એલ.એલ.બી. ને એમ.એ.ની વાતું છે. ભાઈ! આ તો હજી પહેલા દરજ્જાની (વાત છે). ભગવાન આત્મા અતીન્દ્રિય અમૃતનો સાગર પ્રભુ છે, આહાહા! એ અમૃતનો દરિયો આત્મા છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પ તો ઝેર છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે આવો જ્યાં અમૃતસ્વરૂપ સમરસભાવ પ્રગટ્યો છે તેમાં પ્રવર્તે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્માત્મા તો, સમરસભાવ પ્રગટ્યો છે તેમાં ખરેખર વર્તે છે એમ કીધું, એટલે કે ઓલો રાગાદિ હોય એમાં વર્તતો નથી. ખરેખર તો અહીં વર્તે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? સાચા સંત મુનિ ધર્માત્મા કે સમકિતીથી માંડીને બધા, અંતરના સ્વભાવને આશ્રયે જે પોતાની જાતની ભાત પડી અંદર અને સમરસદશા પ્રગટી, ધર્મી જીવ તો ખરેખર એમાં જ વર્તે છે. એને રાગ ને શરીરનો સંયોગ દેખાય, છતાં એનું વર્તન એમાં નથી. કેમ કે એને એ અડતોય નથી. આહાહા!

જુઓ! આ દશા. હજી વાતને સાંભળીને ન હોય, કેવો ધર્મ, કોને કહેવો અને આખો દિ' ધર્મ.. ધર્મ.. ઓહોહો... શેત્રુંજય જાત્રા કરી, સમ્મેદશિખર જાત્રા કરી, વ્રત પાળ્યા ને અપવાસ કર્યા ને વર્ષીતપ કર્યા, લ્યો થઈ ગયા ધર્મ. આહાહા! બધે એ છે? વર્ષીતપ કર્યો નથીને ઘરેથી કોઈ દિ'? કરવાની તૈયારી હતી ત્યાં રહી ગયું, એમ કહે છે. આહાહા! આત્મા આનંદમૂર્તિમાં એકાગ્ર થવું અને અમૃત આનંદનો સ્વાદ આવવો, ઇચ્છાની ઉત્પત્તિ ન થાય એને સમરસરૂપી તત્ત્વ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! આ બધી વ્યાખ્યા જ જુદી પણ આ. આહાહા! જુદી જ હોયને. આહાહા! જુઓને! બહારની વાતું સાંભળીએ ત્યાં આમ વૈરાગ્ય..

વૈરાગ્ય થઈ જાય ચારેકોર. કાલે લખ્યું હતું ભાઈએ. ચંદુભાઈ...... પૂનમનો દેખાવ જોઈ શકતા નહોતા. બાળવા ગયાને બાળવા ભાઈ! બીજા નંબરનો હિંમતભાઈનો. આ નિરંજન અમેરિકાથી આવ્યો એનાથી મોટો. આ નિરંજન તો અમેરિકા છે, ઓલો ભરત હતો. ગયો હતો ન્યાં કે ... મોઢું કચરાઈ ગયેલું. ક્યાં પૂનમ... ભૂકો ઉડી ગયો હતો. આ બધું આહીં... આહા! આ દશા દેહની. આત્મા એમાં એકત્વબુદ્ધિ કરે તો એ પણ ભૂકો ઉડી જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

એવું તો મુનિઓને પણ ઘાણીમાં પીલ્યા છે. ઓહો.. પણ એ પીલાણા નથી એમાં હોં. એ વખતે પણ એ તો આત્માના આનંદમાં વર્તતા હતા, એમ કહે છે, સમરસમાં વર્તતા હતા. આહાહા! ચંદુભાઈ! જુઓ! આ દશા, ધર્મની આ દશા. પાંડવોને લોઢાના દાગીના ધગધગતા પહેરાવ્યા. શેત્રુંજય. આત્માના ધ્યાનમાં મસ્ત પાંડવો જોદ્ધાઓ પાંચ. મહિના-મહિનાના ઉપવાસ કરતા આનંદકંદ છઠ્ઠે-સાતમે ગુણસ્થાને હોં. ભગવાનનો મોક્ષ થયો એવું સાંભળ્યું. શ્વેતામ્બરમાં એવું છે. એ શેત્રુંજયે ચડી ગયા. અરે! ભગવાન મોક્ષ પધાર્યા, નેમિનાથ ભગવાન. અરે! એમની હયાતીમાં પણ દ્વારકા બળી ગઈ, યાદવો બળ્યા, રાણીઓ બળી, હાથી બળ્યા, ઘોડા બળ્યા. આહાહા!

અરે! ભગવાનના દર્શનનો વિકલ્પ અમારો હતો. ભગવાન મોક્ષ પધાર્યા ગિરનારેથી એવું સાંભળ્યું, ઉપર ચડી ગયા. અંતર સન્મુખ થઈને આનંદમાં મ્હાલે છે. દુર્યોધનનો ભાણેજ આવીને લોઢાના ધગધગતા દાગીના. મુગટ, ગળામાં હાર ધગધગતા, પગમાં, કાંડામાં લોઢાના દાગીના. ત્યાં ક્યાંય નથી એ હોં. એ તો અંતર આનંદનો સમરસ પ્રગટ્યો છેને. ધર્મધ્યાન ને શુક્લધ્યાન દ્વારા સમતારસ, અકષાયભાવ, વીતરાગ પરિણતિ એમાં એ વસે છે. આહાહા! આ તો પ્રતિકૂળતાની વાત કરી, પણ અનુકૂળતા ટાણે પણ એ પોતાની પરિણતિમાં જ વર્તે છે. એની કોઈ પ્રશંસા કરતા હોય, માખણ ચોપડતા હોય.. સમજાણું કાંઈ? આહાહા! ધર્માત્મા તો પોતાનું સ્વરૂપ આનંદસ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદસ્વરૂપ છે—સત્–શાશ્વત, જ્ઞાન ને આનંદનો ધામ. એવો પરમાત્મા પોતે એમાં જે વર્તે છે, એ બહારમાં વર્તતો જ નથી. સમજાણું કાંઈ?

કોઈએ પ્રશ્ન કર્યો હતો, એને આમ થાય તો જાણે કે નહીં? એ તો કોઈ વિકલ્પ આવે ને લક્ષ ગયું તો જાણે, નહીંતર તો આનંદમાં વર્તે છે. વિકલ્પ આવે એને જાણે, પણ વિકલ્પમાં વર્તતો નથી. આહાહા! આવી દશા છે બાપા! ભગવાન આત્માને મુક્તિના ઉપાય આ છે. સમજાણું કાંઈ? એ કાયરોના ત્યાં કામ નહીં હોં. એ તો શૂરવીરો જે રસ્તે ચડ્યા, અફરગામી એના રસ્તા આ. એ રસ્તે પૂરું કરીને પરમાત્મા થવાના. સમજાણું કાંઈ?

અહીં તો ગુરુ એમ કહે છે કે જે કોઈ આત્માના આનંદસ્વભાવમાં વર્તે છે તે તો સંત-મુનિ છે. એ આનંદસ્વભાવને છોડીને જે કોઈ વિકલ્પમાં–રાગમાં, પુણ્ય પરિણામમાં વર્તે છે એને દ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિ તું જાણ. આહાહા! સમજાણું કાંઈ? એ મારગડા દૂસરા ભાઈ!

દોહ્યલા માર્ગ છે. સહજ સ્વભાવની અપેક્ષાએ સોહ્યલો (છે, પણ) અનંત કાળથી નહીં કરેલો (તેથી દોહ્યલો છે). એવો જે માર્ગ આખી દિશા ફેરવી નાખવી. એ રાગ ને પર્યાય ને પર ઉપર બુદ્ધિ છે એને સ્વભાવમાં એકતાબુદ્ધિ કરવી, એ સમરસ પરિણામમાં ધર્માત્મા વર્તે છે. આહાહા! ખરેખર તો સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને પણ વિકલ્પ હોવા છતાં વિકલ્પથી વિરક્ત છે અને સ્વભાવમાં રક્ત છે. આહાહા! સમજાણું કાંઈ? આ તે કાંઈ....

આ ચોથાની વાત ચાલે છે. છઠ્ઠે તો ઉત્કૃષ્ટ સમરસ છે. આહાહા! ભગવાન નિરંતર નિત્ય છેને. તો જ્યાં નિત્યનો આશ્રય થઈને દૃષ્ટિ પ્રગટી, જ્ઞાન-શાંતિ નિરંતર છે. ધર્મીને તો એ પોતાના નિરંતર નિર્મળ પર્યાયમાં જ એનું વર્તન ને વર્તવું છે. આહાહા! એને વ્યવહારના વિકલ્પો આવે, અશુભરાગ પણ કોઈ આવે, એનું એમાં વર્તવું નથી. સમજાણું કાંઈ? અને જે રાગમાં વર્તે તે બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. હા, પણ એ એમ માને કે અમે આ મહાવ્રત પાળીએ છીએ, દયા કરીએ, ધર્મધ્યાન કર્યું 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં', શેત્રુંજયની જાત્રા કરી માટે અમારે ધર્મ થઈ ગયો.—એમ નથી. એ બધી રાગની ક્રિયામાં એકતાથી વર્તે, આ વર્તે તે જ એકતા છે. એમાં વર્તવું તે જ એકતા છે. એમાં ન વર્તે એ તો સ્વભાવ સાથે એકતા છે. સમજાય છે કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે ભાઈ! એટલે કે તારો છે. સમજાણું?

**એ બે**... કહે છે કે સમરસમાં વર્તે (**તે અંતરાત્મા છે), એ બે ધ્યાનો વિનાનો તુચ્છ મુનિ** જુઓ! ભાઈએ કહ્યુંને **મુનિકો**. ક્યા કહા **મુનિકો**નો અર્થ? તુચ્છ. મુનિ નહીં. એ તુચ્છ મુનિ. અહીં તો અમારે ઓલું 'તેચ્છ' ક્યાંથી કાઢ્યું એ વાત કરવી છે, એમ. આહાહા! મુખ્યપણે મુનિની વાત લીધી છેને. ગૌણપણે ચોથા-પાંચમા ગુણસ્થાન (આદિ) બધી વાત એમાં આવી જાય છે. અરેરે! આ **બે ધ્યાન વિનાનો**... જેને નથી સ્વભાવના જઘન્ય આશ્રયનું ધર્મધ્યાન અને ઉત્કૃષ્ટ આશ્રયનું શુક્લધ્યાન, એ બે (ધ્યાન) વિનાના સાધુ હો કે ધર્મી નામ ધરાવનારા શ્રાવક હો, એ બધા તુચ્છ છે. આહાહા! સમજાણું કાંઈ?

**એ બે ધ્યાન વિનાનો** એટલે સ્વ-ચૈતન્ય ભગવાનના આશ્રય વિનાનો છે, જેનો એકલો આશ્રય રાગમાં વર્તે છે એ તો તુચ્છ મુનિ, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છે કે દ્રવ્યલિંગી ને ભાવલિંગીનું જુદાપણું અત્યારે ન જોવાય. કહો! આ ભગવાન તો આમ કહે છે. ભાઈ! બાપુ! તું પક્ષથી ન કહે. કેમકે અત્યારે, દ્રવ્યલિંગી છે ને ભાવલિંગી છે એ તો કેવળી જાણે, એ સિવાય ન જાણે. આહાહા! પણ એનો અર્થ થયો કે પોતાને હજી ખબર નથી કે હું દ્રવ્યલિંગી કે ભાવલિંગી છું. એનો અર્થ થયો કે એ મિથ્યાદૃષ્ટિ છે. એનો અર્થ જ એ છે. આહાહા! કામ આકરું બાપા હોં. બીજાને દુઃખેય લાગે. બાપુ! ભાઈ! માર્ગ તો આવા છે હોં. તું અનુકૂળતાથી માન કે પ્રતિકૂળતા જાણીને માન, પણ માનવું તો આ પડશે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર તીર્થંકરદેવ અરિહંત દેવાધિદેવ એમનો આ માર્ગ છે. આ કાંઈ આલીદુઆલી કાયર કંપી જાય એનો માર્ગ નથી. આહાહા! કહે છે... આચારાંગમાં ટુકડો આવતા ત્યારે કહેતા. 'અન્યત્ દૂરણો જરો મગ્ગો.....' લખ્યું હતું તમે... એમાં આવતુંને. શેમાંથી નાખતા તમે? ........ એવો એક શબ્દ છે. એમાં તો સાધારણ એનો અર્થ કાઢતા ન્યાં. અરે વીરા! તારો માર્ગ બહુ મુશ્કેલવાળો–દુષ્કર છે. પણ છો એવો તું અફર જાણજે. જે રસ્તે ચઢ્યો ત્યાંથી ન ફર એવો તારો માર્ગ છે. પહેલાં એ લખતા, વીરવાણીમાં લખતા. વ્યાખ્યાનના ટુકડા આપતા હોયને. ૮૨ની સાલ. વઢવાણ.. વઢવાણ. વઢવાણમાં ૮૨ની સાલમાં આ વ્યાખ્યાનમાં આવતા. જૈનતીર્થમાં આવતું? જૈનપ્રકાશમાં. ૮૦માં પહેલાં અહીંથી આવતું બોટાદથી. દામોદર લખતા. દામોદર ન્યાલચંદ. ૮૦. એ વીરવાણી. ન્યાંય ચોમાસામાં આ કહ્યુંને. ન્યાંય બોટાદમાં સભા ભરાય પંદરસે-પંદરસે માણસ આમ હકડેઠાઠ. શાંત.. શાંત.. ૮૦ની વાત હોં છેલ્લી. ચોમાસુ છેલ્લું ૮૦નું ત્યાં હતું. વર્ષ થયા ૪૭.

અહીં કહે છે કે આહા! ભગવાન! જેને અંતર ભગવાન પૂર્ણાનંદનો આશ્રય ને અવલંબન નથી એટલે કે જેને સ્વદ્રવ્યની અંતરમાં એકતા નથી... આ તો વળી યાદ શું આવ્યું? **एयत्तविहत्तं**.. એ બધી વ્યાખ્યાનું સ્પષ્ટીકરણ કરે છે. પાંચમી ગાથામાં આવે છેને ભાઈ!

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं ॥५॥**

આહાહા! બીજી ગાથાએ લીધુંને...... કહ્યું કે આ માર્ગ કહું છું. ભગવાન આત્મા એ દયા, દાન, વ્રત, પૂજાના વિકલ્પો એનાથી પ્રભુ ભિન્ન છે. એ તો વિભાવ છે, વિભાવથી સ્વભાવ ભિન્ન છે. આહાહા! એવો સ્વભાવનો સાગર ભગવાન એનો આશ્રય કરીને, અવલંબીને, ધ્યેય બનાવીને ધ્યાન–એકાગ્રતા જેણે પ્રગટ કર્યું, એ ધર્માત્મા છે. આહાહા! એ અંતરાત્મા છે એમ કહ્યુંને.

**એ બે ધ્યાન વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે**. આહાહા! બે જ ભાગ પાડ્યા છે. જે કોઈ વસ્તુ ભગવાન આત્માના સ્વભાવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા એમાં વર્તે છે છે તે અંતરાત્મા. બાકી એ વિનાનો રાગમાં–વ્યવહારની ક્રિયાઓમાં શુભભાવમાં વર્તે એ બહિરાત્મા છે. સમજાણું કાંઈ? અરે! આવી રીતની પણ એને ખબર ન મળે (કે) આ માર્ગનું આવું સ્વરૂપ છે. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરો ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં, કરોડો મનુષ્યના સમુદાયમાં પ્રભુની વાણી આવી આવી હતી. સમજાણું કાંઈ? વાત એ છે.

**બે ધ્યાન વિનાનો તુચ્છ મુનિ તે બહિરાત્મા છે.** આહાહા! અરે! પોતે મુનિ પોતાની દશાને વર્ણવે છે. અરે! **હું પૂર્વોક્ત (સમરસી) યોગીનું શરણ ગ્રહું છું.** એમ કરીને... મને તો સમરસીભાવ વર્તે એમાં હું વર્તું, એમ કહે છે. આહાહા! શરણ ગ્રહું છું. આહાહા! **પૂર્વોક્ત**

**(સમરસી)**... જેને ભગવાન આનંદના આશ્રયે આનંદ પ્રગટ્યો છે એવા મુનિનું શરણ ગ્રહું. એનો અર્થ કે એની પરિણતિમાં હું છું. આહાહા! સમજાણું કાંઈ? હું રાગમાં નથી, હું વ્યવહારમાં નથી, હું શરીરમાં નથી, હું નિમિત્તમાં–સંયોગમાં નથી. રાગમાં નથી પછી નિમિત્તમાં ક્યાંથી આવ્યો એ? સમજાણું કાંઈ? અરે! હું, પૂર્વોક્ત જે મુનિને અંતરાત્મા કહ્યા એવા **યોગીનું શરણ ગ્રહું છું**. એ સમરસભાવ જ મારો છે, બીજો મારો ભાવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? હવે ઉત્કૃષ્ટ વાત એક મૂકે છે.

**આ ૧૫૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં...** ૧૫૧મી ગાથા છે. ગાથા ચાલે છે એની તે. **ટીકાકાર મુનિરાજ વડે શ્લોક...** કંઈક બીજી જાતનું છે એટલે કહ્યું. છે તો ૧૫૧ ગાથા પછીના બેય શ્લોકો. ઓલો શ્લોક અમુક કહ્યો, આ શ્લોક જરીક ખૂબ નિશ્ચયનું સ્વરૂપ બતાવવા માટે છે. છે તો ૧૫૧ ગાથાના બેય શ્લોકો–કળશ. **દ્વારા કેવળ શુદ્ધનિશ્ચયનયનું સ્વરૂપ કહેવામાં આવે છે :** આહાહા!

**बहिरात्मान्तरात्मेति विकल्पः कुधियामयम् ।**
**सुधियां न समस्त्येष संसाररमणीप्रियः ॥२६१॥**

આહાહા! અરે! ભગવાન **શુદ્ધ આત્મતત્ત્વ...** અભેદ એકાકારસ્વરૂપ એમાં **બહિરાત્મા અને અંતરાત્મા એવો આ વિકલ્પ કુબુદ્ધિઓને હોય છે...** પર્યાયબુદ્ધિવાળો આવા વિકલ્પ કરે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ અભેદ ત્રિકાળ આનંદકંદનો નાથ એ તો પરમ સ્વભાવિક જ્ઞાયકભાવ છે. એમાં આવા પર્યાયના ભેદો કહેવા અને વિકલ્પ ઉઠાવવો (એ કુબુદ્ધિને હોય છે) એમ કહે છે. ભાઈ! બહિરાત્મા ને અંતરાત્મા એવા આ વિકલ્પ કુબુદ્ધિઓ મિથ્યાદૃષ્ટિને હોય છે, એમ કહે છે અહીં. આહાહા! પર્યાયમાં જાય છે એને આવા બે ભાગ દેખાય છે એમ કહે છે. દ્રવ્યમાં જાય એને બે ભાગ દેખાતા નથી. આહાહા! શુદ્ધ ભગવાન આત્મા પરમ સ્વભાવિક જ્ઞાયકભાવ નિત્યાનંદ પ્રભુ એક સમયની પર્યાય વિનાનું તત્ત્વ, એવા તત્ત્વમાં, પર્યાયમાં ઊભા રહીને આવા બે ભાગ પાડવા (કે) આ બહિરાત્મા કહેવાય ને આ અંતરાત્મા કહેવાય એવો જે વિકલ્પ–રાગ ઉઠાવવો એ મિથ્યાદૃષ્ટિને હોય છે. ગજબ વાત છે! બહોત ઊંચી બાત હૈ. બાત હી ઐસી હૈ. હૈ ઐસી બાત હૈ, ઊંચી ... કરીને... આહાહા!

યહાં તો કહતે હૈં, ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળી આનંદનો નાથ ભગવાન એવી દ્રવ્યદૃષ્ટિ છોડીને (અને) પર્યાયમાં રહીને, આ પર્યાય બે પ્રકારની છે, આ છે ને આ છે—એવો વિકલ્પ ઉઠાવે છે એ કુબુદ્ધિ છે. અરે! આ તો અજર પ્યાલાની વાતું છે. સમજાણું કાંઈ? પર્યાયમાં ઊભો રહીને આવો અંતરાત્મા ને આવો બહિરાત્મા—એવો જે વિકલ્પ છે એ તો મિથ્યાદૃષ્ટિનો વિકલ્પ છે. આહા! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! કે આ માર્ગ તો આમાં છે કે નહીં? કે નવો છે? ઘણા કહે છે કે સોનગઢથી કાઢ્યું આવું. એમ કહે છે લ્યો. આ

લખેલું કે દિ'નું છે આ? પણ આ અહીંયા હતું. એમાં છેને? આનો બીજો અર્થ કરો નહીંતર... કહ્યું હતું એક ફેરી. આહાહા! પ્રભુ! એવો માર્ગ તારો છે ભાઈ! તારો આત્મા મીઠો મહેરામણ આનંદથી... આહાહા! એ ઝોલે ડોલે એકરૂપે ભગવાન છે એ. એવા એકરૂપમાં પર્યાયબુદ્ધિના બે પ્રકાર પાડીને વિકલ્પ કરવો નહીં. આહાહા! પર્યાયનો.... એમ છે.... આહાહા! એ ભીખાભાઈ! આવી વાતું છે બાપા! આહાહા!

ભગવાન મળે નહીં, (પણ પોતે) ભગવાન જ થાય. પોતે ભગવાન પોતે છે. એને મળ્યા–ભેટા થયા એ ભગવાન થાય–થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ભગવાનનું હશે? વીતરાગે આવું કહ્યું હશે? અત્યાર સુધી તો બીજું સાંભળતા. એ કુંદકુંદાચાર્ય કહે કે ભગવાન કહે—બધું એક જ છે. 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો..' જેણે ત્રીજે નંબરે તો... પહેલા ભગવાન, બીજા ગણધર ને ત્રીજા એ. એમ આવ્યું છેને માંગલિકમાં. 'કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.' આહાહા! આવી વાત બીજે નથી એને પણ આની સાથે જોડી દેવી, આહાહા! એનો સમન્વય કરવો કે એ પણ સાચા ને આપણે પણ સાચા. અરે પ્રભુ! આમ ન હોય ભાઈ! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે સ્વરૂપનું પૂરું જ્ઞાન કરીને જે કહ્યું છે એ આવી વાત બીજે ક્યાંય નથી. સમજાણું કાંઈ?

ભાષા લાગે એવી, સમભાવ, સમાધિ, સમકિત. પણ બાપા! ભાષા છે એટલે શું થયું? એનો સ્વભાવ.. આહાહા! હાંક મારે છે અંદરથી.. ભગવાન! તું તો આનંદકંદ એક સમયમાં પૂર્ણ છોને નાથ! એને વળી આ ભેદ પાડવા અને પર્યાયમાં ઊભો રહીને પર્યાયથી (જોવા) બે ભેદ આ અંતરાત્મા ને આ બહિરાત્મા—એ વસ્તુમાં નથી એવું, કહે છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં ઉભો રહીને, અંતરાત્માની પર્યાયને જાણે એ જુદી વાત છે. બહિરાત્મપણું કેવું હોય એને જાણે એ જુદી વાત છે. પણ અહીં તો પર્યાયમાં ઊભો રહીને ભેદ પાડે છે બે. દ્રવ્યબુદ્ધિ તો ખસી ગઈ છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? આનો અનાદર તેં કર્યો ભાઈ! આહાહા! પૂર્ણ.. પૂર્ણ ઇદં પ્રભુ આત્મા પૂર્ણ ઇદં, પૂર્ણતાનો સ્વભાવ એને તેં અનાદર કરીને અંશ.. અંશના ભેદમાં રોકાઈ ગયો. સમજાણું કાંઈ? જવાહરલાલજી! .... કહો, સમજાણું કાંઈ? આહાહા!

શુદ્ધ ભગવાન આત્મા એકરૂપ ધ્રુવ એના પર્યાયમાં રહીને ભાગ બે પાડવા... દ્રવ્યમાં રહીને હોય તો તો એ જાણે છે કે ભાગ છે એટલું. સમજાણું કાંઈ? અહીંયા તો, એમાંથી ખસીને આ અંતર પર્યાય આવી અને આ પર્યાય આવી ને આ પર્યાય બહિરાત્માની (એવા ભેદ પાડે છે) એમ કહે છે. સમજાણું કાંઈ? એવો વિકલ્પ કરવો (નહીં) એમ કહેવું છે. એને જાણવું, દ્રવ્યમાં રહીને પર્યાયને જાણે એ તો બરાબર છે. સમજાણું કાંઈ? આ પ્રકારમાં રોકાઈને એકલો વિકલ્પ જ ઉઠાવવો અને નિર્વિકલ્પ ચીજ એકરૂપ એકકોર પડી રહે છે, એની અભેદની દૃષ્ટિ તો કરતો નથી, એમ કહે છે. માર્ગ (સાંભળીને) કાયરના તો કાળજા કંપે એવું છે. 'વચનામૃત

વીતરાગના, પરમ શાંતરસમૂળ..' આ સમરસ. 'પરમ શાંતરસમૂળ, ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.' આહાહા!

અહીં તો કહે કે એ શુભ વિકલ્પ છેને એ ઉત્પન્ન કરવો એ જ નપુંસકતા છે. એમાં વળી 'એ શુભવિકલ્પ તે હું' એ તો નપુંસકની નપુંસકતા વિશેષ છે. ભાઈએ નાખ્યું છે. આહીં કીધું છે, નપુંસક કીધું છે. સામાયિક સમતામાં જાતો નથી, રાગમાં આવે છે એ નપુંસક છે. પુણ્ય-પાપના અધિકાર (ગાથા ૧૫૪)માં છે. ક્લિબ.. ક્લિબ. આહાહા! વીર્યત્વ પાળવું એને કહીએ કે જે વીર્યમાં સ્વરૂપની–સમરસની રચના થાય. એવું આત્માનું વીર્ય ને આત્માના બળની શક્તિનું એવું સામર્થ્ય છે. એવા સામર્થ્યને માનતાં, ન જોતાં, ન રહેતાં, ન ટકતાં, એકલી રાગની ક્રિયામાં પર્યાયબુદ્ધિને જોઈને, આવી પર્યાય બહિરાત્માની, આવી પર્યાય અંતરાત્માની—એવો વિકલ્પ ઉઠાવે એ તો બહિરાત્મા મિથ્યાદૃષ્ટિને આવું હોય છે, કુબુદ્ધિને હોય છે એમ કહે છે.

**સંસારરૂપી રમણીને પ્રિય એવો આ વિકલ્પ...** આહાહા! એ મિથ્યાત્વનો વિકલ્પ છે. એ સંસારરૂપી રમણી એને પ્રિય છે રાગ. એ રાગમાં પણ સંસારનો પરિભ્રમણ થાય એવો રાગ છે એ. આહાહા! સમજાણું કાંઈ? આચાર્યો, મુનિઓ પણ વાત કરે છેને! સંસારરૂપી રમણી–સ્ત્રી એને પ્રિય એવો એ રાગ છે. આહાહા! એવો વિકલ્પ **સુબુદ્ધિઓને હોતો નથી.** સમ્યગ્જ્ઞાની ધર્માત્માને આવા ભેદમાં ઊભા રહીને વિકલ્પ કરવો એ છે નહીં. એ તો અભેદમાં ઊભો છે અને ભેદને જાણે છે. સમજાણું કાંઈ? એ ૧૫૧મી ગાથાના (શ્લોક) કહ્યા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૧૧, શનિવાર, તા. ૧૩-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૫૨, શ્લોક - ૨૬૨, પ્રવચન નં. ૧૭૬**

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર છે. ૧૫૨ ગાથા. ૧૫૧ થઈ ગઈ.

**पडिकमणपहुदिकिरियं कुव्वंतो णिच्छयस्स चारित्तं ।**
**तेण दु विरागचरिए समणो अब्भुट्ठिदो होदि ॥१५२॥**
**પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**

મુખ્ય મુનિપણાની વાત લીધી છેને. **ટીકા : અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત...** સમ્યગ્દૃષ્ટિ તો પરમ વીતરાગ (દશા)માં સ્થિત નથી. આત્મામાં સ્થિત છે, પણ અહીં પરમ વીતરાગચારિત્ર સમ્યગ્દૃષ્ટિમાં હોતું નથી. સમજાણું કાંઈ? ધર્મની પહેલી સીઢી, એમાં એ નિશ્ચય આવશ્યક... આ મુનિના આવશ્યકની વાત છે. સમ્યગ્દર્શનમાં પણ નિશ્ચય આવશ્યક સ્વદ્રવ્યને આશ્રયે સમકિત, સ્વદ્રવ્યને આશ્રય એવું જ્ઞાન અને સ્વદ્રવ્યના આશ્રયે સ્વરૂપમાં અંશે સ્થિરતા, એ છઠ્ઠા ગુણસ્થાનની સત્ ક્રિયા અને નિશ્ચય આવશ્યક એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પાંચમેથી આગળ વધીને, એ સ્વરૂપનો આશ્રય અંદર કરીને, એકાગ્ર થઈને જેટલી શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ સ્વને આશ્રયે થાય, તેટલી એની નિશ્ચય આવશ્યક ક્રિયા છે. મુનિને આવી ક્રિયા હોય છે.

**પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે. જેણે ઐહિક વ્યાપાર (સાંસારિક કાર્યો) તજેલ છે...** જોયું? ઐહિક વ્યાપાર એટલે કે રાગાદિના પરિણામ જેણે છોડેલ છે. સાધારણ અર્થ પછી કર્યો છે, એ સાંસારિક કાર્ય. સંસારના કાર્યો તો એને હોતા નથી, પણ રાગનુંય કાર્ય જેણે છોડ્યો છે એવો અહીં તપોધન લીધો છે. **એવો જે સાક્ષાત્ અપુનર્ભવનો (મોક્ષનો) અભિલાષી...** આત્માની તદ્દન મુક્ત દશા, પરમ આનંદદશા એનો અભિલાષી. **મહામુમુક્ષુ...** મુનિ છેને! ચોથે ગુણસ્થાને મુમુક્ષુ છે, પાંચમે મુમુક્ષુ મધ્યમ, આ તો મહામુમુક્ષુ. **સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી...** કહે છે કે ઇન્દ્રિયો તરફના વલણ અને ઇન્દ્રિયોનો વેપાર જેને અંદરથી છૂટ્યો છે. એ હોવાથી **નિશ્ચય-પ્રતિક્રમણાદિ સત્‌ક્રિયાને કરતો સ્થિત છે...** પાઠમાં છે '**प्रतिक्रमणप्रभृतिक्रियां**' એનો અર્થ કર્યો કે પ્રતિક્રમણ આદિ સત્‌ક્રિયા. સમજાણું કાંઈ?

આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનામાં એકાગ્ર થવું, એનો આશ્રય લઈને લીન થવું, એને અહીંયા સત્‌ક્રિયા કહેવામાં આવે છે. વ્યવહાર પ્રતિક્રમણાદિના વિકલ્પો એ તો અસત્‌ક્રિયા છે

ખરેખર તો. લ્યો, અહીં અસત્‌ક્રિયા આવી પાછી. સમજાણું કાંઈ? એ અભૂતાર્થ ક્રિયા છે. કાલ કહ્યું હતું. તમે તો સમ્યગ્દર્શન-જ્ઞાન લઈને જ ચાલો છો. પહેલી વાત. ... લઈને નહીં. વાંચ્યું કાલ, નહીં? એમ કે આ બાહ્યત્યાગ છે એ ચારિત્ર છે એ તો કાંઈ કહેતા નથી. આહાહા! એનું આવ્યું છે કાલ-પરમ દિ'. સમ્યગ્દર્શન-જ્ઞાન લઈને ચાલો, એમ હુકમચંદજીને કહ્યું છે. એમ કે જ્યાં-ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન.. સમ્યગ્દર્શન-જ્ઞાન, એ હોય તો બધું (હોય) એમ કહીને (એને) લઈને ચાલો છો. ક્યાં લઈને ચાલવું? આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો બાહ્યત્યાગ તો કાંઈ ચીજ નથી, પણ અંદર રાગના મંદતાનો ભાવ એ પણ કાંઈ વસ્તુ નથી. કેમકે જે વસ્તુ પ્રભુ આત્મા છે એ તો વીતરાગ જિનસ્વરૂપ છે, એને આશ્રયે જે ક્રિયા થાય તે જિનસ્વરૂપી સત્‌ક્રિયા છે, એને અહીંયા સાચું આવશ્યક કહેવામાં આવે છે. આમ છે વાત. શું થાય? પોતાની મોટપ સૂઝતી નથી અને મોટપનો આશ્રય લેવો એ જ એની ક્રિયા છે એ વાત ગણત્રીમાં દેખાતી નથી. આ બધે બહાર શરીર, વાણી, મન (આદિ) બહારના પરમાણુઓ છે, એ જગતની ચીજ છે, એમાં તો આત્મા નથી (કે) જેમાં એ વ્યવહારે હોય. એનામાં રાગની મંદતાની ક્રિયા હોય એ ખરેખર લૌકિક ક્રિયા છે, વ્યવહાર ક્રિયા છે, એ કાંઈ નિશ્ચયનું કારણ નથી. સમજાણું કાંઈ? આગળ કહેશે. જો આવી ક્રિયા નિશ્ચય પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આદિ ન કરી શકે અંદરમાં, તોપણ શ્રદ્ધા તો રાખજે કે સ્વભાવના આશ્રયથી થતી ક્રિયા તે જ મુક્તિનો કારણ છે. ગાથા આવશે પછી. સમજાણું કાંઈ?

**મહામુમુક્ષુ સકળ ઇન્દ્રિયવ્યાપારને છોડ્યો હોવાથી**... એને ઇન્દ્રિય વ્યાપાર તરફનું વલણ જ છૂટી ગયું છે કહે છે. અતીન્દ્રિય ભગવાન આત્મા એ નિશ્ચય પ્રતિક્રમણ આદિ સત્‌ક્રિયા... પાઠમાં હતું '**प्रतिक्रमणप्रभृतिक्रियां**' એ આદિ ક્રિયા. પછી નાખવું પડ્યું કે આ સત્‌ક્રિયાની વાત છે. કેમ? એ ચારિત્ર નિશ્ચય છેને આ? 'નિશ્ચય ચારિત્ર' છેને શબ્દ પછી. **कुव्वंतो णिच्छयस्स चारित्तं**, એમ. સમજાણું કાંઈ? પ્રથમ સમ્યગ્દર્શન (એટલે) શુદ્ધ ચૈતન્યદ્રવ્ય રાગ વિનાનો નિષ્ક્રિય અથવા વર્તમાન પરિણામ વિનાની ચીજ એવો અખંડ અનુભવમાં આવ્યા વિના, આમાં સ્થિર થવું છે એ ચારિત્ર એને ક્યાંથી આવે? સમજાણું કાંઈ? જેમાં સ્થિર થવું છે એ ચીજ જ જ્યાં દૃષ્ટિ ને અનુભવમાં આવી નથી.. સમજાણું કાંઈ? તો સ્થિર ક્યાં થાવું છે? સ્થિર તો આત્મામાં થવું છે. ક્રિયા રાગની ક્રિયા એના માટે તો અહીં નિષેધ કરે છે. આહાહા!

**નિશ્ચય પ્રતિક્રમણાદિ**... પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સમાધિ, ભક્તિ વગેરે જે અધિકાર આવ્યા. એ બધી સત્‌, આત્મા અંતર્મુખ થઈને સ્વ-આશ્રયે જે વીતરાગી પર્યાય પ્રગટ થાય એને અહીંયા સત્‌ક્રિયા કહેવામાં આવે છે. એની અપેક્ષાએ તો વ્યવહાર ક્રિયા... આગળ કહેશે હવે પછી ૧૫૩માં. એ તો શુભ વિકલ્પ છે, સ્વાધ્યાય છે, રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? વચનમય પ્રતિક્રમણ... અહીંયા નિશ્ચય કહેવું છેને! એટલે પછી વચનમય પ્રતિક્રમણની

વ્યાખ્યા કરશે કે એ પણ પુદ્ગલમય ક્રિયા છે. કહો! છે તો અંદર રાગ ઓલો, પણ વચનમય શબ્દના આદિ બધી આલોચના, પ્રતિક્રમણ ને... કહેશે એમ કે મહામુનિઓએ નિજાત્મ (ભાવના) માટે રચેલું છે એ તો. એને સાંભળતા, એ તો પુદ્ગલની ક્રિયા છે કહે છે. સમજાણું કાંઈ? અને એના લક્ષમાં પણ રાગનો જ ભાગ ઉત્પન્ન થાય છે. એ રાગેય ખરેખર તો પુદ્ગલ જ છે, આત્મા નહીં, સ્વભાવની દૃષ્ટિએ. સમજાણું કાંઈ?

કહે છે કે તારી મુક્તિની ક્રિયા તો આ એક જ છે. શરીર સંબંધીની ક્રિયા નહીં, એ તો જડ છે. કહો, એ વાત આ. પંડિતજી! હાથીકો જીવ કહના, શરીરકો અજીવ નહીં કહના. મૃતક કલેવરને–હાથીના શરીરને અજીવ કહેવો, જીવતાને તો જીવ કહેવો. અરે, ભગવાન! ક્યાં છો તું પ્રભુ? ક્યાં ગયો તું? ક્યાંય ગયો નથી. માન્યું છે કે આ શરીરની ક્રિયા મારી છે. સમજાણું કાંઈ? કહો, જીવતું શરીર હોય ત્યાં સુધી શરીરને જીવ કહો, મરી ગયા પછી એને અજીવ કહો. અરેરે! આવી ચર્ચા જૈનદર્શનમાં? એ જેઠાભાઈ! આહાહા! અહીં તો રાગની ક્રિયાને પણ એની ક્રિયા નથી (કહી), સત્‌ક્રિયા નથી, એ તો અસત્‌ક્રિયા છે. વ્યવહારનયની અસત્યાર્થ–અભૂતાર્થ ક્રિયા છે. આહાહા! બાપુ! માર્ગ તો એવા છે.

**નિશ્ચય પ્રતિક્રમણાદિ**... સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનું એનું સ્વરૂપ છે. એ સ્વરૂપમાં એકાગ્ર થવું નિર્વિકલ્પદશાપણે–વીતરાગી પરિણતિપણે, એને અહીંયા સાચી ધાર્મિક ક્રિયા કે જે મુક્તિનું કારણ છે એને ક્રિયા કહે છે. લ્યો, આ ક્રિયા ક્રિયા કહે છે ને. આહાહા! એને છોડીને આ વ્યવહાર એકલી ક્રિયા છે એ ત્યાગ ચારિત્ર છે અને એને તમે મુક્તિનું કારણ માનો. લ્યો વળી એમ કહે છે. આહાહા! ભાઈ! તારું સ્વરૂપ છે તેનું તને માહાત્મ્ય આવતું નથી. અને એ ક્રિયાઓ બહારના ત્યાગની, મંદ રાગની, ભલે અંદર મંદ રાગ–શુભભાવ હો, એ ક્રિયાનું માહાત્મ્ય છે ત્યાં સુધી તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? એક તો સાંસારિક કાર્યો છોડ્યા છે અને સાક્ષાત્ મુક્તિનો મહા-અભિલાષી મુમુક્ષુ છે, સકળ ઇન્દ્રિય તરફનું (લક્ષ) બધું છોડ્યું છે, હવે રહ્યો અતીન્દ્રિય ભગવાન આત્મા.

એ આવી ગયુંને. **जो इंदिये जिणित्ता**.. (સમયસાર) ૩૧મી ગાથામાં. આ જડ ઇન્દ્રિયો, ખંડ-ઇન્દ્રિય ને આ વિષય સામે—એ બધા ઇન્દ્રિયો છે. આહા! એની સામે ભગવાન અતીન્દ્રિય આત્મા છે. ત્યાં વળી ઓલાએ એમ કહ્યું કે પંચેન્દ્રિયના આ જડનો વિષય છે એ આત્માનો ન હોય તો અંદર ... થઈ ગમે તે ભોગવો. કહો! ભાઈ! આહીં ભારે તકરાર. (આત્મા) અતીન્દ્રિય છે, આ જડ તમે કહો છો અને જડની પરિણતિ બધી જડ છે. એમાં વિષયનું ભોગવવું એ જડનું થયું, આત્માને કાંઈ લાગશે નહીં. લે! એવા તર્ક કર્યા છે. અરે ભગવાન! આ તો જડ જ છે, પણ જે ખંડખંડ ઇન્દ્રિય એક વિષયને જણાવે એવો જ્ઞાનનો ખંડ–અંશ એ પણ પર છે. પર્યાયબુદ્ધિમાં

જાય છેને અંશમાં. આહાહા! ઇન્દ્રિયમાં જ જાય છે, એ પોતે ઇન્દ્રિય જ છે. સમજાણું કાંઈ? આહાહા! એ આત્મા નહીં.

જે ઇંદ્રિયનો–ભાવેન્દ્રિયનો ખંડ–ભાગ એક-એકને જાણે એવો ભાગ તે પણ ઇન્દ્રિય છે, એ આત્મા નહીં. આહાહા! તેથી જ એણે ભાવેન્દ્રિય, દ્રવ્યેન્દ્રિય, એના તરફનો વિષય છોડ્યો હોવાથી... આવું છે. શું થાય? જગતના ઘણા માણસો ન માને માટે કાંઈ સત્ય ધોળું-પીળું થઈ જાય? લાખો-કરોડો-અબજો માણસ બીજું માને અસત્ય એથી કાંઈ એ સત્ય થઈ જાય? સત્‌ક્રિયા છે કે નહીં? આહાહા! કહો, ભીખાભાઈ! આહાહા! ભગવાન! તું મહા સત્‌ છો પ્રભુ! જગતનો. આહાહા! એ મહાસત્‌માં મહાસત્‌-સ્વભાવ–સ્વરૂપ આનંદ ને જ્ઞાનાદિના ભાવો સત્‌રૂપે પડ્યા છે. એનો અંતરમાં આશ્રય લઈ અને જે આત્મા વસ્તુ અને એની શક્તિઓ–ગુણો એના અવલંબનમાં જે પ્રતિક્રમણાદિ ક્રિયા થાય એને અહીંયા સત્‌ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અરે! ચોરાશીના અવતારમાં દુઃખી થયો, સ્વર્ગમાંય દુઃખી થયો. એને સુખના રસ્તાનો કાળ આવ્યો, મનુષ્યપણું એને મળ્યું, એ ભવના અભાવ માટે જ આ મનુષ્યભવ છે. એને ઠેકાણે એના ભવના ભાવની જ એને રુચિ પડી હોય, અરેરે! ભાઈ! ક્યારે તું છૂટીશ? સમજાણું કાંઈ? આહાહા! અનંત કાળમાં દબાયેલો એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ-ઇન્દ્રિય, ચૌ-ઇન્દ્રિય, મન (ન હોય) અને મનવાળો હોયને ક્ષયોપશમ જ્ઞાન ન હોય એને પંચેન્દ્રિયનો, પણ એને તાબે થઈ ગયો છે એ. પર્યાયને તાબે, રાગને તાબે, નિમિત્તને તાબે. અરે! એમાંથી નીકળવાના આરા (આવ્યા) એ વખતે તું આવી અવળાઈ ન કર હવે ભાઈ! આહાહા! અવળાઈ મૂકવાનો કાળ (આવ્યો), પ્રભુ! તારું સ્વરૂપ છે એનો આશ્રય લેવો એ એનો અવળાઈને મૂકવાનો કાળ છે.

નિશ્ચય પ્રતિક્રમણ... નિશ્ચય એટલે સાચું પ્રતિક્રમણ. મિચ્છામિ દુક્કડમ્ એવો જે વિકલ્પ એ કાંઈ સાચું પ્રતિક્રમણ નથી. સમજાણું કાંઈ? પણ જેનાથી રાગથી પણ ખસી જાય છે અને સ્વભાવને શરણે જાય છે એનું નામ સાચું પ્રતિક્રમણ છે. લ્યો. કહો, સમજાણું કાંઈ? પચ્ચખાણ પણ એ છે. બહારથી શુભ વિકલ્પ કરીને આમ અશુભનો ત્યાગ કરું છું, ફલાણું— એ (પ્રતિક્રમણ) નહીં, એ કંઈ વસ્તુ નથી. મહા ચૈતન્ય આનંદનો ધામ એમાં એકાગ્ર થવું, એને અહીંયા સાચી પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન ક્રિયા કહે છે. એ પચ્ચખાણની ક્રિયા સાચી છે. એમ સંવર, આલોચના.. આલોચના આવ્યું હતુંને. એ પણ સંવર (એટલે) બહારથી પાછા ....... સેવવાના પચ્ચખાણ એમ કરીને બેસે અને શુભરાગ કરે, એ કાંઈ સંવર નથી. અશુભમાંથી તો બચ્યો છેને એટલો? એ 'બચ્યો છે' ક્યારે કહેવાય? કે દૃષ્ટિમાં તદ્દન શુદ્ધસ્વરૂપનું ભાન હોય, એને શુભ થાય એ અશુભથી બચ્યો એમ કહેવાય. આ તો એકલો એમાં જ અટવાઈ ગયો

એમાં બચ્યો ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? પંડિતજી! ન્યાંને ન્યાં રહ્યો છે પણ. એ અટવાઈ ગયેલો જ છે રાગમાં. એમાં બચ્યો ક્યાંથી આવ્યો?

જે અંતર સ્વરૂપમાં પૂર્ણાનંદ પ્રભુ તરફનો જ્યાં અનુભવ ને દૃષ્ટિ છે, સ્થિરતાનો અંશ છે, એને શુભભાવ થાય તો એ અશુભથી બચ્યો એમ કહેવામાં આવે છે. કારણ કે એને અહીં શુદ્ધ તરફનું જોર છે એથી શુભ વખતે 'અશુભથી બચ્યો' એમ એને કહેવાય છે. સમજાણું કાંઈ? ભાઈએ પ્રશ્ન મૂક્યો હતો એકવાર, એક ભાઈએ સોગાનીને. કોઈ એમ કહે કે અમને તો પુણ્ય-પાપ એ અમારી કચાશ છે, કચાશ છે. એ તો અમારી નબળાઈની કચાશ છે. તો કહે છે, ભાઈ! કચાશ ક્યાં છે? કચાશ તો એને કહીએ કે જેને પાકો ભગવાન આત્મા પૂર્ણાનંદ વજ્રનું બિંબ એનો આશ્રય થયો છે, એને કહેવાય કે મારી પર્યાયમાં જરીક કચાશ છે માટે રાગ થાય છે. પણ તું તો આખા કચાશના રાગમાં અર્પાઈ ગયો એમાં કચાશ ક્યાંથી આવી? એય! એક શબ્દ છે એમાં. આહાહા! સમજાણું કાંઈ?

મારી મારી કહે, એમાં મારી પર્યાયમાં મારી કચાશ છે. પણ કચાશને જ પકડી છે એમાં કચાશ ક્યાંથી આવી? સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય-દ્રવ્યસ્વભાવ એને જેણે પકડ્યો છે એને એમ કહેવાય કે પર્યાયમાં અશુભભાવ થાય છે ત્યારે મારી કચાશ છે. સમજાય છે? જુદો પડેલો મંદકષાયમાં આવે કે અશુભમાં આવે તો એને કચાશ છે એમ કહેવાય, પણ જુદો પડ્યો નથી ત્યાં મંદ(રાગ)માં 'કચાશ મારી છે' એમ ક્યાંથી તું લાવ્યો? આહાહા! એ ચંદુભાઈ! સમજાણું કે નહીં? એ વળી શબ્દ છે, પણ આ તો ભાવમાં... આહાહા! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવી જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયા નથી એને 'પર્યાયમાં કચાશ છે' એમ કહેવાનો હક જ નથી. સમજાણું કાંઈ?

કચાશ છે એ તો કોણ જાણે? કે જેને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપની સંવરદશા અંતરને આશ્રયે પ્રગટ થઈ છે, ત્યારે એને એમ લાગે, અરે! આ પર્યાયમાં શુભ-અશુભ છે એ મારી કચાશ છે. સમજાણું કાંઈ? પણ જ્યાં એકલો એમાં છે ત્યાં કચાશ કોની સાથે મેળવી એણે? એ તો પડ્યો છે આખો એમાં, હવે કચાશ કોને કહેવી? પકાશ તો આવી નથી કાંઈ. કાંતિભાઈ! કહો, કપૂરભાઈ! એ વાચ્યુંને, પુસ્તક વાચ્યું કે નહીં? સોગાનીનું પુસ્તક વાચ્યું ત્રીજો ભાગ? ત્રીજો ભાગ નહીં આવ્યો હોય. જોયો નથી? કહો, સમજાણું કાંઈ? તે દિ' નહીં આપ્યું હોય. હમણાં છૂટ થઈ છેને. આહાહા! હવે તો થોડું મૂકો વહેતું, કીધું. રામજીભાઈએ પૂછી લીધું હતું કે ભાઈ! આવું છે આપણે બહાર મૂકવું છે? કે હા, મૂકો. કેમકે આ બધું જોખમવાળી ચીજ છે. અજર પ્યાલા છે બાપા! એમાં. પણ હવે (બધા વાંચે છે). લ્યો, કપૂરભાઈ! પણ એ યાદ આવ્યું ત્યારે લઈ લો અત્યારે. ત્યાંથી આવ્યા હતા જુઓને! કેટલી છે? આહાહા! એમાં ક્યાંક છે એ. બધું યાદ કાંઈ રહે છે? ક્યાંક છે એ કચાશનું. સમજાણું કાંઈ? આહાહા!

આ તો કહે છે કે સત્‌ક્રિયા જેને આત્મા-આશ્રયે થઈ એને શુભભાવ આવે એ એની કચાશ કહેવાય. વ્યવહાર આવે.. સમજાણું કાંઈ? કારણ કે આની કોરથી મેળવે એને કચાશ કહેવાય. આની કોરનો ભાગ જ આવ્યો નથી ને કચાશ કોની સાથે તું કહે છે? આખો જ અર્પાઈ ગયો કે શુભરાગ એ જ હું, એ ક્રિયા પણ મારી, હવે એમાં કોની સાથે કચાશ તારે કહેવી છે? પાકો થઈ ગયો છો અજ્ઞાનમાં, એમ કહે છે. આહાહા! ભારે કામ બાપા! પ્રભુ! તારા પંથ... આહાહા! આગળ એક ઠેકાણે ક્યાંક આવે છે. હે મુનિ! તારા જ્ઞાનમાં, સ્થિરતામાં રહેજે, દુનિયાને તરણા સમાન માનજે. એની ગણતરી કરીશ નહીં કે આ આમ બોલે ને આ આમ માને છે. આમાં છે ક્યાંક આમાં. જનસમુદાયમાં કહ્યું છે. આ આમાં જ છે. કેટલામો આવે છે? એ ૧૫૩માં આવે છે. ૧૫૩નો કળશ ૨૬૩.

**સર્વ જગતજાળને તૃણ સમાન તુચ્છ દેખે છે**. ૨૬૩ કળશ છે. ૧૫૩ છેને ગાથા એનો કળશ છે. **એકલો (નિરાલંબપણે) સર્વ જગતજાળને તૃણ સમાન તુચ્છ દેખે છે**. અરે! દુનિયાને આ ચીજની ખબર નથી. આ ગુજરાતી છે મારી પાસે. ૨૬૩ કળશ, ૧૫૩ ગાથાનો કળશ. બે તો નમૂના આપ્યા, આધાર. સમજાણું કાંઈ? આહાહા! ધર્માત્મા એમ કહે છે, હે પ્રભુ! તું તો તારી ક્રિયા સાધ્યે જા. દુનિયાને ગણીશ નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? જનસમૂહ.. તૃણ સમાન જગતજાળ છેને? એ રીતે પડ્યા છે અને એ રીતે હોય, એમાં આ તારી વાતને કોણ ગણશે? સમજાણું કાંઈ? આહાહા! તો એને તૃણ સમાન જાણજે. એ જગતના તરણા છે એની કાંઈ કિંમત નથી. એમ દુનિયાના આવા બોલનારા, કહેનારા, માનનારાની કાંઈ કિંમત નથી. આહાહા! સમજાણું કાંઈ?

ઓહો! 'સત્' શબ્દ વાપર્યો વચ્ચે. પ્રતિક્રમણાદિ... સામાયિક, ચોવિસંથો, ભગવાનની સ્તુતિ, ગુરુવંદના—એ બધી દ્રવ્યના સ્વભાવે થતી સત્‌ક્રિયાને કહેવામાં આવે છે. એ **સત્‌ક્રિયાને કરતો સ્થિત છે** એટલે કે **નિરંતર કરે છે**, એમ. એ પછી ખુલાસો કર્યો. એ ક્રિયા નિરંતર થાય છે, એમ. દ્રવ્યસ્વભાવ ભગવાન આત્મા એને આશ્રયે, એની સન્મુખતામાં જે એની એકતા થઈ એ જ એની સત્‌ક્રિયા છે. **તે પરમ તપોધન...** આ તો ઉત્કૃષ્ટ મુનિની વાત લીધી છેને. **તે પરમ તપોધન** (એટલે) જેને અમૃતરૂપી રસના સ્વાદ આવ્યા છે એવું જેને ધન છે, અમૃતનું જેને ધન છે. સત્‌ક્રિયામાં અંતર આનંદના આશ્રયે અનંત આનંદની જે વેદનદશા એવો તપોધન (કે જેને) અનંત આનંદરૂપી તપનું ધન છે. સમજાણું કાંઈ?

એ તપોધન **તે કારણે...** તે કારણે એટલે? સત્‌ક્રિયાને નિરંતર સ્વના આશ્રયે કરે છે માટે. સમજાણું કાંઈ? અરે! આવો ધર્મ ભારે ભાઈ! ઓલો બિચારો કહેતો હતોને ભાઈ! આ પ્રેક્ટિકલ... પ્રેક્ટિકલ કીધું? શું કીધું? પ્રેક્ટિકલમાં મૂકાય એવું નથી. પ્રેક્ટિકલમાં મૂકાય એવું નથી કહે છે. કાળીદાસભાઈના જમાઈ. ક્યાં ગયા? કાળીદાસભાઈ ક્યાં ગયા? ત્યાં પણ કાંઈક

બોલ્યા હતા. ન્યાં શું કહ્યું હતું? .... આવ્યું હતું ખરું. પ્રાણભાઈ કહેતા હતા. ....... એમ કે આપણે આ પરનું કાંઈ કરી શકીએ નહીં, તો તો થઈ રહ્યું, પાંગળા થઈ જઈએ. લ્યો, ...થી કાંઈ કરી શકીએ નહીં તો તો થઈ રહ્યું, તો આપણે કાંઈ કરી શકાય જ નહીં. પણ કરી શકે... તો આપણને સંસારની હોંશ રહેશે જ નહીં.

ભાઈ એમ કહેતા હતાને, રતિભાઈ. ભાઈ રતિભાઈ ડોક્ટર. ૯૫માં આવ્યા બે-ત્રણવાર. આંખના ડોક્ટર, નહીં? રાજકોટ મોટો ડોક્ટર, પહેલા તો બહુ પૈસા થઈ ગયા હતા, કરોડ ને પછી..... મરી ગયા. કાંઈક રોગ થઈ ગયો હતો. સ્વામીનારાયણના યોગીરાજ હતા એની પાસે, શું કહેવાય? ધબ્બો મરાવવા ગયા હતા. પણ કાંઈ (રાગ) મટ્યો નહીં. પોતે યોગીરાજ મરી ગયા ન્યાં હોસ્પિટલમાં. મુંબઈની હોસ્પિટલમાં મરી ગયા. ધબ્બો આવડતો નહોતો એને? દુનિયા તે પણ દુનિયા ગાંડી. આહાહા! મત્ત થઈ ગઈ છે ગાંડપણમાં. પાગલમાં મસ્ત થઈ ગઈ દુનિયા. ભાઈ! ..... કરીએ. પણ એ પોતે કેમ મરી ગયા? ભાઈ તો ન્યાં હોસ્પિટલમાં મરી ગયા. ખબર નહોતી કે...? આહાહા!

અરે બાપુ! એ તે ક્રિયા જડની હોય એ કોણ મટાડે? ત્યારે આપણો તો ઉત્સાહભંગ થઈ જશે, આપણે સંસારમાં રહેશું જ નહીં. કેમકે કરવાનું આપણે વશ નહીં રહે. એ કરી શકે છે કે દિ'? આહા! થાય છે તેને માને છો કે મારાથી થાય છે. એટલો ફેર. બાકી તો જેમ થાય છે એમ થાય છે. (શ્રોતાઃ થવાનું હોય ત્યારે..) થાય જ છે. બધું જડ શરીરની પર્યાય જે કાળે થવાની તે થાય જ છે. વાણી, જીવ, શરીર જે પ્રમાણે પરિણમે છે તે પરિણમશે જ. તું માન કે મારાથી થાય તોય પરિણમશે ને મારાથી ન થાય (એમ માન તો પણ) એ તો એને કારણે પરિણમશે. આહાહા!

પછી આ બાયડી છોકરાને સાચવવા, ધંધા કરવા, ઇન્જેકશન દેવા, ઇન્જેક્શન લેવા— એવું બધું કાંઈ રહેતું નથી. આહાહા! જુવાન માણસને એવું લાગે જાણે કે કાંઈ નહીં, પરનું કાંઈ નહીં. સમજાણું કાંઈ? આહા! એમ જ આવેને. પણ માટે કહે છેને કે ભાઈ! તારા ધ્યાનમાં તો વાત લે કે આ રીતનું આ છે દ્રવ્ય અને આ દ્રવ્યનો પર્યાય તેને કારણે થાય છે. ખ્યાલમાં તો લે, અભિમાન તો તોડો એકવાર. બાકી થવાનું થશે તે થાશે જ તે. તારું (ચાલશે કે) તું રોક એને? તારાથી થાય છે તે તું રોક એને? એનાથી થાય એને રોકે કોણ? સમજાણું કાંઈ? કહો. પોપટભાઈ! પછી લાદી-બાદીના વેપારની હોંશ નહીં રહે, કહે છે. પછી આવો સંચો લઈ આવવો ને ન્યાં જાવું, આપણે સંચો લાવવો એ તો બની શકે નહીં. અરે ભગવાન! તેં દ્રવ્ય માન્યા નથી. અનંત દ્રવ્ય છે તો અનંત દ્રવ્ય છે તે તે દ્રવ્યનું તે તે કાળે પરિણમન કાંઈ એનું હોય કે નહીં? એમાં તારે લઈને ત્યાં છે, એને લઈને તારામાં છે, એમ તો અનંત દ્રવ્ય ભિન્ન રહેતા નથી. તો અનંતને તેં અનંત માન્યા જ નથી. આહાહા!

અનંત પરમાણુઓ, અનંત આત્માઓ, એ અનંત અનંતપણે ક્યારે રહે? કે એકબીજાનું કાંઈ ન કરે અને પોતામાં પોતે કરે તો અનંત અનંતપણે રહે. સમજાણું કાંઈ? આ તો કોઈ ન્યાયથી... બે બેપણે ક્યારે રહે? બેને માને તો બે ક્યારે રહે? કે એકબીજા પોતાને કારણે હોય અને બીજાને કારણે ન હોય તો બે બેપણે રહે. નહીં તો બે એક થઈ જાય, તો બે તો માન્યા નહીં. બરાબર હૈ? એમ જગતમાં અનંત આત્માઓ, અનંત પરમાણુઓ... એ વાંધો આવ્યો. ઓલા ભાઈએ કીધું શેઠીયાએ કે લ્યો, કોઈનું કરે નહીં. દેવ-ગુરુની શ્રદ્ધા એમ સમકિત કહ્યું. ન્યાં કીધું હશે વ્યવહાર સમકિત. પણ એમાં પરદ્રવ્યે શું કર્યું એને? પરદ્રવ્યની શ્રદ્ધા કરી કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર છે. એ શ્રદ્ધા થઈ એ પરદ્રવ્યથી થઈ હશે? એમ કે પરદ્રવ્યની શ્રદ્ધાને સમકિત કહે, વળી કહે કે પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહીં. પણ એમાં વિરોધ શો આવ્યો?

અનંતા સિદ્ધો છે એમ માન્યું લ્યો. માન્યું એટલે પર સિદ્ધને લઈને આમ માન્યતા થઈ છે? એટલે પરદ્રવ્યે આ કર્યું છે એમ છે? કોણ જાણે શું હાંકે છે? એય! શેઠીયાઓ અગ્રેસરો પણ એવા જ હોય. આહાહા! ગજબ કરે છે! ભાઈ! વ્યવહારુ જૈનપણું એ પણ એને ખબર નથી. કે જગતની ચીજ છે જેટલી, તેટલી-તેટલી તે પ્રકારે રહેશે. હવે તેટલે તે પ્રકારે રહેશે એટલે સમયે સમયે તે પ્રકારે રહેશે. સમયે-સમયે તે પ્રકારે રહેશે તો આ દ્રવ્યને લઈને અહીં પર્યાય થઈ ને આને લઈને અહીં થઈ—એ ક્યાં રહ્યું એમાં? સમજાણું કાંઈ? કહો, બરાબર હશે? આમ દુકાને જાય ને બંગડીનું સરખું ધ્યાન રાખે... પણ આમ હીરાભાઈનો કારભાર (જોઈને) કેટલો અંદર થઈ જાય? હીરાભાઈનો કાગળ હતો. આ મનસુખભાઈ સમાચાર લાવ્યા હતાને. હીરાભાઈએ સમાચાર.... નારાયણભાઈ પાસે ગયા હતા, પણ બરાબર હજી શરીર ઠીક (નથી), નબળાઈ છે. એટલી મનસુખભાઈએ વાત કરી. ...... સમજાણું કાંઈ? કહો, બરાબર હશે આ? જાદવજીભાઈ!

આત્મા.. આત્મા ને શરીર બે, તો બે બેપણે રહ્યા કે બે એક થઈને રહે? ....... એક ક્ષેત્રાવગાહે રહે છે માટે મિશ્રણ છે. આવ્યું હતું કાલે. કાલ આવ્યું હતું. અરે ભગવાન! અરે પ્રભુ! આ તું શું કરે છે? એક ક્ષેત્રે છએ દ્રવ્યો રહે માટે એક છે? તો છપણે છ રહ્યા જ નહીં. હા, તો છ ક્યાં રહ્યા? અરેરે! આ દલીલ કઈ પણ? એક ક્ષેત્રાવગાહે છે માટે બધું મિશ્રણ છે. મિશ્રણ છે એટલે શું? એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયરૂપે થયું છે? મિશ્રણ એટલે શું? શરીર શરીરની પર્યાયપણે થયું, આત્મા આત્માની પર્યાયપણે થયો. એમાં મિશ્રણ એટલે એકક્ષેત્રે થયું એટલે મિશ્રણ શું થઈ ગયું? જવાહરલાલજી! લોજીક હૈ કિ નહીં? જુવાનીયા પણ હવે રસ લે છેને. ચંદ્રકાંતભાઈ જેવા લ્યો, કેવા માણસ છે, ઠરેલા શાંત. આવા રસ લે છેને. એટલા ભાગ્યશાળી છે એ. આહાહા! આવું છે બાપા! ભાઈ! આહાહા!

તું તુંપણે રહે ને બીજા બીજાપણે રહે તો તેને અનંતપણે રહ્યા એમ કહેવાય. પણ એકબીજામાં પેસી જાય ને કામ કરે તો અનંત અનંતપણે રહે છે ક્યાં? તો તને અનંતની શ્રદ્ધા જ નથી. ન્યાય છે કે નહીં? આહાહા! અહીં તો, સત્‌ક્રિયામાં અસત્‌ક્રિયા એક થાતી નથી એમ સિદ્ધ કરવું છે. આહાહા! ભગવાન આત્મા પૂર્ણ આનંદકંદ ધામ વસ્તુ અસ્તિ–સત્તા–હોવાવાળો પદાર્થ એના હોવાવાળાને આશ્રયે જઈને જે એકાગ્રક્રિયા થાય, એમાં રાગની ક્રિયાનો પણ અભાવ છે. એને લઈને રાગ થયો છે એમેય નથી અને રાગ થયો માટે સત્‌ક્રિયા થઈ છે એમેય નથી. પાછા હજી બહારના બે એકપણે માનવા એ તે ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે **પરમતપોધન તે કારણે નિજસ્વરૂપવિશ્રાંતિલક્ષણ** છે એ તો. આહાહા! **પરમ વીતરાગ-ચારિત્રમાં સ્થિત છે.** ભગવાન આત્મા... પાઠ છે ખરોને અંદર. નિશ્ચય ચારિત્રને કરતો રહે છે... આહાહા! કહે છે કે અરે! પહેલી શ્રદ્ધા તો કર. એ શ્રદ્ધા પણ સ્વદ્રવ્યને આશ્રયે કર એમ હોં. સમજાણું કાંઈ? ભાઈ! સત્ય તો આવું છે હોં. એને કચડીમચડીને અસત્ય કરવા માગ (તો) નહીં થાય. તું થઈ જઈશ અસત્ય, મિથ્યાશ્રદ્ધામાં ગરી ગયો તું. આહાહા! કહે છે કે જે કોઈ સંતો સાચા... ઉત્કૃષ્ટ આવશ્યક ક્રિયાની વાત છેને. જઘન્ય આવશ્યક ક્રિયા ચોથે, પાંચમે હોય છે. એ ચોથે-પાંચમે આત્માના આશ્રયે જે ક્રિયા થાય એ જ નિશ્ચય આવશ્યક ક્રિયા છે અને રાગ આવે એની સાથે મેળ નથી બેને. એ રાગ છે માટે અહીં નિશ્ચય આવશ્યક છે અથવા નિશ્ચય આવશ્યક હોય ત્યાં આને કારણે રાગ હોય—એમ છે નહીં. સમજાણું કાંઈ?

આવી નિશ્ચયની ક્રિયા હોય છે ત્યાં વ્યવહાર એને કારણે આવે એમેય ક્યાં છે? સમજાણું કાંઈ? બે પર્યાય જ ભિન્ન-ભિન્ન છે. જ્યાં એક દ્રવ્યને લઈને બીજું દ્રવ્ય નહીં, એમ એક પર્યાયને લઈને બીજી પર્યાય નહીં. વસ્તુસ્થિતિ તો આમ છે ભાઈ! એ રાગની ક્રિયા વ્યવહાર હોય તો એ કાંઈ મુક્તિનું કારણ નથી. છતાં એ છે તો અહીં નિશ્ચય સત્‌ક્રિયા છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! એના જ્ઞાનમાં આ વાત જ્યાં સુધી સત્યપણે બેસે નહીં, ત્યાં સુધી એને એવું લાગે કે અરરર! આ તો એકલો નિશ્ચય નિશ્ચય કહે છે, એટલે કે એકલું સાચું, સાચું ને સાચું, એમ. ખોટું તો એમાં કાંઈ (છે નહીં). તેથી આ સત્‌ક્રિયાની સામે ઓલા રાગને અસત્‌ કીધીને. એ ખોટી ક્રિયા છે ખરેખર, મુક્તિને માટે કારણ નથી. એ બંધની ક્રિયા છે માટે ખોટી ક્રિયા છે. આહાહા!

વ્યવહાર કહો કે અસત્‌ કહો કે અભૂતાર્થ કહો. એ કહે, નહીં, અભૂતાર્થને અસત્યાર્થ નથી કહ્યું એમાં. અભૂતાર્થને અસત્યાર્થ ક્યાંથી કહો? વાંધા ઉઠાવ્યા ભારે ભાઈ! કાલ આવ્યું હતું એ. ...ને–પર્યાયને–રાગને તો અભૂતાર્થ કીધું છે, એને અસત્‌ ન કહો. પણ એલા! અભૂતાર્થ એટલે નહીં છતો પદાર્થ. સત્ય પદાર્થ નહીં. છતો.. છતો.. છતો–હોવાવાળો નહીં.

શાંતિભાઈ! ન્યાયથી તો આવે છે બાપા! અરે! કોણ કોને સમજાવે? કોણ કોનાથી સમજે? એ તો એનાથી સમજે છેને. કોનાથી સમજે છે? એનો ગુરુ એ છે ને એનો દેવ એ છે. આહાહા!

અહીં કહે છે કે એવો જે **પરમતપોધન તે કારણે**... કેમકે નિરંતર સ્વભાવને આશ્રયે ક્રિયા સત્‌ની થાય છે તે કારણે, તે કરે છે તે કારણે... **નિજસ્વરૂપ વિશ્રાંતિલક્ષણ**... આહાહા! રાગમાં રહેવું તો અવિશ્રાંતપણું છે. સમજાણું કાંઈ? પૂર્ણ ન હોય ત્યાં સુધી વ્યવહારની ક્રિયાનો વિકલ્પ એને હોય છે, પણ એ તો અવિશ્રામ છે, એ વિશ્રામઠામ નથી. આહાહા! ભગવાન આનંદનું ધામ પ્રભુ એમાં જે ઠરે છે તે વિશ્રામઠામ છે. એ **નિજસ્વરૂપ વિશ્રાંતિલક્ષણ...** છેને? પોતાનું જે સ્વરૂપ એમાં ઠરવાના સ્વરૂપવાળું લક્ષણ પરમ વીતરાગ ચારિત્ર, એ ચારિત્ર–વીતરાગ ચારિત્ર. આહાહા! સ્વને આશ્રયે સ્થિર થયો એ વીતરાગચારિત્ર અને પરના લક્ષે જે વિકલ્પ ઉત્પન્ન–આવ્યો એ સ્વસ્વરૂપ નહીં, એ વિશ્રાંતિ નહીં, એ વીતરાગચારિત્ર નહીં. હવે આ બહારના ત્યાગમાં રાગની મંદતા મિથ્યાદૃષ્ટિને એ તો વ્યવહાર પણ નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

એવો **નિજસ્વરૂપ વિશ્રાંતિલક્ષણ પરમવીતરાગચારિત્રમાં સ્થિત છે અર્થાત્ તે પરમ શ્રમણ, નિશ્ચયપ્રતિક્રમણાદિ નિશ્ચયચારિત્રમાં સ્થિત હોવાને લીધે...** ઓલી સત્‌ક્રિયા કરે છે માટે નિશ્ચય ચારિત્રમાં છે. **જેનું લક્ષણ નિજ સ્વરૂપમાં વિશ્રાંતિ છે એવા પરમવીતરાગ ચારિત્રમાં સ્થિત છે.** પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત છે. આહાહા! આ મુક્તિનું કારણ છે.

**૧૫૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**आत्मा तिष्ठत्यतुलमहिमा नष्टदृक्शीलमोहो**
**यः संसारोद्भवसुखकरं कर्म मुक्त्वा विमुक्तेः ।**
**मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः**
**तं वंदेऽहं समरससुधासिन्धुराकाशशांकम् ॥२६२॥**

આકાશ.... ચંદ્ર... **शशांकम्... शशांकम्.. सिन्धुकाश... सिन्धुकाशशांकम्...** દરિયાને ઉછાળવા માટે ચંદ્ર. **शशांकम्.. शशांकम्..** છેને ચંદ્ર કહ્યો. **શ્લોકાર્થ : દર્શનમોહ અને ચારિત્રમોહ જેના નષ્ટ થયા છે એવો જે...** એ નષ્ટ જ થયા છે. વળી કોઈ કહે કે નષ્ટ થાય બારમે, એમ નહીં. સાંભળને! આહાહા! **દર્શનમોહ ને ચારિત્રમોહ જેના નષ્ટ થયા એવો જે અતુલ મહિમાવાળો આત્મા...** લ્યો, ઠીક. એમાં છે જ નહીં એમ કહે છે. **એવો જે અતુલ મહિમાવાળો આત્મા**... પર્યાયમાંથી ભ્રાંતિ ને અસ્થિરતાનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એવો અતુલ મહિમાવાળો ભગવાન... વસ્તુ તો અતુલ મહિમાવાળી છે, પણ એને જ્યાં ભ્રાંતિ ને અસ્થિરતાનો નાશ થયો, ત્યાં એ આત્મા ચારિત્રવંત થયો, અતુલ મહિમાવાળો થયો એ.

આહાહા! અતુલ મહિમા (અર્થાત્) જેની મહિમાની ક્યાંય ઉપમા આપી શકાય નહીં. ચારિત્રમાં આવ્યો, આહાહા! સ્વરૂપના ચારિત્રમાં આવ્યો. સમજાણું કાંઈ?

અહીં તો કોઈ પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા લઈને આવ્યો હોય અને પછી એના લગન કરવા હોય.. આહાહા! ઘરમાં સમાય નહીં. આહાહા! ભાઈ! તારા ... લઈને આવ્યા છીએ, આટલું રળીને આવ્યા છીએ. પછી ....ટાણે... બે પાંચ-દસ કરોડનું કરીને આવ્યો હોય, જુઓ! એના લગનમાં મલાવા, જુઓ! એની મહિમા. ઓહોહો! ત્યાંને ત્યાં જો હાર્ટફેઈલ થઈ જાય... પણ એવા.... જેટલી મહિમા.... અરેરે! આવા પાળ્યા, મોટા થયા. ... રોવે. અરે બાપા! અનાદિનો રોવે છે આત્માના ભાન વિના, સાંભળને! રાગના ભાવમાં ... બધું. આહાહા

કહે છે, એવો અતુલ મહિમાવાળો ભગવાન **સંસારજનિત સુખના કારણભૂત કર્મને છોડીને...** લ્યો, એ પુણ્ય-પાપના ભાવ તો કર્મનું કારણ છે ને સંસારના સુખનું એ કર્મ કારણ છે. સંસારનું સુખ એટલે દુઃખ. સંસારનું સુખ એનો અર્થ દુઃખ. આહાહા! **મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે... मूले शीले मलविरहिते सोऽयमाचारराशिः. મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં...** દેખો! એ વિકલ્પ જે છે એ મળ છે. એના વિનાની નિર્વિકલ્પ ચારિત્રદશા એને મુક્તિનું કારણ કહે છે. હવે અહીં તો, એકલો મૂળ મળ છે એને કહે કે તમે ચારિત્ર માનો. આ તો પણ કદાચ એમાં રાગની મંદતાને.... તમારે માનવું પડશે અમે કહીએ એ. તમારું અમે નહીં માનીએ. અરે ભગવાન! ગજબ કરે છેને પ્રભુ! આવા જૈનશાસનના ઉજળા માર્ગમાં આવા રાગના ભાગને ... માની અને (કહે કે) તમારે પણ આ પ્રમાણે માનવું પડશે. જેઠાભાઈ! આહાહા!

અહીં કહ્યું હતું એક ફેરી પંડિતજીને. ..... એકાંત છે. યાદ રાખો, આ તમારે માનવું પડશે. કહ્યું હતું પહેલાં આવ્યાને જ્યારે. બંસીધરજીકો કહા ઇન્દોરવાળાએ કોઈકે. બહોત વિરોધ કિયા થા ઉસને. સ્યાદ્વાદ નહીં, અનેકાંત. યાદ રાખો, આ તમારે માનવું પડશે. અમારે ફરવું નહીં પડે, દુનિયાને ફરવું પડશે. સમજાણું કાંઈ? એકની સાલની વાત છે. પહેલા જ્યારે આવ્યાને ત્યારે. આહાહા! એ **મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્રમાં સ્થિત છે....** પાછું એમ સિદ્ધ કર્યું કે રાગ જે વ્યવહાર ચારિત્ર એ મુક્તિનું કારણ નથી. **મુક્તિનું મૂળ એવા મળરહિત ચારિત્ર...** ભગવાન આત્મામાં વીતરાગી પરિણતિ, નિર્વિકલ્પ આનંદની દશાની રમણતા એ જ મુક્તિનું મૂળ છે. આહાહા! અરે! સમજણ તો કર, પહેલી સાચી શ્રદ્ધા તો કર કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે અને વ્રત ને તપ ને ત્યાગ ને ચારિત્ર આવી ગયા, ભાઈ! છેતરાઈ જાય છે ભાઈ! સમજાણું કાંઈ? એ ત્યાગું છું ને આગળ એના ફળ આવશે ત્યારે એમ થશે કે આ.... પણ સંસાર રહ્યો એ એને ક્યાં ખબર પડશે ન્યાં? આહાહા!

**તે આત્મા ચારિત્રનો પુંજ છે.** લ્યો, આચાર રાખી, એ ચારિત્રને જ આચાર કીધો છે. સમજાણું કાંઈ? એ ચારિત્રમાં ચારિત્રનો પુંજ છે. આહાહા! ભગવાન આત્માના અંતરની એકાગ્રતામાં રમણતા જેને ચારિત્રની છે એ ચારિત્રનો પુંજ છે. આહાહા! ચારિત્રનો પુંજ તો ગુણે તો આત્મા છે આખો, પણ એને આશ્રયે સ્થિરતા થઈ એ પણ ચારિત્રનો પુંજ છે. **સમરસરૂપી સુધાના સાગરને ઉછાળવામાં...** સમતારૂપી સુધાના સાગરને વીતરાગી અમૃતના ઉછાળવામાં **પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને...** આહાહા! જેને દ્રવ્યસ્વભાવમાં એકાગ્રતા થઈ છે, ચારિત્ર થયું છે, સમરસરૂપી સુધા–અમૃત એવો સાગર **ઉછાળવામાં પૂર્ણ ચંદ્ર સમાન તે આત્માને હું વંદું છું.** સમજાણું કાંઈ? અહો! એ આત્મા કોને આદરણીય ન હોય? આવી દશાવંત ચારિત્ર કોને આદરણીય ન હોય? અમને આદરવા પડશે એમ એને ન કહેવું પડે. આહાહા! સમજાણું કાંઈ? એ ૧૫૨ ગાથા થઇ લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૧૨, રવિવાર, તા. ૧૪-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૫૩, શ્લોક - ૨૬૩, પ્રવચન નં. ૧૭૭**

૧૫૩ ગાથા, નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર.

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च ।**
**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं ॥ १५३ ॥**
**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળું તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

**ટીકા : આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ** નામ **(નિરાકરણ, ખંડન) છે.** ખરેખર તો વિકલ્પ જે શુભરાગ છે એમાં આ વચનસંબંધીના પુદ્ગલો નિમિત્ત છે, એટલે વચનવર્ગણાના ત્યાગ કરવાના આશયમાં શુભભાવ પણ ત્યાગ કરવાલાયક છે એમ કહ્યું છે. **આ**.. કહેશે. નિશ્ચય પરમ-આવશ્યક છેને! આ તો વ્યવહાર છે. વ્યવહાર આવે છે, હોય છે, પણ એ છોડવા જેવો છે, ત્યાગવા જેવો છે. શું? **પાક્ષિક આદિ...** દિવસ, રાત્રિ, પાક્ષિક, સંવત્સરી આદિ **પ્રતિક્રમણક્રિયાનું...** શુભભાવની ક્રિયા એનું **કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું...** શિક્ષામાં દૃઢ કરે, શ્રાવકમાં દૃઢ કરે, શિક્ષાદાયક-દીક્ષાદાયક હોય એને અહીં નિર્યાપક આચાર્ય કહેવામાં આવે છે.

અહીં તો ત્યાં સુધી કહે છે કે એવા નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલી વાણી પ્રતિક્રમણની... પ્રતિક્રમણ પહેલો એક જ શબ્દ લીધો છે, પછી (બીજું) લેશે. પાક્ષિક આદિમાં દિવસ, રાત્રિ, પાક્ષિક, માસ, છમાસ ને સંવત્સરી એવી જે પ્રતિક્રમણ ક્રિયા છે શુભભાવની એનું **કારણ એવું જે નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું...** વચનવર્ગણા એ પુદ્ગલ **સમસ્ત પાપક્ષયના હેતુભૂત** છે. આચાર્યોએ પ્રતિક્રમણ આદિ ક્રિયા, વ્યવહારે વચનવર્ગણામાં જે કોઈ રચનાઓ થઈ એ સાંભળવી અથવા શુભભાવમાં એનું નિમિત્તપણું છે તેથી તે ક્રિયા અથવા એ પોતે વચનવર્ગણા સ્વાધ્યાય (આદિ) પાપક્ષયનો હેતુ છે.

શ્રોતા : આત્મા તો.......

પૂજ્ય ગુરુદેવશ્રી : એ અહીં વાત નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિ જીવ એની વાત છે. સમ્યગ્દૃષ્ટિ જીવની વાત છે. આત્માનો સ્વભાવ અખંડ આનંદ એનો જેણે આશ્રય લીધો છે, આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો નિશ્ચયભાવ પ્રગટ કર્યો છે—એની અહીં વાત છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીની એકલી (ક્રિયા)ની વાત છે નહીં આમાં. જેને, ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત અને પૂર્ણ આનંદ ને જ્ઞાનથી સહિત એવા આત્માનો આશ્રય

લઈને અનુભવમાં આત્મા શું છે એવું ભાન થયું છે. સમજાય છે કાંઈ? એવો આત્મા સંતોએ બાંધેલી વચનવર્ગણાની પ્રતિક્રમણાદિના શબ્દો એ એને સાંભળે ત્યારે ત્યાં એને શુભભાવ હોય છે અને અશુભનો નાશ (થાય છે) એમ કહે છે. સમજાણું કાંઈ?

**નિર્યાપક આચાર્યના મુખથી નીકળેલું, સમસ્ત પાપક્ષયના હેતુભૂત**... એ વચનવર્ગણા પડિકમણાની, પ્રત્યાખ્યાનની, નિયમ-અભિગ્રહાદિની કે આલોચનાની એ બધી વિધિ વચનવર્ગણાએ દ્રવ્યશ્રુત જે બનાવ્યું દ્રવ્યશ્રુત, એ દ્રવ્યશ્રુત સાંભળતાં એને શુભક્રિયાના પરિણામ થાય, એમાં એ વચનવર્ગણાનું-દ્રવ્યશ્રુતનું નિમિત્ત છે. એ દ્રવ્યશ્રુત પોતે જ સમસ્ત પાપક્ષયના હેતુભૂત કહેવામાં આવ્યું છે. વીરજીભાઈ! આહાહા! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને—ચૈતન્યના આશ્રયે પડ્યો છે તેને—આચાર્યોએ બનાવેલા શાસ્ત્રની જે પદ્ધતિના પ્રતિક્રમણાદિના પાઠો વચનવર્ગણા.. આહાહા! એને સાંભળતાં એ દ્રવ્યશ્રુત પોતે વચનવર્ગણા બધા પાપના નાશરૂપ હેતુભૂત છે, ધર્મરૂપ નથી એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? શુભ-અશુભના ભાવના નાશનો હેતુ છે એ નહીં. સમજાણું કાંઈ?

કહે છે કે જ્યાં પોતાના સ્વરૂપનો અવલંબન-આધાર લીધો છે શ્રદ્ધાએ, જ્ઞાને અને શાંતિએ એવા દશાવંત પ્રાણીને પણ આચાર્યોએ—સંતો ધર્માત્મા મુનિઓ, સમકિતી અને ચારિત્રવંત સંતો એણે—જે પ્રતિક્રમણાદિના પાઠો બનાવ્યા... 'મુખથી નીકળેલું' કીધું છેને. સમ્યગ્દૃષ્ટિને એ **સઘળું દ્રવ્યશ્રુત** પાપના ક્ષયનો નિમિત્ત હેતુ છે. સમજાણું કાંઈ? એ **સઘળું દ્રવ્યશ્રુત સમસ્ત પાપક્ષયના હેતુભૂત**... ભાઈ! જેમ છે એમ એને જાણવું જોઈશે કે નહીં? સમજાણું કાંઈ? એને વ્યવહાર આવો હોય છે એમ જણાવે છે, પણ એ બધો હેય છે. નિશ્ચય પરમ-આવશ્યક છેને. સમજાણું કાંઈ? એ હેય છે એનું સ્વરૂપ શું છે એમ જણાવવું તો પડેને.

કહે છે કે એ મુનિઓ-સંતો ધર્માત્મા મોક્ષને માર્ગે સિદ્ધ થયેલા એવા સંતો... નિર્યાપકનો અર્થ એવો કર્યોને કે નિર્વાહ કરાવે સામાનો. કોનો? દીક્ષા-શિક્ષાનો નિર્વાહ કરાવનાર. આહીં શબ્દે નિમિત્તથી કથન છે. કહ્યું છેને ભાઈ! આપણે પ્રવચનસાર. કેટલામી ગાથા છે? પ્રવચનસારમાં છે. નિર્યાપક છે. એ ૨૧૦. **निजावगाह समान**... નિર્યાપક-નિર્વાહ કરનાર. 'સદુપદેશથી દૃઢ કરનાર' પાછું એમ લીધું. નિર્વાહ કરનાર તો પોતે પોતાનો નિર્વાહ કરનાર છે. આ તો નિર્વાહ કરનાર પરનો હોં. અને સદુપદેશથી દૃઢ કરનાર શિક્ષાગુરુ સદ્ગુરુ એમણે બનાવેલા શાસ્ત્રો. અજ્ઞાનીએ નહીં, સમજાણું કાંઈ? આવા સંતોએ કહેલા વ્યવહાર પ્રતિક્રમણાદિના પાઠો એને સાંભળે છે. એટલે પોતે સાંભળે અથવા પોતે ભાષાથી બોલે (એવો અર્થ) થાય છે.

એ વચનવર્ગણાની સ્થિતિ દ્રવ્યશ્રુતરૂપ છે, પુદ્ગલાત્મક છે, પણ એ પાપના નાશનું નિમિત્ત છે. કારણ કે તેના તરફ લક્ષ જતા એનો શુભભાવ હોય છે. સમજાણું કાંઈ? એને

અશુભનો નાશ થાય છે, પણ આને હોં. જેને આત્મદૃષ્ટિ થઈ છે, આત્માનો આશ્રય લઈને શુદ્ધતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રગટી છે એવા જીવને નિશ્ચયપણું, સ્થિરપણું અંદર નથી, ત્યારે તે આવા પ્રતિક્રમણાદિના પાઠો સાંજ-સવાર બોલે છે, એ આ ધર્માત્મા–સર્વજ્ઞના અનુયાયીઓ સંતોએ કરેલા પાઠો, એમ પાછા. **મુખથી નીકળેલા...** જુઓ! સમસ્ત પાપક્ષયના હેતુભૂત... અહીં તો એવી વાત છે. એ શુભભાવ છે પ્રતિક્રમણનો અને એ શબ્દો બોલે છે અથવા સાંભળે છે એમાં એનો શુભભાવ છે, એ પાપના ક્ષયભૂત છે. એને અહીં દ્રવ્યશ્રુત ને પાપના ક્ષયભૂતનું નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શું કીધું? છે તો શુભભાવ તે પાપના ક્ષયનું કારણ, પણ એને અહીં એ રીતે લીધું નિમિત્તથી કે સંતોએ કહેલા શાસ્ત્રોના પાઠો સાંભળે છે અથવા વાણી દ્વારા પોતે પણ બોલે છે. એ દ્રવ્યશ્રુત અશુભભાવના નાશનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? ઉપાદાન તો શુભભાવ છે. સમજાણું કાંઈ? છે, એ વસ્તુની સ્થિતિ છે. એ તો સર્વવિશુદ્ધ અધિકારમાં એમ આવે છેને. દ્રવ્યપ્રતિક્રમણાદિ ક્રમે પાપનો નાશ કરવામાં... આવે છેને. છે, એ વસ્તુની સ્થિતિ છે. વ્યવહાર છે, પણ ગ્રહણ કરવાલાયક નથી એમ કહે છે. એમ છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલો પંથ છે. એમાં ક્યાંય ફેરફાર એક અંશેય ન હોઈ શકે. એવો આ તો માર્ગ છે.

કહે છે, ભાઈ! હિતાર્થીઓએ–આત્માના હિતના અર્થીઓએ તો આત્માનો આશ્રય લીધો છે. સમજાણું કાંઈ? એવો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન સ્થિરતાના અંશો એવું નિશ્ચયનું પરિણમન તો છે, પણ હવે અંદર શુદ્ધોપયોગરૂપે નથી ત્યારે એને આવો શ્રવણનો, દ્રવ્યશ્રુતનો યોગ હોય છે, ત્યારે દ્રવ્યશ્રુત પાપના ક્ષયનું નિમિત્ત છે એમ કીધું. અને શુભભાવ છે એ પાપના ક્ષયનું મૂળ કારણ છે. એમાંય પણ ઓલો દૃષ્ટિમાં દ્રવ્યનો આશ્રય છે માટે. અજ્ઞાનીને એકલા શુભભાવ એ પાપના ક્ષયનું કારણ છે નહીં. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિમાં હજી શુભરાગ જ ધર્મ છે, શુભરાગનું અસ્તિત્વ જ દૃષ્ટિમાં ભાસ્યું છે, એના અસ્તિત્વમાં આખો ભગવાન ભાસ્યો નથી—એની અહીં વાત નથી. સમજાણું કાંઈ? આહાહા! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ' આવે છે કે નહીં? છતાં અહીં તો અન્ય વચનસંબંધી વ્યાપારનું ખંડન કરવું છે. કરવું છે તો ખંડન બતાવીને. સમજાણું કાંઈ? આહાહા! એનું નિરાકરણ કરવું છે, નિરાસ કરવો છે. આહાહા! નિરાસ છેને નિરાસ. નિરાસ.

એવું **સઘળું દ્રવ્યશ્રુત**, એમ. **તે વચનવર્ગણાયોગ્ય પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી.** ખરેખર તો એ હોવા છતાં અને સાંભળવામાં શુભોપયોગ હોવા છતાં એ ગ્રાહ્ય નથી, પકડવાલાયક નથી. આહાહા! સમજાણું કાંઈ? માર્ગ તો એવો છે ભગવાન! આહા! એની જે જે પર્યાયની જેટલી યોગ્યતા છે તેટલી એને બતાવવી તો પડેને. સમજાણું કાંઈ? કહે છે કે ભાઈ! તારો ભગવાન તો તને ભેટ્યો છે એની અહીં વાત છે. સમજાણું કાંઈ? સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ

આનંદ ને જ્ઞાનનો પુંજ નાથ એવો જેણે દૃષ્ટિમાં લીધો છે એવા સાધકજીવને, સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિના અંશો પ્રગટ્યા છે એવા જીવને, સંતોએ વર્ગણા–વચનની વર્ગણાથી રચેલા શ્રુત, આવા જીવોને એ દ્રવ્યશ્રુત પાપના ક્ષયનું નિમિત્ત છે અને ઉપાદાનપણે પાપના ક્ષય(રૂપ) શુભભાવ (હોય છે). ચંદુભાઈ! આહાહા! છતાં એ ગ્રાહ્ય નથી.

શ્રોતા : ગુરુદેવ! પાપરૂપ છે એ દ્રવ્યશ્રુતના આશ્રયે (અને) શુભ આત્માને આશ્રયે (ક્ષય થાય)—એમ આવ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી : પાપરૂપ છેને એ. પાપનો ક્ષય એનાથી... પુણ્ય-પાપ બેયનો ક્ષય દ્રવ્યને આશ્રયે થયો. એ તો પહેલી વાત થઈ ગઈ. એ માટે તો આ જુદું પાડવું છે આટલું. દ્રવ્ય ચૈતન્ય ભગવાન એના આશ્રયથી તો પુણ્ય-પાપ બેયનો નાશ છે. એના આશ્રયમાં તો પુણ્યેય નથી ને પાપેય નથી. આહાહા! એ તો વાત પહેલી કરી હતી. સમજાણું કાંઈ? ...માં એ સર્વસ્વ પુણ્ય....

કહે છે કે ભાઈ! આ ભગવાન આત્મા એક સમયની પર્યાયથી પણ દૂર ને ભિન્ન છે અને પુણ્ય-પાપના વિકલ્પોથી તો તદ્દન-તદ્દન એની પર્યાયમાંય એનાથી ભિન્ન છે. આ ભગવાન આત્મા તો એક સમયની નિર્મળ પર્યાયથી પણ ભિન્ન છે. હવે નિર્મળ પર્યાય જે છે એ પણ પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન છે. સમજાય છે કાંઈ? આ તો હીરા સરાણે ચડ્યા છે. એની રજું પણ અલૌકિક હોય છે. ભગવાન! અહીં શુભભાવનો નાશ કરવાની વાત કરવી છે. સમજાણું? પણ એની સાથે હોય છે એવું બતાવીને... આહાહા! અલૌકિક રચના છે. સંતોની આવી રચના દિગંબર સંતો સિવાય ક્યાંય જોવામાં આવતી નથી. એ માર્ગને રસ્તે પડ્યા વાતું કરે છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ સમસ્ત પાપક્ષયના હેતુ નિમિત્તભૂત... આહાહા! શૈલી કેવી છે! **સઘળું દ્રવ્યશ્રુત તે વચનવર્ગણાયોગ્ય**... એ તો વચનવર્ગણાને લાયક છે. એ **પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી ગ્રાહ્ય નથી**. આહાહા! સાંભળવામાં આવે, બોલવામાં આવે, પણ ગ્રાહ્ય નથી, કહે છે. સમજાણું કાંઈ? એમ **પ્રત્યાખ્યાન...** વચનવર્ગણાની આ... આમ પ્રત્યાખ્યાન કરું છું, મુનિઓ સંભળાવે છે કે આમ પ્રત્યાખ્યાન આપું છું એવી વચનવર્ગણા. **નિયમ**–અભિગ્રહ... નિયમ–અભિગ્રહ... વચનવર્ગણાથી આમ નિયમ લઉં છું, આ નિયમ મુનિઓ દે છે, આમ અભિગ્રહ... **આલોચના...** ઓલી નિશ્ચય આલોચના જુદી ને આ વ્યવહાર આલોચના છે. **(પુદ્ગલદ્રવ્યાત્મક હોવાથી)...** એ બધી વચનવર્ગણાની શબ્દધારા સંતોએ કહી એવી એ પોતે વાણી દ્વારા બોલાય છે, એ કાળે એને શુભભાવ છે... સમજાણું કાંઈ?

પણ એ **ગ્રહણ કરવાયોગ્ય નથી.** ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એના દ્રવ્યમાં અને એના આનંદની પર્યાયમાં તેને ભેળવવા જેવો નથી. આહાહા! હોય છે એમ અસ્તિ સિદ્ધ

કરી. સમજાણું કાંઈ? પણ તે નિશ્ચય સ્વના આશ્રયમાં જરૂરિયાતની ક્રિયામાં એને ગ્રહણ કરવાલાયક નથી. આ અધિકાર નિશ્ચય પરમાવશ્યક ચાલે છેને. જે ખરેખર જરૂરની ક્રિયા છે, અવશ્ય કરવાલાયક છે, એવો તો **णियमेण य जं कज्जं...** ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ સન્મુખનું સમ્યગ્દર્શન, એના સન્મુખનું સમ્યગ્જ્ઞાન, એના સન્મુખની ક્રિયા ચારિત્ર—એ જ નિશ્ચયથી–નિયમથી **णियमेण य जं कज्जं**–નિશ્ચયથી કરવાલાયક તો આ છે. સમજાણું કાંઈ? વાત પહેલી આપણે કરી હતી. ચોથે ગુણસ્થાનથી નિશ્ચય ને વ્યવહાર આવશ્યક શરૂ થાય છે. સમજાણું કાંઈ? આવી ગયું છે આપણે અંતર આત્મામાં. ૧૪૯. ૧૪૯ છેને?

**નિશ્ચય-વ્યવહાર બે નયોથી પ્રણીત જે પરમ આવશ્યક ક્રિયા તેનાથી જે રહિત હોય તે બહિરાત્મા છે**. એનો અર્થ થયો કે અંતરાત્મા જ્યારથી શરૂ થાય છે એને નિશ્ચય ને વ્યવહાર બે આવશ્યક એને યોગ્ય હોય છે. સમજાણું કાંઈ? ૧૪૯. ચોથે ગુણસ્થાન સમ્યગ્દર્શનથી નિશ્ચય આવશ્યક ને વ્યવહાર આવશ્યક–બે શરૂ થાય છે, પણ વ્યવહાર તે આદરણીય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને સ્વદ્રવ્યના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન ને સ્વરૂપાચરણ સ્થિરતા એ તો નિશ્ચય આવશ્યક છે. નિશ્ચય અવશ્ય કરવાલાયક તો એ છે. સમ્યગ્દૃષ્ટિને પણ આટલી મર્યાદાવાળું નિશ્ચય અને એની ભૂમિકામાં ભગવાનની ભક્તિ-પૂજા આદિનો ભાવ વ્યવહાર આવશ્યક એ પુણ્યભાવ હોય છે, પણ એ હેય છે એમ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ચોથેથી શરૂ થાય છે નિશ્ચય આવશ્યક ને વ્યવહાર (આવશ્યક). પાંચમે શ્રાવક થાય સાચો, એને શાંતિની વિશેષ વૃદ્ધિનું આવશ્યક કર્મ હોય છે, એની સાથે એને બાર વ્રતના વિકલ્પો, છ આવશ્યકો—દેવની પૂજા ભક્તિ, ગુરુવંદન, દયા, દાન વિગેરે આવે છેને છ આવશ્યક, એવા વિકલ્પો એને વ્યવહારે (હોય છે). નિશ્ચય આ ને વ્યવહાર આ એવું મેળપણું ચોથેથી શરૂ થયું છે. સમજાણું કાંઈ? આમાં ચર્ચા આવી છેને. વાંચી છે ચર્ચા મખ્ખનલાલજી સાથેની? ઉત્તમચંદ ભારિલ્લ છે એક. ક્યાં? સિવની.. સિવની. ઉત્તમચંદ છોકરો છે જુવાન. બહુ ...... છે. મુમુક્ષુમાં વાંચતો હશે. એ છેને આહીંનો પાકો. એમાં મખ્ખનલાલજી નીકળ્યા હશે. એને ન ગોઠ્યું એટલે જરીક પૂછ્યું. કેમ શું કહો છો? એક પ્રશ્ન એવો પૂછ્યો. નિશ્ચય સહિત વ્યવહાર.... કોઈકે પૂછ્યું. આ કહે, નિશ્ચય વિનાનો વ્યવહાર હોઈ શકે જ નહીં. આવા છોકરા પાક્યા છે. શાદીનું નક્કી થયા વિના જાન જોડવી કોની? એમ એણે જવાબ આપ્યો. જેનું લગન નક્કી કર્યું નથી, આની શાદી કરવી નક્કી કરી નથી, એની જાન જોડવી ક્યાં? નિશ્ચય વિનાનો વ્યવહાર હોય નહીં. આવો જવાબ આપ્યો. જેઠાભાઈ!

બીજો. માટીનો ઘડો વસ્તુરૂપે ન હોય અને એને ઘીનો ઘડો કહેવો તેમ હોઈ શકે નહીં. લાલચંદભાઈ! બહુ સરસ જવાબ છે. બહુ હુશિયાર માણસ છે. આહીં આવ્યું છે છાપામાં. હુશિયાર છે. વસ્તુ જ્યાં પોતે નથી ઘડો, માટીનો ઘડો જ જ્યાં નથી ત્યાં ઘીનો ઘડો કહેવો,

ક્યાંથી આવ્યો વસ્તુ વિના? એમ નિશ્ચય જ્યાં નથી ત્યાં વ્યવહાર કોનો કહેવો? ત્યારે એટલું ઓલાએ કબૂલ કર્યું કે નિશ્ચયનું જ્ઞાન તો હોવું જોઈએ. એટલું તો એટલું જેટલું આ કહે છે લે ને! નિશ્ચયનું આચરણ શ્રદ્ધા-જ્ઞાનનું એમ ન લેતાં, એનું પહેલા નિશ્ચયનું જ્ઞાન (હોવું જોઈએ). ઠીક ભાઈ! એટલું તો એટલું.... એ પંડિતજી! એમ લખ્યું છે. આહા! ભાઈ! આ તો માર્ગ છે. આ તો અનાદિ સનાતન સત્યની રીતની પદ્ધતિ છે. આ કોઈ કચડી-મચડીને બેસાડવું એવી ચીજ નથી. આહાહા!

જ્યાં નિશ્ચય વસ્તુ જ નથી, માટીનો ઘડો જ જ્યાં નથી, એને ઘીનો ઘડો કહેવો શી રીતે? એમ જ્યાં આત્માનો આશ્રય–નિજાશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પણ જેને પ્રગટ્યો નથી એને વ્યવહાર કહેવો કઈ રીતે? એ વાત અહીં કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય આવશ્યકવાળો તો આ છે, સમજાણું કાંઈ? પણ એની ભૂમિકામાં હજી જ્યારે સવાર-સાંજ પડિકમણું બોલે છે .... ત્યારે એને શુભભાવ છે, એ વચનવર્ગણા ઉપર એનું લક્ષ છે. આત્મા ઉપર નથી, શુભભાવમાં અહીં લક્ષ નથી એમ કહે છે. તેથી કહ્યુંને, **પાપક્ષયના હેતુભૂત, સઘળું દ્રવ્યશ્રુત વચનવર્ગણાયોગ્ય**... એનું લક્ષ ત્યાં છેને. નિમિત્ત તો એ છે. પણ એ સ્વના નિશ્ચય આશ્રયવાળા જીવને આવો ભાવ હોય એ પાપના ક્ષયનું કારણ કહેવામાં આવે છે. પણ એ ગ્રહવાલાયક નથી, કારણ કે એ શુભભાવ રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

જેના મારગડા.. એ જેના ફળ મુક્તિ સાદિ-અનંત આનંદ, અરે! એના ઉપાય પણ અલૌકિક જ હોયને! જેના ફળ તરીકે અનંત-અનંત આનંદ અનંત-અનંત કાળ રહે, આહા! સાદિ-અનંત એવી જે આત્માની મુક્તિની પૂર્ણ દશા અનંત કાળ રહે ને એક સમયમાં અનંત-અનંત આનંદ દશા અનુભવે. એવી જે મુક્તિ એના ઉપાય તો અલૌકિક જ હોયને ભાઈ! સમજાણું કાંઈ? એનો ઉપાય તો ભગવાન આત્મા સ્વભાવની મૂર્તિ એને આશ્રયે જઈને સ્વભાવ પ્રગટ કરે, કેમકે આત્મા પોતે જિનરાજ જિનસ્વરૂપ છે. ભગવાન આત્મા.. 'જિન સો હી આત્મા..' શ્રીમદ્દે કહ્યું છેને. 'અન્ય સો હી કર્મ, કર્મ કટે જિનવચન સો..' જુઓ! ત્યાં એમ છે. ભાષા એમ છે. 'કર્મ કટે જિનવચન સો..' એ તો નિમિત્તથી વાત છે. 'ઉભયનય વિરોધધ્વંસિની' ન આવ્યું? (સમયસાર કળશ ૪). આહાહા! 'જિનવચનમાં રમે..' આવ્યું છેને, 'જિનવચનમાં રમે..' જિનવચનમાં રમવું છે? કથન તો આવા છે. સમજાણું કાંઈ?

આને આ સજ્ઝાય કહેવામાં આવે છે. જુઓ! સ્વાધ્યાય કહેવામાં આવે છે. એ શુભભાવ, વચનવર્ગણાને સાંભળવું એને સ્વાધ્યાય કહે છે. 'સ્વાધ્યાય તપ છે' એ આ નહીં. વ્યવહારે સ્વાધ્યાય આ છે એને વ્યવહારે તપ કહેવામાં આવે છે, પણ નિશ્ચય સ્વાધ્યાય જેને છે એને. સમજાણું કાંઈ? આહાહા! એ પુદ્ગલદ્રવ્ય ગ્રહણ કરવાયોગ્ય નથી. આહાહા! એક કોર રચના કરે સંતો, વળી કહે એ ગ્રહણ કરવાયોગ્ય નથી. ભાઈ! એ ભૂમિકાએ હોય છે તેથી એને

રચનાનો વિકલ્પ પણ આવ્યો અને એ ભાવે ...., અને તેથી તો એને એમ કહ્યું કે એ પાપના ક્ષયનું નિમિત્ત છે, અશુભભાવ ટળવામાં એ નિમિત્ત છે ધર્મી જીવને. સમજાણું કાંઈ? અહીં તો જેટલો ટુકડો જેનો હોય એનો એટલો સમજવો પડશે. (એથી) ઓછું, અધિક ને વિપરીત લઈ જાય એ તે વસ્તુમાં નહીં સમાય. આહાહા!

કહે છે કે **તે બધું પૌદ્ગલિક વચનમય હોવાથી સ્વાધ્યાય છે એમ હે શિષ્ય તું જાણ**. એમ કીધુંને. એ જાણવાલાયક છે (એમ) એનો અર્થ છે. સમજાણું કાંઈ? આદરવાલાયક નથી. સમજાણું? આપણે આવી ગયુંને કાલ? નહીં, પરમ દિ'. પરપરિણતિ... શું કીધું એ? આ ટીકા કરવાથી... હા, ત્રીજો કળશ. આ સમયસારની ટીકા કરવાથી... ત્રીજો કળશ છે. **समयसारव्याख्यया एव**... સમયસારની ટીકા કરવાથી જ મારી પરમ વિશુદ્ધિ હો. એય! એમ કીધું ન્યાં તો. મેં ટીકા કરી છે એ સ્વાધ્યાય છે, એ તો વ્યવહાર છે, વ્યવહાર વિકલ્પ છે, વ્યવહાર વચનવર્ગણાની રચનામાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? પાઠ જ એવો લીધો છે. પંડિતો! એનો અર્થ લઈએ તો સંસ્કૃત પ્રમાણે તો એવો થાય છે. **समयसारव्याख्यया एव**... સમયસારની ટીકાથી જ મારી શુદ્ધિ વધી જાઓ.

વળી અહીં કહે છે કે શુભભાવ ગ્રહણ કરવાલાયક નથી. એ સ્વાધ્યાય છે. આરે, આરે, ભારે! એનો અર્થ કે અમે અમારા ચૈતન્યના આનંદના તરફના જોરવાળા છીએ. અમારા દ્રવ્ય તરફના જોરવાળો અમારો ભાવ છે એમાં આ વિકલ્પ ઉઠ્યો છે તો આ જોરવાળા કાળમાં જ અમારી શુદ્ધિ અમારાથી થઈ જાઓ. એય! આહાહા! અમારું ઘોલન સ્વભાવ સન્મુખનું જ વર્તે છે. એવા કાળમાં આ વિકલ્પ આવ્યો ને ટીકા થાય છે, એ કાળમાં જ અમારી તરફના વલણનું જોર વધીને શુદ્ધિ થઈ જાઓ. સમજાણું કાંઈ?

અમથું પણ કહેવામાં આવે છેને કે ... ધર્મીને સમયે-સમયે અનંતી શુદ્ધિ વધે છે. કોને કારણે? સમજાણું કાંઈ? સમયે-સમયે અનંતી શુદ્ધિ... અનંત-અનંત એવો ભગવાન આત્મા એના જ્યાં અનુભવમાં, દૃષ્ટિમાં આવ્યો અને બેઠો એને એ ભાવ, એને સમયે-સમયે શુદ્ધિ જ છે. એ વિકલ્પ આવો તોય શુદ્ધિ છે. હા, અશુભરાગને કાળે આશ્રય દ્રવ્યનો ઓછો છે, શુભ વખતે વધારે છે, શુદ્ધ વખતે એથી વધારે છે. સમજાણું કાંઈ? પણ આશ્રય તો એ જ વસ્તુ છે, એ જ ઉપાદેય છે, એ ગ્રહણ કરવાલાયક છે અને એ જ મોક્ષનો માર્ગ છે. હવે આમાં તકરાર ને વાદવિવાદને સ્થાન ક્યાં છે ભગવાન? આ તમારું ખોટું ને અમારું.... ભાઈ! આમાં ખોટા-સાચાની...? આ તો સત્ય આવું છે. સમજાય છે કાંઈ?

કહે છે કે **સ્વાધ્યાય છે**... લ્યો. પોતે કહે છે, કુંદકુંદાચાર્ય પોતે કહે છે પહેલી ગાથામાં. મારો અને તમારો મોહ હણવા માટે આ કહું છું. દર્શનમોહ તો નાશ થયેલો જ છે એને પોતાને.... એને દર્શનમોહ તો નાશ થયેલો જ છે. અને શ્રોતાને પણ કહ્યુંને કે તારી એકાગ્રતા

અમુક જાતની હોવી જ જોઈએ. એ રાગને મોહ કીધો છે. સમજાણું કાંઈ? અને એ વિશેષ લેતાં એમ થાય કે સાંભળતા એને મિથ્યાત્વનો નાશ થઈ જાય. મિથ્યાત્વનો રસ મંદ પડ્યો છે અને સાંભળતા-સાંભળતા એનો અભાવ થઈ જશે, એમ. સમજાણું કાંઈ? ન્યાં આચાર્ય પોતે એમ બોલે છે. બીજી બાજુ એમ પોતે આચાર્ય કહે કે શાસ્ત્રમાં ઠરતી બુદ્ધિ વ્યભિચારણી છે હોં. નહીં? ભાઈ! જ્યાં જ્યાં જેમ છે તેમ અપેક્ષા જાણવી જોઈએને ભાઈ! શાસ્ત્રમાં ઠરતી બુદ્ધિ... જુઓ! અહીં કીધું, એ તો પાપના ક્ષયનું નિમિત્ત છે, પણ છે તો શુભરાગ વ્યભિચાર. સમજાણું કાંઈ?

શાસ્ત્ર પરવસ્તુ છે અને એના તરફનું લક્ષ છે ત્યાં રાગનું વ્યભિચારપણું (છે કેમકે) સ્વમાં ન રહ્યો, પરમાં ગયો એ તો. આહાહા! વ્યભિચાર થયો, કહે છે. સંયોગ થયો પરદ્રવ્યનો, એટલો સ્વદ્રવ્યનો સંયોગ છૂટી ગયો. આહાહા! સમજાણું કાંઈ? એકકોર શાસ્ત્રમાં ગયેલી બુદ્ધિને વ્યભિચાર કહેવું, એકકોર કહેવું કે શાસ્ત્રના સ્વાધ્યાયથી અસંખ્યગુણી નિર્જરા થાય. ધવલમાં એમ પાઠ છે. શાસ્ત્રની સ્વાધ્યાયથી અસંખ્યગુણી–ઘણી નિર્જરા (થાય). સમકિતીની વાત છે હોં, અજ્ઞાનીની વાત નથી. એકકોર કહેવું કે પર તરફનો રાગ તે વ્યભિચાર છે અને એકકોર કહેવું કે તે ટીકાના કાળમાં જ મારી શુદ્ધિ વધી જાઓ. અને કુંદકુંદાચાર્ય એમ કહે કે હું આ ટીકા કરું છું એ મારો ને પરનો મોહનો નાશ થવા માટે ટીકા કરું છું. આ તો.... કઈ અપેક્ષાએ કથન છે એમ જાણવું જોઈએ. કઈ નયની કઈ અપેક્ષા ચાલે છે એમ જાણવું જોઈએ.

શ્રોતા : આ તો ભાંગજડ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાંગજડ હોય? મુંઝવણ ટાળે એવી વાત છે. સમજાણું કાંઈ? આહાહા! નહીંતર વિકલ્પ છે એ જુદી વાત છે. વસ્તુસ્થિતિ આવી છે એમ જાણવાના વિકલ્પકાળમાં પણ એવું હોય છે. આહાહા!

**હે શિષ્ય તું જાણ!** આમ તો કુંદકુંદાચાર્ય બોલે છે. પાઠમાં છે એવું? **तं सव्वं जाण सज्झायं...** લ્યો. આહાહા! ગજબ વાત છે! શાસ્ત્ર કુંદકુંદાચાર્યના (અને) અમૃતચંદ્રાચાર્યની ટીકા ગજબ વાતું છે! એક-એક શબ્દમાં મોટો ભાવ, એક વાક્યમાં અનંત આગમ ભર્યાં છે. આવે છેને શ્રીમદ્માં? 'જ્ઞાનીના એક-એક વાક્યમાં અનંત આગમ ભર્યાં છે.' વસ્તુસ્થિતિમાંથી આવે એમાં શું? એ આત્માની વાણી છે એમ કહે છે ત્યાં. ન્યાં તો એમ કીધું લ્યો. વાણી આત્માને હોય? અહીં આવ્યુંને આપણે, કાલ ન આવ્યું? બપોરે. ભાવવાચા ને દ્રવ્યવાચા. એ શરૂ કરું છું. ભાવવાચા (એટલે) મારા જ્ઞાનનો–સ્વસંવેદનજ્ઞાનનો ક્ષયોપશમ એમાંથી ધારાવાહી પરિણતિ ચાલે છે મારી, એ રીતે હું શરૂ કરું છું અને વિકલ્પથી જે આ વાત છે એ પણ હું શરૂ કરું છું. ભાવ સૂક્ષ્મ આનંદકંદ જ્ઞાનાનંદ જ્ઞાનધારા એનાથી હું શરૂ કરું છું, એમ કીધું છે ત્યાં. જ્યારે-જ્યારે વાણી નીકળશે ત્યારે તે તે નીકળવાને યોગ્ય હતી, પણ તે કાળે તે મારું જ્ઞાન હતું, જે

પ્રકારે હું કહેવા ધારું છું એવો મારો ભાવ, એ ભાવને અનુસરીને જ વાણી થશે એની. સમજાણું કાંઈ? આહાહા! અગમનિગમની વાતું છે આ તો.

શ્લોક કહે છે. આને સજ્ઝાય કીધી. અમૃતચંદ્રાચાર્યે કીધું કે ટીકા કરતાં મારો મોહ નાશ થશે. સમજાણું? શુદ્ધિ વધશે. કુંદકુંદાચાર્ય કહે, ટીકા કરતાં મારો મોહ ને તારા મોહનો નાશ થશે. અહીં કહે છે કે સજ્ઝાય છે તે ગ્રહણ કરવાલાયક નથી. એય! આહાહા! એને કાળે મને નિર્મળતા થશે અને એનાથી થશે—એવો કથનનો ફેર છે. સમજાય છે કાંઈ? આહાહા! ટીકાના કાળમાં જ મારું ઘોલન એટલું અંદર વધશે (કે) શુદ્ધિ થશે. એમ ખાતરીથી વાત કરું છું એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! કળશ, ૨૬૩ કળશ છેને.

**मुक्त्वा भव्यो वचनरचनां सर्वदातः समस्तां**
**निर्वाणस्त्रीस्तनभरयुगाश्लेषसौख्यस्पृहाढ्यः ।**
**नित्यानंदाद्यतुलमहिमाधारके स्वस्वरूपे**
**स्थित्वा सर्वं तृणमिव जगज्जालमेको ददर्श ॥२६३॥**

આહાહા! **શ્લોકાર્થ : આમ હોવાથી...** કહે છે, રાગનો ભાવ હોવા છતાં તે ગ્રહણ કરવાલાયક નથી. **મુક્તિરૂપી સ્ત્રીના પુષ્ટ સ્તનયુગલના આલિંગન સૌખ્યની સ્પૃહાવાળો...** અહો! સ્તનની પુષ્ટિ હોય છે, એમ જેને અનંત આનંદ ને અનંતની જ્ઞાનની દશામાં પુષ્ટિ હોય છે, મુક્તિની પર્યાયમાં અનંત જ્ઞાન, અનંત આનંદની પુષ્ટિ પૂર્ણ હોય છે. એવા પુષ્ટિનો સ્વાદિયો જીવ... સમજાણું કાંઈ? એમ કહે છેને જુઓ! મુક્તિરૂપી સ્ત્રીના આલિંગનના સૌખ્યથી... એના પુષ્ટ આનંદ અને જ્ઞાનને અનુભવવાના સ્પૃહાવાળો. છેને? આત્માની મુક્તિ એટલે કે અનંત આનંદ, અનંત જ્ઞાન ને અનંત ગુણની પુષ્ટિ પૂરી થઈ ગઈ છે. આહાહા! દૃઢ વજ્રની પેઠે. એવી જે મુક્તિરૂપી સ્ત્રી એના સ્તનયુગલનું આલિંગન સૌખ્યની સ્પૃહાવાળો (અર્થાત્) પૂર્ણ આનંદના સૌખ્યને અનુભવવાવાળો, એની સ્પૃહાવાળો. આહાહા!

**ભવ્ય જીવ...** ભવ્યજીવની વાત છેને? એને લાયક છે તે, એમ કહે છે. **સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને...** લ્યો, સમસ્ત વચનરચનાને સર્વદા છોડીને... સાંભળવું-બાંભળવું છોડી દે કહે છે. એય! સંભળાવવું ને સાંભળવું બધું છોડી દે, એમ કહે છે અહીં તો. વસ્તુ તો જેમ હોય એમ હોયને. આહાહા! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના પંથ જગતથી નિરાળા છે. કોઈ જગતની સાથે ક્યાંય મેળ ખાય એવું નથી. આહાહા! કહે છે કે ભવ્ય જીવ એ વચનરચના... 'સમસ્ત ને સર્વદા' બે શબ્દ પડ્યા છે. એ વ્યવહાર બધોય અને બધા કાળે... ભગવાન! તારું સ્વરૂપ તારે આશ્રયે પ્રગટે એ દશા છે. બાકી પરને આશ્રયે છે એ ભાવ બધોય અને બધા કાળે છોડી દે. આહાહા! જેઠાભાઈ! બહુ ભારે! એમ કહેવું, સંભળાવવું એમાં હોંશ ને હરખ કરતો હો તો છોડી દે. એમાંથી કાંઈક લાભ થાશે. કરતો જ નથી, થાય છે. 'ધર્મ કરતો

નથી'નો અર્થ કરતો જ નથી. આહાહા! અરે! અટપટી વાતું. વીતરાગના ઘરમાં અલૌકિક વાતું છે ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે એવા પરમ આનંદની દશા... આ નિયમસાર છેને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. અને મોક્ષમાર્ગનું ફળ મોક્ષ. તો એ મોક્ષની સ્પૃહાવાળો, એમ. ભવ્ય જીવ... હવે એનો માર્ગ ..... છેને. આ તો ફળ સ્પૃહાદિ.... હવે એનો માર્ગ? કે વચનરચનાને સર્વદા છોડી દે. આહાહા! મહારાજ! આપ વચનવર્ગણાને છોડવાનું કહો છો અને તમે તો વચનવર્ગણાથી શાસ્ત્ર બનાવો છો. ભાઈ! તમે વચનવર્ગણાના વિકલ્પમાં તો આવ્યા છો એનું લક્ષ કરીને. નથી આવ્યા ભાઈ! સાંભળ! કહ્યું હતું એક ફેરી સંપ્રદાયમાં. ચર્ચા આવેને, વચનનિરોધે..... મૌન રહેવાથી શું લાભ થાય? એવી વાત આવે છે ૨૯ અધ્યાયમાં. ઉત્તરાધ્યનમાં ૭૩ બોલનો ખુલાસો.

આમાં આમ બોલે અને પછી વ્યાખ્યાન કરતા વાણી તો છે. વચન મૌન નથી. શિષ્ય શંકા કરે છે કે તમે વચનમૌનથી લાભ (કહો છો તો) તમે કેમ વચનમૌન કરતા નથી? અરે ભગવાન! સાંભળને ભાઈ! એ વખતે બોલતા પણ જ્ઞાની તો મૌન જ છે. એય! આવે છે કે નહીં ભાઈ? સમયસાર, સમયસાર નાટક. નાટકમાં બહુ બોલ આવે છે. બોલતા છતાં મૌન છે, ચાલતા છતાં સમાધિમાં છે. પ્રવચનસારમાં (આવે છે કે) ખાતા છતાં અણાહારી છે, વિહાર કરતાં છતાં અવિહારી છે. એ પ્રવચનસારની ૯૩મી (ગાથા). આહાહા! સમજાણું કાંઈ? નય એટલે શું પણ? એ નયે આમ કથન કરાય છે, એ આદરણીય નથી. સમજાણું કાંઈ? માર્ગ આવો છે ભાઈ!

**નિત્યાનંદ આદિ અતુલ મહિમાના ધારક નિજસ્વરૂપમાં સ્થિત રહીને...** લ્યો. એવા વ્યવહારના વિકલ્પને સાંભળવો-બાંભળવો છોડી દે. આહાહા! અરે! પણ સંતોએ બનાવેલા પાઠો સ્વાધ્યાયના, પ્રતિક્રમણના, સામાયિકના... એ તો કહ્યું અમે. પહેલેથી અમે કહીએ છીએ. પણ ભગવાનના મુખથી નીકળેલી વાણી, કહે છે, આહાહા! એ વાણી પુદ્ગલ વચનરચના છે. સાંભળવા કાળે એનો શુભભાવ છે, અશુભનો નાશ થાય છે, પણ સ્વનો આશ્રય એમાં નથી. માટે **નિત્યાનંદ આદિ અતુલ મહિમા** ભગવાન આત્મા પ્રભુ તારો નાથ આત્મા.. આહાહા! નિત્યાનંદ—જે એમાં નિત્ય આનંદ પડ્યો છે. વસ્તુ તે કંઈ દુઃખરૂપ હોય? દુઃખ તો વિકૃત(પણું) બતાવે છે. વિકૃત તો દશામાં હોય, વસ્તુ વિકૃત ન હોય. ત્રિકાળી વસ્તુ ને વસ્તુનો સ્વભાવ વિકૃત ન હોય, અપૂર્ણ ન હોય. આહાહા! સમજાણું કાંઈ?

નિત્યાનંદ–નિત્ય આનંદ આત્મા પ્રભુ.. આહાહા! **આદિ અતુલ**... નિત્ય જ્ઞાન, નિત્ય આનંદ, નિત્ય સ્વચ્છતા, નિત્ય પ્રભુતા, નિત્ય જિનરાજપણું, પરમેશ્વરપદ નિત્ય આત્મામાં છે. સમજાણું કાંઈ? જુઓ! પોતે નિત્ય છે એવા એના ગુણ પણ નિત્ય છે એમ કહે છે. નિત્ય, તારો આનંદ પણ નિત્ય. આહાહા! એવા નિત્યાનંદ આદિ... નિત્ય જ્ઞાન, નિત્ય સ્વચ્છતા, નિત્ય પ્રભુતા, નિત્ય પરમેશ્વરતા વિગેરે **અતુલ મહિમાનો ધારક** ભગવાન.. આહાહા! જેની મહિમાની સાથે બીજાની તુલના (ન થાય) એવો પ્રભુ તું નિત્ય દ્રવ્ય છો. આહાહા! સમજાણું કાંઈ?

ઓહોહો! ટીકા ને એના કળશો! હવે આ મુનિની આવી વાત ગોઠતી નથી કેટલાકને. કહે છે, આમાં ભૂલ છે, ફલાણું છે. તારામાં ભૂલ છે એટલે બધામાં ભૂલ ભાળે માળા, સાંભળને! સાચામાં ભૂલ ભાળે છે. ખોટામાં ભાળ ને.

અતુલ મહિમાનો ધરનાર... જેની મહિમાનો પાર નથી એવો પ્રભુ તારો એવું **નિજસ્વરૂપ**, એમાં **સ્થિત રહીને**... આ નિત્ય આવશ્યક. આ નિશ્ચય સ્વ-આશ્રય આવશ્યક (અર્થાત્) અવશ્ય કરવાલાયક ક્રિયા, જેને અહીં સત્ક્રિયા કીધી છે. સમજાણું કાંઈ? અને એને એક અપેક્ષાએ–રાગની અપેક્ષાએ તેને અક્રિયા પણ કીધી છે. સમજાણું કાંઈ? રાગને જ્યારે ક્રિયા કહીએ (ત્યારે) સ્વરૂપમાં સ્થિત દશાને અક્રિય કહીએ, પણ દ્રવ્યને જ્યારે નિષ્ક્રિય કહીએ ત્યારે પર્યાયને સક્રિય કહીએ. ભગવાન આત્મા વસ્તુ જ્યારે નિષ્ક્રિય છે, ત્યારે એમાં સ્થિતિ છે એ સક્રિય છે, અને રાગને જ્યારે સક્રિય ક્રિયા કહેવામાં આવે ત્યારે નિર્મળ આવશ્યક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને નિષ્ક્રિય કહેવામાં આવે. સમજાણું કાંઈ?

અરે! **નિજસ્વરૂપમાં સ્થિત રહીને, એકલો**... આહાહા! હમણાં રસ્તામાં આવતા હતા ત્યારે ભાઈ હતાને જયંતીભાઈ. ઓલો પીપળો. પીપળો નહીં, આંકડો. આંકડાનું ઝાડ વચમાં આવે છે. કીધું, આ એકલો પડ્યો છે. બાયડી નહીં, છોકરા નહીં, ઘર નહીં, મકાન નહીં. એકલો છે ભગવાન (આત્મા) તો. એમાં રાગ નથી, દ્વેષ નથી, હિંસા નથી, ઉદય નથી. કાંઈ નથી. એકલો છે એ તો. **એકલો નિરાલંબપણે...** આહાહા! ભાષા દેખો! શું કહે છે? વ્યવહારના આલંબન વિનાનો, એમ. વ્યવહાર થયો ખરો ભલે, પણ એ એકલો નિરાલંબન—વ્યવહારના વિકલ્પનું પણ જેને આલંબન નથી એવો **સર્વ જગતજાળને...** આહાહા! **(સમસ્ત લોકસમૂહને) તૃણ સમાન (તુચ્છ) દેખે છે.** મોટા મોટા મહાત્મા દેખાય અજ્ઞાની કે પૈસાવાળા દેખાય, એ અહીં ... નથી. એ તુચ્છ છે, એની કાંઈ ગણત્રી નથી.

આવા સ્વભાવની આગળ ધર્માત્મા સર્વ જગતજાળને તૃણ સમાન એટલે કિંમત વિનાની ચીજ ગણે. સમજાણું કાંઈ? આવા મોટા પૈસાવાળા ને આવા મોટા આબરૂવાળા ને મોટી આબરૂ હોય બાપુ! વસ્તુ તો પોતાની જે છે એમાં એકાગ્ર થયેલો જીવ એકલો છે એટલે એકલો નિશ્ચયની દશાવાળો છે, એમ. વ્યવહારના આલંબન વિનાનો સર્વ જગતજાળને... આહાહા! સર્વ જગતજાળમાં વિકલ્પથી માંડીને બધું આખી દુનિયા એ તૃણ સમાન દેખે છે. આહાહા! એની કાંઈ કિંમત નથી ભાઈ! મારી કિંમત આગળ આ બધી ચીજની કિંમત નથી. એને નિશ્ચય પરમ-આવશ્યક હોય છે અને એ નિશ્ચય પરમ-આવશ્યક એ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. નિયમસાર છેને! નિયમસારની આ બધી પર્યાયો નિયમસારરૂપે બતાવી છે. નિશ્ચય પરમાવશ્યક, સમાધિ, પ્રતિક્રમણ (આદિ) બધી નિયમસારની–મોક્ષમાર્ગની પર્યાયરૂપના બધા નામો જુદા જુદા છે. સમજાણું કાંઈ? **તૃણ સમાન દેખે છે**. લ્યો, વળી પરને શું કરવા તૃણ સમાન દેખવું? એ જાણવામાં મારી કિંમત આગળ આ કોઈ બીજી ચીજની કિંમત નથી, એમ કહે છે. એ શ્લોક (પૂરો થયો). (પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ ૧૩, સોમવાર, તા. ૧૫-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૫૪, પ્રવચન નં. ૧૭૮

નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર, ૧૫૩ ગાથાનો કળશ થઈ ગયો. શ્લોક આધારવાળો છે જુઓ! **એવી રીતે (શ્રી મૂલાચારમાં પંચાચાર અધિકારને વિષે ૨૧૯મી ગાથા દ્વારા) કહ્યું છે કે :**

**परियट्टणं च वायण पुच्छण अणुपेक्खणा य धम्मकहा ।**
**थुदिमंगलसंजुत्तो पंचविहो होदि सज्झाउ ॥**

કહે છે, વચનવર્ગણા જેટલી પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન આદિ બોલવામાં આવે, એ બધી સ્વાધ્યાય કહેવામાં આવે છે એટલે કે એમાં શુભરાગ છે. સમજાણું કાંઈ? પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, નિયમ વિગેરે વ્યવહારો જે બધા છે એ વચનવર્ગણાના બોલની રૂપે **वयण** છે અને એમાં એનું લક્ષ (જતાં) શુભરાગ થાય છે. વચન ઉપર (લક્ષ) જાય છે એટલે શુભરાગ થાય છે. એ સ્વાધ્યાય છે, એ ધર્મ નહીં.

શ્રોતા : એનાથી અશુભ ટળે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અશુભ ટળે તે દૃષ્ટિની અપેક્ષાએ. દૃષ્ટિ છે તો ટળે છે, છતાં એ ધર્મ નહીં. એ તો વાત થઈ ગઈ. સમ્યગ્દૃષ્ટિને શુભ જે છે એ પાપક્ષયનું નિમિત્ત છે. છે વર્તમાન શુભરાગ, એ અહીં સિદ્ધ કરવું છે. અશુભરાગ તો ટળે છે, દૃષ્ટિ છેને સ્વભાવ ઉપર, તેથી જે સ્વાધ્યાયમાં રાગ આવે છે એમાં અશુભ ટળે છે, પણ દૃષ્ટિવંતને. અજ્ઞાનીની વાત નથી આ. સમજાણું કાંઈ? આને વિશેષ લે છે હવે.

**ગાથાર્થ : પરિવર્તન (ભણેલું પાછું ફેરવી જવું તે)** વિકલ્પ એક રાગ છે, સ્વાધ્યાય છે. આહાહા! શાસ્ત્રો ફેરવવા, પર્યટન કરવું, પરિવર્તન–ફેરવવું—એ પણ એક શુભરાગ છે, સ્વાધ્યાય છે. વચનવર્ગણા છેને એટલે એને સ્વાધ્યાય કહેવામાં આવે છે. **વાચના (શાસ્ત્ર-વ્યાખ્યાન)** કરવું. વાંચણી લેવી એ પણ એક સ્વાધ્યાય છે, શુભરાગ છે. વાચના બહુ ચાલે શ્વેતામ્બરમાં. ખબર છેને. વાંચણી લીધી, વાંચણી લ્યો. એ બધી વાંચણી-બાંચણી એ તો બધી ઠીક, પણ સાચું હોય તોય એ વાંચણીનો ભાવ શુભરાગ છે. ધર્મ નહીં, નિર્જરા ને સંવર નહીં એમ સિદ્ધ કરવું છે. નિશ્ચય પરમાવશ્યક છેને. એ બધા વ્યવહાર આવશ્યક છે એમ કહે છે.

શ્રોતા : અહીં તો વ્યવહારને નિશ્ચય માને...

પૂજ્ય ગુરુદેવશ્રી : બધું એક જ. વ્યવહારનો નિશ્ચય બીજો ક્યો? એ જ તે. આહાહા! આટલો પાછો ખુલાસો કર્યો. નિશ્ચય પરમાવશ્યક અધિકાર ચાલે છે. છતાં અહીં વ્યવહાર

નાખ્યો ૧૫૩માં. આ બધો વચનવર્ગણાથી બોલવું, સાંભળવું, સ્વાધ્યાય કરવી—બધોય સ્વાધ્યાય શુભરાગ જ છે.

**પૃચ્છના (શાસ્ત્રશ્રવણ)** અથવા પૂછવું. પ્રશ્નોનું પૂછવું, તત્ત્વચર્ચા. એ પણ એક શુભરાગ, સ્વાધ્યાય છે. કહો, સમજાણું કાંઈ? આત્માનો–ચૈતન્યસ્વભાવનો આશ્રય હોવા છતાં એને જ્યારે આવો ભાવ હોય છે શુભરાગનો, ત્યારે આવી વચનવર્ગણાઓ સ્વતંત્રપણે પરિણમે છે, પણ એનું નિમિત્તપણું શુભરાગ છે એમ કહીને એ વચનવર્ગણાને સ્વાધ્યાય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શાસ્ત્રશ્રવણ કરવું એ પણ એક શુભરાગ છે. છે કે નહીં અંદર? શાસ્ત્રશ્રવણ કરવું, પૂછવું, ઉત્તર દેવો એ બધો સ્વાધ્યાય છે, શુભરાગ વિકલ્પ છે. સ્વભાવનો આશ્રય છે એથી એ વખતે અશુભરાગ ટળે છે, પણ પોતે વસ્તુ છે એ તો શુભરાગ છે. સમજાણું કાંઈ?

**અનુપ્રેક્ષા (અનિત્યત્વાદિ બાર અનુપ્રેક્ષા)...** તત્ત્વાર્થસૂત્રમાં અનુપ્રેક્ષા સંવરમાં નાખી છે. બાર અનુપ્રેક્ષા એ સ્વભાવના આશ્રયની ઘૂંટણદશા છે એવી બાર અનુપ્રેક્ષાને ત્યાં સંવર (એટલે) પુણ્ય-પાપના વિકલ્પ રહિતની દશા એને ગણવામાં આવી છે. આહીં અનુપ્રેક્ષા તે શુભરાગ છે. સમજાણું કાંઈ? આ શરીર અનિત્ય છે, શરણ કોઈ નથી વિગેરે વિકલ્પો એ સ્વાધ્યાય છે. આહાહા! સમજાણું કાંઈ? શુભવિકલ્પ રાગ છે. **અનુપ્રેક્ષા** આવી ગયુંને? **અને ધર્મકથા...** ધર્મકથા કહેવી એ શુભરાગ, સ્વાધ્યાય છે. ઓલા તેરાપંથી આદિ કહે છે કે ધર્મકથા કહેતા નિર્જરા થાય છે. ધર્મકથા કરવી એ નિર્જરા છે. ધૂળેય નથી નિર્જરા, સાંભળને! સમજાણું કાંઈ? નથી સાંભળ્યું?

શ્રોતા : વૃત્તિનું ઉત્થાન થાય એ જ થયુંને....?

પૂજ્ય ગુરૂદેશ્રી : એ વિકલ્પ વૃત્તિ છે, વૃત્તિ છે. સ્વરૂપની અંતર એકાગ્રતા નથી. આહાહા! સ્વને આશ્રયે થાય તે નિશ્ચય આવશ્યક છે અને પરના લક્ષે આવા સ્વાધ્યાયાદિ થાય તે વ્યવહાર આવશ્યક. વ્યવહારનો અર્થ રાગ, શુભ ઉપયોગ. સમજાણું કાંઈ?

ધર્મકથા એની વ્યાખ્યા આમ કરી છે. (**ત્રેસઠ શલાકા પુરુષોના ચરિત્રો**). એ તો બધી ધર્મકથા કોઈપણ ધર્મકથા એમાં વિકલ્પ જ છે. છદ્મસ્થની વાત છેને. કેવળીની વાત નથી કાંઈ. નિશ્ચય આવશ્યકનું સાધન જ્યાં છે એને આવા ભાવો હોય છે, એને વિકલ્પ ને સ્વાધ્યાય કહેવામાં આવે છે, એમ છે. આહાહા! ભગવાન આત્મા પોતાનો અતીન્દ્રિય આનંદસ્વભાવ એનો આશ્રય કરીને જે એકાગ્રતા પ્રગટે એ સંવર-નિર્જરા અથવા એ ધર્મ છે અથવા એ સાચું આવશ્યક, સાચી સામાયિક એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અંદર સ્વાશ્રય વર્તતો હોય છે એને પણ, જ્યારે સામાયિકનો પાઠ બોલતો હોય છે.. સમજાણું કાંઈ? ત્યારે એ શુભ વિકલ્પ ને સ્વાધ્યાય છે. કહો, ચીમનભાઈ! આવું સામાયિક હશે? ઓલું તો સામાયિક કરીને બેઠા, થઈ ગઈ સામાયિક, જાઓ. આહાહા! થઈ ગયો ધર્મ.

જાઓ, હવે ૨૩ કલાક કરો પાપ ગમે તેવા. એક કલાક થઈ ગયો જાઓ ધર્મ. હવે ઘડી નથી, હવે તો ઘડિયાળ છે, પહેલા હતું. લ્યો, આ ઘડિયાળ આવી ઓલી ઘડીને ઠેકાણે. આહાહા! એની તો વાત જ નથી. આ તો સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વના આશ્રયે જે દશા નિશ્ચય આવશ્યક ક્રિયા થાય છે એને આવી ધર્મકથાના કાળમાં સ્વાધ્યાય અથવા શુભરાગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા!

એ સિવાય **આમ પાંચ પ્રકારનો, સ્તુતિ તથા મંગળ સહિત સ્વાધ્યાય છે.** દેવ ને મુનિને વંદન... દેવ ને ગુરુને વંદન એ પણ એક સ્વાધ્યાય છે. સમજાણું કાંઈ? કહો, પંડિતજી! હૈ કિ નહીં ઉસમેં? **દેવ અને ગુરુ-મુનિ એને વંદન** કરવું. ઇચ્છામિ.... જે ભાષા હોય તે. તમારે ન હોય. આની વાત છેને અત્યારે. સમજાણું કાંઈ? આ તો દિગંબર સનાતન સત્યમાં શું છે એની વાત છે. સમજાણું કાંઈ? એ જ્યારે દેવ અને ગુરુને વાંદે એ પણ સ્વાધ્યાય કહેવામાં આવે છે. એ સંવર-નિર્જરા નહીં, નિશ્ચય આવશ્યક નહીં.

**સ્તુતિ અને મંગળ...** આ મંગળિક કરવું, વ્યવહારે પહેલું કહ્યોને મંગળિક કરો. એ વ્યવહાર મંગળિક એ પણ શુભ વિકલ્પ ને સ્વાધ્યાય છે. કહો, સમજાણું કાંઈ? 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં' કરો મંગળિક પહેલું. એ વચનવર્ગણા છે, એમાં શુભરાગ છે. જેઠાભાઈ! આવું સ્વરૂપ છે. 'ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં.' એ વચનવર્ગણા છે, એ કાળે એને શુભરાગ હોય છે. સમજાણું કાંઈ? 'ચત્તારિ મંગલં' કહેનારને કે સાંભળનારને બેયને શુભરાગ હોય છે. સમજાણું કાંઈ?

**સ્તુતિ અને મંગળ થઈને સ્વાધ્યાયનો પાંચમો પ્રકાર ગણાય છે.** ધર્મકથા, સ્તુતિ અને મંગળ એ ત્રણ બોલ થઈને. ઓલા ચાર એમ કરીને, એક આ ત્રણ થઈને પાંચ ગણવા છે. બહુ સ્પષ્ટ કર્યું છે. મૂલાચારમાં છે. કહો, સમજાણું કાંઈ? આહીં તો, મંગળિક સાંભળવા જાશું તો કામ આપણું સફળ થાશે એ માટે મંગળિક સાંભળવા જાય. લગન કરવા જાયને મંગળિક સાંભળે એટલે પછી અમારે બધું સરખું રહે. એ તો બધો મિથ્યાભ્રમ, અજ્ઞાનભાવ છે. એની અહીં વાત નથી. એની તો અહીં વાતેય નથી. સમજાણું કાંઈ? પણ જેને આત્મા ચિદાનંદ ભગવાન એનો આશ્રય–અવલંબન વર્તે છે... એવી અમુક જાતની સ્વાશ્રિત ક્રિયા ધાર્મિક તો છે જ, પણ સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગમાં ઠરેલો નથી એથી એને આવા સ્વાધ્યાયનો વિકલ્પ હોય છે, પણ એ બધું મંગળિક કહેવું, સાંભળવું એ બધો શુભરાગ છે, એ ધર્મ નહીં. આહાહા!

વ્યવહાર મંગળિક કહ્યો. વ્યવહાર મંગળિક એટલે શું? બંધનું કારણ. એ વાણી સાંભળવી એ પણ વ્યવહાર મંગળિક છે, શુભરાગ છે, એમ કહે છે. કેવળીને તો કંઈ રાગ છે નહીં એટલે એની ધર્મકથા તો નિર્જરા ખાતે છે, ઉદય છે એ ખરી જાય છે. પણ છદ્મસ્થ ધર્માત્માને નિશ્ચયના આશ્રયમાં રહેલો હોવા છતાં, અંદરમાં ઠર્યો નથી એથી ઉગ્રપણે ત્યારે

એને આવા ભાવ આવે છે એટલે એને સ્વાધ્યાય કરીને જરીક કાંઈક જાણે ઠીક સ્વાધ્યાય છે.. સ્વાધ્યાય છે. એમ કહ્યું છેને પાઠમાંય જુઓ! ગાથા ૧૫૩માં.

**वयणमयं पडिकमणं वयणमयं पच्चखाण णियमं च ।**

**आलोयण वयणमयं तं सव्वं जाण सज्झायं ॥ १५३ ॥**

સજ્ઝાય જાણ. સજ્ઝાયનો અર્થ કે એને પુણ્યભાવ જાણ. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ છે. એ મંગળ સહિત સ્વાધ્યાય જાણવો. ધર્મકથા એમાં સ્તુતિ ને મંગળિક પણ આવી જાય છે. એ મંગળિક કરવું કે પહેલા કરો વ્યવહાર. 'ણમો અરિહંતાણં' લખો. શાસ્ત્રમાં પહેલા મંગળિક કરીને, પણ છે એ બધો સ્વાધ્યાય, વિકલ્પ. આહાહા! ગજબ વાત છેને! ગણધરો પણ શાસ્ત્ર રચે ત્યારે પહેલા 'ણમો અરિહંતણં, ણમો સિદ્ધાણં' એમ કહે. કહે છે, એ સ્વાધ્યાય છે. સમજાણું કાંઈ? એ શુભવિકલ્પ છે. સ્વાધ્યાય કહીને ત્યાં જાણે આમ ઊભો રાખ્યો. એ શુભરાગ છે. એ નિશ્ચય આવશ્યક નહીં. સ્વને આશ્રયે થયેલી દશા એનાથી આ વિરુદ્ધભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? ૧૫૪.

**जदि सक्कदि कादुं जे...** આવી વાત કરી, હવે એમ કહે છે કે જો તને એમ થાય, અરેરે! આવું અંતર આશ્રયનું નિર્વિકલ્પ ધ્યાન–અધ્યાત્મધ્યાન એ ક્રિયા બધી કીધી. એ જો ન થઈ શકે કદાચિત્, પણ શ્રદ્ધામાં તો રાખજે કે વસ્તુનો અંતર આશ્રય કરવો એ જ ધર્મ છે. જેટલો બહારને આશ્રયે વિકલ્પ થાય એ ધર્મ છે નહીં. આહાહા! ભારે કરી.

**जदि सक्कदि कादुं जे पडिकमणादिं करेज्ज झाणमयं ।**

**सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं ॥ १५४॥**

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**

**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

આહાહા! જુઓ એ માર્ગ. શ્રદ્ધામાં ગોટા વાળીશ નહીં. કહે છે કે ભાઈ! આવી ક્રિયા થાય છે, આવી ક્રિયા થાય છે, નિશ્ચય સ્થિરતા નથી એથી એ પણ અત્યારે ધર્મ છે એમ કરીશ નહીં. સમજાણું કાંઈ? અંદર નિર્વિકલ્પ ધ્યાનમાં રહી શકે નહીં એથી આવા વિકલ્પો હોય, માટે એ પણ એક ધર્મ છે, મોક્ષનો માર્ગ છે એમ માનીશ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**ટીકા : અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.** આત્માને ધ્યેય બનાવીને તેમાં સ્થિર થવું એ બધી પ્રતિક્રમણ આદિની ક્રિયા છે. આહાહા! પ્રતિક્રમણ એ, પ્રત્યાખ્યાન એ, નિયમ એ, સ્વાધ્યાય–નિશ્ચય સ્વાધ્યાય પણ એ. સમજાણું કાંઈ? એવું **શુદ્ધનિશ્ચયધર્મધ્યાન...** ભાષા કેવી ચોખ્ખી વાપરી છે. ધર્મધ્યાન કીધું, છતાં શુદ્ધ નિશ્ચય ધર્મધ્યાન (કહ્યું). સ્વભાવ પૂર્ણ આનંદ ને જ્ઞાન એમાં એકાગ્રતા થવી એને અહીંયા

ધર્મધ્યાન કહ્યું છે. ત્યારે કહે છે કે શુભભાવ હોય તો ધર્મધ્યાન, શુદ્ધ હોય તો શુક્લધ્યાન. એ પંડિતજી! તમારા માટે પંડિત લોકો કહે છે. એ જવાબ આપે છે, મીઠો જવાબ આપે છે. એમ કે મીઠી તો વાત હૈ, કહતે હૈં પંડિતજી. રતનચંદજી એમ કહતે હૈં કિ શુભભાવ અત્યારે ધર્મધ્યાન હોય, શુદ્ધ નહીં. આહીં કહે છે કે શુદ્ધ આત્માના આશ્રયે... આ પંચમ આરાના મુનિ કહે છે, પંચમ આરામાં રહેલા.

કહે છે કે **શુદ્ધનિશ્ચયધર્મધ્યાન**... ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનનો સ્વભાવ એનો આશ્રય લઈને શુદ્ધપણે ઠરે, એ શુદ્ધનિશ્ચય ધર્મધ્યાન છે. આમાં શુભના વિકલ્પની ગંધ પણ નથી. આગળ તો વાત કરી ગયા. નિશ્ચય સહિત શુભની તો કરી ગયા, કહે છે કે પણ કરવાયોગ્ય તો નિશ્ચય છે. સમજાણું કાંઈ? આહાહા! કરવાયોગ્ય એ (શુભ) છે એમ નથી કહ્યું. આવે છે એ આમ છે, એમ જાણ એમ કહ્યું છે. આહાહા! 'વ્યવહાર આવો જાણ' એમ કહ્યું છે ત્યાં. આવો હોય છે એક. પણ એ સ્વાધ્યાય છે એમ જાણ. એ કરવાલાયક છે એમ નથી. ચરણાનુયોગના વ્યવહારમાં છે, કરવાયોગ્ય એમ આવે છે. સમજાણું કાંઈ? પણ એનો અર્થ કે થાય છે તે જાણવાલાયક છે. સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો અલૌકિક છે ભાઈ! એના ફળ પણ અલૌકિક છેને! સિદ્ધપદ થાય, મુક્તિ થાય એને શું કહેવું!

**અહીં**–આ ગાથામાં **શુદ્ધનિશ્ચયધર્મધ્યાન...** ત્યારે એક વ્યવહાર ધર્મધ્યાન પણ છે એમ કીધું, ઓલો શુભ વિકલ્પ છે એ વ્યવહાર ધર્મધ્યાન છે. વ્યવહાર ધર્મધ્યાન છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? એક ભગવાન આત્મા પૂર્ણાનંદ ને પૂર્ણ જ્ઞાનનું ધામ એમાં પેસવું, ઠરવું, બસ એ જ શુદ્ધ, એ સાચું ધર્મધ્યાન છે. એ સાચું પ્રતિક્રમણ, સાચી સામાયિક, સાચું પ્રત્યાખ્યાન, સાચી આલોચના, સાચા લીધેલા નિયમ—એ બધા આ છે.

**સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...** આહાહા! પોતાની વાત કરે છે. સહજ... પરથી સહજ વૈરાગ્ય, નિમિત્તોથી અને રાગથી. અસ્તિત્વમાં તો દૃષ્ટિ દ્રવ્ય–ધ્યેય ઉપર છે અને આમથી–પરથી સહજ વૈરાગી છે. સહજ સ્વભાવ પૂર્ણ ધ્રુવ ચૈતન્ય એની દૃષ્ટિમાં તો આખો આત્મા જ છે અસ્તિ તરીકે. નાસ્તિ તરીકે આમ વૈરાગ્ય (એટલે કે) રાગથી ખસી ગયો છે, સારા સંસારથી જે અંતર ઉદાસ છે. સમજાણું કાંઈ? સ્વભાવિક વૈરાગ્ય છે. એટલે કે પુણ્યનો વિકલ્પ જે રાગ અને એના નિમિત્તો એ બધાથી જેને વૈરાગ્ય છે, વિરક્તપણું છે. આહાહા! સમજાણું કાંઈ? પુણ્ય-પાપમાં એમ કહ્યું છેને કે વૈરાગ્ય એને કહેવો કે જે શુભ-અશુભ રાગ છે એનાથી ખસે, હઠે એનું નામ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? સ્વભાવિક વૈરાગ્ય એટલે કે વસ્તુના પૂર્ણ સ્વભાવમાં પડ્યો છે, દૃષ્ટિ અને સ્થિરતા ત્યાં છે, એથી આ બાજુ ખસી ગયો છે. આ બાજુ ઢળી ગયો છે ને આથી ખસી ગયો છે. પણ એ સહજ ખસ્યો છે કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ... મહેલ એટલે મકાન મોટો બંગલો. એનું શિખર, એનો શિખામણિ (એટલે) માથે ટોચ. એવો જે ધર્માત્મા અથવા પોતે (મુનિ) એમ કહે છે કે આવો હું છું. **પરદ્રવ્યથી પરાઙ્મુખ...** દેખો! ભાષા. આમ સન્મુખ છેને એટલે અહીંથી પરાઙ્મુખ છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્યભાવ એની સન્મુખ છે ધર્માત્મા, એટલે પરદ્રવ્યથી વિમુખ છે. **પરદ્રવ્યથી પરાઙ્મુખ અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળા...** આહાહા! પોતાનો ભગવાન આત્મા એવું જે સ્વદ્રવ્ય એમાં નિપુણ બુદ્ધિવાળો છે, નિષ્ણાત છે. લોકો નથી કહેતા? કે આમાં નિષ્ણાત છે, પારગામી છે. (શ્રોતાઃ એક્ષપર્ટ). એટલે? નિષ્ણાત (શબ્દ) નહોતો, પણ અમારે ગુજરાતી (શબ્દ) જોઈતો હતો. તમે તો કરી રહ્યા છો ઇન્ગ્લિશ. નિષ્ણાત છે એટલે પૂરો છે, પારગામી છે, એમ. આમાં પૂરો નિષ્ણાત છે. અહીં તો આપણે સાદી ભાષા જોઈએને. સમજાણું કાંઈ? આહાહા!

**પરથી પરાઙ્મુખ છે અને સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિ**-જ્ઞાનવાળો છે. સ્વદ્રવ્ય ચૈતન્ય... રાગ અને વિકલ્પથી રહિત એવું જે સ્વદ્રવ્ય, એક સમયની પર્યાયથી પણ રહિત એવા સ્વદ્રવ્યમાં નિષ્ણાત જ્ઞાનવાળો છે, પરિપૂર્ણ જ્ઞાનવાળો છે, નિપુણ છે એમાં. સમજાણું કાંઈ? આહાહા! સ્વદ્રવ્યમાં નિષ્ણાત બુદ્ધિવાળો **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** મુનિની વાત કરે છેને પોતાની. પાંચ ઇન્દ્રિયોનો વિસ્તાર જ નથી જ્યાં (અર્થાત્) સંકોચાઈ ગઈ છે. અંદર અતીન્દ્રિયમાં આવી ગયો છે એમ કહે છે. સમજાણું કાંઈ? પાંચ ઇન્દ્રિયના ફેલાવ, ખંડખંડ ઇન્દ્રિય તરફનું વલણ એ બધું સંકોચાઈ ગયું છે. સમજાણું કાંઈ? મુનિની વ્યાખ્યા છેને મુનિની. સમ્યગ્દર્શનમાં સ્વસન્મુખ છે, રાગથી વિરક્ત તો છે, પણ રાગ એને હજી ઘણો છે. આને તો રાગની હયાતી જ અલ્પ રહી ગઈ છે, એનાથી પણ એ વિરક્ત છે. પંચમહાવ્રત પાળવા, સ્વાધ્યાય કીધીને, એ બધા વિકલ્પથી પણ એ વૈરાગ્યવંત છે એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ!

વીતરાગનો માર્ગ એને આવવો મહા અનંત પુરુષાર્થ છે. એ આલીદુઆલીના કામ નથી. આહાહા! અને જેને આત્માની જરૂર છે, બીજી કોઈ જરૂર નથી કોઈ વાતની-આખી દુનિયાની. સમજાણું કાંઈ? આખી દુનિયાથી ખસી ગયો છે, કહે છેને. કાલ આવ્યું હતું, નહીં? **જગતજાળ સર્વને તૃણ સમાન દેખે છે**. એની કંઈ કિંમત એના મગજમાં નથી. આહાહા! દુનિયા શું બોલે, પ્રશંસે, નિંદે. એ બધા પરદ્રવ્યને કિંમત વિનાની ચીજ માને છે. એમાં કાંઈ બાદ છે નહીં. આહાહા! એ ચીજમાં માલ જ નથી. આહીં તો તૃણવત્ દેખે છે (એટલે કે) એનું કાંઈ વજન જ નથી, એની કાંઈ કિંમત નથી. સમજાણું કાંઈ? આહાહા! એવા પાંચ ઇન્દ્રિયોના વિસ્તાર એટલે ઇન્દ્રિયો આમ બહાર કામ કરે છે એ છે જ નહીં ત્યાં, એમ કહે છે. આહાહા!

**દેહમાત્ર પરિગ્રહના ધારી...** મુનિની વાત છેને! મુનિ તો એક દેહ હોય, એ સિવાય વસ્ત્ર-પાત્ર (આદિ) કોઈ ચીજ ન હોય એને. શ્રીમદમાંય આવે છેને, 'દેહમાત્ર સંયમ હેતુ હોય

જો..' આવે છે. 'માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો..' વળી પાછું ઓલું નાખે, જાતિવેષનો ભેદ નહીં. ન્યાં વળી એ નાખે. જુઓ! આહીં જાતિવેષનો ભેદ નથી, ગમે એ જાતિ હો. પણ અહીં કહે છેને ભગવાન. આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. તને અર્થ ઊંધા કરતા આવડે છે. ભગવાન તરીકે તો સંબોધ્યો છે જીવને. આહાહા! 'માત્ર દેહ તે સંયમ હેતુ..' હવે એમાં ક્યાં વસ્ત્ર ને પાત્ર આવ્યા? ઓલું જ્યાં આવે 'જાતિવેષનો ભેદ નહીં, કહ્યો મારગ જો હોય', ત્યાં જોર આપે છે. હમણાં આપ્યું હતુંને ત્યાં ઓલાએ. ભગવાનદાસ? ભગવાનદાસ, મનસુખભાઈનો દીકરો. જાતિ-વેષનો.... જુઓ! કોઈપણ જાતિ, કોઈપણ વેશમાં સાધુપણું હોય (તો) મોક્ષમાર્ગ છે. લોકો ખુશી થઈ જાય. અહીં તો કહે છે, મુનિ તો એને કહીએ કે જેને શરીર માત્ર પરિગ્રહ હોય છે. પરિગ્રહ એટલે મમતા નહીં, પણ એની પાસે રહેલી એક ચીજ, એમ. બીજી (ચીજ) હોતી નથી. સમજાણું કાંઈ?

**પરમાગમરૂપી મકરંદ ઝરતા...** આહાહા! મુનિના મુખમાંથી પરમાગમરૂપી પુષ્પનો રસ–ફૂલનું મધ ઝરે છે. ફૂલમાં મધ હોય છેને. આ ભમરા ગણગણાટ કરતાં ત્યાં જાય. કહે છે, એ ભમરા ગણગણ કરતાં જાય, એ વનસ્પતિના ફૂલ હોય એ ખીલે હોં અને ત્યાં પરાગ હોય અંદર. પદ્મનંદીમાં આવ્યું છેને. એમ સર્વજ્ઞ અને સંતોના ધર્મદેશનાની ધ્વનિ ગણગણ કરતી જે આવે, એ પાત્ર હોય તે ખીલી જાય. લાકડાના ફૂલ ને આરસપહાણના ફૂલ એ ખીલે નહીં. સમજાણું કાંઈ? કહે છે કે જે પુષ્પમાં રસ હોય છે, મધ હોય છે મધ. ભમરા ચૂસે છેને પરાગ. પરાગ કહે છેને? એમ પરમાગમરૂપી પરાગ–પરમાગમનું મધ ઝરે છે. ..... એ વસ્તુની સ્થિતિ વર્ણવે છે. એટલે ખરેખર તો પોતે પોતાને કહે છે, હે પદ્મપ્રભ મુનિશાર્દૂલ! **(મુખકમળથી) શોભાયમાન હે મુનિશાર્દૂલ!** એમ કહીને પોતાને કહે છે. આહાહા!

**પરમાગમરૂપી...** 'પરમાગમ' ભાષા છે, જોયું! ભગવાનની વાણી સંતોએ–ગણધરોએ રચેલી એવું જે પરમાગમ એનો સાર–એનું મધ–ફૂલનો મધ–ફૂલનો પરાગ **ઝરતા મુખવાળા...** આહાહા! મુખરૂપી કમળમાંથી પરમાગમરૂપી મધ ઝરે છે, કહે છે. સંતો તો એવા હોય, એમ કહે છે. આહાહા! નગ્ન મુનિ દિગંબર વનવાસમાં વસતા હોય છે. એ પરમાગમનું જ્યારે કથન કરશે, કહે છે કે પરમાગમનો રસ ઝરે છે મુખમાંથી. આહાહા!

એવા **મકરંદ ઝરતા મુખકમળથી શોભાયમાન હે મુનિશાર્દૂલ!** હે મુનિ સિંહ! એમ. સિંહ જેવો થા. સમજાણું કાંઈ? જેમ સિંહ મૃગને થાપો મારીને એને ફડાક દઈને હેઠે દાબી દે છે.., એમ ધર્માત્મા અંતરમાં વીર્યની ગર્જનાથી રાગાદિને મારીને નાશ કરી નાખે છે. સમજાણું કાંઈ? સ્વભાવ સન્મુખ જે વીર્યની જાગૃતિ થઈ છે... હે મુનિ સિંહ–શાર્દૂલ! જુઓ! 'શાર્દૂલ' શબ્દ વાપર્યો છેને. શાર્દૂલ (એટલે) કેસરિયા સિંહ હોય, એમ. આહાહા! કેસરિયા વાઘા પહેર્યા છે. આનંદ ને શાંતિના સ્વભાવમાં ચડ્યો છે, રાગના વિકલ્પને તો ફાડી-તોડીને નાશ કરી નાખે

છે. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહાર કહ્યો હતોને અહીં, એ વ્યવહારને ફોડી નાખે છે, તોડી નાખે છે. સમજાણું કાંઈ? આદરવાયોગ્ય તો નહોતો, જાણવાયોગ્ય હતો, એને પણ ફાડે, તોડી નાખે છે. આહાહા! શું પણ સંતની કથની!

મુનિશાર્દૂલ... **અથવા પરમાગરૂપી મકરંદ ઝરતા એવા મુખવાળા હે પદ્મપ્રભ મુનિશાર્દૂલ! સંહનન અને શક્તિનો પ્રાદુર્ભાવ હોય...** જો સંહનનની મજબૂતાઈ એ નિમિત્ત અને શક્તિ અંદરની એની... પહેલા તો પ્રાદુર્ભાવ–ઉત્પત્તિ હોય. બે વાત લીધી. સમજાણું કાંઈ? મજબૂત સંહનન પણ નિમિત્ત હોય અને પુરુષાર્થની જાગૃતિ ઉગ્ર હોય અહીંયા. સમજાણું કાંઈ? સંહનન અને શક્તિનો સદ્ભાવ પ્રાદુર્ભાવ... સંહનનની શક્તિ જડની એ નિમિત્ત (અને) પોતાની શક્તિ ઉગ્ર, સ્વરૂપના ધ્યાનમાં જામી જવું એવી.

એવું જો હોય **તો મુક્તિસુંદરીના...** મુક્તિરૂપી સહજદશા. સહજ સિદ્ધ ગતિ... ....... 'પરિણતિ' ગતિનો અર્થ એવો કર્યો છે જયસેન આચાર્યે. સિદ્ધગતિ. ગતિ એટલે સિદ્ધપરિણતિ. એવી સિદ્ધની પરિણતિરૂપી મુક્તિ એના **પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ...** એટલે મોક્ષ તરત થાય, એમ. રાગથી તો છૂટું છે અને આવા સ્વદ્રવ્યના આશ્રયે જે આ વીતરાગી ક્રિયા એવી શક્તિ. અંદર ધ્યાનમાં મસ્ત થઈ જાય, એવી હોય તો **પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ...** એ ક્રિયા કર્તવ્ય છે. આહાહા! અંદરમાં નિર્વિકલ્પ ધ્યાનમાં રહેવું એ જ તારું કર્તવ્ય છે એમ કહે છે. સમજાણું કાંઈ? શક્તિ અને સંહનન—એ ઉપાદાન ને નિમિત્ત એમ બે સાથે લીધા. સમજાણું કાંઈ?

એવી જો શક્તિ હોય, તો તો નિશ્ચય પ્રતિક્રમણસ્વરૂપમાં ઠરી જવું એ જ તારી ક્રિયા છે. આત્માના આનંદમાં જમવટ જામી જાવું... જામી છેને.... કાલે બોલ્યા હતા એ યાદ આવ્યું. બોલ્યા હતા, કાલે રાતના બોલ્યા હતા. ... આહાર કરીને ફરતા હતાને. 'જામી' એ સૌનો શબ્દ હોય પ્રથમ. એને એ જ આવ્યા કરે. 'જામી છેને' એમ કહે. જામી છે. બરફ જેમ ઠરે છેને (એટલે) જામી જાય, એમ આત્માના અંદર ઠરી જવું એ 'જામી જવું' એમ કહેવામાં આવે છે. દહીં જામે છેને લ્યોને! દહીં જામે છે એટલે શું? દહીં.. દહીં. .... કઠણ. પ્રવાહી મટીને જામી જવું. એકલું... એમ વિકલ્પરૂપી પ્રવાહમાં ન જતાં જામી જવું અંદરમાં દહીંની પેઠે કઠણ. શું કાંઈ કહે છે દહીંને? ખોટ જેવું. એ બધી ભાષા હોય છેને સ્વતંત્ર. દહીં, ખોટ જેવું દહીં છે, કહે. એકલો આમ લોંદો કઠણ. હેઠે પાણી જુદું પડી જાય. દહીં જામેને. ઉપર... એકલો ખોટ જેવો હેઠે. કોઈમાં પાણી ન આવે એકલો ખોટ થઈ જાય. પાણી જરીય ન હોય એવા દહીં છે. એકલો ખોટ જ દેખાય. હેઠેય નહીં ને ઉપર નહીં, ક્યાંય નહીં.

એમ અહીં કહે છે, જામી જાવું અંદર આત્મામાં... આહાહા! એવી **પ્રથમ દર્શનની ભેટસ્વરૂપ નિશ્ચયપ્રતિક્રમણ...** એવી ક્રિયા તારે કરવા જેવી છે હોં. વાત તો આ છે.

નિશ્ચયપ્રતિક્રમણ... પુણ્ય-પાપના વિકલ્પથી હઠી સ્વભાવમાં લીનતા કરવા જેવી છે. આહાહા! એ ક્રિયા ધાર્મિક છે. **નિશ્ચયપ્રાયશ્ચિત્ત...** એ પણ એ. સ્વભાવમાં પ્રાયઃ એવું સ્વરૂપ–પોતાનું જ્ઞાનસ્વરૂપ એમાં ઠરી જવું. એ નિશ્ચયપ્રાયશ્ચિત્તનો અધિકાર આવી ગયો છેને. **નિશ્ચયપ્રત્યાખ્યાન...** પચખાણ એટલે કે સ્વરૂપમાં–દ્રવ્યસ્વભાવમાં વીતરાગી પરિણતિમાં જામી જવું એ સાચું પચખાણ છે. બધા **વગેરે...** સામાયિક, ભક્તિ (આદિ) બધા બોલો આવ્યા હતાને. આલોચના, નિયમ, યોગ, સમિતિ, ગુપ્તિ વગેરે. અંતરમાં.. અંતરમાં ઠરવું એ સમિતિ ને ગુપ્તિ છે. સમજાણું કાંઈ? આહાહા! એ **શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે.** જુઓ! શુદ્ધનિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે.

પણ **જો આ દગ્ધકાળરૂપ...** અરે! **(હીનકાળરૂપ)...** પોતાની પુરુષાર્થની કચાશમાં નિમિત્ત છે એની વાત કરે છે. સમજાણું કાંઈ? અરે! હીણા કાળમાં.. અરે! એ દગ્ધકાળ–અકાળમાં... આહાહા! એટલે? મુક્તિ થવાની પર્યાયનો કાળ અત્યારે નથી, આહાહા! અકાળ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદનું ધામ એની પૂર્ણ આનંદ ને જ્ઞાનની દશા થવી એનું નામ મુક્તિ, એનું નામ દુઃખથી ને અપૂર્ણતાથી છૂટ્યો અને આનંદ ને જ્ઞાનની પૂર્ણતાની પ્રાપ્તિ થઈ એનું નામ મુક્તિ, એનું નામ મોક્ષ. આહાહા! એવી મુક્તિની ક્રિયા માટે અકાળ વર્તે છે કહે છે. સમજાણું કાંઈ?

લ્યો, આ અકાળ. પાઠમાં ઓલો દગ્ધકાળનો અર્થ 'હીનકાળ' શબ્દ કહ્યો. દગ્ધકાળરૂપ અકાળ, એમ. જેમાં ભગવાન આત્મા જામી જાય અંદરમાં, એટલો સ્થિર કે વિકલ્પની વૃત્તિમાત્ર ન રહે. અને એ જ ક્રિયા અંતરની મુક્તિનું કારણ છે. એવી તારાથી ન થઈ શકે તો, એમ કહે છે... ઓલામાં સંહનન ને શક્તિ બે લીધા હતા પહેલા. અહીં તો કહે કે શક્તિ વિનાનો હોય તો... સમજાણું કાંઈ? સંહનનનું નિમિત્ત કાંઈ નહીં, એ તો અહીં શક્તિ નથી માટે સંહનનનું નિમિત્ત નથી. સમજાણું કાંઈ? આહાહા!

અરેરે! આવા દગ્ધકાળ–**અકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.** આહાહા! નિજ પરમાત્મા ભગવાન આત્મા... અરે! કેવડો મોટો કેવો છે એની ક્યાં એને ખબર છે? એ અનંત-અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, પૂર્ણ અનંત વીતરાગતા આદિથી ભરેલો પરમેશ્વર પોતે છે. આહાહા! અરેરે! પામરની દૃષ્ટિમાં પરમેશ્વર કેમ પરખાય? સમજાણું કાંઈ? કહે છે, અરે! તારે તો કેવળ... આ છોડીશ નહીં કહે છે. એ આત્મામાં ઠરી જવું ધ્યાનમાં એ જ મુક્તિનું કારણ છે એવી તો શ્રદ્ધા બરાબર આત્માને આશ્રયે હોય છે. આટલો બધો આત્માને આશ્રયે ક્રિયાનો–સ્થિરતાનો ભાવ નિશ્ચયનો ન થઈ શકે, એ કારણે શક્તિહીન હો તો... સમુચ્ચય વાત જ કરી છે અહીં. આવું હોય તો આમ, આવું હોય તો આમ. સમજાણું કાંઈ?

એ **શુદ્ધનિશ્ચયક્રિયાઓ**... ભગવાન આત્મામાં ઠરી જવાની નિર્વિકલ્પ વીતરાગી શાંતિ ને સમાધિ એ જ ક્રિયા કરવાલાયક છે, શક્તિ અને સંહનનનું નિમિત્ત હોય તો. શક્તિહીન હો તો, પછી નિમિત્તનું આહીં કાંઈ નહીં. સમજાણું કાંઈ? તું શક્તિહીન હો તો **તારે કેવળ નિજપરમાત્મતત્ત્વ**... અખંડ અભેદ જ્ઞાયકભાવ, આનંદભાવ, શુદ્ધ.. શુદ્ધ.. એકલો પવિત્રના સ્વભાવનું ધામ એવો નિજ પરમાત્મતત્ત્વ એની કેવળ... **નિજ પરમાત્મત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે**. શ્રદ્ધામાં ગોટા વાળીશ નહીં એમ કહે છે. નિજ પરમાત્મતત્ત્વ અને એમાં ઠરવાની ક્રિયા—એ જ મોક્ષનું કારણ છે એવી શ્રદ્ધા નક્કી રાખજે. વચમાં અત્યારે અમારે તો આ શુભભાવ એ પણ સાધન છે એમ ગોટા વાળીશ નહીં, કહે છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહાહા!

આચાર્યે–મુનિએ પણ કામ કર્યું છેને આ ટીકાનું! આહાહા! ભગવાન! તું જો શક્તિવાન હો તો તો એકલું સ્વરૂપમાં ઠરી જવું એ જ ક્રિયા મુક્તિનું કારણ માટે કરજે. દર્શનની પહેલી ભેટ એટલે મુક્તિનું કારણ. પણ એ પર્યાયમાં પ્રગટ કરવાની શક્તિ ન હોય, તો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે, પૂર્ણ પરમાત્મા છું અને એમાં ઠરવાની ક્રિયા એ જ મોક્ષનું કારણ છે—એવી નિજ પરમાત્માની શ્રદ્ધા તો રાખજે જ. એટલો સ્વ-આશ્રય તો છોડીશ નહીં એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**તારે કેવળ નિજ પરમાત્મતત્ત્વનું**... એનો અર્થ થયો કે નહીં? કે નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાનનો અર્થ કે એટલો આશ્રય લઈને પડ્યો છો. ત્રિકાળ ભગવાન આત્મા તે જ વસ્તુ છે એમાં ઠરવું એ મોક્ષનું કારણ છે. ન થઈ શકે તો આટલી શ્રદ્ધા તો બરાબર આશ્રયે રાખજે. ભગવાન (આત્મા)ને આશ્રયે જે શ્રદ્ધા થઈ એ જ મુક્તિનું કારણ છે, એમ આત્માને આશ્રયે જે સ્થિરતા થાય એ જ મુક્તિનું કારણ છે. પરના આશ્રયમાં રાગાદિ આવે એ મુક્તિનું કારણ કિંચિત્ છે નહીં. શ્રદ્ધામાં ગોટા વાળીશ નહીં. આહાહા! કહો, કપુરભાઈ! કપુરમાંથી તો એકલી સુગંધ જ નીકળે. ધૂમાડા નીકળે? એમ ભગવાન આત્મા એમાં ઠરવામાં તો વીતરાગતા જ પર્યાય આવે. એમાંથી શું રાગ આવે? અને રાગ સાધન થાય?

આટલું બધું કરી શકાતું નથી તો કાંઈ તો રાખો આને. આવી ક્રિયા આ કાળમાં ન થાય તો વ્યવહારે કાંઈક સાધન છે સાધન.—એમ ગોટા કરીશ નહીં ભાઈ! સાધન તો સ્વભાવમાં એકાગ્ર થવું એ જ સાધન છે. બીજું કોઈ સાધન છે નહીં. આહાહા! એ શ્રદ્ધા સ્વાશ્રયની દૃઢ રાખજે. દુનિયા ફરી જાય, પ્રતિકૂળતાના સંયોગના ગંજ કદાચિત્ આવે, પણ અહીંથી ફરીશ નહીં. સમજાણું કાંઈ? આગળ તો કહેશે કે કોઈ ઈર્ષા કરીને નિંદે આવા માર્ગને, તું રાખજે જાળવીને. તારો માર્ગ તો આ જ છે. દુનિયાને ન બેસે, દુનિયા ન માને અને વિરોધમાં પડીને નિંદામાં જાયસ તારે કાંઈ  નથી, તું એની કિંમત કરીશ નહીં. સમજાણું કાંઈ? એના બોલ સામું

તું જોઈશ નહીં. બહુ સારી (ગાથા છે). લ્યો, અમારા પોપટભાઈ ખુશી થયા. પહેલા કર્યા છેને ઢસરડા ઘણા.

આહાહા! શું પણ અમૃત રેડ્યા છે હોં! આહાહા! ભાઈ! શ્રદ્ધામાં તો... ઓલામાં આવે છેને મોક્ષમાર્ગ (પ્રકાશક)માં, આવે છે. ....... એ ષટ્પાહુડમાં પણ આવે છે. ષટ્પાહુડ છેને .... ટીકામાં. ગાથા પણ આવે છે. અહીં તો કહે છે કે શ્રદ્ધા, જ્ઞાન.... મોક્ષમાર્ગ (પ્રકાશક)માં સાતમા અધ્યાયમાં કે જ્યાં સુધી સ્થિરતા ન હોય ત્યાં સુધી એને શુભભાવ આવે, પણ શ્રદ્ધામાં રાખજે કે શુભભાવ ધર્મનું કારણ નથી. લીધું છે એમાં. શ્રદ્ધા રાખજે કે શુભભાવ ધર્મનું કારણ નથી. જો ધર્મનું કારણ માન્યું (તો) મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? સાતમો અધ્યાય છેને. મોક્ષમાર્ગપ્રકાશકમાં આ બાજુના પાને છે. આહાહા!

ભગવાન! તારામાં–સ્વભાવનું અધ્યાત્મધ્યાન એ મોક્ષનું કારણ તત્કાળ થાય એવી શક્તિ ન હોય... આવશે પછી ટીકામાં. કળશમાં આવશે. તો તારે કેવળ એકલો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અનંત-અનંત સમાધિની સામગ્રીનો ભરેલો છે, એ જ વસ્તુ છે ને એમાં ઠરવું તે જ મોક્ષનું કારણ છે—એવી શ્રદ્ધા પાકી કરજે સ્વને આશ્રયે. સમજાણું કાંઈ? લ્યો, મુનિ થઈને આમ કહે છે. કુંદકુંદાચાર્ય આમ કહે છે. કુંદકુંદાચાર્ય આમ કહે છે, આવું ન કર તો આટલું તો કરજે. આહાહા! જ્ઞાનમાં જે વાત બેઠી એ પરિણતી પછી કેમ ફરે? જાણીને, પરીક્ષા કરીને જે વાત બેઠી, એનું ફરવું શી રીતે (થાય)? દ્રવ્ય ફરે તો એ ફરે. આહાહા! સમજાણું કાંઈ?

આ કહે છેને કે અત્યારે પંચમકાળ છે માટે શુભભાવ અત્યારે સાધન છે. એમ કહે છે. દર્શન... અત્યારે તો શુભભાવ જ હોય. એમાં જરીય રાગ બાકી છે તે બંધનું કારણ છે, એમાં રાગ ઘટ્યો તે સંવર-નિર્જરા છે એમ કહે છે. આહાહા! પણ જેની દૃષ્ટિ જ રાગ ઉપર છે એને રાગ જરીયે ઘટ્યો નથી. આહાહા! કેમ કે રાગ વિનાની ચીજ શું છે (એવી) નિજસ્વભાવની દૃષ્ટિ જ્યાં થઈ નથી, એને રાગ શુભમાં ઘટે છે એ વાત જ ખોટી છે. એ તો તીવ્ર કષાયને માનનારો છે. રાગથી ધર્મ માનનાર એમાં તીવ્ર કષાય મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? એ તો તીવ્ર કષાયવાળો છે, તીવ્ર કષાય એટલે મિથ્યાત્વનો ભાવ. આહા!

અહીં તો સ્વભાવનું ભાન હોવા છતાં, જેટલી સ્થિરતા–મુક્તિને માટે સ્વના આશ્રયની ઉગ્રતા જોઈએ એટલી ન હોય તો, એમ. આવી શ્રદ્ધા ભગવાન આત્મા એકલો પૂર્ણાનંદ પ્રભુ છે એને કોઈ વ્યવહારના અવલંબનની જરૂર નથી અને વ્યવહારથી કાંઈ લાભ થાય એવું એનામાં છે નહીં, એ એનો સ્વભાવ જ નથી. એકલો ભગવાન જ્ઞાનરૂપી ચૈતન્ય પ્રભુ એની કેવળ એકની જ શ્રદ્ધા રાખતાં એમાં ઠરવાની ક્રિયા એ મુક્તિનું કારણ એ શ્રદ્ધામાં આવી જાય છે. સમજાણું કાંઈ? પણ વ્યવહાર આવો હોય, વ્યવહાર આવો હોય એમાંથી પણ કાંઈ.... એક જણો વળી એમ કહેતો હતો. વ્યવહાર આવે છે એમાં થોડોક વિશ્રાંતિ મળે છે. આવ્યું હતું કાલ. સમજાણું

કાંઈ? છોટાલાલજી છેને એક. અહીં વળી હા પાડી ગયા હતા ને ન્યાં વળી પાછું ફરી ગયું. એ આવ્યું છે છાપામાં. વ્યવહાર છે એ જરીક વિશ્રાંત થવું, થોડી શાંતિ મળે પછી અંદર જવાય. આરે! એવી વ્યવહારની મીઠાશ....

એ માટે તો અહીં વાત કરે છે. ભાઈ! મીઠાશ છોડી દે, ભગવાનની મીઠાશ પ્રગટ કર. એવો આત્મા એના આશ્રયથી એક શ્રદ્ધાન જ તારે કર્તવ્ય છે. આહાહા! કરવાલાયક, સ્વદ્રવ્યને આશ્રયે નિશ્ચયશ્રદ્ધા એ જ તારું કર્તવ્ય છે અને એમાં નિશ્ચયની ક્રિયા થાય તો મુક્તિનું કારણ છે એ જ શ્રદ્ધા કર્તવ્ય છે. વ્યવહાર વચમાં આવે માટે મુક્તિનું કારણ છે, એમ છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ ૧૪, મંગળવાર, તા. ૧૬-૧૧-૧૯૭૧**
**શ્લોક - ૨૬૪, ગાથા- ૧૫૪ - ૧૫૫, પ્રવચન નં. ૧૭૯ (હિન્દી)**

યે નિયમસાર સિદ્ધાંત શાસ્ત્ર હૈ. હિન્દી આવ્યા છે હિન્દી લોકો. નિશ્ચય પરમ-આવશ્યકકા અધિકાર હૈ. નિશ્ચય પરમ-આવશ્યક ક્યા? અથવા નિયમસાર ક્યા? વહ તો નિયમસાર કહો કિ નિશ્ચય પરમ આવશ્યક કહો—દોનોં એક બાત હૈ. અપના આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ ઉસમેં સન્મુખતા કરકે એકતાકા ધ્યાન (કરના), સ્વરૂપમેં એકતા ઔર રાગાદિકી પૃથકતા ઉસકા નામ નિયમસાર અથવા સચ્ચી આવશ્યક ક્રિયા કહનેમેં આતી હૈ. હૈ ન? ૧૫૪. ગાથાકા કલશ હૈ. ૨૬૪ કળશ હૈ.

**असारे संसारे कलिविलसिते पापबहुले**
**न मुक्तिमार्गेऽस्मिन्ननघजिननाथस्य भवति।**
**अतोऽध्यात्मं ध्यानं कथमिह भवेन्निर्मलधियां**
**निजात्मश्रद्धानं भवभयहरं स्वीकृतमिदम् ॥२६४॥**

પદ્મપ્રભમલધારિ દિગંબર સંત–મુનિ હૈં, જંગલવાસી હૈં. ઉન્હોંને યે કળશ બનાયા હૈ. કહતે હૈં કિ અરે! **શ્લોકાર્થ : અસાર સંસારમેં...** સંસારમેં કોઈ સાર હૈ નહીં. સંસાર શબ્દસે ઉદયભાવ. ઉદયભાવ અર્થાત્ રાગ-દ્વેષ વિકલ્પ આદિ જો ઉદયભાવ યે સંસાર હૈ. ઉસમેં કોઈ સાર હૈ નહીં. ઉસમેં ધર્મ હૈ નહીં, ઉસમેં સાર હૈ નહીં. નિયમસાર હૈ ન. ઉદયભાવરૂપી સંસાર ઉસમેં કોઈ સાર હૈ નહીં. **પાપસે ભરપૂર કલિકાલકા વિલાસ હોને પર...** અરે! પંચમકાલ... પાપસે ભરપૂર કલિકાલ... ઐસે કલિકાલકે વિલાસકી પ્રાધાન્યતા હોનેસે **ઇસ નિર્દોષ જિનનાથકે માર્ગમેં મુક્તિ નહીં હૈ.** ઇસ કાલમેં નિર્દોષ જિનનાથ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરને જો મુક્તિકા માર્ગ કહા, ઉસ મુક્તિકે માર્ગસે મુક્તિ હો, ઐસા જો મુક્તિકા માર્ગ (કહા) ઉસસે મુક્તિ હો, ઐસી મુક્તિ અભી નહીં હૈ. સમજમેં આયા?

**ઇસલિયે ઇસ કાલમેં અધ્યાત્મધ્યાન કૈસે હો સકતા હૈ?** અર્થાત્ મુક્તિ–પૂર્ણાનંદકી પ્રાપ્તિરૂપ મુક્તિ અભી જિનનાથકે માર્ગકે વિષયમેં હૈ નહીં. તો યે મુક્તિકા જો માર્ગ કિ જો સાક્ષાત્ અધ્યાત્મધ્યાન હૈ, સાક્ષાત્ મુક્તિ પ્રાપ્ત હો ઐસા અધ્યાત્મધ્યાન કૈસે હો સકતા હૈ? સમજમેં આયા? પાઠ તો ઐસા હૈ કિ **ઇસ કાલમેં અધ્યાત્મધ્યાન કૈસે હો સકતા હૈ**? અર્થ બીજો કર્યો. ઇસકા અર્થ કિ મુક્તિ હો ઐસા ધ્યાન ઇસ કાલમેં હૈ નહીં. સમજમેં આયા? તો ઇસ કાલમેં અધ્યાત્મધ્યાન કૈસે હો સકતા હૈ? ભગવાન આત્મા પૂર્ણાનંદમાં લીનતા, જેનાથી મુક્તિ પ્રાપ્ત થાય, ઐસી લીનતાકા તો અભી અભાવ હૈ. સમજમેં આયા?

**ઇસલિયે નિર્મલબુદ્ધિવાલે** જીવકો... જિસકો સમ્યગ્જ્ઞાન, અપના ચૈતન્યસ્વભાવ ઉસકે આશ્રયસે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન હુઆ હૈ... સમજમેં આયા? ઇસલિયે નિર્મલબુદ્ધિવાલે જીવ **ભવભયકા નાશ કરનેવાલી ઐસી ઇસ નિજાત્મશ્રદ્ધાકો અંગીકૃત કરતે હૈં.** પાઠ કુંદકુંદાચાર્યકા હૈ. ઇતની સ્થિરતા (કિ) જિતની મુક્તિકો પ્રાપ્ત હોનેકો ચાહિયે ઉતની હૈ નહીં. સ્થિરતા ઇતની ન હો વિશેષ ભૂમિકાકે યોગ્ય, સાતવેં ગુણસ્થાનકે યોગ્ય સ્થિરતા જબ ન હો, તો ઐસે ન માનના કિ શુભભાવ વિકલ્પ આતે હૈં ઉસસે ક્રમસે-ક્રમસે મુક્તિ હોગી.—ઐસી માન્યતા નહીં કરના. સમજમેં આયા? મુક્તિ તો અપના ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ધ્રૌવ્ય દ્રવ્યસ્વભાવ ઉસમેં એકતા કરકે (હોતી હૈ). જો પૂર્ણ સ્થિરતા ન હો સકે તો એકતા કરકે નિજાત્માકી શ્રદ્ધા તો કર્તવ્ય હૈ. મૈં તો આત્મા પૂર્ણાનંદ હૂં. શ્રદ્ધા નામ પરલક્ષી શ્રદ્ધાકી બાત નહીં હૈ યહાં. સમજમેં આયા?

કહતે હૈં કિ મુનિકો કરના તો આવશ્યક ક્રિયા અંદર ધ્યાનકી કરના. યે તો પહલે ભી આ ગયા હૈ. અંતર આનંદસ્વરૂપમેં લીનતા વહી આવશ્યક ક્રિયા ઔર વહી મુક્તિકા માર્ગ હૈ. સમજમેં આયા? ભાઈ આવશ્યક હૈ ન? અવશ્ય કરનેલાયક, જરૂરતવાલી ક્રિયા. જરૂરતકી ક્રિયા તો ભગવાન ઉસે કહતે હૈં કિ અપના ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ ઉસકે સન્મુખ હોકર એકાગ્રતા કરના, ઉસકા નામ સચ્ચી–નિશ્ચય આવશ્યક ક્રિયા કહનેમેં આતી હૈ, વહી મુક્તિકા માર્ગ હૈ. સમજમેં આયા? બીચમેં વ્યવહાર પ્રતિક્રમણ ને વ્યવહાર સામાયિકકા વિકલ્પ જો હોતા હૈ વહ મુક્તિકા માર્ગ નહીં. સ્થિર ન હો સકે, તબ બીચમેં ઐસા વિકલ્પ આતા હૈ, પણ વહ બંધકા કારણ હૈ, યે મોક્ષકા કારણ નહીં. ઐસી નિજાત્માકે આશ્રયસે શ્રદ્ધા તો પક્કી રખની ચાહિયે કિ નિજાત્માકે આશ્રયસે શ્રદ્ધા હુઈ, ઐસે નિજાત્માકે આશ્રયસે ચારિત્ર હોગા ઔર નિજાત્માકે આશ્રયસે મોક્ષકા માર્ગ પૂર્ણ હોગા તબ મુક્તિ હોગી.

ઐસી દખલ ન કરના કિ ઐસા ધ્યાન ને સ્થિરતા નહીં હૈ તો શુભભાવસે, વ્યવહારક્રિયાસે ભી મુક્તિ હોગી. ઐસી શ્રદ્ધા ન કરના. સમજમેં આયા? યે ગાથા તો અષ્ટપાહુડમેં ભી હૈ. સમજે? મોક્ષપ્રાભૃતમેં હૈ ન? પંડિતજી! ગાથા બોલતે થે ન. ..... અષ્ટપાહુડમેં ટીકામેં હૈ. શ્રદ્ધા કરના... બોલે થે ન કલ. **जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं**... (દર્શનપાહુડ ગાથા ૨૨). ઉસકી ધ્વનિ યહી હૈ. જબ લગ આત્મામેં પુણ્યકા પરિણામ–દયા, દાન, વ્રત, ભક્તિ આદિકા હોતા હૈ, વહ મુક્તિકા કારણ નહીં. સમજમેં આયા? જિતના પરલક્ષી વૃત્તિયાં શુભભાવકી ઉઠતી હૈ વહ ધર્મ ભી નહીં ઔર યે મુક્તિકા કારણ ભી નહીં. કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ ઐસી સ્વરૂપમેં સ્થિરતાકી ક્રિયા ન બન સકે, સ્વકે આશ્રયમેં પૂર્ણ લીનતા ન હો સકે, તો નિજાત્મશ્રદ્ધા (કરના) કિ મૈં પૂર્ણાનંદ અખંડ અક્રિય–રાગસે રહિત

ચીજ હૂં. ઐસી અનુભવમેં સ્વાશ્રયકી દૃષ્ટિ તો રખના ઔર શ્રદ્ધામેં ઐસા રખના કિ સ્વદ્રવ્યકા આશ્રય વિશેષ કરૂંગા તબ મેરી મુક્તિ હોગી. સમજમેં આયા? લ્યો, આ આવ્યું હતું.

**નિર્મલબુદ્ધિવાલે...** ઐસા લિયા હૈ ન યહાં તો. (અર્થાત્) સમ્યગ્જ્ઞાની લિયા હૈ. અપના આત્મા પૂર્ણ જ્ઞાન-આનંદ સ્વરૂપ હૈ, ઉસકે અંતરમેં લીનતા... શુભ-અશુભ વિકલ્પસે હટકર, નિમિત્તકા ભી લક્ષ છોડકર અને શુભરાગકા–શુભોપયોગકા ભી આશ્રય, લક્ષ છોડકર, ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન-આનંદ ઉસકા આશ્રય કરકે સમ્યક્-શ્રદ્ધાન કરના ઔર સમ્યક્-શ્રદ્ધાન રખના. ગરબડ નહીં કરના કિ ઐસે સ્વકે આશ્રયસે ધ્યાન નહીં હોતા હૈ તો મુક્તિ નહીં હૈ તો વ્યવહારસે ભી કભી ક્રમસે-ક્રમસે મુક્તિ હોગી. ઐસે નહીં કરના. સમજમેં આયા? યહાં તો નિજાત્મકી–(નિજ) પરમાત્માકી શ્રદ્ધા લી હૈ ન. **सद्दहणं चेव कायव्वं** છેને? પછી એનો ખુલાસો કર્યો. **सत्तिविहीणो जा जइ सद्दहणं चेव कायव्वं...** યતિને–મુનિને કહે છે હોં. આહાહા!

મુનિની તો ક્રિયા... ખરેખર તો ધાર્મિક ક્રિયા વહ હૈ કિ અંતર આનંદમૂર્તિમેં એકાગ્ર હોના વહી ધાર્મિક ક્રિયા હૈ. મુનિકી ક્રિયા તો વહી હૈ. સમજમેં આયા? ઔર વહી પરમ આવશ્યક ક્રિયા મુક્તિકા કારણ હૈ. યહાં તો (કહા કિ) નિશ્ચય-આવશ્યક હૈ વહી ક્રિયા ધર્મકી હૈ ઔર વહી સત્ક્રિયા હૈ. બીચમેં રાગ આતા હૈ પંચમહાવ્રત આદિકા, વહ અસત્ક્રિયા હૈ, વહ સત્ક્રિયા નહીં, યે મુક્તિકે કારણ(રૂપ) પરિણતિ–ક્રિયા નહીં. તો ઐસે સ્વરૂપમેં લીનતાકી ઊંચે દરજ્જાકી સત્ક્રિયા ન હો તો ઐસે નહીં માનના કિ ઐસા નહીં હૈ તો શુભમેંસે કભી ધર્મ લાભ હોગા. ઐસે નહીં માનના. **નિજાત્મશ્રદ્ધા..** કહા ન? નિજાત્મશ્રદ્ધાકો અંગીકાર કરના. મૈં ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા હૂં, પૂર્ણ આનંદ હૂં, પૂર્ણ જ્ઞાન હૂં—ઐસી સન્મુખમેં–સ્વભાવકે સન્મુખ હોકર નિજાત્મકે આશ્રયસે હોનેવાલી શ્રદ્ધા–સમ્યગ્દર્શન તો પક્કા કરના ચાહિયે. કહો, સમજમેં આયા?

ઐસે ગરબડ નહીં કરના ભાઈ! કિ યે તો પંચમકાલ હૈ તો મહાવ્રતકી ક્રિયાસે ભી કલ્યાણ હોગા. ૨૮ મૂલગુણ હૈ ન સાધુકા, વહ વિકલ્પ હૈ, વહ તો રાગ હૈ. ઉસસે ભી મુજે કલ્યાણ હોગા ઐસી શ્રદ્ધા નહીં કરના. યે શ્રદ્ધા મિથ્યાત્વ હૈ. આહાહા! ભારે કામ ભાઈ! ભગવાન કુંદકુંદાચાર્ય એમ ૧૫૪ ગાથામાં ફરમાવે છે. મોક્ષપ્રાભૃતમેં ભી હૈ, ટીકામેં ભી હૈ, પંડિતજી બોલ્યા એ ટીકા. સમજમેં આયા? અષ્ટપાહુડ હૈ ન. મૂળ પાઠ ... સંસ્કૃત અને ઓલા પાઠમાંય છે મોક્ષપાહુડમાં. આહાહા! મોક્ષપ્રાભૃત, પાનું ૩૨? મોક્ષપાહુડ પાનું ૩૧. મૂળ શ્લોક.... અષ્ટપ્રાભૃત, પાનું ૩૩૧.... ગાથા ૨૨, દર્શનપાહુડની છે. એ ટીકામાં હશે. ....... એ ટીકામાં છે, સંસ્કૃત ટીકામાં છે, મૂળ શ્લોકમાં નથી. ઓલું દર્શનનું શું આવ્યું? દર્શનનું કહ્યું હતુંને. દર્શનપાહુડ ગાથા ૨૨.

**जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं ।**
**केवलीजिणेहिं भणियं सद्दमाणस्स सम्मत्तं ॥२२॥**

કુંદકુંદાચાર્યનો શ્લોક છે. **केवलीजिणेहिं भणियं...** તમે જે બોલ્યા હતા તે સંસ્કૃત ટીકામાં છે ૪૩ ગાથા. **जं सक्कइ तं कीरइ...** જો શક્તિ હોય તો આત્માની અંતર નિર્વિકલ્પ અમૃતના અનુભવમાં રહેવું એ માર્ગ છે. સમજાણું કાંઈ? **जं सक्कइ तं कीरइ जं च ण सक्केइ तं च सद्दहणं..** ન કરી શકે તો શ્રદ્ધા તો ઐસી કરના કિ ભગવાન આત્માકે આશ્રયસે નિર્વિકલ્પ પરિણતિ વીતરાગીદશા હો વહી મુક્તિકા કારણ હૈ. રાગ અને વિકલ્પ ઉઠતે હૈં, બીચમેં આતા હૈ, વહ મુક્તિકા કારણ નહીં. સમજમેં આયા? **केवलीजिणेहिं भणियं सद्दमाणस्स सम्मत्तं..** કેવળી પરમાત્મા.... એ સંસ્કૃત... એ ભાઈ બોલ્યા હતા, પણ આ તો પાઠ છેને અહીં.

**जं सक्कइ तं कीरइ...** શક્તિ હો તો આત્માકે આનંદસ્વભાવમેં લીન હોના, વહી ધાર્મિક ક્રિયા, વહી મુક્તિકા કારણ ઔર વહી પરમ-આવશ્યક્રિયા હૈ. **जं च ण सक्केइ...** શક્તિ ન હો– અંતર આત્મામેં અમૃતકી પરિણતિ કરનેકી તાકાત ન હો તો **केवली जिणेहिं भणियं...** સર્વજ્ઞ પરમાત્મા ઐસે કહતે હૈં (ઔર) કુંદકુંદાચાર્ય ઐસે કહતે હૈં કિ ભગવાન ઐસે કહતે હૈં. **सद्दमाणस्स सम्मत्त...** ભગવાન આત્મા અખંડ આનંદ ને શુદ્ધ ચૈતન્ય હૈ ઐસા અનુભવ કરકે શ્રદ્ધા કરના ઔર શ્રદ્ધામેં (રખના કિ) પૂર્ણ શુદ્ધિ તો પ્રાપ્ત હોગી તબ મેરી મુક્તિ હોગી. ઐસે રાગસે ને વિકલ્પસે ને વ્યવહારસે પરંપરા મુક્તિ હોગી ઐસી શ્રદ્ધા છોડ દેના, એમ કહતે હૈં. આહાહા! આ તો ગાથા પોતાની છે. નિયમસાર, ૧૫૪ લખ્યું છે આમાં. ઓલું તો ટીકામાં છે, એ ટીકામાં છે ૪૩માં.

**जं सक्कइ तं कीरइ जं न सक्केइ तं च सद्दई**
**सद्दहणं जीवो पावइ अजरामरं ठाणं**

સમ્યગ્દર્શન–નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ... આહાહા! સ્વસંવેદન—આત્માકા–જ્ઞાનકા વેદન હોકર, ઉસમેં શુદ્ધતાકા ભાવ પ્રગટ હોકર, ઐસા આત્મા પૂરા શુદ્ધ હૈ ઐસી પ્રતીતિ યે **सद्दहणं जीवो...** ઐસી શ્રદ્ધા કરનેવાલેકા **पावइ अजरामरं ठाणं...** જન્મ-મરણ રહિત મુક્તિ પ્રાપ્ત કરેગા. આ **सद्दहणं जीवो..** આહીં કહ્યું છે હોં. આશય તો અહીં બીજી વાત છે. ઉત્કૃષ્ટ ક્રિયા ન કરી શકો તો, એમ અહીં છે. સ્યાદ્વાદ અધિકારમાં તો...... સમજાણું કાંઈ?

આત્મા પરમ પવિત્ર સ્વભાવકા ધામ ઉસકે અવલંબનસે જિતની વીતરાગી શુદ્ધ પરિણતિ–પર્યાય પ્રગટ હો, બસ વહી એક મુક્તિકા માર્ગ હૈ. બીચમેં શુભભાવ હો, આતે હૈં, હોતે હૈં... એ તો કહ્યું ભાવ-દ્રવ્યસ્તુતિમાં. દોનોં સાથમેં હો, પણ વહ દ્રવ્યસ્તુતિ ઔર વિકલ્પ મુક્તિકા કારણ નહીં. સમજમેં આયા? ભારે કામ ભાઈ! વ્યવહારના આગ્રહીને તો આ કઠણ પડે બહુ. કઠણ પડે? જચે નહીં. એવી વાત છે. તું પ્રભુ પૂર્ણાનંદ સચ્ચિદાનંદ નાથ છોને. હૈ ન

તેરી ચીજ પૂર્ણસ્વરૂપ? પૂર્ણ ઇદં. ઉસમેં એકાગ્ર હોકર રાગકી ક્રિયા બિનાકી અરાગી પરિણતિકી ક્રિયા ઉત્પન્ન હો વહી એક મુક્તિકા પંથ હૈ જૈનમાર્ગમેં. અન્યમેં તો કહીં હૈ હી નહીં. સમજમેં આયા?

તેથી એમ કહ્યુંને. **ઇસ નિર્દોષ જિનનાથકે માર્ગમેં મુક્તિ નહીં હૈ**. ધર્માત્માકા માર્ગ જો વીતરાગકા હૈ ઉસમેં તો અભી ઇસ કાલમેં મુક્તિ, કેવળજ્ઞાન હૈ નહીં. મુક્તિ ન હો તો અધ્યાત્મધ્યાન ભી ઉસ પ્રકારકા... આમાં એ શબ્દ એવો લીધો છે અહીં નિયમસારમાં, 'ઉસપ્રકારકા'. આમ ગાથામાં નથી આવતું, પણ શબ્દ એવો લીધો છે. ભાઈને બતાવ્યું હતું. એ તો થઈ શકે છે.... પહેલું કહી ગયા છેને. ... પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન સબ ધ્યાનમય કરના, એની યોગ્યતા પ્રમાણે. પણ આ ઉત્કૃષ્ટ મુક્તિના કારણની જે દશા સ્થિર થવું. ઐસા ધ્યાન ન હો તો શ્રદ્ધામેં તો, સ્વભાવકે આશ્રયસે પવિત્રતા–શુદ્ધતા પ્રગટ હો વહ એક હી મુક્તિકા માર્ગ હૈ ઐસી શ્રદ્ધામેં ડામાડોળ નહીં કરના એમ કહતે હૈં. સમજમેં આયા?

ઐસી નિશ્ચળ–નિષ્કંપ શ્રદ્ધા.... એ શ્રદ્ધા માન્યતાપૂર્વક એમ એકલી નહીં. અંતર સ્વભાવકે આશ્રયસે સમ્યગ્દર્શન–પ્રતીત હોના વહ તો પક્કા રખના અને વહ શ્રદ્ધા આત્માકે આશ્રયસે ઉત્પન્ન હુઈ તો આત્માકે આશ્રયસે–ઉગ્ર આશ્રયસે ઉત્કૃષ્ટ પરિણતિ હોગી, યે પરિણતિ મુક્તિકા કારણ હૈ. સમજમેં આયા? ઇસલિયે **નિર્મલબુદ્ધિવાલે**... મલિન બુદ્ધિવાલે તો કહતે હૈં કિ વ્યવહારસે લાભ હોગા, મુક્તિ હોગી. યે તો મલિનબુદ્ધિ–મિથ્યાદૃષ્ટિ હૈ. આહાહા! સમજમેં આયા? નિર્વિકલ્પ સમ્યગ્દર્શન... સમજમેં આયા? નિર્વિકલ્પકા અર્થ, અપના ચૈતન્ય મહાપ્રભુ ઉસમેં જહાં એકત્વ હોતા હૈ, તો વિકલ્પસે વિભક્ત હો જાતા હૈ. રાગસે વિભક્ત અને સ્વભાવસે એકત્વ. યે સ્વભાવમેં એકત્વ હુઆ તો રાગસે વિભક્ત હુઆ, ઐસી આત્માકી નિર્વિકલ્પ સમ્યગ્દર્શન–શ્રદ્ધા.. સમજમેં આયા? ઐસી શ્રદ્ધા તો પક્કી કરના ચાહીયે. સમજમેં આયા?

ઇતના સિદ્ધ કરતે હૈં કિ વ્યવહાર હૈ. હૈ વહ તો યહાં સિદ્ધ કરતે હૈં. પણ વ્યવહાર હૈ તો વ્યવહાર મુક્તિકા કારણ હૈ, ઇસ બાતકી ગરબડ નહીં કરના. સમજમેં આયા? વહ કહા ન. આપણે સોગાનીમાં આવ્યુંને? ભાવ-દ્રવ્યસ્તુતિથી... આત્માની ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ. જુઓ! બેય સાથે લીધું પહેલી ગાથામાં ભગવાન કુંદકુંદાચાર્યે. હો દ્રવ્યસ્તુતિ. વીતરાગ સિદ્ધકે સ્તવનમેં અપની અંતરકી એકાગ્રતા વહ નિશ્ચયસ્તુતિ, આનંદમેં લીનતા વહ નિશ્ચયસ્તુતિ ઔર સિદ્ધભગવાન સન્મુખમેં બહુમાનકા વિકલ્પ વહ વ્યવહારસ્તુતિ. હૈ સહી દોનોં હી, એક સાથ હોતા હૈ. સમજમેં આયા?

દ્રવ્યસંગ્રહમેં કહા ન. કઈ ગાથા? **दुविहं पि मोक्खहेउ पाउणदि जं मुणि णियमा...** (ગાથા ૪૭). સાથે ધ્યાનમાં છે એ ક્યારે કહ્યા? નિશ્ચય ધર્મધ્યાન, નિશ્ચય મોક્ષમાર્ગ ને

વ્યવહાર મોક્ષમાર્ગ એક સાથે છે. પહેલો મોક્ષમાર્ગ વ્યવહાર ને પીછે નિશ્ચય હોતા હૈ ઐસા હૈ હી નહીં. સમજમેં આયા? પંડિતજી! આ ભાઈ ન ગયા? શું નામ? ઉત્તમચંદજી. એક ઉત્તમચંદ હૈ સિવનીમેં, બડા હુશિયાર હૈ. મુમુક્ષુમેં વ્યાખ્યાન કરતે થે. મખ્ખનલાલજી આયે. બડા વિદ્વાન. ભાઈ પ્રવચન કરતે થે. ઉસકો જરી ખટક લગી કિ યે ઇતના છોટા બચ્ચા અને અમે તો કેટલા વર્ષ... યે ક્યા બાત કરતા હૈ. ક્યા હૈ નિશ્ચય-વ્યવહાર? પંડિતજી! નિશ્ચય હોતા હૈ તો વ્યવહાર હોતા હૈ. નિશ્ચય બિના વ્યવહાર નહીં. શાદી નક્કી કિયે બિના બારાત કિસકી જોડના? ઐસે જવાબ દિયા ભાઈને. ઉત્તમચંદ આપણે આવી ગયા છે. બહુ હુશિયાર છે. માસ્તર છે. ભણાવે છે. તત્ત્વનો અભ્યાસુ છે. પંડિતજી ઓલા મખ્ખનલાલજી, મુરૈના. આમ મોટા એટલે દુનિયામાં પ્રસિદ્ધિ હોયને.

એ કહ્યું, કિસકે સાથ શાદી–લગન કરના હૈ ઐસા નક્કી હુએ બિના બારાત જોડ દેના? ઐસે નિશ્ચય બિના વ્યવહાર કૈસા? ઓલો તો સ્તબ્ધ થઈ ગયો. બીજો દાખલો આપ્યો. માટીકા ઘડા નહીં ને ઉસકો ઘીકા ઘડા કહના ઐસા કહાંસે આયા? માટીકા ઘડા હૈ–નિશ્ચય ઘડા હૈ તો ઉસકો ઘીકા ઘડા કહના વહ વ્યવહાર હૈ. ઓલો તો હુશિયાર છોકરો છે. હવે તો ઘણા ઠેકાણે થઈ ગયા છેને. ચારેકોર લાગી છે. આહાહા! એટલું તો કબૂલ કરવું પડ્યું એણે અત્યાર સુધીનું કે નિશ્ચયનું જ્ઞાન પહેલું હોવું જોઈએ. બસ એટલો સ્વીકાર તો એટલો, જા. એમ નહીં કે નિશ્ચયનું પહેલું શ્રદ્ધા ને જ્ઞાન નિશ્ચયનું હોવું જોઈએ. એકલું જ્ઞાન એમ નહીં. એને એમ કે નિશ્ચયનું જ્ઞાન હોય, જ્ઞાન હોય વ્યવહારે એમ કરીને.... ઓલો નિશ્ચયનું.... તોપણ આટલું તો કહ્યુંને કે નિશ્ચયકા જ્ઞાન... એનો અર્થ કે સ્વરૂપકી નિશ્ચય દૃષ્ટિ ને જ્ઞાન નિશ્ચય હો તો પીછે વિકલ્પકો વ્યવહાર કહનેમેં આતા હૈ. નિશ્ચય હૈ નહીં તો વ્યવહાર કહાંસે આયા?

યહાં યે કહતે હૈં, નિશ્ચયસ્વભાવ ધ્યાનમેં એકાકાર નિર્વિકલ્પ અમૃતકા અનુભવ.. આહાહા! ઐસા જો તેરેસે ધ્યાન–મુક્તિકા કારણ ન હો સકે તો... વીતરાગમાર્ગમેં મુક્તિકે લિયે મોક્ષકા માર્ગ ઉત્કૃષ્ટ ચાહિયે વહ તો અભી હૈ નહીં. તો **નિર્મલબુદ્ધિવાલે ભવભયકા નાશ કરને**... દેખો! સમ્યગ્દર્શનસે ભવભયકા નાશ હોતા હૈ એમ કહતે હૈં. આહાહા! ક્યોંકિ ભગવાન આત્મા ઉસમેં ભવ ભી નહીં ઔર ભવકા ભાવ ભી નહીં. ઉસમેં કહાં હૈ? વહ તો પૂર્ણાનંદ પ્રભુ આત્મા હૈ. આહાહા! ખરેખર તો એક સમયકી નિર્મલ પર્યાય ભી ઉસમેં હૈ નહીં. ઐસા નિર્મળાનંદ ભગવાન ઉસકી શ્રદ્ધા વહ પર્યાય હૈ. પણ ઉસકી શ્રદ્ધાકા અર્થ ઐસા નહીં કિ આપણે (ઓઘે-ઓઘે) માનીએ. એમ નહીં. અંદર સ્વભાવકે આશ્રયસે પ્રતીત હોના અને રાગસે પૃથક્ હોકર, સ્વભાવસે અભેદ હોકર, અનુભવમેં ભાન–પ્રતીત હોના, ઉસકા નામ નિજાત્મકી શ્રદ્ધા અંગીકાર કરો ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા?

આવો માર્ગ છે ભાઈ! માર્ગને બીજી રીતે ન કરીશ, એમ કહે છે. તેરેસે ન હો સકે, મુનિપના ન હો સકે અથવા મુનિપનેકે યોગ્ય સ્થિરતા ભી ન હો સકે... સમજાણું કાંઈ? આવ્યું હતુંને ક્યાંક? નથી આવ્યું પદ્મનંદીમાં? ... પ્રભુ! તારી ભક્તિ અમને તારશે. આવે છે. પદ્મનંદીમાં આવે છે. પ્રભુ! આ કાળે આપ જે કહો છો મુનિપણું, ઐસા મુનિપના હમારે જૈસેકો કહાં હો? પદ્મનંદી મુનિ જૈસે (કહતે હૈં). મહાસંત દિગંબર મુનિ વનવાસી, આત્મધ્યાનમેં મસ્ત. વે ભી જરી અપની કમજોરીકે કારણસે એમ કહતે હૈં, અરે પ્રભુ! આપે જે માર્ગ કહ્યો મુનિનો, ઐસા હમારે જૈસા પ્રાણી ઇસ કાલમેં કૈસે કર સકતા હૈ? પણ, પ્રભુ! તેરી ભક્તિ હૈ હમેં. ભક્તિકા અર્થ યહ. સમજમેં આયા?

તેરી ભક્તિ નામ ભગવાન જિનરાજ આત્મા ઉસકી ... સહિત જો પ્રતીત ને અનુભવ હો યે ઉસકી ભક્તિ કહનેમેં આતી હૈ. સમજમેં આયા? પ્રભુ! એ ભક્તિ અમને તારશે. ભાઈ! એમ કહ્યું છે ત્યાં. અમને એ તારશે. આ કીધુંને. એ વળી જુદી વાત. આ તો કારણે અહીં તો. અમને, આવું આપે કહ્યું એટલું ચારિત્ર આ પંચમકાળમાં અમારા જેવા પ્રાણીથી નથી થતું. છે તો મુનિ છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનેવાલા. સમજાય છે કાંઈ? પણ વિશેષ ઉગ્રતા નથી. અમારા જેવા પ્રાણી, પ્રભુ! આપે કહેલો માર્ગ કેમ કરી શકે? પણ પ્રભુ! તારી ભક્તિ છેને અમને. પૂર્ણાનંદનો નાથ અમે છીએ શુદ્ધ અખંડ અભેદ આનંદકંદ, એનો અમને આશ્રય(રૂપ એવી) જે સમ્યગ્દર્શનની ભક્તિ થઈ છે એ અમને તારશે. અમારા જન્મમરણનો ઉદ્ધાર કરીને અમે કેવળજ્ઞાન લેશું. સમજાણું કાંઈ?

શ્રીમદ્દે કહ્યું, 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં..' લ્યો વળી એ આવ્યું એમાં. 'ગજા વગરનો હાલ મનોરથરૂપ જો..' હાલ તો મનોરથ છે. સમજાય છે? 'તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ...' પ્રભુની એવી આજ્ઞા છે કે જેણે આત્માનો આશ્રય લઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એને અલ્પકાળમાં ચારિત્ર ને મુક્તિ થશે. આહાહા! સમજાણું કાંઈ? એમ પ્રભુ આજ્ઞા હોં. 'પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.' આહાહા! 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એ દશા. પણ અમારે...... મનોરથ–વિકલ્પની પ્રાર્થના છે. બાકી સ્વરૂપનો આશ્રય છે એટલું સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્થિરતા એથી આગળ વધી શકીએ નહીં. સમજાણું કાંઈ? .. મનોરથ છે. નિશ્ચયથી, અમારા દ્રવ્યને આશ્રયે ભાન થયેલું એ ભાન વડે અમે નિશ્ચયથી મુક્તિને પામશું. **ભવભયકા નાશ કરનેવાલી ઐસી નિજાત્મશ્રદ્ધાકો અંગીકૃત કરતે હૈં**. અંગીકાર કરે છે અંદરમાં. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ એના પ્રકાશમાં પ્રવેશ કરે છે. સમજાણું કાંઈ? ચૈતન્યનો પ્રકાશ ધ્રુવ નિત્ય એમાં પ્રવેશ કરે છે. એવી શ્રદ્ધા તો અંગીકાર કરવી જોઈએ. કહો, સમજાણું કાંઈ? ૧૫૫ ગાથા.

**जिणकहियपरमसुत्ते...** કુંદકુંદાચાર્ય મહારાજની ગાથા છે. સંવત ૪૯માં ભગવાન સીમંધર પરમાત્મા પાસે ગયા હતાં. વહાંસે આકર યહ શાસ્ત્ર બનાયા. જાણે ધ્વનિ ઉઠી છે અંદરમાં, વિકલ્પ તો હૈ. શાસ્ત્રકી ગાથા બોલતે હૈં અંદરસે **जिणकहियपरमसुत्ते...** એ શબ્દની ધ્વનિ જ્યારે ઉઠતી હશે એ કાળે વિકલ્પ તો છે. સમજાણું કાંઈ? નહીં તો શબ્દો તો શબ્દોથી નીકળે છે, એ કાંઈ વિકલ્પથી નહીં. એ ધ્વનિ પરિણમી તો એને કારણે છે. અનાદિ ભાષા(વર્ગણા)નું પરિણમન થવાનો એક સમયનો કાળ ત્યાં એ પરમાણુનો હતો તેથી ભાષા પરિણમે છે. **जिणकहियपरमसुत्ते** શબ્દ આવ્યો એ વખતે એ જ પરિણમન એનું હતું. આહાહા! સમજાણું કાંઈ? અને અંદરમાં જ્ઞાનની ધારામાં પણ એ જ કહેવું હતું, એવું જ ત્યાં ક્ષયોપશમધારા જ્ઞાનમાં છે. આહાહા! જંગલમાં રહ્યા મુનિ કહે છે કે **जिणकहियपरमसुत्ते...** ભગવાને કહેલા પરમ શાસ્ત્રો.

**जिणकहियपरमसुत्ते पडिकमणादिय परीक्खऊण फुडं ।**
**मोणव्वएण जोई णियकज्जं साहए णिच्चं ॥ १५५॥**

જુઓ! આમ પરીક્ષા કરીને માનવું એમ કહે છે. પહેલું પરીક્ષા કરીને જાણવું એમ કહેશે.

**પૂરા પરખ પ્રતિક્રમણ આદિકકો પરમ-જિનસૂત્રમેં,**
**રે સાધિયે નિજ કાર્ય અવિરત સાધુ! રત વ્રત મૌનમેં. ૧૫૫.**

શબ્દાર્થ કરીએ, શબ્દાર્થ. પરીક્ષા આવી છેને જરી અંદર એટલે. **जिनकथित परमसूत्रे..** વીતરાગ પરમેશ્વરે કહેલા પરમ સિદ્ધાંતો–પરમ આગમ ઉસમેં **प्रतिक्रमणादिक स्फुटम् परीक्षयित्वा...** પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, ભક્તિ, આલોચના, પ્રાયશ્ચિત્ત, સમાધિ ને નિત્ય આવશ્યક વિગેરે. આ નિત્ય આવશ્યક... **સ્પષ્ટ પરીક્ષા કરકે... स्फुटम्** છેને. પરીક્ષા કરીને નક્કી કરવું. એમ ને એમ ઓઘે-ઓઘે નક્કી નહીં થઈ શકે, એમ કહે છે. સમજાય છે? ઓઘે સમજાય છે? સમજ્યા વિના એમને એમ માન્યું કે આ આત્મા છે, આ એમ છે. એમ નહીં. એની આવી ક્રિયા હોય ને. એની સ્ફુટ પરીક્ષા કરીને... આહાહા! લ્યો, અર્થમાં એ આવશે.

**સત્‌ક્રિયાકો જાનકર...** છેને ઓલો પરીક્ષાનો શબ્દ 'જાનકર' નાખ્યું. પાઠમાં આમ લીધું 'પરીક્ષા કરીને'. ટીકામાં લીધું 'સત્‌ક્રિયાકો જાનકર.' બીજી લીટી. આત્મામાં જે ત્રિકાળી જ્ઞાયક ને આનંદ સ્વભાવ, ઉસમેં અંતરમેં અંતર્મુખ એકાગ્રતાસે... આ કહેવાય.... પરસન્મુખથી ખસીને, સ્વસન્મુખમાં આવતા... 'ખસીને' કહેવું એ પણ નાસ્તિથી કથન છે. પણ આ બાજુ જ્યાં ધ્યાવે છે તે પરથી ખસી જાય છે. 'ખસી જાય છે' એમ કહેને? ખસી જાય એટલે હટ જાતા હૈ. સમજમેં આયા?

**પ્રતિક્રમણાદિક**... દેખો! જિતની નિર્મળ આનંદકી ક્રિયા... સામાયિક ભી, આત્માકે આનંદમેં લીનતા કરના, આનંદ પ્રગટ કરના વહ સામાયિક. પ્રતિક્રમણ ભી વહ કિ આત્માકે આનંદમેં લીનતા કરકે આનંદકા પ્રગટ કરના, પ્રત્યાખ્યાન ભી વહ કિ અંતર અપના વીતરાગ જિનવરસ્વરૂપ ઉસમેં લીનતા હોકર વીતરાગપર્યાય પ્રગટ (કરના). ઐસી જો ક્રિયા **સ્પષ્ટ પરીક્ષા કરકે**... આહાહા! જ્ઞાનમેં પ્રત્યક્ષપને પરીક્ષા કરકે, એમ કહતે હૈં. સમજમેં આયા? માર્ગ ભારે ભાઈ! જ્ઞાનમાં એનો ભાસ હોવો જોઈએ કે આ ક્રિયા આવી હોય. સમજાણું કાંઈ? અંતરમાં ભગવાન આત્મામાં આ બાજુની એકાગ્રતા આવી હોય એવું પહેલું જાણીને, એમ કહે છેને? એની પરીક્ષા–સ્પષ્ટ પરીક્ષા કરીને પછી **મૌનવ્રત સહિત**... પહેલું તો એનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ એમ કહે છે. પરીક્ષા કરવીનો અર્થ, એનું જ્ઞાન યથાર્થ. આ જાણીને કર્યુંને પછી.

ચૈતન્યપુંજ પ્રભુ આત્મા એમાં અંતરની લીનતા, એકાગ્રતા, વીતરાગતા, નિર્વિકલ્પ સ્વભાવ એવી જે પર્યાય–અવસ્થા આવી હોય, એ રાગ વિનાની હોય, વ્યવહાર વિનાની હોય, પરના આલંબન વિનાની હોય, નિજાલંબી એ ક્રિયા હોય, આહાહા! એવું પહેલું પરીક્ષા કરીને... સ્પષ્ટનો અર્થ કર્યોને પ્રત્યક્ષ એટલે જાણવું. મતિ-શ્રુતજ્ઞાનમાં એને બરાબર જાણવું જોઈશે. પછી **મૌનવ્રત સહિત યોગીકો**... ઓલું વચનમૌન આવ્યું હતુંને. વચનમૌન, પડિકમણું, સ્વાધ્યાય. એટલે આ મૌન આવ્યું આમાં. મુનિકો **નિજ કાર્ય**... આહાહા! આ નિજ કાર્ય. ઠીક! રાગના પરિણામ એ કાંઈ આત્માનું કાર્ય નહીં. આહાહા! આત્માકા કાર્ય તો નિર્મળ, નિર્દોષ, અરાગી–વીતરાગી નિર્વિકલ્પદશા યે આત્માકા નિજકાર્ય હૈ. સમજાણું કાંઈ?

ધર્માત્માકો નિજ કાર્ય... **નિત્ય** પાછું એમ શબ્દ છેને? દરેક ક્ષણે–સમયે દ્રવ્યના આશ્રયની આ ક્રિયા એને નિરંતર–અંતર પડ્યા વિના, વસ્તુના સ્વભાવનો આશ્રય નિરંતર સાધવો જોઈએ. આહાહા! સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ મોંઘું.... પછી માણસ એમ જ કહે સોનગઢવાળા... સોનગઢનું છે કે આત્માનું છે? આ સોનગઢવાળા એકલું નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય કરે. વ્યવહારનો લોપ કરી નાખે છે. એકાંત છે. અરે ભગવાન! સાંભળ તો ખરો પ્રભુ! જરી. એને ખબર નથી કે વ્યવહાર ક્યા હૈ. હૈ યે તો પ્રસિદ્ધ કિયા, પણ ઉસકા આશ્રય છોડકર સ્વભાવકે આશ્રયમેં પડતે હૈં ઔર ઉગ્ર પુરુષાર્થસે જબ ચારિત્ર પ્રાપ્ત કિયા તો ઉસને નિજ કાર્ય સાધા. આહાહા! સમજમેં આયા?

ઐસે કહતે હૈં, રાગ બીચમેં આતા હૈ વહ અપના નિજકાર્ય નહીં. હોતા હૈ વ્યવહાર... સમજમેં આયા? કહતે હૈં કિ ........... બરાબર છે. કહે છે કે વ્યવહાર નથી એમ નહીં. છે ખરો, ચોથું, પાંચમું ગુણસ્થાન, છટ્ઠે પર્યાય છે એ બધો વ્યવહાર છે. નિશ્ચય મોક્ષમાર્ગ એ વ્યવહાર છે. હૈ ન? આહાહા! સમજમેં આયા? ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ ઉસકે આશ્રયસે જો નિરાલંબી રાગ બિનાકી વીતરાગી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટ હો વહ ઉસકા વ્યવહાર હૈ, યે

આત્માકા વ્યવહાર હૈ, યે વ્યવહાર હૈ. આહાહા! ઐસા ક્યા સાધના? ઐસી નિર્વિકલ્પદશા સાધના, એમ કહતે હૈં. સમજમેં આયા? ગુણ-ગુણીકા ભેદ વિચાર કરના વહ ભી વિકલ્પ ને રાગ હૈ. દયા-દાન-વ્રત પરિણામ આવે વહ તો રાગ હૈ હી, પણ ગુણી યહ હૈ ને ગુણ યહ હૈ ઐસા રાગકા કણ બિના ઐસા ભેદ પડતા નહીં. સમજમેં આયા?

ચીજ તો અભેદ અખંડ હૈ, ઉસમેં 'યહ (ગુણ)' ઔર 'યહ (ગુણી)' ઐસા ભેદ કરતે હૈં તો રાગ હો ગયા. યે શુભ ભી છોડકર... આહાહા! અપને સ્વભાવકે આશ્રયસે કાર્ય કરના. ભારે કામ ભાઈ! સમજાય છે કાંઈ? **નિત્ય સાધના ચાહીયે,** એમ છેને? સાધકજીવકી દૃષ્ટિ દ્રવ્ય ઉપર કાયમ હૈ. નિર્વિકલ્પદૃષ્ટિ દ્રવ્ય ઉપર કાયમ હૈ, તો કાયમ દ્રવ્યકી સાધના ઉસકો પ્રગટ હોતી હૈ. વ્યવહાર બીચમેં આવે તો વિશ્રાંતિ લે, કાંઈક-કાંઈક વ્યવહારમાં આવે પછી અંદર જાય. આવે છે કે નહીં? પંચાસ્તિકાય. ..... આ કાર્ય કરતા કરતા આમ થાય... ગુણ ને ગુણી... આવે છે કે નહીં? એ બધા પાછળ છેને? પંચાસ્તિકાય હૈ ન, (ગાથા) ૧૭૨. આહાહા! **અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પરાશ્રિત જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે**... 'સુખે' એટલે? એમાં હઠ નથીને. હઠ નથી, સહેજે ત્યાં એવો વિકલ્પ હોય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ?

પાઠ આ અમૃતચંદ્રાચાર્યનો છે લ્યો. આ અમૃતચંદ્રાચાર્ય ને આ પદ્મપ્રભમલધારિદેવ. બપોરે સમયસારની ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. છે કે નહીં? **અનાદિકાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે**... કાલ કહ્યું હતુંને ઓલું અનાદિકાળનું. દ્રવ્ય-ગુણ .... અનાદિનો છે. એ અનાદિની પર્યાય પડી છેને..... ભલે ભેદ પડ્યો છે, પણ રહી છે એ તો અનાદિની છે એમ કહે છે. વીતરાગ થઈ ગયો, પણ રાગ આવ્યો છે એમ છે? મુનિને પણ હજી અનાદિનો રાગ છે એને. આહાહા! સમજાણુ? **ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પરાશ્રિત જીવો વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...** લ્યો ઠીક! આહાહા! એમ જ આવે, ભાષા શું કરે? ........સાધ્યસાધનભાવ. કઈ અપેક્ષા છે ભાઈ? એમ કહે છે કે જ્યાં આગળ સ્વરૂપની સ્થિરતાનો નિશ્ચય પરિણતિ–ભાવ નથી, ત્યાં આગળ એને સાધ્ય તો નિશ્ચય છે, પણ એને આવો વિકલ્પ વચમાં હોય છે એને સાધન તરીકે આરોપ કરીને કથન કર્યું છે. એ સાધન નથી તેને સાધન કહેવું તેનું નામ વ્યવહાર.

પહેલો તો..... અંદર ઠરી શકે નહીં એટલે વ્યવહારનો થોડો આશ્રય લઈ લે. પછી થોડી શાંતિ વધે પછી અંદર જાય.—એમ નથી. વ્યવહારને આશ્રયે શાંતિ વધતી હશે? આ તો એકદમ ઉગ્રપણે પુરુષાર્થની સ્થિરતા અંદર નથી–નહીં હૈ, તો વ્યવહાર વિકલ્પ હૈ ઉસે સાધન આરોપસે કહા. સાધન દો નહીં, સાધનકા કથન દો હૈ. સાધન એક હી હૈ. સમજમેં આયા?

શુદ્ધ આનંદકંદકા સ્વભાવકા અંતર સાધન કરના વહ સાધન હૈ. વિકલ્પ સાધન હૈ નહીં. નિરુપણ–કથન દો સાધનકા આતા હૈ. આહાહા! કહો, સમજાણું?

**ટીકા : યહાં સાક્ષાત્ અન્તર્મુખ પરમજિનયોગીકો યહ શિક્ષા દી ગઈ હૈ.** લ્યો, ઠીક! **સાક્ષાત્ અંતર્મુખ**... અંતરમાં સાક્ષાત્ અંતર્મુખ થયો છે મુનિ, એમ કહે છે. **પરમ જિનયોગી**... છેને, એ તો છઠ્ઠે પરમજિનયોગી છે. પરમજિનયોગી (અર્થાત્) પરમ વીતરાગી યોગી, અંતર ભગવાન આત્મામાં યોગ–જોડાણ કરનાર. ઉસકો યહ શિક્ષા દી હૈ. એને પણ આ સમજાવ્યું છે, એમ કહે છે. એને કહે છે કે તારું આવું હોવું જોઈએ. તેરા ઐસા હોના ચાહિયે, એમ કહે છે.

**શ્રીમદ્ અર્હત્ કે મુખારવિન્દસે નિકલે હુએ...** દેખો! શ્રીમદ્–સ્વરૂપલક્ષ્મીવંત અર્હત્... જિસકો કોઈ... અર્હત્ છે ને? બાકી નહીં. પૂર્ણ પૂજ્ય ઔર કોઈ રહસ્ય જાનનેકા બાકી નહીં. **મુખારવિંદસે નિકલે**... ભગવાનકે મુખારવિંદસે, ભાષા ઐસી હૈ દેખો! મુખરૂપી અરવિંદસે નિકલે હુએ... ભગવાનકી વાણી ઐસે હોતી નહીં. વહ તો પૂરે પ્રદેશસે નિકલતી હૈ. કહો! ભાષા ઐસી હૈ. લોગ ઐસે જાનતે હૈ કિ નહીં કિ મુખસે બોલા જાતા હૈ? તો ઐસી ભાષા કરકે શબ્દ આયા હૈ. **મુખારવિંદસે**... મુખસે નિકલતી હૈ ભાષા ભગવાનકો? ઐસા હૈ હી નહીં. પણ મુખ ભાષાકા મુખ્ય સ્થાન હૈ લોગોંકા, તો ઐસે મુખ્ય કરકે કહા. પૂરે આત્મામેંસે આવાજ નિકલતી હૈ. સમજમેં આયા? આહાહા!

.........તકરાર કરે. પંચાસ્તિકાયમાં એમ લીધું 'સર્વજ્ઞના મુખથી નીકળેલી વાણી'. .... એનો અર્થ છે કે પૂરે આત્મામેંસે–(સર્વ પ્રદેશેથી) ઓમ ધ્વનિ વિકલ્પ બિના પૂર્વકે પ્રારબ્ધકે કારણસે ઐસી આવાજ–ધ્વનિ નિકલતી હૈ. ઉસકો યહાં 'મુખારવિંદસે નિકલે હુએ' ઐસા કહા હૈ. **સમસ્ત પદાર્થ જિસકે ભીતર સમાયે હૈં...** જો વાણીકે ગર્ભમેં સબ પદાર્થ આ જાતે હૈં. સર્વજ્ઞકી વાણીમેં સબ પદાર્થ આ જાતે હૈં. **જિસકે ભીતર સમાયે હુએ હૈં ઐસી** વાણી– **ચતુરશબ્દરચનારૂપ...** અદભૂત શબ્દની રચના. 'શબ્દની રચના' અર્થ એમ છે હોં. **ચતુરશબ્દરચનારૂપ...** શબ્દથી શબ્દ રચાયેલા છે. આહાહા!

**દ્રવ્યશ્રુતમેં...** ભગવાનને કહી વાણી વહ દ્રવ્યશ્રુત હૈ. ઉસમેં **શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાકો જાનકર...** લ્યો. શાસ્ત્રમેં ઐસા કહા હૈ કિ શુદ્ધ નિશ્ચયસ્વરૂપ પરમધ્યાનસ્વરૂપ પરમાત્માકા ધ્યાન. યે પરમાત્મા અપના. સમજમેં આયા? ઉસમેં ધ્યાન તો પ્રતિક્રમણ આદિ સત્ક્રિયા. પરમાત્મ(રૂપ) અપને સ્વરૂપમેં ધ્યાનકી જો ક્રિયા હોતી હૈ ઉસકો પહલે જાનકર... પહલે ઉસકો જાનના–યથાર્થ જ્ઞાન (કરના). જુઓ! સત્ક્રિયા હૈ પર્યાય. ઉસકો જાનકર... એ દેવાનુપ્રિયા! ચેતનજી! પર્યાય ક્યા હૈ, કૈસી હોતી હૈ... ધ્યાન તો કરના હૈ કિ નહીં? આશ્રયલાયક નહીં. સમજમેં આયા? જાનકર પીછે અપના કાર્ય કરના અંદરમેં. વિશેષ કહેશે. (પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ ૧, ગુરુવાર, તા. ૧૮-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૫૫, શ્લોક - ૨૬૫-૨૬૬, પ્રવચન નં. ૧૮૦**

નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. નિયમસારનો અર્થ જ એ છે કે **नियमेण य जं कज्जं..** એમ ત્રીજી ગાથામાં આવ્યું છે. કે આત્મામાં નિયમથી શુદ્ધપર્યાય... મોક્ષમાર્ગ પર્યાયનો ગ્રંથ છેને આ? જીવની અસ્તિ પ્રગટ થાય એ જુદી વાત છે. શુદ્ધતાની પર્યાયને, રાગરહિત નિર્દોષ દશાને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણતિનું કાર્ય સાધવું—એ પહેલેથી વાત છે અને આમાં પણ એ આવે છે.

**ટીકા : અહીં, સાક્ષાત્ અન્તર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે. શ્રીમદ્ અર્હત્ના મુખારવિન્દથી નીકળેલ...** શ્રીમદ્ (એટલે) સ્વરૂપની લક્ષ્મીવાળા કેવળજ્ઞાની પરમાત્મા અર્હત્ના... જેને કંઈ બાકી નથી અને જે પૂજવાલાયક છે એના મુખ-અરવિંદમાંથી નીકળેલ... મુખરૂપી કમળમાંથી વાણી નીકળી. (નીકળે છે) બધા (પ્રદેશે)થી, પણ બાહ્યમાં એમ ભાષા આવેને કે આ મુખેથી બોલે છે, તેથી એમ કહેવામાં આવે છે. બાકી તો આખા આત્માના પ્રદેશે ભગવાનને તો ઓમ ધ્વનિ છૂટે છે. એને અહીંયા 'મુખારવિંદથી નીકળી' એમ કહેવામાં આવે છે.

**સમસ્ત પદાર્થ જેમાં સમાયેલ છે...** કહે છે કે દ્રવ્યશ્રુત એવું છે ભગવાનનું કહેલું (એટલે) તીર્થંકરદેવના મુખથી નીકળેલું દ્રવ્યશ્રુત કે જેમાં, સમસ્ત–બધા પદાર્થો જેની અંદર ગર્ભમાં અંદર પડ્યા છે. વાણીમાં બધું સ્વરૂપ જગતનું–લોકાલોકનું, આત્માનું બધું આમાં ભરેલું છે. વાણીમાં સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે **એવી ચતુરશબ્દરચનારૂપ...** વીતરાગની વાણી... સર્વજ્ઞ પરમાત્મા એની જે ચતુરશબ્દરચનારૂપ ગણધરોએ રચી. ભગવાનના મુખમાં સૂત્રરૂપે આવ્યું, ગણધરોએ અર્થરૂપે રચના કરી. ગણધરોએ સૂત્રરૂપે રચના કરી, ભગવાનને અર્થરૂપે આવ્યું એમ છે. સમજાણું કાંઈ? ભાષા તો એમ છે, **શબ્દરચનારૂપ દ્રવ્યશ્રુત** દેખો! એને **વિષે**... એને વિષે જે કહ્યું છે તે જાણ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**શુદ્ધનિશ્ચયનયાત્મક પરમાત્મધ્યાનસ્વરૂપ...** એમાં–દ્રવ્યશ્રુતમાં વીતરાગે અને વીતરાગની વાણીમાં જે કહ્યું એને વિષે શુદ્ધનિશ્ચયસ્વરૂપ **પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને...** પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, સમાધિ, ભક્તિ વિગેરે એવું જે પરમાત્મધ્યાન સ્વરૂપ... શુદ્ધ પૂર્ણાનંદનું અંદર ધ્યાન એ સ્વરૂપ આ પ્રતિક્રમણાદિની ક્રિયા છે. એવી પ્રતિક્રમણ આદિ સત્ક્રિયા એટલે શુદ્ધ પરિણતિ, વીતરાગીદશા, એને જાણીને... એમ છેને? પાઠમાં તો એમ છે કે 'પરીક્ષા કરીને.' એનો અર્થ 'જાણીને' કહ્યું. પરીક્ષાનો અર્થ એ છે. **परीक्खऊण** એનો અર્થ છે. **परीक्खऊण**—પરીક્ષા કરીને. પરીક્ષા કરીને એટલે જાણવું, એમ.

ભગવાનની વાણીમાં સત્‌ક્રિયા કોને કહેવામાં આવી છે એને બરાબર જાણવું જોઈએ. સત્‌ક્રિયા કહો કે મોક્ષનો માર્ગ કહો કે પરમ-આત્મા એનું ધ્યાનસ્વરૂપ કહો. સમજાણું કાંઈ?

એ વીતરાગની વાણીમાં જ આવું આવે છે, એમ કહે છે. એ સિવાય અજ્ઞાનીઓએ કલ્પનાથી વાત કરી હોય એમાં આ ચીજ હોતી નથી, એમ કહે છે. **સત્‌ક્રિયાને જાણીને**... સત્‌ક્રિયા શબ્દે શુદ્ધ પરિણતિ કેવી હોય એને જાણીને, એમ કહે છે. એ પ્રગટે ભલે દ્રવ્યને આશ્રયે.. સમજાય છે કાંઈ? પણ એ પરિણતિ કેવી છે? ચેતનજી! અહીં તો 'પરિણતિને જાણીને' એમ કહ્યું, 'પર્યાયને જાણીને' એમ કહ્યું. પાઠમાં જ એમ છેને, જુઓને! કુંદકુંદાચાર્યનો મૂળ એમનો પોતાનો પાઠ છે. **पडिकमणादिय परीक्खऊण फुडं**... પ્રતિક્રમણ આદિ (અર્થાત્‌) પોતાનો પરમાત્મા સ્વભાવ એનું જે ધ્યાન થવું.. એનું જે ધ્યાન કરવું એ પર્યાય છે. પરમાત્મા પોતે ત્રિકાળીસ્વરૂપ એનું ધ્યાન એ પર્યાય છે. સમજાણું કાંઈ? એ ધ્યાનસ્વરૂપ સત્‌ક્રિયા.. પ્રતિક્રમણાદિ તો એનું નામ છે. સમજાણું કાંઈ? એ નિર્વિકલ્પધ્યાનની જે દશા, એવી જે સાચી સ્વરૂપની પરિણતિરૂપ ક્રિયા એને પરીક્ષા કરીને જાણવું, કે કેમ છે આ પરિણતિ? કેવી હોય?

પછી **કેવળ સ્વકાર્યમાં પરાયણ**... આહા! પોતાનું જે કાર્ય છે, આ ધ્યાનસ્વરૂપ મોક્ષનો માર્ગ એવું જે સ્વકાર્ય... **કેવળ સ્વકાર્યમાં પરાયણ**... જેને વિકલ્પથી પરનું કરું, આમ કરાય ને થાય એ પણ વિકલ્પ જ્યાં નથી. એકલું આત્માનું કાર્ય છે. કાર્ય શબ્દ પર્યાય છે. સમજાણું કાંઈ? આ છે કે નહીં? શબ્દેશબ્દ એ છે. પર્યાય એ કાર્ય છે, દ્રવ્ય એનું કારણ છે. અહીં તો **કાર્યમાં પરાયણ** એમ શબ્દ વાપર્યો, મારું એ કહેવું છે. વસ્તુસ્થિતિ છે એમ એને જાણવી જોઈએને! એમને એમ કલ્પનાથી કરવા માંગે તો કાંઈ હાથ નહીં આવે.

શ્રોતા : ધ્રુવને પકડે પછી ક્યાં વાંધો આવે?

પૂજ્ય ગુરુદેવશ્રી : સમજ્યા વિના ધ્રુવ ક્યાંથી પકડે? જેવું સ્વરૂપ છે એવું જાણ્યા વિના ધ્રુવ પકડે ક્યાંથી? માને ભલે. સમજાણું કાંઈ? આવી તો આ ગાથા આવી આ.

**કેવળ સ્વકાર્યમાં પરાયણ** એમ ભાષા છેને? ટીકા છેને, સંસ્કૃત છેને. ઓલા કેવા? પદ્મપ્રભમલધારિદેવ. **केवलं स्वकार्यपरः** પાઠ છેને સંસ્કૃતમાં? કેવળ પોતાની શુદ્ધકાર્યરૂપ પર્યાય એમાં જે તત્પર છે. અહીં તો, કાર્યમાં–પર્યાયમાં તત્પર છે એમ કહે છે. પોતાનું કામ.... માણસ એમ કહે છેને, સહુના કામમાં સહુ તત્પર રહો. આ આત્માનું કાર્ય, શુદ્ધ વીતરાગપર્યાય અથવા નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માનું કાર્ય. સમજાણું કાંઈ? એમાં પરાયણ... **परः** છેને? **कार्यपरः** સંસ્કૃતમાં. ગજબ ટીકા છે! આ તો વસ્તુએ એની ટીકા અલૌકિક વસ્તુ છે આ! એકલો નિયમસાર છેને આ તો! નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ તો પર્યાય છે. વ્યવહારમોક્ષમાર્ગની વાત અહીં નથી. નિશ્ચયમોક્ષમાર્ગ એ પણ પર્યાય છે, ગુણ-દ્રવ્ય નથી.

એવો **સ્વકાર્યમાં પરાયણ પરમજિનયોગીશ્વરને...** સ્વકાર્યમાં પરાયણ એવો પરમ યોગી–મુનિ... ઉત્કૃષ્ટ વાત લીધી છેને!

**પ્રશસ્ત–અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને...** ભાષા 'વચનને ત્યાગીને' છે, પણ 'ઓલો વિકલ્પને ત્યાગીને' એમ અર્થ છે. એનો અર્થ આવી ગયો ભેગો. પ્રશસ્ત નામ શુભ, અપ્રશસ્ત નામ અશુભ—એવી સમસ્ત રચનાને પરિત્યાગીને **સર્વ સંગની આસક્તિને છોડીને...** લ્યો, મુનિની ઉત્કૃષ્ટ (વાત છે). આત્મધ્યાનમાં રહેવું છે, પરમાત્મ ધ્યાનસ્વરૂપ ક્રિયામાં રહેવું છેને. આહા! **સર્વ સંગની આસક્તિને**... 'મારા છે' એ તો છોડ્યું છે સમ્યગ્દર્શનમાં, પણ એની આસક્તિ જે છે, આમ વિકલ્પ ઉઠે કે આમ છે, આમ છે... અસ્થિરતાની આસક્તની વાત છેને. એવા **સર્વ સંગની આસક્તિને છોડી એકલો થઈને...** એકલો પરમાત્મા પોતે સ્વભાવ એમ અંદર એકલો થઈને... **મૌનવ્રત સહિત...** ભાષા તો સમજાવે શું? ઓલા 'વચનરચનાને ત્યાગીને' એમાં આવી ગયું, મૌનવ્રત થઈ ગયું. ઓલું '**ત્યાગીને**' હતું, આ '**સહિત**' છે એમ છે.

**સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં**... ..... કોઈના કાંઈ કરવા નહીં ને આ મૂઢ થઈને બળ્યા અંદરમાં. પોતાનું કાર્ય પોતાનું.... પોતાનું તો કૂતરા પણ ભરે પેટ, એમ એક જણ કહેતો હતો. ...ખતરગચ્છ. નામ કાંઈક હતું. ....... ત્યાં ગયા હતા. પોતાનું કાર્ય તો કૂતરા પણ કરે, પેટ ભરે. અરે ભાઈ! શું કહે છો આ? એમ કે પરનું કરવું એ જગતમાં વિશેષતા ને મોટપ છે. અરે ભગવાન! શું કહો છો? સાધુનો વેશ. ખરતરગચ્છનો હતો. આવ્યા હતા.... આહાહા! અહીં તો સંતોની મુખ્ય વાત નિશ્ચય મોક્ષમાર્ગની છેને? અને નિશ્ચય મોક્ષમાર્ગ તો નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની એકતારૂપે મોક્ષમાર્ગ છે. એ તો મુનિને જ હોય છે. સમજાય છે કાંઈ? પેટાના અંશે ચોથે ને પાંચમે પણ હોય છે. સમજાય છે કાંઈ?

નિશ્ચય આવશ્યક ચોથે ને પાંચમે પણ હોય છે. નિશ્ચય આવશ્યક એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સ્વરૂપની સ્થિરતાનો અંશ, એ તો ચોથે ગુણસ્થાન પણ હોય છે. એ નિશ્ચય આવશ્યક ક્રિયા–પરિણતિ. આનંદની વેદનદશા એમાં પ્રતીતિ, જ્ઞાન ને રમણતાનો અંશ જે છે એ સ્વદ્રવ્યના આશ્રયથી (થતી) નિશ્ચય ક્રિયા (એને) ચોથે ગુણસ્થાને પણ આવશ્યક એટલું કહેવામાં આવે છે. એની સાથે વિકલ્પ હોય છે. પૂર્ણ નથી એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ (હોય છે). આને ચોથે તો ભક્તિ આદિનો વિકલ્પ હોય છે. પાંચમે એથી આગળ વધીને શાંતિ વધારે વધી છે, આત્માને આશ્રયે ઉગ્રપણે અવલંબન લઈ બીજા કષાયનો નાશ થયો છે, તેથી એટલો અકષાયભાવ પાંચમે ગુણસ્થાને સ્વરૂપની સ્થિરતા વધી છે, એ એનું નિશ્ચય

આવશ્યક છે. વ્યવહારના બાર વ્રતાદિના વિકલ્પો હોય છે એને. સમજાણું કાંઈ? એને પરમાત્માની ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા—એ બધા વિકલ્પો વ્યવહાર હોય છે.

નિશ્ચય ને વ્યવહાર બે આવશ્યક ગણ્યા છેને ૧૪૯માં. ૧૪૯ ગાથામાં આવી ગયું છે. અહીં મુનિની ઉત્કૃષ્ટ વાત છે. મુનિ તો **મૌનવ્રત સહિત, સમસ્ત પશુજનો**... જેને તત્ત્વનું શું સ્વરૂપ છે અને તત્ત્વનું કેમ સાધન થઈ શકે—એની જેને ખબર નથી. એ જીવો તો એમ નિંદા જ કરે. લ્યો, આત્મા.. આત્મા.. આત્મા.. આખો દિ' આત્મા. પંડિતજી! પરનું કરવું કાંઈ? કહે છે કે **પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) વડે નિંદવામાં આવતો હોવા છતાં અભિન્ન રહીને** (એટલે) **છિન્નભિન્ન થયા વગરનો, અખંડિત, અચ્યુત**... દ્રવ્યસ્વભાવની એકતામાં ખંડ ન પડવા દે. એવા નિંદા કરનાર (હોવા છતાં), એમ કહે છે. ... જોઈએ, કરો, વ્યવહાર કરો, આમ કરો, વ્યવહાર કર્યા વિના તમારી મોટપ વધશે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**અભિન્ન રહીને નિજકાર્યને**... પોતાનું કાર્ય જે પરમાત્મધ્યાન અથવા પ્રતિક્રમણાદિની સત્ક્રિયા (એવા) એના નિજકાર્યને સાધે, એમ કહે છે. પોતાનું કાર્ય સાધે. સધાય દ્રવ્યને આશ્રયે. સમજાણું કાંઈ? પણ કાર્ય સાધે, એમ સિદ્ધ કરવું છેને અહીં તો. કાર્ય તો પર્યાયમાં થાય છેને? સમજાણું કાંઈ? હું ધ્રુવ છું, અભેદ છું, અખંડ છું, નિષ્ક્રિય છું—એ તો બધી પર્યાયમાં થાય છે વાતું. કંઈ દ્રવ્યમાં એ હોતું નથી. એ તો પર્યાયમાં એ બધા સ્વાદો આવે છે અથવા જ્ઞાન થાય છે, દ્રવ્યમાં તો છે નહીં. સમજાણું કાંઈ? અમે તો પરમપારિણામિક સ્વભાવ છીએ. એ કોણ જાણે છે? પર્યાય. પર્યાયમાં જાણવું હોય છે, દ્રવ્યમાં જાણવું હોતું નથી. સમજાણું કાંઈ? એમ કે અમે તો અખંડ, અભેદ દ્રવ્ય છીએ. પણ એ જાણ્યું કોણે? દ્રવ્ય કહે છે એમ? એ તો પર્યાયમાં એ ભાવ થાય છે. એ ચેતનજી! દ્રવ્ય તો ધ્રુવ છે. અમે આવા છીએ, આવા છીએ—એમ ધ્રુવમાં છે જ ક્યાં? સમજાણું કાંઈ?

શ્રોતા : એ વિકલ્પ જ નથી

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વિકલ્પ નહીં એમ નહીં. એ અહીં વાત નથી. હજી પકડતા વાર લાગે. એકદમ ચોખ્ખું નથીને. પકડતા વાર લાગે. એની અહીં વાતેય નથી. વિકલ્પ છે... અહીંયા તો, હું દ્રવ્ય છું, અભેદ છું, અખંડ છું, હું રાગ વિનાની ક્રિયા વિનાનો છું—એ બધું થાય છે શેમાં? પર્યાયમાં. ધ્રુવમાં શું થાય? આહાહા! વાતની ખબર ન મળે મૂળ એટલે આ... આ તો અલૌકિક માર્ગ છે ભાઈ! સમજાણું કાંઈ? અલૌકિક એટલે સાધારણ લૌકિકથી તો પકડાય એવો નથી. સમજાણું કાંઈ? આહાહા! 'પર્યાય' આવે છેને (નિહાલ)ભાઈમાં. 'પર્યાય મારું ધ્યાન કરે (તો કરો), હું કોનું ચિંતવન કરું?' જાણે છે કોણ? પર્યાય. 'પર્યાય મારું ધ્યાન કરે' પણ એ જાણે છે કોણ? અવાજ ઉઠે છે શેમાં? એ પર્યાયમાં. ધ્રુવમાં ક્યાં હતું? મારું ધ્યાન...

શ્રોતા : એનો અર્થ તો આપ સમજાવો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ કહીએ છીએને. વાત તો આવે છે. એય! અર્થ કરવામાં ફેર છે. 'પર્યાય મારું ધ્યાન કરે (તો કરો), હું કોનું કરું?' એ કોણ જાણે છે? શેમાં એ ભાવ આવે છે? એ પર્યાયમાં. સ્વસન્મુખની પર્યાયનું પણ આવે છે, એમ. પર્યાય એમ કહે છે કે હું અખંડ, અભેદ છું. પર્યાય એમ કહે છે. ધ્રુવમાં ક્યાં અખંડ અભેદ છું એમ છે? એ તો છે. આહાહા! સમજાણું કાંઈ? એ બાબુભાઈ! ઝીણી વાતું છે. પોતાની કલ્પનાથી વાંચે ને પછી ... અર્થ. ઊંધા બેસે.

શ્રોતા : ક્ષાયિક સમગ્દર્શનમાં જવાને માટે નજીકમાં આવી ગયું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : શું? પણ ધ્યાન એટલે શું? ધ્યાન એટલે શું? ધ્યાન તો પર્યાય છે.

શ્રોતા : શાસ્ત્રો વાંચવા, વિચારવા એ કરતાં એ નજીકમાં છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નજીકના વિકલ્પ છે એ માટે નજીકનો ઉપાય છે એમ નથી. એના વિકલ્પો આવે કે આવો (આત્મા), આવો (આત્મા), આવો (આત્મા). એ તો પુણ્યબંધનું કારણ છે. એ સાધન નથી. ભારે કામ ભાઈ! સમજાણું? આ આવો છે, આ આવો છે, આ આવો છે— એ બધું થાય છે વિકલ્પમાં. આહીં તો બીજી વાત છે. પર્યાય એમ કહે, નિર્મળ પર્યાય જાણે હોં. નિર્મળ. વિકલ્પ નહીં. 'હું તો અભેદ, અખંડ એ હું' (એમ) જાણે છે એ તો પર્યાયમાં આવે છે. દ્રવ્યમાં ક્યાં આવતી હતી એ વસ્તુ? આહાહા!

શ્રોતા : એ પર્યાય પોતે પોતાનો વિચાર કરે છે કે આ હું ધ્રુવ છું.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ પર્યાય પોતે એમ કહે છે કે હું છું, આ છું, આ છું, એ પર્યાયમાં થાય છે એમ કહે છે. દ્રવ્યમાં થતું નથી. અહીં નિજકાર્યની વાતું કરવી છેને. બીજે વળી કેમ નથી...? બીજે મૂકતા હોય એ મૂકે. એની જે છે એ છેને. આ છું, દ્રવ્ય છું, આવો છું, આવો છું— એ શેમાં જણાય છે? જાણનારી તો પર્યાય છે, કાર્ય તો ત્યાં થાય છે. સમજાણું કાંઈ? દ્રવ્યમાં એમ છે કે હું દ્રવ્ય છું, ધ્રુવ છું, અભેદ છું, અખંડ છું? દ્રવ્યમાં છે? ઝીણી વાતું છે આ. આહાહા!

પોતાની મેળાએ કલ્પનાથી અર્થો કરે અને માને (તો) કંઈકનું કાંઈક થઈ જશે. ઊંધે રસ્તે ચાલ્યા જશે. સમજાણું કાંઈ? દ્રવ્યની પ્રધાનતાથી જ્યારે ભાવ આવે, પણ એ ભાવ આવે છે શેમાં? પર્યાયમાં. દ્રવ્યમાં ક્યાં છે? પરિણમવું, બદલવું કે આલોચવું એવું પર્યાયમાં છે. દ્રવ્યમાં ક્યાં છે? આહાહા! એ ચેતનજી! તમારી વાત આવી હતી કાલ બહુ. બાબુભાઈ બેઠા હતા. રામજીભાઈએ કાઢી હતી. એ રાતે તમને સંભાર્યા હતા. તમે નહોતા.

શ્રોતા : એ પરિણમવું બોલ્યા હતા બીજા અર્થમાં......

પૂજ્ય ગુરૂદેવશ્રી : પરિણમવું એટલે પર્યાયનો ... કહેવાય એને તો. આહાહા! એય!

પર્યાયની એકતા છોડવી છે એ પણ પર્યાયમાં જણાય છે કે બીજે જણાય છે? પર્યાય અને દ્રવ્યની એકતા માની છે આમ અનાદિથી, પણ એ એકતા માની છે એ પર્યાયમાં અને એકતા તોડવી છે એ પણ પર્યાયમાં. સમજાણું કાંઈ? દ્રવ્યમાં એકતા તોડવાનું છે? ઝીણી વાત છે ભાઈ! મૂળ માર્ગને પકડવો (કઠણ). તેથી આહીં કહ્યું છેને, અર્હતના મુખારવિંદથી નીકળેલ પદાર્થ જેમાં ભર્યા છે એવી જિનવાણી. એ જિનવાણીમાં આ કહેલું છે. સમજાણું કાંઈ? **નિજકાર્ય...** ગમે તે રીતે અભેદની ધ્રુવની વાતું આવે, પર્યાય ને દ્રવ્ય જુદા છે એમ આવે. ભાઈ! પર્યાય ને દ્રવ્ય જુદા, પણ આવે શેમાં? હીરાલાલજી! સમજાણું કાંઈ? એ માટે કહે છે કે **અભિન્ન રહીને નિજકાર્ય સાધવું**. અભિન્નનો અર્થ? લોકમાં નિંદા કરે કે આ કરે, તેથી એના વિકલ્પમાં ન આવવું. એ તો પહેલું આવી ગયું છે. સમજાણું કાંઈ?

**લોકસમૂહને તૃણ સમાન દેખે છે**. જેને ખબર નથી તત્ત્વની, એ લોકો ગમે તે રીતે કહે, એમાં એનું શું? સમજાણું કાંઈ? મોટો વાછરડો હોય મોટો લ્યો, પણ આમ દેખે તો ભય નહીં થાય. એને ખ્યાલમાં છે કે વાછરડાને આવી ક્રૂરતા ન હોય. જ્ઞાન છેને એને. અને સિંહનું બચ્ચું દેખે તો ખ્યાલમાં આવી જાય કે આ ક્રૂર છે. એ જ્ઞાન કર્યું. જ્ઞાનમાં આવ્યુંને કે આ ક્રૂર છે ને આ ક્રૂર નથી. સમજાણું કાંઈ? એનો ખ્યાલ આવી ગયો કે આનો સ્વભાવ આવો છે એટલે પછી એનાથી ડરવું-ન ડરવું એ રહેતું નથી. સિંહનું જ્ઞાન થયું કે આ સિંહ છે. એનું બચ્ચું એની માથી ડરશે? એના ખ્યાલમાં છે કે આ તો મારી મા છે.

એમ જેને યથાર્થ જ્ઞાન થયું, એ યથાર્થ જ્ઞાન થાય છે પર્યાયમાં. અખંડ અભેદ ચીજ છું, આ દ્રવ્ય છું, શુદ્ધ છું, પરમપારિણામિકભાવ નિષ્ક્રિય છું. નિષ્ક્રિય શબ્દે જેમાં રાગની ક્રિયા નથી. અને ખરેખર તો પરિણમનની ક્રિયા પણ જેમાં નથી. એ આમાં નથી એ નિર્ણય–જ્ઞાન પર્યાયમાં થાય કે દ્રવ્યમાં? પરિણમને નક્કી કર્યું એ તો. અપરિણામી શું કરે? અપરિણામી તો એકરૂપ વસ્તુ પડી છે. સમજાણું કાંઈ? અગમ્ય માર્ગ છે ભાઈ! આ વીતરાગ પરમાત્મા એનો માર્ગ છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે વસ્તુની સ્થિતિમાં નિજકાર્યને સાધવું. એમાં લોકો ગમે તે રીતે બોલતા હો, એની દરકાર ન કરવું. એની દરકાર કરીને એમ ન આવવું કે આ બધા લોકો આમ કહે છે તો કાંઈક વ્યવહારના કાર્ય કરીએ તો એમાંથી ઠીક થાય. એમ અભિન્ન જે ક્રિયા છે (એમાં) ખંડ પડવા દઈશ નહીં. છે તો અભિન્ન ક્રિયા એ પર્યાય. સમજાણું કાંઈ?

**નિજકાર્યને–કે...** હવે પાછું એ કાર્ય કેવું છે? **કે જે નિજકાર્ય**–પોતાનું કાર્ય... પર્યાયનું કાર્ય કે જે મોક્ષરૂપી કાર્યનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? મોક્ષ એ પર્યાય છે, મોક્ષ કાંઈ દ્રવ્ય-ગુણ નથી. સિદ્ધ એ પર્યાય છે. કહે છે કે પણ સિદ્ધની પર્યાયના કાર્યને સાધવા આ કાર્ય સાધ. દ્રવ્યને આશ્રયે અભેદ દૃષ્ટિ, અભેદ જ્ઞાન, એની સ્થિરતા એવું જે નિજકાર્ય **નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે.** આવું જે નિજકાર્ય એ મોક્ષરૂપી સુલોચના–સ્ત્રી–પરિણતિ

એની અનુભવદશાનું સુખનું મૂળ છે. અતીન્દ્રિય આનંદ એવી મુક્ત દશા, અતીન્દ્રિય આનંદ એવી સિદ્ધદશા, એ પણ એ દશા છે, પર્યાય છે. એ દશાનું મૂળ નિજ કાર્ય છે. વ્યવહાર વિકલ્પાદિ વચમાં હોય ખરો, (પણ) કાર્યનું એ કારણ નથી. સમજાણું કાંઈ?

**નિજકાર્યને—કે જે નિજકાર્ય**... એમ છેને? મોક્ષરૂપી સુલોચના... અનંત જ્ઞાન-દર્શનની આંખ્યું જેને છે.. આહાહા! એની સાથે એકાગ્રતા એનું સુખ એનું મૂળ. એના સુખનું આ મૂળ છે. શુદ્ધ પરિણતિનું કાર્ય એ પૂર્ણ મુક્તિનું કારણ છે. કારણ, અહીં પર્યાયને કારણ કીધું છે. સમજાણું કાંઈ? પર્યાયનું, પાછું પર્યાયનું કારણ તો દ્રવ્ય છે. પણ આ પર્યાય એનું કારણ– મોક્ષનું કારણ. એક બીજી રીતે... જ્યારે જે પર્યાયને સિદ્ધ કરવું હોય... અહીં પર્યાયને સિદ્ધ કરવી છે. મોક્ષમગ્ગ ને મોક્ષનું ફળ—એમ બે વાત કહેવી છેને અહીં તો. પહેલેથી એ ઉપાડી છે. (શ્રોતા : પ્રાથમિક શિષ્યને માટે છે). પ્રાથમિક હોય? આ તો બધાને માટે આ છે.

મોક્ષમગ્ગ આવ્યું છેને? શું છે? એ કહીશ એમ છે કે નહીં? અરે! બધાને માટે છે. મુનિ તો મુખ્યતાએ. મુનિ તો મુખ્ય..., પણ સમૂહપણે બધાને (માટે) છે. મુનિ માટે કહ્યું (એમ) કોણે કહ્યું? **मग्गो मग्गफलं**... દેખો! **दुविहं जिणसासणे समक्खादं**... જૈનશાસનમાં જ આ વાત છે. માર્ગ અને માર્ગનું ફળ. બીજી ગાથા. બીજી.. બીજી.. પર્યાય, બધું માર્ગ ને માર્ગનું ફળ બેય પર્યાય. **मग्गो मोखउवाओ तस्स फलं होइ णिवाणं**. લ્યો. શાને માટે કહે છે? પાંચમા આરાના માટે નહીં, ચોથા આરા માટે છે, ઢીંકણા માટે છે? આહાહા!

**તેને—નિરન્તર સાધવું.** પાછું જોયું! **अनवरतं साधयेदिति**... સંસ્કૃત. ગજબ ટીકા છે! આહાહા! એક-એક શ્લોકને સમજવા માટે એને ઘણી તૈયારી જોઈએ. સમજાણું કાંઈ? વજુભાઈ! **अनवरतं** સંસ્કૃતમાં છે જુઓ! નિરંતર **साधयेदिति**... નિરંતર સાધો. રાગને સાધવું ને નિમિત્તને સાધવું એ નહીં, આ પર્યાયને સાધવી, કહે છે. આહાહા! સાધન તો પર્યાય થાય છેને. એનું સાધન ભલે દ્રવ્ય હોય. સમજાણું કાંઈ?

**આ ૧૫૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છેઃ** ૨૬૫.

**हित्वा भीतिं पशुजनकृतां लौकिकीमात्मवेदी**
**शस्ताशस्तां वचनरचनां घोरसंसारकर्त्रीम् ।**
**मुक्त्वा मोहं कनकरमणीगोचरं चात्मनात्मा**
**स्वात्मन्येव स्थितिमविचलां याति मुक्त्यै मुमुक्षुः ॥ २६५॥**

**શ્લોકાર્થ : આત્મજ્ઞાની મુમુક્ષુ**... લ્યો. જેને આત્મજ્ઞાન.. આત્મજ્ઞાન હોં. શાસ્ત્રજ્ઞાન કે પરજ્ઞાન એની અહીં વાત છે નહીં. આહાહા! **આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ**... સ્વરૂપ શુદ્ધ આનંદ ને અભિન્ન, અખંડ છે એવું જે પર્યાયમાં જ્ઞાન થયું એ આત્મજ્ઞાન. આત્મ એ વસ્તુ અને જ્ઞાન એ પર્યાય.. પર્યાય છે એ તો. સમજાણું કાંઈ? **આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત લૌકિક ભયને**

**તેમ જ...** પશુજનકૃત લૌકિક... સાધારણ બિચારાને ખબર ન હોય. મોટા માથા હોય, મોટા સાધુ નામ ધરાવતા હોય, કરોડોપતિ હોય, અબજોપતિ હોય કે મોટા વિદ્વાનો હો, પણ તત્ત્વ શું છે, એની પર્યાય શું છે એની કાંઈ ખબર ન મળે. એવા જનોના બોલ ઉપર તોલ ન કરીશ. એનો તોલ ન કરીશ. એ બધા એવા હોય છે. સમજાણું કાંઈ? **પશુજનકૃત લૌકિકભય...** એને છોડી દે. આહાહા!

**ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચના...** ભાષા દેખો! વચનની રચના ઘોર સંસારનું કારણ છે? વચનની રચના તો જડની પર્યાય છે, પુદ્ગલની પર્યાય છે. જડની પર્યાય સંસારનું કારણ છે જ નહીં. પણ વચનરચનાના કાળમાં જે શુભ-અશુભ વિકલ્પ થાય છે એ કેવો છે? કે ઘોર સંસાર કરનાર છે એ રાગ. આહાહા! જુઓ! શુભ-અશુભ રાગ બેય હોં. ભવભય કરાવનાર જાણીને... ઘોર સંસાર કરનારી.... આ વાત બેસે નહીં. રતનચંદજીને આ ટીકા..... સુધારવી છે, બેસતું નથી. કળશટીકા સુધારવી છે. પંચાધ્યાયમાં શું લખ્યું છે.....

**ઘોર સંસારની કરનારી....** કહે છે કે શુભ વિકલ્પ જે છે એ પણ સંસારનું કારણ છે. એ રાગ છેને, અગ્નિ છેને. શુભરાગ પણ અગ્નિ છે, ભઠ્ઠી છે. સમજાણું કાંઈ? શુભ-અશુભ વિકલ્પમાં જ્ઞાન–ઉપયોગ અસ્થિર થાય છે. કહે છે, એ ઘોર સંસારને કરનારી છે. વ્યવહાર રાગ ઘોર સંસારને કરનારી છે એમ કહે છે. અપ્રશસ્તરાગ તો હોય જ, પણ પ્રશસ્તરાગ પણ ઘોર સંસારને કરનારું છે. આહાહા! ગુણ-ગુણીનો ભેદ કરીને વિચાર કરે કે આ આવો છે ને આવો છે, એ પણ વિકલ્પ છે. એ વિકલ્પ પણ ઘોર સંસારનું કારણ છે. અંતરમાં એકાગ્ર થવાનું કારણ નથી. એનો સ્વભાવ પોતાથી જણાય એવો સીધો છે. સમજાણું કાંઈ?

શુદ્ધ વ્યવહાર કહેવો કોને? આ શુદ્ધ પરિણતિ એ જ શુદ્ધ વ્યવહાર. સત્ક્રિયા એ વ્યવહાર નિશ્ચયસે તો. પર્યાય હૈ વહ વ્યવહાર–સદ્ભૂત વ્યવહાર, દ્રવ્ય હૈ વહ નિશ્ચય. અહીં તો મોક્ષમાર્ગ સાધવો એમ સિદ્ધ કરવું છેને. ત્રીજી ગાથાથી જ લેતા આવ્યા છેને **णियमेण य जं कज्जं...** પર્યાય નિશ્ચયથી કરવાલાયક છે એમ સીધું ઉપાડ્યુંને. પર્યાયને સિદ્ધ કરવી છેને, મોક્ષમાર્ગને સિદ્ધ કરવો છેને. ગાથામાં જ કુંદકુંદાચાર્યે પોતે ઉપાડ્યું છે. **णियमेण य जं कज्जं...** ત્રીજી ગાથા. ઓલામાં સ્તુતિ કરી પહેલામાં. કેવળી-શ્રુતકેવળીએ કહેલું છે આ, એમ કહ્યું. ચોખ્ખું કરી નાખ્યું. સમયસારમાં હજી 'શ્રુતકેવળીએ કહેલું' એના બે અર્થ કરવા પડ્યા છે. પણ એ બરાબર છે. કરવા પડ્યા નહીં, એનો–આચાર્યનો આશય પણ એ જ છે. સમજાણું કાંઈ?

'કેવળી-શ્રુતકેવળીએ કહેલું' એમ આવ્યુંને પહેલી ગાથામાં. કેવળીએ અને શ્રુતકેવળીએ કહેલું છે આ. કેવળજ્ઞાની સર્વજ્ઞ પરમાત્માનું કહેલું છે, એમાં આવી ગયું કે પોતે ભગવાન પાસે સાંભળ્યું છે. એમ ગૂઢ લખ્યું છે એ. એ કહ્યું ત્યારે કેવળી તો અહીં કોઈ નહોતા. કેવળી-શ્રુતકેવળીએ કહ્યું છે એ કહીશ. મહારાજ! પણ તમે કહો છો કે કહેવાનો વિકલ્પ ન

કરવો તો પછી 'કહીશ' એવો વિકલ્પ તમે શું કરવા કરો છો? સમજાણું કાંઈ? તમારે તો આ સિદ્ધ કરવું છે. હું કહીશ. 'વોચ્છામિ' આવ્યુંને? સમયસારમાં આવ્યુંને? હું કહીશ. ભાવવચન ને દ્રવ્યવચનથી કહીશ. તમે તો કહો છોને કે દ્રવ્યવચનમાં ઉઠે છે વિકલ્પ, એ તો ઘોર સંસારનું કારણ છે. તો તમે એવું શું કરવા કરો છો? એ વખતે હોય છે એનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ પોતે એના વિકલ્પના જ્ઞાનમાં છે, વિકલ્પમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

એક બીજી ચીજ છે તે હો. હો તે કોણ ના પાડે છે? છ દ્રવ્ય નથી? પણ એ મારામાં નથી, એમ એ વિકલ્પમાં હું નથી. સમજાણું કાંઈ? આહાહા! ગજબ વાત છે! કુંદકુંદાચાર્ય ત્રીજે નંબરે તેથી આવ્યા છેને! 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી..' આવ્યા ગણધર ને ત્રીજે નંબરે એ આવ્યા. 'મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.' સમજાણું કાંઈ? ......શ્લોક ચાલ્યો આવે છે ઠેઠથી–કુંદકુંદાચાર્યથી. તેથી તો નાખ્યું કુંદકુંદાચાર્યનું. પણ ઠેઠ તો ક્યાં કુંદકુંદાચાર્ય હતા? એ હતા, પણ આ રચના તો પછી કરી છે. આહાહા! ........ એ પોતે એમ કહે છે કે હું કહીશ. પણ મહારાજ! આપ વાણી કરી શકો નહીં, વિકલ્પનું તમારું કર્તવ્ય નહીં ને 'હું કહીશ' એમ કેમ કહો છો? ભાઈ! સાંભળને! એ રીતે વાણી અને વિકલ્પમાં જ્ઞાનનું નિમિત્ત છે એટલે એથી 'હું કહું છું' એમ કહેવામાં આવે છે. આહાહા! ગજબ શૈલી!

**આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ પશુજનકૃત લૌકિક ભયને**... ઓલું બહારમાં ... લૌકિક, આ અંદરમાં વિકલ્પ. આહાહા! **કનક-કામિની સંબંધી મોહને તજીને...** કનક નામ સોનું આદિ, કામિની નામ સ્ત્રી—એ સંબંધી મોહને તજીને **મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે.** મુક્તિને માટે–મોક્ષને માટે... સમજાણું કાંઈ? મુક્તિ તો પર્યાય છે. પર્યાયને માટે... આ પણ પર્યાય ને એ પણ પર્યાય. મુક્તિપર્યાય પોતે પર્યાય છે. મુક્તિ ક્યાં દ્રવ્ય-ગુણ છે? સમજાણું કાંઈ? **મુક્તિને માટે**... એક વાત. શું કરવું? **પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે**. સાધ્ય તો મુક્તિ છેને. અહીં સાધન દ્રવ્યસ્વભાવ લેવું નથી. મુક્તિ સાધ્ય છે, પૂર્ણ લક્ષ્ય ત્યાં છે.

સમયસારમાં ઉપાડ્યું પાછળથી. સાધ્ય સિદ્ધપદ છે. છે તો પર્યાય, એ સાધ્ય છે (અને) સાધન આત્માને આશ્રયે મોક્ષનો માર્ગ આ ચીજ કહેવાય એ. સમજાણું કાંઈ? મુક્તિને માટે ધર્મી સંતોએ... સંતોએ (એટલે) જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણની એકતા થઈ એણે... એને કહે છે. એમ આવ્યું છેને માથે '**પરમજિનયોગીને શિખામણ..**' એને પણ કહે છે કે ભાઈ! તું **પોતે** આત્મા **પોતાથી**–એ આત્માથી... વિકલ્પ ને વ્યવહારથી નહીં. **પોતાનામાં** એટલે પોતાના આનંદમાં. અવિચળ આનંદમાં જ... વ્યવહારમાં જરીયે નહીં, એમ કહે છે. આહાહા! વ્યવહાર હો, આવે, પણ એ મોક્ષનું કારણ નથી, મુક્તિનો ઉપાય નથી. પોતે પોતાનાથી અને પોતાનામાં એ આધાર. 'પોતાનાથી' એ સાધન, પોતે કર્તા. સાધન પોતે પોતાનું શુદ્ધ, પોતામાં આધાર

પોતે. એમાં જ અવિચળ સ્થિતિને પામે છે. ચળે નહીં એવી પર્યાયમાં સ્થિર થાય છે. સમજાણું કાંઈ? **પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ**... અવિચળ–ચળે નહીં, વિશેષપણું બિલકુલ (નહીં), અવિચળ–સ્થિર. દ્રવ્યસ્વભાવમાં લીનતા એ તો પર્યાય છે. તે પર્યાયમાં સ્થિતિને પામે છે (અર્થાત્) ત્યાં આગળ પોતાની સ્થિતિ હોય છે. ૨૬૬. ૨૬૬ કળશ.

**भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं**
**मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम् ।**
**आत्मप्रवादकुशलः परमात्मवेदी**
**प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम् ॥२६६॥**

**શ્લોકાર્થ : આત્મપ્રવાદમાં...** આત્મપ્રવાદ નામનું શાસ્ત્ર. ભગવાને આત્માનું અધ્યાત્મનું કથન કર્યું છે એવું શાસ્ત્ર. એમાં **કુશળ**... આત્મપ્રવાદ નામના સિદ્ધાંતશાસ્ત્રમાં **કુશળ એવો પરમાત્મજ્ઞાની મુનિ**... પરમાત્મજ્ઞાની એટલે પરમસ્વરૂપ પોતાનું.. પોતાનું ત્રિકાળી. પોતે જ પરમાત્મા છે વસ્તુ, એનો જ્ઞાની (એટલે) એનું જ્ઞાન કરનાર. 'પરમાત્મજ્ઞાની' એ પર્યાય છે. **મુનિ પશુજનો વડે કરવામાં આવતા...** ઢોર જેવા માણસો મૂરખ, તત્ત્વની ખબર ન હોય એ બધી નિંદાઓ કરે. દુનિયા તો એમ જ ચાલે અનાદિથી. 'જામે જિતની બુદ્ધિ હૈ ઉતનો દિયો બતાય, વાંકો બુરો ન માનીયે ઔર કહાંસે લાય.' એ તો એમ જ છે. એની મર્યાદામાં હોય એ વાત જ કહેને.

**પરમાત્મજ્ઞાની મુનિ**... દેખો! ભાષા. પરમાત્મા એટલે સિદ્ધ, અરિહંત પોતે. પોતે પરમાત્મા—પરમ, આત્મ એટલે સ્વરૂપ. ત્રિકાળી ભગવાન ધ્રુવ નિત્યાનંદ જ્ઞાયકભાવ એકરૂપ વસ્તુ પોતે, એમ એકરૂપે એના ગુણો એકરૂપ ધ્રુવ. વસ્તુ પોતે ધ્રુવ અને એના ગુણો ધ્રુવ. એવો જે પરમાત્મસ્વરૂપ, એનો જ્ઞાની, એનો વેદનાર. એવા પરમાત્મસ્વરૂપને જાણનારો એટલે કે એના આનંદનો વેદનાર. એવો આનંદિત મુનિ... ચોથા ગુણસ્થાનમાં એના પ્રમાણમાં આનંદ હોય, પાંચમે એથી વિશેષ, મુનિને (છઠ્ઠે) એથી વિશેષ, સાતમે (એથી વિશેષ). કહે છે કે **પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને**... દુનિયાને ગણીશ નહીં એ વાત. એ કાંઈ માણસ કહેવાય? એમ કહે છે. પશુ જેવા છે એમ કહે છે. એમ કીધુંને. વિકલ (એટલે) જેને ભાન નથી તત્ત્વનું અને તત્ત્વને શી રીતે સાધવું, એનું સાધન શું—એની ખબર નથી. બહારથી બધા માની બેસે છે એવાઓને આ વાત નહીં ગોઠે. ઈર્ષા કરશે, દ્વેષ કરશે, નિંદા કરશે, પણ સામું જોઈશ નહીં. કહો, સમજાણું આમાં?

આનંદઘનજી તો એમ કહે છે કે 'લહી ભવ્યતા મોટું માન, પણ અભવ્ય ત્રિભુવન અપમાન..' ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે આ પાત્ર છે, .... છે... સમજાય છે? હવે તને કોનું માન જોઈએ છે? ભગવાનના જ્ઞાનમાં આવ્યું કે આ અપાત્ર છે. અરે! દુનિયામાં કોનું તારે

અપમાન જોઈએ છે? સમજાણું કાંઈ? ‘લહી ભવ્યતા મોટું નામ..’ પરમાત્માના જ્ઞાનમાં એમ આવ્યું, પરમાત્માએ કહ્યું કે આ ધર્મી જીવ છે.. સમજાણું કાંઈ? કોનું જોઈએ છે માન હવે તારે? ‘પણ અભવ્ય ત્રિભુવન અપમાન..’ એના જ્ઞાનમાં એમ આવ્યું કે આ માણસ નાલાયક છે. કોનું અપમાન જોઈએ છે તારે હવે? ભલે આખી દુનિયા માન આપે. આહાહા! દુનિયા સામું જોઈશ નહીં...

**અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને... તં... તં**માંથી કાઢ્યુંને. **કૃતાં તં** એ? **તં...** ભાઈ! આવ્યું હતુંને ‘પેલી’. આપણે આવ્યું હતું. પહેલા આવી ગયું છે. આમાં આવી ગયું છે પહેલું. આહાહા! કહે છે કે અરે! પેલા સકળ લૌકિકજલ્પજાળ... બિચારા લૌકિક જલ્પજાળ..... **સકળ લૌકિક**... પોતાની વાત કીધી, પરની વાત..... પોતાની આવી. **(પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળ**... વિકલ્પને છોડી દઈને **શાશ્વત સુખદાયક એક નિજ તત્ત્વને પામે છે.** શાશ્વત સુખદાયક એક નિજ તત્ત્વને પર્યાયમાં પામે છે. તત્ત્વ તો છે એ છે. સમજાણું કાંઈ? આહાહા! આત્માની ઉપલબ્ધિ કીધી છેને મોક્ષની. મુક્તિની પર્યાય એ આત્માની ઉપલબ્ધિ છે (અર્થાત્) આત્મા એ પામ્યો છે.. આત્મા એ પામ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? **શાશ્વત સુખદાયક એક નિજ તત્ત્વને**–પૂર્ણ દશાની પ્રાપ્તિ (એવા) તત્ત્વને પામે છે. માર્ગ પણ કહ્યો અને માર્ગનું ફળ પણ ભેગું કહ્યું—બેય કહ્યું. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ ૨, શુક્રવાર, તા. ૧૯-૧૧-૧૯૭૧**
**ગાથા - ૧૫૫, શ્લોક - ૨૬૫, પ્રવચન નં. ૧૮૧**

આ નિયમસાર સિદ્ધાંત છે, એમાં નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. નિમયસાર એટલે શું? એ 'નિયમસાર' શબ્દમાં... આત્મા જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે આત્મા. આ દેહ એ તો જડ, માટી છે, વાણી જડ છે, અંદર કર્મ પણ જડ છે અને એમાં જે થતી પુણ્ય-પાપની લાગણીઓની વૃત્તિઓ, રાગાદિ વાસના એ પણ પર, વિભાવ ને વિકાર છે, એ પણ અચેતન છે ખરેખર તો. આત્મા તો અંદર અનાદિ-અનંત જ્ઞાનાનંદ, નિત્યાનંદ, સહજાનંદ એવો એનો સ્વભાવ ત્રિકાળ છે. એમાં નિયમસાર એટલે એ વસ્તુ જે છે ત્રિકાળી આનંદ ને ધ્રુવ નિત્યાનંદ, એમાં અંતર એકાગ્ર થવું એ પર્યાય થઈ. એ વસ્તુ–દ્રવ્ય છે એ ત્રિકાળી છે ને પર્યાય છે એ ક્ષણિક ઉત્પન્ન થાય છે. જેને અંદર દ્રવ્ય-ગુણ-પર્યાયનો ખ્યાલ નથી એને તત્ત્વની દૃષ્ટિ હોઈ શકતી નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિકાળજ્ઞાની પરમાત્મા અનંત થઈ ગયા (અને) વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે, જેમને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન વર્તે છે. જગતને બેસવું કઠણ ભારે છે એટલે બધા બીજે રસ્તે ચડી ગયા, આ શું સમજ્યા છે એ વિના. સમજાણું કાંઈ?

સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં મૌજૂદ વર્તમાન, એમના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા. એ પહેલું આવી ગયુંને ૧૫૫માં. ૧૫૫ ગાથા. આ ૧૫૬ છે, પણ ૧૫૫માં આવી ગયું જુઓ! **શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિન્દથી નીકળેલ સમસ્ત પદાર્થ...** પણ હજી તો સર્વજ્ઞ છે કે નહીં એની ખાતરીના ઠેકાણા નથી. સર્વજ્ઞ હોઈ શકે? એક આત્મામાં એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવું એવું બની શકે? આવા તો હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આહાહા! એટલે આત્મા આવડો મોટો છે એની એને ખબર નથી. એટલે બીજાને મોટપ (આપે કે) બીજો આ કરી દેશે, આનાથી થાશે ને આનાથી થાશે. એમ અજ્ઞાનથી અનાદિકાળથી પરને લઈને કાંઈ થશે મારામાં (એમ માને છે). કેમકે પોતાની મોટપ એટલે કે જેને મોટપ પ્રગટ થઈ છે... વર્તમાનમાં અંતર વસ્તુસ્વભાવ સર્વજ્ઞસ્વરૂપ છે આત્મા. આ એક-એક આત્મા સર્વજ્ઞ એટલે જ્ઞાનસ્વભાવી ચૈતન્યવસ્તુ છેને. તો એનો જ્ઞાન સ્વભાવ છે. સ્વભાવ હોયને. કાંઈ ભાવ વિના વસ્તુ હોય? સાકર છે તો એનો ગળપણ સ્વભાવ છે, અફીણ છે તો એનો કડવો સ્વભાવ છે. તો ભગવાન આત્મા છે તો એનો સ્વભાવ શું?

એનો સ્વભાવ છે જ્ઞાન–જાણવું, ચૈતન્ય. એવો જે સ્વભાવ એ સર્વજ્ઞશક્તિથી ભરેલું તત્ત્વ છે. લોકોને એ વાતની (ખબર ન મળે એટલે) બિચારા કલ્પિત અજ્ઞાનીઓએ કહેલા માર્ગે ચલે જાના અનાદિકાળથી. એના એ વર્તમાનમાં પણ ચાલુ રાખે છે. જેને આત્મા, આ વસ્તુ છે

દેહથી ભિન્ન તદ્દન, એનામાં સર્વજ્ઞ... અનંત આનંદ એનામાં પડ્યો છે. બે વાત થઈ. એક તો વસ્તુ છે આત્મા, એ અવિનાશી છે અને એનામાં જ્ઞાન ને આનંદાદિ ગુણ છે એ પણ અવિનાશી છે. હવે એ અવિનાશી શક્તિ અને શક્તિવાન... કઠણ ભારે. શક્તિ–એના ગુણ અને શક્તિવાન એ વસ્તુ–દ્રવ્ય-પદાર્થ. પદાર્થ–વસ્તુ. વસ્તુ છે એ શક્તિવાન છે અને એના ગુણ છે એ શક્તિ છે. કેમકે વસ્તુ છે એ વસ્તુ તો તત્ત્વ થઈ ગયું પદાર્થ તરીકે, પણ હવે એની શક્તિ–એનો સ્વભાવ–એનો ગુણ–એનું સત્ત્વ, એ સત્‌નું સત્ત્વ શું? સમજાણું કાંઈ?

એ સત્‌નું સત્ત્વ જ્ઞાન, દર્શન, આનંદાદિ એની શક્તિઓ કહેવાય છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં–સેકંડના અસંખ્ય ભાગમાં પોતાની જ્ઞાનપર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણ્યા, એ જ્ઞાનની પર્યાય એને વ્યક્ત થઈ ગઈ. એવા સિદ્ધ પરમાત્મા અનંતા છે અને વર્તમાનમાં (અરિહંત) મહાવિદેહમાં બિરાજે છે. એકલા શાસ્ત્ર આધારે, ભગવાન કહે છે, શાસ્ત્ર કહે છે એમ નહીં. સમજાણું કાંઈ? એય! પરમાત્મા મહાવિદેહમાં વર્તમાનમાં ૫૦૦ ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, કરોડો વર્ષથી કેવળજ્ઞાન થયું છે, દેહ સહિત વાણીનો અવાજ–ઓમ ધ્વનિ નીકળે છે. એ અમુક આયુષ્ય પૂરું થયે, આવતી ચોવીસીના ૧૩મા તીર્થંકરને કાળે એનું આયુષ્ય પુરું થઈ જશે, એકલા સિદ્ધદશા એકલો આત્મા રહી જશે. અત્યારે તો હજી અરિહંત પદે છે. પહેલું 'ણમો અરિહંતાણં' છેને. ભગવાન જાણે 'ણમો અરિહંતાણં' શું હશે? કોઈક અરિહંત થઈ ગયું હશે. આહાહા!

અહીં તો કહે છે કે જેણે પોતાના સ્વભાવનું શરણ લઈ અરિ નામ રાગ-દ્વેષ ને અજ્ઞાનને નાશ કર્યા અને એના સ્થાનમાં સર્વજ્ઞપણું અને વીતરાગદશા જેણે દશામાં–પર્યાયમાં–અવસ્થામાં (પ્રગટ કરી). હજી પર્યાય કોને કહેવી એની ખબરું ન મળે. ગુણ શું ને પર્યાય શું? જય ભગવાન! આંધળે આંધળું ખાતું. સમજાણું કાંઈ? અહીં નિયમસાર સિદ્ધ કરવો છે. નિયમસાર એટલે પર્યાય છે. કાર્ય કરવું છેને એને કાંઈક. હિતનું લ્યો. કાર્ય કરવું છેને. એ અનાદિ કાળથી અહિતમાં છે. જો અહિતમાં ન હોય તો એને પ્રગટ આનંદનો અનુભવ વ્યક્તરૂપે પ્રત્યક્ષ હોવો જોઈએ. ન્યાય સમજાય છે કાંઈ? એની દશામાં જો અહિતપણું ન હોય તો તો એને હિતપણારૂપ પ્રગટપણાનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો જોઈએ. આહા! એ એનો અભાવ છે એટલે અહિતમાં છે.

કાંઈ સમજવા માગે છેને. ગમે તે પ્રકાર, પણ એ સમજવા તો માગે છેને. એનો અર્થ છે કે નથી સમજેલો એવી એક એની દશા છે. એમાં એને 'સમજવું છે' એ દશા બીજી છે. સમજાણું કાંઈ? એ અણસમજણની દશાનો નાશ થઈ અને સમજણની દશા પ્રગટ થાય એ દશામાં હોય છે, એની પર્યાય–હાલતમાં હોય છે. જો આવું ન હોય, હાલત ન હોય તો કાર્ય બની શકે નહીં. અને એ કાર્યનું કારણ ત્રિકાળી દ્રવ્ય અને ગુણ વસ્તુ છે. પદાર્થ છેને, વસ્તુ છેને.

અસ્તિ છે કે નહીં? ‘છે’ એવું તત્ત્વ છે કે ‘નથી’ એવું એ છે? તો ‘છે’ એવું તત્ત્વ એમાં અનંત જ્ઞાન, દર્શન આદિના સ્વભાવો (રહેલા છે). સ્વભાવ હોય એ માપ વિનાની શક્તિ હોય. ન્યાય લોજીકથી એને સમજવું પડશે કે નહીં? જેનો સ્વભાવ હોય એને હદ ને માપ ન હોય, જેનો સ્વભાવ હોય એ વિપરીત ન હોય, જેનો સ્વભાવ હોય એ ઓછો ન હોય. એટલે એનો અર્થ એ થઈ ગયો કે વસ્તુ જે ભગવાન આત્મા એમાં જ્ઞાન-દર્શન-આનંદાદિ પરિપૂર્ણ છે ગુણરૂપે–શક્તિરૂપે–તત્ત્વરૂપે–ભાવવાનના ભાવરૂપે. બે વાત થઈ. દ્રવ્ય એ ભાવવાન છે વસ્તુ અને એનો ભાવ એટલે દર્શન-જ્ઞાન એનો ભાવ એટલે ગુણ થયો. હવે એમાંથી નિયમસાર કાઢવું છે.

‘નિયમસાર’ પાઠ છેને શબ્દ. એમ કાંઈ શબ્દ (એમ નહીં), એનો કાંઈ અર્થ–ભાવ સમજવો જોઈએને. નિયમ એટલે જે ત્રિકાળી ભગવાન આત્મા અને ત્રિકાળી ધ્રુવ વસ્તુ છેને, અવિનાશી છેને. એની શક્તિ, જેવું પોતે નિત્ય છે એવી શક્તિઓ પણ નિત્ય ભાવ છે. ભાવવાન નિત્ય છે તો ભાવ નિત્ય છે. હવે એમાં વર્તમાનદશામાં એને અહિતપણું ને અજ્ઞાન છે. કેમકે પોતાની જાત શું છે એની એને ખબર નથી અને જ્ઞાની એને મળ્યા નથી અને જ્ઞાનીની સેવાથી સર્વજ્ઞે કહેલો આત્મા શું ચીજ છે એ એને ખબર નથી. એથી એની પર્યાયમાં રાગ ને પુણ્યની વિકલ્પદશા અને કાં એક સમયની પ્રગટ અવસ્થા એ હું (એમ) એની દૃષ્ટિ ત્યાં અનાદિની પડી છે. સમજાણું કાંઈ? સોમચંદભાઈ! આ તો જરી લોજીકથી આવ્યું. આહાહા! ભારે કઠણ છે જગતને.

એ વસ્તુ એક-એક આત્મા આવો હોં. એટલે વસ્તુ છે એમાં અનંતી શક્તિઓ વસેલી છે–રહેલી છે, શક્તિઓ તેમાં–શક્તિવાનમાં રહી છે. આ તો વળી બીજું આવ્યું ભાઈ! અનંત ધર્મોમાં રહેલો ધર્મી. ઝીણી વાત છે જરી. અરે! જૈનદર્શનનું શું તત્ત્વ છે એ સંપ્રદાયને સાંભળવા મળ્યું નથી. આ ચોવિહાર કરવો, રોટલા ન ખાવા ને અપવાસ કરવો ને આ કરવું, સામાયિક-પોષા કરવા એ ક્રિયા એ જૈનદર્શન. એ જૈનદર્શન જ નથી. એ જૈનને સમજતો નથી. જૈન એ કોઈ સંપ્રદાય નથી. એ તો આત્માનો સ્વભાવ... કોઈપણ માણસ એમ તો કહેવા માગેને કે અમારે અહિત છે, દોષ છે અને હિતમાં નથી એટલે દોષ ટાળવા છે અને દોષ ટાળીને નિર્દોષતા એના સ્થાનમાં લાવવી છે. એનો અર્થ એ થયો કે નિર્દોષતા એની વર્તમાન દશામાં નથી. અને નિર્દોષતા એની દશામાં નથી તો એ નિર્દોષતા એના સ્વભાવમાં જો ન હોય તો સદોષતા ટળીને નિર્દોષતા આવશે ક્યાંથી? ન્યાય સમજાય છે કાંઈ? આહાહા!

આ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ સિદ્ધ થાય છે. એ વાત જિનેશ્વરદેવના માર્ગમાં હોય, બીજે ક્યાંય હોય નહીં. કારણકે બીજાએ જાણ્યું નથી, અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી આત્માની વાતું કરી છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર વર્તમાન સાક્ષાત્ એમણે આ દ્રવ્ય એટલે વસ્તુ ને વસ્તુની શક્તિ (કહી). એવો આત્મા એમાં અંતર એકાગ્ર થવું. રાગમાં, પુણ્યમાં, વિકલ્પમાં

એકાગ્ર છે એથી તો એ અહિતમાં છે, દુઃખમાં છે, રખડવામાં છે, પરિભ્રમણમાં છે. હવે એણે પરિભ્રમણ ટાળવું હોય તો, એટલે સંસારની દુઃખદશા એનો નાશ કરવો હોય તો, જેમાં એ વિકાર નથી એવું ત્રિકાળી તત્ત્વ ભગવાન આત્મા (અને) એના અનંત ગુણો એની અંદર એકાગ્રતા (કરવી). ન્યાય સમજાય છે? વસ્તુ આવી છે. આમ જ વસ્તુ હોય, નહીંતર બીજી રીતે વસ્તુ સાબિત થઈ શકે નહીં. સર્વજ્ઞે કહી છે (અને) આવી રીતે છે. સમજાણું કાંઈ?

એવો જે આત્મા ત્રિકાળી અનંત આનંદ ને જ્ઞાનનો ભંડાર, એમાં વર્તમાનમાં અહિતપણું અનિયમસાર છે. એને નિયમસાર એટલે મોક્ષનો માર્ગ એટલે કે દુઃખથી છૂટવાનો પંથ એટલે કે છૂટીને પૂર્ણાનંદની પ્રાપ્તિનું કારણ—એવો જે નિયમ એ પ્રભુ આત્મા... એ ૧૫૫માં આવી ગયું બધું. પોતે દુનિયાની દરકાર છોડે (કે) દુનિયા શું કહેશે, દુનિયા શું માનશે. એ દુનિયા તો અનાદિથી અજ્ઞાનમાં પડી છે. એ તને નહીં ગણે, તને નહીં માને. એ પશુ છે જગતના પ્રાણી બિચારા. મોટા પંડિત થઈને ફરતા હોય તોય બધા ઢોર જેવા છે. આત્મા શું ચીજ છે, એની શક્તિઓ શું છે, એની વ્યક્તદશા થતા શું આનંદ આવે પર્યાયમાં—એની ખબરું નથી એટલે ઈર્ષા ને નિંદા કરશે તારી. સાંભળજે. સોમચંદભાઈ! એ ૧૫૫માં આવી ગયું છે.

તું ભગવાન આત્મા આવો છો. જો તું સુખી થવા માગે છો, તો એ સુખ કાંઈ બહારમાં નથી, એ અંદરમાં છે. એ સુખી થવાની રીત તને ખબર નથી એટલે આ કરું ને આ કરું, કાંઈ વિકલ્પ કરું, દયા-દાન કરું, ભક્તિ-પૂજા કરું, ગુરુની સેવા કરું તો કલ્યાણ થઈ જાય (એમ માને છો). એ બધા રસ્તા (નથી). તને ખબર નથી રસ્તાની. સમજાણું કાંઈ? આહાહા! તારો આત્મા અંદર... જે કોઈ પૂર્ણ સુખી થવા માગે છે અતીન્દ્રિય સુખ હોં, આ અજ્ઞાનીઓ મોટા જગતના સુખ તો ધૂળમાં માને છે. પણ જે સુખ–અતીન્દ્રિય સુખ માગે છે, એ અતીન્દ્રિય સુખપણે પૂર્ણ થવા માગે છે કે થોડા થવા માગે છે? ત્યારે એ અતીન્દ્રિય સુખપણું છે ક્યાં? એ અંતર આત્માના સ્વભાવમાં છે, કાંઈ બહારથી આવતું નથી. પ્રાપ્તની પ્રાપ્તિ છે. હોય એમાંથી આવે. તો આત્માનો અતીન્દ્રિય આનંદ ને જ્ઞાન એ તો ધ્રુવપણું છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. એમાં અંતરમાં એકાગ્ર થઈ, વિકલ્પની વૃત્તિઓ કે આવો છે ને તેવો છે એ બધું છોડી દઈ, આવા સ્વભાવમાં એકાગ્ર થવું, એ ક્રિયા એની સત્‌ક્રિયા કહેવામાં આવે છે. એનું નામ ધાર્મિક ક્રિયા છે. બાકી વાતું થોથેથોથા છે. સમજાણું કાંઈ?

પણ આવો આત્મા જાણીને, એની શક્તિઓને ઓળખીને એવા આત્મામાં એકાગ્ર થવું. ... દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણ આવ્યાં. જ્યાં દ્રવ્ય, ગુણ, પર્યાયની વ્યાખ્યા જેનામાં નથી, એનામાં એ માર્ગ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? કેમકે ન્યાયથી પણ આમ સિદ્ધ થાય છે કે જે કાંઈ કરવા માગે છે સુખ, શાંતિ, આનંદ, ધર્મ. એ એની દશામાં નથી, એ દશામાં બીજું છે. તો દશા પલટી શકે છે (કેમકે) એ અવસ્થાવાળું તત્ત્વ છે. અને એ અવસ્થા પલટતાં, ત્રિકાળી વસ્તુ,

ગુણને આશ્રયે જે શક્તિમાં જે પડી છે અવસ્થા, એમાં એકાગ્ર થઈને બહાર પ્રગટ કરે છે. એટલે ગુણ સિદ્ધ થાય છે, દ્રવ્ય સિદ્ધ થાય છે ને પર્યાય સિદ્ધ થાય છે. એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવે કેવળજ્ઞાનમાં જાણીને ઓમ ધ્વનિ દ્વારા આ કથન કર્યા છે. સમજાણું કાંઈ?

એટલે નિયમસારની આ વ્યાખ્યા છે. ભગવાન આત્મા વસ્તુ અને એની શક્તિઓનો પિંડ પ્રભુ અસ્તિ અનાદિ-અનંત છે. એની વર્તમાનદશામાં નિયમસાર પ્રગટ કરવો છે. એ ત્રિકાળી જ્ઞાનાનંદમાં એકાગ્ર (થાય) એનું નામ પ્રતિક્રમણ, એનું નામ પ્રત્યાખ્યાન. આ બહારથી હાથ જોડીને પ્રતિક્રમણ (કરે) એ બધી વાતું થોથા. સમજાણું કાંઈ? રાગ અને દ્વેષના વિકલ્પોથી પાછો હઠી અને અંતરના આનંદકંદમાં એકાગ્ર થાય, ત્યારે તેને નિર્મળ દશા પ્રગટ થાય, એ નિર્મળ દશાનું નામ નિયમસાર કહેવામાં આવે છે. જેઠાભાઈ! લોજીકથી–ન્યાયથી તો સમજાય એવું છે, પણ હવે કોઈ દિ' એણે દરકાર જ કરી નથી. સંસારમાં કાં એવા કુગુરુ ને કુશાસ્ત્ર મળ્યા, એમાં સલવાઈ ગયો. આ જૈનદર્શનની વાત એને ગોઠે નહીં. કારણ કે આ બહારની ક્રિયાકાંડ એકલું એને લોકોએ જૈનદર્શન માન્યું. એટલે લોકો બિચારા સાધારણ સાંભળનારને (એવું લાગે કે) આવું જૈન? આવી વાતું કરનારા બીજા ઘણાય છે. ન્યાં ગરી ગયા બિચારા અજ્ઞાનમાં. સમજાણું કાંઈ?

પણ જૈનદર્શન એટલે કે જૈન એટલે જીતવું. એ 'જીતવામાં' આ ધ્વનિ ઉઠે છે આટલો કે રાગ અને દ્વેષ ને અજ્ઞાનને ટાળવા. એટલે કે એ છે, અસ્તિ છે એને ટાળવા અને એના સ્થાનમાં વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરવી. તો એ વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરવી એટલે પૂર્ણ સુખની પ્રાપ્તિ કરવી તે ક્યાંથી આવશે? કે અંદરમાંથી. એટલે દ્રવ્ય ને ગુણમાં અનંતા આનંદ ને જ્ઞાન છે એમ સિદ્ધ થાય છે અને વિકારનું ટળવું એ દ્રવ્યના આશ્રયે ટળી શકે છે. કોઈ દેવ-ગુરુ ને શાસ્ત્રની કૃપા થઈ જાય ને મળી જાય એવી એ ચીજ છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! આહીં તો ઓલું આવી ગયુંને. ૧૫૫માં આવતું. **मोणव्वएण...** કરજે ક્રિયા. હા.

અંતરમાં ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. તું એક જ પૂર્ણ છો. બધા થઈને નહીં. આ વેદાંતાદિ કહે છેને વ્યાપક, સર્વ વ્યાપક. તદ્દન જૂઠી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ખંડખંડ એણે આત્માને માન્યો. બધા થઈને એક છે એમ નહીં. એક જ આત્મા પરિપૂર્ણ અખંડ છે. આહાહા! સમજાણું કાંઈ? નહીંતર એ વસ્તુ સિદ્ધ થતી નથી. ભગવાને તો કહ્યું છે, પણ ન્યાય–લોજીકથી પણ સિદ્ધ થતી નથી. એક જ ભગવાન આત્મા દ્રવ્યે અને ગુણે પરિપૂર્ણ છે, એની પર્યાયમાં મલિનતા અને અજ્ઞાન છે, એને ટાળવો હોય તો દ્રવ્યમાં એકાગ્ર થતાં ટળી શકે છે. આ સિવાય બીજો કોઈ એનો માર્ગ છે નહીં. સમજાણું કાંઈ? સોમચંદભાઈ! આવું છે આ તો લોજીકનું આવ્યું.

આ જૈનદર્શન એટલે વસ્તુદર્શન. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. કારણ કે જેને નિર્દોષતા પ્રગટ કરવી છે... એ નિર્દોષતા કહો કે વીતરાગતા કહો. સદોષતા ટાળવી છે. સદોષતા એટલે અજ્ઞાન ને રાગ-દ્વેષ તે સદોષતા છે. એ સદોષતા ટળીને દશામાં–પર્યાયમાં નિર્દોષતા થાય છે, બદલે તેમાં થાય છે. ત્રિકાળીમાં તો ત્રિકાળી વસ્તુ છે. એટલે પલટામાં પલટો ખાય છે. અજ્ઞાનનો નાશ થઈને, અંતર દ્રવ્યના ત્રિકાળી ધ્યાનમાં અજ્ઞાનનો નાશ અને એમાંથી પ્રગટ થતી નિર્મળ દશાનો ઉત્પાદ. એટલે પૂર્વની અવસ્થાનો વ્યય, નવી અવસ્થાનો ઉત્પાદ અને જેમાંથી આવે તે ત્રિકાળી ધ્રુવ. તે 'ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્તં સત્' આવું ત્રિકાળી સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

જેને હજી ઉત્પાદ શું, વ્યય શું, ધ્રુવ શું એનું ભાન ન મળે, એ પછી આત્માના ધ્યાન કરવા જાય, થોથા નીકળે. સમજાણું? જિંદગી ચાલી જાય. આહીં આચાર્ય મહારાજ કહે છે કે હે આત્મા! નિયમસાર હોં. નિયમસાર એટલે મુક્તિના–મોક્ષના કારણની ક્રિયા. મોક્ષ એટલે પૂર્ણ આનંદની પ્રાપ્તિ. મોક્ષનો અર્થ, કોઈ બીજી ચીજ નથી, (પણ) પૂર્ણ આનંદની પ્રાપ્તિ. એની પ્રાપ્તિ કરવાનું કારણ એ નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. એ મોક્ષનો માર્ગ એટલે? ભાઈ! તું આત્મા શુદ્ધ આનંદનો ધામ, અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છો. આહાહા! કેમ વિશ્વાસમાં આવે પામર થઈને? એક અડદની દાળ સરખી ન હોય તો ઢીંચણીયું ઉછળે. એને કહે કે આવો ભગવાન છો તું પૂર્ણ. ક્યે માપે માપશે એ? સમજાણું કાંઈ?

કહે છે.... આહાહા! એ ૧૫૫માં બહુ આવી ગયું છે. ભગવાનના શાસ્ત્રોમાં... ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન (છે). એ વાત ન બેસે કેટલાકને ભાઈ! આ વાડાવાળાને તો ન બેઠી અને વાડામાંથી નીકળી ગયા એને પણ ન બેસી કે આવું હોય નહીં. એક સમયમાં ત્રણ કાળનું જ્ઞાન, એવા કેવળી તમે માનો? તમારી (વાત) અમે માનતા નથી. આહાહા! એ માટે અહીં કહે છે. પંડિતજી! પણ એવું જો ન હોય તો આત્માનો પરિપૂર્ણ જ્ઞાનસ્વભાવ જ સિદ્ધ થતો નથી. ભગવાન આત્મા... એમ આત્મા કેવો અને એનું વળી જ્ઞાનસ્વભાવ ગુણ.. ગુણ.. ગુણસ્વભાવ અને એની પરિપૂર્ણતા જો પર્યાયમાં પ્રગટ ન થાય તો એ પરિપૂર્ણ ગુણ અને પરિપૂર્ણ અવસ્થાનું સિદ્ધપણું સાબિત થતું નથી. એ વસ્તુને જાણતા નથી. અજ્ઞાની મિથ્યા દૃષ્ટિમાં પડ્યા અને મૂઢપણે ધર્મ આમ થાય એમ માની રહ્યા છે, એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભાઈ! **પરમાત્મધ્યાનસ્વરૂપ..** એમ ૧૫૫માં આવ્યું છે. **પ્રતિક્રમણાદિ સત્ક્રિયાને જાણીને...** આહાહા! પરીક્ષા કરીને (માનવું). એમને એમ માની લેવું કે ભગવાને આમ કીધું માટે અમે માનીએ—એમ નહીં. એ તો આંધળી શ્રદ્ધા છે. સમજાણું કાંઈ? તીર્થંકરે છ

કાયના જીવ કીધા ને છ દ્રવ્ય કીધા એમ માની લેવું—એમ નહીં. લ્યો, એ ભાઈ એ ફરીને કીધું ભાઈએ. ટીકા ૧૫૫ની જુઓ!

**શ્રીમદ્ અર્હત્‌ના મુખારવિંદથી નીકળેલ...** ૧૫૫. પહેલી લીટી છેને આ બાજુ. શ્રીમદ્.. શ્રીમદ્ નામ સ્વરૂપની લક્ષ્મીવાળા પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞદેવ. એના મુખારવિંદથી... એમને પૂર્ણ વીતરાગતા પ્રગટી, સર્વજ્ઞતા પ્રગટી, પણ શરીર ને ચાર અઘાતિ કર્મો બાકી રહેલા એથી મુખારવિંદથી નીકળેલ વાણી છે. મુખારવિંદથી નીકળેલી (કહેવું) એ પણ વ્યવહાર છે. આખા શરીરમાંથી ઓમ ધ્વનિ ઉઠે છે. આ મોઢું તો જડ છે, આ માટી છે. પણ આત્માનું જ્યાં સર્વજ્ઞપણું પ્રગટ થાય છે, આખા શરીરમાંથી ઓમ એવો ધ્વનિ–અવાજ ઉઠે છે. સમજાણું કાંઈ? પણ લોકોમાં આમ મુખથી વાણી નીકળે તેવી બહારની પદ્ધતિ છે એથી એ રીતે કહ્યું છે. પાઠ છે 'મુખારવિંદ'. મુખરૂપી કમળમાંથી ધ્વનિ નીકળે, એમ.

આત્મા અસંખ્ય પ્રદેશી છે. ઝીણી વાત છે. બધી એક-એક સિદ્ધ કરવા જઈએ તો વાર લાગે. અસંખ્ય પ્રદેશી છેને. લોજીકથી–યુક્તિથી બધું સિદ્ધ થઈ શકે છે. એમ નહીં કે અદ્ધરથી આમ માનવું. એ અસંખ્ય પ્રદેશમાં એક-એક પ્રદેશે અનંત-અનંત ગુણ–શક્તિઓ પડી છે. એવા અસંખ્યપ્રદેશ છે. એમાં પૂર્ણ દશા જ્યાં પ્રગટ થાય છે ત્યારથી અસંખ્ય પ્રદેશે–આખા આત્મામાં વિકલ્પ વિના ઓમ ધ્વનિ ઉઠે. ઓમ એવો. 'ઓમકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે..' એવો ધ્વનિ અંદર ઉઠે સાક્ષાત્. એમાંથી ઓમના બે પ્રકાર. ઓમ એટલે આત્મા આનંદકંદ દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો અને એક ઓમ એટલે અક્ષર. ઓમ એવો અક્ષર ઉઠે એ તો વિકલ્પ છે. ઓમ.. ઓમ.. ઓમ.. કરેને. એ તો વિકલ્પ–રાગ છે. અક્ષર છે એ તો જડ છે. એ ઓમકારમાંથી જે ધ્વનિ આવ્યો... સમજાણું કાંઈ?

અહીં નથી તો ક્યાંક છે કે નહીં? અને શરીર રહિત થયા પછી કંઈક સ્થાન છે એ પણ છે કે નહીં? 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં'ની આ વ્યાખ્યા ચાલી. સમજાય છે કાંઈ? જેણે પૂર્ણ જાણ્યું અને વાણી નીકળી, ત્યારે એનો અર્થ થયો કે હજી એને સિદ્ધપદ થયું નથી. એટલે હજી વાણીનો યોગ છે. અને વાણીનો યોગ ન હોય તો એમણે પૂર્ણ જાણ્યું એ કહ્યું ક્યાંથી? એ વાણી વિના જણાય ક્યાંથી? એટલે સહજ વાણીનો યોગ અંદરથી ઉઠે છે ધ્વનિ–ઓમ ધ્વનિ ઉઠે છે. એ **મુખારવિંદથી નીકળેલ**... સમજાણું કાંઈ? આ બધું પ્રત્યક્ષ થઈ ગયેલું છે હોં. એમ નથી કે આમ હશે ને તેમ હશે, ભગવાને કીધું એટલે માની લેવું.—એમ નથી. એય! આહાહા! શું થાય?

**સમસ્ત પદાર્થો જેની અંદર સમાયેલ છે...** એ વાણીમાં ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો... એક પદાર્થ નથી, અનંતા આત્માઓ છે, અનંત પરમાણુ આ રજકણો ધૂળ અનંતગુણી સંખ્યાએ છે. એ બધા પદાર્થો ભગવાનની વાણીમાં સમાઈ ગયા છે. ભગવાની વાણીના ગર્ભના પેટમાં

સમાણે છે વાણીમાં હોં. **અંદર સમાયેલ છે એવી ચતુરશબ્દરચનારૂપ...** દિવ્યધ્વનિ ચતુરશબ્દરચનારૂપ... **દ્રવ્યશ્રુત**–ભગવાને કહેલી વાણી. વળી વાણી ભગવાન કરે? વાણી તો જડ છે. પણ સંબંધ બતાવે છે. અહીં વાણી ઉઠે છે ત્યાં ભગવાનનું સર્વજ્ઞપણું નિમિત્ત છે, એટલું. એવા **દ્રવ્યશ્રુતને વિષે શુદ્ધનિશ્ચયનયાત્મક...** શુદ્ધનિશ્ચયનયસ્વરૂપ... શુદ્ધ સાચા **પરમાત્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણાદિ સત્‌ક્રિયાને જાણીને...** અહીં આવીને... આ પરીક્ષા કરીને (જાણવું), એમ કહે છે પાઠમાં. આ આત્મા છે, શક્તિઓ છે, એની નિર્મળ સત્‌ક્રિયા. વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો રાગ છે, એ સત્‌ક્રિયા નહીં. આ વાંધા.

સવારમાં જરી એક વિચાર આવ્યો હતો કે આ કોની સાથે વાદ કરીશ. વ્યવહાર મોક્ષમાર્ગ અસત્યાર્થ છે, નિશ્ચય મોક્ષમાર્ગ એ સત્યાર્થ છે. (શ્રોતા : ભૂતાર્થ ને અભૂતાર્થ બેય છે). ભૂતાર્થ-અભૂતાર્થની વ્યાખ્યા આવી રસ્તામાં. જ્યારે આત્મા ભગવાન પોતાના આનંદમાં એકાગ્ર થઈને જે ક્રિયા–પરિણતિ નિર્મળ વીતરાગતા થાય એ સત્‌ક્રિયા, એ સાચો–સત્યાર્થ મોક્ષનો માર્ગ અને વિકલ્પ ઉઠે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો, માન્યતાનો આદિ વિકલ્પ એ તો રાગ છે. એ રાગ અસત્યાર્થ છે. મોક્ષના માર્ગની અપેક્ષાએ અસત્યાર્થ છે. છે ખરું. છે કહેવું ને વળી અસત્યાર્થ કહેવું. આ માર્ગ સમજવો ભારે (કઠણ. તેથી) વાદવિવાદ કરીશ નહીં એમ કહે છે. આહાહા!

એક કોર કહેવું કે નિયમસાર એટલે આત્માની સત્‌ક્રિયા. એ નિયમસાર, એ મોક્ષનો માર્ગ. વિકલ્પ ઉઠે ભગવાન.. ભગવાન.. ભગવાન.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. એ બધો રાગ છે, ધર્મ નહીં. આહાહા! એ અસત્‌ક્રિયા છે. આ ગજબ વાત છે! આહાહા! ભગવાન... અહીં તો 'ભગવાન' તરીકે જ બોલાવે છે આત્માને. સમજાણું કાંઈ? આહા! પ્રભુ! તારી પ્રભુતા–પરિપૂર્ણ પ્રભુતા તારામાં પડી છે અને પર્યાયમાં પ્રભુતા–મોટપ પ્રગટ થાય એ ક્યાંથી આવશે? અંદર પડી છે, ભાઈ! તને ખબર નથી. આહાહા! કાં તો ભગવાનનું ધ્યાન કરીને મળી જશે, ઢીંકણાનું ધ્યાન કર્યે મળી જશે. કોઈથી મળશે નહીં, સાંભળને! ભગવાન તો પર છે. ન્યાં ક્યાં...? એનું ધ્યાન કરવા જશે તો વિકલ્પ ઉઠશે. એ તો રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? ગુરુ દઈ દેશે. સોમચંદભાઈ! ગુરૂ પણ દે નહીં, સાંભળને! ક્યાં તારી પાસે નથી? અને એની પાસે ક્યાં વધારો છે કે તને આપે? આહાહા! કોઈની જવાબદારી કાંઈ ન મળે. આહાહા!

કહે છે કે **સત્‌ક્રિયાને જાણીને** એમ કહ્યું છે. પરીક્ષા કરજે. એમને એમ માની લેવું નહીં. ફલાણા આમ કહે છે, ઢીંકણા આમ કહે છે, ફલાણા આમ કહે છે. સમજાણું કાંઈ? અત્યારે તો બધું ચાલ્યું છેને. વેદાંતમાં આમ કહે છે, અરવિંદ ઘોષ આમ કહે છે અને ઓલો ક્યો એક બીજો? રમણ મહર્ષિ. ઘણા વાંચ્યા છેને, જોયા છેને બધા. ફલાણા આમ કહે છે... આહાહા!

અરે બાપુ! આ માર્ગ જુદો છે, એ ક્યાંય છે નહીં. સમજાણું કાંઈ? પણ એમાં જન્મ્યા એને એની ખબર નથી. કહેનારને ખબર નથી કે આ શું કહે છે વીતરાગ અને શું માર્ગ છે. એથી લોકો બિચારા સંપ્રદાયથી પણ ખસી જઈને બીજામાં ભળી જાય છે હેરાન.. હેરાન થવા માટે. આહાહા! એય! અહીં કહે છે કે આવી **સત્‌ક્રિયાને જાણીને** કરજે એમ કહે છે. ક્રિયા તો પર્યાય થઈ, અવસ્થા થઈ, વર્તમાન હાલત થઈ, વર્તમાન દશા થઈ. એ દશામાં ક્રિયા હોય. કાંઈ ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં હોય? ત્રિકાળી તો ધ્રુવ છે. આહાહા!

એવી **સત્‌ક્રિયાને જાણીને કેવળ સ્વકાર્યમાં પરાયણ...** કેવળ પોતાના કાર્યમાં તત્પર. એ કાર્ય એટલે? આત્માના આનંદમાં એકાગ્ર થઈને જે કાર્ય થયું—શાંતિ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યકચારિત્ર જે વીતરાગી પર્યાય સત્‌ક્રિયા થઈ—એ સ્વકાર્ય. એ જીવનું—આત્માનું સ્વકાર્ય. પરના કાર્ય તો કરી શકતો નથી. ત્રણ કાળમાં, આંગળી ફેરવવી એ આત્માના અધિકારની વાત નથી. કેમકે એ જડતત્ત્વો છે. જડતત્ત્વો પોતાના કાર્ય કર્યા વિના રહેતા નથી, પર્યાય થયા વિના રહેતી નથી. પણ તારામાં રાગાદિ થાય એ એનું કાર્ય નથી. આહાહા! ભગવાનની ભક્તિનો રાગ, દયા-દાનનો રાગ એ પણ આત્માનું કાર્ય નહીં. ભારે વાત ભાઈ! આહાહા! એ તો વૃત્તિની વાસના—વિકલ્પ ઉઠે છે. સમજાણું કાંઈ?

અહીંયા તો સ્વકાર્ય... ભગવાન આત્મા પૂર્ણ આનંદનો નાથ એની અંતરની દૃષ્ટિ કરીને અંતરમાં એકાગ્ર થતાં જે નિર્મળ નિર્દોષ.. નિર્દોષ અવસ્થા—વીતરાગી પરિણતિ (થાય) એ સત્‌ક્રિયા, એ આત્માનું કાર્ય. કહો, હવે આમાં શું થયું? પોપટભાઈ! આહાહા! આ દેહની ક્રિયા તો જડ છે, એ ક્યાં આત્માની ક્રિયા હતી? આ હાલવું-ચાલવું, બોલવું એ તો જડની ક્રિયા છે. એ આત્મામાં છે નહીં ને આત્માથી થતી નથી. અંદરમાં પુણ્યના ભાવ થાય એ પણ રાગની ક્રિયા છે, વિભાવ છે. એ માટે તો કહ્યું, આ અસત્ છે. અસત્ શબ્દે આત્માને લાભદાયક નથી. આહાહા! ભારે કામ બાપુ! સમજાણું કાંઈ? વળી પાછા મંદિરો બનાવવા, આ કરવા, એક જણો એમ કહે છે લ્યો. અધ્યાત્મનો ઉપાય ...? એને કહીએ તપસ્યા, ત્યાગ ને સેવા, તો કહે નિશ્ચયનયના વિષયમાં એ નથી એમ કહીને ઉડાડી દે છે. અરે! સાંભળને હવે! જેઠાભાઈ!

આ મંદિરો બનાવવા, ઢીંકણા કોણ બનાવે? એ તો પુદ્ગલની અવસ્થા છે. આત્મા કરે એને? ભારે વાત ભાઈ! અને એમાં રાગ આવે એ રાગ એનું કર્તવ્ય છે નિશ્ચયથી? એમ લખ્યું છે એણે એક ફેરી. અરે ભગવાન! તને ખબર નથી ભાઈ! બાપુ! આત્માની ક્રિયા તો જ્ઞાન.. જાણવાનું.. જાણવાનું.. જાણવાનું.. જાણવાનું.. આ શ્રદ્ધવાનું, આ ઠરવાની ક્રિયા એ આત્માની ક્રિયા છે. એ નિર્વિકલ્પ ને નિર્દોષ પર્યાય તે આત્માની ક્રિયા છે. આહાહા! ભારે આકરું કામ જગતને આ તત્ત્વ બેસવું અને કહેનારા એવી જાતના ઘણા. જગતના બિચારા ઘૂસી જાય છે ત્યાં. કાંઈ કરવું તો છેને બિચારાને. કરવું તો છેને. ધર્મ કરવો, ધર્મ કરવો એમ તો બિચારાને

છેને. ભલું કરવું એવો ભાવ છે, પણ ભલું કેમ થાય, ક્યાંથી થાય, કેમ થાય—એની ખબરું ન મળે. આહાહા! સમજાણું કાંઈ?

**સ્વકાર્યમાં પરાયણ**–તત્પર આહાહા! **પરમજિનયોગીશ્વરે...** પરમસ્વરૂપ આનંદનો ધામ શક્તિનો પિંડ પ્રભુ એમાં પર્યાય જે એકાકાર થઈ, એને સાધનારને પરમજિનયોગી કહેવામાં આવે છે. યોગી એટલે આનંદકંદનો નાથ ભગવાન એમાં આનંદમાં જોડાણ કરવું, એનું નામ યોગી. મન ને વચનમાં વિકલ્પ ઉઠાવવો, આમ કરવું ને તેમ કરવું—એ બધા યોગી નહીં, ભોગી છે. સમજાણું કાંઈ? આ તો પરાયણ (એટલે) આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એક અખંડ ધ્રુવસ્વરૂપ એની એકાગ્રતાની પર્યાયે એમાં જોડાણ કરવું–દ્રવ્યમાં જોડાણ કરવું–વસ્તુમાં જોડાણ કરવું. નિર્વિકલ્પ પર્યાય દ્વારા જોડાવું અંદરમાં. આહાહા! ભારે કામ ભાઈ! એને અહીંયા પરમજિનમુનિ કહે છે, એને અહીંયા પરમજિનમુનિ કહે છે. એ ગુણવાચક શબ્દ છે. એ પક્ષવાચક શબ્દ નથી. સમજાણું કાંઈ?

**પ્રશસ્ત–અપ્રશસ્ત સમસ્ત વચનરચનાને પરિત્યાગીને...** આહાહા! એ તો નાસ્તિથી વાત કરી. આમ થયું એટલે ઓલા વિકલ્પો શુભ-અશુભ છૂટી જાય છે. પણ 'પરિત્યાગીને' એમ કથન ઉપદેશની શૈલી છે તો આવ્યું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એ અતીન્દ્રિય સુખી થવા મથે છે. એ અતીન્દ્રિય સુખ અંદરમાં છે એમાંથી પ્રાપ્તની પ્રાપ્તિ (થાય છે) એટલે એમાં એકાગ્ર થાય તો પર્યાયમાં પ્રગટ થાય, એનું નામ જિનયોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પંચમહાવ્રત પાળવા અને જોઈને ચાલવું (આદિ) ક્રિયાને ભગવાન સત્‌ક્રિયા કહેતા નથી. વચનરચના છોડીને, **સર્વ સંગની આસક્તિને છોડીને...** લ્યો. પછી કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર એવા છે, તેવા છે—એ પણ સાંભળવું છોડી દઈને.

શ્રોતા : શ્રીમદ્દે...

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ ઊભા રાખ્યા છે બધાને. શું કરે? સ્વચ્છંદી બહુ હતા તે. છેવટે એકવાર એમેય કહ્યું છે કે સદ્‌ગુરુ.. સદ્‌ગુરુ કરો છો એ કોણ? એ આત્મા. એમ કહ્યું છે. ૨૯ (વર્ષે) છાયામાં કહ્યું છે. ૨૯મા વર્ષમાં ઉપદેશછાયા છેને! જોયું છે, બધું જોયું છેને બધાનું. આખા પુસ્તકો બધા હજારો જોયા છે બધાના. આહાહા! ઉપદેશછાયામાં આવે છે ૨૯મા વર્ષમાં. સદ્‌ગુરુ એટલે આત્મા, એમ કીધું ન્યાં. ભલે (બીજાને) સદ્‌ગુરુ વ્યવહારે કહેવાય. પોતે પોતાના સ્વરૂપને આનંદનો સાક્ષાત્ કરીને વેદન કરે, અતીન્દ્રિય આનંદનું વેદન કરે પર્યાયમાં–અવસ્થામાં, દ્રવ્ય-ગુણ તો ધ્રુવ છે, ત્યારે એને પોતાને પોતાનો ગુરુ ને દેવ કહેવામાં આવે છે. ત્યારે બીજા સમજાવનાર સર્વજ્ઞ પરમેશ્વર અને આવા સંતો એને ગુરુ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? વ્યવહારે. વ્યવહાર આવશ્યક... એવી આસ્થા. સમજાણું કાંઈ?

બાપા! મારગડા અનંત કાળમાં એને મળ્યા નથી. એક સેકંડ પણ સત્ય શું છે એ એણે સાંભળ્યું નથી. શ્રીમદ્ એમ કહે છેને, સત્ સાંભળ્યું નથી. શ્રીમદ્ એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! **સર્વ સંગની આસક્તિ છોડીને એકલો થઈને...** એકલો.. એ નેમિદાસભાઈ! મને કીધું હતું સવારમાં કે એકલો છે આ. એકલો જીવ છે. બેકલો કે દિ' હતો? હમણાં ઓરડીમાં કીધું. એકલા રહ્યા છે. એકલો છે. જીવ એકલો છે અનાદિનો. ....જડ છે, એમાં વિકલ્પ ઉઠે બોલવાનો એ વિકલ્પ-રાગ છે. આહાહા! કેવળજ્ઞાનીને વાણી-ઓમ ધ્વનિ નીકળે એ ઇચ્છા વિના નીકળે. છદ્મસ્થ વાણી જ્યારે કરે-થાય, ત્યારે એને વિકલ્પ-રાગ હોય છે. રાગ વિના વાણીમાં નિમિત્ત બીજું હોઈ શકે નહીં. આહાહા! મુદ્દાની વસ્તુ જ આ છે, એમાં મુદ્દાની કહે કે પાછળની કહે, જે છે આ છે. સમજાણું કાંઈ?

કહે છે કે **મૌનવ્રત સહિત, સમસ્ત પશુજનો (પશુ સમાન અજ્ઞાની મૂર્ખ મનુષ્યો) દ્વારા...** બીજાને તો એવું લાગે કે આ ભારે! ગાંડા છે, મૂરખ છે. મશ્કરી કરે મશ્કરી બીજા. (શ્રોતા : ગાંડાની હોસ્પિટલમાં મૂકાવો.) કહે છેને, સોનગઢવાળાને ગાંડાની હોસ્પિટલમાં મોકલો. બહુ સાચી વાત છે બાપા! જરી એવું આવ્યું હતું. પણ અમથું જેણે આ વાત સાંભળી નથી એને તો એવું લાગે કે આ શું જૈન? આ જૈનની વાતું કરે છે. જૈન શું હશે, કાંઈ (ખબર) ન મળે. મશ્કરી અંદર (કરે). સાચી વાત છે, સાંભળ! તું કોણ છે, ક્યાં છો એ બધી ખબર છે અમને. સમજાણું કાંઈ? આહાહા! એય! અહીં કહે છે પરમાત્મા ને સંતો... આહાહા!

પશુજનો-ઢોર જેવા જે અજ્ઞાની જેને દ્રવ્યની ખબર ન મળે. દ્રવ્ય એટલે વસ્તુ હોં, દ્રવ્ય એટલે આ તમારો પૈસો નહીં. જેને ગુણ... કેમ દ્રવ્ય એને કહે છેને? એક અમારે છેને ત્યાં ચાકળો. 'દ્રવ્યદૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ.' એક જણો આવ્યો થાનનો માણેકચંદભાઈ પોટરીવાળા. મહારાજ! આ દ્રવ્યદૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ...? કારણ કે અહીં કરોડપતિ બહુ આવે, પૈસાવાળા ઘણા આવે, લાખોપતિ ઘણા જ આવે, કરોડપતિ આવે. આ પૈસાવાળાને સમ્યગ્દૃષ્ટિ ક્યાંથી કીધા? અરે! કાંઈ સમજ્યા વિના... દ્રવ્યદૃષ્ટિ એટલે આ આત્મા વસ્તુ જે અખંડ અભેદ ચિદાનંદ આત્મા એની અંતર દૃષ્ટિ થવી એ દ્રવ્યદૃષ્ટિ છે. તારા પૈસાની વાત ક્યાં ધૂળમાં હતી? પૈસા ક્યાં તારા હતા? સમજાણું કાંઈ? આહાહા!

પશુ સમાન અજ્ઞાની મૂર્ખ એવા વડે **નિંદવામાં આવતો હોવા છતાં...** એ મશ્કરી કરશે. ..વાળો થઈ જા... કંઈ કોઈની સેવા કરવી નહીં, વ્રત પાળવા નહીં, તપસ્યા-અપવાસ કરવા નહીં અને અમે ધર્મી. સાંભળ, સાંભળ, બાપા! ઉપવાસ તું કહે છે એ ઉપવાસ નહીં, એ તો લાંઘણ છે. અહીં તો ભગવાન આનંદમૂર્તિ ગુણ-ક્તિનો પિંડ એના ઉપ નામ સમીપમાં એકાગ્રે વસવું એનું નામ ઉપવાસ છે. આના ભાન વિનાના બધી લાંઘણું છે. આ વર્ષીતપ કરે છેને બધા. સમજાણું? એય પોપટભાઈ! કરી નથીને વર્ષીતપ? કર્યો હતો? બચી ગયા છે. આહાહા! બે-

પાંચ-દસ હજાર ખર્ચે તો વર્ષીતપ ઉજવ્યો કહેવાય પાછો. માળા મરી ગયા છેને આમને આમ. અહીં તો આત્મા અનંતગુણનો પિંડ દ્રવ્ય-વસ્તુ અને એની અનંતી શક્તિઓ એમાં એકાગ્ર થઈને ઉપ-વાસ—સ્વરૂપમાં સમીપ થઈને અંતર વસવું એનું નામ ભગવાન ઉપવાસ કહે છે. એ વિનાની બધી ક્રિયાઓને લાંઘણ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

**સમસ્ત પશુજનો વડે નિંદવામાં આવતો છતાં અભિન્ન રહીને...** આહાહા! ખંડ ન કરીશ. અરે! લોકો આવું કેમ કહે છે? આ ઘણા આમ માને છેને. લાખો આમ માનનારા છેને. માનનારાઓ તો કીડીઓના નગરા ઘણા હોય છે, તે શું છે? એ કાંઈ માણસમાં ગણાય? એમ અજ્ઞાનીઓના ટોળા કહે કે આ ન હોય, આવો માર્ગ ન હોય. અંતરમાં એકલું પોતાનું કામ કરવું. હવે કૂતરાય પેટ ભરે છે પોતાના. બીજાનું કામ કરે એ હુશિયાર સારો કહેવાય. ધૂળે કરી શકતો નથી. મફતનો હેરાન થઈને મરી જશે. બીજાની સેવા કરીએ, એ સેવા અમે કરી શકીએ છીએ—એ મિથ્યાભ્રમ અજ્ઞાનનું છે. સમજાણું કાંઈ?

'**અભિન્ન રહીને**' છેને? (શબ્દાર્થ)–**છિન્ન-ભિન્ન થયા વગરનો, અખંડિત, અચ્યુત**. એક-એક શબ્દમાં ગૂઢતા છે. અંદર ભગવાન આત્મા જ્ઞાન ને આનંદનો સાગર પ્રભુ એમાં એકાગ્રતાની ક્રિયામાં ખંડ ન થવા દઈશ. એટલે વિકલ્પ ન ઉઠાવીશ કે આ શું કહે છે, આ શું... કહેનારા એમ જ કહેશે. સમજાણું કાંઈ? **નિજકાર્યને**–પોતાના કાર્યને... દેખો! પોતાનું કાર્ય એ કે આત્માના આનંદમાં એકાગ્ર થવું તે. એ જ્ઞાનપુંજ પ્રભુ છે, જ્ઞાનનો ઢગલો પ્રભુ એકલો જ્ઞાનનો પુંજ છે. એમાં એકાગ્ર થઈને નિર્વિકલ્પ કાર્ય કરવું એ આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? એને સમજણમાં તો હજી લે. શ્રદ્ધાના ઠેકાણા હજી ન મળે, વ્યવહાર સમજણના ઠેકાણા ન મળે, એને આ ક્યાંથી આવતું હશે? સમજાણું કાંઈ? આહાહા!

**કે જે નિજકાર્ય...** આહાહા! **નિર્વાણરૂપી સુલોચનાના સંભોગસૌખ્યનું મૂળ છે...** પૂર્ણ આનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, પૂર્ણ અતીન્દ્રિય આનંદની અંતરમાંથી પ્રાપ્તિરૂપી મુક્તિ. એવી નિર્વાણરૂપી સુલોચના નામ પરિણતિ સ્ત્રી, એના આનંદનું અનુભવવું, એ આત્માના આનંદમાં એકાગ્રતાની ક્રિયા એ મુક્તિનું મૂળ કારણ છે, મોક્ષનું આ કારણ છે. સમજાણું કાંઈ? આહાહા! દયા, દાન, વ્રત ને ભક્તિ ને પૂજા—એ બધા ભાવો પુણ્ય છે, એ મુક્તિનું કારણ નહીં, ધર્મ નહીં. નિર્વાણ એટલે મુક્તિ. આત્માની પૂર્ણ પવિત્રતાની પ્રાપ્તિ એનું નામ મુક્તિ, એને અહીં નિર્વાણ કહે છે. નિર્વાણ એટલે શાંતિ–પૂર્ણ શાંતિ. પૂર્ણ શાંતિરૂપી મુક્તિ એની ...રૂપી સુલોચના. સુલોચના એટલે સ્ત્રી, એની–આનંદની સાથે એકાગ્ર થવું એવું જે અનંત આનંદનું સુખ, એવી જે મુક્તિ, એનું મૂળ કારણ આ નિજકાર્ય છે. આત્મામાં અંતર એકાગ્ર ક્રિયા–સત્‌ક્રિયા એ મુક્તિનું મૂળ કારણ છે. બાકી મોક્ષનું કોઈ બીજું મૂળ કારણ છે નહીં. આહાહા! કહો, સમજાણું આમાં?

**શ્લોકાર્થ : આત્મજ્ઞાની મુમુક્ષુ જીવ...** શ્લોકાર્થ છેને નીચે. 'આત્મજ્ઞાની' શબ્દ કહીને એને જ્ઞાનવાળો, ભાનવાળો, કાર્યવાળો લીધો. આહાહા! બીજું જ્ઞાન હો-ન હો શાસ્ત્રનું, તો એનું કાંઈ નહીં. આત્મા જે આનંદનો ધામ ભગવાન એનું વેદન, એનું સ્વસંવેદ્ય જ્ઞાન–પોતાના આનંદ ને જ્ઞાનને વેદવાવાળું જે જ્ઞાન એને આતમજ્ઞાન અને એનો ધરનાર એને આત્મજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા! ભારે વાતું ભાઈ આવી! એક જણો એમ કહે, મહારાજ મોટી મોટી વાતું કરે, પણ કેમ કરવું એ વાત ન કરે. એ કરવાનું જ આ છે. યશોવિજય એમ કહે છે વળી.

આહાહા! અરે ભગવાન! બાપુ! તારી મોટપની તને ખબર નથી. આહાહા! તારા અનંત ગુણોમાં એક-એક ગુણ મહામોટપ અનંત શક્તિથી ભરેલો છે. એવી એવી તો અનંતી શક્તિઓ તારામાં–એક દ્રવ્યમાં પડી છે. ક્યાંથી ખ્યાલ આવે? એવી અનંતી શક્તિઓનું સત્ત્વરૂપી દ્રવ્ય એક, એમાં એકાકારરૂપી નિજકાર્ય. જેઠાભાઈ! આ પોતાનું કાર્ય. ઓય માળે! આ તો સ્વાર્થી થઈ ગયા બધા. પરનું કાંઈ કરે, સેવા કરે, બીજાને મદદ આપે. ધૂળમાંય મદદ આપતો નથી. કોણ આપે? સૌ સ્વતંત્ર તત્ત્વ છે. દરેક તત્ત્વની અવસ્થા તે તત્ત્વને તે કાળે થયા વિના રહે નહીં. એમાં શું કર પરને? આહાહા!

**પશુજનકૃત લૌકિક ભયને તેમજ ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચનાને છોડીને...** એ તો વાણી–ભાષા કીધી, પણ રાગને છોડીને એમ કહેવું છે. કહો, આ તો શુભરાગને ઘોર સંસાર કરનારું કીધું. વીતરાગભાવે થાય એને ધર્મ કહ્યો. આવો ભાવ રાગ છે, એને ધર્મ કહ્યો નહીં કોઈએ. **ઘોર સંસારની કરનારી પ્રશસ્ત-અપ્રશસ્ત વચનરચના...** વાણીની રચના કાંઈ સંસારનું કારણ નથી, પણ વાણીના કાળે જે રાગ થાય છે, એ શુભરાગ છે એ સંસારનું કારણ છે. આહાહા! ઉપદેશને કાળે વાણી નીકળે તો વાણીને કારણે. ત્યાં આત્મા વાણી કરતો નથી. આત્મા વાણી કરે એ માન્યતા મૂઢ અજ્ઞાનીની છે. એ વિકલ્પ ઉઠ્યો છે એ રાગ છે, એમ કહે છે અહીં તો. છદ્મસ્થ છેને, તો વાણી કાળે એને રાગ હોય જ તે. કેવળીને ન હોય.

શ્રોતા : વાણી ન હોય તો સમજે ક્યાંથી?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સમજે-ન સમજે, સ્વતંત્ર છે. એની સાથે શું સંબંધ છે? અને વાણીથી ઓલો સમજે છે? એય! વાત તો એવી છે બાપા! એ તો એની યોગ્યતાને કારણે એની દશાએ તે સમજે છે, ત્યારે આ વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. એટલે કે એ વાણી કાંઈ કરતી નથી.

શ્રોતા : પણ જોઈએ તો ખરીને?

પૂજ્ય ગુરુદેવશ્રી : જોઈએનો અર્થ શું? આખા જગતમાં છ દ્રવ્ય પડ્યા છે, તત્ત્વો અનંત પડ્યા છે, હો. પણ એને લઈને કે આ સમજે છે.... તેથી હમણાં કહશે ૧૫૬માં. બીજાને

સમજાવવામાં આકુળતા કરીશ નહીં. બધા એક વિચારના નહીં થાય. અનેક લબ્ધિઓ, અનેક કર્મ, અનેક પ્રકારના જીવ જગતમાં છે. એ ૧૫૬માં કહેશે. ઉતાવળો થઈશ નહીં કે આ બધાને સમજાવી દઉં, વિકલ્પમાં જોડાવી દઉં, એકાકાર થઈ જઉં. કોણ સમજે? ભગવાનના માર્ગમાં તો જીવની જાત ભવિ-અભવિ આદિ અનેક પ્રકારે વર્ણવ્યા છે. એની યોગ્યતા પણ અનેક પ્રકારની વર્ણવી છે. એ બધા એક વિચારના થઈ જાય (એમ) ઉતાવળો થઈશ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**તથા કનક-કામિની સંબંધી મોહને તજીને, મુક્તિને માટે પોતે પોતાનાથી પોતાનામાં જ અવિચળ સ્થિતિને પામે છે.** આહાહા! **પોતે** એટલે ભગવાન આત્મા આનંદધામ, **પોતાનાથી** એટલે નિર્વિકલ્પધ્યાનથી, રાગના વિકલ્પની અપેક્ષા છોડી અંદર આનંદના અંતર સ્વરૂપમાં પરિપૂર્ણના લક્ષે થતી દશા એનાથી, **પોતાનામાં જ** (એટલે) પોતાના જ્ઞાનાનંદ જ્ઞાનસ્વભાવમાં **અવિચળ સ્થિતિને પામે છે**. આવી અંતરક્રિયા કરનારો મુક્તિની અવિચળ દશાને પ્રાપ્ત થાય છે. આહાહા! એમ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા, સંતોનું આ કથન છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૩, શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૧
## શ્લોક - ૨૬૬-૨૬૭, ગાથા - ૧૫૬, પ્રવચન નં. ૧૮૨

આ નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. શ્લોક આવી ગયો છે, ફરીને. ૨૬૬.

**भीतिं विहाय पशुभिर्मनुजैः कृतां तं**
**मुक्त्वा मुनिः सकललौकिकजल्पजालम् ।**
**आत्मप्रवादकुशलः परमात्मवेदी**
**प्राप्नोति नित्यसुखदं निजतत्त्वमेकम् ॥२६६॥**

કહે છે કે જીવને જરૂરિયાતનું કામ શું? આત્માના હિતાર્થીને આવશ્યક નામ જરૂરનું કાર્ય–કામ શું? એ આત્મપ્રવાદમાં કુશળ હોવો જોઈએ. જેમાં આત્માની વાત... અધ્યાત્મ ગ્રંથોમાં આત્મપ્રવાદ નામનું એક સૂત્ર છે–એક શાસ્ત્ર છે એમાંથી આ બધા બનેલા છે. આત્મા જેમાં ભરેલો હોય વિશેષ એવા આત્મપ્રવાદ નામના શાસ્ત્રમાં કુશળ હોવો જોઈએ. કહો, સમજાણું કાંઈ? જેને આત્માનું હિત કરવું હોય એની વાત છે. અનંત કાળથી અહિત તો કરી રહ્યો છે.

શ્રોતા : હિત માન્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : માને છે એટલે? માને એટલે શું થઈ ગયું? અનાદિકાળથી પોતાની જાતને ભૂલી, પરને પોતાના માની અને અંદરમાં શુભ ને અશુભ રાગની–પરિણામની ક્રિયાઓ એ મેં કરી, એ મારી છે અને મને એમાં લાભ છે—એમ માનીને ચાર ગતિમાં દુઃખી થઈને રખડે છે. સમજાણું કાંઈ?

ચોરાશીના અવતારમાં એ પોતાની જાત શું છે, સર્વજ્ઞ શું કહે છે... પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એના શાસ્ત્રમાં આત્મા કોને કહેવો, કેમ છે અને કેમ પ્રાપ્ત થાય—એના જ્ઞાન વિના બાહ્યના જ્ઞાન કર્યા આ સંસારના રખડવાના–વેપારના ને ધંધાના. એ તો બધા ચાર ગતિમાં રખડવાના રસ્તા છે, દુઃખી થવાના રસ્તા છે. જેને આત્મહિત કરવું હોય એણે આત્માની વાત પહેલી જે શાસ્ત્રમાં છે એ શાસ્ત્રને બરાબર જાણવા જોઈએ. કહો, સમજાય છે કાંઈ? આત્મપ્રવાદ નામનું સૂત્ર છેને. મૂળ આગમનો શબ્દ છેને. અહીં જ્ઞાનની અંદર નહીં, પણ પહેલી આગમની વાત છે. જિનકથિત પરમસૂત્ર છેને મૂળ પાઠમાં, એના આ કળશ છે બધા. ભગવાન આત્માની વાત સમયસાર, નિયમસાર વિગેરે પરમાગમ મહાશાસ્ત્રો એમાં જે કહી છે એ વાતમાં એ બરાબર કુશળ–નિપુણ હોવો જોઈએ. નહીંતર અનંત કાળથી રખડે છે અને ક્યાંકનો ક્યાંક રસ્તો થઈ જશે ઊંધો, તો એનું જન્મ-મરણ મટશે નહીં.

**શ્લોકાર્થ : આત્મપ્રવાદમાં (આત્મપ્રવાદ નામના શ્રુતમાં) કુશળ...** શ્રુતમાં હોં શાસ્ત્રમાં. **એવો પરમાત્મજ્ઞાની...** પરમાત્મા પોતાનું સ્વરૂપ જ છે. એ શાસ્ત્રમાં–અધ્યાત્મશાસ્ત્રમાં એને જણાવ્યો છે. પરમસ્વરૂપ ભગવાન આત્મા નિજાનંદ શુદ્ધતાના, પવિત્રતાના ધામરૂપ આત્મા એનો જ્ઞાની–એને જાણનારો. જેને હિત કરવું છે એ હિત કરનારો કોણ છે એને જાણનારો, એમ કહ્યું. સમજાણું કાંઈ? એવા **પરમાત્મજ્ઞાની મુનિ**... મુનિની મુખ્યતાએ વાત છે. **પશુજનો વડે કરવામાં આવતા ભયને છોડીને...** અરે! સાધારણ પ્રાણી બિચારાને, આત્મા શું ચીજ છે, કેમ પ્રાપ્ત થાય, એનું દ્રવ્યસ્વરૂપ શું છે, પર્યાયસ્વરૂપ શું છે—એની ખબર નથી એ લોકો તો આવી વાત સાંભળીને મશ્કરીમાં જ ઉડાવે. સમજાણું કાંઈ?

સંસારના ડાહ્યા હોય રખડવાના, એમાં કુશળ અને આવી વાતું સાંભળે અથવા કોઈ (આત્માની વાત) કરનાર હોય એને દેખે (તો કહે) આ શું માળા? એની નિંદા જ કરે એ તો. કહો, પોપટભાઈ! આ સંસારના ડહાપણ હોય બધા લ્યો હુશિયાર. એક વાત કાઢે તો કેટલી વાતોના તર્ક ઉઠાવે. એવાઓ આવા અધ્યાત્મની વાત ને અધ્યાત્મના કરનારા, પોતાના આત્મામાં સમાવાના કામી એવા જીવોની (નિંદા કરે) એ બધા પશુ છે. સમજાણું કાંઈ? આત્માની ચીજ શું છે, પરમેશ્વરે શું કહ્યું છે—એનું જેને જ્ઞાન નથી એને (એમ લાગે કે) આ શું અધ્યાત્મની (વાત)? એક આત્મા.. આત્મા.. આત્મા.. લ્યો આત્મા. સમજાણું કાંઈ?

એમ પશુ નામ વિકળ–અજ્ઞાનીઓ (દ્વારા) કરવામાં આવતાં ભયને છોડીને... એની દરકાર ન કરે. દુનિયા તો એમ જ ચાલશે. ચાલ્યા જ કરે છે એમ કહે છેને. ચાલ્યા જ કરે છે દુનિયા એની જાતની, એમાં કાંઈ નવીન છે નહીં. ભય છોડી દેજે કે આ દુનિયા આવા-આવા મોટા આ ધર્મની મશ્કરી કરે, સમૂળગા ધર્મને માને નહીં અને અમે જાણે મોટા દુનિયાના ડાહ્યા છીએ. હો, ભલે માને, એ બધા જવાના છે હેઠે. સમજાણું કાંઈ? એ નિગોદને પંથે પડેલા છે. એની વાતને ગણીશ નહીં તું, એમ કહે છે. સમજાણું કાંઈ? એનો ભય છોડી દેજે કે આવા બધા મોટા મોટા આવું મને કહે તો. ... શી રીતે? હવે એ દુનિયા ઢોર જેવી છે, એને ઘરે રહી. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા : દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જોવા જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી : એટલે શું? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જોવા જોઈએ એટલે શું? ઊંધું કરવું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જોઈને? એ ચેતનજી! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોવા પડે, કહે છે. આહાહા! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ દુનિયા જાણે. અજ્ઞાની હોય એ ગમે તે માને. એની સંખ્યા ઝાઝી હોય અને વિરોધ પણ કરે. ખબર નથી ત્યાં. ચીજ શું છે અને કેમ સધાય અને કેમ તેની પૂર્ણની પ્રાપ્તિ થાય તેના ઉપાયની વસ્તુની, કારણની અને એના કાર્યની? કારણ એવો આત્મા, એનો ઉપાય એ મોક્ષનો માર્ગ અને એનું ફળ એવો મોક્ષ—એ શું ચીજ છે એને કદાચિત્

સાંભળી નથી એણે. એને એમ લાગે લ્યો, આ આત્મા. ન કરવી કોઈની સેવા. સેવા ન કરવી. તમે તો પાંજરાપોળનું કરો છો ન્યાં. ખબર છેને. પણ આ તો લોકો એમ કહેને કંઈક. આ ઠીક લ્યો! ... કોઈની સેવા કરી શકાય નહીં અને આ ત્યાગ-તપસ્યા કરવી એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. આ બાહ્ય ત્યાગ.... સમજાય છે? માળા ઠીક આ જાગ્યા વાડામાં.

અપવાસ કરો, આ કરો, આ કરો. પણ આ હવે એ તો ભાઈ! રાગની, બંધની ક્રિયા છે એ સ્વરૂપમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આ ત્યાગ કરો, બાયડી-છોકરા છોડો, કુટુંબ છોડો, આ છોડો, આ છોડો. ત્યાગની વાત આવે તો કહે, એ છોડી શકે નહીં આત્મા. કહેનારા એમ કહેને કે છોડી શકાય નહીં એમ કરીને એને પોતાનો સંગ છોડવો નથી. હા, એમ કહે છે. સમજાણું કાંઈ? તપસ્યા વિના ... આવે? અપવાસ કરવા, આવું વ્રત કરવું—એ તો આત્મા કરી શકે નહીં પરનો ત્યાગ. આત્માના ભાન વિનાના અપવાસ એ તો બધી લાંઘણું છે. માળા એમ કહીને તપસ્યાને ઉડાડે અધ્યાત્મીઓ, એમ કહે છે. કરો તો ખબર પડે. એ વાત શેઠ ઠીક કહે છે. જાતે કરે તો ખબર પડે કે કેમ અપવાસ થાય છે. આહાહા! વાત સાચી ભાઈ! એમ કહે છે લોકો. અરે ભાઈ! આ આત્મા શું ચીજ છે એને જાણ્યા વિના, એના ભાન વિના એ બધા ત્યાગ-તપસ્યા એ બધી લાંઘણું છે. આહાહા! શું થાય? જગત લૂંટાણું છેને અનાદિથી ધર્મને નામે. અને એના કહેનારા પણ એવા એને મળી રહે છે.

કહે છે, એનાથી ભય છોડી... ચાહે સો દુનિયા બોલે, પણ તારો આત્મા શું ભગવાન કહે છે એને જાણીને–એનું જ્ઞાન કરીને ઠર. આ એને કરવાનું છે. આહાહા! સમજાણું કાંઈ? એક જણા કહેતા હતા કે તમે દાનમાં ધર્મ ન થાય એમ (કહીને) પૈસો રાખવો ઠીક બતાવો છો. વળી હવે એમ કહેતો હતો. સમજાણું કાંઈ? જામનગરમાં. આવ્યા. ઠીક, તમે (કહો છો) પૈસાવાળાને કે પૈસા-બૈસા આપી શકાય નહીં, પૈસા દઈ શકાય નહીં. ઠીક રાખવાનું કહ્યું એ. એ ક્યાં એને બેસે? એમ મશ્કરી કરી અપાસરામાં આવીને. આહાહા! દાનમાં ધર્મ નહીં અને પૈસા-બૈસા જડ છે એ આપી શકાય નહીં—એમ કહીને આ ઠીક તમે કાઢ્યો ધર્મ. આરે ભગવાન! પોપટભાઈ! એ બોલે, એમ બોલે. ભાઈ! કોણ કોને છોડે, કોણ કોને ગ્રહે? આત્મા સ્વતંત્ર પદાર્થ છે. આહાહા! એ પરવસ્તુને ગ્રહે શી રીતે ને છોડે શી રીતે? અહીંયા તો રાગનેય ગ્રહ્યું નથી તો રાગને છોડવું એ વસ્તુમાં નથી. આહાહા! ઝીણી વાત ભાઈ!

એ દુનિયાના ભયને છોડી દઈને **અને પેલી (પ્રસિદ્ધ) સકળ લૌકિક જલ્પજાળને (વચનસમૂહને)...** બોલવાનું લૌકિક બધું એવું છોડી દઈને–**તજીને, શાશ્વતસુખદાયક એક નિજ તત્ત્વને પામે છે.** મુક્તિ પામે એમ કહે છે. શાશ્વત ભગવાન આત્મા એવું સુખદાયક—સુખનું–આનંદનું દેનારું આત્મતત્ત્વ છે, જેમાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એવા તત્ત્વમાં એનું જ્ઞાન કરીને ઠરતાં એની પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ થાય. **એક નિજ તત્ત્વને પામે છે**. પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ

એકને પામે. એનું નામ મુક્તિ ને એનું નામ ધર્મનું ફળ. ૧૫૬. આ તો આવી ગઈ છે વાત. હવે આ ગાથા નવી આવી. કાલે ..... ઓલા બધા માણસો.

**णाणाजीवा णाणाकम्मं...** કહે છે, ભાઈ! તું કોની સાથે વાદવિવાદ કરીશ? આવી ગહન વિષય વસ્તુ... આહાહા! અને જીવની એની અવસરની–લાયકાત–યોગ્યતા અનેક પ્રકારની, જીવો અનેક પ્રકારના, એને જન્મના દેનારા કર્મ અનેક પ્રકારના, એની વર્તમાન દશામાં અનેક પ્રકારની ભિન્ન-ભિન્ન યોગ્યતા અવસરની. હવે તું કોને સમજાવીશ? ભાઈ! સમજાણું કાંઈ? વાદવિવાદ કર્તવ્ય નથી એમ કીધું. ઓલું કર્તવ્ય છે, આ કર્તવ્ય નથી, એમ કહે છે. નિશ્ચય પરમ-આવશ્યક છેને! અજ્ઞાની સાથે કે અરે! સ્વસમય સાથે—બેયની વાત કરી. વાદવિવાદ કરીશ નહીં કારણ કે આ વસ્તુની ગંભીરતા એટલી છે કે એ ગંભીરતાને ન પહોંચી શકે એને નહીં બેસે આ વાત. અને એ જીવની પણ યોગ્યતાનો કાળ ન હોય ત્યાં સુધી નહીં બેસે. સમજાણું કાંઈ?

**णाणाजीवा णाणाकम्मं णाणाविहं हवे लद्धी ।**
**तम्हा वयणविवादं सगपरसमएहिं वज्जिज्जो ॥१५६॥**

નિશ્ચય પરમાવશ્યકમાં આ નાખ્યું એમણે કે પરની વાદવિવાદ કરવો એ કાંઈ આવશ્યક છે નહીં. આહાહા!

**છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!**
**તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.**

**ટીકા : આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે.** વચનના વ્યાપારની નિવૃત્તિ એનું કારણ બતાવે છે. **(અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).** કોની સાથે વાદ કરવો? ઓલો કહે, ચાલો વિચાર કરીએ. 'વાદવિવાદ' ભાષા ન લેતાં આપણે વિચાર કરીએ (એમ કહે). આહાહા! એટલે એ વચનનો વાદ. આમ છે, તેમ છે—એમ કરવા જઈશ તો ઓલું નહીં બેસે એને, એમ કહે છે મૂળ તો. વચનને છોડી દે વાતને. સ્વસમયવાળા હો કે અન્યમત હો, બધા સાથે વાદવિવાદ છોડવા જેવો છે એમ અહીં તો કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**જીવો નાના પ્રકારના છે...** અનેક પ્રકારના, જીવ જ અનેક જાતના છે. એક તો **મુક્ત અને અમુક્ત**–સિદ્ધ અને સંસારી. અમુક્ત એટલે સંસારી. **ભવ્ય અને અભવ્ય. હવે સંસારીઓ—ત્રસ અને સ્થાવર, દ્વીન્દ્રિય, ત્રીંન્દ્રિય, ચતુરિંદ્રિય તથા (પંચેન્દ્રિય) સંજ્ઞી ને (પંચેન્દ્રિય) અસંજ્ઞી એવા ભેદોને લીધે ત્રસ જીવો પાંચ પ્રકારના છે.** આ સંસાર જીવો આવા આટલા છે એમ કહે છે. **પૃથ્વી**–પૃથ્વીના જીવ છે, **પાણી**ના જીવ છે, આહાહા! પત્થરનો એક કણ રાઈ જેટલો લ્યો સચેત તો એમાં અસંખ્ય જીવ છે. પાણીનું એક બિંદુ લ્યો એમાં અસંખ્ય જીવ

છે. અગ્નિ, **તેજ** એટલે અગ્નિ. કણકી લ્યો (એમાં) અસંખ્ય જીવ છે. **વાયુ..** એકવાર પવન આવે એમાં અસંખ્ય જીવ છે. **અને વનસ્પતિ...** સાધારણ ને અસાધારણ. એવા સાધારણના અનંત અવતાર ધારણ (કર્યાં. અને) પ્રત્યેક. એવા જીવો **એ (પાંચ પ્રકારના) સ્થાવર જીવો છે.** આવી જીવની યોગ્યતા પ્રમાણે આ દશા છે, એમ કહે છે. કોની સાથે તું વાદવિવાદ કરીશ?

હવે, ભવિ જીવ છે જગતમાં. **ભવિષ્યકાળે સ્વભાવ—અનંત-ચતુષ્ટયાત્મક સહજ જ્ઞાનાદિ ગુણોરૂપે ભવનને યોગ્ય (જીવો) તે ભવ્યો છે...** જેને સ્વભાવ અનંત-અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત પુરુષાર્થ—એવો અનંત ચતુષ્ટસ્વરૂપ–અનંત ચાર સ્વરૂપ... સહજ જ્ઞાનાદિ ગુણરૂપે... ગુણ શબ્દે પર્યાય. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ એવો ભવ્યનો એ થવાનો સ્વભાવ છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **ભવનને યોગ્ય—પરિણમન, થવું તે**. જોયું! સ્વભાવિક જ્ઞાન અનંત, સ્વભાવિક દર્શન અનંત, અનંત આનંદ, અનંત વીર્ય–પુરૂષાર્થ એવું પર્યાયમાં પરિણમન થવું ભવિષ્યમાં, એને અહીં ભવિ જીવ કહે છે.

**આમનાથી વિપરીત (જીવો) તે ખરેખર અભવ્યો છે.** જેનામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર(રૂપે) પરિણમવાની શક્તિ નથી એવા અભવિ જીવો પણ અનંત છે. **દ્રવ્યકર્મ** જડ, **ભાવકર્મ–**પુણ્ય-પાપના અનેક પ્રકારના વિકલ્પો જગતમાં છે. જડકર્મ પણ અનેક પ્રકારનું એની પાસે નિમિત્તરૂપે પડ્યું છે કે જે જન્મનું કારણ છે, સંયોગનું નિમિત્ત છે એમ. અને **ભાવકર્મ**–વિકારી પરિણામ અનેક પ્રકારના વિકલ્પની જાત અજ્ઞાની પાસે હોય છે. **અને નોકર્મ–**શરીરાદિ, વાણી આદિ અનેક પ્રકારના હોય છે. **એવા ભેદોને લીધે...** કર્મ પણ અનેક પ્રકારનું હોય છે. કોની સાથે વાદવિવાદ કરીશ? કહે છે. આહાહા! ભારે.....

એમ કર્મની **(આઠ) મૂળ પ્રકૃતિ અને (એકસો અડતાલીસ)...** મૂળ આઠ અને એના પેટા ભેદ ૧૪૮–ઉત્તર પ્રકૃતિ ભેદો ૧૪૮. **અથવા** કર્મમાં પણ **તીવ્રતર, તીવ્ર, મંદ ને મંદતર...** તીવ્રતર એટલે આકરા ઉદય, તીવ્ર એટલે એનાથી કંઈ મંદ ઉદય અને મંદ ઉદય અને એનાથી મંદ. એવા **ઉદયભેદોને લીધે...** કર્મના ઉદયના આવા પ્રકારો જગતને છે. તીવ્ર... તીવ્રતર એટલે આકરું, તીવ્ર એથી મંદ, મંદ (એટલે) એનાથી (-તીવ્રથી) મંદ (અને) મંદતર એનાથી મંદ. સમજાણું કાંઈ? **કર્મ નાના પ્રકારનું છે** જે સંસારનું કારણ છે એમ કહે છે મૂળ.

**જીવોને સુખાદિની પ્રાપ્તિરૂપ લબ્ધિ...** બહારની સામગ્રી મળવી, અનુકૂળતા, પ્રતિકૂળતા વિગેરે—એવી લબ્ધિ પ્રાપ્ત થવી એ પણ અનેક પ્રકારે છે. પ્યાલા ફાટી જાય અંદરથી, બે-પાંચ કરોડ રૂપિયા થયા, રૂપાળું શરીર હોય, કંઠ ઠીક હોય, બાયડી-છોકરા સારા હોય, થઈ રહ્યું હું.. હું.. હું. કહો, પોપટભાઈ! આહાહા! અનેક પ્રકારના સુખ-દુઃખના સંયોગો અને કલ્પનામાં પણ સુખ-દુઃખની પ્રાપ્તિના પરિણામ ભિન્ન-ભિન્ન જાતના હોય છે. **કાળ**લબ્ધિ. કહે છે કે એને ધર્મ ને અધર્મ પામવાનો સમય હોય છે. એવી કાળલબ્ધિ પણ જીવની ભિન્ન-ભિન્ન હોય છે.

સમજાણું કાંઈ? **કરણ**લબ્ધિ. સમ્યગ્દર્શન પામવાના કાળે કરણલબ્ધિ હોય છેને—અધઃકરણ, અપૂર્વકરણ. **ઉપદેશ**લબ્ધિ–દેશનાલબ્ધિ. સંતો અને જ્ઞાની પાસેથી મળેલી દેશનાલબ્ધિ પણ અનેક પ્રકારે જગતને મળી હોય. સમજાય છે કાંઈ?

**ઉપશમ**લબ્ધિ—વિશુદ્ધિ–શુભભાવ–રાગની મંદતાના શુભભાવ... ....સ્વરૂપ છે એ તો જાણનારને, દેખનારને આનંદમય છે. એ કોઈનું કરે અને કોઈથી એમાં થાય એવો જીવ નથી. આહાહા! ત્યાગ, તપસ્યા ને સેવાની વાત આવે તો અધ્યાત્મીઓ, એ નિશ્ચયનયમાં હોય નહીં એમ કરીને ઉડાવે. આહાહા! ભગવાન! શું કરે છે તું? ત્યાગ કોનો? અહીં તો પરમાર્થે રાગનો, મિથ્યાત્વનો ત્યાગ એ વસ્તુમાં નથી. આહાહા! એવો જેને પરમાર્થ જાણ્યો છે એને તો જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ આત્મા એનું અંતર ભાન થતાં રાગાદિ–વિકલ્પાદિ ઉત્પન્ન થતાં નથી, એને 'ત્યાગ કર્યો' એમ નિમિત્તથી કથન કહેવાય છે. આવો માર્ગ જ્યાં છૂટે છે...

**પરમાર્થના જાણનારાઓએ સ્વસમયો...** સિદ્ધાન્તિક પોતાના પક્ષમાં આવેલા એની સાથે વાદવિવાદનું શું કામ છે? કહે છે. આહાહા! સમજાણું કાંઈ? વચનમાં વિકલ્પો ઉઠે અને વચનમાં રોકાતાં રાગમાં આવી જાય અને એથી કંઈ લાભ જીવને થાય—એમ છે? અને બીજાને સમજાવવાને માટે એટલી આકુળતા, ઉતાવળ ન કરીશ કે તું તારા સ્વરૂપને ખોઈ બેસે. કારણ કે બધા એક વિચારના થાય એ સંભવે નહીં. આહાહા! સમજાણું કાંઈ? કેમ બરાબર છે? બધા એક વિચારના થાય એમ કેમ બને? જગતમાં અનેક પ્રાણી ભિન્ન-ભિન્ન છે, એમ કહ્યુંને? દ્રવ્યની યોગ્યતા ભિન્ન, અવસરની યોગ્યતા ભિન્ન-ભિન્ન છે. આહાહા!

માટે પરમાર્થ એવો ભગવાન આત્મા આનંદનો ધામ જ્ઞાનસ્વરૂપ જ એ તું છે. એને **જાણનારાઓએ સ્વસમયો અને પરસમયો**–અન્યમતી **સાથે વાદ કરવાયોગ્ય નથી**. એ જીવોને આવશ્યક કાર્ય નથી, એમ કહે છે કે વાદવિવાદ કરીને એને જીતી લઉં. સમજાણું કાંઈ? ભલે જૈનશાસનની પ્રભાવના માટે (હોય, પણ) એ કર્તવ્ય નથી કંઈ. એય! આહાહા! સ્વસમયો અને પરસમયો એટલે સ્વસિદ્ધાંતના યથાર્થ માનનારાઓ અને વિપરીત માનનારાઓ—બેય સાથે એ વચનનું કહેવું છોડી દે, એનો અર્થ કે એ તરફના વિકલ્પને છોડી દે. આહાહા! સમજાણું કાંઈ? આ તો સમજીને સમાવાની વાતું છે. સમજાણું કાંઈ? બહારના બીજાને સમજાવીએ, મોટી સભા ભરાય, લોકો આમ રાજી થાય વાહ.. વાહ.. ઉપદેશ. બાપુ! એમાં કાંઈ તારું ભલું નથી. સમજાણું કાંઈ? આહાહા!

એમ કહે છેને, સમજ્યા તે સમાઈ ગયા. સમજ્યા એટલે સમાઈ રહ્યા એમ બે શબ્દ છે. બેય એક છે. સમજાણું કાંઈ? કોની સાથે કહેવું? એમ કહ્યું મોક્ષમાર્ગપ્રકાશકમાં કે કોઈ ધર્મના લોભી જીવ આવે અને રાગનો વિકલ્પ થયો, એ સમજાવે છે, ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સમજાણું કાંઈ? અહીં મુનિની મુખ્યતાએ વાત છેને. વળી એક બાજુ કહે, એક જીવને પણ ધર્મ

પમાડે તો તીર્થંકરગોત્ર બાંધે. શ્રીમદ્માં આવે છે. પણ બાંધેને? લોકો રાજી થઈ જાય. આહા.. ભારે વાત કહી હોં! પણ ત્યાં કીધું શું? સમ્યગ્દૃષ્ટિને જ એવો વિકલ્પ હોય કે જેમાં તીર્થંકરગોત્ર બંધાય, અજ્ઞાનીને હોય નહીં. પણ છતાંય, કહે છે વિકલ્પથી બંધ પડ્યોને. આત્માને લાભ શું થયો એમાં? સમજાણું કાંઈ?

કર્તૃત્ત્વબુદ્ધિ ન હોય એને. સમકિતીને કર્તૃત્ત્વબુદ્ધિ હોય જ નહીં અને તત્ત્વબુદ્ધિ હોય એને એવો વિકલ્પ હોય નહીં. ઝીણી વાત છે. પણ એવો વિકલ્પ આવ્યો એમાં બીજા જીવો... પછી તીર્થંકરપણે પરિણમું અને ઘણા જીવોને ધર્મનો લાભ થાશે એમાં તને શું પણ? એમ કહે છે. એને તો એની યોગ્યતા પ્રમાણે ત્યારે તે કાળે થાશે, તારી વાણીથી થશે એમ છે નહીં. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? એટલે વાણી અને વિકલ્પ બેય છોડવા જેવા છે, એમ કહે છે. જેને આત્માનું સાધવું છે એણે આવામાં રોકાવું નહીં, એમ કહે છે. જીવની અનેક જાત ભવિ-અભવિ, એની લબ્ધિની યોગ્યતાના અનેક પ્રકાર જિનમાર્ગમાં વર્ણવ્યા, એમાં કોને તું કઈ રીતે સમજાવીને ઠેકાણે પાડીશ? કહો, પંડિતજી! આહાહા! એનો અવસર હશે ત્યારે એ સમજશે, એમાં તું પરાણે કરવા જઈશ તો તારો વચન ને વિકલ્પ બે આવશે તને. આહાહા! સમજાણું કાંઈ?

**ભાવાર્થ : જગતમાં જીવો** અનેક પ્રકારના, એમ લ્યો. **તેમનાં કર્મ** અનેક પ્રકારના, **તેમની લબ્ધિઓ**–પર્યાયની યોગ્યતાઓ **વગેરે અનેક પ્રકારનાં છે...** આહાહા! સમાધિશતકમાં બીજું કહ્યું, હું કોની સાથે વાત કરું? એમ કરીને મૌનપણાની વાત આવે છે. કોની સાથે વાત કરું? જે આત્મા છે એ દેખાતો નથી અને શરીર છે એ દેખાય છે. જડને મારે શું સમજાવવું? વચનને છોડવાની કળા બતાવવી હોય ત્યારે એમ બતાવેને. ત્યાં એમ કહ્યું સમાધિશતકમાં. કોની સાથે હું વાત કરું? ઓલો જે અંદર છે એ તો દેખાતો નથી, આ પણ મને દેખતો નથી, મારો આત્મા શું છે એ દેખતો નથી. કોની સાથે વાત કરવી? એમ કરી વચનથી નિવર્તવાની એ રીત છે. સમજાણું કાંઈ? આ પણ વચનથી નિવર્તવાની રીત છે. આહાહા!

**તેથી સર્વ જીવો સમાન વિચારના થાય તે બનવું અસંભવિત છે.** આહાહા! બધા જીવો એક વિચારના ને એક દૃષ્ટિમાં આવી જાય એમ બનવું અસંભવિત છે. તીર્થંકર પરમાત્મા ત્રિલોકનાથ ભગવાનના વખતમાં પણ અનેક પાખંડો હતા. એટલે બધાને એક સરખા વિચાર કરાવવા માટે ઉતાવળ ન કરીશ. સમજાણું કાંઈ? આહાહા! કંઈક દલીલો આવે. વ્યવહાર શું જૂઠો છે? વ્યવહાર છે જ નહીં? છે જ નહીં (એમ) કોણે કીધું? વ્યવહાર આશ્રય કરવાલાયક નથી અને વ્યવહાર એ ધર્મ નથી. આરે આ. સમજાણું કાંઈ? ત્યાંય તકરાર ઉઠે જગતને.

શ્રોતા : એ ટેકો આપનારા ઝાઝા (હોયને)?

પૂજ્ય ગુરુદેવશ્રી : મળે, એવી જાતની યોગ્યતા હોય તો. શું થાય? પ્રવચનસારમાં આવે છે કે શ્રાવકને શુભભાવ તે જ પરંપરા મોક્ષનું કારણ છે. એનાથી જ એની મુક્તિ થાય એમ લખ્યું છે ત્યાં. એનાથી જ થાય. કેમ કે અશુભભાવ ઘણા છે એની અપેક્ષાએ શુભભાવમાં અશુભરાગ ઘટે છે એ અપેક્ષાએ ત્યાં કથન કર્યું છે. ત્યાં તો આ લખ્યું, શ્રાવકને તો શુભભાવથી જ મુક્તિ થાય, એમ. એનો અર્થ આ.

શ્રાવક ચોથે, પાંચમે ગુણસ્થાને છે એને અશુભરાગ ઘણો અમુક વખતે હોય. સ્ત્રી-કુટુંબ-વેપારધંધામાં જ્યારે વાતું કરવા બેઠો હોય તો તો અશુભભાવ છે. ત્યાં તો ઉત્સાહિત થઈને બેસે અને ટાણા આવે શુભભાવનો, તો કહે, એ નહીં, એ નહીં, એ હેય છે. તને તો હજી ખબરેય નથી દૃષ્ટિની. બાયડી સાથે વાત કરવા બેઠો હોય બરોબર રસ્તામાં કે ઘરે, હોંશથી ઉઠતા હોય બધે, આમ બરાબર છે... સમજાણું કાંઈ? અને ધર્મની વાત આવે ત્યારે (કહે કે) એ તો સાંભળવામાં શુભભાવ છે અને ભક્તિ આદિ ભગવાનની કરવી એ પણ શુભભાવ છે. બહુ સારી વાત છે. શું કહેવું છે તારે હવે? સમજાણું કાંઈ? કહો, હોંશના અશુભભાવ આવે અને શુભભાવ વખતે તને એમ થાય કે એ શુભભાવ તો ભઠ્ઠી છે. આ અશુભભાવ ભઠ્ઠી નથી? એ તો તીવ્ર ભઠ્ઠી છે. જાદવજીભાઈ! આહાહા! કહો, સમજાણું આમાં?

ખાવા બેઠો હોય ત્યારે પણ બરાબર કેવી રોટલી આવી, કેમ છે, તેમ છે, ફલાણું છે એમ બરાબર ધ્યાન રાખે. જ્યાં આત્માનો સાંભળવાનો કાળ હોય, ભક્તિનો કાળ હોય (તો કહે), એ શુભભાવ નહીં, હેય છે. બહુ સારી વાત છે. એને કાંઈ ખબર જ નથી કે અમે શું કરીએ છીએ ને ક્યાં છીએ. સમજાણું કાંઈ? દસ-દસ, આઠ-આઠ કલાક દુકાનના ધંધે-વેપારમાં, બીજે, બાયડી સાથે બેઠો હોય, છોકરા સાથે બેઠો હોય તો લહેર કરતો હોય અશુભભાવમાં. ત્યાં એની હોંશું. એ ચેતનજી! શું કીધું? જ્ઞાનીને અશુભભાવ નિર્જરા માટે છે. અરે ભગવાન! આહાહા! તો પછી શુભભાવ આવે ત્યારે એ નિર્જરા માટે આવે છે. એમ કહે તો વાંધો શું છે એને? તત્ત્વને સમજવું ભારે ઝીણું ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે કે બધાના વિચારો એકસરખા થાય એ બનવું અસંભવિત છે. **માટે પર જીવોને સમજાવી દેવાની આકુળતા કરવી યોગ્ય નથી.** આકુળતા વિશેષ કરીને. **સ્વાત્માવલંબનરૂપ નિજ હિતમાં પ્રમાદ ન થાય**... લ્યો. આહાહા! એક જણાએ એમ કહ્યું હતું ઘણા વર્ષ પહેલાં. બીજાને સમજાવે એ મોટા કે પોતે સમજીને એકકોર પડી રહે એ મોટા? ...એવો પ્રશ્ન કર્યો હતો. બીજાને સમજાવે, સભા ભરાય, પાંચ-પાંચ હજાર, બબ્બે હજાર, ત્રણ-ત્રણ હજારને સમજાવે. તમે એકકોર રહ્યો અહીં. અંદરમાં ઉતરવું અંદરમાં–આત્માના જ્ઞાનમાં, આનંદને વેદવો, નહીં બોલવું, નહીં સમજાવવું, નહીં કોઈને સમજાવવાની શક્તિ. ઠીક આવું ગોતી કાઢ્યું છે, એમ કહે. એ વળી કર્મની અહીં ક્યાં વાત છે? આ વાત જુદી. તમે ક્યાંકનું ક્યાંક... ક્યાંય બોલવુંને

મેળ વિનાનું.... કહો, સમજાણું કાંઈ? આહાહા! અહીંયા તો પરને સમજાવવાની આકુળતા ન કરવી એ અપેક્ષાએ વાત લીધી. વચનની નિવૃત્તિનો હેતુ કહે છેને. આહાહા!

**સ્વાત્માવલંબનરૂપ**–ભગવાન આત્માનું અવલંબનરૂપ **નિજ હિતમાં પ્રમાદ** કર્તવ્ય નથી. સમજાણું કાંઈ? દુનિયા સમજે-ન સમજે, માને-ન માને એની સાથે તારે કાંઈ સંબંધ નથી. અને દુનિયા માને માટે તને લાભ થઈ જાય અને દુનિયા ન માને માટે અહીં નુકશાન થઈ જાય એમ હશે? આહાહા! અને દુનિયા જાણે કે આ ધર્મી છે તો તને લાભ થાય એમ હશે? તને ધર્મી ન જાણે તો તને નુકશાન થાય એમ હશે? ભાઈએ લખ્યું છેને એક નિહાલભાઈએ. કોઈ બાગનું ફૂલ સુંઘે તો એની કિંમત અને ન સુંઘે તો કિંમત નહીં—એમ છે કાંઈ? સમજાણું કાંઈ? બાગમાં ફૂલ હોય, સુંઘવા આવ્યા તો એની કિંમત. ન આવ્યા તો કિંમત નહીં એમ? ફૂલ તો પોતાની કિંમતથી જ પડ્યું છે. સમજાણું કાંઈ? આ તો લૌકિક દાખલો. આહાહા!

એમ બહારમાં દુનિયા કહે કે આ તો ભારે ભાઈ ધર્મી! તો એનો ધર્મ રહે એમ હશે? અને દુનિયા એમ કહે કે આ તો માણસ કાંઈ ભાન ન મળે, કોઈનું કરવું નહીં ને આ ધર્મી.. ધર્મી.. ધર્મી. અધ્યાત્મીનું નામ ધરાવવા અને કોઈનું કરવું (નહીં). પોતાનું વ્યવહારનું કામ આવે ત્યારે ટીપટાઈ જાય. આવ્યું છેને. અને ધર્મમાં વ્યવહારનું કામ આવે તો એ નહીં, અમારું નહીં. અરે ભાઈ! બેય તારી ભૂલ છે. વ્યવહારના કામમાં જ્ઞાની ટીપટાતો નથી. આહાહા! ભારે કામ આકરું.

**સ્વાત્માવલંબનરૂપ**... ભગવાન પૂર્ણ સ્વરૂપ આત્મા એના આલંબનરૂપ નિજ કાર્ય. આ એક કાર્ય આત્માનું છે. સમજાણું કાંઈ? એ **નિજ હિતમાં**–નિજ કાર્યમાં **પ્રમાદ ન થાય એમ રહેવું એ જ કર્તવ્ય છે.** તમે અમારી સાથે વાદ–વિચાર ને ચર્ચા નહીં કરો તો તમારી શું કિંમત થશે જગતમાં? તમને કઈ રીતે અમારે ગણવા? ન ગણવા, ભાઈએ કીધું હતું. અમે ક્યાં તને કહીએ છીએ? એ પ્રશ્ન થયો હતો.... આહા! કહે, અમારી સાથે વાત-ચર્ચા ન કરો, ભાષા ન કરો અને આ સાધારણ માણસને તમે સમજાવવા જાઓ છો ને અમારી સાથે વાતચીત–વિચાર ન કરો પછી એમાં શું માનશે લોકો? દુનિયા માનો એ માનો, અમારે શું છે અહીં? કીધું. દુનિયા માને નહીં કે કાંઈ આવડતું નથી, ભાન નથી? અમે વાદવિવાદ કરતા નથી. સ્વતંત્ર છે. વાંધો શું છે? આહાહા!

અરે! કોની સાથે વાદ ને કોની સાથે વિચારે. આમ પાધરું કાઢ્યું. લ્યો, આ ચશ્મા ઉતાર્યા. જણાય છે? ચશ્મા ચડાવે જણાય છે. લ્યો, આ ચર્ચા. ઠીક! ચર્ચા થઈ ગઈ. આ ચશ્મા ચડ્યા છે તો જાણીએ છીએ. પૂછો બધાને. શું પૂછવું બધાને? આને લઈને આ થાય છે ત્યારે આ ચડ્યો. અરે! શું ચડે અને ઉતરે? સાંભળને! એ વખતના જ્ઞાનનો એ પર્યાયની જાત છે તે પ્રકારે કાર્ય થયા કરે છે. ચશ્માથી જ્ઞાન આવ્યું અને ઉપયોગ થયો, ચશ્મા નહોતો તે ચશ્માને

કારણે ઉપયોગ ગયો—એમ નથી. આહાહા! કહો, પોપટભાઈ! પ્રત્યક્ષ દેખાય છે. ઉતારો, ચશ્મા ઉતારી દો લ્યો. ત્યારે ચડાવ્યા શું કરવા? જ્ઞાનનો અંદર ઉપયોગ વધે, જણાય તે માટે ચડાવ્યા છેને ચશ્મા?

અરે ભગવાન! કોણ ચડાવે? ભાઈ! એ કાળે એને આવવું હોય એ આવે અને પોતાનું કાર્ય જે છે એ ચશ્માને લઈને જ્ઞાન-ઉપયોગ થાય છે એમ છે નહીં. આહાહા! અરે! શું થાય પણ? જ્યાં સત્‌ના વાંધા ઉઠે સત્યના, એને શું કહેવું? તું તારું કરજે ભાઈ! આ તો એ વાત છે. એને લઈને દલીલ દેવા માટે રોકાવું પાછું. આમાં આ હોય, એનું આ હોય અને એનું આ હોય. આહાહા! છતાં એને બેસવું પાછી એની યોગ્યતા પ્રમાણે. એટલે તને વળી કહે, આટલું આટલું કર્યું ને ન બેઠું? હવે સાંભળને! શાંતિભાઈ! શું હશે આ?

**હવે આ ૧૫૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः**
**तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम् ।**
**असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता**
**ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम् ॥२६७॥**

**શ્લોકાર્થ : જીવોના, સંસારના કારણભૂત**... 'સંસારના કારણ' છેને પાઠમાં **संसृतिकरः**– સંસારના કારણ **એવા (ત્રસ, સ્થાવર વગેરે)**... માથે કીધું બધું ઘણું એ. પૃથ્વી, પાણી... **બહુ પ્રકારના ભેદો છે**... જીવોના સંસારના કારણવાળા અનેક પ્રકારના ભેદો છે. પૃથ્વી, પાણી, વાયુ, વનસ્પતિ... ઓહોહો! જુઓને! થોરના ઢગલે-ઢગલા હોય આમ. એક કુહાડો મારે ત્યાં ફટ થોકના થોક મોટા હેઠે પડે અને ન્યાં ને ન્યાં નિરાંતે પછી સુકાઈ જાય. અરે! આ તે કાંઈ..... આ થોર.. થોર. મોટો .. કાઢી નાખ્યો. હમણાં કાઢ્યો હતો. એક મોટો થોર પડ્યો..... કાંઈ નડતો હશે. એટલા થોકના થોક જીવ. એક રાઈ જેટલી કણીમાં અનંતા જીવ. આહાહા! ક્રમે-ક્રમે ન્યાંથી મરીને બીજે જાશે. પાછા જાશે ન્યાંને ન્યાં. અનંતા અનંતામાં જ જાય, બીજે ક્યાં જાય? કોઈક નીકળીને પ્રત્યેકમાં આવે. આહાહા! અનંતા જીવ મરીને ક્યાં જાય? બહારમાં તો પ્રત્યેકમાં તો અસંખ્ય છે. ન્યાંને ન્યાં જાય. આહાહા!

એવી કોઈ સંસારની સ્થિતિ છે. એ સંસારના કારણ એવા અને **એવી રીતે જન્મનું ઉત્પન્ન કરનારું** કર્મ એમ. કોઈક ક્યાંક જન્મ્યા, કોઈક ક્યાંક જન્મ્યા, કોઈક બ્રાહ્મણમાં, કોઈક ઢોરમાં, કોઈ એકેન્દ્રિયમાં, કોઈ લીલોતરીમાં. ઓહોહો! **એવી રીતે સદા જન્મ ઉત્પન્ન કરનારું કર્મ પણ અનેક પ્રકારનું છે; આ લબ્ધિ પણ વિમળ જિનમાર્ગમાં અનેક પ્રકારની પ્રસિદ્ધ છે...** વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં... આહા! અનેક પ્રકારની યોગ્યતાઓ અનંત ગુણની, એની પર્યાયની એક-એક સમયની અનેક પ્રકારની યોગ્યતાઓ, અનંત પર્યાયની અનેક હોય છે. એ

જિનમાર્ગમાં પ્રસિદ્ધ છે. **માટે સ્વસમયો અને પરસમયો સાથે વચનવિવાદ કર્તવ્ય નથી.** આહાહા! એની સાથે વાદ કરવા જેવું નથી.

આ શબ્દ નહોતો વાપર્યો એણે કે આપણે વિચાર કરીએ. એ તો પછી સમજે એનું એ છે. પણ વાદવિવાદ માટે જ છે. અરે ભગવાન! અમે ક્યાં એમ કહીએ (છીએ)? વળી કહે, તમે સિંહ છો અને હું સિંહનું બચ્ચું છું. હવે અમે ક્યાં કહીએ છીએ સિંહ? અમે તો જે કહીએ છીએ... એમ કરીને એમ કહે. સમયસારમાંથી પણ કાઢી દઉં. આ બારમી ગાથા આવેને ત્યાં વાંધા ઉઠાવે. **व्यवहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे...** અપરમે એટલે નીચાવાળાને તો વ્યવહારનો જ ઉપદેશ દેવો. પણ ત્યાં એ નથી, સાંભળને! કથનનો અર્થ નથી આવડતો. બધા એક સાથે. સ્થાનકવાસીમાં એ કાઢ્યું. નટુ. નટુ એની સાથે... દેરાવાસીએ એ કાઢ્યું, દિગંબરે એ કાઢ્યું. બધા બારમી ગાથા કાઢે.

આ તો હમણાં. આ તો પહેલાની વાત છે. ઘણા વર્ષ પહેલાની છે. ૯૪-૯૫. નટુ આવ્યો હતો કપુરભાઈનો દીકરો. દરિયાપરી વઢવાણ. પછી તો હમણા મળ્યો હતો ક્યાંક. આવ્યો હતો. પછી નરમ પડી ગયો. હોય. અનેક પ્રકાર છે. આ બારમી ગાથામાં કહ્યું છે. લાવો સિદ્ધાંત. નીચલી દરજ્જાવાળાને તો વ્યવહારનો જ ઉપદેશ કરવો. ભાઈ! એવો અર્થ નથી. એવો અર્થ જ નથી. તને બારમી ગાથાનો અર્થ જ આવડતો નથી. હવે કરવું શું એમાં? પાઠ એવો છે. **अपरमे ट्ठिदा भावे** લ્યો. ઉપદેશ કર્તવ્ય છે. ઠીક!

અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ભાઈ! ધર્મીજીવને દ્રવ્ય જે તત્ત્વ છે એનો આશ્રય છે. ધ્રુવમ્ ભગવાન ભૂતાર્થ, એને આશ્રયે–નિશ્ચયને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પણ પર્યાયમાં અપૂર્ણ પર્યાય, રાગાદિભાવ છે તેને તે કાળે જાણવો, એને વ્યવહારનો ઉપદેશ કહેવામાં આવે છે. એવી જાણવાની વાત છે. ટીકામાં ચોખ્ખી વાત છે. તે કાળે જાણવું આહાહા! હા, એ વાત તેરની સાલમાં કરી હતી ઇન્દોર. ત્યારે ભાઈ ઓલા હતા પંડિત ખૂબચંદજી. ખૂબચંદજી સોલાપુરવાળા. ખૂબચંદજીના ભાઈ બંસીધરજી. આ તત્ત્વાર્થસૂત્ર બનાવ્યું એ. આ સાંભળીને (કહે), ઓહોહો! ભારે વાત છે ભાઈ! વ્યવહારના ઉપદેશની વાત જ નથી ભાઈ! ત્યાં.

ત્યાં તો, આત્માનું જ્યાં શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ પ્રતીત થઈ એ નિશ્ચય થયું, હવે એની પર્યાયમાં રાગ હોય છે કે નહીં અને પર્યાય અપૂર્ણ છે કે નહીં—એને જાણવું એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. એવું તો ટીકામાં કહ્યું આ. વાત ક્યાંય આવી સાંભળી નથી એમ બિચારો બોલ્યો. શાસ્ત્રના અર્થ કરવું... તત્ત્વાર્થસૂત્ર ઠીક કર્યું છે બીજા કરતા. બોલ્યો હતો, સભામાં બોલ્યો હતો કે ઐસી બાત હમને અબ તક સુની નહીં. ઓલા આંખ કાઢવા માંડ્યા. આપણને બધાને મૂર્ખા ઠરાવે છે. 'વ્યવહારનો ઉપદેશ'ની વ્યાખ્યા આ છે કે ધર્માત્માને જે કાંઈ પર્યાયમાં

રાગ આવે અને પર્યાય અપૂર્ણ છે એને જાણવી, એનું નામ વ્યવહારનો ઉપદેશ કહેવામાં આવે છે. વ્યવહારનો ઉપદેશ દેવો એ વાત ક્યાં છે ત્યાં? આહાહા! શું કરે? સમજાણું કાંઈ?

એ ખૂબચંદજી. ના, એ ખૂબચંદજી નહીં, એ બંસીધરજી. બંસીધરજી ઇન્દોરના. ઇન્દોરકી બાત હૈ ૧૩કી સાલ. ૧૫ સાલ હુએ. બહોત પંડિત બૈઠે થે, આ વાત કરી ત્યારે. ઐસી બાત અભી તક બહાર આયી નહીં. સત્ય બાત હૈ. હમ નસિઆજીમેં થે ન. વહાં આયે. પણ ગરીબ જેવો દેખાય, આપણને ઓળખીએ નહીં. પગે લાગ્યા નીચે પડીને. કૌન હો તુમ? હમ બંસીધરજી. અરે પંડિત! કાંઈક કોઈ બિચારા.... આજીવિકાનું સાધન.. સાધન (ન મળે) પંડિત લોકોને. અરે! હું તો બંસીધરજી. ક્યા? મૈં અભિનંદન દેનેકો આયા હૂં. ઓહોહો! વ્યવહારની આ વ્યાખ્યા! સુની નહીં. પર્યાયને જાણવું એનું નામ વ્યવહાર. ઉપદેશ દેવો કે આમ તારે વ્યવહાર કરવો—એ વાતેય ક્યાં છે? એની ગંધેય નથી. શું થાય? સમજાણું કાંઈ?

કારણ કે એક અંગ રાગની પર્યાયનું રહી જાય છે જ્ઞાનમાં. નિશ્ચયમાં આ જાણ્યું કે વસ્તુ અભેદ અખંડ છે એવું ભાન થયું, પણ પર્યાય છે. છે કે નહીં? અને રાગ છે કે નહીં? એને જાણવું અથવા જણાઈ જવું જ્ઞાનમાં એનું નામ વ્યવહાર છે. કહો, સમજાણું કાંઈ? એ વ્યવહાર કરવો એ વાત છે જ નહીં ત્યાં. પર્યાયને કરવી ને રાગને કરવો? અરેરે! શું થાય? ભાઈ! કોની સાથે કરવું? વસ્તુની મર્યાદા જણાવવી છે ત્યાં તો આ હોય. ત્રિકાળી ભગવાન ધ્રુવ છે એની દૃષ્ટિ કર એ સમ્યક્ છે. અને પછી પર્યાયમાં જે કાંઈ અપૂર્ણતા ને રાગ તો છે હજી, એને જાણવું એનું નામ વ્યવહાર છે. એ નિશ્ચય અને વ્યવહાર બેયનું જ્ઞાન થાય એ પ્રમાણજ્ઞાન છે. એય ચેતનજી! પણ પ્રમાણ તો સદ્ભૂત વ્યવહારનો ઉપચાર છે, હેય છે. રાગ નથી આવતો, એ તો જ્ઞાન કરે છે. પણ ભેદવાળું છે તેથી છોડવા જેવું છે, એમ કહે ન્યાં. જાણીને છોડવા જેવું છે કે જાણ્યા વિના? ભારે કામ કઠણ.

અહીં તો કહે છે કે જિનમાર્ગમાં લબ્ધિ પણ અનેક પ્રકારની પ્રસિદ્ધ છે. અપૂર્વકરણ, અધઃકરણ, અમથી સમય-સમયની જીવની યોગ્યતાઓ... તે તે સમયે તે તે યોગ્યતા હોય તેવી પર્યાય થાય એ વાત બધી વીતરાગમાર્ગમાં પ્રસિદ્ધ છે. **માટે વચનવિવાદ કર્તવ્ય નથી**. આ નિશ્ચય આવશ્યક છેને એની સામે આ વાત કરી છે. આ કાંઈ એનું આવશ્યક–અવશ્ય કર્મ છે વાદવિવાદનું ને જીતવું, એ છે નહીં. પોતાનો ભગવાન આત્મા જાણી અને એના અનુભવમાં રહેવું, એમાં ઠરવું, એ એનું અવશ્ય કર્તવ્ય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૩, રવિવાર, તા. ૨૧-૧૧-૧૯૭૧
## ગાથા - ૧૫૭, શ્લોક - ૨૬૮, પ્રવચન નં. ૧૮૩

નિયમસાર, નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. છેલ્લી ગાથાઓ છે. ૧૫૭. ૧૫૬ ચાલી કાલે.

**लद्धूणं णिहि एक्को तस्स फलं अणुहवेइ सुजणत्ते ।**
**तह णाणी णाणणिहिं भुंजेइ चइत्तु परतत्तिं ॥१५७॥**
**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

**ટીકા : અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.** દૃષ્ટાંત એટલે ઉપમા આપીને. જે સાધવાનું છે સહજતત્ત્વ, સહજાનંદસ્વરૂપ ભગવાન આત્મા, પૂર્ણ આત્મનિધિ એટલે જ્ઞાનનિધિ. સહજ જ્ઞાનનિધિ એવો જે આત્માનો સ્વરૂપ ને સ્વભાવ તેની આરાધનાનો–તેની સેવાનો વિધિ કહ્યો છે. પોતે ભગવાન આત્મા, જ્ઞાનનિધિ એટલે અહીં તો જ્ઞાનસ્વરૂપ જ આત્મા કીધો છે. જ્ઞાનનિધિ એટલે જ આત્મા. આત્મા એટલે જ્ઞાનનિધિ. નિધાન, જ્ઞાનનું નિધાન ભગવાન આત્મા, એની આરાધના. જ્ઞાનનિધિ એ તો ત્રિકાળી ચીજ છે. એની આરાધના એ વર્તમાનદશા છે. સમજાણું કાંઈ? સહજ તત્ત્વ એ ત્રિકાળી વસ્તુ, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ, એની આરાધના–એની સેવા–એના સન્મુખમાં એની ક્રિયાનું નિશ્ચય પરમ-આવશ્યકનું થવું એને અહીંયા આરાધના કહે છે. દૃષ્ટાંત આપે છે.

**કોઈ એક દરિદ્ર મનુષ્ય ક્વચિત્ કદાચિત્...** ‘ક્વચિત્ કદાચિત્’ છે. કોઈને કોઈ કાળે દરિદ્રને **પુણ્યોદયથી નિધિને પામીને... सुकृतोदयेन** પાઠ એ છે. **सुकृतोदयेन** સંસ્કૃતમાં છે. પૂર્વના કોઈ સુકૃતભાવ કર્યા હોય, એનાથી પુણ્ય બંધાણું હોય, એના ઉદયને લઈને... લ્યો, અહીં પુણ્યોદયથી લક્ષ્મી મળે એમ કહે છે. કહો, પોપટભાઈ! આટલા બધા પૈસા ભેગા કર્યા, ચાલીસ લાખ, પચાસ લાખ, એમ થઈ ગયા હશે મફત? આહાહા! પણ કહેવાયને કે પોપટભાઈ પાસે આટલા પૈસા છે. છ છોકરા ને આટલા પૈસા... અહીં તો કહે છે કે કોઈ દરિદ્ર જીવ કોઈને અને કોઈ કાળે, પાછું એમ. પૂર્વના કોઈ પુણ્ય હોય, પુણ્યોદય–એના ઉદયથી નિધિ નામ લક્ષ્મીનું નિદાન .... છે. પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ-પાંચ કરોડ... અબજ લ્યોને. અબજ છેને અત્યારે. અબજને પામીને, લ્યોને. ધૂળ છે. આહાહા!

**તે નિધિના ફળને સૌજન્ય અર્થાત્** પોતાનું **જન્મભૂમિ** સ્થાનમાં જઈ, એમ. જ્યાં મળ્યા એને છોડી દીધું છે અને એકાંત જન્મભૂમિમાં ગયા, એમ કહે છે. અહીં તો આવી લાઈન લીધી

છે. એમ કે આપણે જ્યાં જન્મ્યા, આપણે ત્યાં જાવું. **એવું જે ગુપ્ત સ્થાન...** જેમાં કાંઈ ઢંઢેરો ન પીટવો પડે કે અમે આટલા પાંચ લાખ, પચાસ લાખ લાવ્યા છીએ. ગુપ્ત થઈને, પોતાના ગામમાં રહીને ગુપ્તસ્થાન **તેમાં રહીને અતિ ગુપ્તપણે ભોગવે છે...** અતિ એટલે લોકો એમ ન માની જાય કે આની પાસે પૈસા આટલા છે એટલે આપણે એને હેરાન કરીએ. હેરાન કરીએ એટલે પૈસા લાવો. અતિ ગુપ્તપણે એટલે બહાર ઢંઢેરો ન પીટવો કે અમારી પાસે પચાસ લાખ મળ્યા છે નિધાનમાં. પાયો ખોદતા એક કરોડ મળ્યા. કહો, સમજાણું કાંઈ?

હીરા માણકનો હોય છેને. શું કહેવાય ? કોન્ટ્રાક્ટ સાઈન. કોન્ટ્રાક્ટ. કોન્ટ્રાક્ટ લે છે તે અબજો રૂપિયા પેદા થઈ જાય. એમાંથી નીકળે ખાણમાંથી. ..ભાઈ દુર્લભજી ઝવેરી છેને. સ્થાનકવાસી આપણા મોરબીના, જેતપુર. આફ્રિકામાં એ પન્નાની ખાણ નીકળેલી. શું કહેવાય કોન્ટ્રાક્ટને હિન્દીમાં? ઠેકો.. ઠેકો. એ ખાણનો ઠેકો એમાં કેટલાય પૈસા નીકળ્યા, અબજોપતિ થઈ ગયા. અબજોપતિ–એક અબજ. લોકો તો બે અબજ કહેતા હતા, પણ એક અબજ તો હશે. જે હોય એ. આંકડો છેને. ભાઈ કહેતા હતા કે બે અબજ મળ્યા. પણ એક જણાને પૂછ્યું અમે. બે અબજ કહે છેને. આ વેલજીભાઈ નહીં આપણા? ...વાળા ભોગીભાઈ, મિલમાલિક. એના સગા થાય. એની દીકરીનો દીકરો... એની દીકરીની દીકરી ત્યાં એના દીકરા સાથે છે. લગ્નમાં આવ્યા હશેને. કીધું, આ બે અબજ કહે છે. મહારાજ! એટલા બધા તો નહીં, પણ પૈસા હશે ખરા ઘણા. કેમકે મારી દીકરીની દીકરી પરણવા આવ્યા. આ ભાઈ છેલશંકર. એક દોઢ કરોડનો તો દાગીનો લાવ્યા હતા. દોઢ કરોડનો દાગીનો ફક્ત.... તો એના પ્રમાણમાં (પૈસા હશેને). પણ એ બધી ધૂળ છે. એમાં કાંઈ.... આ તો દૃષ્ટાંત આપ્યો છે. સમજાણું કાંઈ?

શ્રોતા : ધૂળ નથી કીધી, એમાં નિધિ કીધી છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ નિધિ એટલે દુનિયા માને છેને. નિધિ એટલે ધૂળ પૈસા. માણેક નીકળ્યા, ન્યાં પન્ના નીકળ્યા હતા. આફ્રિકામાં ખાણ લીધેલીને પન્નાની.

નિધિના ફળને જન્મભૂમિમાં ગુપ્તરૂપે ભોગવે. **આમ દૃષ્ટાંતપક્ષ છે.** આ તો દૃષ્ટાંત છે, કુંદકુંદાચાર્યે પોતે દૃષ્ટાંત દીધો છે. પાઠમાં છે કે નહીં? **लब्ध्वा निधिमेकस्तस्य फलमनुभवति...** હવે **દાર્ષ્ટાંતપક્ષે** એટલે જે દૃષ્ટાંતથી સમજાવવું છે એવી જે ઉપમેય ચીજ. આ તો ઉપમા કહી, હવે ઉપમેય (એટલે) જે સમજાવવું છે તે. **પણ (એમ છે કે) સહજપરમતત્ત્વજ્ઞાની જીવ...** ઓલો જે દરિદ્ર હતો એ (નિધિને) પામ્યો, અહીં તો પાધરો સહજપરમતત્ત્વજ્ઞાની જીવ ન્યાંથી ઉપાડ્યું. ત્યાં તો એમ કે દરિદ્ર હતો ને પામ્યો. અહીં, અજ્ઞાની હતો ને પામ્યો એમ ન લીધું. (એવી છે) શૈલી આખી. **સહજપરમતત્ત્વ...** આ બહારની વાત નહીં, આ તો સીધું છે. અજ્ઞાની હતો ને પામ્યો (એમ) નહીં, જ્ઞાની જ્ઞાનપણે હતો ને જ્ઞાન પામ્યો એમ. આહાહા!

**પરમતત્ત્વજ્ઞાની જીવ**... ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનંત આનંદ ને અનંત જ્ઞાનની ખાણ એવો એનો જાણનાર, એમ કહેવું છે. એનો જાણનાર... ભગવાન આત્માના શુદ્ધ આનંદસ્વરૂપને જાણનાર. **ક્વચિત્...** અહીં એમ લીધું છે, ત્યાં 'કદાચિત્' શબ્દ નથી લેવો. એ કહેશે. **ક્વચિત્ આસન્નભવ્યના (આસન્નભવ્યતારૂપ) ગુણનો ઉદય થતાં...** ઓલાને '**કદાચિત્ પુણ્યોદયથી નિધિ પામીને**' એમ હતું. '**ક્વચિત્ કદાચિત્**' એમ હતું. આને **ક્વચિત્ આસન્નભવ્યતા...** (એટલે) જેને મોક્ષ પામવાની લાયકાત નજીક થઈ ગઈ છે. આહાહા! પરમાનંદની પ્રાપ્તિને જે કાંઠે–નજીક આવ્યો છે. (આસન્નભવ્ય એટલે) આસન્ન નામ નજીક, ભવ્યતા–યોગ્યતા. '**ગુણનો ઉદય થતાં**' એમ ભાષા છે. જેમ ઓલાને 'પુણ્યનો ઉદય થતાં', આને 'ગુણની દશા પ્રગટ થતાં', એમ કહે છે. સમજાણું કાંઈ?

ગુણનો ઉદય એટલે પરિણતિ શુદ્ધ. એમાં નિધાન ભાળ્યુંને–જોયુંને કે ઓહોહો! આ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ છે. **ગુણનો ઉદય થતાં** એટલે શુદ્ધગુણની પરિણતિ, નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એવી જે ગુણની પ્રગટ દશા. કે જે ભાન થયું એને, ઓહો! ધર્મની દશામાં ભાન થયું કે આ આત્મા તો ત્રિકાળ પરમ આનંદ ને પૂર્ણ શુદ્ધ જ્ઞાયક જ છે સમજાણું કાંઈ? આ સમ્યગ્દર્શન પામતા એના જ્ઞાનમાં એમ આવે કે આ તો આખો આત્મા પૂર્ણ આનંદ ને શુદ્ધ જ છે. સમજાણું કાંઈ?

**ગુણનો ઉદય થતાં...** ઓલાને 'સુકૃતનો ઉદય થતાં' હતું, આને સીધી વાત છે. **गुणोदये सति...** છેને પાઠમાં સંસ્કૃતમાં? 'ગુણનો ઉદય' શબ્દે ગુણ તો ગુણ છે, પણ એની પરિણતિ તે ગુણનો ઉદય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ એનો જે ભાવ ઉદય થયો, (કેમકે) આસન્નભવ્ય જીવની લાયકાત હતી. જુઓ! એટલું નાખ્યું છે હોં. આહાહા! આ સાધારણ પ્રાણીની અનેક પ્રકારની લબ્ધિની વાત આવી ગઈ છેને. ઘણી યોગ્યતા જગતની જુદી જુદી હોય છે. તું કોને સમજાવીશ? એ વાત જ કોઈ અગમ્ય ને ગંભીર ચીજ છે. એ તો પાત્ર હશે–યોગ્યતાવાળો હશે એ સમજશે. બીજાને સમજાવવાની આકુળતા ન કરીશ એકદમ કે આ.. આહાહા! આવો માર્ગ છે, કેમ સમજતા નથી? સમજાણું કાંઈ?

આ જાદવજીભાઈનો પૌત્ર છેને દિલીપ.. દિલીપ. ૧૩ વર્ષની ઉંમર ચાલે છે. હજી તેરમું ચાલે છે. અહીં તો છ મહિના, બાર મહિના પહેલા બેઠો હતો. અહીં બેઠો હતો સમયસાર લઈને. ૧૧મી ગાથા ચાલતી હતી (જૈનદર્શનનો) નિચોડ. **भूदत्थमस्सिदो खलु...** બોલ્યો, આહાહા... આવો વસ્તુનો સ્વભાવ લોકો કેમ નથી સમજતા? એમ નીકળ્યું. છોકરો ઘણો સંસ્કારી છે. એ જાદવજીભાઈ! જાદવજીભાઈના દીકરાનો દીકરો છે. એની પાસે સાંભળવા બેસે, સાંભળવા સમજવા. એવું બોલે માળો. સમયસાર બરાબર ઠવણી લઈને બેસે. બાર વર્ષની ઉંમર હોં. બારમું પુરૂં થયું ને તેરમું ચાલે છે. આ ફેરી ત્યાં હતાને એટલે ન આવ્યો. આ ડોસા

પણ વયા ગયા હતા કલકત્તા. અમે હતા અહીં જયપુર આ શિક્ષણવર્ગમાં. નહીંતર તો અહીં આવે... બોલ્યો, આહાહા.. આવી ચીજ! માણેકચંદભાઈ! છોકરો બહુ... શરીર ઓલું છે સરખાઈનું. માળો પુણ્ય ક્યાંકથી લઈને આવ્યો છે. અમારા વજુભાઈ તો એમ કહે જરી કે આ મુમુક્ષુમાંથી મરીને આવ્યો હશે? શું છે આ તે? .....

આહાહા! **भूदत्थमस्सिदो खलु**... ભૂતાર્થ ત્રિકાળ ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય એવી એ ચીજ છે. ત્યારે કહે કે આહાહા... આવી ચીજ છેને! ઓહો! એટલું કહીને પાછું બોલ્યો કે આવી વાત સાંભળવા મળે એ ભાગ્યશાળી જીવો છે. સમજાણું કાંઈ? આમાં ઉંમરનું ક્યાં છે ન્યાં? આત્માની ઉંમર જ કેવી? એ તો અનાદિ-અનંત છે. આહાહા! એવો આત્મા, કહે છે કે એને **ગુણનો ઉદય થતાં...** એટલે વિવેક ને ભાન કર્યું પહેલું. અંતરમાં પર્યાયમાં આનંદ અને જ્ઞાનસ્વભાવનું પ્રગટપણું થતાં. દ્રવ્ય-ગુણ તો છે. સમજાણું કાંઈ? વસ્તુ ને વસ્તુની શક્તિ તો નિધાન તરીકે ત્રિકાળ છે, પણ એના ગુણનો ઉદય થતાં (એટલે) એની પરિણતિ–વર્તમાનદશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા, વીતરાગી પરિણતિ, નિર્વિકલ્પ આનંદની દશા પ્રગટ થતાં. આ અસ્તિથી વાત પહેલી કરી. સમજાણું કાંઈ? બહુ ઝીણું.

એવો માર્ગ વીતરાગનો ઝીણો છે. લોકો કંઈક અજૈનને જૈનપણું માનીને બેઠા છે. આહાહા! આ પૂજા ને ભક્તિ ને વ્રત ને તપ એ બધા વિકલ્પનો રાગ છે. એ રાગને ધર્મ માનીને બેઠા છે. અજૈનને જૈનપણું માન્યું છે એણે. જૈનપણું એટલે એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગમૂર્તિ આત્મા અકષાયસ્વભાવનો રસકંદ એ તો વસ્તુ થઈ, પણ 'ગુણનો ઉદય થતાં' એમ કહ્યું એટલે પરિણતિ–અંદર દશા–પર્યાય પ્રગટી. સમજાણું કાંઈ? જે પર્યાયમાં 'આ જ્ઞાનનિધિ છે' એમ પામ્યો, એમ કહે છે. શબ્દો થોડા વધારીને નાખ્યા. છેલ્લે એ છે. આવો ગુણોદય થતાં **સહજજ્ઞાનનિધિને પામીને,** એમ છે છેલ્લે સરવાળો. સમજાણું કાંઈ? આહા!

કહે છે કે એવા ક્વચિત્ આસન્નભવ્યજીવને (અર્થાત્) નજીકની જેની ભવ્યતા છે મોક્ષના માર્ગની અને મોક્ષ થવાની તૈયારી છે. એવા **ગુણનો ઉદય થતાં**... ગુણ ઉદય પામતો હશે? ગુણ તો ત્રિકાળ છે. સમજાણું કાંઈ? ભાષા તો આ છે. મુનિ–સંતની વાણી આ છે. પંચમહાવ્રતધારી છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલનાર છે આ તો. દિગંબર સંત છે. નગ્ન દિગંબર જંગલમાં વાસ (કરનારા). જંગલમાં શાસ્ત્રો લખાયેલા છે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે, અહો! ભગવાન આત્મા જ્ઞાનનો સાગર છે. એમ અહીં તો જ્ઞાનથી વાત ઉપાડી છે. એ જ્ઞાનસ્વરૂપ જ છે, જ્ઞાનની ખાણ છે આખી. એવી નિધિને ગુણનો ઉદય થતાં (એટલે) પામીને, અંદર પ્રગટ પર્યાયમાં 'આ આત્મા છે' એમ પામીને, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

એવા **સહજવૈરાગ્યસંપત્તિ હોતાં...** પાછું આ બાજુથી રાગથી રહિત થતાં... 'રાગથી રહિત થતાં' એ વૈરાગ્ય સંપદા છે. સમજાણું કાંઈ? પહેલી એની રીત તો સમજે કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતે છે પરમાત્મા. એવા પરમાત્માને ગુણના ઉદયથી પામીને, એમ કહે છે. પર્યાયમાં એને પામીને કે આ આત્મા. પર્યાયમાં અનાદિથી પુણ્ય-પાપના રાગને પામીને હતો એ સંસાર, મિથ્યાભ્રમ, અજ્ઞાન હતું. સમજાણું કાંઈ? એની વર્તમાનદશામાં પુણ્ય-પાપના વિકલ્પની વૃત્તિઓ પામીને (હતો) એ તો મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની હતો. એને નિર્મળદશાની પ્રાપ્તિ થતાં (એટલે) નિર્મળદશામાં જ્ઞાનનિધિને પામીને, એમ કહે છે. સમજાણું કાંઈ?

માર્ગ એવો છે કોઈ, પણ લોકોને બેસવું મહાપ્રયત્ન ને પુરુષાર્થ હોય તો બેસે એવી વાત છે. અત્યારે તો ચારેકોર માર્ગ એવા વિંખાઈ ગયા છે. વીંખી નાખ્યા છે લોકોએ. જો કે માર્ગ કંઈ વિંખાતો નથી, પણ ઊંધી દૃષ્ટિવાળાએ કાંઈકનું કાંઈક મનાવ્યું. સમજાણું કાંઈ? આ વ્રત પાળો ને અપવાસ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો ને દાન કરો, એ તમારું કલ્યાણ છે. એમ અજ્ઞાનીઓએ જગતને ઊંધે રસ્તે દોર્યા છે. સમજાણું કાંઈ? એ માર્ગ વીતરાગનો નથી. વીતરાગનો માર્ગ તો, વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એને અવલંબીને જે સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ–વીતરાગી પરિણતિ થાય એ ધર્મ અને એ ધર્મની પરિણતિમાં આત્માને પામ્યો છે. કે આ આત્મા પૂર્ણાનંદનો નાથ છે એની પરિણતિમાં પામીને... સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું ભાઈ!

**ગુણનો ઉદય થતાં...** અસ્તિ તત્ત્વજ્ઞાન જેની પરિણતિ પ્રગટી, એમ કહે છે. અને આ બાજુ ઢળ્યો જ્યારે સ્વભાવ સન્મુખ એટલે આ બાજુ વૈરાગ્યમાં ખસી ગયો છે, રાગથી અને વિકલ્પથી ખસી ગયો છે. એવી **સહજવૈરાગ્યસંપતિ હોતાં...** પરથી, રાગથી, નિમિત્તથી સ્વભાવિક ઉદાસીન હોતાં... સ્વભાવિક નિધિને સ્વભાવિક પરિણતિથી પામ્યો અને આ બાજુ સહજ વૈરાગ્યની સંપત્તિથી હોતાં... હવે એ વાત પરમગુરુના ચરણકમળ સેવે એને મળે એવું છે, એમ કહે છે. પરમગુરુની સેવાનો અર્થ? એ પણ વાત ફેરવી નાખીને કહે છે. પરમગુરુની ચરણની સેવા એટલે પગ દાબવા છે? ત્યારે સેવા એટલે શું?

શ્રોતા : આજ્ઞા માનવી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હં, એ કહે છે એમ માને એણે 'પરમગુરુની સેવા કરી' કહેવામાં આવે છે. આહાહા! પણ વાતમાં એ છે કે જ્ઞાની ધર્માત્મા એને પ્રાપ્ત થાય છે. સમજાય કાંઈ? અને એમણે કીધું એ માને છે ત્યારે એણે પરમગુરુની સેવા (કરી કહેવાય). એ આપણે આવશે ચોથી ગાથામાં. ...માં આવશે સમયસારમાં. જ્ઞાનીની સેવા કદી કરી નથી, એમેય આવશે. સમજાણું? પોતે તો ધર્મ પામ્યો નથી, પણ ધર્મી ધર્માત્મા જ્ઞાની જેને કહીએ એવા જ્ઞાનીની પણ

એણે કોઈ દિ' સેવા કરી નથી. અજ્ઞાનીની સેવા કરી. આહાહા! સમજાણું કાંઈ? એ પુણ્યમાં ને શુભભાવમાં દયા-દાનના રાગમાં ધર્મ મનાવનારા એવા અજ્ઞાનીઓની એણે સેવા કરી છે. સમજાણું કાંઈ? એમ કહે છે. એ આવશે ત્યાં.

**પરમગુરુના ચરણકમળયુગલની... નલિન... નલિન** (એટલે) કમળ. **परमगुरुचरणनलिनयुगलनिरतिशयभक्त्या...** સંસ્કૃત છે. પરમ ધર્માત્મા, વીતરાગમૂર્તિ, અધ્યાત્મસાગર એવા સંત એના ચરણકમળયુગલની—પગની સેવા... **નિરતિશય ભક્તિ, (ઉત્તમ) ભક્તિ વડે...** લ્યો! 'અતિશય ભક્તિ' એમ છેને? **निरतिशयभक्त्या..** આહાહા! એવી ભક્તિ વડે... બહારની નિમિત્તની ભક્તિ તો વ્યવહાર કહ્યો, પણ અંદરમાં પોતાના સ્વરૂપની ભક્તિ વડે... સમજાણું કાંઈ? એમ કહેતાં ઉપદેશદાતા ધર્માત્મા-જ્ઞાની હોય એમ સિદ્ધ કરવું છે. અજ્ઞાનીની દેશના નિમિત્તપણે હોઈ શકે નહીં.

**મુક્તિસુંદરીના મુખના મકરંદ સમાન...** મુક્તિરૂપી સ્ત્રી, એના મુખનું મકરંદ એટલે ફૂલનો રસ, મધ. એવા મકરંદ સમાન **સહજજ્ઞાનનિધિને...** લ્યો, આ સરવાળો આવ્યો. મુક્તિરૂપી સુંદરીના રસને પમાડનાર... સમાન અથવા તેના જેવું. એવું **સહજજ્ઞાનનિધિ...** ભગવાન એ જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા, એકલો જ્ઞાનનો રસ, જ્ઞાનસ્વભાવનો ઢગલો, એવો જે સહભાવી જ્ઞાન એટલે કે આત્મા. સમજાણું કાંઈ? સ્વભાવિક જ્ઞાનનું સ્વરૂપ ભગવાન આત્મા એ નિધિ-નિધાન. આહાહા! એને **ગુણનો ઉદય થતાં** અને **વૈરાગ્યસંપત્તિ હોતાં** (અર્થાત્) **પામીને,** એમ કહ્યું. સમજાણું કાંઈ? આહાહા!

સહજજ્ઞાનનિધિ એ તો ત્રિકાળી વસ્તુ થઈ. '**પામીને**' (એટલે) એ વર્તમાનદશામાં તેને પ્રાપ્ત કરીને. જે અનાદિથી રાગ ને પુણ્યને પ્રાપ્ત કર્યું છે, એ મારા (માન્યા) છે, એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા! પણ આ તો **સહજજ્ઞાનનિધિને પામીને**... પોતાનો સ્વભાવ ત્રિકાળ જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણો ભેગા છે, પણ 'જ્ઞાન તે જ આત્મા' એમ કહ્યું-સિદ્ધ કર્યું. જ્ઞાન તે જ આત્મા, ત્રિકાળ હોં ત્રિકાળ. એકલો જ્ઞાનપુંજ પ્રભુ એવું જે નિધાન (કે જેમાંથી) અનંત-અનંત કેવળજ્ઞાન કાઢો તોપણ ખુટે એવું નથી. એવું જે સ્વભાવિક જ્ઞાનનિધાન, એને પામીને... ઓહોહો!

**સ્વરૂપવિકળ એવા પર જનોના સમૂહને...** જે સ્વરૂપની પ્રાપ્તિ વગરના છે, ચૈતન્ય શું છે, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેને આત્મા કહ્યો એ શું છે—એની ખબર વિનાના. આહાહા! સ્વરૂપમાં મૂઢ (અર્થાત્) વિકળ, એ **સ્વરૂપપ્રાપ્તિ (વગરના), અજ્ઞાની. પર જનોના સમૂહને ધ્યાનમાં વિઘ્નનું કારણ સમજીને...** ભાષા જુઓ! એલા! પણ પરપદાર્થ તો વિઘ્નનું કારણ હોય નહીં. એય પંડિતજી! ક્યા હૈ? ટીકા તો ઐસી હૈ. **પર જનોના સમૂહને**... અજ્ઞાનીઓના સમૂહ-અજ્ઞાનીઓના ટોળા હોય એને ધ્યાનમાં વિઘ્નનું કારણ જાણીને એટલે

પોતાને એના તરફ વલણ થઈ જાય એ વિઘ્ન છે અંદર. એને છોડીને, એમ. પછી વિઘ્નનું કારણ એ જનસમૂહ કીધા. બાકી તો એ પરનો સંગ થતાં જે વિકલ્પ ઉઠે પર તરફ જવામાં, એ એને વિઘ્ન છે, અંદરમાં ઠરવા દે નહીં. કહો, સમજાણું કાંઈ?

માળે આવો ધર્મ કેવો હશે? ઓલા તો લાખો માણસ, કરોડો માણસ કરી શકે, ધમાલ.. ધમાલ.. ધમાલ લ્યો. પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ, વીસ લાખ ખરચે. કેવું લાગે એમાં? એય! એ તો પૈસા છે એ તો જડ છે, એની ક્રિયા તો આત્મા કરી શકતો નથી. મંદિર-બંદિરનું રચવું, થવું એ આત્મા કરી શકતો નથી. મંદિર-બંદિર તો જગતની ચીજ જડ છે એનાથી બને છે, પણ તારામાં કાંઈ શુભરાગનો ભાવ આવે એટલે એને નિમિત્તથી એમ કહેવામાં કે આણે બનાવ્યું. બને કોણ ને બનાવે કોણ? એને ભાવ શુભ હોય એ પુણ્ય છે, એ ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એ રાગરહિત ભગવાન આત્મા સહજાનંદની મૂર્તિ, જ્ઞાનનું નિધાન એને પામીને, એમાં ઠરવા માટે... ધ્યાન છેને? એમાં એકાગ્ર થવા માટે પરજનના સમૂહને વિકલ્પનું કારણ જાણી... 'વિઘ્નનું કારણ જાણી' એમ કહ્યું પછી. મૂળ તો વિકલ્પનું નિમિત્ત છે. પર જન તો વિકલ્પનું નિમિત્ત છે, પણ એ વિકલ્પ વિઘ્ન છેને? વિકલ્પ પોતે વિઘ્ન છે. એ આમ (નિમિત્ત) થયું એટલે એને વિઘ્નનું કારણ કહ્યું. એ તો જ્ઞેય છે. આહાહા! ભારે વાત. શૈલી તો ભાઈ! જેમ હોય એમ આવેને ઉપદેશ તો. પોતાના સ્વરૂપનું ધ્યાન કરવું એટલે કે ચિદાનંદ જ્ઞાનનિધિ એને પોતાના સમજણના ધ્યાનમાં તેને ધ્યેય બનાવી એમાં એકાગ્ર થવું. એમાં આ વિકલ્પોના નિમિત્તો બધા વિઘ્ન કરનારા છે એટલે એનું લક્ષ છોડી દઈને, એમ. સમજાણું કાંઈ?

**વિઘ્નનું કારણ સમજીને તજે છે.** એ પરસંગમાં, કોઈપણ પરસંગમાં જતા વિકલ્પ ઉઠ્યા વિના રહેતો નથી. રાગી છેને, રાગી પ્રાણી છેને. વીતરાગી નથી. આહાહા! એ કારણે... સ્વરૂપવિકળ એવા પર જનોના–અજ્ઞાનીઓના ટોળાને... આહાહા! આ બધા અજ્ઞાની છે એમ કેમ જાણવું? કહે છે લ્યો. બધાય ધર્માત્મા, બધાય જ્ઞાની છે આત્મા. તો આ વાત ખોટી પડે. ભીખાભાઈ! બધા આત્મા ભગવાન નથી? કહ્યુંને, 'સર્વ જીવ છે જ્ઞાનમય, જે સમજે તે થાય.' એ તો વળી ઓલી..... શું કીધું? 'વર્તે સમતા ધાર.' બધા જ્ઞાનમય છે. આ તો ભગવાન છે. આ તો વસ્તુની અપેક્ષાએ કીધું. પણ વસ્તુનું ભાન નથી એવા અજ્ઞાનીઓને અહીં ગણીને (કહ્યું). પર્યાયદૃષ્ટિએ જે અજ્ઞાની છે... સમજ્યાને? દ્રવ્યદૃષ્ટિએ તો વસ્તુ છે એ છે. એને ક્યાં દૃષ્ટિ હતી અજ્ઞાનીને? સમજાણું કાંઈ?

**સ્વરૂપવિકળ**... એમ શું કરવા જોવું સ્વરૂપવિકળને? એ બધા સ્વરૂપવાળા છે એમ જોવે તો? એય! પણ પર્યાયમાં સ્વરૂપનું ભાન નથી એ સ્વરૂપવિકળ છે. આહાહા! ભારે કામ ભાઈ! વીતરાગમાર્ગને સમજવો (કઠણ). ત્રિલોકનાથ તીર્થંકરદેવ જે ગણધરો ને ઇન્દ્રોની સમક્ષમાં,

મોટા જગતના–લોકના સ્વામી અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર અને ઇશાન ઇન્દ્ર.. સો ઇન્દ્રની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં ભગવાનની ધ્વનિ આમ આવી હતી. એ ધ્વનિને કુંદકુંદાચાર્ય કહી રહ્યા છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે ઓહો! એવું **વિઘ્નનું કારણ સમજીને તજે છે** એટલે કે તેના સંગમાં આવતો નથી. પોતાનો અસંગસ્વભાવ ભગવાન આત્મા એના ધ્યાનમાં રહેવા માટે પરસંગના સમૂહમાં એ આવતો નથી. કહો, સમજાણું કાંઈ? (શ્રોતા : સાર શું?) સાર એ કે આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે એને શ્રદ્ધી, જ્ઞાન કરીને, એના ધ્યાનમાં રહેવા માટે પ્રયત્ન કર. પરના સંગનો સમૂહ છોડ એ સાર. તારે બીજાઓની સાથે પત્તો ખાશે નહીં. તું કહેવા જાઈશ તો એ વળી વાદ કરશે, વળી વિવાદ કરે. ના, ના. હા-ના. તો તને વિકલ્પ ઉઠશે. લ્યો, આ તો આમ ..., આમ માન્યું. મૂકને પડતું હવે. સમજાણું કાંઈ? આહાહા! આવશ્યકક્રિયામાં અંદરમાં આ કરવાનું છે, એમ કહે છે. ભાઈ! નિશ્ચય આવશ્યક છેને! આહાહા! બીજાને સમજાવવું, ક્રિયા માટે રોકાવું એ આવશ્યકક્રિયા નથી તારી. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ છે આ.

**હવે આ ૧૫૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ બે શ્લોક કહે છે :**

**अस्मिन् लोके लौकिकः कश्चिदेकः**
**लब्ध्वा पुण्यात्कांचनानां समूहम् ।**
**गूढो भूत्वा वर्तते त्यक्तसंगो**
**ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोति ॥२६८॥**

આહાહા! પરજીવની રક્ષા કરું, એ અહીં નથી કહ્યું. આહાહા! ભગવાન! તું જ્ઞાનસ્વરૂપ છો ચિદાનંદ પ્રભુ, એની રક્ષા કર. આહાહા! એ તેં તારી દયા પાળી. પરની દયા તો કોઈ પાળી શકતું નથી. કેમકે એનું આયુષ્ય હોય ત્યારે બચે ને આયુષ્ય ન હોય તો મરી જશે. તારે આધીન છે નહીં. વિકલ્પ આવે કે આ જીવને આમ કરું. પણ એ વિકલ્પ કાંઈ પરમાં કામ કરી શકે (એમ) ત્રણ કાળમાં બની શકે નહીં. માટે તે વિકલ્પ એ તો આત્માની અરક્ષા છે કહે છે. આહાહા! ગજબ વાત છે. તારું જ્ઞાનસ્વરૂપ ભગવાન એની રક્ષા કર. જુઓ! આ દયા સ્વની. અને એ કરી શકે છે. પરની દયા કરી શકતો નથી. આહાહા! મા જેણે નવ મહિના પેટમાં રાખી જન્મ આપ્યો, એ મરતી હોય અને વિકલ્પ આમ-આમ થાતો હોય. રાખી શકે છે? બીજા પ્રાણીને એકકોર રાખ્યા. અરેરે! મારી મા–જનેતા જેને કૂંખે સવા નવ મહિને રહ્યો. માતાને આ થાય છે અરર! અરે! હું દીકરો થઈને પણ કંઈ કરી શકતો નથી. શું કરે? કોની કોણ રક્ષા કરે? એની અવસ્થા અને એનો ભાવ જે થાય છે એ એને કારણે છે. પગ દાબે એમાં દાળિયા શું? પગ કોના? કે આ જડના. દવા લખાવે, પણ એ તો આવવાની હોય એ આવે. એમાં એને ક્યાં દવા દેશે આત્માને? આ એવી વાત છે.

અહીં તો કહે છે કે જ્ઞાનની રક્ષા કરી શક. પહેલું અહીંથી ઉપાડ્યું. છેલ્લે એ છેને? **ज्ञानरक्षां करोति**.. જ્ઞાન એટલે શું? ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વભાવ. એમાં એકાગ્ર થઈને જ્ઞાનની રક્ષા કર. કહો, સમજાણું આમાં? ભારે આકરું કામ આમાં. પરની રક્ષા કરી શકે નહીં, પણ પરની રક્ષાનો વિકલ્પ ઉઠે એ પણ આત્માની અરક્ષા છે. રાગ છેને ભાઈ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવનો પંથ છે આ. આ કોઈ આલીદુઆલી રાંકાએ ભેગું કરીને ઊભું નથી કર્યું. આ તો અનંત-અનંત દશા જેને કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ.... આહા! અરે! જીવમાં સર્વજ્ઞપણું–સર્વજ્ઞદશા થઈ શકે એવી પણ જેને હજી શ્રદ્ધાના ઠેકાણા નથી, અરેરે! એને આત્માની શ્રદ્ધા નથી. જેને આત્માની શ્રદ્ધા નથી–આત્મા આવો છે એવી શ્રદ્ધા નથી એ (આત્માની) હિંસા કરે છે. સમજાણું કાંઈ? એ પોતાના જીવની હિંસા કરે છે.

દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. જ્ઞાનસ્વરૂપ કહ્યુંને અહીંયા? જ્ઞાનસ્વરૂપ એટલે કે પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. એમાં પછી અપૂર્ણ એવું ક્યાં આવ્યું? સર્વજ્ઞાનસ્વભાવી આત્મા છે. સમજાણું કાંઈ? પ્રત્યેકનો આત્મા સર્વજ્ઞાનસ્વભાવી છે. અહીં કીધુંને માથે? સહજજ્ઞાનનિધિ કહો કે પૂર્ણ જ્ઞાનસ્વભાવવાળો કહો. સમજાણું કાંઈ? એની રક્ષા કર, પ્રભુ કહે છે. આહાહા! એક તો, પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી છું એવી પ્રતીત થતાં જીવની સર્વજ્ઞશક્તિની રક્ષા કરી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હું તો અલ્પજ્ઞ જ છું, રાગવાળો જ છું—એ સર્વજ્ઞશક્તિની એણે અરક્ષા કરી. આહાહા! સમજાણું કાંઈ?

આ તો કોઈક મને દઈ દે, કોઈક મને આપે તો રાજી રાજી થઈ જાય. ઓલા અરવિંદમાં કહેને, ઉપરથી સ્વર્ગ ઉતારશે. માળા ગાંડા છેને. ગાંડાના કાંઈ ગામ જુદા હોય? ન્યાં, દેવ રચે છે. દેવ રચે છે, એ હજી પૂરો થયો નથી, પૂરો થઈને આવશે સડસડાટ ઉપરથી. બિચારાને એમ કે આહા.. આપણું કરી દેશે. રાંકા–ભિખારી મિથ્યાત્વના પાકા સેવનારા છે. .... એ બધાને કરી દેશે. ગાંડાના માપ શા હોય? ગાયના માપ હોય તો.... આહાહા! હાથ મૂકે તો આત્મા દેખાય. અમારે તો એવું છે, આવું અમે માનીએ. બહુ ચાલ્યું. ગજબ વાત છે. બીજાનો હાથ મૂકે તો ત્યાં આત્મા દેખાશે અંદર. અમારે એવું છે. એય! ભાઈ અમારે ચીમનભાઈએ પૂછ્યું કે એલા! બીજા હાથ મૂકે તો તેં શું કર્યું? તારા કર્યા વિના તારો આત્મા દેખાણો? એમ પૂછ્યું. વાત સાચીને? કોઈકે હાથ મૂક્યો ને તને આત્મા દેખાણો, પણ તેં શું કર્યું અંદર? તારા કર્યા વિના તને દેખાણો કે કોઈકના કર્યે દેખાણો? ચીમનભાઈ તે દિ' બોલ્યા હતા. સમજાણું કાંઈ? આહાહા!

ભાઈ! કોઈ વાતના ઠેકાણા ન મળે. એવા સ્વરૂપવિકળથી દૂર રહેજે એમ કહે છે. આહાહા! આ તો પરમ સત્ય, ત્રિકાળ સત્ય સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહેલું છે. ચૈતન્યનિધાન મારી સર્વજ્ઞની પર્યાયો છે એવી અનંતી તારામાં પડી છે. તું તો જ્ઞાનનો નિધાન છો. આહાહા! એવી સર્વજ્ઞદશા આવ્યા કરે, નીકળ્યા કરે અંદરથી, તો એ જ્ઞાનનિધિ ખુટે એવી

નથી. એવો તું છો, એવો તું છો અને એવો હું તને કહું છું. આહાહા! કહો, સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ કહે છે કે ભાઈ! તારામાં જ્ઞાનનિધિ એટલી છે કે આ સર્વજ્ઞપર્યાય અમને જે થઈ અને એવી અનંતી થયા કરશે એવી અનંતી સર્વજ્ઞદશા તારામાં પડી છે, કારણ કે તું જ્ઞાનનો નિધાન છો. આહાહા! ભાઈ! એમાં પુણ્ય-પાપના વિકલ્પ થાય એવી ખાણ નથી. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત ને પૂજાના વિકલ્પ એની ખાણ આત્મા નથી. એ તો અધ્ધરથી, બહારથી વિપરીત ભાવ થઈને ઉત્પન્ન થાય છે. આહાહા!

ભગવાન! તારામાં તો જ્ઞાનની ખાણ પડી છે. '**જ્ઞાનનિધિ**' કીધી છેને? આહાહા! ચૈતન્યદળ એકલો જ્ઞાનનો રસ પૂર્ણ.. પૂર્ણ.. એની પહેલી સન્મુખ થઈને શ્રદ્ધા કર તો 'છે' એવી એની રક્ષા થઈ. પછી ધ્યાન કરીને અસ્થિરતા છૂટે ત્યારે વિશેષ સ્થિરતાની રક્ષા થઈ. આહાહા! સમજાણું કાંઈ? આરે! આવી વાતો, કહે છે. આ તો વીતરાગમાર્ગની હશે આ વાત? ભાઈ! આપણે તો એ હોય કારતકની જાત્રા કરવી, સમ્મેદશિખરની કરવી, શેત્રુંજયની કરવી, લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ફલાણું ન કરવું, લ્યો છપરબી બ્રહ્મચર્ય પાળવું. આવી બધી વાતું સાંભળતા હતા જૈનમાં. આ તો બધી જૈનથી બીજી જાત નીકળી. આહાહા! પોપટભાઈ! વાતું તો આવી સાંભળતા અત્યાર સુધી તો. આમ કરો, સાધુને આહાર વહોરાવો, ભગવાનની ભક્તિ કરો, મંદિરો બનાવો, લ્યો વ્રત લઈ લો, અપવાસ કરો અપવાસ. આમાં તો એકેય વાત આવી નહીં. આહાહા! ભાઈ! એ બધી તો વિકલ્પની વાતું છે. એ વિકલ્પ તો આત્માની રક્ષા નહીં કરતાં અરક્ષા થાય છે. ગજબ વાત છે. નેમિદાસભાઈ! આહાહા! મોટો ફેરફાર થઈ ગયો કલકત્તાથી તે અહીં. કલકત્તામાં હતાને ત્યાં. બહુ ફેરફાર થઈ ગયો. આહાહા!

૨૬૮નો **શ્લોકાર્થ : આ લોકમાં કોઈ એક લૌકિક જન...** લૌકિક જગતના **આ પુણ્યને લીધે...** પાઠમાં **કાંચનાનાં** છેને? એ ધન.. ધન. **કાંચના** એટલે ધન. કાંચન એટલે સોનું નહીં. સોનું છે? પાઠમાં એ છેને ભાઈ! **પુણ્યાત્કાંચનાનાં...** સોનું. પછી ધન કીધું. પુણ્યને લઈને સોનું મળ્યું, લ્યોને પાંચ-દસ લાખ, વીસ લાખનું. ધન મળ્યું, ધનમાં એ બધું આવી જાય. રૂપું, સોનું, હીરા, માણેક ક્યાંકથી મળી જાય. ચરુ-બરુ પડ્યો હોય પાંચ કરોડનો, દસ કરોડનો. આમ જરી કરતા આમ થઈ જાય. ખોદતા નીકળી જાય. આમ કરતાં.. આમ કરતાં.. આ તો ઘણા લાગે છે. આમ કરતા એ ચરુ જેવો દેખાય. ઓય માળે! ઢાંકી દો હમણાં. દિવસે દેખાઈ જાય, આપણે રાત્રે લઈ જઈશું. આહાહા!

પચાસ હજારનો એક મોરિયો નીકળ્યો હતો ઘોડાનો. બોટાદમાં જંગલમાં ખોદતાં. ઘોડાનું થાય છે ઓલું મોરિયું. પચાસ હજારનું પહેલાનું હતું. સોનાનું જ હતો. ઘોડા–અશ્વ. અશ્વકા વહ ચડાતે નહીં? શું કહેવાય? દાગીના–આભૂષણ. અહીં આભૂષણ, અહીં બધા વચમાં... સોનાનો હતો. ખોદતાં ખોદતાં ખ્યાલ આવ્યો કે આ પચાસ હજારનું સોનું લાગે છે.

રજા આપી દો. ખોદનારા હોયને ઓલા દાડિયા-બાડિયા. રજા આપી દીધી. પાછું ઓલું નીકળ્યું એમાં બહાર હો-હો કરી દે તો. રાત્રે લઈ લેશું. અત્યારે હમણા કામ નથી, જાઓ દાડિયાઓ. ધીરુભાઈ! મણિલાલભાઈની સામે. એને ખબર છે. મણિલાલ ગાંધી... સમજાણું કાંઈ? ત્યાં નહીં બોટાદ? પછી મણિભાઈએ..... કે અહીં પૈસા હો તો વાવો ખૂણામાં. ઝાડ વાવ્યું. કારણકે શાસ્ત્રમાં એવું છેને કે ઝાડ વાવતા એના ઝાડનું છોડ એની કોર જાય ત્યાં લક્ષ્મી હોય. વાવ્યું પછી આમ જેની કોરથી ખોદ્યું આખું ઘર ખોદી નાખ્યું. એ તમારો મનમોહન કહેતો હતો. આહાહા! તમારો ભાણીયો મનમોહન કહેતો હતો કે તમે હતા ખોદવામાં. કાંઈ નીકળ્યું નહીં ધૂળેય તે. આહાહા!

અરેરે! પુણ્ય હોય તો થાય, એમ કહેવું છે. કોઈના **પુણ્યને લીધે ધનના સમૂહને પામીને, સંગને છોડી ગુપ્ત થઈને રહે**... પછી સંગ એવો ન કરે કે આ અમને પાંચ કરોડ હમણાં મળ્યા છે. હીરા-પન્ના મળ્યા છે એ વેચશું. બહારથી રાખો ખાનગી. **સંગને છોડી ગુપ્ત થઈને રહે છે.** લ્યો, આહાહા! લક્ષ્મી પામીને. **તેની માફક...** ત્યાં એટલું લીધું, ઓલામાં **સૌજન્ય** પાઠમાં લીધું હતું. નહીં? **सुजनत्वेन** (એનો અર્થ કે) પોતાના વતનમાં. પોતાનું વતન એમ કહ્યું. ખરું જન્મ(સ્થાન) તો વતન છેને? પોતાનું વતન છે, એમ પોતાનું વતન આ છે આત્મા. એ પોતાના બહારના જન્મના વતનમાં ત્યાં જઈને. પહેલી રીત એવી હતી હોં. પરદેશમાંથી નીકળીને પૈસાનો ... ન્યાં રાખે.

તેની માફક **જ્ઞાની (પરના સંગને છોડી ગુપ્તપણે રહી) જ્ઞાનની રક્ષા કરે છે.** એટલે શું? જ્ઞાનની રક્ષા કરે એટલે શું? આત્મા ચિદાનંદ આનંદકંદ પ્રભુ છે એનું ધ્યાન કરીને એમાં એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ? એનું નામ જ્ઞાનનિધિ. ભગવાન જ્ઞાનનો એકલો સાગર, જ્ઞાનનો પુંજ પ્રભુ એની અંતર એકાગ્ર થઈને જ્ઞાનને પામીને, પર્યાયમાં 'આ જ્ઞાનસ્વરૂપ છે' એમ એકત્વપણે પામીને જ્ઞાનની રક્ષા કરે છે. તેના સ્વરૂપમાં જવા તીવ્ર પ્રયત્ન કરે છે. રાગથી ખસી, સંગતિ છોડી, આ કરવાનું છે કહે છે. આવશ્યક એટલે આ કરવાનું છે. આવશ્યક અધિકાર છેને આ? એને કરવાનું તો આ છે. આહાહા! પોતાની ધ્યાનની પર્યાય ધ્યેયમાં વાળીને... શુદ્ધ ચિદાનંદ જ્ઞાનપુંજ પ્રભુ એ તો વસ્તુ–તત્ત્વ–દ્રવ્ય–શક્તિવાન. એવા શક્તિવાન એવું જે જ્ઞાનનિધિ એની રક્ષા કર એટલે પર્યાયમાં વીતરાગ પર્યાય દ્વારા એનું રક્ષણ કર, એમ કહે છે. આહાહા!

... સમ્યક્ સહિત જે પૂર્ણ છે એની અંતર પ્રતીત, એનું જ્ઞાન અને એની રક્ષા એટલે ચારિત્ર, એ એની રક્ષા છે. વસ્તુ છે એવડી જ માનવી, એ વડે એનું જ્ઞાન અને એમાં લીનતા, એ જીવની જ્ઞાનનિધિની રક્ષા છે. મોક્ષમાર્ગ એ જ્ઞાનનિધિની રક્ષા છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત કેવી પણ આ? જ્યાં જુઓ ત્યાં બીજું સાંભળવાનું મળે. આ વળી ત્રીજું. આ કાંઈ

નવું કાઢ્યું હશે? એય ભીખાભાઈ! કહો, સમજાણું કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ છે તેવી અંતર સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીતિ કરવી, ત્યારે તો 'જીવ આવડો છે' એવી રક્ષા થઈ શ્રદ્ધામાં. એને હીણો ને વિપરીત માનવો એ તો હિંસા થઈ. સમજાણું કાંઈ? આહાહા! આજ લલિત આવ્યો છે. લખે છે. હુશિયાર છે. કહો, સમજાણું કાંઈ?

જ્ઞાનની રક્ષા કરે એટલે શું કીધું? શું કીધું? (શ્રોતા : આત્માની રક્ષા કરવી). હાં. આત્મા અંદર જ્ઞાનસ્વરૂપી છે. એ જ્ઞાનસ્વરૂપને સ્વરૂપપણે પ્રતીત, જ્ઞાન ને રમણતા કરવી, એ જ્ઞાનની રક્ષા, આત્માની રક્ષા કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત. આવો વીતરાગમાર્ગ હશે? સમજાણું કાંઈ? આ સ્વરૂપ હોય તો એક દિગંબર સંતોમાં જ આ વાત છે. સમજાણું કાંઈ? એના ઘરમાં આ છે. આવી વાત બીજે ક્યાંય નથી. લોકો શું કરે? આઘા જાતા નથી, વિચાર કરતા નથી અને જ્યાં જન્મ્યા હોય ત્યાં માની બેઠા હોય પોતાની વાતને (એટલે) ઓલી વાત હાથ આવતી નથી. કહે છે, હાથ આવી હોય તો રક્ષા કરજે હવે. એમ કહે છે અહીં. સમજાણું?

એકને હાથ આવ્યું જરી ગામડામાં. છોકરાએ એમાંથી પાંદડું ઉપાડી લીધું સોનાનું. માએ બાંધેલું. ગામ-ઠામના નામ ન અપાય. અજાણ્યે એને મળી ગયો કોઈક. ગરીબ માણસ હતા. પચાસ હજારનો એને મળી ગયો. પહેલા કાઠી લોકો સોનાના પાંદડા ને મોર... એનો છોકરો હશે તો એક પાંદડું લઈ ગયો સોનાનું. લીધું, પછી છોકરાને માર્યો બાંધીને. મરી ગયો. લ્યો, આ માળા. આ મળ્યું એની રક્ષા કરવામાં છોકરાને માર્યો. આ બનેલી વાત છે. અહીં ગામોગામ જાઈએ ત્યારે ચારેકોરથી ઘણું સાંભળવાનું મળતું હોયને. ઘણે ઠેકાણે... આહાહા! પછી તો બિચારા પાછળથી તો..... પછી શું કરે? છોકરાને સોનાનું..... કેમ તેં લઈ લીધું? આજ લઈ લીધું, કાલ બીજું લઈ લેશે, કાલ ત્રીજું લઈ લેશે. એને લાકડે બાંધ્યો હતો. નથી કરતા....? ગામડાના માણસ, પુણ્યહીન. એમાં મળી ગયો હશે, ફાટી ગયો પ્યાલો. આમ કેમ આ લઈ જાય છોકરો? હવે છોકરાનું છે એ તારું છે.... સાંભળને!

એમ આત્માને વાસ્તવિક તત્ત્વ મળતાં... સમજાય છે? સાચવજે. કોઈ નુકશાન કરનારા મળે (ને કહે કે) એમ ન હોય, આવો માર્ગ ન હોય. સામું જોઈશ નહીં, એની સામું જોઈશ નહીં, એને સાંભળીશ નહીં. આહાહા! એ દુનિયા... કહેશે આગળ. એ કહે છે જુઓ! અમે લોકને સદા તૃણવત અવલોકીએ છીએ. નીચે છે. અમે દુનિયાને જાણીએ છીએ. દુનિયા જેને આ ચીજની ખબર નથી. ચાહે તો સાધુ હોય.... એ બધા તૃણ જેમ અમે માનીએ છીએ. આ ચીજ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, સહજાનંદની મૂર્તિ એ જેને મળ્યો, એ હવે બીજાને ગણતો નથી અને રક્ષા પોતાની કરે છે એમ કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## માગશર સુદ ૪, સોમવાર, તા. ૨૨-૧૧-૧૯૭૧
## શ્લોક - ૨૬૯, ગાથા - ૧૫૮, પ્રવચન નં. ૧૮૪

નિયમસાર સિદ્ધાંતશાસ્ત્ર છે, આ નિશ્ચય પરમ-આવશ્યક (અધિકાર છે). આત્માને જરૂરનું કાર્ય શું છે એનું વર્ણન છે. ૨૬૯ કળશ છે.

**त्यक्त्वा संगं जननमरणातंकहेतुं समस्तं**
**कृत्वा बुद्धया हृदयकमले पूर्णवैराग्यभावम् ।**
**स्थित्वा शक्त्या सहजपरमानंदनिर्व्यग्ररूपे**
**क्षीणे मोहे तृणमिव सदा लोकमालोकयामः ॥२६९॥**

કહે છે કે જેને આત્માનું કાર્ય કરવું છે એણે, **શ્લોકાર્થ : જન્મમરણરૂપ રોગના હેતુભૂત સમસ્ત સંગને છોડીને...** ભગવાન આત્મા અસંગ–રાગથી પણ સંગ વિનાની ચીજ છે. એવા આત્મામાં જેણે એકાગ્રરૂપી કાર્ય કરવું છે એણે આવા સંગને છોડી દેવો. જન્મ-મરણરૂપ રોગ એનો હેતુ નિમિત્ત... સમજાણું કાંઈ? અહીં તો બહારનો સંગ દેવ-ગુરુ-શાસ્ત્રનો છોડવો એમ કહે છે. કારણ કે પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો એને રાગ થશે. સમજાણું કાંઈ? તેથી સ્ત્રી, કુટુંબ-પરિવાર, સંસારની ચીજો બધી એનો સંગ તો છોડ, પણ... અહીં 'સમસ્ત સંગ' છેને? પોતે ભગવાન આત્મા તો અસંગ ચીજ છે. એનો–અસંગનો સંગ કરવો હોય, એણે બાહ્ય સંગ છોડવો પડશે લક્ષમાંથી. બાકી છૂટેલો જ પડ્યો છે બાહ્યથી. સમજાણું કાંઈ? એવી વાત છે.

નિશ્ચય આવશ્યક છેને અધિકાર. સાચી ક્રિયાનું કાર્ય અવશ્ય કરવાયોગ્ય એ આ નિશ્ચય આવશ્યક. એટલે આત્મા આનંદ ને જ્ઞાન... કહેશે બધું હમણા એમાંથી. એ જન્મ-મરણરૂપ રોગનું કારણ... ભાષા જુઓ! ઓહોહો! ગજબ વાત છે. પરનો સંગ છે એ રાગ છે. રાગથી સંગ થાય. રાગ બંધનું કારણ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ છેલ્લી ગાથાઓ છેને આ તો નિશ્ચય આવશ્યકની. જન્મ-મરણના રોગનું કારણ પરસંગ. આ આત્મા સિવાય જેટલા પરપદાર્થ છે એના સંગનું લક્ષ થાય એટલે એને ભલે શુભભાવ થાય કે અશુભ થાય, પણ બેય ભાવ તો જન્મ-મરણનું કારણ છે. સમજાણું કાંઈ? પ્રેમચંદભાઈ! આવી વાત છે. ભારે કામ આકરું.

ભગવાન આત્મા અંદર... એ કહેશે. **હૃદયકમળમાં બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્યભાવ કરીને...** પરના સંગને લક્ષમાંથી છોડી દઈ અને અહીં હૃદયકમળમાં ભગવાન આત્મા બિરાજે છે અંદર. આહાહા! પોતે હૃદયકમળમાં એટલે અંતર જ્ઞાનસ્વભાવથી જણાય એવો એ ભગવાન આત્મા **બુદ્ધિપૂર્વક પૂર્ણ વૈરાગ્યભાવ કરીને...** સમજણપૂર્વક–વિવેકપૂર્વક–વિચારપૂર્વક એટલે કે

સમ્યગ્દર્શનપૂર્વક, એમ. રાગ અને પરસંગથી છૂટી અને પોતાનો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એને હૃદયકમળમાં પરથી ભિન્ન પડી... પોતાનું જ્ઞાન યથાર્થ ચૈતન્ય શું છે એના ભાનપૂર્વક... **પૂર્ણ વૈરાગ્યભાવ કરીને** (એટલે) પર તરફથી, રાગથી પણ વૈરાગ્ય કરીને. પૂર્ણ વૈરાગ્ય. છેલ્લી વાત છેને. ભગવાન આત્મા આનંદ નિર્મળાનંદ–નિર્મળ સુખથી ભરેલું તત્ત્વ છે, આત્મા એટલે નિર્મળ... કહેશે ન્યાં જુઓ!

**સહજ પરમાનંદ વડે...** એક તો ભગવાન આત્મા અને એનું ભેદજ્ઞાનથી સમજણ કરી અને પૂર્ણ વૈરાગ્યથી... બધા જગતના પદાર્થો અને તેના તરફના વલણવાળો વિકલ્પ–રાગ એનાથી પૂર્ણ વૈરાગ્યભાવ કરીને (એટલે) એનાથી હઠી–ખસીને, પૂર્ણાનંદ નાથ આત્મા એની સમીપમાં રહેવું. આહાહા! ભારે વાત. પણ 'વાસ્તવિક બુદ્ધિપૂર્વક' એમ કહ્યું છેને. એ શું ચીજ છે આત્મા? બપોરે વંચાણું હતું એ સાત બોલ. એ રીતે વસ્તુ આમ છે એમ બરાબર અંતરના સમજણપૂર્વક, વૈરાગ્ય–પૂર્ણ વૈરાગ્યભાવ કરીને... આખી દુનિયાથી ઉદાસ. આત્મા સિવાયની બધી ચીજો એની ઉપેક્ષા અને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ તેની અપેક્ષા. ભારે માર્ગ ભાઈ! સાધારણ માણસને લાગે કે આ શું કરે છે, આ શું કહે છે. બાપુ! તારા હિતના માર્ગ તો આવા છે ભાઈ! એને અનંતકાળમાં તેં કર્યાં નથી, સાંભળ્યા નથી. આહા! એવો એનો માર્ગ છે ધર્મનો એને જોયા, એણે સાંભળ્યા નથી.

કહે છે કે પર તરફનું બધું લક્ષ છોડી અંતરના સ્વભાવનું સમજણપૂર્વક જ્ઞાન ને આનંદને પ્રગટ કરી... 'સમજણપૂર્વક કરી' એટલું, આનંદ પછી કહેશે. **પૂર્ણ વૈરાગ્યભાવ કરીને**... ઓહોહો! વિકલ્પ ઉઠે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો એનાથી પણ ઉદાસ થઈ, એમ કહે છે. ભાઈ! તારું સ્વરૂપ જ વીતરાગમૂર્તિ આત્મા છે. સમજાય છે કાંઈ? એ વીતરાગ પર્યાય કેવળજ્ઞાન પર્યાય પ્રગટ કરવા માગે છે એ બધો પર્યાયનો સમૂહ એ આત્મા વીતરાગ સર્વજ્ઞસ્વભાવી જ છે. તેનું યથાર્થ જ્ઞાન કરી, પૂર્ણ વૈરાગ્યભાવપૂર્વક **ભાવ કરીને સહજપરમાનંદ વડે**... આહાહા! કેવો છે ભગવાન આત્મા? કે જ્યારે એની સમજણ થઈને પૂર્ણ વૈરાગ્ય થયો એટલે પરમ આનંદ વડે જે અનાકુળ છે. સ્વભાવિક પરમાનંદ વડે **જે અવ્યગ્ર (અનાકુળ) છે.** પ્રભુ આત્મા સ્વભાવિક સહજ સ્વરૂપે પરમાનંદનું સ્વરૂપ જ એનું છે. એ વડે જે અવ્યગ્ર છે. પરમાનંદ વડે જે અનાકુળ ને અવ્યગ્ર જ અનાદિથી છે.

**એવા નિજ રૂપમાં...** એવું જે નિજરૂપ નામ નિજસ્વરૂપ. સમજાણું કાંઈ? એ સહજ જ્ઞાન પ્રભુ સહજાનંદ એવો પરમાનંદનો સ્વભાવ એનો છે, એ વડે અનાકુળ–અવ્યગ્ર જ છે. સ્વરૂપમાં વ્યગ્રતા, આકુળતા કે વ્યગ્રતા કે અસ્થિરતા સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? તોળી તોળીને શબ્દો છે અહીં. એવું જે પરમાનંદનું અવ્યગ્રસ્વરૂપ ભગવાન આત્માનું પોતાનું, નિત્યાનંદ ધ્રુવ ભગવાન એવું નિજરૂપ, એમાં શક્તિથી–વર્તમાન સામર્થ્ય–બળ–વીર્ય–પુરુષાર્થથી સ્થિત

રહીને... એ પર્યાય થઈ. આ નિશ્ચય આવશ્યક થયો. ભારે વાત! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનું સહજ અવ્યગ્ર–અનાકુળ સ્વરૂપ જ અનાદિનું છે. તેમાં વર્તમાન પુરુષાર્થ ને વીર્યના બળ દ્વારા એમાં સ્થિત થઈને... આરે ભારે ક્રિયા કીધી આ! આ ધર્મ. સમજાણું કાંઈ?

પોતાના નિજરૂપના સામર્થ્યથી **એમાં સ્થિત રહીને...** આ હિતનું કાર્ય આત્મા કરે એને પરમ-આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. સાધારણ માણસને તો એવું લાગે. સાધન આત્મામાં એકાગ્ર થવું એ. એ સાધન. આ તો, ભાઈ! બહારની ચીજ તો આ બધી ધૂળ મળે આ પાંચ-પચાસ લાખ, એ તો પૂર્વના પુણ્ય બળી જાય ત્યારે મળે છે. એમાં કાંઈ પુરુષાર્થ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ પોપટભાઈ! પૂર્વના પરમાણુ પડ્યા હોય, પૂર્વે શુભભાવ અનંતવાર કરેલા છે, એ કર્યા ને પરમાણુ બંધાણા હોય અને સોગઠી ગોઠવાઈ જાય. ત્યાં પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ મળવાના એ મળે. મળે એટલે એની પાસે આવતા નથી, પણ નજીક આવે છે એટલે માને કે મને મળ્યા, એમ. ઓલું પુણ્ય બળ્યું ત્યારે મળ્યું એમ દેખાય છે.

શ્રોતા : પુણ્ય તો બાળવાયોગ્ય જ છેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ક્યાં એમ માને છે? એ કહે, આ પુણ્યથી મળ્યું. એ તો પુણ્યથી મળ્યું એમેય ક્યાં માને છે? હું હોશિયારી ધ્યાન રાખીને... એ વજુભાઈ! કેમ હશે આ? અબજો રૂપિયા મળે.. આપણા વાણિયામાં અબજો રૂપિયા છેને અત્યારે? જાણે ડહાપણથી અમે મેળવ્યું એમ માને. આહાહા! અબજો હોં, કરોડો તો ક્યાંય હેઠે રહી ગયા. એ ધૂળ તો પૂર્વના પરમાણુ–બંધાયેલા રજકણો હોય, એનો પાકનો કાળ ખરવાનો આવે ત્યારે એ ચીજ બહારથી એની પાસે–સમીપમાં દેખાય. એ પૂર્વનું પુણ્ય બળે ત્યારે બહારથી નોટ દેખાય. એમાં આત્માનો પુરુષાર્થ કાંઈ નથી.

શ્રોતા : પાપ....

પૂજ્ય ગુરુદેવશ્રી : પાપનો પુરુષાર્થ, પણ આ પુરુષાર્થ કર્યો માટે મળ્યું એમ નથી. જાદવજીભાઈ! રાગનો પુરુષાર્થ છે કે રાગ કરું, આમ કરું તો આમ મળે, આમ કરું તો આમ મળે. મૂઢ જીવ અનાદિનો એ રીતે ત્યાં રોકાઈ ગયો છે કહે છે, સમજાણું કાંઈ? આહાહા! એમ માન્યું હતું અત્યાર સુધી ન્યાં? ધમપછાડા (કરે). કહો, સમજાણું કાંઈ?

કહે છે કે આ નિજરૂપમાં પુરુષાર્થથી સ્થિત રહેવું એ એનો પુરુષાર્થ છે, એમ કહે છે. આહાહા! છે? વાણિયા મેળવે તો ખરા, દશેરામાં ચોપડા મેળવે છે કે નહીં પાપના? બાપુ! ભગવાન! તારી ચીજ જુદી છે. ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર જેને પૂર્ણ જ્ઞાન ને કેવો આનંદ છે, એની વાણીમાં આમ આવ્યું છે ભાઈ! સમજાય છે કાંઈ? આ કોઈ પામરની વાણી નથી. આ તો પ્રભુતાની વાણીમાંથી આવ્યું છે. ભગવાન! તારું રૂપ તો પરમાનંદથી અનાકુળ–અવ્યગ્રપણે રહેલું છે કહે છે. સમજાણું કાંઈ? એનું યથાર્થ જ્ઞાન કરી,

પૂર્ણ વૈરાગ્યભાવ કરી અને એ નિજરૂપમાં પુરુષાર્થથી અંદર સ્થિત થવું એ ધાર્મિક ક્રિયા છે. આહાહા! ભારે આકરું પડે માણસને. સમજાણું કાંઈ? શું છે નવલભાઈ? ભાઈએ આજ પૂછ્યું. સમજ્યા... પૂછ્યું માટે લાગ્યું. કહો, સમજાણું કાંઈ? એ તો શબ્દ નીકળે ત્યારે ખબર પડેને. ભાઈ બેઠા હતા આનીકોર. આહાહા!

પ્રભુ! અહીં તો પરમાત્મા ત્રણ લોકના નાથ જેના ઇન્દ્રો તળિયા ચાટે, રજ માથે ઉપાડે, એ ભગવાનની વાણીમાં આમ આવ્યું છે ભાઈ! તારા નિજરૂપમાં પુરુષાર્થથી સ્થિત રહેવું એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનું નામ ધાર્મિક ક્રિયા, એનું નામ આવશ્યક આચરણ છે. આહાહા! ભારે હજી તો મગજમાં પેસવું કઠણ પડે કે શું કહે છે. સમજાણું કાંઈ? સત્યનો પંથ તો આ છે. જગપંથથી... ભાઈ બોલતાને. નથી આવતું ગાયન? ‘જગપંથથી સત્યપંથ દોહ્યલો.’ રમેશ.. રમેશ. હમણાં બોલ્યો હતો, નહીં? કમલ. પ્રેમચંદભાઈના દીકરાનો દીકરો. જગપંથથી સત્પંથ દોહ્યલા–જુદા છે ભાઈ! તમારે છેને આ ગાનારા. નવનીતભાઈ! ઘાટકોપર છેને એ? આહાહા! જગના પંથો ચાલે છે એનાથી સત્‌ના પંથ કોઈ જુદી જાતના છે. સમજાણું કાંઈ?

અરે! એને સાંભળવા મળે નહીં, એની રીતની કળા પણ સાંભળવા મળે નહીં, એ કે દિ’ સમજીને અંદર પ્રયોગ કરે? આહાહા! દુર્લભ ચીજ છે, અશક્ય નથી. સમજાણું કાંઈ? એણે કર્યું નથી અનંત કાળમાં એટલે એને દુર્લભ લાગે છે. આહાહા! કહે છે કે ભગવાન! તારું રૂપ તો પરમાનંદ વડે અનાકુળ એની સમજણ કરીને, પૂર્ણ વૈરાગ્ય (એટલે) પરથી ખસી અને પોતાના પુરુષાર્થથી તેમાં સ્થિત રહીને... લ્યો, આ આવશ્યક ક્રિયા. સમજાણું કાંઈ? એ પુરુષાર્થથી થાય છે એમ કહે છે. એમ આ પૈસા-બૈસા પુરુષાર્થ વિના મળે છે, એની મેળાએ મળે છે. પોપટભાઈ! ઘણા જોયા છેને અમે બુદ્ધિના બારદાન હોય કોથળા. બારદાન સમજાણું? ખાલી કોથળા. પાંચ-પાંચ લાખ પેદા કરે મહિને. છે શું એ? એ ચીજમાં શું હતું? અહીંયા પુરુષાર્થ છે કહે છે. ન્યાં કાંઈ પુરુષાર્થ કામ કરતો નથી. સમજાણું કાંઈ?

ડાહ્યાડમરા થઈને ફરે મોટા જાણે કે આહાહા.. વ્યવસ્થિત કામ કરીએ છીએ તો એ બધું પ્રાપ્ત થાય છે. અમે બાહુબળે આ બધું ભેગું કર્યું. અમારા બાપ પાસે નહોતા ને એ સાંપડ્યા. એમ બધી વાતું બહુ કરે. એ પોપટભાઈ! એ વાતું કરે. અહીંયા તો બધું જોયું છે, ઘણું જોયું છે. અહીં શરીરને ૮૨ વર્ષ થયા. ૬૦ વર્ષ તો દુકાન છોડીને બેઠા છીએ. ઘણું જાણ્યું જગતનું. ઓહોહો! આ રમતું કહે, લ્યોને, આ જગતની. પુરુષાર્થથી અમે આમ મેળવ્યું, અમે બાહુબળે મેળવ્યું, નહોતા ને સાંપડ્યા. શું સાંપડ્યા ધૂળ? સાંભળને ભાઈ! નહોતો આત્મા દૃષ્ટિમાં એ સાંપડે એનું નામ ‘નહોતા ને સાંપડ્યા’ કહેવાય. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા કોઈ દિ’ મેળવ્યો નથી એણે. ભારે ભાઈ! છેને. પ્રેમચંદભાઈ! આહાહા! ગજબ ટીકા કરે છે. એકમાં કેટલું સમાડ્યું છે!

નિજરૂપ એવું છે કે જે અનાકુળ ને આનંદનો ધામ પ્રભુ, અણીન્દ્રિય આનંદ અનંત-અનંત પરમાત્મા પોતાના સ્વરૂપમાં પડ્યું છે. આહાહા! એવા અતીન્દ્રિય આનંદનો નાથ પોતે પ્રભુ છે, પોતે પરમાત્મા પોતે છે. એના રૂપમાં પુરુષાર્થથી સ્થિત રહીને... આહાહા! **મોહ ક્ષીણ હોતાં...** મોહનો નાશ થઈ જાય છે. આની પ્રાપ્તિ થાય છે અને મોહનો નાશ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! અમે ધર્માત્મા, એમ કહે છે મુનિ પોતે.

**અમે લોકને સદા તૃણવત્ અવલોકીએ છીએ**. મોટા બાદશાહ બેઠા હોય ચક્રવર્તી ને રાજા, એક-એક સેકંડના મિનિટના લાખો રૂપિયાની પેદાશવાળા. સમજાણું કાંઈ? અને શરીર રૂપાળા, છોકરા સારા, બાયડી કહ્યાગરી, મકાનો બધા અણધાર્યા મળી જાય. કોઈકે કર્યા હોય પચાસ લાખ, કરોડના અને મળી જાય એને દસ લાખમાં. એય! થાય છે કે નહીં? ઓલાને જાવું હોય, આને જોઈતું હોય. ઓલાને જાવું હોય ન્યાંથી ને આને જોઈતું હોય. કોઈક કહેતું હતું. ક્યાંક થયું હતું. કેવું તમારે માંડલામાં? કોઈક કહેતું હતું. કોઈકને ન્યાંથી નીકળવું હોય, આને ન્યાં રહેવું હોય. એ નીકળનારા (પાસેથી) કોઈ લે નહીં...... દુકાન એમને એમ આપી દે સમજીને. એમ થઈ જાય કે આહા.. આપણે કેટલા ફાવ્યા ને કેટલું મેળવ્યું. પોપટભાઈ!

ધૂળેય મેળવ્યું નથી, સાંભળને! હારી ગયો છે આત્મા. જાદવજીભાઈ! બરાબર હશે? ન્યાં હુંડીયું ચાલે છે લ્યો, કલકત્તામાં, આહાહા! આને પથરા ચાલે છે પોપટભાઈને. પથરા સિવાય બીજું કાંઈક હશે. એક જ છે? ન્યાં તો જોયું તમારું થાણામાં. પંદર લાખનો સંચો છેને થાણામાં. ત્યાં ઉતર્યા હતા, વ્યાખ્યાન આપ્યું હતું. હવે ગામમાં બીજું. મોટો પથારો છેને એનો તો. એ પથારો, કહે છે કે કોઈકનો છે. મફતનો (મારો) માનીને બેઠો છે એમ કહે છે. તારો પથારો તો, અહીં આનંદમય અવ્યગ્ર વસ્તુ એ તારો પથારો છે એમ કહે છે. આહાહા!

અરે નાથ! તારો આનંદ તો તારી પાસે છેને. ત્યાં જાને, ત્યાં ઠરને, પણ પહેલું સમજણપૂર્વક કરીને ઠર. સમજ્યા વિના એકલો ઠરી શકે નહીં ન્યાં. આ ચીજ આવી છે અને ચીજમાં બીજી ચીજ નથી. 'વૈરાગ્યપૂર્ણ' કીધુંને. એવા ભાનપૂર્વક અંદર પુરુષાર્થથી ઠર. મોહનો નાશ થતાં અમે જગતને તૃણવત્ ભાળીએ છીએ. કોઈ મોટા અમારી નજરમાં દેખાતા નથી, એમ કહે છે. ધર્માત્માને પોતાના આત્માની મોટપ સિવાય બીજી બહારની ચીજમાં ક્યાંય મોટપ, અધિકાઈ, વિશેષતા દેખાતી નથી. આહાહા! નવનીતભાઈ! શું હશે આ? તમારા કાકાને બહુ પૈસા..... ૨૫-૩૦ લાખ, ચાલીસ લાખ. હોય એ ખરું, માણસને આંકડા ગણવા છેને. આપણે આહાહા.. કેટલા ફાલ્યા-ફૂલ્યા છીએ. કરમાઈ ગયું અંદરમાં કે ફાલ્યા-ફૂલ્યા એની એને ખબર ન મળે. આ ફાલ્યા-ફૂલ્યા આ છે. આહાહા! અરે! પોતાના ઘરની વાતું પ્રેમપૂર્વક કોઈ દિ' સાંભળી નહીં એણે અને જે જગતની ચીજ એની પાસે નથી, એની નથી, એને મેળવવા માટે પ્રેમપૂર્વક ઉલ્લાસિત વીર્યથી કામ કર્યાં. આહાહા!

કહે છે, ભાઈ! એ અણાવશ્યક છે. એમ કહેવું છેને અહીંયા. બહારની ક્રિયાઓ છે એ અણાવશ્યક છે. એમાં હાનિ ને નુકશાન છે. સ્વ આત્મામાં સ્થિર થવું એમાં એકલો આનંદનો લાભ ને આત્માની પ્રાપ્તિ છે. આહાહા! આત્માની પ્રાપ્તિ સિવાય તારે શું જોઈએ છે હવે? સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ! મુનિ મહારાજ પોતે કહે છે. ઉત્કૃષ્ટ વાત છેને અહીં તો. અમે અમારા આનંદથી અનુભવમાં રહેતાં આખી દુનિયાને તરણા જેવા દેખીએ છીએ. અમારી કિંમત આગળ કોઈ બહારની ચીજની કિંમત છે નહીં. સમજાણું કાંઈ? ૧૫૭ ગાથા થઈ. ૧૫૮. આ નિશ્ચય આવશ્યકની છેલ્લી ગાથા છે. હજી બીજી ૨૯ બાકી છે. મૂળ ગાથા ૧૫૮.

**सव्वे पुराणपुरिसा एवं आवासयं त काऊण ।**
**अपमत्तपहुदिठाणं पडिवज्ज य केवली जादा ॥ १५८॥**

**अपमत्तपहुदिठाणं...** એ અપ્રમત્તથી લીધું છે હોં. એ છઠ્ઠું-બઠ્ઠું નહીં. નીચે હરિગીત.

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

**ટીકા : આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.** જરૂરના કાર્યની કથનશૈલી અહીં પૂરી થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન...** જુઓ! આ નિશ્ચય. શું કીધું? નિજ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદથી ભરેલો પદાર્થ, અનંત- અનંત પરિપૂર્ણ આનંદથી ભરેલું તત્ત્વ પ્રભુ આત્માનું, એના આશ્રયમાં... **સ્વાત્માશ્રિત...** એવો જે સ્વ-ભગવાન એને આશ્રિત નિશ્ચય ધર્મધ્યાન, એને આશ્રયે થતું સાચું ધર્મધ્યાન. કહો, સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ પરમ સત્ય છે. એવો માર્ગ બીજે ક્યાંય નથી. બધા ગમે એવા ડંફાસ વાતું કરતા હોય. સમજાણું કાંઈ? આવો સર્વજ્ઞ પંથ એ તો આત્માનો પંથ છે એમ કહે છે. કેમકે ભગવાન આત્મા પોતે જ સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપે છે. એનો આશ્રય કરીને– સ્વસ્વરૂપનો આશ્રય કરીને જે નિશ્ચય ધર્મધ્યાન થાય તે બાહ્યક્રિયાથી પ્રતિપક્ષ છે. એનાથી પ્રતિપક્ષ એમ કહે છે. શું કહે છે?

સ્વ-આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કરીને જે ધ્યાન થયું નિશ્ચય ધર્મધ્યાન, એ વ્યવહારુ જે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, અપવાસ એવી જે વિકલ્પની ક્રિયા એનાથી આ નિશ્ચય ધર્મધ્યાન પ્રતિપક્ષ છે. સમજાણું કાંઈ? અરે! એણે કરવા જેવું કર્યું નહીં, મફતનો હેરાન થઈ, દુનિયામાં ડહાપણ બતાવી (માને છે કે) અમે કાંઈ ડાહ્યા છીએ, અમે કાંઈ જગતના પાવરધા છીએ. જગતના પાવરધા (એટલે) રખડવાના. એક જણો કહેતો હતો કે આવું જો મહારાજનું સાંભળીએ તો સંસારમાં તો આપણે કામના ગણાતા નથી. આહાહા! એ ભીખાભાઈ! આવું હોય તો બંગડીમાં બેસવું ને જાવું એમાં હોંશ બધી ઊડી જાય એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

એ તો ભાઈ એમ કહેતો હતો પ્રેમચંદભાઈનો દીકરો. ગુણવંત.. ગુણવંત. ગુણવંત ને? કાળિદાસભાઈના જમાઈ. કહેતો હતો, માળું, આવું આમાં કંઈ પ્રેક્ટીસ ન કરી શકાય. એના માટે તો આ વાત ચાલે છે. ધંધામાં કરી શકાય રાગ ને આ ને આ ને ધૂળ. રાગ કરે હોં, ન્યાં કાંઈ બીજું તો કાંઈ કરી શકતો નથી. ધંધામાં એ ધંધાની ક્રિયા કાંઈ કરી શકતો નથી. રાગ ને વિકલ્પ ને સંકલ્પ-વિકલ્પ કરે, ત્યાં એને સૂઝ પડે. કહો, સમજાણું કાંઈ? અહીં કહે છે કે આવું સૂઝ પડવું ભારે કઠણ છે. કઠણ છે પણ એનું છેને, એનું છેને, અશક્ય તો નથીને. આહાહા! એની પોતાની મહત્તા ને માહાત્મ્ય એને ખ્યાલમાં આવતું નથી. માહાત્મ્ય બધાનું આ બહારનું. બહુ બહુ તો અંદરમાં પાપના પરિણામને છોડીને પુણ્યના ભાવ થાય એનું માહાત્મ્ય. એથી આગળ ચાલે તો એની વર્તમાન અવસ્થામાં કાંઈક જ્ઞાનનો ઉઘાડ થયો એનું માહાત્મ્ય. એ બધા માહાત્મ્ય મિથ્યાત્વના છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું ધામ પ્રભુ છે. આહાહા! કહે છે કે એનો આશ્રય લઈને જે ધર્મધ્યાન થાય એ વ્યવહારુ ક્રિયાકાંડના વિકલ્પથી તે પ્રતિપક્ષ છે. એનો અર્થ એ કે નિશ્ચય સ્વભાવના ધ્યાનની ક્રિયા એનાથી વિકલ્પની ક્રિયા વિપરીત છે. આ મોક્ષનું કારણ છે, તો એ બંધનું કારણ છે. આરે આ ભારે! સમજાણું કાંઈ? શરૂઆતમાં કહી ગયા હતા પહેલું. પ્રતિપક્ષનું પહેલું આવ્યું હતુંને, શરૂઆતમાં આવ્યું હતું. પહેલું જ્યાં શરૂ કર્યુંને. શરૂ કર્યું ત્યાં જ આવ્યું હતું. કેટલામાં શરૂ કર્યું હતું? શરૂ કર્યું ન્યાં છે જુઓ! પહેલી ગાથામાં શરૂઆતમાં. **વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ...** પાનું છે ૨૮૨. શરૂઆત, નિશ્ચય પરમ આવશ્યકનો અધિકાર. શરૂઆત છે પહેલી. ૧૪૧ ગાથા એની માથે છે. **હવે, વ્યવહાર છ આવશ્યકોથી**... એ સામાયિક કરવો એવો વિકલ્પ, પ્રતિક્રમણ કરવો એવો વિકલ્પ, વંદના કરવો એવો વિકલ્પ... આહાહા! **છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.** પહેલે શરૂઆતથી. સમજાણું કાંઈ?

**સ્વાત્માશ્રિત**... પર આત્મા પરમાત્માને આશ્રિત નહીં એમ કહે છે. પરમાત્માનો આશ્રય કરવા જાશે તો વિકલ્પ ઉઠશે, એ તો અણાવશ્યક છે કહે છે. એને વ્યવહાર આવશ્યક કહેવો, એનો અર્થ કે એ અણાવશ્યક છે. **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન**... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદમય એનો આશ્રય કરીને એટલે એને ધ્યેય બનાવીને જે ધ્યાન થયું, એ નિશ્ચય આવશ્યક ધર્મધ્યાનની ક્રિયા, એ મોક્ષનો માર્ગ. એ વ્યવહાર આવશ્યકથી પ્રતિપક્ષ છે. આહાહા! શ્રાવકના છ આવશ્યક કહ્યા છેને. દેવપૂજા, ગુરુસેવા, (સ્વાધ્યાય, સંયમ)–દયા, તપસ્યા ને દાનના વિકલ્પ (એવા) છ આવશ્યક કહ્યા, પણ એ છ આવશ્યક વ્યવહાર બંધના કારણ છે. આહા! ગજબ વાતું છેને આ તો! એનાથી પ્રતિપક્ષ આ સ્વ-આત્માનું ધ્યાન. ધ્યાન એ વીતરાગી પર્યાય છે અને વ્યવહાર આવશ્યક એ રાગ છે. સમજાણું કાંઈ?

**અને નિશ્ચયશુક્લધ્યાનસ્વરૂપ...** શુદ્ધનિશ્ચય પરમ-આવશ્યક એમ કહેશે. સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન અને સ્વાત્માશ્રિત નિશ્ચયશુક્લધ્યાન. એટલે બીજું ઉજળું છે, વિશેષ સ્વનો આશ્રય છે. એવું જે શુદ્ધ નિશ્ચય પરમ-આવશ્યક કે **જે બાહ્ય આવશ્યકાદિ ક્રિયાથી પ્રતિપક્ષ** છે. કહો, સમજાણું કાંઈ? વ્યવહાર સામાયિક શુભવિકલ્પ, ભગવાનની સ્તુતિ ચોવિસંથો, વંદના, પડિકમણા, કાયોત્સર્ગ ને પચ્ચખાણ—છ આવશ્યક આવે છેને? છ આવશ્યક આવે છે એ વ્યવહાર છે, વિકલ્પ છે, રાગ છે. એનાથી આ પ્રતિપક્ષ વીતરાગી પર્યાય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પ્રતિપક્ષ છે. નિશ્ચયથી વ્યવહાર પ્રતિપક્ષ છે અને વ્યવહારથી નિશ્ચય પ્રતિપક્ષ છે.

અહીં તો નિશ્ચય વ્યવહારથી પ્રતિપક્ષ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? પણ એનો અર્થ થયોને કે નિશ્ચયથી વ્યવહાર પ્રતિપક્ષ છે, વ્યવહારથી નિશ્ચય પ્રતિપક્ષ છે. આહાહા! એવો **શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક...** શુદ્ધનિશ્ચય (અર્થાત્) જરૂરનું અંદર આત્માના ધ્યાનની ક્રિયા. આત્મા પરમાનંદસ્વરૂપ નિત્યાનંદ નાથ છે એને ધ્યેય બનાવીને, વિષય બનાવીને, એને વિષય બનાવીને જે પર્યાય થાય તે શુદ્ધનિશ્ચય પરમ-આવશ્યક, અનાકુળ આનંદની દશા છે. જુઓ! અનાકુળ આનંદસ્વરૂપ છે એ પોતે ત્રિકાળ, એમાં એકાગ્ર થવાથી અનાકુળ આનંદની દશા (થાય) એ નિશ્ચય પરમ-આવશ્યક ક્રિયા છે. આહાહા! સમજાણું કાંઈ?

હજી તો એને લાગે કે આ તો શું કહે છે? આવો માર્ગ હશે? કંદમૂળ ન ખાવા, લીલોતરી પ્રત્યેક ખાય એમાં પાપ માનવું, ચોવિહાર કરવો, સામાયિક, ચોવિસંથો ભગવાનની સ્તુતિ—એવું આવે તો કાંઈ સમજાય પણ ખરું. અરે! હવે આ ક્યાં માંડી? વ્યવહારના તારા ક્રિયાના વિકલ્પો એ બંધના કારણ છે, લે. એ ધર્મ નહીં. સ્વ-ભગવાન આત્માના આશ્રયે જે પરિણતિ પ્રગટ થાય એ ધર્મ અને અબંધ પરિણામ છે. અબંધ પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો. સમજાણું કાંઈ? આ બંધ પરિણામ છે, તો આ અબંધ પરિણામ છે. ઓલું બંધનું કારણ છે, તો આ પરિણામ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? આહાહા!

કેટલાક કહેતાં, એ બધી નિશ્ચયની વાત છે, નિશ્ચયની વાત છે, પણ અમારે સાધન શું કરવું? એમ પાછું કહે. એ નવરંગભાઈ! પણ આ બીજું એનું સાધન શું? આ નિશ્ચય ધર્મધ્યાન કીધું, પણ હવે પહેલું એનું સાધન ખરું કે પાધરું આ? કહ્યું નહીં? કે એનું સાધન આત્મા. આહાહા! કેમકે આત્મામાં અંદર સાધન નામનો ગુણ પડ્યો છે. આત્મામાં કરણ નામનો એક ગુણ પડ્યો છે. કરણ કહો કે સાધન કહો. અનાદિ-અનંત એ ગુણ પડ્યો છે આત્મામાં. કર્તા, કર્મ આવે છેને છ બોલ. એ છએ શક્તિઓ–ગુણ આત્મામાં છે. કર્તા, કાર્ય, કરણ–સાધન, અપાદાન (એટલે) એનાથી થવું, અધિકરણ અને સંપ્રદાન—એવી છ અનાદિ-અનંત શક્તિઓ–ગુણ આત્મામાં પડ્યા છે. સમજાણું કાંઈ? આહાહા!

અગાસમાં એમ થાતું હતું. વ્યાખ્યાન લોકોએ સાંભળ્યું સૌએ. ... શું કહેવાય? ... પટેલ છેને રાવજીભાઈ? હા, રાવજીભાઈ. રાતે પાછો એક આવ્યો મારવાડી. એ બધું ખરું, પણ એનું સાધન શું? કહે. કારણ કે આ ભક્તિ કરવી, પૂજા કરવી એ સાધન હોય તો કાંઈ થાયને? આકરું કામ ભારે હોં. ચાર વાગે ઉઠીને ઘંટ વાગે તો સહુ બધા ભેગા થાય, ઓલા ગણગણાવે, કરે ભક્તિ, ... વાંચન કરે એ સાધન. (શ્રોતા : મોટા સાધન એ માનેલા.) માનેલા. એ સાધન નથી. એને સાધન કહેવું એ વ્યવહાર છે, અભૂતાર્થ છે. નિજ સ્વરૂપનો આશ્રય કરવો. એમાં– આત્મામાં સાધન નામની શક્તિ પડી છે, એથી પર્યાયમાં સાધન થાય વીતરાગી પર્યાય. એ પર્યાયમાંય પણ સત્શક્તિનું સત્ પ્રકારનું પરિણમન છે. સમજાણું કાંઈ?

સ્વાત્માનો આશ્રય થયો, એ પર્યાય જે પ્રગટી છ પ્રકારની એમાં આ કર્તા, કર્મ, કરણ– સાધન એ પર્યાયમાં પણ સાધનપણું આવ્યું છે. સમજાણું કાંઈ? શું કીધું આ? અંદરમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ છ શક્તિઓ–ગુણ છે આત્મામાં અને એની સાથે અનંત આનંદની પ્રધાનતા છે. એવા આત્માનો આશ્રય કરતાં એ સાધન અંદર છે એનાથી પર્યાયમાં પ્રગટ થાય અને એ પોતે પર્યાયમાં પણ છ પ્રકારના, કર્તા, કર્મ, કરણ આદિ છ પ્રકારની પર્યાય એક પર્યાયમાં છ પ્રકાર પડ્યા છે. સમજાણું કાંઈ? એ પર્યાય પર્યાય પોતાનું સાધન. પર્યાયનું સાધન આમ દ્રવ્ય, પણ પર્યાય પર્યાયનું સાધન. આહાહા! ભારે ઝીણું. વીતરાગનો માર્ગ એવો ઝીણો.. ઝીણો.. ઝીણો અને એ માર્ગ ક્યાંય બીજે નથી. જૈન પરમેશ્વર સિવાય બધાએ વાંગડે માર્ગ દીધા છે. સમજાણું કાંઈ?

જુઓને! (મત) કેટલા હવે? કોઈ વેદાંત, કોઈ ઓલો અરવિંદ ઘોષ, કોઈ આ ફલાણા ને ઢીંકણા, રમણર્ષિ, રજનીશ. કેટલા વાંગડાના રસ્તાના પાર ન મળે. માંડ માર્ગ હાથ આવવો, સાંભળવો એ પણ મહાપુણ્ય હોય તો સંભળાય છે. સમજાણું કાંઈ? ઓલા જગતના પૈસાના પુણ્ય કરતાં આ પુણ્ય જુદી જાતનું હોય છે. સાંભળવામાં, ઊંચી વાત સાંભળવા પૂર્વના પુણ્ય જોઈએ છે અને વર્તમાનમાં એની યોગ્યતા ક્ષયોપશમની હોય છે અને એનો શુભ વિકલ્પ. સમજાણું કાંઈ? છતાં, પૂર્વના પુણ્યને લઈને મળ્યું, એમાં જે શુભવિકલ્પ હતો એને પાછો ધર્મ માને, તો પુણ્યને લઈને મળ્યું એનું થયું પાછું પાપ. આરે, ગજબ વાત છેને. સમજાણું કાંઈ? સાંભળવાને મળ્યું એ પૂર્વનું પુણ્ય, પણ અહીં ભાવ થયો એ શુભરાગ એ પુણ્ય–વર્તમાન પુણ્ય. ઓલું પૂર્વના પુણ્યથી મળ્યું, સંયોગ છેને એટલે સંયોગમાં કર્મ જ નિમિત્ત હોય. પણ વર્તમાન પાછળ જે જ્ઞાનનો ઉઘાડ હતો એમાં જે વિકલ્પ હતો એને માને કે આ ધર્મ છે, એ તીવ્ર પાપ છે. માળે ગજબ!

અહીં કહે છેને. પ્રતિપક્ષ ક્રિયા કીધીને આ. સમજાણું કાંઈ? વિકલ્પ છે એ નિશ્ચય આવશ્યકથી પ્રતિપક્ષ ક્રિયા છે. સમજાણું કાંઈ? ભારે આકરો માર્ગ હોં. આ સોનગઢમાં બધો

વ્યવહારનો તો નાશ કરી નાખ્યો છે. પણ ભઈ આ ભગવાન કહે છે કે સોનગઢ કહે છે? આહાહા! ભાઈ! તને તારી ચીજની કિંમત નથી. તારી ચીજની તને કિંમત નથી. એથી તું બીજા સાધનની કિંમત કરીને મેળવવા માગે, એમ નહીં મળે. સમજાણું કાંઈ? આહાહા! તારી ચીજ તો અનંત આનંદના સાધનથી સંપન્ન પડી છે. એની કિંમત વિના તને બાહ્યના વિકલ્પની કિંમત લાગી જાય છે, એ તને આની કિંમત નથી. સમજાણું કાંઈ?

એવો **શુદ્ધનિશ્ચય-પરમાવશ્યક—સાક્ષાત્ અપુનર્ભવરૂપી...** જેમાં ભવ નથી એવી મુક્તિ. આવું આવશ્યક જે સ્વ-આત્માના આશ્રયે થાય તે દશા–તે ક્રિયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિશ્ચય સહિતની ક્રિયા એ સાક્ષાત્ ભવ વિનાની મુક્તિ... એવી **(મુક્તિરૂપી) સ્ત્રીના અનંગ (અશરીરી) સુખનું કારણ** છે. સમજાણું કાંઈ? અનંગ એટલે અશરીરી. અંગ એટલે શરીર અને અનંગ એટલે અશરીર. આ શરીરનું સુખ માને છેને મૂઢ. શરીર કાંઈ માખણ જેવું હોય, રૂપાળું હોય, સારું હોય અને એમાં રમતું ભોગ લેતા સુખ માને છે, કહે છે, મૂઢ છો માળા. આહાહા! સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો ભોગ લેવો એ આત્માનો આનંદ છે, એ એની પરમ આવશ્યક ક્રિયા છે. સમજાણું કાંઈ?

વચનામૃત વીતરાગના, પરમ શાંતરસમૂળ,
ઔષધ જે ભવ રોગના, પણ કાયરને પ્રતિકૂળ.

આવો માર્ગ હોય? આ અત્યાર સુધી બતાવે છે એ ખોટા હશે? અત્યાર સુધી સાંભળતા હંમેશા મોટા-મોટા માથાવાળા, આચાર્યપદવાળા, કોઈ ઉપાધ્યાયપદવાળા, કોઈ ગણીપદવાળા, કોઈ મહાવાળા. એ આવું (કહ્યું) એનાથી એ બધા ખોટા હશે? ભાઈ! એને મૂકી દેને. વાત આ છે સાચી, લે. એ કહેને. બીજાની શું કરવા માંડી છે? તને ન્યાયમાં નથી લાગતું કે આ વસ્તુ સત્ય છે ને બીજી વસ્તુ અસત્ય છે? એ તો મહા અતીન્દ્રિય આનંદના સુખનું કારણ છે. આવી નિશ્ચયધર્મધ્યાન ને શુક્લધ્યાન જે આત્માને આશ્રયે થયેલી દશા છે એ અનંગ નામ અતીન્દ્રિય સુખનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો સાદી ભાષાએ આવે છે. બહુ ઓલું મોંઘું આવતું નથી કાંઈ. કોઈ સંસ્કૃત કે વ્યાકરણ જાણે (તો સમજે) એવું કાંઈ નથી. આ તો એના ઘરની વાતું સરળ સીધી છે. સમજાણું કાંઈ? આહાહા!

એવા **અનંગ સુખનું કારણ—તેને કરીને...** આહાહા! આવું અનંત પુરુષો કરી ગયા એમ કહે છે. સમજાણું કાંઈ? **સર્વે પુરાણ પુરુષો...** પુરાણ (એટલે) અનાદિના–જુના અનંત પુરુષો એવું કરી ગયા છે. આહાહા! **કે જેમાંથી તીર્થંકર-પરમદેવ વગેરે સ્વયંબુદ્ધ થયા...** તીર્થંકર પરમાત્મા આદિ બીજા જીવો પણ એવા હોય કોઈક. સ્વયંબુદ્ધ (અર્થાત્) પોતાની મેળાએ સમજી ગયેલા. સમજાણું કાંઈ? પૂર્વે (અજ્ઞાની) હતા, પણ વર્તમાનમાં તો પોતે જ સ્વયંબુદ્ધ છે. તીર્થંકરને કોઈ ગુરુ હોય નહીં. પોતે પોતાથી સમજીને અંદર ઠરી ગયા છે. આવશ્યક આવું

હોય એવું પોતે પોતાથી સમજીને એમાં ઠર્યાં છે. તીર્થંકર પરમદેવ વગેરે. અને સ્વયંબુદ્ધ થયા... એ વિગેરે સ્વયંબુદ્ધ થયા. સ્વયં નામ પોતાથી સમજ્યા, એમ. **અને કેટલાક બોધિતબુદ્ધ થયા...** કેટલાક જીવો આવું સાંભળીને પછી સમજ્યા. પણ તેઓ બધાએ આવું કર્યું. આહાહા!

**તેઓ અપ્રમત્તથી માંડીને...** ઉત્કૃષ્ટ વાત લીધી છેને! નિશ્ચય પરમ-આવશ્યક આ શુદ્ધોપયોગ ઠર્યો છેને, ત્યાંથી ઉપાડ્યું છે. ચોથેથી નિશ્ચય આવશ્યક છે, (પણ) અહીં મુનિની વાત લીધી છે. પહેલી તો આવી ગઈ. ચોથે, પાંચમે નિશ્ચય આવશ્યક ને વ્યવહાર આવશ્યક બેય હોય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે. સાતમે અહીંથી શરૂ થઈ ગયું નિશ્ચય આવશ્યક. સમજાણું કાંઈ? વ્યવહારેય લીધો છે ત્યાં બારમા સુધી. પહેલા આવી ગયું છે ૧૪૯ ગાથામાં. ચોથે ગુણસ્થાને પણ નિશ્ચય આવશ્યક, વ્યવહાર આવશ્યક હોય છે. નિશ્ચય આવશ્યક... ૧૪૯ ગાથામાં આવ્યું છે. પોતાના આત્માને આશ્રિત જેટલી એકાગ્ર ક્રિયા થઈ, એ નિશ્ચય આવશ્યક છે અને દેવ-ગુરુ-ધર્મની પૂજા વિકલ્પ આદિ આવે એ વ્યવહાર (આવશ્યક છે). એ ચોથેથી નિશ્ચય-વ્યવહાર બેય સાથે શરૂ થાય છે. પણ આ તો ઉત્કૃષ્ટ વાત લીધી છેને મુનિની. બુદ્ધિપૂર્વક વિકલ્પ છૂટીને ઠરે છે એની વાત લીધી છે. છે ખરો હજી અબુદ્ધિપૂર્વક રાગ, એ વ્યવહાર છે. આહાહા! દિગંબર સંતોની વાત જગતથી નિરાળી છે.

**અપ્રમત્તથી માંડીને સયોગી ભટ્ટારક...** અપ્રમત્તદશા–સાતમી ભૂમિકા, સાતમું ગુણસ્થાન. એથી માંડીને સયોગી–યોગ સહિત એવા ભટ્ટારક પૂજ્ય (એટલે) તેરમું ગુણસ્થાન. **સુધીના ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા...** અંદરમાં ધ્યાનમાં આરૂઢ થયા અપ્રમત્તથી માંડીને તેરમા સુધી. આહાહા! **ગુણસ્થાનોની પંક્તિમાં આરૂઢ થયા થકા પરમાવશ્યકરૂપ આત્મારાધનાના પ્રસાદથી...** એ બધા જીવો પરમાવશ્યક આત્મામાં એકાગ્ર (હતાં). સ્વ-આત્માના આશ્રયથી થતી ક્રિયા એવું પરમાવશ્યક એ રૂપ આત્મારાધના... **પરમાવશ્યકરૂપ આત્મારાધના** લ્યો. એના **પ્રસાદથી કેવળી—સકળપ્રત્યક્ષજ્ઞાનધારી થયા.** સ્વદ્રવ્યને આશ્રયે એકાગ્ર ક્રિયાથી, અપ્રમત્ત માંડીને તેરમા ગુણસ્થાન આ રીતે સ્વનો આશ્રય કર્યો ત્યારે કેવળી થયા. કહો, સમજાણું કાંઈ? **પ્રસાદથી કેવળી—સકળપ્રત્યક્ષજ્ઞાનધારી થયા**. એક સમયમાં સંપૂર્ણ ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારી પર્યાય એને પ્રગટ થઈ. સમજાણું કાંઈ? પણ આ અપ્રમત્ત આદિ આવશ્યકની ક્રિયા વડે કેવળી થયા. કોઈ વ્યવહારથી થયા કેવળી, સમજાણું કાંઈ? એમ નથી. આ બે કળશો થયા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**માગશર સુદ ૫, મંગળવાર, તા. ૨૩-૧૧-૧૯૭૧**
**શ્લોક - ૨૭૦-૨૭૧, ગાથા - ૧૫૯, પ્રવચન નં. ૧૮૫**

આ નિયમસાર સિદ્ધાંત છે, એનો નિશ્ચય પરમ-આવશ્યક અધિકાર. જીવને સુખને માટે અવશ્ય કરવાયોગ્ય કર્તવ્ય શું છે. સુખી થવા માટે કહો કે મુક્તિ થવા માટે (કહો). મુક્તમાં જ સુખ છેને, બીજે ક્યાંય સુખ નથી. સુખી થવા માટે, સ્વતંત્ર આનંદની પૂર્ણ પ્રાપ્તિ માટે આવશ્યક–જરૂરની ક્રિયા–કર્તવ્ય શું છે એની વાત છે. સમજાણું કાંઈ? પહેલેથી કહ્યું છેને **णियमेण य जं कज्जं**.. નિશ્ચયથી જીવને કરવાલાયક હોય તો એ આત્માના અવલંબે (થતું) સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. આત્માને નિશ્ચય યથાર્થપણે કર્તવ્ય–કરવાલાયક કર્તવ્ય હોય તો એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર. એ થાય આત્માના આશ્રયે, પણ કર્તવ્ય એનું આ છે. સમજાણું કાંઈ? એનો આ શ્લોક–કળશ છે છેલ્લા બે. ૨૭૦ છેને કળશ. આ આવશ્યકનો અધિકાર પૂરો થાય છે. પછી બીજી ગાથાઓ છે શુદ્ધોપયોગની. ૨૭૦ કળશ છે.

**स्वात्माराधनया पुराणपुरुषाः सर्वे पुरा योगिनः**
**प्रध्वस्ताखिलकर्मराक्षसगणा ये विष्णवो जिष्णवः ।**
**तान्नित्यं प्रणमत्यनन्यमनसा मुक्तिस्पृहो निस्पृहः**
**स स्यात् सर्वजनार्चितांघ्रिकमलः पापाटवीपावकः ॥२७०॥**

**શ્લોકાર્થ : પૂર્વે જે સર્વ પુરાણ પુરુષો...** અત્યાર સુધી પૂર્વે અનંતા પુરુષો થઈ ગયા. **યોગીઓ** એટલે કે વાસ્તવિક આત્માનું સ્વરૂપ જાણીને જેણે એમાં યોગ જોડ્યો. એવા યોગીઓ **નિજ આત્માની આરાધનાથી...** શું કર્યું એમણે? અવશ્ય કાર્ય (કે) નિજ આત્માની આરાધના. ભગવાન આત્મા નિજસ્વરૂપ... સમજાણું કાંઈ? અત્યાર સુધી પુરાણ પુરુષો અનંત આત્માઓ એ બધા નિજ આત્માની આરાધનાથી (થયા). ભગવાન પરમાત્મા એની આરાધનાથી નહીં, દેવ-ગુરુ-શાસ્ત્રની આરાધનાથી પણ નહીં. આવું છે. ભગવાન પોતે પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા પોતે જ આત્મા છે. આહાહા! એવો જે નિજ આત્મા જે કારણપરમાત્મા છે એ મોક્ષના કાર્યને આવશ્યક ક્રિયાનું મૂળ કારણ છે. એવો જે ભગવાન પૂર્ણ પ્રભુ, એની આરાધના એ પર્યાય. તેની આરાધનાથી **સમસ્ત કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કરીને વિષ્ણુ... 'જિન'** શબ્દ વાપર્યો. આવા નિજ આત્માનું આરાધન કરી આત્મા વિષ્ણુ થયો અને જિન થયો.

વિષ્ણુ એટલે ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનું જ્ઞાન, એ જ્ઞાન વ્યાપ્યું પરને જાણવાનું, એ અપેક્ષાએ વિષ્ણુ કહ્યા. એ વિષ્ણુ નહીં કે જગતને કરે. એ અહીં વાત નથી. વિષ્ણુ ને જિન એક જ છે, એ અહીં આવ્યું લ્યો ભાઈ! ઓલું કહ્યું હતુંને એક ફેરી કે વિષ્ણુ ને જિન એક છે,

પણ સ્વાર્થીએ જુદા પાડ્યા. એ કહે એ જુદું ને આ જુદું. આહાહા! ભગવાન આત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ એનો છે... વીતરાગ એટલે સર્વજ્ઞ નિર્દોષ સ્વભાવ અથવા સર્વજ્ઞ અકષાય સ્વભાવ—એવો જે આત્મા એનું આરાધન કર્યું. સમજાણું કાંઈ? એનું આરાધન કરીને એટલે કે નિશ્ચય મોક્ષમાર્ગને પ્રાપ્ત કરીને એટલે કે સ્વરૂપની પૂર્ણતા તેમાં એકાગ્ર થવાથી આવશ્યક-જે જરૂરની ક્રિયા મોક્ષમાર્ગની હતી તે થઈ, એનાથી સમસ્ત કર્મરૂપી રાક્ષસોનો નાશ (કર્યો).

કહે છેને? ભગવાન તો રાક્ષસોનો નાશ કરે અને ભક્તોને તારે. એ ગોઠવ્યું છે આ. સમજાણું કાંઈ? કર્મરૂપી રાક્ષસોનો નાશ કર્યો અને ત્રણ કાળ, ત્રણ લોક-લોકાલોકનું જ્ઞાન વ્યાપકપણે પ્રગટ કર્યું, એથી આત્માને વિષ્ણુ કહેવામાં આવે છે, આવા આત્માને. સમજાણું કાંઈ? સ્વરૂપની આરાધનાથી જેણે અજ્ઞાનરૂપી રાક્ષસો, કર્મરૂપી રાક્ષસોના સમૂહનો નાશ કર્યો. એક રાક્ષસ રહ્યો નહીં અને વિષ્ણુ થયા એટલે લોકાલોકને જાણનારું જ્ઞાન વ્યાપક (થયું). જ્ઞાન લોકાલોકને જાણે એ અપેક્ષાએ વ્યાપક કહેવામાં આવે છે. ક્ષેત્રની અપેક્ષાએ નહીં. સમજાણું કાંઈ? એ જ્ઞાન લોકાલોક-જગત જેટલું ક્ષેત્ર-કાળ છે, દ્રવ્ય-ભાવ છે, એ બધાને જાણનારું પ્રગટ થયું. એને અહીંયા વિષ્ણુ (એટલે) જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**અને જયવંત થયા (અર્થાત્ સર્વવ્યાપી જ્ઞાનવાળા જિન થયા)...** વિષ્ણુ થયા અને જિન થયા. સમજાણું કાંઈ? ભગવાન આત્મા નિજ પરમાત્મા એનું આરાધન, એના સન્મુખની સેવા કરીને, રાક્ષસો જે કર્મનો સમૂહ એનો નાશ કર્યો, તેથી તેનું જ્ઞાન વિષ્ણુ થયું એટલે સર્વવ્યાપક જાણવામાં થયું અને જિન થયા. એ વિષ્ણુ ને જિન બે એક જ છે આ અપેક્ષાએ. કહો, સમજાણું કાંઈ? આમ તો કહ્યું છે ત્યાં સર્વવિશુદ્ધ અધિકારમાં કે જગતને કરે છે એવો વિષ્ણુ કોઈ ચીજ નથી. એ તો ત્યાં કહ્યું, અહીં પાછું એને સ્થાપ્યું. ભગવાન પોતે જ આત્મા આનંદ ને જ્ઞાનનુ ધામ સર્વસ્વરૂપે છે પ્રભુ. એનું અંતર્મુખ થઈને સેવન કરી, કર્મનો નાશ કરી અને જેટલું ક્ષેત્ર, કાળ, દ્રવ્ય, વસ્તુ ને ભાવ છે એ બધાને જાણવાની અપેક્ષાએ પરમાં વ્યાપ્યો એમ કહેવામાં આવે છે. કહો, પંડિતજી! ભગવાન રાક્ષસોનો નાશ કરે અને ભક્તોની ભીડને ટાળે એ આ. સમજાણું કાંઈ? આહાહા!

પોતે જ્ઞાન અપેક્ષાએ વ્યાપક થયા અને **जिष्णवः** થયા. **जिष्णवः** (એટલે) જિન થયા, વીતરાગ થયા. સર્વજ્ઞ થયા અને વીતરાગ થયા એમ કહે છે. સમજાણું કાંઈ? આરે આવું! પોતે સર્વજ્ઞ વીતરાગસ્વભાવ જ છે એનો. ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ છે, એ સત્-શાશ્વત, ચિદ્ નામ જ્ઞાન અને આનંદ એના સ્વભાવથી ભરેલું તત્ત્વ ભગવાન આત્મા છે. એટલે કે સર્વજ્ઞ ને નિર્દોષ આનંદસ્વરૂપ એટલે વીતરાગ સ્વરૂપ જ છે એ. કોણ? પોતે

આત્મા એક-એક આત્મા. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, કર્મ કષે જિન વચનસૌ..' આવે છેને, શ્રીમદ્‌માં આવે છે. 'જિન વચનસૌ, યે જૈનધર્મકા મર્મ. આહાહા! 'જિન વચનસૌ'નો અર્થ વીતરાગભાવ.

પોતાનું સ્વરૂપ પૂર્ણ છે એ વાત એને બેસતી નથી અનંત કાળથી. હું જ પોતે પરમાત્મા થવાને લાયક એટલે પરમાત્મા જ છું પોતે. આહા! મારે પરમાત્મ થવાને માટે મારો પરમાત્મા જ કારણ છે. મારી પરમાત્મદશા થવા માટે, દશા-હાલત, એ મારો પરમાત્મા જ એના કારણમાં છે, બીજો કોઈ કારણ નથી. પર-પરમાત્મા પણ એમાં કારણ છે નહીં. આહાહા! એ વાત બેસવી (કઠણ). ગુજરાતી ભાષા છે, નહીં? કહો, સમજાણું કાંઈ? લ્યો, એક ફેરી આવ્યું હતું કે વિષ્ણુ ને જૈન એક છે. એ આ રીતે. સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ છે અંદર શક્તિ ને સ્વભાવ. એકલો ચૈતન્યસૂર્ય, ચૈતન્યના–જ્ઞાનના પ્રકાશરૂપી સૂર્ય છે. એટલે જ્યારે જ્ઞાન એકલું પૂર્ણ છે તો એનો અર્થ જ એ થયો કે એમાં તદ્દન નિર્દોષ દશાની શક્તિવાળું એ તત્ત્વ છે એટલે વીતરાગ સ્વભાવવાળું એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? એવા ભગવાન નિજસ્વરૂપને—પોતે ભગવાન પોતે જ આત્મા તેનું સેવન કરી આહાહા! અને આઠ કર્મરૂપી રાક્ષસોનો જેણે નાશ કર્યો અને જે જિન, શક્તિ ને સ્વભાવરૂપે જિન હતા એ એની વર્તમાનદશામાં જ્ઞાનની સર્વવ્યાપકતા સાથે જિન થયા. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**તેમને...** આવા પરમાત્માને, એમ કહે છે હવે. પૂર્વે પુરાણ પુરુષો આ રીતે પરમાત્મપદ પામ્યા. સમજાણું કાંઈ? અનંત-અનંત આત્માઓ પુરાણ નામ આજ પહેલા પોતાના નિજસ્વરૂપની પૂર્ણતાને આરાધીને પૂર્ણતાને પામ્યા. પહેલો પર-પરમાત્માને નમસ્કાર કરે છે. પછી સ્વ-(પરમાત્મા)ને કરશે. છેલ્લા બે કળશ છે ખરાને આ આવશ્યક (અધિકારના). એવા જે જ્ઞાનની પરિપૂર્ણતારૂપે અને જિનરૂપે થયા... જે જ્ઞાનની પરિપૂર્ણતારૂપે અને જિનરૂપે હતો આત્મા, એનું સેવન કરીને પર્યાય–અવસ્થામાં જ્ઞાનની પરિપૂર્ણતા ને વીતરાગરૂપે થયા, તેમને–એવા પરમાત્માને આવી રીતે ઓળખીને, એમ.

**જે મુક્તિની સ્પૃહાવાળો...** હવે બીજો જીવ લીધો એને વંદન કરનાર. એવો જે એકલી મુક્તિ, મુક્ત નામ પરમાનંદની દશા એની સ્પૃહાવાળો... **નિઃસ્પૃહ** (એટલે) આની–(મુક્તિની) સ્પૃહાવાળો અને બીજી સ્પૃહા વિનાનો, એમ કહે છે. અસ્તિ-નાસ્તિ કર્યું. સમજાણું કાંઈ? 'માત્ર મોક્ષ અભિલાષ' આવે છેને એ? 'બીજો નહીં મનરોગ.' એકલો પરમાનંદ પૂર્ણ સ્વરૂપ... આત્માની પૂર્ણ આનંદની–સુખની દશા એ મુક્તિ. એવી મુક્તિની સ્પૃહાવાળો... આહાહા! અને બીજી કોઈપણ સ્પૃહા વિનાનો નિસ્પૃહ. પુણ્યની પણ સ્પૃહા નહીં, સ્વર્ગની સ્પૃહા નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

શ્રોતા : ગુરૂની સ્પૃહા તો રહે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એની સ્પૃહામાં તો નથી. વંદન કરે છે એને. એ વિકલ્પ છે તો બહુમાન આવ્યા વિના રહે નહીં, એમ અહીં સિદ્ધ કરવું છે પહેલું. કહો, સમજાણું કાંઈ?

કહ્યુંને હમણાં કહ્યું, સર્વજ્ઞ એ જીવોને જ્ઞાનમાં નિમિત્ત છે. સર્વજ્ઞના કારણે જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ સૂર્યને કારણે આંખ્યુને પ્રકાશ મળે છે, પ્રકાશ આમ દેખાય છે, એમ ભગવાન સર્વજ્ઞ પરમાત્માને કારણે જીવને જ્ઞાન મળે છે. એમ નિમિત્ત આવા છે એવું જેણે સ્વીકાર કરીને અંદર આત્માનું જ્ઞાન પ્રગટ કર્યું, તો જાણે ભગવાનના નિમિત્તે આ થયું એમ કહેવામાં આવે. આમ વાત છે. સમજાણું કાંઈ? આવા પરમાત્મા જે વિષ્ણુ ને જિન થયા આત્માની દશામાં, એને મુક્તિની અભિલાષા–સ્પૃહાવાળો અને બીજી કોઈપણ સ્પૃહા ને અભિલાષ વિનાનો એવો **જીવ અનન્ય મનથી નિત્ય પ્રણમે છે**... અનન્ય મનથી (અર્થાત્) આત્માના જ્ઞાનમાં એકાગ્ર થઈને નિત્ય એવા પરમાત્માનું વંદન કરે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે...** એવો જીવ... પાપ અને પુણ્ય બેય, પુણ્ય ને પાપના ભાવ બેય પાપ છે અને આઠેય કર્મ પણ એકલું પાપ જ છે. દુઃખનું ઉત્પન્ન કરનારું છેને આઠેય કર્મ. આહાહા! દુઃખનું બીજ છે આઠેય કર્મ. આવો જીવ..., પરમાત્મપદ આવું હોય, આવી આરાધનાથી પ્રાપ્ત થાય—એવું જેને અંદર ભાન છે એવા ભાનવાળો જીવ, એમ કહે છે. આવા પરમાત્માને **અનન્ય મનથી**... એકમેક આત્માની એકાગ્રતા દ્વારા નિત્ય પ્રણમે છે. આહાહા! જેનું નિત્ય વલણ જ શુદ્ધ આત્મ આનંદકંદમાં છે. સમજાણું કાંઈ? .... મોક્ષનો માર્ગ અલૌકિક છે. જગતમાં બીજું બધું અનંત વાર મળ્યું, ધૂળ મળી, કરોડો રૂપિયા-અબજો રૂપિયા, આબરૂ, કીર્તિ, મંત્ર-જંત્ર-તંત્ર એવા અનંત વાર કર્યા, પણ આ એણે કોઈ દિ' કર્યું નથી. સમજાણું કાંઈ?

એવું જે પુરુષોએ કર્યું અને કેમ કર્યું એ પણ બતાવ્યું કે નિજ સ્વરૂપની આરાધના કરી એણે તો. એમ કરીને જેણે પરમાત્મપદ પ્રાપ્ત કર્યું, એને જે પુરુષો આ રીતે ઓળખી–પિછાણીને નમન કરે છે પોતાના શુદ્ધ સ્વભાવમાં, મનને જુદું રાખી, અનન્યપણે એટલે અભેદપણે જે અંદર નમે છે, **તે જીવ પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન છે**. એ સંસારના પુણ્ય ને પાપના ભાવો કે કર્મો એને બાળવાને અગ્નિ સમાન છે. **અને તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે.** પૂર્ણ પરમાત્માને જ્યાં અહીં નમે છે એને જગતના પ્રાણી નમે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? નિરપેક્ષ નિરાલંબનનો માર્ગને પામ્યા, કહે છે કે એ પોતે પામ્યા એને નમે છે જે જીવ, તે જીવ જગતથી પૂજ્ય થાય છે. **તેનાં ચરણકમળને સર્વ જનો પૂજે છે**. લ્યો, 'સર્વ જન' છેને. **सर्वजनार्चितांघ्रिकमलः** 'આંઘ્રિ'નો અર્થ કાલ પૂછ્યો હતો પંડિતજીને. આંઘ્રિ એટલે ચરણ. કહો, સમજાણું કાંઈ? એક કળશ પૂરો થયો. બીજો કળશ ૨૭૧.

**मुक्त्वा मोहं कनकरमणीगोचरं हेयरूपं**
**नित्यानन्दं निरुपमगुणालंकृतं दिव्यबोधम् ।**
**चेतः शीघ्रं प्रविश परमात्मानमव्यग्ररूपं**
**लब्ध्वा धर्मं परमगुरुतः शर्मणे निर्मलाय ॥२७१॥**

નીચે અર્થ છે એનો. **શ્લોકાર્થ : હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ...** લક્ષ્મી અને સ્ત્રીનો મોહ **તેને છોડીને...** જગત ને લક્ષ્મી પ્રત્યે પ્રેમ છે અને કામિની પ્રત્યે કામ છે એથી મોહ દુઃખદાયક છે. સમજાણું કાંઈ? હેયરૂપ–છોડવા જેવું એવું ઝેરરૂપ **કનક અને કામિની સંબંધી મોહ**... આહાહા! તેને છોડીને **હે ચિત્ત!** એમ કહે છેને? **चेतः** એમાંથી કાઢ્યું? **चेतः** માટે **હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે... शर्मणे निर्मलाय..** છેલ્લું પદ છેને? **शर्मणे निर्मलाय...** નિર્મળ સુખને અર્થે–પરમાનંદના સુખને માટે... આ સ્ત્રી અને લક્ષ્મીનો મોહ તો દુઃખદાયક છે કહે છે. એને માને છે કે સુખ અમને થાય છે. ધૂળેય નથી. સમજાણું કાંઈ? લક્ષ્મી અને સ્ત્રીથી અમને સુખ થાય છે, સુખી છીએ એમ માને છેને? પોપટભાઈ!

શ્રોતા : થોડા ટકા તો હશે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પૂરેપૂરા ટકા દુઃખના. થોડા શું કરવા લઈએ? દુઃખના પૂરા ટકા. ધૂળમાંય ક્યાં હતું સુખ? સ્ત્રીનું શરીર માટી, હાડકાં, માંસ (અને) પૈસા એ અજીવ. એમાં સુખ ક્યાં હતું? આહાહા!

શ્રોતા : બહુમતી તો....?

પૂજ્ય ગુરુદેવશ્રી : બહુમતી, પાગલની બહુમતી શું હોય? એની મતિ–પાગલની મતિને ગણવામાં આવે વોટમાં? એય! આહાહા!

અહીં તો સમુચ્ચય લીધા છે શબ્દો 'કામિની' સાથે. આખા પરપદાર્થની પ્રત્યેનો જે મોહ છે એને છોડીને. કાંઈ કોઈપણ પુણ્ય-પાપનો વિકલ્પ એમાં પ્રેમ છે એ મોહ છે, મિથ્યાત્વભાવ છે. આહાહા! હે આત્મા! **હે ચિત્ત! નિર્મળ સુખને અર્થે**... પરમાનંદ પ્રભુ નિર્દોષ આનંદ.. નિર્દોષ આનંદ એને અર્થે એટલે કે પૂર્ણ સુખ ને મુક્તિને અર્થે. **પરમ ગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને...** એ જાણવામાં આવે જ નહીં. કહો, સમજાણું કાંઈ? નિમિત્ત છેને. એમ હોય. એને દેશના એની જ હોય. જ્ઞાનીની દેશના હોય, અજ્ઞાનીની ન હોય. ... દેશના નિમિત્તપણે ન હોય એમ કહે છે. એનાથી થતું નથી, પણ એ હોય છે. જ્ઞાનીનો ઉપદેશ... દીવે દીવો હોય, કાંઈ કોલસાને અડાડે દીવા થાતા હશે? એ અંતર્મુખ થાય એને માટે જ આ વાત છે. એ અંદરમાં સમજે ત્યારે આ પરમગુરુએ સમજાવ્યું, એમ કહેવામાં આવે છે. એમ વાત એ છે.

કહે છે કે **પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને**... આહાહા! એ નિમિત્ત એમ બતાવે કે ભાઈ! તારો આત્મા પરમ આનંદ ને અતીન્દ્રિય સુખથી ભરેલું તત્ત્વ છે એનું સેવન કર. સમજાય છે? એ દેવની આરાધના કર. આ દેવી-દેવલાને આરાધે છેને? અહીં તો કહે કે ત્રણ લોકના નાથ પરમાત્માની આરાધના નહીં. તું પોતે ત્રણ લોકનો નાથ પરમાત્મા છો, તારી સેવા કર. એમ ગુરુએ કહ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ! આહાહા! **ધર્મને** એટલે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત કરીને. એટલે એણે એમ પ્રાપ્ત કરવાનું કહ્યું હતું કે તારો ભગવાન તારી પાસે છે એ તારો ગુરુ અને એ તારો દેવ છે. એની સેવના કરવાથી તને મુક્તિ મળશે એવું ગુરુએ કહ્યું હતું. આહાહા! ભારે કામ ભાઈ! આ ક્રિયાકાંડ વ્યવહારવાળાને તો ભારે આકરું લાગે. આમાં કાંઈ વ્યવહારક્રિયાથી થાય એમ આવતું નથી. આહાહા!

કહે છે કે **પ્રાપ્ત કરીને**–એ ધર્મની દશા પ્રાપ્ત કરીને. હવે એ પ્રાપ્ત કરીને શું કર્યું? કે **તું અવ્યગ્રરૂપ**... પહેલો શબ્દ આવી ગયો છે 'અવ્યગ્ર'. પરમાત્મામાં કે જે પોતે પરમાત્મા નિત્ય આનંદવાળો છે. આહાહા! **તું અવ્યગ્રરૂપ (શાંતરૂપસ્વરૂપી) પરમાત્મામાં**... પોતે પરમાત્મા શાંત–અકષાય શાંતરસનો કંદ છે. એમાં કષાયનો–રાગનો કણ ને અંશ નથી અને પૂર્ણ અકષાયસ્વભાવરૂપ શાંતરસવાળો પ્રભુ છે. આહાહા! એવા પરમાત્મામાં **કે જે (પરમાત્મા) નિત્ય આનંદવાળો છે**... શાંતસ્વરૂપી ને વળી આનંદ હોય. સમજાણું કાંઈ? ભગવાન! તું પોતે નિત્ય આનંદવાળો છો, એમ કહે છે.

**નિરુપમ ગુણોથી અલંકૃત છે**... જેના ગુણોની ઉપમા આપી શકાય નહીં એવા નિરુપમ ગુણોથી અલંકૃત–શોભિત છે. પોતાના અનંત જ્ઞાનાદિક ગુણોથી તે શોભિત છે. એ એનો અલંકાર છે. આહાહા! અનંત જ્ઞાન, અનંત દર્શન એવો તારો ભાવ–ગુણ એનાથી આત્મા શોભિત જ છે. સમજાણું કાંઈ? માળે પણ આવું બેસવું ભારે ભાઈ! એક બીડીમાં વેચાઈ જાય, તમાકુમાં વેચાઈ જાય. એક બીડી સરખાઈની મળે ત્યાં આહાહા.. વૈકુંઠ ચડી જાય જાણે અંદર. છીંકણી સૂંઘે પાઈની જ્યાં અં દર આમ. એ હાથમાં છીંકણી હોય આમ.... આહાહા! ક્યાં કિંમતું થાશે? આવા વિકલ્પમાં હેરાન થઈ ગયો એ. હવે એને કહેવું કે તારા આત્મામાં અનંત આનંદ ને સુખ છે. જે સુખ માગે છે એ સુખથી ખાલી નથી. સમજાણું કાંઈ? અને બીજામાં તારા સુખની ગંધ નથી. આહાહા!

એવા **નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો છે**... મૂળ તો શાંતસ્વરૂપી આનંદ ને જ્ઞાનવાળો સિદ્ધ કરવો છે અહીં. જ્ઞાન ને આનંદ, બસ. અનંત દિવ્ય જ્ઞાન ભર્યું છે એમાં. આહાહા! અને દિવ્ય આનંદ છે. એ નિત્ય આનંદ કીધું. **તેમાં શીઘ્ર પ્રવેશ કર.** લ્યો, આ છેલ્લો આવશ્યકનો (શ્લોક). આહાહા! એ દરિયામાં મોતી લેવા જેમ ઊંડો ઉતરે છે, જાય છે દરિયાને તળીયે. હેઠે મોતી પડ્યા હોયને. આહાહા! એમ ચૈતન્યના તળીયે જા, અંદર જા, શીઘ્ર

પ્રવેશ કર એમ કહે છે. આહાહા! ભગવાન આત્મા દિવ્ય આનંદવાળો અને દિવ્ય જ્ઞાનવાળો પ્રભુ પોતે છે. એમાં અંતરમાં જા, ઊંડે ઊંડે અંદર જા. ત્યાં ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે. આહાહા! ભારે વાત ભાઈ! **શીઘ્ર પ્રવેશ કર**. વિલંબ ન કર, આળસ ન કર, પ્રમાદ ન કર, વાયદો ન કર, એમ કહે છે. આહાહા! આજ નહીં, કાલ વાત. કાલ નહીં, પછી વાત. એ કાલના વાયદો આપે એ કાલા કહેવાય, એમ કહે છે. આહાહા! ધન્ય રે ધન્ય.

'આજે' આવે છેને પ્રવચનસારમાં નહીં છેલ્લે? 'આજે' બે ગાથામાં આવે છે. આ શીઘ્ર કર, એમ એનો અર્થ. વાયદો ન કર, કાંધા ન પાડ. કાંધા પાડે છેને? એક વર્ષે આટલા આપીશું, બીજે વર્ષે આટલા આપીશું. શીઘ્ર સ્વરૂપમાં જા. આહાહા! જ્યાં પરમ દિવ્ય જ્ઞાન ને આનંદ પડ્યો છે. આહાહા! તારામાં તું જઈને તારામાં સમા, એમ કહે છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવા છે ભાઈ! આહાહા! પરના લક્ષે, વ્યવહારને લક્ષે આ પ્રાપ્ત થાય એમ નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? લાગે તો દુર્લભ અને અલભ્ય જેવું લાગે એને. અલભ્ય ક્યાં? વસ્તુ પોતે છેને, પ્રગટરૂપ પરમાત્મા પોતે બિરાજે છે પોતે પોતામાં. ત્યાં જા, ત્યાં જા, ત્યાં જા. અંદર ઊંડો ઉતર. તને આત્માનો લાભ થશે. કહો, સમજાણું કાંઈ? બહારના વિકલ્પથી ખસી જા. લ્યો, એ આવશ્યક અધિકાર પૂરો થયો.

**આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે...** આ કવિ તો ઘણા છે ખરાને એટલે પછી એમ નાખ્યું. **અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો...** નગ્ન મુનિ હતા પદ્મપ્રભમલધારિદેવ દિગંબર મુનિ, એમની આ ટીકા છે. કુંદકુંદાચાર્ય પણ નગ્ન દિગંબર મુનિ જ હતા. જૈનદર્શનમાં અનાદિની સંતોની બાહ્યની દશા તદ્દન નગ્ન જ હોય છે. સમજાણું કાંઈ? દેહમાત્ર જેને પરિગ્રહ હતો. શ્રીમદ્માંય આવે છેને દેહમાત્ર... દેહમાત્ર સંયમનો હેતુ, બીજો કોઈ નહીં. એનો અર્થ કે કાંઈ નહીં, વસ્ત્ર-પાત્ર કાંઈ નહીં. એમ આવ્યું બધું ઘણું ઊંડું ઊંડું નાખ્યું છે, પણ લોકો પકડી શકે નહીં. પાછું ન્યાં નાખે ઓલાપણે. 'જાતિ વેશનો ભેદ નહીં, કહ્યો મારગ જો હોય..' ન્યાં નાખે કે જાતિ ગમે એ હોય, વેશ પણ ગમે એ હોય. ન્યાં એમ નાખે. પણ અહીં કહે છે કે 'દેહમાત્ર સંયમનો હેતુ હોય.' બીજો કોઈ હોય નહીં. હવે એને પકડે નહીં, ઓલાને પકડે.

શ્રોતા : નગ્નભાવ પણ કહ્યોને.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વળી જુદું. એ વળી નગ્નભાવ તો બહારથી કહે છે. શરીર નહીં. ખબર છે, ખબર છેને બધી.

'નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા..' ભાવેય નગ્ન. ત્યાં દ્રવ્ય-ભાવને.... અહીં ભાવથી છે. એ તો દ્રવ્ય-ભાવ સંયમમય શુદ્ધ.... એ ન્યાં નાખ્યું નિગ્રંથદશામાં. પાછળના પત્રમાં નાખ્યું છે. શ્રાવક રત્નકરંડાચાર. ઓલું કેવું? રત્નકરંડાચાર. એનો એક અર્થ કર્યો છે એમાં. દેવ એવા

હોય જેને અઢાર દોષ નહીં. પાછળમાં આવે છે પત્રમાં. હમણાં નવું છપાણુંને. ... સાચો હતો એ કર્યો કે ખોટો કર્યો? દેવ આવા હોય કે જેને આહાર નહીં, પાણી નહીં, રોગ નહીં. લખ્યું છે એક પત્ર છે આખો છેલ્લો. આ બાજુ પાનામાં છે. આ નવા છપાણા એમાં હોં. છેને બધા જોયા છેને એકેએક ન્યાં. સમજાણું કાંઈ? દેવ એને કહીએ કે જેને શરીરમાં રોગ ન હોય, જેને ક્ષુધા ન હોય, તૃષા ન હોય. એવા અઢાર દોષ છે. ચોખ્ખા દિગંબર પ્રમાણે ૧૮ દોષનું વર્ણન કર્યું છે ત્યાં. સમજાણું કાંઈ? એ જ હતોને એનું સાચું માટે..... પહેલા જરી ફેરફાર હતો બધો ફેર. પછી પાછળથી નીકળી ગયો છે. સમજાણું કાંઈ? માર્ગ તો ભાઈ છે એ રહેશે. એમાં કોઈનું ઘાલમેલ કરે કાંઈ ફેરફાર થાય એવો નથી. સમજાણું કાંઈ?

અહીં દેહમાત્ર પરિગ્રહ (છે) **એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદ આચાર્યદેવ પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવવિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) નિશ્ચય-પરમાવશ્યક અધિકાર નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.** લ્યો, એક બારમો રહ્યો હવે. ૨૯ ગાથા રહી. આ અધિકાર જરી ઓલો (સૂક્ષ્મ) પડશે, ધીમેથી સાંભળવો.

## (૧૨) શુદ્ધોપયોગ અધિકાર

**હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.** મૂળ તો અહીંયા જ્ઞાન–કેવળજ્ઞાન ને કેવળદર્શન(રૂપ) શુદ્ધોપયોગની વ્યાખ્યા છે. આમાં કેવળજ્ઞાન ને કેવળદર્શન એ શુદ્ધોપયોગ એની આમાં વ્યાખ્યા છે. એમાંય ગોટા છેને એટલે સ્પષ્ટ કરે છે. કેટલાક કહે કે જ્ઞાનનો–કેવળજ્ઞાનના ઉપયોગ વખતે કેવળદર્શનનો ઉપયોગ કેવળીને ન હોય. શ્વેતામ્બરમાં એમ છે. કેવળજ્ઞાનનો ઉપયોગ ત્યારે કેવળદર્શનનો નહીં (અને) કેવળદર્શનનો ત્યારે કેવળજ્ઞાનનો નહીં. એ વાત ખોટી છે, બનાવેલી છે, કલ્પિત છે. એ અહીં કહેશે આમાં. સમજાણું કાંઈ? એક જ સમયે, કેવળજ્ઞાન ને કેવળદર્શન એનો ઉપયોગ એક જ સમયે કેવળીને સમકાળે હોય છે. સમજાણું કાંઈ? એવું ફેરફાર સમજે એ દેવના સ્વરૂપને સમજતો નથી, એમ કહે છે. આહાહા! વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માને એ ગુરુના સ્વરૂપને સમજતો નથી અને વ્યવહારથી નિશ્ચય ધર્મ થાય (એમ માને) એ ધર્મને પણ સમજતો નથી. સમજાણું કાંઈ? ૧૫૯ ગાથા.

**जाणदि पस्सदि सव्वं ववहारणनएण केवली भगवं ।**
**केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं ॥ १५९॥**

અહીં ન્યાંથી પાછું ઉપાડ્યું છે જુઓ!

**જાણે અને દેખે બધું પ્રભુ કેવલી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

**ટીકા: અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.** કોઈ અપેક્ષાએ, એમ. સ્વ-પર પ્રકાશક (અર્થાત્) પોતાનો પ્રકાશક ને પરનો પ્રકાશક એ પ્રમાણે કહેવું એ પણ એક વ્યવહાર છે અને એ સ્વ-પરપ્રકાશક પોતાના જ્ઞાનને પ્રકાશે ને અનંત ગુણને પ્રકાશે એ નિશ્ચય સ્વ-પરપ્રકાશક છે. સમજાણું કાંઈ? આ વસ્તુનો સ્વભાવ છે એમ વર્ણવે છે. **સ્વ-પરપ્રકાશકપણું કથંચિત કહ્યું છે**. જુદી જુદી અપેક્ષાએ, એમ. ભગવાનના જ્ઞાન-દર્શનમાં સ્વ સિવાય પર પણ જણાય એવું સ્વ-પરપ્રકાશકપણું પણ વ્યવહારે કહેવામાં આવે છે અને નિશ્ચયમાં સ્વ–પોતાના જ્ઞાનને જાણવું એ સ્વ અને પોતાના અનંત ગુણને જાણવું એ પર. એવું પણ સ્વરૂપનું નિશ્ચયથી સ્વ-પરપ્રકાશકપણું એમાં હોય છે. ભારે આ!

**पराश्रितो व्यवहारः (વ્યવહાર પરાશ્રિત છે)...** આ મૂળ સિદ્ધાંત. **એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારાં ઘાતિકર્મોના નાશ વડે...** આહાહા! કહો, આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોના નાશ વડે... એક-એક વાક્ય અપેક્ષિત છે. ગુણોનો ઘાત થાય નહીં કોઈ દિ'. એની પર્યાયનો ઘાત થાય એને ગુણોનો ઘાત કહ્યો. અને 'ઘાત કરનારા' એક શબ્દ નિમિત્તથી. ઘાતિકર્મોનો નાશ, ભગવાને ઘાતિકર્મોનો નાશ કર્યો એ વાત પણ નિમિત્તથી છે. જડકર્મની અવસ્થાનો આત્મા નાશ કરી શકે નહીં. સમજાણું કાંઈ? પણ ભાવઘાતિકર્મોનો નાશ થતાં જડઘાતિકર્મો એને કારણે ત્યાં કર્મરૂપી પર્યાય બદલીને અકર્મરૂપ થઈ જાય છે, એને નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ભારે આકરું કામ જૈનદર્શનને સમજવું, એના કથનોની અપેક્ષાને સમજવી.

ઇન્દ્રજાળીયા જેવી નય છે એમ કહે છે. સમજે તો તો એનો ખુલાસો થઈ જાય બધો. પણ ન સમજે તો એને થાય કે આ શું પણ? ઘડીકમાં આમ કહે, ઘડીકમાં આમ કહે, આમાં કાંઈ ઠેકાણું નથી. તને સમજવામાં ઠેકાણું નથી એટલે એમ લાગે છે. ત્યાં તો છે એમ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? તે ભગવાન પરમેશ્વર, પરમ ઈશ્વરના ધણી, પરમપૂજ્ય ભટ્ટારકસૂર્ય, પરમસૂર્ય **આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોનો નાશ વડે પ્રાપ્ત...** આત્મગુણોનો ઘાત કરનારા ઘાતિકર્મોના નાશ વડે... એમાંથી કોઈ કહે કે ઘાતિકર્મનો નાશ થાય તો આ થાય. પણ અહીં તો ઘાતિકર્મોના નાશ વડે (કહ્યું) એનો અર્થ કે પોતે ઘાતિકર્મોનો નાશ કર્યો. સમજાણું કાંઈ? નાશ વડે પ્રાપ્ત–એના વ્યય વડે ઉત્પાદ. કોનો?

**સકળ-વિમળ કેવળજ્ઞાન અને કેવળદર્શન...** આહાહા! અરે! આત્માની આવડી મોટપ પર્યાયની એને હજી બેસવી જોઈએને. ભગવાન આત્માનું એક સમયનું જ્ઞાન સકળ-વિમળ કેવળજ્ઞાન. આહાહા! એક આત્મા, એની એક સમયની પર્યાય સકળ-વિમળ કેવળજ્ઞાન **અને**

**કેવળદર્શન વડે ત્રિલોકવર્તી...** આ વ્યવહારથી ત્રણ કાળ ને ત્રણ લોકને ત્રિલોકવર્તી અને ત્રિકાળવર્તી (કહ્યું અર્થાત્) ત્રણ લોકમાં વર્તનારા અને ત્રણ કાળમાં રહેનારા. આહાહા! ભગવાન આત્મા કેવળજ્ઞાની પરમાત્મા નિજસ્વરૂપનું આરાધન કરી અને જેણે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું અને ઘાતિકર્મનો અથવા ભાવઘાતિનો વ્યય કર્યો, એમાં જડકર્મ એને કારણે વ્યય (થયા). એવા ભગવાનને કેવળજ્ઞાન, કેવળદર્શન વડે... એ પર્યાય છે બેય. કેવળજ્ઞાન ને કેવળદર્શન એ પર્યાય છે, અવસ્થા છે, ગુણ નહીં. ગુણ તો ત્રિકાળ જ્ઞાન, દર્શન એને ગુણ કહીએ. નવી દશા પ્રાપ્ત થાય તે ગુણ નહીં. આહાહા! પર્યાય, એ પર્યાય વડે ત્રિલોકવર્તી— ત્રણ લોકમાં વર્તનારા, ત્રણ કાળમાં વર્તનારા... આહાહા! ભારે વાત!

ત્રણ કાળને વર્તનારા જાણ્યાને ભગવાને? ત્યારે છેલ્લી પર્યાય કઈ એ પણ જાણી કે નહીં? છેલ્લી પર્યાય કહેતાં જ તારું તત્ત્વ ખોટું પડે છે. ત્રિકાળ છે એ તો. છેલ્લી વળી કેવી? સમજાણું કાંઈ? છેલ્લી કહેતા ખલાસ, પછી કાંઈ હતું કે નહીં? દ્રવ્યે નહીં, પર્યાય કાંઈ નહીં? તો ત્રિકાળ રહ્યું ક્યાંથી? આકરો માર્ગ છે બાપા! એને હજી (બેસવો કઠણ પડે). સમજાણું કાંઈ? **તથા ત્રિકાળવર્તી સચરાચર** (એટલે) ગતિમાન અને સ્થિર... **દ્રવ્યગુણપર્યાયોને...** ત્રણ કાળવર્તી ને ત્રિલોકવર્તી પર્યાયોને... દ્રવ્ય-ગુણ તો સામાન્ય, પર્યાય વિશેષ. ત્રણ કાળ, ત્રણ લોકમાં વર્તનારા દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણે છે. આહાહા! એ વ્યવહાર કહેવાય. પરવસ્તુને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે, એમ કહે છે, વ્યવહાર આશ્રિત. તેથી **पराश्रितो व्यवहारः** (કહ્યું). આ અધિકાર ઝીણો પડશે થોડો, પણ હવે સાંભળવું તો ખરું. ઓલી ફેર આ વાંચ્યો નહોતો નહીં? નહોતો વાંચ્યો, મૂકી દીધા હતા બે-ત્રણ અધિકાર. જીવ અધિકાર, વ્યવહાર અધિકાર ને આ. પૂરું તો કરવું એકવાર આખું.

કહે છે કે આવા સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા એણે વ્યવહારે શું જાણ્યું? કે ત્રણ કાળ, ત્રણ લોકમાં વર્તનારા દ્રવ્ય-ગુણ ને પર્યાય. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિ, પર્યાય એટલે એની દશા. ત્રણ કાળમાં વર્તનારાને એક સમયે જાણ્યા. ત્યારે છેલ્લી સમયની પર્યાય આ છે એમ જાણી કે નહીં એમાં? .... ભવિષ્યમાં અંતિમ છેલ્લી આ પર્યાય લ્યો. પણ છેલ્લી પર્યાય... છેલ્લી પર્યાય (કહેતાં) આખો ભવિષ્યનો અનંત કાળ એમાં ક્યાં આવ્યો? આહાહા! એ તો એમને એમ ત્રણે કાળે જે રીતે છે અને ક્ષેત્ર પણ જે રીતે અંત વિનાનું છે એને એ રીતે જાણ્યું છે. આહાહા!

એવા પ્રશ્ન આવ્યા છે હમણાં. ઓલો ઇન્દોરવાળો પૂછે છે કે સિદ્ધ આવા હોય– અનાદિથી સિદ્ધ હોય તો તમે એકકોર કહો કે સંસારી હોય તે સિદ્ધ થાય. વળી કહો કે વળી ભવ્યજીવો કેટલાક સિદ્ધ થાય ને કેટલાક ન થાય. એથી જીવની જાત તમારે ત્રણ પ્રકારની કરવી પડી. ભવિ, દૂરભવિ ને અભવિ. અરે ભગવાન! શું કહે છે તું આ? આહાહા! માળે! સર્વજ્ઞના

સંબંધમાં ભારે ગોટા જગતમાં. હજી એની પર્યાયનું આવું સામર્થ્ય છે... પરને જાણવું એ વ્યવહાર, પોતાને જાણવું એ નિશ્ચય. કેમકે પરમાં તન્મય થઈને જાણતો નથી. જણાય છે બધું.

શ્રોતા : .... વ્યવહાર એટલે ખોટો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ હોય? એની વાત ક્યાં છે? આ તો તન્મય થઈને જાણતો નથી માટે વ્યવહાર (કહ્યો). ખોટા માળા ઊંધા ધંધા કરે છે. વ્યવહાર કઈ અપેક્ષાએ (ખોટો)? પરને જાણવું એ ખોટું. ખરેખર પોતાને જાણે છે, એમ. પોતાને જાણે છે એ. જ્ઞાનની પર્યાયમાં જાણતાં ત્રણ કાળ, ત્રણ લોક એ પર્યાયને જાણતાં જણાઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા!

પાણીની સ્વચ્છતાની લહેરું ચાલતી હોય પાણીનો પ્રવાહ, રાત્રીનો ભાગ હોય, ચંદ્ર ખીલ્યો હોય. તો એ પાણીમાં પાણીને જોતાં પાણીમાં ચંદ્ર તારા આદિ જે છે એ બધું જણાઈ જાય છે. એ પાણીની જ પર્યાય છે. ન્યાં ક્યાં ચંદ્ર છે? પણ એ પાણીની પર્યાય આમ જોતાં એ માથેના જેટલા તારા આદિ એમાં જણાય એ બધી પાણીની પર્યાય છે. સમજાણું કાંઈ? એમ લોકાલોકને જાણવું એ આત્માની એક પર્યાય છે. પર્યાયને જાણતાં એ જણાઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? મૂળ વસ્તુ શું, એની દશા શું, શક્તિ શું—એની ખબર ન મળે અને ચાલો ધર્મ કરીએ. આહાહા!

વળી કહે, ત્રણકાળવર્તીને જાણે તો ત્રણ કાળનો અંત આવી ગયો કે નહીં? આમાં–જ્ઞાનમાં અંત આવી ગયોને? ત્રણ કાળને જાણ્યા, ભવિષ્ય પણ જાણ્યુંને આખું. છેડામાં છેડો, છેડામાં છેડો જાણ્યો. એય! છેડાનો છેડો છે જ ક્યાં? આહાહા! ભારે વાત ભાઈ! મૂળ આત્માના આખા તત્ત્વની વાતમાં બહુ ફેર છે. સમજવામાં ફેર ને પછી કહે કે અમે બરાબર જાણ્યા ને માનીએ છીએ ભગવાનને. બાપુ! તું આત્માને જ માનતો નથી. આત્માની એક સમયની દશા ત્રણ કાળને જાણે એમાં છેલ્લી-ફેલ્લી હોય નહીં. એવી જે 'આ છેલ્લી' માને, એ છેલ્લી માને તો એણે જાણ્યું કહેવાય (એમ માનનારને) એ કેવળની પર્યાયની પ્રતીત જ એને નથી. આ પર્યાયની પ્રતીતિ નથી, તો દ્રવ્યની પ્રતીત તો છે નહીં. સમજાણું કાંઈ?

અને **એક સમયે જાણે છે અને દેખે છે.** એ વ્યવહારથી કહ્યું. પરને કીધુંને. ત્રણ કાળવર્તી ને ત્રણ લોકવર્તી પદાર્થને જાણે-દેખે એને એમ કહેવું એ વ્યવહાર છે. પર છેને પર. અને પરમાં જાણતા પરમાં તન્મય થતો નથી માટે વ્યવહારથી જાણે છે એમ કહેવામાં આવે છે. જાણે છે એ બરાબર છે, પણ પરને જાણે એમ કહેવું તે વ્યવહાર છે. હવે નિશ્ચયથી વાત કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



: પ્રકાશક :

**શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

વિલે પાર્લા, મુંબઇ.

www.vitragvani.com